ચોથી શ્રેણી

પુસ્તક–૭૩

તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦
ફાલ્ગુન ૨૬, ૧૯૪૧ શાકે,
થી
તા.૧૯મી માર્ચ ૨૦૨૦
ફાલ્ગુન ૨૯, ૧૯૪૧ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક–૭૩** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| **વિષય** | **પાના નંબર** | |
|---|---|---|
| **તા.૧૬મી માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૨૬, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ | ૧૩૧ |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરેલ મુદ્દો (બેઠક મુલતવી રાખવા અંગે) | ૧૩૨ | ૧૩૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૩૭ | ૧૬૪ |
| **તા.૧૭મી માર્ચ, ૨૦૨૦ (પહેલી બેઠક) ફાલ્ગુન ૨૭, ૧૯૪૧ શાકે** | | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૬૫ | ૧૯૪ |
| **તા.૧૭મી માર્ચ, ૨૦૨૦(બીજી બેઠક) ફાલ્ગુન ૨૭, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૯૫ | ૨૦૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૦૫ | ૩૧૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૧૬ | ૩૪૩ |
| **તા.૧૮મી માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૨૮, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૪૪ | ૩૫૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૫૬ | ૪૪૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૪૧ | ૪૭૧ |
| **તા.૧૯મી માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૨૯, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૭૨ | ૪૮૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૮૩ | ૫૯૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૫૯૩ | ૬૦૩ |
| બિનસરકારી સંકલ્પો | ૬૦૪ | ૬૧૯ |

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦**
**ફાલ્ગુન ૨૬, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

શ્રી વિરજીભાઇ ઠુમ્મર: * (xxx)(અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ. ભાઇ, (ભા.જ.પ.ના સભ્યશ્રી ઉભા થતાં, તેઓને ઉદ્દેશીને) તમને કાંઇ નુકસાન થયું છે? તો શેના ઉભા થાવ છો પછી ? તમને નુકસાન નથી થયું, તમે બેસો. એમને જે કહેવું હોય, એ પછીની વાત છે. (અંતરાય) પ્લીઝ, પ્લીઝ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : *(xxx)(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, પ્લીઝ, પ્લીઝ (અંતરાય) માનનીય વિરજીભાઇ, તમારો આક્રોશ હું સમજી શકું એમ છું. (અંતરાય) અત્યારે પ્રશ્નોત્તરીનો કાળ છે.(અંતરાય) પ્રશ્ન ક્રમાંક-૩, માનનીય અર્જુનસિંહ ચૌહાણ (અંતરાય) આમાં કશો વિષય નથી તો (અંતરાય) પ્લીઝ, માનનીય પુંજાભાઇ. *(xxx)(અંતરાય) રાજીખુશીથી કોઇ મારી પાસે રાજીનામું આપવા આવે, તો મારે શું કરવાનું ? (અંતરાય) મારે સ્વીકારવું પડે, તો પછી હું બીજું રક્ષણ શું કરું એ કહો? (અંતરાય) તમે મને કહો છો ને. મને નથી કહેતા? સારું. માનનીય મંત્રીશ્રી, પ્લીઝ, (અંતરાય) મારો અધિકાર નથી, મારો કોઇ અધિકાર નથી. એમાં રાજીનામું આપનાર સભ્યોનો અધિકાર છે. (અંતરાય) મારી તો ફરજ છે, મારી તો માત્ર ફરજ છે (અંતરાય) હા, પણ તમને બોલવા દઇશ, પ્લીઝ, બેસી જાઓ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, શ્રી ગ્યાસુદ્દીનભાઇ (અંતરાય) આ શું માંડ્યું છે? આ શું માંડ્યું છે, બધા બેસી જાવ, પ્લીઝ, પ્લીઝ (અંતરાય) શ્રી ગ્યાસુદ્દીનભાઇ બેસી જાવ, પ્લીઝ. એક મિનિટ માટે બેસી જાવ. શ્રી ઇમરાનભાઇ, પ્લીઝ, બેસી જાવ.(અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ પણ બેસી જાવ, આપ પણ બેસી જાવ, પ્લીઝ. આપ બેસી જાવ. નથીંગ ગોઝ ઓન રેકોર્ડ, કોઇ રેકોર્ડ ઉપર વાત જતી નથી. પ્લીઝ, બેસી જાવ બધા જ. પ્લીઝ, બેસી જાવ. પ્રશ્ન ક્રમાંક-૩, (અંતરાય) આપણે પ્રશ્નો નથી લેવાના ? (અંતરાય)

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) શ્રી વિરજીભાઇ, બેસો. *(xxx)માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં મારી વાત પૂરી કરું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ એક જણ બોલે. બધા બેસી જાવ. તમારે બોલવું હશે તો હું બોલવા દઇશ. બેસો પ્લીઝ. શ્રી વિરજીભાઇ, તમે તો બેસો.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ જ શ્રી અમિતભાઇ ગઇકાલ સુધી કહેતા હતા કે અમારા ધારાસભ્યો, કોઇ તકલીફ નથી. ત્યાંથી ઉભા ઉભા શ્રી વિરજીભાઇ *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ એક જ જણને જવાબ આપવાનું કહીશ, પ્લીઝ, માનનીય અમિતભાઇને બોલવા દો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ હોય તેને લોકશાહીના મૂલ્યો મુજબ કામ કરવા માટે પ્રજા ચૂંટીને મોકલતી હોય છે. હમણાં શ્રી ભુપેન્દ્રસિંહજી બાજપાઇજીની સરકારની અને પહેલાંની વાત કરતા હતા. થોડા દિવસ પહેલાં માનનીય વિજયભાઇ એમ કહેતા હતા કે અમે તો એક પણ રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો નથી. અમારી ક્યાં જમીન છે અને ક્યાં મિલકત છે ચેક કરી આવો અને બે દિવસમાં (અંતરાય)...

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) અમે હજી પણ એક પણ રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો નથી, કરતા નથી. *(xxx) સમજ્યા? વાત કરો છો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તમને સાંભળ્યા, અમને તો સાંભળો. *(xxx)

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) વાતો કરો છો. (સતત અંતરાય)

શ્રી અમિત ચાવડા :* (xxx)

શ્રી વિજયકુમાર રૂપાણી : સાહેબ, *(xxx) (સતત અંતરાય)

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાક્યો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આ આપણે શું કરી રહ્યા છીએ? પ્રશ્નકાળનો સમય છે. પ્લીઝ, બધા બેસી જાવ.(અંતરાય)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

શ્રી વિજયકુમાર રૂપાણી : સાહેબ, *(xxx) (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નકાળનો સમય છે. માનનીય મંત્રીશ્રીઓ તો બેસે. તમારા સભ્યો ઉભા રહે, સમજી શકાય. આપ બેસો. આપ પણ બેસો, પ્લીઝ. તમને બોલવા દીધા છે. તમને જવાબ આપવા દીધો છે. બેસો, પ્લીઝ. બેસો, હું તમારું રક્ષણ કરું છું. બેસો, પ્લીઝ. (સતત અંતરાય) પણ આ પ્રશ્નકાળમાં શું છે? પ્રશ્નકાળ પછી જે કહેવું હોય એ કહેજોને! પ્લીઝ. હવે પ્લીઝ, બેસી જાવ. પ્રશ્ન ક્રમાંક-૩, માનનીય મંત્રીશ્રી, ઘણું થયું. મારે બન્નેને હાથ જોડવાના. પ્લીઝ. પ્રશ્ન ક્રમાંક-૩.

**કપડવંજ તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ**

*૨૬૨૨૧ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪ માં નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪ માં નાણાપંચ અંતર્ગત કુલ રૂ. ૮,૬૩,૭૯,૧૨૪/- બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી કુલ કેટલા કામો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી કુલ ૬૧૪ કામો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ રૂ. ૮,૦૮,૩૫,૪૪૪/- ખર્ચ થયેલ છે. |

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ તો જવાબ આપી દીધો ને, હવે શું છે? શ્રી પુંજાભાઇ, પ્લીઝ, બેસી જાવ. માનનીય પરેશભાઇ, આપ બેસી જાવ.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : હું જાણવા માગું છું કે કપડવંજ તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯માં મળેલી બેઝીક ગ્રાન્ટમાંથી કુલ કેટલા કામો ડિસેમ્બર-૨૦૧૯ની સ્થિતિએ.. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : આ કોઇ ચર્ચા રેકર્ડ ઉપર જતી નથી અને હું ફરી વખત વિનંતી કરું છું કે આ ચર્ચા સિવાયની વાત કરીએ. મંત્રીશ્રી, પ્રશ્નનો જવાબ આપો. આ કોઇ ચર્ચા રેકર્ડ ઉપર જતી નથી.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ફરી પ્રશ્ન પૂછે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, કપડવંજ તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ કેટલા કામો ડીસેમ્બર-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, આ કામો સેકટરવાઇઝ કયા કયા છે, તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કપડવંજ તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ ૬૧૪ કામો ડિસેમ્બર ૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવેલ છે. તેની પાછળ કુલ રૂપિયા ૮૦૮.૩૫ લાખનો ખર્ચ પણ કરવામાં આવ્યો છે. જે કામોનું સેકટરવાઇઝ માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એમાં પીવાનું પાણી પૂરું પાડવાના કામો-૧૫૩, એમાં ૧૫૪.૭૪ લાખ રૂપિયા, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ એના ૫૧ કામો એની ૭૬.૨૯ લાખ રૂપિયા, રસ્તાના બાંધકામ જાળવણીના ૨૭૬ કામો એના ૩૯૮.૨૪ લાખ રૂપિયા, ફૂટપાથના બાંધકામ જાળવણીના ૬૭ કામો એમાં ૭૯.૯૬ લાખ રૂપિયા, કોમ્યુનિટિ એસેટના બાંધકામ જાળવણીના ૨ કામ, ૩ લાખ રૂપિયા, પ્રાથમિક શિક્ષણમાં ખૂટતી પાયાની સુવિધા એના ૨૦ કામો, ૨૧.૭૮ લાખ રૂપિયા, આંગણવાડી કેન્દ્રમાં ખૂટતી પાયાની સુવિધાના ૮ કામો એના ૧૦.૨૯ લાખ રૂપિયા, કબ્રસ્તાન, સ્મશાન ગૃહના ૧૦ કામો એના ૧૮.૯૨ લાખ રૂપિયા, અન્ય પ્રાથમિક સેવાઓના ૨૭ કામો એની રકમ ૪૫.૧૩ લાખ રૂપિયા. આમ જે પૂર્ણ થયેલા કામો છે એ ૬૧૪ કામો અને કુલ રકમ ૮૦૮.૩૫ લાખ રૂપિયા ખર્ચ થયો છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૪મા નાણાપંચ અંતર્ગત જિલ્લા કક્ષાએ દેખરેખ માટે કોઇ કમિટિની રચના કરવામાં આવી છે કે કેમ અને જો હા, તો એની વિગતો શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન અગાઉ પણ આ સન્માનનીય સભાગૃહમાં ચર્ચાયો છે. એ ગ્રાન્ટ કેન્દ્ર સરકારમાંથી સીધી રાજ્ય સરકારમાં અને ત્યાંથી જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત સુધી પહોંચે છે. ૧૪માં નાણાપંચ અંતર્ગત જિલ્લા કક્ષાએ દેખરેખ માટે જિલ્લાની મોનીટરીંગ કમિટિની પણ રચના કરવામાં આવી છે. જેમાં જિલ્લા વિકાસ અધિકારી એના અધ્યક્ષ હોય છે, નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી એના સભ્ય હોય છે. હિસાબી અધિકારી એના સભ્ય સચિવ હોય છે. કાર્યપાલક ઇજનેરશ્રી જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ., જિલ્લા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાક્યો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા આંકડા અધિકારીશ્રી, આ બધા સભ્યો હોય છે. જિલ્લા મોનીટરીંગ કમિટી દ્વારા વિલેજ ડેવલપમેન્ટ પ્લાન અને તેની અમલવારીની સમીક્ષા કરવામાં આવે છે તેમજ ગ્રામ પંચાયત દ્વારા રૂપિયા ૫ લાખથી ઉપરના કામો જો લેવાના થાય તો તેની પાશ્ચાદવર્તી બહાલી આપવાની કામગીરી પણ જિલ્લા મોનીટરીંગ કમિટી દ્વારા કરવામાં આવે છે. આમ જિલ્લા મોનીટરીંગ કમિટી દ્વારા જિલ્લા કક્ષાએ ૧૪માં નાણા પંચના કામોનું આયોજન અને અમલવારી બાબતની કામગીરી કરવામાં આવે છે. આમ આપણી રાજય સરકાર દ્વારા જિલ્લા મોનીટરીંગ કમિટિની રચના કરવામાં આવી છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ નાણાપંચનો છે, નાણાંનો છે, આ ૧૪મું નાણાપંચ છે. એ સીધી જે રીતે લોકલ બોડીને ગ્રાન્ટ આપે છે તો વચ્ચે પંચાયતી રાજ ત્રિસ્તરનું છે તો એના મારફત આપવા માગીએ છીએ કે કેમ? અને માનનીય અધ્યક્ષશ્રી,

**हमें तो अपनों ने ही लुंटा , गैरों में क्या दम था , कस्ती वहीं डूबी जहां पानी कम था ।।**

(આ તબક્કે પાટલીઓ થપથપાવતાં)

અધ્યક્ષશ્રી : આમાં કંઇ રાજી થવા જેવું નથી. (અંતરાય) મને જે સમજાય છે એ મારે કહેવું પડે કે, સામે ચાર રસ્તે નનામી મળી, સામે મળ્યા એને શુકન થયા અને ઘેર ચુડલા ભાંગ્યા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બ્રિજેશભાઇએ ખૂબ વાત કરી. *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, આ રાજકીય પ્રશ્ન કરી રહ્યા છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ આપણે બહાર રાખીશું. કોણ લડશે એ અહીં નક્કી થવાનું નથી.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : *(xxx)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) એટલે સ્વસુરક્ષા દરેક માનવનો અધિકાર છે. *(xxx)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૪, માનનીય રમણભાઇ....(અંતરાય) પ્રશ્નોત્તરી પૂરી કર્યા પછી બધાને બોલવા દઇશું. (અંતરાય)

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી,* (xxx)

અધ્યક્ષશ્રી : આપે એમના ઉપર આક્ષેપ કર્યો છે? આ સભાગૃહમાં પ્રશ્નોત્તરી દરમિયાન કરેલ તમામ આક્ષેપો કોઇ રેકર્ડ ઉપર જતા નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે સ્વીકારીએ છીએ કે પ્રશ્નોત્તરી દરમિયાન કોઇ અન્ય વિષય હોઇ શકે નહીં. *(xxx) (અંતરાય) સાહેબ, આ કહેવત છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શ્રી નીતિનભાઇ આવું ના બોલાય. આપની પાસે આરોગ્ય ખાતું છે. આ શબ્દો કાઢી નાખું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : *(xxx)

અધ્યક્ષશ્રી : કશું રેકર્ડ પર જતું નથી. (અંતરાય) આ આક્ષેપો એક બીજા પર થાય અને આક્ષેપની સામે દુ:ખી થઇ ગયા છે એમને દુ:ખ વ્યક્ત કરી લેવા દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ વિષય ઉપર જે કહેવું હોય તે ભેગું કહી દેજો. હવે આગળ આ વિષય ઉપર નહીં ચાલે. પ્રશ્ન ક્રમાંક ૪ પર આવીએ. આપને કાંઇ કહેવું હોય તો કહી દો. (અંતરાય) શ્રી નીતિનભાઇ, આપે પણ બધું કહી દીધું જ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, (અંતરાય) બસ, હવે બધું આવી ગયું. હવે વાત પતી ગઇ. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : રેકર્ડ પર કશું જતું નથી. પ્લીઝ, પ્રશ્નોત્તરી સિવાયનું બધું રેકર્ડમાંથી કાઢી નાખવામાં આવે છે. (અંતરાય)

શ્રી વિજયકુમાર રૂપાણી : આના જવાબમાં સાહેબ, મારે એટલું કહેવું છે કે, *(xxx) હજી સાહેબ, કહું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કેટલીવાર બંને બાજુએથી બોલશો? ઘણું થઇ ગયું. (અંતરાય)

શ્રી વિજયકુમાર રૂપાણી : *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શ્રી કુંવરજીભાઇ બેસી જાવ. મુખ્યમંત્રીશ્રીએ આપનો બચાવ કરી લીધો છે. પ્લીઝ, બેસી જાવ. શ્રી પુંજાભાઇ, હવે કશુ જ નહીં. પ્રશ્ન ક્રમાંક : ૪ માનનીય રમણભાઇ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

### મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેકશન

*૨૬૦૬૭ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન આપવામાં આવ્યા છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના તમામ ૧૭૯૬ આંગણવાડી કેન્દ્રો વીજ કનેકશન ધરાવતા હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ વીજ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) આ બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, લાઇટ બિલ ભરવા માટે આંગણવાડી બહેનોને દૂર દૂર જવું પડે છે અને લાઇનમાં ઊભા રહેવું પડે છે એવી પરિસ્થિતિમાં સરકાર દ્વારા બીજું કાંઇ આયોજન છે?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા બાળ વિકાસ વિભાગની પ્રશ્નોત્તરીનો આજે પહેલો દિવસ છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ છઠ્ઠી તારીખે હજી ૧૦ દિવસ પહેલા જ અમારી આંગણવાડીના કાર્યકર અને તેડાગરો માટે જે એક અભૂતપૂર્વ નિર્ણય લીધો છે ૫૩૦૦૦ આંગણવાડીના બહેનોને લાભ કરતો નિર્ણય છે. ૭૨૦૦ રૂપિયા જે આંગણવાડીના બહેનોને, કાર્યકરોને મળતા હતા એમાં ૬૦૦ રૂપિયાનો વધારો કરી અને ૭૮૦૦ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો છે. સાથેસાથે આંગણવાડીના તેડાગર બહેનને ૩૬૫૦ રૂપિયા મળતા હતા એમાં ૩૦૦ રૂપિયાનો વધારો કરી ૩૯૫૦ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહીં મીની આંગણવાડીના કાર્યકર્તાઓને પણ રૂપિયા ૪૧૦૦માં ૩૦૦ રૂપિયાનો વધારો કરી અને રૂપિયા ૪૪૦૦ આપવાનું નકકી કર્યું છે. માનદ્ વેતનમાં વધારો આ ચાલુ વર્ષ પૂરતો જ જો કર્યો હોય તો માર્ચ-૨૦૨૦થી લાગુ પડે અને એ માટે થઇને ૫૫.૯૮ કરોડ રૂપિયાનો ખર્ચો થાય પરંતુ સાથે સાથે સરકારે એને પાછલી અસરથી દાખલ કર્યો છે એટલે કે માર્ચ-૨૦૧૯થી ફેબ્રુઆરી-૨૦૨૦ સુધી આ દાખલ કરી અને બીજા ૫૫.૯૮ કરોડ રૂપિયાનો ખર્ચ સરકારે ભોગવવાનું નકકી કર્યું છે એટલે કે ટોટલ ૧૧૧.૯૬ કરોડ રૂપિયા મારી આંગણવાડીના બહેનોને આપીને સરકારે ખૂબ સુંદર કામ કર્યું છે. સંવેદનશીલતાનું કામ કર્યું છે એટલે આ પ્રશ્નની અંદર પહેલા એમને અભિનંદન આપી અને મારા પ્રશ્નનો જવાબ આપીશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે એમણે હમણાં વાત કરી કે આંગણવાડીના બહેનોનો પગાર વધારો કર્યો. પ્રશ્નમાં નથી આવતો છતાં જવાબ આપ્યો છે. મારે એ જાણવું છે કે તમે જે પગાર વધારો કર્યો છે અને જે આંગણવાડીની બહેનોને મળે છે તો રાજયના લઘુત્તમ ધારા મુજબ આ વેતન છે એ આંગણવાડીની બહેનોને મળે છે કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, માનદ્ વેતનની અંદર જયારે કોંગ્રેસની સરકાર હતી અને ત્યારે જે આપવામાં આવતું હતું અને અત્યારે આપવામાં આવે છે ત્યારે પણ લઘુત્તમ વેતન પ્રમાણે નહોતું આપવામાં આવતું અમે માંગણી પ્રમાણે એમની તમામ ઇચ્છાઓ પૂરી કરી છે. (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીની બહેનોને જે પગાર વધારો કર્યો છે એ રાજયના લઘુત્તમ વેતન ધારા મુજબ અત્યારે વધારો કરવામાં આવ્યો છે કે લઘુત્તમ ધારાની નીચે કેટલું ઓછું છે?

અધ્યક્ષશ્રી : આ માનદ્ વેતન છે.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ માનદ્ વેતન છે. માનદ્ વેતનની અંદર જે પ્રમાણે થતું હશે એ પ્રમાણે કરીશું.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) જવાબ આપું છું. સાહેબ, મને આ જવાબ આપવા દેજો.

અધ્યક્ષશ્રી : માનનીય આશાબેન, આમ આંગળી નહીં કરવાની, પ્લીઝ. આમ કરો.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય સોલંકીભાઇ, શ્રીમતી આશાબેન, તમારો પ્રશ્ન પૂરો થઇ ગયો. માનનીય સોલંકીભાઇ, આવી ગયો. તમારો જવાબ આવી ગયો? (અંતરાય) એ આવી ગયું. માનનીય સોલંકીભાઇ.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી કેન્દ્રમાં વીજ કનેકશન આપવા માટે શું કાર્યવાહી કરી? (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇને પ્રશ્નમાં રસ ન હોય તો પછી પ્રશ્નકાળ પૂરો કરીએ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાક્યો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીની અંદર વીજ કનેકશન જે આપવામાં આવે છે એના માટે સબંધિત આંગણવાડી સી.ડી.પી.ઓ.નો સંપર્ક કરી અને એમના દ્વારા ૫૦૦૦ રૂપિયા વીજ કનેકશન માટે ચૂકવવાના હોય છે. પ્રત્યેક આંગણવાડીને કંપની દ્વારા આંગણવાડીના કેન્દ્રમાં વીજ મીટર અને કનેકશનના ચૂકવવા માટે થઇને આ જાણ કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રોને વીજ કનેકશન માટે, માનનીય અધ્યક્ષશ્રી, સો ટકા સ્ટેટબર્ડન આ યોજના છે અને આ યોજનાને લીધે બાળકો સારી રીતે અહીંયા બેસી શકે છે. ગરમીમાં પંખાની પણ એમને વ્યવસ્થા કરી દેવામાં આવે છે અને રોજ એમની કામગીરી ખૂબ સારી રીતે થઇ શકે છે. નવી આંગણવાડીના મકાનમાં લાઇટ ફીટીંગની કામગીરી, ટયૂબલાઇટ, બલ્બ અને પંખા સહિતની બધી સુવિધા આંગણવાડીની અંદર આપવામાં આવે છે.

**બનાસકાંઠા જિલ્લામાં ગૌશાળાઓને ફાળવેલ રકમ**

*૨૫૨૨૦ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌશાળાઓ આવેલી છે, અને

**જવાબ**

(૧)

**તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવેલ ગૌશાળાઓ.**

| **નં.** | **તાલુકો** | **ગૌશાળાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | થરાદ | ૪૬ |
| ૨ | ડિસા | ૧૦ |
| ૩ | પાલનપુર | ૬ |
| ૪ | ભાભર | ૬ |
| ૫ | કાંકરેજ | ૭ |
| ૬ | વાવ | ૧૧ |
| ૭ | ધાનેરા | ૫ |
| ૮ | સુઇગામ | ૪ |
| ૯ | લાખણી | ૧૧ |
| ૧૦ | દિયોદર | ૧૩ |
| ૧૧ | અમીરગઢ | ૧ |
| | **કુલ** | **૧૨૦** |

(૨) ઉક્ત ગૌશાળાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી?

(૨) *પત્રક સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગૌશાળા યોજનાના લાભો લેવા માટે શું કાર્યવાહી કરવાની હોય છે? બીજો પ્રશ્ન તમે ગૌશાળાને લાભ આપતી વખતે સ્થળ ઉપર ગૌશાળા છે કે નહિ તેની ચકાસણી કરો છો કે નહિ? ત્રીજો પ્રશ્ન છે કે મારા મત વિસ્તાર થરાદની અંદર આઝાવાડા અને સવારખા ગામમાં ટોટલ ૨૮ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે, તો ગૌશાળા છે નહિ તો આ રકમ કોને ચૂકવવામાં આવી છે? એનો જવાબ આપની પાસેથી માગું છું?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, જે ગૌશાળાઓની યોજનાના લાભ માટે શું કાર્યવાહી કરી એના અનુસંધાનમાં સભ્યશ્રીએ પૂછ્યું છે તો..(અંતરાય)

અધ્યક્ષશ્રી : મને ચિઠ્ઠી આવશે તો હું જઇશ ખરો. મોકૂફ કરીને પણ જઇશ.

શ્રી બચુભાઇ મ. ખાબડ : એમાં ચેરિટી એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા અને પાંજરાપોળ સંસ્થાઓ કે જેને ૩ એકર જેટલી જમીન, ૫૦થી વધુ ગાયો અને પાજરાપોળમાં ઓછામાં ઓછા ૧૦૦ પશુઓ હોવા જરૂરી છે. આ ખેડૂત કિસાન પોર્ટલ ઉપર નિયત નમૂનામાં ઓનલાઇન અરજી કરવાની હોય છે. કરેલ અરજીની પ્રિન્ટ આઉટ કરી પશુ ચિકિત્સક અધિકારી અને સંબંધિત જિલ્લાના બોર્ડના નોડલ અધિકારીના સહી–સિક્કા સાથે રજૂ કરવાનું હોય છે. જરૂરી સાધનિક કાગળો સાથેની અરજી ગૌ–સેવા અને ગૌચર વિકાસ બોર્ડ ગાંધીનગરને મોકલવાની હોય છે. આ બોર્ડ દ્વારા સૌદ્ધાંતિક મંજૂરી બાદ કામગીરી ચાલુ કરવાની હોય છે. કામ પૂર્ણ થયે ખર્ચના અધિકૃત બિલો બોર્ડને મોકલી આપવાના હોય છે. સહાયની વિગત ધરાવતી તક્તી, ફોટોગ્રાફ્સ બિલો સાથે રજૂ કરવાના હોય છે. સ્થાનિક પશુ દવાખાના, પશુ ચિકિત્સક અધિકારી અને સંબંધિત જિલ્લા બોર્ડના નોડલ અધિકારીની ભલામણસહ પૂરતાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે અને મળવાપાત્ર સહાયની રકમ પણ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરથી ચૂકવવામાં આવે છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન જિલ્લા નોડલ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર લઇને ચકાસણી કર્યા પછી મંજૂર કરવામાં આવે છે.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : રૂપિયા ૨૮ લાખની વાત રહી ગઇ. સ્થળ ચકાસણી કરો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કરીએ છીએ. અમારા નોડલ અધિકારી એની ચકાસણી કરે છે.

અધ્યક્ષશ્રી : હા, એ કરે છે. રૂપિયા ૨૮ લાખની ગૌશાળાની વાત કરી તો ત્યાં ગૌશાળા નથી એવું કહે છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : એની તપાસની પ્રક્રિયા ચાલુ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પત્રકમાં રકમ બતાવી છે કે ગૌશાળા માટે આ રકમ ફાળવવામાં આવી છે. માનનીય ધારાસભ્યશ્રી કહે છે કે ત્યાં ગૌશાળા છે નહીં, તો આ રકમ કોને ફાળવવામાં આવી? *(xxx)

બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૮ લાખ રૂપિયા સરતાળા ગામ તાલુકા જિલ્લા ગ્રામ ભગીરથ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટને ફાળવવામાં આવી છે.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૮ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે, તો ગૌશાળા છે નહિ તો કોને ચૂકવવામાં આવ્યા છે? ગુજરાતમાં આવી કેટલી ગૌશાળા છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની રજૂઆતની ચકાસણી કરી લઇશું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ગંભીર પ્રશ્ન છે.(અંતરાય) એમણે ચકાસવાનું કહ્યું. ટ્રેઝરી બેન્ચ ચકાસવાનું કહે છે.(અંતરાય) અત્યારે ગૃહ ત્યાં જાય? તો પછી એ ચકાસવાનું જ કહે ને?(અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું સભ્યશ્રીની રજૂઆત છે કે ગૌશાળા નથી અને ચૂકવાઇ ગયા છે તો ચોક્કસ તપાસ કરીશું. જે તે અધિકારી વિરુદ્ધમાં જરૂર પ્રમાણે કાયદા મુજબ પગલાં લઇશું.

અધ્યક્ષશ્રી : ગંભીરતાથી એની તપાસ થાય. (અંતરાય) શ્રી ગુલાબસિંહ આવી ગયું. તમારા માટે મેં વધારાનો ટાઇમ અપાવ્યો.

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની ગૌશાળા અને પાંજરાપોળ માટે વિવિધ યોજનામાં વર્ષ ૧૯૨૦-૨૧માં કરવામાં આવેલ જોગવાની વિગતો અને રકમ જણાવશો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ નવી જોગવાઇઓ અને રકમની માહિતી માગી તેના સંદર્ભમાં ગ્રામ પંચાયતમાં ગૌશાળા અને પાંજળાપોળના ગૌચર માટે...

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ, આપની જગ્યાએ બેસો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫૦ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. ઘાસચારા માટે, સુધારેલ બિયારણ પૂરું પાડવા માટે રૂપિયા ૧૭૫ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. ગૌશાળા અને પાંજળાપોળની આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે તથા પશુચિકિત્સકની નિમણૂક માટે રૂપિયા ૩૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલી છે. શ્રેષ્ઠ ગૌશાળા અને પાંજળાપોળને પ્રોત્સાહક ઇનામ આપવા માટે રૂપિયા ૧ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. રખડતા ગૌવંશ પશુઓના નિભાવ માટે રૂપિયા ૧૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલી છે. ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના મહેકમ અને વહીવટી યોજના માટે રૂપિયા ૧૦૪ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આઉટ સોર્સથી બે વાહન ભાડે રાખવા માટે રૂપિયા ૧૨ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ગૌશાળા અને પાંજળાપોળને અદ્યતન બનાવવા માટે રૂપિયા ૧૩૨૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યમાં ગીર-કાંકરેજ ઓલાદના સંવર્ધન માટે આપવામાં આવેલ સાંઢના નિભાવ તથા ખરીદી માટે રૂપિયા ૧૮૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. શુદ્ધ ગીર-કાંકરેજ ઓલાદના ઉત્તમ આનુવાંશિક ગુણવત્તા ધરાવતા વાછરડા ઉછેરની યોજના માટે રૂપિયા ૧૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. દૂરદર્શન અને આકાશવાણીના સેન્સર કાર્યક્રમ, ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવવા અને સાહિત્ય છાપવાની યોજના માટે રૂપિયા ૩૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ગૌ પ્રદર્શન એકમ ચાલુ રાખવા માટે ૫(પાંચ) લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ગૌશાળા પાંજળાપોળો માટે જિલ્લા કક્ષાએ સેમિનાર યોજવા માટે રૂપિયા ૯ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આમ કુલ મળીને રૂપિયા ૩૨૩૬ લાખની જોગવાઇ આગામી સમય માટે કરવામાં આવી છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન બનાસકાંઠા જિલ્લાનો છે. ખરેખર મંત્રીશ્રી દ્વારા અહીં જે જવાબ આપવામાં આવ્યો છે તે જવાબની અંદર તાલુકાવાઇઝ કયા તાલુકામાં કેટલી ગૌશાળાઓ છે અને માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એ છે કે, ઘણી જગ્યાએ ગૌશાળાઓ છે નહીં તો તેમાં ગૌશાળા અને ગૌમાતાના નામે જે ખર્ચ પડતો હોય તે ખર્ચ *(xxx)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સાહેબ, એમને કહો. વિષય ભૂલવો નથી, મેં સ્પષ્ટતા કરી છતાં શ્રી શૈલેષભાઇ તમારે આ વિષય ભૂલવો નથી. મેં સ્પષ્ટતા કરી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યની લાગણી છે અને એમનો પ્રશ્ન સાચો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ના, ના અમે ગાય માતા માટે જ છીએ.

અધ્યક્ષશ્રી : શ્રી ગુલાબસિંહભાઇ, તમે કેમ ઉભા થઇ જાઓ છો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અમે ગાય માતા માટે જ છીએ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાક્યો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આ તમારાથી શરૂ થયું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હા, પણ હું સ્વીકાર કરીને ચાલું છું ને.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, બાપુએ કહ્યું કે, *(xxx)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : આજે આખો દિવસ આ ચાલવાનું છે, ચાલો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજ્ય સરકારે ગૌશાળાના નિભાવ માટે જે તે ગ્રામ પંચાયતોમાં ગૌચરની સુધારણા કરવા માટે યોજના બનાવવામાં આવેલ છે. તે ગૌચર સુધારણા યોજના અંતર્ગત આ બનાસકાંઠા જિલ્લામાં જે ગૌશાળાઓ છે તે ગૌશાળાને સાચવવા માટે અને તે ગાયોના નિભાવ માટે અને ગૌચર સુધારણા માટે કેટલી ગ્રામ પંચાયતોને કેટલી રકમ ચૂકવવામાં આવી તેની વિગતો જણાવે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ગૌશાળા માટેનો પ્રશ્ન છે. ગૌચર વિકાસ માટેની માહિતી માટે અલગથી નોટીસ આપે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ગૌશાળાના નિભાવ, ગાયોના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. ગૌચર સુધારણાના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, તમારું જ્ઞાન વધારે હશે ના નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, તેની તપાસણી કરાવે, તમે તપાસ કરાવડાવો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગૌશાળા અને ગૌચરમાં તફાવત છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચર તેને સંલગ્ન છે. ગાયો તો જ ચરી શકે કે ગૌચર હોય તો. આની સમજ રાજ્ય સરકારને હોવી જોઇએ. ગાયો તો જ ચરી શકે કે ગૌચર હોય.

અધ્યક્ષશ્રીઃ મેં પહેલા જ કહ્યું કે આના માટે નવી નોટીસ આપવી પડે. માનનીય બ્રિજેશભાઇ, આ પ્રશ્ન લાગુ નથી પડતો, એમના પ્રશ્નમાં દમ હશે પણ અત્યારે અહીંયા આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચાર, ભ્રષ્ટાચાર એમ કહ્યા કરવું કોઇ સાબિતી વગર વારંવાર કહેવું એ કેટલું વાજબી છે? મેં કહ્યું માનનીય ગુલાબસિંહભાઇના પ્રશ્નમાં, અમે કોઇ છટકતા નથી, અમે જવાબદારીમાંથી ક્યારેય છટકતા નથી, માનનીય પુંજાભાઇ, અમે કોઇ જવાબદારીથી છટકવા માગતા નથી. આ બીજીવાર કહું છું કે, તપાસ કરાવીશ અને ગૌચર અને ગૌશાળામાં તફાવત છે એને જોડી શકાય નહીં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય નિરંજનભાઇ, બેઠાં બેઠાં ન બોલો, આપને પ્રશ્ન પૂછવો હોય તો હું સમય આપું. પ્રશ્ન પૂછવો છે આપને?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ગૌશાળાનો અને પાંજરાપોળનો છે ત્યારે મારે કહેવું છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ થોડા દિવસો પહેલા મનની મોકળાશમાં અમારી મોરબીની પાંજરાપોળ જે ગુજરાત વિખ્યાત પાંજરાપોળ છે એ પાંજરાપોળની તારીફ પણ કરેલ હતી અને અમારા પાંજરાપોળના પ્રમુખ વેલજીભાઇ છે એ ભાવનાશાળી ઉદ્યોગપતિ છે અને સારી પાંજરાપોળ ચલાવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના મત વિસ્તારના સમાજશ્રેષ્ટીઓ મહાજનો છે એ અમારી મોરબીની પાંજરાપોળના ટ્રસ્ટીઓ છે પણ એમને નાણાકીય સહાય મળવામાં જે વિલંબ થઇ રહ્યો છે એમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અમારી મોરબીની આ પાંજરાપોળને નાણાકીય સહાય જલદી આપવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાસકાંઠા જિલ્લાનો પ્રશ્ન છે, મોરબીનો અલગથી પૂછશે તો હું ચોક્કસ જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : એમણે એમની લાગણી વ્યકત કરી. પ્રશ્ન ક્રમાંક-૬.

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વૃક્ષો કાપવા બાબત

*૨૬૯૨૫ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારના કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા,

**જવાબ**

(૧) (કાપેલ વૃક્ષોની સંખ્યા)

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) | વૃક્ષોના પ્રકાર |
|---|---|---|---|

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાક્યો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

| | | | |
|---|---|---|---|
| અરવલ્લી | ૬૪૩ | ૪૯૨ | ગુલમહોર, લીમડા, સીરસ, કાસીદ, દેશી બાવળ, અરડુસા, શુબાવળ, આમલી, ગરમાળો, નીલગીરી, વગેરે |
| સાબરકાંઠા | ૦ | ૦ | – |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર લાકડાનો કેટલો જથ્થો ઉપલબ્ધ થયો, અને

(૨) (ઉપલબ્ધ થયેલ જથ્થો)

| **જિલ્લો** | **૨૦૧૮–૧૯** | | **૨૦૧૯–૨૦ (તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ)** | |
|---|---|---|---|---|
| | **ઈમારતી (ઘ.મી.)** | **જલાઉ (ક્વિ.)** | **ઈમારતી (ઘ.મી.)** | **જલાઉ (ક્વિ.)** |
| અરવલ્લી | ૮૩.૮૮૭ | ૮.૮૫ | ૬૦.૭૭૩ | ૧૫૮૮.૩૦ |

(૩) ઉક્ત લાકડાના જથ્થાના વેચાણ થકી વર્ષવાર કેટલી રકમની આવક થઇ?

(૩) (રૂપિયા લાખમાં)

| **જિલ્લો** | **૨૦૧૮–૧૯** | **૨૦૧૯–૨૦ (તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ)** |
|---|---|---|
| અરવલ્લી | ૪.૨૧ | ૧૦.૫૩ |
| સાબરકાંઠા | ૦.૦૦ | ૦.૦૦ |

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જે વૃક્ષો કાપવામાં આવ્યા છે એ વૃક્ષો કાપવાના કારણો શું છે? અને ખાસ કરીને આ જે વૃક્ષો કાપવામાં આવ્યા છે એ રક્ષિત જંગલ છે. વિજયનગરનું સાબરકાંઠા જિલ્લાના એ રક્ષિત જંગલમાંથી કોઇ વૃક્ષો કાપવામાં આવ્યા છે કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વૃક્ષો કાપવા બાબતની નીતિ એટલે કે, જ્યાં જ્યાં આપણે રસ્તાઓ કરતા હોઇએ અને કેટલાક માર્જીનમાં એ વૃક્ષો આવી જતા હોય તો એવા વૃક્ષો આપણે દૂર કરતા હોઇએ છીએ. વૃક્ષોનું રોપણ કર્યા પછી ૮ વરસ થઇ જતા હોય અને માલિક પોતે ઇચ્છા દર્શાવે કે અમારે વૃક્ષો કાપવા છે અને પરમિશન આપવામાં આવી હોય તો એવા વૃક્ષો કાપવામાં આવે છે. આ પ્રશ્ન અરવલ્લી અને સાબરકાંઠાનો છે તો એમાં જિલ્લા પ્રમાણે અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯ અને વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર તા.૩૧.૧૨.૨૦૧૯ની સ્થિતિએ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન એટલો જ છે માનનીય મંત્રીશ્રી કે, વિજયનગર તાલુકાનું રક્ષિત જંગલ જે છે એમાંથી વૃક્ષો કાપવામાં આવ્યા છે કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, એમાં મેઘરજ તાલુકામાં ૬૪૩ વૃક્ષો કાપવામાં આવેલા છે અને મોડાસા તાલુકાં ૩૧૫ વૃક્ષો કાપવામાં આવેલ છે, ભીલોડા તાલુકામાં ૧૭૭ વૃક્ષો કાપવામાં આવેલ છે એમ ટોટલ ૪૯૨ વૃક્ષો કાપવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર તાલુકાના રક્ષિત જંગલમાંથી વૃક્ષો કાપવામાં આવેલ છે કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, નહીં મારી પાસે એવી વિગત નથી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ જે તમે અરવલ્લી જિલ્લામાં વૃક્ષો કાપ્યા છે ૧૧૩૫ એમાં સરકારને જરૂરિયાત ઉભી થઇ હોય એવા રસ્તાઓ માટેના કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા છે અને નોર્મલ ફોરેસ્ટ્રીમાંથી કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા અને સામાજિક વનીકરણ વિસ્તાર છે એમાંથી કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા છે?

શ્રી રમણલાલ ના.પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૭૭ વૃક્ષો નેશનલ હાઇવે નંબર ૮, રતનપુર બોર્ડરથી અમદાવાદના રસ્તા પર જે હતા એ રસ્તો પહોળો કરવાના કારણે આ વૃક્ષો કાપવામાં આવેલ છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વન ખાતાનો જે જવાબ આપ્યો છે તો મારો આવો જ પ્રશ્ન ૩૨૫ નંબરનો આજની પ્રશ્નોત્તરીમાં છપાયેલો છે તેમાં ગાંધીનગરમાં વધારે વૃક્ષો કપાય છે, ગાંધીનગર એટલે આપણું પાટનગર છે

અધ્યક્ષશ્રી : આ ગાંધીનગરની વાત નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : સાહેબ, પણ આમાં પ્રશ્ન છપાયેલો છે, છપાયો છે. ૩૨૫ નંબરનો પ્રશ્ન છપાયો છે, સાહેબ.

અધ્યક્ષશ્રી : અત્યારે આની જ વાત કરોને.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે જ કહું છું કે પાટનગરમાંથી વધારેમાં વધારે વૃક્ષો કપાયા છે એના શું કારણો છે?

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, આ પ્રશ્ન નામંજૂર કરવામાં આવે છે.

## ફાલ્ગુન ૨૬, ૧૯૪૧ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ ઇમારતી લાકડામાં ઘનમીટરનો શું ભાવ સરકારે નક્કી કર્યો હતો ? અને જલાઉ કાઠી ૧૫૮૮ ક્વિન્ટલ એનો શું ભાવ સરકારે નક્કી કર્યો હતો ? અને જલાઉ કાઠી ગામડામાં જે સ્મશાનગૃહો હોય છે એમાં ઉપયોગમાં લેવા માટે સરકાર તરફથી પડતર કિંમતે આપવામાં આવે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : જલાઉ અને ઇમારતી. જલાઉમાં સ્મશાન માટે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ઇમારતી હોય એ ઘનફૂટ ઉપર વેચાતું હોય છે અને ઇમારતીની અંદર પણ અલગ અલગ પ્રકાર હોય છે, સાગ હોય તો એના રૂપિયા ૨૫૦૦ ઘનફૂટના ભાવ ચાલે છે અને જલાઉ બળતણમાં જતા હોય છે એના ભાવ ઓછાં આવે છે. ટૂંકમાં અરવલ્લી જિલ્લાની અંદર ૪.૨૧ લાખ રૂપિયા વર્ષ ૨૦૧૮-૧૯માં અને ૧૦.૫૩ લાખ રૂપિયા વર્ષ ૨૦૧૯-૨૦માં એમ મળી કુલ રૂપિયા ૧૪.૭૪ લાખની રકમ ઉપજેલી છે અને સાબરકાંઠાની અંદર કોઇ વેચાણ થયેલું નથી. આ વેચાણ થયેલું છે એમાં જલાઉ નથી. ૧૫૮૮.૩૦ ક્વિન્ટલના રૂપિયા ૧૪.૭૪ લાખ રૂપિયા ઉપજેલા છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગું છું કે સ્મશાનગૃહના ઉપયોગ માટે તમે ગામડામાં આ જલાઉ કાઠી તમે આપો છો કે કેમ મારે એ જાણવું છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક વનીકરણની અંદર જલાઉ લાકડુ વિના મૂલ્યે આપવામાં આવે છે અને એનો ઉપયોગ ગામ લોકો સ્મશાન માટે કરે છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને હું પુછવા માગું છું કે, વૃક્ષો કાપવાની સામે નવા વૃક્ષો કેટલા રોપવામાં આવ્યા અને હયાત કેટલા વૃક્ષો અત્યારે છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વૃક્ષો અંગેનો આ પ્રશ્ન જ્યારે ચર્ચાય છે ત્યારે સૌથી વધારે આણંદ જિલ્લાની અંદર ૬૮ ટકા વૃક્ષો છે એટલે તમામ જિલ્લાઓમાં આણંદ જિલ્લામાં સૌથી વધારે વૃક્ષો છે અને સૌથી ઓછાં વૃક્ષો સુરેન્દ્રનગર જિલ્લામાં છે. વૃક્ષો રોપવા માટે અમારા ડાંગ જિલ્લાની અંદર એક વૃક્ષ કાપે તો ૧૦૦૦૦ વૃક્ષો ઉછેરવાની શરતે અમે એમને પરવાનગી આપીએ છીએ જ્યારે વનીકરણ યોજનાની અંદર ખેડૂતો ખરાબાની અંદર વૃક્ષારોપણ કરતા હોય તો એને વિનામૂલ્યે વૃક્ષારોપણ કરી આપવાની નીતિ સરકારમાં અમલમાં છે.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, અરવલ્લી જિલ્લાની અંદર વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦માં તારીખ ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કાપવામાં આવેલા વૃક્ષો અન્વયે તાલુકાવાર ઉપલબ્ધ થયેલ લાકડાના જથ્થાની હરાજીના વેચાણ થકી કેટલી આવક થયેલી છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કુલ કહેજો. તાલુકાવાર નહિ. કોઇ ખાસ વિશેષ તાલુકો જાણવો હોય તો કહો બાકી તાલુકાવાર આપવાની જરૂર નથી.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં ભિલોડા તાલુકાની અંદર..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તાલુકાવાર નહિ કુલ કહી દો.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૮-૧૯માં રૂપિયા ૪.૨૧ લાખ અને વર્ષ ૨૦૧૯-૨૦ની અંદર રૂપિયા ૧૦.૫૩ લાખ એમ કુલ મળીને ૧૪.૭૪ લાખ રૂપિયાની આવક લાકડા વેચાણમાંથી સરકારને થયેલ છે.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષની અંદર વૃક્ષ કાપ્યા અને તેના વેચાણની ૧૫ લાખ રૂપિયાની આવક થઇ છે તો વૃક્ષ કાપવા પાછળનો ખર્ચ કેટલો થયેલો છે ?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વૃક્ષો કાપવા માટે જ્યારે અરજદાર અરજી કરે છે તેમાં સરકારી રોડ સાઇડના જો હોય તો તેની રજૂઆત ડેપ્યુટી એન્જિનિયર કરે છે તો ત્યાં નાયબ વન સંરક્ષક આવી અને સ્થળ નિરીક્ષણ કર્યા બાદ આ ઝાડ કયા પ્રકારના છે, કેટલા ઉંચા છે અને કેટલા દૂર કરવા પડશે અને તેના નંબર નાંખવામાં આવે છે અને ત્યાર બાદ પંચકયાસ કરી અને પરમિશન આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આવી ગયુ (અંતરાય) હજુ જાણવું છે ?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો જયારે તે પોતે કાપવા માગતા હોય ત્યારે તેનું વાવેતર કયા વર્ષનું છે, તેને આઠ વર્ષ થઇ ગયેલા છે કે કેમ અને જો આઠ વર્ષ થઇ ગયેલા હોય તો તેનો પંચ કયાસ કરી ત્યાર બાદ..

અધ્યક્ષશ્રી : શ્રી મહેશભાઇ આ તમારા પ્રશ્નનો જવાબ નથી ? માનનીય મંત્રીશ્રી તેમને ફરી પૂછી લેવા દો તેમને સંતોષ થવો જોઇએ.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષની ૧૫ લાખ રૂપિયાની આવક બતાવી છે પણ આ વૃક્ષો કાપવા પાછળનો ખર્ચ કેટલો કર્યો છે પૂછવું છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, જે રોડ સાઇડના ઝાડ હોય...

અધ્યક્ષશ્રી : કુલ ખર્ચો કેટલો થયો તે પૂછે છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, કુલ તેમાં નથી.

તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : નથી, તેમની પાસે જવાબ નથી. (અંતરાય ) માનનીય મંત્રીશ્રી જવાબ ટેબલ ઉપર રજૂ કરશે.

**ભાવનગર જિલ્લામાં શિક્ષણ સેવા વર્ગ–૨ ની મંજૂર જગ્યા**

*૨૬૧૭૧ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં શિક્ષણ સેવા વર્ગ–૨ (વ.શા) ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| ભાવનગર જિલ્લામાં શિક્ષણ સેવા વર્ગ–૨ (વ.શા.) ની મંજૂર જગ્યાઓ નીચે મુજબ છે. |
|---|
| ૫૦ |

(૨)

| ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|
| ૧૧ | ૩૯ |

(૩) આ જગ્યાઓ પૈકી સીધી ભરતીથી ભરવાપાત્ર જગ્યાઓ માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત અપાયેલ છે. જેની પસંદગી યાદી મળ્યેથી ભરી શકાશે. બઢતીથી ભરવાપાત્ર જગ્યાઓની બાબત ન્યાયધિન છે.

શ્રી આર.સી. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે મારા ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જિલ્લામાં શિક્ષણ સેવા વર્ગ–૨ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે ? અને એ મંજૂર થયેલી જગ્યાઓ પૈકી કેટલી ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ? અને ત્રીજો મારો પ્રશ્ન છે આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જે ભરતી કરવાની હોય છે તે ભરતી એટલે ૫૦ જે જગ્યાઓ છે તેમાંથી સરકાર દ્વારા ૫૦ ટકા સીધી ભરતીથી અને ૫૦ ટકા બઢતીથી ભરવાની હોય છે. ભરતીથી ભરવાની જે જગ્યાઓ છે તેમાં અગાઉ જે હમણાં જી.પી.એસ.સી.ની પરીક્ષા લેવામાં આવી તેમાં ભરી દેવામાં આવી છે અને અત્યારે હમણાં જ જે જી.પી.એસ.સી.ની પરીક્ષા લેવા માટેનું જે કેલેન્ડર છે તે કેલેન્ડર મુજબ તા.૨૧–૬–૨૦૨૦ના રોજ બાકીની જે ભરતી છે તે કરી અને ભરી આપવામાં આવશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે ભરતી કેલેન્ડરની વાત કરી પણ રાજ્યમાં આ વખતે બજેટની અંદર પણ સારી એવી જોગવાઇ કરી છે. શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે વ્યાપક પ્રમાણમાં આ ગૃહમાં ચર્ચા થાય છે. ચર્ચા કરીએ છીએ, ચિંતા કરીએ છીએ, ચિંતિત છીએ પણ પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણમાં જ જો આટલી મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી હોય તો કઇ રીતે ભણશે ગુજરાત આ ચિંતાનો વિષય છે. ત્યારે ચર્ચા અને વાતો ના કરતા આ જગ્યાઓ સમય–મર્યાદામાં ભરાય તો જ સારી રીતે બાળકોને ભણાવી શકાય. એટલે વહેલામાં વહેલી તકે ખાલી સૂચન છે એમ નહીં, સમય મર્યાદા છે એમ નહીં પણ ત્વરિત કક્ષાએ હાઇકોર્ટમાં કોઇ મેટર હોય તો તેનો ઉકેલ જલદી સમાધાનકારી, સરળ વલણ અપનાવીને પણ તાત્કાલિક ઉકેલ આવે અને આ જગ્યા ચોક્કસ સમય–મર્યાદામાં ભરવા માગો છો કે કેમ ?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ મારા જવાબમાં કહ્યું છે કે જે ભરતીથી ભરવાની છે તેની ભરતીની પ્રક્રિયા અમે હાથ ધરી દીધી છે અને બઢતી માટેનો જે કેસ કહે છે તે કેસની અંદર પણ સરકાર તબક્કાવાર બધી જ જગ્યાએ તેની આખી સિલસિલાવાર મારી પાસે માહિતી પણ છે પણ આ કોર્ટનો કેસ છે એટલે હું વધારે માહિતી આપતી નથી પણ સરકાર તેમાં ગંભીરતાથી આગળ વધી રહી છે.

**પંચમહાલ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન**

*૨૬૦૪૫ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) આ બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તમામ ૨૦૦૦ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેકશન ધરાવતા હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આંગણવાડી કેન્દ્રોને નવા ગેસ કનેક્શન કેવી રીતે આપવામાં આવે છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારથી આજે સંવેદનશીલ સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આંગણવગાડીની અંદરની તમામ સુવિધાઓ આપવા માટે કટિબદ્ધ છે. જ્યારે આંગણવાડીઓ ધુમાડાયુક્ત હતી અને ચૂલા ઉપર રાંધવામાં આવતું હતું ત્યારે આંગણવાડી કાર્યકરો, તેડાઘરો અને બાળકો આ બધાંને ધુમાડાના કારણે ફેફસાંના અનેક રોગો થવાની શક્યતા હતી. આંખોને પણ નુકસાન થતું હતું એટલે એ વખતે નક્કી કર્યું કે આંગણવાડીને ધુમાડામુક્ત બનાવવી છે. એટલા માટે આંગણવાડી કેન્દ્રો સુધી ગેસ કનેક્શન પૂરા પાડવા માટે જે તે સી.ડી.પી.ઓ. દ્વારા જિલ્લાની કચેરી મારફત કલેક્ટર કચેરીએ ગેસ કનેક્શન માટે અરજી કરવામાં આવે છે. જિલ્લાની કચેરી દ્વારા તાલુકાની મંજૂર ગેસ એજન્સીઓની યાદી આપવામાં આવે છે. જે તે તાલુકાની મંજૂર ગેસ એજન્સીની યાદી સી.ડી.પી.ઓ. દ્વારા આંગણવાડીના નામ સરનામાની યાદી સાથે દરખાસ્ત કરવામાં આવે છે. તાલુકા ગેસ એજન્સી પાસેથી કનેક્શન માટેનો ખર્ચ એસ્ટીમેટ મંગાવી તે મુજબની રકમ સી.ડી.પી.ઓ. ગેસ એજન્સીમાં સંપર્ક કરી અને આંગણવાડી કેન્દ્રને ગેસ કનેક્શન પૂરું પાડવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી આંગણવાડીઓ છે અને શહેરા તાલુકામાં કેટલી આંગણવાડીઓ છે અને એમાં કેટલાને ગેસ કનેક્શન આપવામાં આવ્યું છે?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલમાં ૨,૦૦૦ આંગણવાડીઓ છે. શહેરામાં પણ જેટલી આંગણવાડીઓ છે એ બધી જ આંગણવાડીઓમાં ગેસ કનેક્શન પૂરા પાડી દેવામાં આવ્યા છે. (શ્રી પુંજાભાઇ વચ્ચે બોલતાં)

અધ્યક્ષશ્રી : ઊભા થઇને પૂછવું પડે. આવી રીતે બેઠા–બેઠા બોલાય નહિ.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કઇ એજન્સીઓ છે?

અધ્યક્ષશ્રી : તાલુકાવાર ન કહો. કોઇ એક અથવા બે તાલુકાનું પૂછો.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં સાત તાલુકા છે. મેં અગાઉ કહ્યું એમ અમે દરેક આંગણવાડીને ધુમાડા મુક્ત બનાવવા માટે આંગણવાડી કાર્યકરો અને તેડાઘરોને ગેસથી ઝડપથી રસોઇ બને તો આંગણવાડીની બહેનો શિક્ષણ કાર્યમાં વધારે ધ્યાન આપી શકે. એ માટે અમે આંગણવાડીની બહેનોને આ ગેસ કનેક્શન આપ્યા છે. જ્યારે ચૂલાના બદલે ગેસ ઉપર રસોઇ બનાવીએ તો પોષક તત્ત્વો જળવાઇ રહે છે, સમયની બચત થાય છે અને આંગણવાડી ધુમાડા મુક્ત બને છે. આવા અનેક કારણોસર ગેસ કનેક્શન આપ્યા છે. જિલ્લામાં એજન્સી હોય તો બહુ દૂર સુધી એમને ગેસ કનેક્શન લેવા માટે જવું પડે. એવું ન થાય એટલા માટે અમારી સી.ડી.પી.ઓ. બહેનોની આંગણવાડીની અંદર ગેસ કનેક્શનની માગણી આવે ત્યારે એ તપાસ કરે છે. પહેલાં જિલ્લા પુરવઠા અધિકારી પાસે જાય છે કે કયા તાલુકામાં કઇ એજન્સી છે. આ એજન્સીનું નામ નક્કી થયા પછી જે આંગણવાડીએ ગેસ કનેક્શનની માગણી કરી હોય એ આંગણવાડી દ્વારા એ તાલુકામાં કઇ ગેસ એજન્સી છે એનો સંપર્ક કરવામાં આવે છે. આ પંચમહાલ જિલ્લાના સાત તાલુકાઓમાં જાંબુઘોડા, શહેરા, કાલોલ, ગોધરા, હાલોલ, મોરવા અને ઘોઘંબા છે આ દરેક તાલુકામાં અલગ–અલગ એજન્સીઓ છે. જેમ કે, જાંબુઘોડામાં વલ્લભ ગેસ એજન્સી, શહેરામાં સપના ગેસ એજન્સી, કાલોલમાં ધનંજય ગેસ એજન્સી, ગોધરામાં સી.એન. ગેસ એજન્સી, હાલોલમાં વલ્લભ ગેસ એજન્સી, મોરવામાં અશ્વિનીકુમાર મોહનલાલ એન્ડ કંપની ગેસ એજન્સી, ઘોઘંબામાં રાજી–ખુશી ગેસ એજન્સી. આમ દરેક તાલુકામાં ગેસ એજન્સીઓ છે. આથી તાલુકા સુધી જ વ્યવસ્થા કરવી પડે છે અને અમારી આંગણવાડીની બહેનોને ખૂબ સગવડ ઊભી થાય છે.

### એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ

*૨૬૧૨૧ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટી, નવસારી મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૨૯૭ | ૫૭૭ | ૦ |

(૨)

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ૧૬.૩૭ | ૩૯.૨૨ | ૦ |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારો ટેબ્લેટનો પ્રશ્ન છે. અલીબાબા તો ખોવાઇ ગયા અને કાપલી આપે અને એની ઉપર અભ્યાસ કર્યા વગર વાત કરવી એના નિર્ણયો પણ આપે આપ્યા છે. મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવું છે કે નમો ટેબ્લેટના સ્પેશિફિકેશન શું છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### કચ્છ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન

૨૬૦૪૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) આ બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાના તમામ ૨૧૧૬ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેકશન ધરાવતા હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### કચ્છ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન

૨૬૦૪૮ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) આ બાકી રહેતાં આંગણાવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના તમામ ૨૧૧૬ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેકશન ધરાવતા હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### આણંદ જિલ્લાની શાળાના વર્ગો મંજૂર કરવા બાબત

૨૬૧૬૩ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯ માં ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાના કેટલા વર્ગો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨)તે પૈકી વિજ્ઞાન પ્રવાહના કેટલા વર્ગો મંજૂર થયા ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯ માં ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાના કુલ ૦૬ વર્ગો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી વિજ્ઞાન પ્રવાહના ૦૩ વર્ગો મંજૂર થયા.

---------

### આણંદ અને નર્મદા જિલ્લા પંચાયતનું મંજૂર મહેકમ

૨૭૦૧૫ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ આણંદ અને નર્મદા જિલ્લામાં જિલ્લા પંચાયતનું જિલ્લાવાર, સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| ક્રમ | સંવર્ગ | આણંદ જિલ્લો | નર્મદા જિલ્લો |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૧૫ | ૧૫ |
| ૨ | વર્ગ–૨ | ૧૭ | ૧૫ |
| ૩ | વર્ગ–૩ | ૧૬૯ | ૯૬ |

| | | | |
|---|---|---|---|
| ૪ | વર્ગ–૪ | ૩૩ | ૧૪ |
| | **કુલ** | **૨૩૪** | **૧૪૦** |

(૨) તે અન્વયે જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| **ક્રમ** | **સંવર્ગ** | **આણંદ જિલ્લો** | | **નર્મદા જિલ્લો** | |
|---|---|---|---|---|---|
| | | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| ૧ | વર્ગ–૧ | ૧૧ | ૪ | ૧૦ | ૫ |
| ૨ | વર્ગ–૨ | ૮ | ૯ | ૧૧ | ૪ |
| ૩ | વર્ગ–૩ | ૮૧ | ૮૮ | ૪૨ | ૫૪ |
| ૪ | વર્ગ–૪ | ૭ | ૨૬ | ૬ | ૮ |
| | **કુલ** | **૧૦૭** | **૧૨૭** | **૬૯** | **૭૧** |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વર્ગ–૧, વર્ગ–૨ તથા વર્ગ–૩ માં તબક્કાવાર સીધી ભરતી અને બઢતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. જ્યારે વર્ગ–૪ આઉટસોર્સથી ભરવામાં આવશે.

---------

**વડોદરા અને વલસાડ જિલ્લાના ગામોને તીર્થગામ અને પાવનગામ જાહેર કરવા બાબત**

૨૭૦૩૮ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોને તીર્થગામ અને કેટલા ગામોને પાવનગામ જાહેર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત જાહેર કરેલ તીર્થગામ અને પાવનગામ અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ગામોને પ્રોત્સાહક રકમ આપવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રકમ ક્યાં સુધી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) યોજનાની જોગવાઇ મુજબ જે ગામમાં છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ ગુનો નોંધાયેલ ન હોય તેને પાવનગામ અને પાંચ વર્ષમાં કોઇ ગુનો નોંધાયેલ ન હોય તેને તીર્થગામ જાહેર કરવામાં આવે છે. પરંતુ તા.૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને વલસાડ જિલ્લામાં આ યોજનાના પાત્રતાના ધોરણો મુજબ કોઇ ગામ પાવનગામ કે તીર્થગામ જાહેર થવા પાત્ર ઠરેલ ન હોઇ, કોઇ ગામોને પાવનગામ કે તીર્થગામ જાહેર કરવામાં આવેલ નથી.

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નર્મદા અને પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિભાગ હસ્તકની કાર્યરત શાળાઓ**

૨૭૦૪૧ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ નર્મદા અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર વિભાગ હસ્તકની કેટલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત છે,

**જવાબ**

(૧) **નર્મદા જિલ્લો**

| **તાલુકાનું નામ** | **પ્રાથમિક** | **પ્રાથમિક થી ઉ.માધ્યમિક** | **માધ્યમિક થી ઉચ્ચત્તર માધ્યમિક** |
|---|---|---|---|
| નાંદોદ | – | – | ૧ |
| ગરૂડેશ્વર | – | ૧ | – |
| ડેડીયાપાડા | ૧ | ૨ | ૧ |
| સાગબારા | ૧ | – | ૧ |
| તિલકવાડા | – | ૧ | – |

**પંચમહાલ જિલ્લો**

| **તાલુકાનું નામ** | **પ્રાથમિક** | **પ્રાથમિક થી ઉ.માધ્યમિક** | **માધ્યમિક થી ઉચ્ચત્તર માધ્યમિક** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| જાંબુઘોડા | – | ૨ | – |
| કાલોલ | – | ૧ | – |

(૨) ઉક્ત તાલુકાવાર શાળાઓમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૨) **નર્મદા જિલ્લો**

| **તાલુકાનું નામ** | **મંજૂર થયેલ મહેકમ** |
|---|---|
| નાંદોદ | ૧૪ |
| ગરૂડેશ્વર | ૧૪ |
| ડેડીયાપાડા | ૪૯ |
| સાગબારા | ૧૧ |

**પંચમહાલ જિલ્લો**

| **તાલુકાનું નામ** | **મંજૂર થયેલ મહેકમ** |
|---|---|
| જાંબુઘોડા | ૧૩ |
| કાલોલ | ૧૩ |

(૩) તે પૈકી તાલુકાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) **નર્મદા જિલ્લો**

| **તાલુકાનું નામ** | **ભરાયેલ જગ્યાઓ** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|
| નાંદોદ | ૮ | ૬ |
| ગરૂડેશ્વર | ૧૪ | ૦ |
| ડેડીયાપાડા | ૩૬ | ૧૩ |
| સાગબારા | ૫ | ૬ |

**પંચમહાલ જિલ્લો**

| **તાલુકાનું નામ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|
| જાંબુઘોડા | ૧૩ | ૦ |
| કાલોલ | ૧૩ | ૦ |

(૪) ઉક્ત શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) નર્મદા જિલ્લાની ઉક્ત શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકોની ૫૯ જગ્યાઓ ભરાયેલ છે અને ૧૧ જગ્યાઓ ખાલી છે.

પંચમહાલ જિલ્લાની ઉક્ત શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકોની ૨૬ જગ્યાઓ ભરાયેલ છે અને કોઇ જગ્યા ખાલી નથી.

(૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૫) સરકારશ્રીની વહીવટી અનુકૂળતાએ જેમ બને તેમ ત્વરિત ભરવામાં આવશે.

---------

**અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોને કમ્પ્યુટરની સુવિધા**

૨૬૧૦૧ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ઇ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

ઇ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓની તમામ ગ્રામ પંચાયતોમાં અગાઉના વર્ષોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવેલ હોવાથી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ અને ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષોનું છેદન**

૨૭૦૦૯ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર વૃક્ષોનું છેદન કરતાં કેટલા શખ્સો પકડાયા,

(૧)

| જિલ્લાનું નામ | પકડાયેલ શખ્સો | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૮-૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ) |
| આણંદ | ૪૦ | ૧૩ |

(૨) ઉક્ત શખ્સો પાસેથી જિલ્લાવાર, વર્ષવાર લાકડાનો કેટલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લો | વર્ષ | જપ્ત કરેલ લાકડાનો જથ્થો |
|---|---|---|
| આણંદ | ૨૦૧૮- ૧૯ | ઈમારતી ૩૪.૯૮૮ ઘ.મી. જલાઉ ૯૨.૫૦ કિવ. |
| | ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ) | ઈમારતી ૦.૬૩૫ ઘ.મી. જલાઉ ૩.૦૦ કિવ. |
| ભરૂચ | ૨૦૧૮- ૧૯ | ઈમારતી ૦.૮૭૨ ઘ.મી. જલાઉ ૬૨.૦૦ કિવ. |
| | ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ) | ઈમારતી ૨૬.૮૭૩ ઘ.મી. જલાઉ ૫૯૮.૦૦ |

(૩) ઉક્ત પકડાયેલ શખ્સો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) વૃક્ષ છેદન કરતા ગુનામાં પકડાયેલ ગુનેગારો સામે ભારતીય વન અધિનિયમ ૧૯૨૭-ની જોગવાઈ મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

૨૬૦૬૧ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૫૨૨૫ |
| દહેગામ | ૩૩૦૭ |
| કલોલ | ૧૮૩૧ |
| માણસા | ૨૮૩૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઇ, અને

(૨) ૧૨૬૬૨

(૩) તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) તા.૩૧-૦૩-૨૦૧૯ સુધી લાભાર્થી દીઠ રૂ.૧૦૦૦/- પ્રતિ માસ અને તા.૦૧-૦૪-૨૦૧૯ થી લાભાર્થી દીઠ રૂ.૧૨૫૦/- પ્રતિ માસ.

---------

**મહિસાગર જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ**

૨૬૧૦૮ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માં કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો ?

(૨) ૪૮,૩૧૦

---------

## અતારાંકિત પ્રશ્નો

### મહીસાગર અને ડાંગ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષોનું છેદન

૨૭૦૨૩ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

---------

**કચ્છ અને બોટાદ જિલ્લામાં વૃક્ષો કાપવા બાબત**

૨૬૯૦૨ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારના કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા,

(૧) **(કાપેલ વૃક્ષોની સંખ્યા)**

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) | વૃક્ષોના પ્રકાર |
|---|---|---|---|
| કચ્છ | ૩૯૫૮૦ | ૦ | ગાંડા બાવળ, ખીજડો, પીલું, દેશી બાવળ, ઈઝરાયેલ બાવળ, લીમડો, કાસીદ, વગેરે |
| બોટાદ | ૦ | ૭૯૩ | દેશી બાવળ, પેલ્ટોફોર્મ, ગુલમહોર, કાસીદ, સીરસ, લીમડો, અરડુસા વગેરે |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર લાકડાનો કેટલો જથ્થો ઉપલબ્ધ થયો, અને

(૨) **(ઉપલબ્ધ થયેલ જથ્થો)**

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ) | |
|---|---|---|---|---|
| | ઈમારતી (ઘ.મી.) | જલાઉ (ક્વિ.) | ઈમારતી (ઘ.મી.) | જલાઉ (ક્વિ.) |
| કચ્છ | ૦.૦૦ | ૨૦૫૬.૧૯ | ૦.૦૦ | ૦.૦૦ |
| બોટાદ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૯૦.૦૮૨ | ૬૩૫૯.૧૨ |

(૩) ઉક્ત લાકડાના જથ્થાના વેચાણ થકી વર્ષવાર કેટલી રકમની આવક થઈ?

(૩) (રૂપિયા લાખમાં)

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) |
|---|---|---|
| કચ્છ | ૩.૯૨ | ૦.૦૦ |
| બોટાદ | ૦.૦૦. | ૦.૦૦ |

---------

## ગોધરા તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ

૨૬૨૧૩ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪મા નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪મા નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૧૩૪૦.૭૦/- લાખ બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી કુલ કેટલા કામો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી કુલ ૮૧૦ કામો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ? | (૩) ફાળવેલ રકમનો પૂરેપૂરો વપરાશ થયેલ છે. |

---------

## રાજકોટ અને પોરબંદર જિલ્લા પંચાયતનું મંજૂર મહેકમ

૨૬૯૬૫ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લા પંચાયતનું જિલ્લાવાર, સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૧)

| ક્રમ | સંવર્ગ | પોરબંદર | રાજકોટ |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧૬ | ૧૩ |
| ૨ | વર્ગ-૨ | ૨૮ | ૧૩ |
| ૩ | વર્ગ-૩ | ૨૦૭ | ૯૨ |
| ૪ | વર્ગ-૪ | ૫૪ | ૧૬ |
| | **કુલ** | **૩૦૫** | **૧૩૪** |

(૨) તે અન્વયે જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાએ ખાલી છે, અને

(૨)

| ક્રમ | સંવર્ગ | પોરબંદર | | રાજકોટ | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |

| | | જગ્યા | જગ્યા | જગ્યા | જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૯ | ૭ | ૮ | ૫ |
| ૨ | વર્ગ–૨ | ૧૮ | ૧૦ | ૫ | ૮ |
| ૩ | વર્ગ–૩ | ૮૮ | ૧૧૯ | ૪૨ | ૫૦ |
| ૪ | વર્ગ–૪ | ૩૫ | ૧૯ | ૫ | ૧૧ |
| | **કુલ** | **૧૫૦** | **૧૫૫** | **૬૦** | **૭૪** |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ તબક્કાવાર સીધી ભરતીથી તેમજ બઢતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે ગ્રાન્ટ**

૨૬૨૦૮ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે કોઈ ગ્રાન્ટ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે જિલ્લાની તાલુકાવાર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | સને ૨૦૧૯–૨૦ માં ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૫૨ | ૩,૭૩,૧૦૦/– |
| ૨ | તળાજા | ૧૧૮ | ૮,૪૬,૬૫૦/– |
| ૩ | મહુવા | ૧૧૫ | ૮,૨૫,૧૨૫/– |
| ૪ | ગારીયાધાર | ૪૮ | ૩,૪૪,૪૦૦/– |
| ૫ | પાલીતાણા | ૭૮ | ૫,૫૯,૬૫૦/– |
| ૬ | વલ્લભીપુર | ૫૩ | ૩,૮૦,૨૭૫/– |
| ૭ | સિહોર | ૭૮ | ૫,૫૯,૬૫૦/– |
| ૮ | ઘોઘા | ૪૦ | ૨,૮૭,૦૦૦/– |
| ૯ | ઉમરાળા | ૪૩ | ૩,૦૮,૫૨૫/– |
| ૧૦ | જેસર | ૩૬ | ૨,૫૮,૩૦૦/– |
| | **કુલ** | **૬૬૧** | **૪૭,૪૨,૬૭૫/–** |

---------

**આત્મીય યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ**

૨૬૨૪૨ **લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ–ગ્રામ્ય) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત આત્મીય યુનિવર્સિટી, રાજકોટ મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | -- | -- | ૧૨૦૭ |

(૨)

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | -- | -- | ૮૦.૪૭ |

---------

**તાપી અને ડાંગ જિલ્લાના ગામોને તીર્થગામ અને પાવનગામ જાહેર કરવા બાબત**

૨૭૦૫૧ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોને તીર્થગામ અને કેટલા ગામોને પાવનગામ જાહેર કરવામાં આવ્યા,

(૧) યોજનાની જોગવાઇ મુજબ જે ગામમાં છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ ગુનો નોંધાયેલ ન હોય તેને પાવનગામ અને પાંચ વર્ષમાં કોઇ ગુનો નોંધાયેલ ન હોય તેને તીર્થગામ જાહેર કરવામાં આવે છે. પરંતુ તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં આ યોજનાના પાત્રતાના ધોરણો મુજબ કોઇ ગામ પાવનગામ કે તીર્થગામ જાહેર થવા પાત્ર ઠરેલ ન હોઇ, કોઇ ગામોને પાવનગામ કે તીર્થગામ જાહેર કરવામાં આવેલ નથી. જ્યારે તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તીર્થગામ અને પાવનગામ જાહેર કરવામાં આવેલ છે.

| જિલ્લો | જાહેર કરેલ ગામોની સંખ્યા | | | |
|---|---|---|---|---|
| | તીર્થગામ | | પાવનગામ | |
| | ૨૦૧૮ | ૨૦૧૯ | ૨૦૧૮ | ૨૦૧૯ |

(૨) ઉક્ત જાહેર કરેલ તીર્થગામ અને પાવનગામ અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ગામોને પ્રોત્સાહક રકમ આપવાની બાકી છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં જાહેર થયેલા એક પણ તીર્થગામ કે પાવનગામને પ્રોત્સાહક રકમ આપવાની બાકી નથી જ્યારે ડાંગ જિલ્લામાં પ્રોત્સાહક રકમ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં આપવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર જિલ્લામાં વીડીઓમાંથી ઘાસ એકત્ર કરવા બાબત**

૨૬૧૮૯ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર-ગ્રામ્ય) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને

(૧)

| વર્ષ | એકત્ર કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૨૬.૮૧ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ) | ૨૧.૩૧ |

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?

(૨)

| વર્ષ | ગોડાઉનમાં સંગ્રહિત ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૨૬.૮૧ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ) | ૨૧.૩૧ |

---------

**મોરબી અને ભરૂચ જિલ્લામાં વૃક્ષો કાપવા બાબત**

૨૬૯૬૨ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મોરબી અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારના કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા,

(૧) **(કાપેલ વૃક્ષોની સંખ્યા)**

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની | વૃક્ષોના પ્રકાર |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| મોરબી | ૧૯૦ | ૪૮૯ | દેશી બાવળ, પેલ્ટોફોર્મ, ગુલમહોર, કાસીદ, સીરસ, લીમડા, અરડુસા, વડ, પીંપળ વગેરે |
| ભરૂચ | ૧૧૭૩૭ | ૦ | દેશી બાવળ, લીમડા, પેલ્ટોફોર્મ, નીલગીરી, કાસીદ, કણજી, સાદડ, સરૂ, અરડુસા વગેરે |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર લાકડાનો કેટલો જથ્થો ઉપલબ્ધ થયો, અને

(૨) **(ઉપલબ્ધ થયેલ જથ્થો)**

| **જિલ્લો** | **૨૦૧૮-૧૯** | | **૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ)** | |
|---|---|---|---|---|
| | **ઇમારતી (ઘ.મી.)** | **જલાઉ (ક્વિ.)** | **ઇમારતી (ઘ.મી.)** | **જલાઉ (ક્વિ.)** |
| મોરબી | ૦.૦૦ | ૧૦૦.૯૮ | ૦.૦૦ | ૮૯.૯૫ |
| ભરૂચ | ૮૭૯.૩૦૫ | ૧૭૫૨૬.૪૮ | ૦.૦૦ | ૦.૦૦ |

(૩) ઉક્ત લાકડાના જથ્થાના વેચાણ થકી વર્ષવાર કેટલી રકમની આવક થઈ?

(૩) (રૂપિયા લાખમાં)

| **જિલ્લો** | **૨૦૧૮-૧૯** | **૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ)** |
|---|---|---|
| મોરબી | ૦.૧૫ | ૦.૧૫ |
| ભરૂચ | ૭૮.૨૬ | ૦.૦૦ |

---------

**અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને કમ્પ્યુટરની સુવિધા**

૨૬૨૨૫ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકાનુંનામ** | **છેલ્લા એક વર્ષમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવેલ ગ્રામ પંચાયતોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | માંડલ | ૦૩ |
| ૨ | દેત્રોજ | ૧૦ |
| ૩ | વિરમગામ | ૦૩ |
| ૪ | સાણંદ | ૦૬ |
| ૫ | દસક્રોઈ | ૦૩ |
| ૬ | ધોળકા | ૧૦ |
| ૭ | બાવળા | ૦૨ |
| ૮ | ધોલેરા | ૦૯ |
| ૯ | ધંધુકા | ૦૫ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) એકપણ નહીં.

(૩) બાકી રહેલ ગ્રામ પંચાયતો ખાતે કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકારનું શું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ઈન્ડસ યુનિવર્સિટી માટે ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ**

૨૬૨૪૮ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત ઈન્ડસ યુનિવર્સિટી, અમદાવાદ મારફત કુલ કેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ?

(૧)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | ૪૮૨ | ૩૬૭ | ૩૯૨ |

(૨)

| વર્ષ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | ૨૬.૫૭ | ૨૪.૯૪ | ૨૬.૧૩ |

---------

## સુરત અને નવસારી જિલ્લાના ગામોને તીર્થગામ અને પાવનગામ જાહેર કરવા બાબત

૨૭૦૪૮ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોને તીર્થગામ અને પાવનગામ જાહેર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત જાહેર કરેલ તીર્થગામ અને પાવનગામ અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ગામોને પ્રોત્સાહક રકમ આપવાની બાકી છે, અને

(૩)ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) યોજનાની જોગવાઇ મુજબ જે ગામમાં છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ ગુનો નોંધાયેલ ન હોય તેને પાવનગામ અને પાંચ વર્ષમાં કોઇ ગુનો નોંધાયેલ ન હોય તેને તીર્થગામ જાહેર કરવામાં આવે છે. પરંતુ તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને નવસારી જિલ્લામાં આ યોજનાના પાત્રતાના ધોરણો મુજબ કોઇ ગામ પાવનગામ કે તીર્થગામ જાહેર થવા પાત્ર ઠરેલ ન હોઇ, કોઇ ગામોને પાવનગામ કે તીર્થગામ જાહેર કરવામાં આવેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ભરૂચ તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ

૨૬૨૧૫ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪મા નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી કુલ કેટલા કામો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલા ખર્ચ થયેલ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪મા નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૧૦૫૭.૬૨/- લાખ બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) તે પૈકી કુલ ૪૯૬ કામો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ રૂ.૯૫૫.૫૯/- લાખ ખર્ચ થયેલ છે.

---------

## અમરેલી અને ગાંધીનગર જિલ્લામાં વૃક્ષો કાપવા બાબત

૨૬૯૯૭ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ અમરેલી અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારના કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા,

**જવાબ**

(૧) **(કાપેલ વૃક્ષોની સંખ્યા)**

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) | વૃક્ષોના પ્રકાર |
|---|---|---|---|
| અમરેલી | ૦ | ૧૭૦ | દેશી બાવળ, પેલ્ટ્રોફોર્મ, ગુલમહોર, લીમડા, કાશીદ, સીરસ, ગરમાળો, કરંજ, લીમડા, અરડુસા વગેરે |
| ગાંધીનગર | ૧૪૧૮ | ૪૨૬૩ | દેશી બાવળ, પેલ્ટ્રોફોર્મ, |

| | | | |
|---|---|---|---|
| | | | ગુલમહોર, લીમડા, કાશીદ, સીરસ, ગરમાળો, કરંજ, લીમડા, અરડુસા, નીલગીરી, રેઈન ટ્રી, શીશુ વગેરે. |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર લાકડાનો કેટલો જથ્થો ઉપલબ્ધ થયો, અને

(૨) **(ઉપલબ્ધ થયેલ જથ્થો)**

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) | |
|---|---|---|---|---|
| | ઇમારતી (ઘ.મી.) | જલાઉ (ક્વિ.) | ઇમારતી (ઘ.મી.) | જલાઉ (ક્વિ.) |
| અમરેલી | ૦ | ૦ | ૦ | ૩૦૦.૦૦ |

(૩) ઉક્ત લાકડાના જથ્થાના વેચાણ થકી વર્ષવાર કેટલી રકમની આવક થઇ?

(૩)

**(વેચાણ થકી આવક રૂ. લાખમાં)**

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) |
|---|---|---|
| અમરેલી | ૦ | ૦.૨૪ |
| ગાંધીનગર | ૧૬.૭૮ | ૪૧.૯૩ |

---------

## સાણંદ તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ

૨૬૨૧૪ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪મા નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી કુલ કેટલા કામો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલા ખર્ચ થયેલ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૮,૩૬,૦૬,૯૦૨/- લાખ બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) તે પૈકી કુલ ૩૮૨ કામો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) ફાળવેલ રકમનો પૂરેપૂરો વપરાશ થયેલ છે.

---------

## સુરેન્દ્રનગર અને દાહોદ જિલ્લામાં વૃક્ષો કાપવા બાબત

૨૬૯૪૯ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારના કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા,

**જવાબ**

(૧) **(કાપેલ વૃક્ષોની સંખ્યા)**

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) | વૃક્ષોના પ્રકાર |
|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | - |
| દાહોદ | ૪૩૯૩ | ૧૮૪૪ | નીલગીરી, લીમડા, ગુલમહોર, અરડુસા, કાસીદ, રેઈન ટ્રી, પેલ્ટોફોર્મ, દેશી બાવળ, વડ, મહુડો વગેરે |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર લાકડાનો કેટલો જથ્થો ઉપલબ્ધ થયો, અને

(૨) **(ઉપલબ્ધ થયેલ જથ્થો)**

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) | |
|---|---|---|---|---|
| | ઇમારતી (ઘ.મી.) | જલાઉ (ક્વિ.) | ઇમારતી (ઘ.મી.) | જલાઉ (ક્વિ.) |
| સુરેન્દ્રનગર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

(૩) ઉક્ત લાકડાના જથ્થાના વેચાણ થકી વર્ષવાર કેટલી રકમની આવક થઇ?

(૩) **(રૂપિયા લાખમાં)**

| જિલ્લો | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ (તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) |
|---|---|---|
| સુરેન્દ્રનગર | ૦.૦૦ | ૦.૦૦ |
| દાહોદ | ૮૦.૨૫ | ૩૪.૦૧ |

## અતારાંકિત પ્રશ્નો

### વિજયનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

૨૬૧૯૧ **શ્રી હિતુ કનોડિયા** (ઈડર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૩૬૭ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ) | ૧૮૭ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨૨૩.૩૦ |
| ૨૦૧૯–૨૦(તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ) | ૮૩.૬૯ |

### જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં વૃક્ષો કાપવા બાબત

૨૬૯૮૩ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારના કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર લાકડાનો કેટલો જથ્થો ઉપલબ્ધ થયો, અને

(૩) ઉક્ત લાકડાના જથ્થાના વેચાણ થકી વર્ષવાર કેટલી રકમની આવક થઈ?

**જવાબ**

(૧) **(કાપેલ વૃક્ષોની સંખ્યા)**

| જિલ્લો | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ (તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ) | વૃક્ષોના પ્રકાર |
|---|---|---|---|
| જૂનાગઢ | ૪૩ | ૪૦ | દેશી બાવળ, પેલ્ટ્રોફોર્મ, ગુલમહોર, કાસીદ, સીરસ, લીમડા, અરડુસા, ગરમાળા વગેરે |
| ગીર સોમનાથ | ૦ | ૦ | – |

(૨) **(ઉપલબ્ધ થયેલ જથ્થો)**

| જિલ્લો | ૨૦૧૮–૧૯ | | ૨૦૧૯–૨૦ (તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ) | |
|---|---|---|---|---|
| | ઈમારતી (ઘ.મી.) | જલાઉ (ક્વિ.) | ઈમારતી (ઘ.મી.) | જલાઉ (ક્વિ.) |
| જૂનાગઢ | ૯૧.૬૦૩ | ૦ | ૦.૨૧૮ | ૦ |
| ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) **(વેચાણ થકી આવક રૂ.લાખમાં)**

| જિલ્લો | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ (તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ) |
|---|---|---|
| જૂનાગઢ | ૦.૦૦ | ૦.૦૦ |
| ગીર સોમનાથ | ૦.૦૦ | ૦.૦૦ |

### બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લા પંચાયતનું મંજૂર મહેકમ

૨૬૯૦૫ **શ્રીમતી ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયતનું જિલ્લાવાર, સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| ક્રમ | સંવર્ગ | બનાસકાંઠા જિલ્લો | ગાંધીનગર જિલ્લો |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૧૫ | ૧૩ |
| ૨ | વર્ગ–૨ | ૨૪ | ૨૬ |
| ૩ | વર્ગ–૩ | ૨૦૨ | ૧૭૪ |
| ૪ | વર્ગ–૪ | ૫૬ | ૪૨ |
| | **કુલ** | **૨૯૭** | **૨૫૫** |

(૨)

| ક્રમ | સંવર્ગ | બનાસકાંઠા | | ગાંધીનગર | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | વર્ગ–૧ | ૭ | ૮ | ૧૧ | ૨ |
| ૨ | વર્ગ–૨ | ૧૩ | ૧૧ | ૧૮ | ૮ |
| ૩ | વર્ગ–૩ | ૯૬ | ૧૦૬ | ૧૧૦ | ૬૪ |
| ૪ | વર્ગ–૪ | ૨૫ | ૩૧ | ૪૧ | ૧ |
| | **કુલ** | **૧૪૧** | **૧૫૬** | **૧૮૦** | **૭૫** |

(૩) વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩માં તબક્કાવાર સીધી ભરતી અને બઢતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. જ્યારે વર્ગ–૪ આઉટસોર્સથી ભરવામાં આવશે.

તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦

અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)**

**પ્રભારી સભ્યશ્રીઓ ગેરહાજર હોવાથી સૂચના રજૂ થઇ નહીં.**

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**તારાંકિત પ્રશ્નો ક્રમાંકઃ૭૧૮, ૯૫૧૧ અને ૨૩૬૮૯ ના જવાબમાં સુધારા કરતું નિવેદન**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૩-૦૨-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી નિરંજન પટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૭૧૮ (અગ્રતાક્રમ-૧૧), તા.૨૬-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી રાજેન્દ્રસિંહ પરમારના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૯૫૧૧ (અગ્રતાક્રમ-૯૮) અને ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૨૭-૦૨-૨૦૨૦ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી કાન્તીભાઇ સોઢાપરમારના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૨૩૬૮૯(અગ્રતાક્રમ-૭૪)ના અપાયેલ લેખિત જવાબોમાં સુધારા કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જવાબમાં સુધારા કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

## સભ્યશ્રીઓના રાજીનામા મંજૂર કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે, ૧૦૬, ગઢડા મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી મારૂ શ્રી પ્રવિણભાઇ ટીડાભાઇ, ૧, અબડાસા મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા સભ્યશ્રી જાડેજા શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ, ૯૪, ધારી મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા સભ્યશ્રી કાકડીયા શ્રી જે.વી., ૬૧, લિંબડી મત વિસ્તારમાંથી ચૂટાઇને આવેલા સભ્યશ્રી કોળીપટેલ શ્રી સોમાભાઇ ગાંડાલાલે તા.૧૪-૩-૨૦૨૦ના રોજ બપોર પછી જયારે ૧૭૩, ડાંગ મત વિસ્તારમાંથી ચૂટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી ગાવિત મંગળભાઇ ગંગાજીભાઇએ તા.૧૫-૩-૨૦૨૦ બપોર પછીથી સભ્યપદેથી રાજીનામાં આપેલાં છે, જેનો મેં સ્વીકાર કરેલ છે.

## અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

**કોરોના વાયરસના કારણે સભાગૃહની બેઠક તા.૨૯-૩-૨૦૨૦ સુધી મુલતવી રાખવા અંગે**

**શ્રી શૈલેષ મ. પરમાર(ભા.રા.કો.) :** માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે સમગ્ર વિશ્વમાં કોરોના વાયસરના કારણે જે મહામારી પ્રસરી છે, જેનાથી સમગ્ર વિશ્વ, સમગ્ર દેશ અને સમગ્ર રાજય પણ ચિંતિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે રાજય સરકાર દ્વારા તા.૧૫-૩-૨૦૨૦ના દિવસે મુખ્ય સચિવશ્રી દ્વારા શાળા, કોલેજો, સિનેમાગૃહો તેમજ અન્ય જગ્યાઓ તા.૨૯-૩-૨૦૨૦ સુધી બંધ કરવાનો હુકમ કરેલો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ આ મહામારીથી બચવા માટેના તમામ દેશોએ જે ઉપાયો કર્યા છે અને ખાસ કરીને આપણા દેશની વાત કરીએ ત્યારે અત્યારે આપણું વિધાનસભાનું સત્ર ચાલે છે અને આ જ રીતના અમુક રાજયોમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ કે આંધ્રપ્રદેશ હોય ત્યાં પણ જયારે બજેટનું સેશન ચાલે છે ત્યારે એ લોકોએ કોરોના વાયરસના કારણોસર જે બજેટ સત્રો ચાલે છે એને મોકૂફ રાખવાની દરખાસ્ત કરી છે અને ત્યાં એ તમામ ત્રણે-ત્રણ રાજયોની અંદર વિધાનસભા બંધ રહી છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહના નેતાશ્રીને વિનંતી કરું છું કે, કોરોનાનો વાયરસ છે એ ડેન્ઝરસ છે, ત્યારે અને બજેટ સેશનો જો અન્ય રાજયોમાં પણ બંધ થતા હોય તો મારી કોંગ્રેસ પાર્ટી તરફથી એવી માગણી છે કે આ કોરાના વાયરસના કારણોસર વિધાનસભાનું આ જે સત્ર છે તે જે રીતે

## અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

સિનેમાગૃહો, શાળા– કોલેજો તા.૨૯–૩–૨૦૨૦ સુધી બંધ કરી છે એ રીતે આ વિધાનસભાનું સત્ર પણ તા.૨૯–૩–૨૦૨૦ સુધી સ્થગિત કરવામાં આવે એવી હું અમારી કોંગ્રેસ પાર્ટી તરફથી ગૃહના નેતાશ્રીને વિનંતી કરું છું,

**નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ એ પ્રમાણે સમગ્ર વિશ્વમાં અને ૧૫૦ કરતાં વધારે દેશોમાં કોરોના વાયરસના નાના–મોટા કેસો છે. ઘણી જગ્યાએ મોટી માત્રામાં છે, આપણા ભારતમાં પણ લગભગ ૧૦૫ની આજુબાજુ કોરોના વાયરસના કેસો નોંધાયા છે. સદનસીબે હું અત્યારે વકતવ્ય આપી રહ્યો છું આ સન્માનનીય ગૃહમાં ત્યાં સુધી આપણા ગુજરાત રાજયમાં એક પણ પોઝીટીવ કેસ કોરોના વાયરસનો નોંધાયો નથી. આપણા ગુજરાતીઓ દેશ પરદેશમાં પણ છે, સૌથી પહેલા અને સૌથી વધુ વિદ્યાર્થીઓને ગુજરાતમાં લાવવામાં આવ્યા હોય તો એ આપણી ભારત સરકારની મદદથી મુખ્યમંત્રીશ્રીએ જે આયોજન કર્યું તેના કારણે આપણા વિદ્યાર્થીઓને ઘણા સમય પહેલા આપણે પરત લાવી દીધા હતા. ઇરાનમાં પણ જે ભારતીયો અને ગુજરાતીઓ છે એ પૈકી ગુજરાતીઓને પણ આપણે પરત લાવ્યા છીએ. બીજા દેશોમાંથી પણ જે ગુજરાતીઓ આવે છે તે બધાનું પણ આપણે સતત મોનીટરીંગ કરીએ છીએ. એરપોર્ટ ઉપર બધાનું, ઇન્ટરનેશનલ ફલાઇટથી કોઇ પણ દેશમાંથી આવે તો તેનું સ્ક્રીનીંગ કરવું તેવી ભારત સરકારની છેલ્લામાં છેલ્લી અને તાજી ગાઇડલાઇન અને માર્ગદર્શન પ્રમાણે અમદાવાદ અને સુરત એમ બન્ને જગ્યાએ ઇન્ટરનેશનલ ફલાઇટ્સ ડાયરેકટ આવે છે ત્યાં આપણે સ્ક્રીનીંગ કરીએ છીએ. જરૂર પડે એમને અલગ રાખવા એ પ્રમાણેની પણ વ્યવસ્થા કરી છે. અગાઉ જે આવ્યા હતા એમને ૧૪ દિવસ સુધી એમના ઘરે રહે પણ અલાયદા રહે, કોઇ કોઇની સાથે સંપર્ક ન કરે એ પ્રમાણેનું ફોલોઅપ આપણે નિયમીત રીતે કરીએ છીએ. એની સાથે સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇના અધ્યક્ષપદે ગઇ કાલે રવિવારની રજા હોવા છતાં મુખ્યમંત્રીશ્રીએ આ વિષય ઉપર ચર્ચા કરવા અને યોગ્ય નિર્ણય કરવા તાકીદની જે મિટિંગ બોલાવી એમાં હું પણ ઉપસ્થિત હતો. મુખ્ય સચિવશ્રી, આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રી અને આરોગ્ય કમિશનરશ્રી, અમારા શિક્ષણ વિભાગના સચિવશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરશ્રી અને અન્ય સંબંધિત અધિકારીઓ પણ ઉપસ્થિત હતા. મુખ્યમંત્રીશ્રીના સલાહકાર પણ ઉપસ્થિત હતા અને લગભગ દોઢેક કલાક બધી જ બાબતો ઉપર પૂર્ણ છણાવટ કર્યા પછી જે અભિપ્રાય આવ્યો કે મોટા પ્રમાણમાં જયાં લોકોને એકત્ર થવાનું થતું હોય અને લાંબો સમય એકત્રીત રીતે બેસવાનું થતું હોય તેવી સંસ્થાઓને, જેમાં મોટે ભાગે સ્કૂલો અને કોલેજો, જેમાં લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે અને આખો દિવસ ત્યાં રહેતા હોય અને એક બીજાને હળતા મળતા હોય એવું જયાં વાતાવરણ હોય તેવી સ્કૂલો અને કોલેજો બંધ રાખવી જોઇએ અને આપણે આજથી જ તેનું શૈક્ષણિક કામ બંધ કરવાનો નિર્ણય કર્યો, મિડીયામાં, ટી.વી.માં અને છાપાઓમાં એને વિસ્તૃત રીતે પ્રાધાન્ય આપ્યું છે એટલે મિડિયાનો પણ હું આભાર માનું છું અને ગુજરાતની જનતા સુધી અવેરનેસ વધે તે માટેનું કામ આપણે કર્યું છે. શૈક્ષણિક કામગીરી સ્કૂલો અને કોલેજો આપણે બંધ કરી છે. જયાં પરીક્ષાઓ અડધી થઇ અને અડધી બાકી છે, દા.ત. પાંચ પેપર લેવાના હોય તેમાંથી ત્રણ લેવાયા હોય અને બે બાકી હોય તો એવી બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ કરવાની છે. પણ જયાં પરીક્ષા ડયુ થઇ છે પણ ચાલુ નથી થઇ, દા. ત. આજથી ભાવનગર યુનિવર્સિટીની પરીક્ષા ચાલુ થવાની હતી, અમારા શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી સાથે ટેલિફોન ઉપર ચર્ચા કરી અને વિગતો મેળવી, અગ્ર સચિવ શિક્ષણ સાથે પણ વિગતો મેળવી, તો જયાં પરીક્ષાઓ ચાલુ નથી થઇ તે બધી જ પરીક્ષાઓ આપણે મુલતવી રાખી દીધી છે. આ રીતે ગુજરાતને આપણે જે રીતે અત્યાર સુધી સલામત રાખ્યું છે એ જ પ્રમાણે સલામત રાખવા માટે આ નિર્ણય સરકારે કર્યો છે. બીજો નિર્ણય એ કર્યો કે મલ્ટીપ્લેકસ થિયેટરો કે સાદા થીયેટરો ચાલતા હોય કે જયાં લાંબા સમય સુધી બંધ હોલમાં સતત બધા નજીક નજીક બેસી રહેતા હોય તો એ પણ નિયંત્રિત કરી અને થિયેટર ચલાવવા ઉપર પણ પ્રતિબંધ મૂકયો છે. એના ઉપર પણ પ્રતિબંધ મૂકયો છે. એ જ રીતે સ્વીમીંગ પુલો છે એમાં બધા તરવા માટે જતા હોય છે તે વખતે પણ એકબીજાને વાઇરસ લાગી શકે છે એ ન થાય એટલા માટે એના ઉપર પણ આપણે પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે. આ રીતે સરકારે બધી ચર્ચા વિચારણા કરીને મોટા અને અગત્યના નિર્ણયો કર્યા છે. જે એરપોર્ટ ઉપર આવે છે એની પણ ચકાસણી કરવામાં આવે છે એ હવે એને વધુ સઘન બનાવી છે. નેગેટીવ હોય તો પણ એના ઘર સુધી ફોલોઅપ આરોગ્ય વિભાગ કરી રહ્યું  છે. બધી જ સાવચેતી રાખવામાં આવી રહી છે ત્યારે માનનીય શૈલેષભાઇએ કોંગ્રેસ પક્ષવતી દરખાસ્ત કરી છે એ અત્યારે આપણું બજેટ સત્ર ચાલી રહ્યું છે. ઘણા બધા રાજયોમાં બજેટ સત્ર ચાલી રહ્યા છે. આપણે બધા જાણીએ છીએ કે માર્ચ મહિનાના અંત સુધીમાં ફરજિયાત રીતે બંધારણીય રીતે બજેટ મંજૂર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહે છે એટલે પહેલી એપ્રિલે કર્મચારીઓના પગાર ભથ્થાં ચૂકવવાના થતા હોય છે અને અન્ય ખર્ચ  પણ કરવાની શરૂઆત થઇ શકે છે. અત્યારે ચાલુ વર્ષનું બજેટ છે એના ખર્ચના કામો છે એ પણ થઇ શકે એ બધું તાકીદનું અને અગત્યનું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય અગાઉ કરી દીધો છે કોઇએ માગણી કરી એ પહેલા અહીંયા મુલાકાતીઓ આવતા હતા, શાળાઓ અને કોલેજોમાંથી વિદ્યાર્થીઓ આવતા હતા અને સાથે સાથે ગામડાંમાંથી બહેનો સાથે મળીને બસો કરીને અહીંયા આવતી હતી, એટલે અહીંયા વધારે માણસો ભેગા ન થાય એટલે એના ઉપર બાન મૂકી દીધો છે અને મોટી સંખ્યામાં લોકશાહીના મંદિરમાં આપણી જે કામગીરી જોવા માટે, સરકારની કામગીરી જોવા, વિધાનસભાની કામગીરી જોવા માટે આવતા હતા એ પણ બંધ કરી દીધેલ છે એને રોકી દીધેલ છે. એટલે આપણે જોઇ શકીએ છીએ કે બહું જ ઓછી સંખ્યામાં મુલાકાતીઓ આવે છે એટલે આ વિધાનસભાની કામગીરી છે એ પૂર્ણ કરવી બજેટ સત્ર માટે જરૂરી છે એટલે અમે આ સત્ર ચાલુ રાખવાના છીએ, બજેટ પૂર્ણ કરવા ઇચ્છીએ છીએ. બધા છૂટાછવાયા હોય, આવતા જતાં હોય એટલે કોઇપણ જાતની

બીજી પરિસ્થિતિ ઉપસ્થિત થતી નથી. અહીંયા પત્રકાર મિત્રો આવે છે, અધિકારીઓ આવે છે અને મોટા ભાગની કામગીરી પણ પૂર્ણ થઇ ગઇ છે. અત્યારે વિભાગવાર ચર્ચાઓ બાકી છે એ ચાલે છે. જે બહારથી વિધાનસભા જોવા ઘસારો થતો હતો એ બંધ કરેલ છે તેથી અમારો અભિપ્રાય છે અને નિર્ણય છે કે વિધાનસભાનું સત્ર યથાવત ચાલુ રાખીશું.

**શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ જે વૈશ્વિક મહામારીને લઇને આ ગૃહ સમક્ષ દરખાસ્ત લઇને આવ્યા છે. આજે વિરોધપક્ષના નેતા તરીકે મેં આપની કચેરીમાં અને માનનીય મુખ્યમંત્રી સાહેબને પણ પત્ર લખીને અમારી માગણી રજૂ કરી છે.

તાજેતરમાં સમગ્ર વિશ્વમાં નોવેલ કોરોના વાઇરસ કોવીડ-૧૯ ફેલાયેલો છે. વિશ્વ આરોગ્ય સંસ્થા ડબલ્યુ. એચ.ઓ. એ પણ નોવેલ કોરોના વાઇરસને મહામારી જાહેર કરી છે. આ વાઇરસ તીવ્રતાથી વિશ્વના ૧૪૬ જેટલા દેશોમાં ફેલાયેલો છે. નોવેલ કોરોના વાઇરસ દિવસેને દિવસે ખતરનાક અને જીવલેણ સાબિત થઇ રહ્યો છે. ભારતમાં પણ ૧૦૫ જેટલા કેસો નોંધાયેલા છે અને મૃત્યુના બનાવો પણ વધવાની શકયતા છે. વાઇરસ અંગે વિશ્વ આરોગ્ય સંસ્થા અને ભારત સરકારે એડવાઇઝરી જાહેર કરી છે. ડબલ્યુ.એચ.ઓ.એ સમગ્ર વિશ્વને માર્ગદર્શિકા પૂરી પાડી છે તથા ભારત સરકારે પણ આ કોરોના વાઇરસથી બચવા માટે થઇને સમગ્ર દેશમાં માર્ગદર્શિકા બહાર પાડી છે અને એ જ પગલે ગુજરાત રાજયમાં પણ આ વાઇરસ ફેલાવાનો ભય રહેલો છે. એનાથી બચવા માટે મુખ્ય સચિવશ્રીએ ગુજરાત રાજ્ય દ્વારા ગઇ કાલે તા.૧૫-૨-૨૦૨૦ના રોજ રાજ્યમાં આવેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓ, શાળા-કોલેજો, ટ્યૂશન કલાસીસ, આંગણવાડીઓ, તમામ સ્વિમિંગ પુલો, સિનેમા હોલ સહિત જ્યાં વધુ લોકો ભેગા થાય છે એવા તમામ સ્થળો, એવા તમામ કાર્યક્રમોને સ્થગિત કરીને તકેદારીના પગલાંરૂપે નિર્ણય કરી અને એવા આદેશો પ્રસિદ્ધ કર્યા છે. ગુજરાત સરકારે જે આદેશ પ્રસિદ્ધ કર્યો એ મુજબ તા.૨૯-૩-૨૦૨૦ સુધી સમગ્ર ગુજરાતની અંદર કોરોનાથી બચવા માટે તકેદારીના પગલાં સ્વરૂપ જાહેર કાર્યક્રમો બંધ થાય છે. બીજી બાજુ, આ લોકશાહીનું મંદિર એવી ગુજરાતની વિધાનસભા, માનનીય અધ્યક્ષશ્રી, હું સમગ્ર ગૃહવતી આપને પણ અભિનંદન આપું છું કે, તકેદારીના પગલાં સ્વરૂપ જે બહારથી બહેનો આવતા હતા, બાળકો આવતા હતા, મોટા પ્રમાણમાં લોકો આવતા હતા, એને રોકવાનો આ ગૃહ દ્વારા આપના મારફતે નિર્ણય થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કોરોના વાયરસથી ટપોટપ લોકો મરી રહ્યા છે અને એટલે દેશની અંદર એ મહારાષ્ટ્રની સરકાર હોય, આપની ચેરથી મહારાષ્ટ્રમાં પણ વિધાનસભાનું બજેટ સત્ર ચાલુ હતુ અને એ સત્ર મોકુફ રાખવાનો નિર્ણય થયો, એવું ગઇ કાલે મને જાણવા મળ્યું છે. આંધ્રપ્રદેશમાં, તામિલનાડુમાં અને મધ્યપ્રદેશમાં પણ ચાલુ સત્ર મોકુફ રાખવા માટે ગંભીરપણે વિચારણા થઇ રહી છે. મારી આપને વિનંતી છે કે, સમગ્ર વિશ્વ આરોગ્ય સંસ્થા, ભારત સરકારની એડવાઇઝરી, ગુજરાત સરકારે પારિત કરેલા આદેશો મુજબ આ પણ જાહેર સ્થળ છે. આજે કોરોનાથી આપણે વિશ્વને, ગુજરાતને તકેદારી લેવાનો સંદેશો પાઠવીએ છીએ અને બીજી તરફ આ ગૃહ જો કામકાજ ચાલુ રાખશે તો, અત્યારે પણ જુઓ છો કે, આ પાંખી હાજરીની વચ્ચે પણ એક બંધ હોલ છે, ટાઢું વાતાવરણ છે અને એમાંય આ ગૃહમંત્રીશ્રી દ્વારા ક્યાંક તિખારો મૂકીને ગરમી પકડાવવામાં આવે, એટલે કોરોના કેટલાયને ભરખી જાય એવી શંકા છે. એટલે મારી વિનંતી છે કે, શ્રી શૈલેષભાઇએ જે દરખાસ્ત આપને કરી છે, મેં આપને અને ગૃહના નેતાને પણ લેખિત સ્વરૂપે વિનંતી કરી છે. આપણું બજેટ સત્ર ભૂતકાળમાં જ્યારે ચૂંટણીઓ હોય ત્યારે આપણે લેખાનુદાન પણ લેતા હોઇએ છીએ. એટલે મારી આપને વિનંતી છે કે, શ્રી શૈલેષભાઇએ ગૃહની સમક્ષ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ બિલકુલ વાજબી છે અને આપની કક્ષાએથી, રાજ્ય સરકારે પ્રસિદ્ધ કરેલા ઠરાવ મુજબ ૨૯મી માર્ચ, સુધી વિભાનસભાનું ચાલુ બજેટ સત્ર મોકુફ રાખવામાં આવે એવી અમે આગ્રહભરી વિનંતી કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી :** માનનીય વિક્રમભાઇ, કાંઇ તમારે કહેવું છે? જે કાંઇ કહેવું હોય એ એક મિનિટમાં કહી દો.

**શ્રી વિક્રમભાઇ અ. માડમ** : માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી ચર્ચાઓ થઇ એમાં નહીં પડું પણ એક તો વાસ્તવિકતા છે કે, ચાળીસ બાળકો જો ભણતા હોય એને આપણે મુલતવી રાખતા હોઇએ, આપણે મલ્ટિપ્લેક્સ મુલતવી રાખતા હોઇએ તો અહીંયા હજારો લોકો, ભલે આપે મનાઇ રાખી છે, પ્રેક્ષક દિર્ઘામાં લોકો આવતા નથી, છતાં પણ હજારો લોકો અહીંયા એકત્રિત થાય છે. માનવ જિંદગી બજેટ કરતાં કિંમતી છે. અને ધારાસભ્યોની જિંદગી, હું એમ નથી કહેતો કે, સામાન્ય માણસની જિંદગી અને ધારાસભ્યોની જિંદગી વધારે કિંમતી હોય, પણ જે કોરોનાની પરિસ્થિતિ છે એમાં પોલિટીકલી વાત નથી.

**અધ્યક્ષશ્રી** : આવી ગઇ વાત, ચાલો. આપની રિક્વેસ્ટ આવી ગઇ. માનનીય મંત્રીશ્રી. પ્લીઝ, શું હતું? હવે હું કોઇને આગળ નહીં કહેવા દઉં, ઘણી બધી વાત આવી ગઇ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ડેપ્યુટી સી.એમ. સાહેબે, આખી બહું વિસ્તૃત વાત કરી છે કે, મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં રવિવારના દિવસે મિટિંગ લઇ અને સાડા છ કરોડ ગુજરાતીઓના સ્વાસ્થ અંગે ચિંતા કરી છે અને એમેણે ટેકનિકલી, સાયન્ટિફિકલી, મેડિકલી સમગ્ર રીતે એનો અભ્યાસ કરીને એની ગાઇડ લાઇન જેમ કે, મળવું તો નમસ્તે કરવા, દૂરથી વાત કરવી, અંતર રાખવું આ બધું કર્યું છે. વિધાનસભાની પણ અનેક બાબતોથી આપણે નવા મુલાકાતીઓ બંધ કર્યા છે. પણ સાથી ધારાસભ્ય છો એટલે શ્રી શૈલેષભાઇ, શ્રી પરેશભાઇના ધ્યાને એક-બે વાત મૂકવી છે. જે તમે આ બધાને જયપુર લઇને જાવ છો. આ જયપુરની અંદર આ વધારે છે અને તમે જે શિવાલીક રિસોર્ટમાં ઉતાર્યા છે, બીજાને આજે તમે લઇ જવાના છો, ત્યાં જે વાતો કરવાની છે એ તમે નજીક બેસીને કરશો. મધ્યપ્રદેશના ધારાસભ્યોને લઇ ગયા

એમાંથી બે ધારાસભ્યોને આ પ્રમાણેનો તાવ અને એ બધું શરૂ થઇ ગયું. એટલે તમે તમારી તબિયત સાચવીને, એટલીસ્ટ મારો કહેવાનો આશય..

અધ્યક્ષશ્રી : ગુજરાતમાં વધુ સેફ છે એવું કહેવા માગો છોને?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ગૃહ મંત્રી તરીકે મારો કહેવાનો આશય એ છે કે તમારા ધારાસભ્યો અહીંયા રહેશે તેની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી હું આપું છું. *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, હવે શું છે? આવી ગયું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરવા ઉભો થયો છું. માનનીય ગૃહ મંત્રીશ્રીએ ખૂબ લાગણીપૂર્વક રજૂઆત કરી છે. એક બાજુ કોરોના, *(xxx) જાવું તો જાવું ક્યાં?

અધ્યક્ષશ્રી : જાયે તો જાયે કહાં?..

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રીએ ખૂબ સારી વાત કરી. કોરોનાનો કહેર..

અધ્યક્ષશ્રી : તમે કશે ન જાવ તો ચાલે. મારે ત્યાં આવો તો ચાલે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) માટે નમસ્તે એક માત્ર વિકલ્પ હવે બચ્યો છે. હાથ મેળવવાથી કોરોના થાય, *(xxx) કરવું તો કરવું શું? માનનીય પ્રદિપસિંહે વાત કરી. *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોરોનાની વાતમાંથી ક્યાં?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)(અંતરાય)

અધ્યક્ષશ્રી : મારા પડોશી જબરા છે એમ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપ પડોશી છો. રજાના દિવસો હતા અને *(xxx)

અધ્યક્ષશ્રી : મને કોઇ મજબૂર કરી શકે નહીં. મારે ફરજ ચોક્કસ અદા કરવી પડે. આપ પડોશમાં હતા, આપે આવવું જોઇતું હતું.

શ્રી પરેશ ધાનાણી : *(xxx) અને બીજી બાજુ..

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખવામાં આવે છે અને હું એનું ખોટું એટલે નથી લગાડતો કે મારા પડોશી છે.

શ્રી પરેશ ધાનાણી : *(xxx) પણ કોરોના એ વૈશ્વિક મહામારી છે ત્યારે..

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, આવી ગયું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજકીય ઓબ્ઝર્વેશનમાં નહોતું પડવું. અમે માત્ર કોરોનાની ચિંતા લઇને આવ્યા હતા. *(xxx) ડરતાં નથી.

અધ્યક્ષશ્રી : આપની બધી વાત આવી ગઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, લડવાના છીએ. લડનારા લોકો હારે કે જીતે, હારશું પણ મરશું ત્યાં સુધી લોકશાહીને બચાવવા માટે લડવાના. એટલે આ ગૃહમાં લડવા માટે પણ જીવતું રહેવું જરૂરી છે..

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, પ્લીઝ. આવી ગયું. આવી ગયું. બેસી જાવ.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા તરીકે આ વિષયમાં વાત કરવા ઉભો થયો છું. કોરોના અંગેની ચિંતા કરીને રાજ્ય સરકારે ગઇ કાલે વિસ્તૃત રીતે ઘણા નિર્ણયો કર્યા છે. સદનસીબે હજી સુધી ઝીરો પોઝીટીવ કેસ આપણે ત્યાં છે. આપણે આ નિર્ણય એટલા માટે કર્યો, જે શ્રી નીતિનભાઇએ કહ્યું કે કોરોના જે રીતે સમગ્ર દુનિયામાં ચાલી રહ્યો છે, તો વધે નહીં, ખાસ લાગણીથી બાળકોની ચિંતા કરી છે. એક સ્કૂલમાં ક્લાસમાં ખાલી ૪૦ બાળક નહીં, આખી સ્કૂલ ૫૦૦–૧૦૦૦ બાળકોની હોય ત્યારે આપણે માત્ર ગરમીની રાહ જોઇએ છીએ કે જો ૩૦ ડીગ્રીથી વધુ ગરમી થશે એટલે આ વિષય પતી જવાનો છે. બીજું, સાહેબ, બજેટ સત્ર મૂવ થઇ ગયું છે એટલે લેખાનુદાન ના થઇ શકે. આ બજેટ રજૂ થઇ ગયું છે. ચર્ચાઓ થઇ ગઇ છે, ઘણી માગણીઓની ચર્ચા અને એની ઉપર મતદાન પણ થઇ ગયું છે એટલે આપણે એમાં આગળ જઇ રહ્યા છીએ પરંતુ પ્રજાના પ્રતિનિધિ તરીકે મારે એ કહેવું છે કે આપણે ૧૮૦ ધારાસભ્યો હતા, હવે ૧૭૫ થયા, આપણે આપણી જાતને પણ હોમીને પ્રજાના પ્રશ્નો માટે આપણે અહીંયા બેસીને પ્રજાની ચિંતા કરવાની છે. આપણે જો ડરીને ભાગીશું તો પ્રજાનું શું થશે? એટલા માટે અમે એમ માનીએ છીએ કે આપણે બધા પ્રજાના પ્રતિનિધિ છીએ, આપણે ડરવાની જરૂર પણ નથી, પ્રજાની રક્ષા કરવાની છે અને એટલા માટે વિધાનસભાના સત્રને બંધ કરી અને આપણે જાણે આપણી જાતને, આપણા જીવને વહાલો ગણીને આપણે જો ભાગશું તો ગુજરાતમાં, પ્રજામાં આપણા માટે ખોટો મેસેજ જશે એટલે હું માનુ છું કે આ દરખાસ્ત વ્યવહારું નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે રાજકીય ઉલ્લેખ કરું છું કે કોરોના તો ચાઇનામાં શરું થયું, આખા દેશમાં મહીના દિવસથી તો ચર્ચા ચાલે છે. *(xxx) મારું માનવું છે કે પ્રમાણિકતાપૂર્વક કોરોનાની વાત છોડો. ભૂતકાળમાં જયારે બનાસકાંઠામાં પૂર આવ્યું હતું ત્યારે પણ તમે લોકો બેંગલોરમાં હતા અને પ્રજા બીજાના ભરોસે હતી. આજે કોરોનામાં અમારે ભરોસે પ્રજા રહેશે, અમે કરીશું અને તમારે રહેવું હોય તો રહો, જયપુર જવું હોય તો જાવ તમારી ઇચ્છા છે, બાકી કોરોનાથી આપણે ડરીશું તો બાકીની પ્રજા શું કરશે? માટે સત્ર ચાલુ રાખવું જોઇએ અને આપણે આપણું કામ પૂરું કરવું જોઇએ.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાક્યો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦

અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

**અધ્યક્ષશ્રી** : અંતરાય.. હવે કોઇ જવાબ નથી.. પ્લીઝ, પ્લીઝ.. આમાં કશું જ નહીં, માનનીય નીતિનભાઇ સાહેબ, આપ પણ બોલશો નહીં..અંતરાય.. પ્લીઝ બેસી જાવ. હવે રાજકીય ઓબ્ઝર્વેશન પણ થઇ ગયા અને કોરોનાની ચિંતા પણ બન્ને પક્ષે કરી છે, આપ બેસી જાવ, પ્લીઝ.. હું આપને વિનંતી કરું છું. વિધાનસભા ગૃહમાં અગાઉ પણ માનનીય નીતિનભાઇ, નાયબ મુખ્યમંત્રીશ્રી મને મળવા આવ્યા હતા, મને વાત પણ કરેલી કે આ કોરોનાના સંદર્ભમાં રાજય સરકારે જે ચિંતા કરી છે એની ચર્ચા કરવા માટે તમે મને સમય આપજો, મને પૂછ્યું હતું પણ મેં એમને ના પાડી હતી કે અત્યારે એની કોઇ જરૂરિયાત દેખાતી નથી. સરકારી દ્રષ્ટિએ જે કંઇ કરવા જેવું છે એ આપણે કરીએ, ગૃહની જયાં સુધી વાત છે ત્યાં સુધી મેં સૂચના આપી છે, આપણું આ વિધાનસભા ગૃહ રોજે રોજ સેનેટાઇઝ થાય, પત્રકાર ગેલેરી, અધિકારી ગેલેરીથી માંડીને તમામ સ્થળોએ બહાર સેનેટાઇઝર રાખવામાં આવ્યા છે. એનો આપણે ઉપયોગ રોજે રોજ કરીશું. જેટલી વખત અંદર આવીએ, જમવા જઇએ, નાસ્તો કરવા જઇએ, સેનેટાઇઝ હાથ કરીએ, મારા અધિકારીઓને પણ એ અંગે સૂચના આપેલી છે. એકલ–દોકલ જે લોકો વિધાનસભાગૃહ જોવા આવે છે એમને આપણે એલાઉ કરીએ છીએ, જથ્થામાં આપણે બંધ કર્યું છે. બસ ભરીને આવતા લોકોને આપણે એલાઉ કરતા નથી. સ્કૂલોમાં તો આમેય બંધ થયું છે. છતાંય કોઇ સ્કૂલ બસ આવશે તો અમે એને પ્રવેશવા દેવાના નથી. જેમ વિપક્ષે ચિંતા કરી છે એમ સરકારે પણ આ બાબતમાં ખૂબ ચિંતા કરી છે. આપણે જાણીએ છીએ કે બજેટ સત્ર જયારે ચાલુ થઇ ગયું છે અને બજેટના કામનું કેલેન્ડર નક્કી છે. એનો ઉપાય એક જ છે કે તમે કાલે કામકાજ સલાહકાર સમિતિ બોલાવો, કામકાજ સલાહકાર સમિતિ નક્કી કરે કે આપણે ચર્ચા નથી કરવી અને એક જ દિવસમાં બજેટ મંજૂર તો આ થઇ શકે, પણ તેમ છતાંય હું સમજું છું કે આપણે લોકશાહીના મંદિરમાં બેઠા છીએ. અહીંથી જ મેસેજ જતો હોય છે. કોરોનાથી એવું ડરવાને પણ કારણ નથી, ઘણા બધા રોગ એવા છે, માનનીય મંત્રીશ્રી ફળદુજીએ પણ વાત કરી કે હેલમેટ નહીં પહેરવાને કારણે એકસિડન્ટ થવાથી પણ ઘણા બધા લોકો ગુજરી જાય છે. એની ચિંતા કરો. કોરોના કરતા વધુ ચિંતાની વાત છે એટલે કોરોના અંગે જે કંઇ સાવચેતી લેવાની હશે એ સરકાર કરશે, આપે વિપક્ષ તરીકે જે ધ્યાન દોર્યું છે એ પણ ઉત્તમ છે, એમાં રાજકીય અવલોકનો પણ થઇ ગયા, એને બાદ કરીએ તો આપની ચિંતા વ્યાજબી છે. સરકારે આ ચિંતા કરી છે. આપણે આ બધું જાણ્યું છે, સ્ટુઅર્ડથી માંડીને બે ગેટ છે એમાં એન્ટર થતા કોઇપણ વ્યકિતને સેનેટાઇઝ હાથ કરીને એમને આવવા દઇશું, એની મેં સૂચના આપી છે અને છતાં એવું લાગે કે કોઇ સાજું–માંદું માણસ છે તો એને એવોઇડ કરાવીશું, એને રોકશું અને ગૃહનું કામકાજ આગળ ચાલુ કરીએ.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે કહ્યું એ પ્રમાણે અમે બસ સ્ટેશનો ઉપર, જાહેર શૌચાલયમાં જયાં વધુ અવરજવર થતી હોય ત્યાં સરકાર, કોર્પોરેશન, નગરપાલિકા પોતે સાબુ મૂકશે કારણ કે લોકો ટોઇલેટ જાય પણ સાબુ ના હોય તો એવા હાથે પાછા આવે તો આટલા સુધી અમે કાળજી રાખવાનો પ્રયત્ન કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : બધું આવી ગયું. મારા નિર્ણય પછી શું છે?

**શ્રી પરેશ ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના નિર્ણયનો આદર કરું છું.

**અધ્યક્ષશ્રી** : આ એટલા માટે કે આમાં આપણા બધાનું હિત સમાયેલું છે.

**શ્રી પરેશ ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભામાં આપે કામકાજ સલાહકાર સમિતિની વાત કરી છે. આ ગૃહ સર્વોપરી છે. પક્ષ અને વિપક્ષ અહીંયા બેઠા છે. ભૂતકાળમાં ગૃહ એનું સાક્ષી છે કે હિન્દુસ્તાનનું અત્યાર સુધીનું સૌથી લાંબુ સેશન ચાલ્યું હતું ત્યારે એક જવાબદાર વિપક્ષ તરીકે અમે આ ફ્લોરમાં બેઠા છીએ. આજે પણ અમારી વિનંતી છે. *(xxx) (અંતરાય) મારી વિનંતી છે. આપે કહ્યું એ પ્રમાણે કામકાજ સલાહકાર સમિતિમાં આ અંગે નિર્ણય કરીએ. આ ગૃહના નેતા બેઠા છે. હું વિનંતી કરું કે બજેટ તો સરકારની બહુમતિ હોય છે. આ સભાગૃહમાં રાજ્યપાલનું પ્રવચન, બજેટ ઉપર ચાર દિવસ ખુલ્લી ચર્ચાઓ અને વિભાગવાર માગણીઓ, હા, કે ના માં આ સરકારની બહુમતિ રહેવાની છે. પણ વિરોધપક્ષ તરીકે સરકારની કોઇ નીતિઓ અંગે સમીક્ષાની જરૂર હોય, કોઇ કાર્યક્રમમાં ક્ષતિ હોય તો ખુલ્લા મને ચર્ચા કરવા અમે તૈયાર છીએ. ભવિષ્યમાં બાકી રહેલું કામ હાથ ઉપર લેવાનું થશે તો રાત્રે ઉજાગરા કરીને કરવા તૈયાર છીએ. પણ આ ગુજરાત સરકાર પોતે પરિપત્ર કરીને ૨૯મી માર્ચ સુધી સમગ્ર ગુજરાતમાં બધી જ શાળા, કોલેજો, જાહેર સ્થળો, તમામ કાર્યક્રમો બંધ રાખતી હોય. દાંડીયાત્રા એ રાષ્ટ્રીય કાર્યક્રમ હતો. એક જવાબદાર રાજકીય પાર્ટી તરીકે બધી તૈયારી પછી મોકૂફ રાખ્યો છે. પ્રધાનમંત્રીશ્રીના કાર્યક્રમો મોકૂફ રાખ્યા છે. આપના મારફત વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપની વિનંતી આવી ગઇ. બધું આવી ગયું. (અંતરાય) વિપક્ષને રક્ષણ આપું છું એવું તો દેખાવા દો.

**શ્રી પરેશ ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં અમે કોઇ રાજકીય વાત કરવા માગતા નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી પરેશભાઇ, બધું આવી ગયું. આમાં કોઇ રાજકીય વાત જ નથી.

**શ્રી પરેશ ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) સરકારના નિર્ણયના વિરોધમાં અમે આજના દિવસ પૂરતો આ સભાગૃહનો ત્યાગ કરીએ છીએ.

**(આ તબક્કે હાજર વિપક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)**

---

* આ શબ્દો અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૧ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**માગણી ક્રમાંક– ૧૨**

**શ્રી સૌરભ પટેલ (ઊર્જા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૩,૮૪,૦૦,૦૦૦ /– ની માગણી ક્રમાંક– ૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૧૨ રજૂ કરવામાં આવી.**

**(કાપ દરખાસ્ત આપનાર માનનીય સભ્યશ્રીઓ હાજર ન હોઇ, કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી)**

**માગણી ક્રમાંકઃ ૧૩.**

**શ્રી સૌરભ પટેલ(ઊર્જા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓ સેવાને લગતી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯૧,૬૨,૮૬,૮૨,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩૧,૧૭,૮૫,૦૯,૦૦૦/–ની માગણી ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.**

**(કાપ દરખાસ્ત આપનાર માનનીય સભ્યશ્રીઓ હાજર ન હોઇ, કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી)**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૪૯.**

**શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગો સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૭,૫૯,૦૪,૦૬,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂ. ૮,૮૩,૧૫,૬૮,૦૦૦/–ની માગણી ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૪૯ રજૂ કરવામાં આવી.**

**(કાપ દરખાસ્ત આપનાર માનનીય સભ્યશ્રીઓ હાજર ન હોઇ, કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી)**

**માગણી ક્રમાંકઃ ૫૦.**

**શ્રી સૌરભ પટેલ(ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનીજ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૪૯,૬૯,૭૨,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૭,૮૧,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૫૦ રજૂ કરવામાં આવી.**

**(કાપ દરખાસ્ત આપનાર માનનીય સભ્યશ્રીઓ હાજર ન હોઇ, કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી)**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૭૫.**

**શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ અને સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭૦,૯૦,૮૫,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૦,૦૧,૦૨,૦૦૦/–ની માગણી ક્રમાંક-૭૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૭૫ રજૂ કરવામાં આવી.**

**(કાપ દરખાસ્ત આપનાર માનનીય સભ્યશ્રીઓ હાજર ન હોઇ, કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી)**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ**<br>**માગણી નં.૧૨** | |
| *૧ | ૨૦૪૫– ચીજવસ્તુઓ...શુલ્ક<br>૧૦૩–વસૂલાત...શુલ્ક<br>રૂ.૨૩,૮૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | ઉદ્યોગો અને ખાનગી સંસ્થાઓને રાહત આપવાને કારણે ઘરવપરાશના વીજ ગ્રાહકો ઉપર પડતો આર્થિક બોજો ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી |
| *૨ | _ _ " _ _ | ૧૦૦ | વીજ પાવર પ્લાન્ટ બંધ હોવા છતાં પણ વીજ ગ્રાહકો પાસેથી લેવાતો ચાર્જ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| *૩ | _ _ " _ _ | ૧૦૦ | નાના ઉદ્યોગો અને સંસ્થાઓને વીજ શુલ્કમાં અપાતી રાહત અંગેની વિગત દર છ માસે જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ (ચિરાગભાઇ કાલરીયા) |
| *૪ | _ _ " _ _ | ૧૦૦ | ફ્યુઅલ સરચાર્જના નામે વારંવાર થતો વીજ વધારો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ (પ્રદ્યુમનસિંહ જાડેજા) |
| *૫ | _ _ " _ _ | ૧૦૦ | તમામ સરકારી અને ખાનગી વીજ કંપનીઓનું ઓડીટ કેગ(CAG) દ્વારા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઇ રાઠવા (સંતોકબેન આરેઠીયા) |
| *૬ | _ _ " _ _ | ૧૦૦ | વિજળીના ખરેખર વપરાશ પર ઈલેક્ટ્રીક ડ્યુટી લેવાને બદલે તમામ સરચાર્જ ચઢાવ્યા બાદ કુલ રકમ ઉપર થતી વસૂલાત અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત (જશપાલસિંહ પઢિયાર) |
| *૭ | _ _ " _ _ | ૧૦૦ | ફ્યુઅલ પ્રાઇઝ અને પાવર પરચેઝ એગ્રીમેન્ટ હેઠળ સૌથી વધુ રકમ ગુજરાતની પ્રજા ચૂકવી રહી છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી. જે. ચાવડા (ભીખાભાઇ જોષી) |
| *૮ | _ _ " _ _ | ૧૦૦ | વીજ કંપની સામેની ફરિયાદોમાં અરજદારોને ન્યાય આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| *૯ | ૨૦૪૫– ચીજવસ્તુઓ...શુલ્ક<br>૧૦૩–વસૂલાત...શુલ્ક<br>રૂ.૨૩,૮૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | ઇલેક્ટ્રીકસીટી કંપનીઓમાં નવું લોડ કનેક્શન વધારવા થતી રજૂઆતો અંગે વીજ કોન્ટ્રાક્ટરો ચકાસણી વગર જ નાણા વસૂલે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| | | **માગણી નં.૧૩** | | |
| *૧૦ | ૨૮૦૧– વીજળી શક્તિ<br>૮૦–સામાન્ય<br>૧૦૧–વિદ્યુત...સહાય<br>રૂ. ૧૮,૬૮,૦૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫,પાના નં.૯ થી ૧૧ | ૧૦૦ | ચોમાસામાં વીજ કરંટ લાગવાના વધતા જતા બનાવો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનલાલ વાળા (સોમાભાઇ કોળીપટેલ) |
| *૧૧ | _ _ " _ _ | ૧૦૦ | શોટ સર્કિટના કારણે બનતી આગની ઘટનાઓ નિવારવા માટે વીજ વાયરો અને વીજ લોડની નિયમિતપણે ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડિયા |
| *૧૨ | _ _ " _ _ | ૧૦૦ | વિદ્યુત બોર્ડને ચુકવાતી સહાયમાંથી થતા ખરેખર ખર્ચની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા (અંબરીષભાઇ ડેર) |
| *૧૩ | _ _ " _ _ | ૧૦૦ | વારંવાર બળી જતા વીજ ટ્રાન્સફોર્મરોની જગ્યાએ નવા વીજ ટ્રાન્સફોર્મરો સત્વરે બદલવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નથાભાઇ પટેલ (ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| *૧૪ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વારંવાર લાંબા સમય સુધી ખોરવાતો વીજ પુરવઠો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઇ વંશ |
| *૧૫ | _ _ " _ _ | ૧૦૦ | વીજ ચોરી ચેકીંગમાં મોટી સંખ્યામાં કર્મચારીઓને મોકલવા છતાં વીજ ફોલ્ટ વખતે સમયસર રીપેરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| *૧૬ | _ _ " _ _ | ૧૦૦ | વિદ્યુત બોર્ડના પાવર હાઉસ દ્વારા ખાનગી વીજ કંપનીઓ | ડૉ. અનિલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પાસેથી ઉંચા દરે વીજ ખરીદી રોકવામાં તંત્રની નિષ્ફળતા। | જોષિયારા |
| *૧૭ | _ _ " _ _ | ૧૦૦ | વિદ્યુત બોર્ડ દ્વારા ખેડૂતોના વીજ કનેક્શનના એસ્ટીમેટની રકમો ભરાયા પછી લાંબા સમય સુધી વીજ કનેક્શનો ચાલુ કરવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી ભરતજી ઠાકોર |
| *૧૮ | _ _ " _ _ | ૧૦૦ | વિદ્યુત બોર્ડની બેદરકારીથી નિર્દોષ પશુઓ અને માનવીઓના થતા મોત નિવારવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૧૯ | _ _ " _ _ | ૧૦૦ | તમામ મોટા શહેરોમાં અન્ડર ગ્રાઉન્ડ વીજ વાયરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી ચંદનજી ઠાકોર |
| *૨૦ | _ _ " _ _ | ૧૦૦ | વીજ બોર્ડના અધિકારીઓ દ્વારા ધારાસભ્યોની રજૂઆતો ધ્યાને લેવડાવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી નિરંજન પટેલ |
| *૨૧ | ૨૮૦૨– પેટ્રોલિયમ<br>૮૦– સામાન્ય<br>૧૯૦– જાહેર...સહાય<br>રૂ. ૫,૩૩,૫૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫, પાના નં. ૧૬ | ૧૦૦ | ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કંપની દ્વારા કરોડો રૂપિયાનું રોકાણ કર્યા પછી પણ તેનુ યોગ્ય વળતર મેળવવામાં અને નુકશાન થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી રઘુભાઇ દેસાઇ |
| *૨૨ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશનને સહાય આપવા છતાં તેનો હિસ્સો વેંચાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી ભગાભાઇ બારડ |
| *૨૩ | _ _ " _ _ | ૧૦૦ | જી.એસ.પી.સી.ને ઓ.એન.જી.સી.માં મર્જ કરવાની પ્રવૃત્તિ રોકવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી કનુભાઇ બારૈયા (રાજેન્દ્રસિંહ પરમાર) |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં.૪૯** | | |
| *૨૪ | ૨૮૫૧–ગ્રામ...ઉદ્યોગો<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨૪,૧૬,૯૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૨૯ થી ૩૧ | ૧૦૦ | ગ્રામોદ્યોગને પૂરતું પ્રોત્સાહન આપવામાં તંત્રની ઉદાસીનતા। | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | વાયબ્રન્ટ સમીટમાં કાર્યરત થયેલ અને કાર્યરત નહી થયેલ ઉદ્યોગોની વિગત જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા। | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| *૨૬ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં બંધ પડેલા કુટીર ઉદ્યોગોને ચાલુ કરાવવામાં તંત્રની ઉદાસીનતા। | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| *૨૭ | _ _ " _ _ | ૧૦૦ | લઘુ ઉદ્યોગોને કાચોમાલ નજીકથી સરળતાથી મળી રહે તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા। | ગેનીબેન ઠાકોર |
| *૨૮ | _ _ " _ _ | ૧૦૦ | જીલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં આવતી અરજીઓની સત્વરે ચકાસણી કરી મંજૂર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી અક્ષયકુમાર પટેલ |
| *૨૯ | _ _ " _ _ | ૧૦૦ | સુરતમાં કારીગર વર્ગને કાયમી ધોરણે વેચાણ માટે વ્યવસ્થા પુરી પાડવા શહેરી હાટની યોજનામાં ખર્ચ પ્રમાણપત્રના અભાવે કેન્દ્ર સરકારે આપેલ રકમ અને વ્યાજ પાછા મેળવી લીધેલ છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી આનંદભાઇ ચૌધરી |
| *૩૦ | _ _ " _ _ | ૧૦૦ | જીલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં મંજૂર થયેલ અરજીઓને સમયસર બેંક લોન ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા। | શ્રી કાન્તિભાઇ પરમાર |
| *૩૧ | ૨૮૫૧–ગ્રામ...ઉદ્યોગો<br>૧૦૨–લઘુ ઉદ્યોગો<br>૧૫– IND-7 મીઠા...વિકાસ<br>રૂ. ૧૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩ | ૧૦૦ | મીઠા ઉદ્યોગને ભારે વરસાદ અને પૂરથી થયેલ નુકશાન અન્વયે ખાસ પેકેજ જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી લલીતભાઇ કગથરા |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૩૪ થી ૩૭ | | | |
| *૩૨ | ૨૮૫૧–ગ્રામ...ઉદ્યોગો<br>૧૦૨–લઘુ ઉદ્યોગો<br>૧૫– IND-7 મીઠા...વિકાસ<br>રૂ. ૧૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૩૪ થી ૩૭ | ૧૦૦ | મીઠા ઉદ્યોગોમાં કામ કરતા અગરીયાઓને જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીત વસોયા (ઋત્વિકભાઇ મકવાણા) |
| *૩૩ | _ _ " _ _ | ૧૦૦ | મીઠા ઉદ્યોગને જરૂરી પ્રોત્સાહન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાખાભાઇ ભરવાડ |
| *૩૪ | ૨૮૫૨–ઉદ્યોગો<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧– IND-2 ઉદ્યોગ...શાખા<br>રૂ. ૧૧,૪૯,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૪૯ અને ૫૦ | ૧૦૦ | રાજ્યમાં નવા ઉદ્યોગો સ્થાપવાની પ્રવૃત્તિને વેગ અપાય છે પરંતુ બંધ પડેલા ઉદ્યોગોને પુન: જીવીત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશુભાઇ પટેલ |
| *૩૫ | _ _ " _ _ | ૧૦૦ | જી.આઇ.ડી.સી. દ્વારા ફાઇલોનો સમયસર નિકાલ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| *૩૬ | _ _ " _ _ | ૧૦૦ | ઔદ્યોગિક એકમોને સહાય આપવા છતા સરકારને ખોટ કરાવે છે તેની આમજનતા ઉપર પડતી અસર નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| *૩૭ | _ _ " _ _ | ૧૦૦ | વાયબ્રન્ટ સમીટમાં થતા ખોટા ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| *૩૮ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યના દરેક જીલ્લાઓને ઔદ્યોગિક સ્વરોજગાર મળે તે માટે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શીવાભાઇ ભુરીયા |
| *૩૯ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં નાના મોટા કેટલા ઉદ્યોગો બંધ છે તેની વિગત પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાળાભાઇ ડાભી |
| *૪૦ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં છેલ્લા પંદર વર્ષમાં સ્થપાયેલ ઉદ્યોગોને અપાયેલ લાભથી રાજ્યની આવકમાં થયેલ વધારા અંગેનું આર્થિક ચિત્ર રજૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| *૪૧ | | ૧૦૦ | રાજ્યના પછાત જીલ્લા–તાલુકાઓમાં ઔદ્યોગિક વિકાસ થાય તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| *૪૨ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યના તમામ તાલુકાઓમાં નવી જી.આઇ.ડી.સી. ઉભી કરી સ્થાનિકોને રોજગારી આપી સ્થળાંતર અટકે તેવુ આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇમરાન ખેડાવાલા |
| | | **માગણી નં.૫૦** | | |
| *૪૩ | ૨૮૫૩– બિનલોહ...ઉદ્યોગ<br>૦૨–ખાણોનું...વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ.૧,૩૫,૦૯,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૬૨ અને ૬૩ | ૧૦૦ | બેલા લાઇમસ્ટોન રેતીની વ્યાપક પ્રમાણમાં થતી ચોરીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઇ કટારા |
| *૪૪ | _ _ " _ _ | ૧૦૦ | દરિયા કિનારાના ૧૫ કી.મી. સુધીના વિસ્તારોમાં બેલા લાઇમસ્ટોન કાઢી નંખાય છે જેથી દરિયાનુ ખારૂ પાણી ગામડાઓમાં ઘુસી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |

| | | | | |
|---|---|---|---|---|
| *૪૫ | _ _ " _ _ | ૧૦૦ | જીલ્લા તંત્ર દ્વારા ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી કરતી સીમેન્ટ કંપનીઓ અને ખાનગી ઈસમો સામે તપાસ કરી, કેસો કરી, નોટીસ અપાય છે અને નોટીસ બાદ ગેરકાયદેસર પ્રવૃત્તિને કાયદેસરતા અપાય છે તે સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| *૪૬ | _ _ " _ _ | ૧૦૦ | ખનીજ ચોરી અંગેના દંડની લેણી નીકળતી રકમની વસૂલાત લાંબા સમય સુધી ન કરવાથી રાજ્યની આવકમાં મોટુ નુકશાન થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| *૪૭ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં વ્યાપક પ્રમાણમાં ખનીજ ચોરીઓ થાય છે છતાં વહીવટીતંત્ર દ્વારા અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| *૪૮ | _ _ " _ _ | ૧૦૦ | ખનીજ ચોરીના કેસોમાં સંડોવાયેલા વ્યક્તિઓને ઈરાદાપૂર્વક બચાવી લેવામાં આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| *૪૯ | _ _ " _ _ | ૧૦૦ | ખનીજ રેતીની ગેરકાયદેસર ચોરીઓમાં પકડાતા ઈસમોને ભારે દંડ તેમજ સજા થાય તેવા કાયદાકીય સુધારા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર |
| *૫૦ | _ _ " _ _ | ૧૦૦ | ખનીજ રોયલ્ટીની રકમો પંચાયતોને સમયસર ચૂકવાતી નથી તે માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| *૫૧ | _ _ " _ _ | ૧૦૦ | ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી તેમજ તેના તાબાની કચેરીઓ દ્વારા જ ખનીજ ચોરીને પ્રોત્સાહન અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| *૫૨ | _ _ " _ _ | ૧૦૦ | ખાણોમાં થતા ખોદકામનુ નિયમિત રોજકામ થતુ નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સુનિલભાઇ ગામીત |
| | | **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણી નં ૭૫** | | |
| *૫૩ | ૩૪૫૧–સચિવાલય...સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–બંદરો...વિભાગ<br>૩.૨,૬૧,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦,પાના નં. ૨૦ | ૧૦૦ | બંદરો વિસ્તારમાં જમીન ગોડાઉનના ભાડા પર થતી પેનલ્ટી રદ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| *૫૪ | _ _ " _ _ | ૧૦૦ | વારંવાર રજૂઆતો કરવા છતાં બંદરો ઉપર નવી જેટીઓ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |
| *૫૫ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત મેરી ટાઇમ બોર્ડમાં ઓપરેટર ફોર ફેરી સર્વિસિસ અંગેના ટેન્ડરની તારીખ અને શરતોમાં વારંવાર ફેરફાર કરીને ટેન્ડરની પ્રક્રિયામાં થતો વિલંબ નિવારવા તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| *૫૬ | _ _ " _ _ | ૧૦૦ | મેરીટાઇમ બોર્ડ દ્વારા રાજ્યની સ્થાનિક કંપનીઓને કામ આપવાને બદલે ટેન્ડરોના નામે જુદી જુદી શરતો નાંખી બહારની કંપનીઓને થતો ફાયદો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા |
| *૫૭ | _ _ " _ _ | ૧૦૦ | સુરક્ષા તેમજ પર્યાવરણ પર ખતરો હોવા છતાં મીઠી રોહરને ખાનગી બંદરનો દરજ્જો આપી મેરીટાઇમ બોર્ડે આહિર સોલ્ટને જેટી બાંધવાની આપેલ પરવાનગી સામે ઉચ્ચ કક્ષાએ તપાસ કરી યોગ્ય પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| *૫૮ | _ _ " _ _ | ૧૦૦ | સુરત, ભાવનગર બંદરો અને ખંભાતના અખાતના કામોમાં સ્થાનિક કંપનીઓને બદલે બીજા રાજ્યોની નહીવત અનુભવ ધરાવતી કંપનીઓને લાભ થાય તેવી | શ્રી અમિત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કાર્યવાહી રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૫૯ | _ _ " _ _ | ૧૦૦ | દહેજ–ઘોઘા રોરોફેરી સેવાનું સંચાલન કરતી કંપનીએ વહીવટી મંજૂરી લીધા વિના કામકાજ બંધ કરેલ છે તે અંગે યોગ્ય નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દૂધાત (શ્રી કીરીટકુમાર પટેલ) |
| *૬૦ | _ _ " _ _ | ૧૦૦ | બંદરો પર આવેલ જેટીમાં ભરાયેલ કાદવમાં સત્વરે ડ્રેજીંગ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સંજયભાઇ સોલંકી |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રીઃ હવે રજૂ થયેલ માગણીઓ ઉપર ચર્ચા કરવામાં આવશે.

**શ્રી જગદીશ વિશ્વકર્મા(નિકોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી નં. ૪૯ અને ૫૦ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય મંત્રીશ્રી દ્વારા ઉદ્યોગો માટે રૂપિયા ૭,૭૦૦/– કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. આમ તો છેલ્લા ઘણાં વર્ષોથી જોઇએ તો જે રીતે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે. તે વખતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને અત્યારના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નીતિનભાઇની સરકાર જે વિઝનથી અને દૂરંદેશીથી સરકાર ચલાવી રહ્યા છે એના માટે લાખ લાખ અભિનંદન પાઠવું છું. ભારતીય જનતા પાર્ટીની સરકાર લગભગ વર્ષ ૨૦૦૩થી વાયબ્રન્ટ સમિટનું જે આયોજન કરવામાં આવ્યું. વર્ષ ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૧માં પણ આ વાયબ્રન્ટ સમિટ યોજાશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, ઉદ્યોગોને જે રીતે ભારતીય જનતા પાર્ટીની સરકારે, શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇની સરકારે ઉદ્યોગોના સરળીકરણ માટે, વધારે ઉદ્યોગ સ્થપાય એના માટે અને બહારના જે રોકાણકારો આવે છે પણ ઇન્વેસ્ટરો ક્યારે આવે? જ્યારે ગુજરાતની અંદર શાંતિ, સલામતિ અને ઇન્ડસ્ટ્રીઝમાં સરળતા હોય તેના કારણે બહારથી ઇન્વેસ્ટરો આવી રહ્યા છે અને આનંદ એ વાતનો છે કે આપણને અલગ અલગ ક્લસ્ટરવાઇઝ બિઝનેશો પણ ખૂબ મોટા છે અને જે રીતે વાયબ્રન્ટ સમિટ યોજાય છે ત્યારબાદ પણ દર વર્ષે અલગ અલગ પ્રકારના એક્ઝિબિશનો થાય એના માટે ગુજરાત સરકારનો ખૂબ મોટો ફાળો છે. કારણ કે, એન્જિનિયરીંગ ઇન્ડસ્ટ્રીઝની અંદર જે રીતે ઓટોમેશન થઇ રહ્યાં છે. પહેલા એવું હતું કે, માત્ર બેંગ્લોર અને દિલ્હીમાં જ એક્ઝિબિશન થતા હતા પણ ગુજરાત સરકારે જે પહેલ કરી છે એના કારણે ઓટોમેશનના એક્ઝિબિશનો થવા માંડ્યા છે. જેમ કે, સી.એમ.સી. મશીન છે, વી.એમ.સી. મશીનો છે એના કારણે ઇન્ડસ્ટ્રીઝમાં ઓટોમેશન આવ્યા છે. એ બધા જ ઓટોમેશનના એક્ઝિબિશનો ગુજરાતના મહાત્મા મંદિર ગાંધીનગરમાં અને અલગ અલગ જગ્યાએ થાય છે. ધારો કે ટેક્સટાઇલનું એક્ઝિબિશન હોય તો સુરતમાં થાય છે. ટેક્સટાઇલનું એક્ઝિબિશન ગાંધીનગરમાં પણ થાય છે એવી જ રીતે હમણા જ એક લેટેસ્ટ એક્ઝિબિશન થયું ફેબ્રીકસનું અને ફેશન ડિઝાઇનનું. પહેલા એવું હતું કે કોઇપણ ફેશન ડિઝાઇનનું કોઇપણ ફેબ્રીકસ બને તો એનું ઇનોવેશન માત્ર ઇટાલીમાં થતું હતું. હવે એ પ્રકારનું એક્ઝિબિશન આપણા ગુજરાતમાં, આપણા ગાંધીનગરમાં થાય છે. ફેબ્રીકસ એટલે શ્રી નરેન્દ્રભાઇએ જેમ કુર્તાની અંદર મોદી કુર્તાની ડિઝાઇન ઇનોવેટ કરી એવી રીતે અલગ અલગ ડિઝાઇનોનું ઇનોવેશન થાય છે. મેડિકલ એન્ડ ફાર્માશ્યૂટીકલ એક્ઝિબિશન. ફાર્માશ્યૂટીકલની જે દવાઓની ઇન્ડસ્ટ્રીઝ છે એને વેગ આપવા માટે ફાર્માશ્યૂટીકલ મશીનરી પણ ખૂબ અહીં બની રહી છે. અમારે ત્યાં વટવા જે જી.આઇ.ડી.સી. છે એ આખા સેગમેન્ટમાં મોટાભાગે ફાર્માશ્યૂટીકલ ઇન્ડસ્ટ્રીઝ આવેલી છે. ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝ, ધારો કે રાજકોટમાં ઓટોમોબાઇલના સ્પેર પાર્ટસ બની રહ્યા છે. સાણંદ અને બહુચરાજીમાં પણ ઓટોમોબાઇલનું આખું હબ ઉભું થયું છે. ઇઝરાઇલમાં એમ કહેવાય કે એગ્રિકલ્ચરની અંદર ગ્રોથ કરવા માટે અલગ અલગ ઇનોવેશન થઇ રહ્યા છે. પંજાબમાં પણ કહેવાય એવી જ રીતે અત્યારે ગુજરાતમાં પણ એગ્રિકલ્ચર ઇન્ડસ્ટ્રીઝને વેગ આપવા માટે અલગ અલગ મશીનરી પણ બની રહી છે. એવી જ રીતે હોટલ ઇન્ડસ્ટ્રીઝ, આપણે જે જમવા માટે જઇએ છીએ હોટલ ઇન્ડસ્ટ્રીઝમાં પણ જે ખાસ પ્રકારના કુકીંગ કિચન આવે છે એનું પણ આખું અલગ સેગમેન્ટ ઉભું થયું છે. એના પણ અલગ અલગ પ્રકારના ઇકવીપમેન્ટો બની રહ્યા છે. હાઇજેનીક ફૂડ કેવી રીતે બને, મેન પાવરનો જે ડાયરેકટ ટચ છે, ડાયરેકટ ટચ ઓછો થાય એના માટે પણ આખી ઇન્ડસ્ટ્રીઝ ખૂબ સરસ રીતે ડેવલપ થઇ છે. અર્થ મુવીંગ મશીનરી, વાઇબ્રન્ટ ગુજરાતમાં જે રીતે ઇન્વેસ્ટરો આવી રહ્યા છે, મોટી મોટી ઇન્ડસ્ટ્રીઝની જરૂર પડે છે. શહેરી વિકાસ ખાતુ પણ જે રીતે વિકાસ કરી રહ્યું છે એમાં અર્થ મુવીંગ ઇન્ડસ્ટ્રીઝની ખૂબ મોટા પ્રમાણમાં જી.સી.બી., હીટાચી, અલગ અલગ ઇન્ડસ્ટ્રીઝો અહીંયા ડમ્પીંગ કરી રહી છે એના માટે પણ અલગ અલગ પ્રકારની મશીનરી છે. સિવિલ ઇન્ડસ્ટ્રીઝના પણ એક્ઝિબિશન થાય છે. સિરામીક ઇન્ડસ્ટ્રીઝની પણ હું વાત કરું તો મોરબીની અંદર ૧૨૦૦ કરતા પણ વધારે યુનિટ આવેલા છે. એક યુનિટ નાંખવું હોય તો પહેલા રૂપિયા ૨૫ કરોડમાં નંખાતુ હતું અત્યારે રૂપિયા સોથી દોઢસો કરોડમાં એક યુનિટ થાય છે. કારણ કે હાઇટેક આખી ઇન્ડસ્ટ્રીઝ થવા મંડી છે. લગભગ બે લાખ જેટલા કામદારો ત્યાં કામ કરી રહ્યા છે અને અંદાજે ટર્ન ઓવર જોવા જઇએ તો રૂપિયા ૭૦૦૦ કરોડ કરતા પણ વધારે કરોડનું ટર્ન ઓવર થાય છે. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાત સરકારની જે કંપની છે જે ગેસ સપ્લાય કરે છે

એની ૪૫ ટકા રેવન્યુ માત્ર મોરબીમાંથી આપણે મેળવી શકીએ છીએ અને સબસિડીની વાત કરીએ ઇન્ડસ્ટ્રીઝને ગ્રોથ કરવા માટે જે કંપનીને આઇ.એસ.ઓ. લેવો હોય તો આઇ.એસ.ઓ. લેવા માટે પણ સરકાર સબસિડી આપી રહી છે. હાઇટેક મશીનરી વસાવવા માટે સરકાર સબસિડી આપી રહી છે. મોડર્ન મશીનરી માટે પણ સરકાર મશીનરી આપી રહી છે. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે ઇન્ડસ્ટ્રીઝો જે રીતે ગ્રોથ કરી રહી છે એમાં થોડા મારા સૂચનો પણ છે. અમારે ત્યાં કઠવાડા જી.આઇ.ડી.સી. આવેલી છે. કઠવાડા જી.આઇ.ડી.સી., વટવા જી.આઇ.ડી.સી., નરોડા જી.આઇ.ડી.સી. અને ઓઢવ જી.આઇ.ડી.સી. કઠવાડા જી.આઇ.ડી.સી. બે પાર્ટમાં વહેંચાયેલી છે. અડધો પાર્ટ એ.એમ.સી.માં આવે છે અને અડધો પાર્ટ ઔડામાં આવે છે. જી.આઇ.ડી.સી.માં કંઇ વિકાસ કરવો હોય તો બંને જગ્યાએ પરમિશન લેવા જવું પડે અને બંને જગ્યાએ ટેકનિકલ ઇશ્યૂઝ ક્રિએટ થાય છે. સરકાર એવું ઇચ્છી રહી છે કે સ્વચ્છતા રાખવી. જી.આઇ.ડી.સી.ને સ્વચ્છ રાખવા માટે આપણે કયાંય ડમ્પીંગ સાઇટ આપી નથી તો ડોમેસ્ટીક વેસ્ટ ઉઠાવીને નાંખે કયાં? તો એના માટે ખૂબ મોટી તકલીફ રહેલી છે. જે ડોર ટુ ડમ્પની કોર્પોરેશનની નીતિ છે, જો એ નીતિમાં ફેરફાર કરવામાં આવે, જી.આઇ.ડી.સી. થોડું કોન્ટ્રીબ્યુશન કરે તો ડમ્પ સાઇટ નથી તો કચરો નાખશે કયાં? હેલ્થવાળા તરત જ નોટિસ આપે છે તો આ નાના મોટા ઇન્ડસ્ટ્રીઝને ઇશ્યૂઝ થઇ રહ્યા છે. હમણાં જ ઓઢવ એસોસિએશનવાળા પોતાની સ્પોર્ટસ કલબ, પોતાનું ઓડિટોરીયમ રૂમ બનાવવા છેલ્લા અઢી વર્ષથી ફાઇલ ચાલે છે પણ એ ફાઇલ ખબર નથી કેમ મૂવ થતી નથી અને એસોસિએશનની અંદર વર્કર્સોને રીફ્રેશ થવા માટે, ઇન્ડસ્ટ્રીઝના માલિકોને રીફ્રેશ થવા માટે નાની નાની કલબ જે લોકો પોતાના દ્વારા બનાવવા માગે છે એને મંજૂરી આપતા નથી. અગાઉ વટવા, નરોડા, કઠવાડા બધી જ ઇન્ડસ્ટ્રીઝને જોડતા માર્ગો છે એ બધા જ માર્ગો સાથે બાજુમાં રહેણાંક વિસ્તાર પણ છે. ટી.પી. રોડ પણ આવે છે. સમસ્યા એ થાય છે કે ટી.પી. રોડનું રોડ રીપેરીંગ કોણ કરે? આ સમસ્યામાં કોર્પોરેશન અને જી.આઇ.ડી.સી.ના બંનેના ઝઘડામાં, હુંસાતુંસીની અંદર નાની ઇન્ડસ્ટ્રીઝને અન્યાય થઇ રહ્યો છે. તો મારે મંત્રીશ્રીને ખાસ કહેવું છે કે મેં પોતે વારંવાર રજૂઆત કરી છે. બીજા ધારાસભ્યશ્રીએ પણ રજૂઆત કરી છે. કોર્પોરેશનની હદમાં જે જી.આઇ.ડી.સી આવે છે, એને આપણે ચોક્કસ મદદરૂપ થવું જોઇએ. એ લોકોના કચરાના વેસ્ટ માટે અલગથી વ્યવસ્થા કરવી જોઇએ. ગટરલાઇન અને પીવાના પાણીની પાઇપ લાઇન જઇ રહી છે. વર્ષોથી માગણી છે. જે રીતે વાઇબ્રન્ટમાં ઉદ્યોગો આવી રહ્યા છે. તો પ્રાઇવેટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટને મંજૂરી આપીએ છીએ, આપણે સવલતો આપી શકતા નથી. પીવાનું પાણી લાવવાનું ક્યાંથી? નાની ૫૦ વાર, ૪૦ વાર, ૧૦૦ વાર ઇન્ડસ્ટ્રિઝ છે એ પીવાનું પાણી લાવશે ક્યાંથી? એના માટે સવલત આપવી જોઇએ. મારી મંત્રીશ્રીને લાગણી સાથે વિનંતી છે કે જે આ નાના ઉદ્યોગોને તકલીફ પડી રહી છે. આપ કહેતા હોય તો ડેલિગેશનને અહીંયા લાવીશું અને જે વિકાસ કરી રહ્યા છે અને માગણી લઇને આવ્યા છે એમાં હું સંમતિ આપું છું.

**શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશ પાસે ૮૦૦ કિ.મી. કરતા પણ વધારે ઉંડાઇનો દરિયાકાંઠો છે. ગુજરાતની વાત કરીએ તો દેશના જે કુલ ૯ દરીયાઇ રાજ્યો છે એમાંથી ગુજરાત એક છે અને વધારેમાં વધારે કોઇ પાસે દરિયાઇ કાંઠો હોય તો ગુજરાત પાસે ૧૬૦૦ કિ.મી. દરિયાકાંઠો છે. દેશનો ટોટલ દરિયાકાંઠો છે, એની અંદર ૨૦ ટકા એ ધરાવે છે. દરિયાઇ માર્ગની મહત્તાની આપણે વાત કરીએ તો જે પરિવહન માટેનાં અલગ અલગ સાધનો છે, રેલ્વે દ્વારા, રોડ દ્વારા, હવાઇ માર્ગે અથવા તો દરિયાઇ માર્ગે એમાં પરિવહન કોઇ જગ્યાએ સસ્તામાં સસ્તુ પડતું હોય તો તે દરિયાઇ માર્ગે પડતું હોય છે. આ દરિયાઇ માર્ગની મહત્તા છે એમાં જો આપણે ભૂતકાળમાં ડોકિયું કરીશું તો ખ્યાલ આવશે કે ભૂતકાળમાં આપણા લોકો દરિયાઇ માર્ગની મહત્તા જાણતા હતા. આપણે મગધ અને કલિંગનું જે યુદ્ધ થયું, એની પાછળનું કારણ જોઇશું તો ત્યારે મગધનું જે રાજ્ય હતું એ દેશના પશ્ચિમ કાંઠા સુધી ફેલાયેલું હતું, ત્યારે દરિયાઇ માર્ગનો ઉપયોગ કરતા હતા. પૂર્વનો જે કાંઠો છે તે ત્યારે મગધ પાસે નહોતો, એટલે કલિંગ એટલે આજનું ઓરિસ્સા ઉપર ચઢાઇ કરી હતી અને ત્યાંથી સામેના દેશોમાં જઇ શકીએ. એ જોઇશું તો માત્ર દરિયાઇ માર્ગથી ત્યારે આપણા લોકોએ માત્ર માલ પરિવહન અને વેપાર જ નહોતો કર્યો, પણ દેશની સંસ્કૃતિ છે, એનું પરિવહન પણ દરિયાઇ માર્ગે જે તે સમયે કરવામાં આવ્યું હતું. આજે દેશની અંદર કુલ ૧૮૫ નાના અને મધ્યમ કદના બંદરો આવેલ છે. તેમાંથી ગુજરાતની અંદર ૪૮ એટલે કે દેશના ૨૬ ટકા બંદરો આવેલા છે. કંડલા મહા બંદર છે, તેનો વહીવટ ભારત સરકાર કરે છે. આ કુલ ૪૮ બંદરો પૈકી ૧૩ બંદરો એ મધ્યમ કક્ષાના છે. ૩૧ નાના બંદરો, ૪ બંદરો એ ખાનગી બંદરો છે. આ ૧૩ મધ્યમ કક્ષાના બંદરો ઉપરની ટ્રાફિકની હેરફેર જોઇએ તો મોટા ભાગના ટ્રાફિક હેરફેર ત્યાંથી થાય છે. આ ટ્રાફિકમાં સતત વધારો થતો આવે છે. વર્ષ ૨૦૧૦-૧૧ની વાત કરીએ તો ૨૩૦૯ લાખ મેટ્રિક ટનનું પરિવહન ત્યાંથી થયેલ. વર્ષ ૨૦૧૮-૧૯માં જોઇએ તો ૩,૯૯૧ લાખ મેટ્રિક ટનનું પરિવહન થયેલ. દિવસે દિવસે ટ્રાફિક વધતો જાય છે અને સાથે સાથે આપણું રાજ્ય એ ખાનગીકરણમાં જાય તો તે માટે ટ્રાફિક વધે તે માટે આપણું ઇન્ડિયન કોસ્ટ ગાર્ડને પીપાવાવને મુન્દ્રા ખાતેની જેટીના બાંધકામ માટે રાજ્ય સરકારે એને સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે. છારા ખાતે એલએનજી ટર્મીનલ બાંધકામ માટે એચ.પી.સી.એલ. સાપોરની અંદર પ્રા.લિ.ને પણ નવું બંદર બાંધવા માટેની મંજૂરી આપેલ છે. ભાવનગર બંદરના ઉત્તર ભાગમાં સીએનજી અને બીજા ટર્મીનલ વિકસાવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે. જે રીતે દરિયાઇ માર્ગે વેપાર કરીએ છીએ, પણ આજે જોઇએ તો દેશના મોટામાં મોટું અલંગ શીપ બ્રેકિંગ યાર્ડ છે એની અંદર વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૨૧૯ જહાજો ભાંગવામાં આવેલ, જેમાંથી ૧૭,૭૩,૨૨૯ ટન લોખંડનો ભંગાર મળેલ. એ રીતે વર્ષ ૨૦૧૯-૨૦ માં ડિસેમ્બર સુધીમાં ૧૧,૫૧,૧૧૭ મેટ્રિક ટન લોખંડનો ભંગાર મળેલો અને ૧૪૨ જહાજો ભાગવામાં આવેલ છે. અલંગ શીપ બ્રેકીંગ યાર્ડનું આધુનિકરણ કરવાના આયોજન માટે સને ૨૦૨૦-૨૧માં રૂપિયા ૭૧૫ કરોડની માનનીય નાણામંત્રીશ્રીએ જોગવાઇ કરેલી છે.

આ જ રીતે મારે થોડીક વાર વિરોધપક્ષના લોકો જે વાત કરે છે તેમને કહેવું છે. આપણે વર્ષ ૧૯૯૫ પહેલાંનું ગુજરાત અને ૧૯૯૫ પછીના ગુજરાતની સરખામણી કરશો તો આપણને ખ્યાલ આવશે કે, છેલ્લા પચ્ચીસ વર્ષમાં ગુજરાતે હરણફાળ ભરી છે. હું વાહનોની વાત કરું તો વર્ષ ૨૦૦૧–૦૨માં નોંધાયેલા વાહનો ૫૫.૭૬ લાખ હતા. તે વર્ષ ૨૦૧૯–૨૦માં ૨.૬૦ કરોડ વાહનો ઓક્ટોબર અંતિત સુધીમાં નોંધાયા છે. વર્ષ ૨૦૦૧–૦૨માં રૂ.૬૮૭ કરોડની વાહનોમાંથી આવક થઇ હતી તે વર્ષ ૨૦૧૮–૧૯માં રૂ.૪૧૦૦ કરોડની આવક થઇ છે. તે જ રીતે વર્ષ ૨૦૧૯–૨૦માં જાન્યુઆરી અંતિત સુધીમાં વાહન વ્યવહારની કામગીરી જોઇએ તો કુલ આવક રૂપિયા ૩૧૭૦ કરોડ થઇ છે. વાહનોની નોંધણી ૧૩.૫૦ લાખ, રજીસ્ટ્રેશન બાદ જુદી જુદી અરજીઓનો નિકાલ ૫૭.૩૬ લાખ અને ડ્રાઇવિંગ લાઇસન્સ ૧૪.૧૮ લાખ ઇસ્યુ કર્યા છે. જાહેર પરિવહનને વધુ સુગમ બનાવવા ૮૯૫ નવી બસો માટે રૂ.૨૪૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જીતેન્દ્ર સુખડીયા. માનનીય અરુણસિંહ રણા.

**શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઉદ્યોગ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેના અનુસંધાને મારી વાત કરવા માટે ઉભો થયો છું. વાઇબ્રન્ટ ગુજરાત એટલે આપણા દેશના તે વખતના તત્કાલિન મુખ્યમંત્રી અને આજે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ વર્ષ ૨૦૦૩માં શરૂ કરેલ. સમગ્ર વિશ્વમાંથી મૂડી રોકાણકારોને આમંત્રણ આપીને બોલાવીને સમગ્ર ભારતમાંથી ઉદ્યોગકારોને આમંત્રણ આપીને મોટા પ્રમાણમાં આ વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી. તેમના નેજા હેઠળ છેલ્લા વર્ષ ૨૦૦૩થી આજ દિન સુધી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇની સરકારે વાઇબ્રન્ટ ગુજરાત મારફતે ઉદ્યોગો લાવવાનું ચાલુ રાખ્યું છે. મને એ વાતનો આનંદ છે કે, સમગ્ર ગુજરાતમાં અને તે પણ મારા વાગરા મત વિસ્તારમાં આજે મોટા પ્રમાણમાં ઉદ્યોગો સ્થાપિત થયેલા છે. તેમાં અમેરિકાની કંપનીઓ હોય, યુ.કે.ની કંપનીઓ હોય ત્યારે આજે મને કહેતાં આનંદ થાય છે કે ત્યાં આગળ ઉદ્યોગોમાં આજે ૪૦૦૦ કંપનીઓ કાર્યરત છે. આ ઉદ્યોગો આવવાથી રોજગારીની મોટા પ્રમાણમાં તક મળી છે. તે જોતાં સમગ્ર ભારતમાંથી લોકો આવવાથી મીની ભારત તે ભરૂચ જિલ્લો આજે બની ગયો છે. તેનું કોઇ કારણ હોય તો ઉદ્યોગ આવવાથી યુ.પી., બિહાર, બંગાળ તમામ રાજ્યોમાંથી લોકો ત્યાં રોજગારી માટે આવ્યા છે. મને એ વાતનો આનંદ છે કે, સમગ્ર ભરૂચ જિલ્લાના શિક્ષીત બેરોજગાર લોકોને આજે નોકરીઓની મોટા પ્રમાણમાં તક પ્રાપ્ત થઇ છે. એક વખત અમે શ્રી સૌરભભાઇને રજૂઆત કરેલી કે ઉદ્યોગોની એક સંયુક્ત મિટિંગ બોલાવો અને અમારા જે લેન્ડ લુઝરો છે તેના પ્રશ્નનો ઉકેલ લાવો. તો શ્રી સૌરભભાઇ અને શ્રી નીતિનભાઇ પટેલે અમને પ્રોત્સાહન આપ્યું અને આજે મારે ગર્વથી કહેવું જોઇએ કે ૬૦૦૦ લેન્ડ લુઝરો છે તેમાંથી ૪૦૦૦ લેન્ડ લુઝરોને નોકરી મળી છે. ત્યારે તેના કોઇ શિલ્પી હોય તો તે શ્રી નરેન્દ્ર મોદીજીના કારણે થયેલ છે. સાચા અર્થમાં સમગ્ર ભારતના રાજ્યોમાંથી લોકો ઉદ્યોગો બંધ કરીને ગુજરાતમાં ઉદ્યોગ લાવવાનું પસંદ કરે છે. તેનું કોઇ કારણ હોય તો લો એન્ડ ઓર્ડરની સિચ્યુએશન છે, સંસ્કાર છે, જે વિવેક છે અને તેને ઉદ્યોગ ચાલુ કરવા માટે અહીં પોતાની સલામતિ દેખાય છે. ત્યારે આજે હું આનંદ સાથે કહેતા લાગણી અનુભવું છું કે, સાચા અર્થમાં આ ઉદ્યોગ આવવાથી અમને પોતાને ખૂબ મોટા પ્રમાણમાં ખેડૂતોને પણ રોજગારી ન હતી એમને રોજગારી મળી છે. નાના નાના ઉદ્યોગો સ્થાપિત કરવા માટે સરકાર દ્વારા ખૂબ બજેટની જોગવાઇ કરવામાં આવે છે. કેપિટલ સહાય યોજના વર્ષ ૨૦૧૫ એમાં કુલ ૨૩૫૦ લોકોની માગણીઓ સરકારે સ્વીકારી છે અને ૧૯૩ કરોડ રૂપિયા કેપિટલ સહાય ચૂકવવાનું કામ આ ગુજરાત સરકારે કરેલ છે. વ્યાજ સહાય યોજના વર્ષ ૨૦૧૫ એમાં કુલ ૫૫૭૭ અરજીઓ આવેલી એમાં ૧૪૭ કરોડ રૂપિયાની સહાય આ ગુજરાત સરકારે ચૂકવેલ છે. કેપિટલ વ્યાજ સહાય યોજનામાં મહિલાઓ માટે પણ મહિલા ઉદ્યોગ સાહસિક બને, સમૃદ્ધ બને અને વિકાસ થાય એ માટે સરકારે મહિલાઓને પણ ૫૦ ટકા સહાય આપવાનું કામ ભારત સરકાર કરી રહી છે ત્યારે અમને આનંદ અને લાગણી છે કે, મેગા યુનિટ પ્રોજેક્ટ સહાય યોજના વર્ષ ૨૦૨૦–૨૦૨૧ના વર્ષમાં ઉત્તમ કદ ઉદ્યોગ સાથે યોજનામાં રૂપિયા ૯૫૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. આંતર માળખાકીય સુવિધા એમાં હું એટલું ચોક્કસ કહીશ કે અમારા વિસ્તારમાં જી.આઇ.ડી.સી. મોટા પ્રમાણમાં છે તો અમારા રસ્તાઓ અને અન્ય માળખાકીય સુવિધા માટે સરકારે જી.આઇ.ડી.સી. દ્વારા પાણી, ગટરની સુવિધા માટે જરૂરત પ્રમાણે કરવા રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ પણ ચાલુ સાલે કરી છે. મને જણાવતા આનંદ થાય છે કે અમારા વાગરા વિસ્તારમાં અને ગુજરાતમાં ઉદ્યોગો આવવાથી ખેડૂતોને મોટા પ્રમાણમાં રોજગારીની તકો મળી છે. બીજું જી.એન.એફ.સી.માં માનનીય નીતિનભાઇ પટેલને અમે રજૂઆત કરી અને ૧૭૫ લોકોને તેમાં નોકરી અપાવવાનું કામ શ્રી નીતિનભાઇએ કરેલ છે એનો પણ અમને આનંદ છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નીતિનભાઇએ નાણામંત્રી તરીકે જે બજેટ રજૂ કર્યું છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો કોઇ પણ રાજય સરકાર હોય અને તેમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય એટલે જે તે વખતે જનતાની આકાંક્ષાઓ–અપેક્ષાઓ પૂરી કરવા માટેનો જે રોડ મેપ અને અમારો જે એજન્ડા જનતા સમક્ષ પાંચ વર્ષનો મૂકયો હોય એ કામ પૂરું કરવા માટેની ખૂબ મોટી આ બજેટ દ્વારા અમારી પ્રસ્તુતી હોય છે. અમે પાંચ વર્ષમાં શું કરીશું એ જનતાને બતાવવા માટેનો જે એજન્ડા હોય એ પાંચ વર્ષ દરમિયાન અમારે પૂરો કરવાનો હોય છે. પાંચ વર્ષ દરમિયાનના બજેટમાં અમે એ બધા પ્રોવિઝન કરી અને વાત પૂરી પણ કરતા હોઇએ છીએ. એમાં ખાસ કરીને કેટલીક યોજનાઓ એવી હોય છે કે એજન્ડામાં નથી હોતી, જે અમારા મેનિફેસ્ટોમાં નથી હોતી પણ વખતો વખત અમારા ધ્યાન ઉપર આવે, અમારી સરકારના ધ્યાન ઉપર આવે એટલે તુરત જ એ બાબતો અમલમાં મૂકી અને લોકો સુધી પહોંચાડવાનું અમે કામ કરીએ છીએ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ગુજરાતની અપેક્ષાઓ પૂરી કરવા માટે બે ખૂબ મહત્વના ૨૪ કલાક વીજળી અને હવે આદરણીય શ્રી સૌરભભાઇ અને શ્રી નીતિનભાઇ જે મૂકી રહ્યા છે દિનકર યોજના, દિવસે વીજળી, ખેતી માટેની જે વીજળી છે એ વીજળી દિવસે મળે. કેમ કે ક્યાંય ખેડૂતને ઠંડીમાં એને ઠરવું ન પડે, ક્યાંય એરૂ આભડી ન જાય, સર્પ દંશ કે એવા કોઇપણ પ્રકારના બનાવ ન બને એના માટેની ચિંતા આમાં કરવામાં આવી છે અને એની શરૂઆત કરવામાં આવી છે. ખૂબ અઘરૂં કામ છે. ટેકનીકલી એના સબ સ્ટેશનો, એની વિતરણ વ્યવસ્થાઓ, એની જે વ્યવસ્થાઓ ઉભી કરવાની છે, એ ખૂબ અઘરી છે છતાં પણ આ સરકારે બીડું ઝડપ્યું છે, ચોવીસ કલાકની જેમ ખેડૂતો માટે દિનકર યોજના દ્વારા ખૂબ મોટી રાહતનું કામ આ ઊર્જા વિભાગ દ્વારા થઇ રહ્યું છે. એટલું જ નહિ વર્ષ ૧૯૬૦થી ૧૯૯૫ સુધી ૩૫ વરસની અંદર કૃષિ વીજ જોડાણ ૪,૮૮,૨૪૭ જ આપવામાં આવ્યા હતા. એટલે એનો સરેરાશ વાર્ષિક દર કહેવાય એ ૧૩૯૫૦ જેટલો જ રહ્યો, પરંતુ વર્ષ ૧૯૯૫થી આજ સુધી એટલે કે વર્ષ ૨૦૧૯ સુધીમાં ૨૪ વરસની અંદર ૧૨,૫૫,૦૨૪ જેટલા વીજ કનેકશનો આપણે આપ્યા. ૨૪ વરસની અંદર જે વીજ કનેકશનો આપ્યા હતા એના કરતા પણ ૩૫ ગણા વીજ કનેકશનો ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યા છે. વર્ષ ૨૦૧૨–૧૩થી ૨૦૧૮–૧૯ સુધીની જો વાત કરું તો કુલ ૭,૫૫,૫૩૪ જેટલા વીજ જોડાણો આપણે આપ્યા છે. વર્ષ ૧૯૯૪–૯૫ની અંદર ખેડૂતોને અપાતી જે વીજળી હતી તે વીજળી ૮૪ કરોડ યુનિટ જેટલી જ હતી એટલે ખેડૂતો જે ચોમાસા સિવાય ખેત ઉત્પાદન કરતા હોય એ ૮૪ કરોડ યુનિટ જે વીજ વપરાય એના પ્રમાણે થતું હોય, પરંતુ વર્ષ ૨૦૧૮–૧૯માં આ બધા પ્રયત્નોના અંતે ખેડૂતો ૨૬૧ કરોડ યુનિટ વીજળી વાપરતા થયા એટલે એનો સીધે સીધો મતલબ એવો છે કે ત્રણ ગણું ઉત્પાદન આ યોજનાઓને કારણે અને ખેડૂતોને વીજળી મળવાના કારણે વધ્યું છે. છેલ્લા સાત વરસમાં એવરેજ ૧,૧૨,૦૦૦ જેટલા જોડાણો આપવામાં આવ્યા હતા તેથી જ વપરાશ વધ્યો અને ઉત્પાદન વધ્યું છે. આ આખેઆખા બજેટની અંદર એકપણ પાનાની અંદરની યોજનામાં ખેડૂત અડતો ના હોય એટલે કે ખેડૂતને સીધે સીધો ફાયદો થતો ન હોય એવી કોઇપણ યોજના નથી. મોટાભાગની યોજનાઓમાં ખેડૂતોને સીધો અથવા આડકતરો ફાયદો થાય છે. આપ જૂઓ તો ખેડૂતો માટે ૭૪૨૩ કરોડ રૂપિયાની જોગવાઇ. જળસંપત્તિ એટલે એ પણ ખેડૂતો માટે જ છે એમાં ૭૨૨૦ કરોડ રૂપિયા. આર એન્ડ બી.માં પણ માનનીય નીતિનભાઇએ જે રસ્તાઓની જોગવાઇ કરી છે, ગ્રામ્ય રસ્તાઓ, ગ્રામ્ય રસ્તાઓ પહોળા કરવા, રીસરફેસીંગ કરવું, એના પર ફટાફટ સાધનો દોડે એવા સરસ મજાના રસ્તાઓ બનાવવા. જો એ સરવાળો કરીએને તો એમના આર. એન્ડ બી. ના બજેટમાંથી આશરે ૬ થી ૭ હજાર કરોડ રૂપિયા સીધે સીધા ખેડૂતો માટે જઇ રહ્યા છે. ઊર્જા વિભાગમાં પણ જે ટોટલ માગણીઓ કરી છે એમાંથી જો તમે જુદી જુદી માગણીઓનો સરવાળો કરીએ તો આશરે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા તો કેવળ ગ્રામ્ય વિસ્તારોમાં અને ખેડૂતોમાં જતા આપણને દેખાય છે. એક જોડાણ માટે રૂપિયા ૧.૬૦ લાખ ખર્ચો થતો હોય છતાં પણ સરકાર ખેડૂતો માટે, ખેડૂતને મુશ્કેલી ન પડે એના માટે જ્યારે સંકલ્પબદ્ધ હોય ત્યારે આ બધા વીજ જોડાણો રાહત દરે આપવામાં આવતા હોય છે. વીજ લાઇન ટ્રાન્સફોર્મરનો ખર્ચો ખેડૂતો પાસેથી વસૂલાતો નથી, કેવળ સર્વિસ કનેક્શન ચાર્જ અને એનર્જી ડીપોઝીટના નાણાં જ લેવામાં આવે છે. ઔદ્યોગિક વીજ જોડાણની જેમ ખેડૂતોને પણ તેમની ખેતીવાડી વીજ જોડાણ માટે આગવું ટ્રાન્સફોર્મર અપાય છે અને ટ્રાયેબલ એરિયાની અંદર એસ.સી. અને એસ.ટી. માટે પણ ખાસ આ વીજ કનેક્શનો એકદમ રાહત દરે એકદમ ક્ષુલ્લક દરે એમને આપવામાં આવે છે અને એનો આખે આખો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. વરસોથી વીજળીનો જે ભાવ હતો, મારે તો શ્રી સૌરભભાઇને ખાસ કરીને અભિનંદન આપવા છે, હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં પાણીના તળ ઉંડા છે છતાં પણ એમના વીજદર એચ.પી.ના ઘટાડ્યા છે, રજૂઆત હતી અને એ રજૂઆત એમણે લક્ષમાં લીધી છે. આ મિટરની પ્રથામાં પણ યુનિટના જે ભાવ છે એમાં જે રજૂઆતો કરેલી છે, શ્રી સૌરભભાઇ પટેલ સાહેબને તેમાં અમારી વિનંતી છે કે એ બાબતે પણ થોડોક વિચાર કરવામાં આવે અને રૂપિયા ૭૦૦૦ સબસિડીની જે વાત હતી જ્યારે સબસિડી આપવાનું ચાલુ કર્યું ત્યારથી અત્યાર સુધીમાં ટ્રાન્સપોર્ટેશન, કોલસો અને વીજ ઉત્પાદનનો દર વધેલ હોવા છતાં પણ એના એ જ ભાવે વરસોથી વીજળી અપાય છે તેટલા માટે આ ઊર્જા વિભાગની જે માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું સમર્થન આપીને અનુમોદન કરું છું.

**શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ખાણ અને ઉદ્યોગ મંત્રી આદરણીયશ્રી સૌરભભાઇ માગણી નંબર–૪૯, ૫૦ લઇને આવ્યા છે તેને મારું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે ગુજરાત પણ મુખ્યત્વે ખેતી પર આધારિત છે છતાં આપણા રાજયમાં ઔદ્યોગિક વિકાસ ખૂબ સારા પ્રમાણમાં થયો છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજકીય અસ્થિરતા, સામાજિક પ્રગતિ અને આર્થિક પ્રગતિનુ સંતુલન અને વિકાસ જાળવી રાખ્યો છે. વિકાસ સર્વાંગી હોય તો તેના પરિણામ ઉત્તમ મળે છે અને ઉત્તમ પરિણામ માટે આ દેશમાં જો કોઇ ઉદાહરણ લઇ શકાય તો ફકત ગુજરાત છે. Best governed State in India. આનો જો કોઇને શ્રેય જતો હોય તો આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન આદરણીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં ૫ ટકા વસતિ ધરાવતું આપણું ગુજરાત ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૬.૦૮ ટકા હિસ્સા સાથે મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૮–૧૯માં Foreign Direct Investment કુલ રૂપિયા ૧૨૬૧૮ કરોડનું હતું તેની તુલનાએ વર્ષ ૨૦૧૯–૨૦માં પ્રથમ છ માસમાં રૂપિયા ૨૪૦૧૨ કરોડનું એટલે કે બમણું ઇન્વેસ્ટમેન્ટ ફકત છ માસમાં આવ્યું અને સમગ્ર દેશમાં ગુજરાત best investment destination બન્યું છે.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ત્રણ વર્ષમાં ભારતમાં સ્થપાયેલા કુલ મોટા ઉદ્યોગો ૨૫૭૪ તેમાંથી ગુજરાતમાં ૭૩૫ ઔદ્યોગિક એકમો સ્થપાયા છે. એટલે કહી શકાય કે લોકોને, ઉદ્યોગપતિઓને ગુજરાત સરકાર પર વિશ્વાસ છે. અમારી ભારતીય જનતા પાર્ટીના અમારા મુખ્યમંત્રી આદરણીયશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી સરકારે ઉદ્યોગ પ્રોત્સાહક નીતિ રાજયમાં વ્યાપક માળખાકીય સુવિધાઓ અને રાજયમાં કાયદો વ્યવસ્થાની દ્રઢ પરિસ્થિતિને આભારી ઉદ્યોગ પરિસ્થિતિને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડયું છે જેના કારણે ગુજરાતમાં ઉદ્યોગોએ હરણફાળભરી છે. આ ગુજરાતમાં બિઝનેશ સમિટ વર્ષ ૨૦૦૩થી શરૂઆત કરેલ આજા સુધીમાં ૯ જેટલા સમિટો કર્યા જેના ખૂબ સારા પરિણામો આવ્યા છે. મારે આનંદ સાથે કહેવું જોઇએ કે મારા જિલ્લાના બહુચરાજી તાલુકામાં ખૂબ સારા એવા પ્રમાણમાં ઇન્ડસ્ટ્રીઝ આવી છે. હું એક વાત ચોક્કસ કહીશ કે ઘણી વખત આપણા ગૃહમાં ઘણા સભ્યશ્રીઓ એવી રજૂઆત કરતા હોય છે કે એમ.ઓ.યુ.થાય છે પણ ઇન્ડસ્ટ્રીઝો આવતી નથી પણ જયાં સો ટકા ઇન્ડસ્ટ્રીઝ આવી શકી ન હોય. પણ અગાઉ આગળ માહિતી મેં જે પ્રમાણે આપી તે પ્રમાણે છેલ્લા છ વર્ષમાં FDI રૂપિયા ૨૪૦૧૨ કરોડનું થયું છે આ અમારી સરકારની એક આગવી સિદ્ધિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત અમારા મિત્રો એમ પણ કહેતા હોય છે કે, ઇન્ડસ્ટ્રીઝ તો આવી પરંતુ લોકલ રોજગારી મળતી નથી. હું એવું ચોક્કસ કહીશ કે મારા બહુચરાજી તાલુકામાં એક મીંડા ઇન્ડસ્ટ્રીઝ આવી છે અને તેણે છ પ્લાન્ટ નાંખેલા છે અને આ છ પ્લાન્ટમાં બે હજાર જેટલો તેમાં સ્ટાફ છે. અને ૨,૦૦૦ના સ્ટાફમાં ૮૫ ટકા ઉપરનો સ્ટાફ ફક્ત ગુજરાતીઓનો છે એ હું દાવા સાથે કહું છું અને બીજું પણ કહું કે એમાં જે ત્રણ પ્લાન્ટ છે એમાં ૬૦ ટકા ઉપરાંત ગુજરાતી મહિલાઓની ભરતી થાય છે એટલે એ વાત પણ અભ્યાસ વગરની વાત છે. હકીકત એ છે કે ઔદ્યોગિક એકમોને સ્ટાફ જોઇતો હોય છે પણ એમાં કાર્યદક્ષ અને કૌશલ્યવાળો સ્ટાફ ન મળવાને કારણે બહારથી આવતો હોય છે. આપણે એ ઉપરથી જાણવું જોઇએ કે આપણા મુખ્યમંત્રીશ્રી અને શ્રી નીતિનભાઇ જે પ્રકારે કહે છે કે આપણા યુવાનોને આ બાબતમાં જાગૃત કરો. દરેક કંપનીને સારા વ્યક્તિઓની જરૂર હોય છે. કૌશલ્યવર્ધક સ્ટાફની જરૂરિયાત હોય છે. અહીંયા જે મારૂતિ ઉદ્યોગ લિમિટેડ કંપની આવી એને જાપાન અને ઇન્ડિયાની કંપની દ્વારા એક આઇ.ટી.આઇ. કોર્સ ગણપત યુનિવર્સિટી અને મારૂતિ દ્વારા કરવામાં આવ્યો છે. એમાં છેલ્લી બે બેચ બહાર પડી એમાં પ્રથમ બેચમાં ૨૫૪ વિદ્યાર્થીઓ અને બીજી બેચમાં ૩૦૮ વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા રોજગારી આપવાનું કામ મારૂતિએ કર્યું છે. આ પ્રકારે ઉદ્યોગો આવવાથી આપણને ૧૦૦ ટકા રોજગારી મળી રહેશે અને ગુજરાતને ૧૦૦ ટકા ફાયદો છે એવું હું ચોક્કસ કહું છું ત્યારે આ માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું.

**શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ–દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી માગણી નં–૧૨ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને કેટલીક હાઇલાઇટ્સ માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. અગાઉના સમયમાં મને બરાબર યાદ છે કે વર્ષ ૧૯૮૫માં અમે પૂરતા ફોર્સથી વીજળી મળે, પૂરતા દબાણથી વીજળી મળે એ માટે આંદોલન ચલાવતા હતાં અને એ વખતે તત્કાલિન ચેરમેન શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ હતા. અમે રજૂઆત કરવા માટે બરોડા ગયા અને કહ્યું કે અમારે સૌરાષ્ટ્રમાં વીજળીનો આ પ્રોબ્લેમ છે. જ્યાં સુધી તમે સબ સ્ટેશનમાં વધારો નહિ કરો ત્યાં સુધી આ લાંબા અંતરથી આવતી વીજળી અમારા માટે મુશ્કેલજનક છે. ત્યારે શ્રી બ્રહ્મકુમાર ભટ્ટે સ્વીકાર્યું હતું અને એના માટે સુધારા પણ શરૂ કર્યા હતા. હું આ સરકારને અભિનંદન આપીશ કે જેણે ગુણવત્તાયુક્ત વીજળી પૂરતા દબાણથી કેવી રીતે મળે એના ઉપાયો શોધ્યા. ગામડાંમાં ૨૪ કલાક વીજળી મળે એ માટે જ્યોતિગ્રામ યોજના બનાવી, એના માટે ફીડરો અને નવા સબસ્ટેશનો ઊભા કર્યા. બધાં જ ગામડાંઓને પૂરતા દબાણથી વીજળી મળે એના માટેની વ્યવસ્થા આ સરકારે કરી છે. મને બરાબર યાદ છે કે શ્રી અમરસિંહ ભાઇ ચૌધરીની સરકાર વખતે ખેડૂતોએ પૂરતા દબાણથી વીજળી મળે એ માટે આંદોલનો શરૂ કર્યા હતા અને એ કારણે ખેડૂતો ઉપર ગોળીબાર થયા હતા અને કેટલાંય ખેડૂતોની લાશ ઢળી હતી. એ જ કારણે જે મિત્રો સામે બેઠા છે એમને ખેડૂતોએ વર્ષ ૧૯૯૦થી આ બાજુ આવવા દીધા નથી. ખેડૂત પોતે વીજળી લખાવે અને એના દીકરાને વીજળી મળે એવી સ્થિતિ ભૂતકાળમાં હતી અને એ પણ સ્ટાર્ટર દબાવીને હજુ ક્યારામાં ન પહોંચ્યું હોય ત્યાં પાછી વીજળી જતી રહે. ફોન કરો તો કહે કે ઉપરથી ગઇ છે. ઉપરથી લાઇનનો ફોલ્ટ છે. ઉપરથી લાઇનનો શું ફોલ્ટ છે એ ખબર પડતી નહિ. એના કારણે ખેડૂતો ત્રાહિમામ થઇ ગયા હતા. વર્ષમાં ત્રણ–ત્રણ વખત મોટરો બળતી હતી. બધું ઉત્પાદન મોટરો બાંધવામાં જતું રહેતું હતું અને આજે સબ સ્ટેશનોની સંખ્યા જે તે વખત કરતાં અનેક ગણી વધારીને જે વ્યવસ્થા કરવામાં આવી છે એના કારણે આજે પૂરતા દબાણથી વીજળી મળી રહી છે. વર્ષ ૧૯૬૦થી ૧૯૯૫ સુધીના ૩૫ વર્ષના ગાળામાં ૫૬૩ સબ સ્ટેશનો ઊભા કરવામાં આવ્યા હતા. એટલે વર્ષે માત્ર ૧૬ થયા. તેની સામે વર્ષ ૧૯૯૫થી શરૂ કરીને વર્ષ ૨૦૧૯ના ૨૪ વર્ષના ગાળામાં ૧૪૦૯ કયાં ૫૬૩ અને કયાં ૧૪૦૯, ૫૯ દર વર્ષે આ સરકારે સબ સ્ટેશનો ઉભા કર્યાં છે. છેલ્લા સાત વર્ષમાં દર વર્ષે ૧૦૦ જેટલા સબ–સ્ટેશનો ઉભાં કરીને ગુણગત્તા સભર વિજળી મળે એના માટે પ્રયાસ કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષમાં પણ નવાં સબ–સ્ટેશનો ઉભાં થાય તેના માટે રૂ.૪૨૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એ જ રીતે જૂના જર્જરિત થયેલા વાયરો હોય એ વાયરો તૂટી જાય, ફોલ્ટ આવે વીજળી બંધ થઇ જાય, ફરિયાદો આવે અને એમ કહે કે વાયરો તૂટી ગયા છે, નવા વાયરો માટે અગાઉ જયાં સુધી આંદોલન ન થાય ત્યાં સુધી બદલવામાં આવે નહીં. આવા પ્રકારના જૂના જર્જરિત વાયરોને બદલવા માટે આ વર્ષના બજેટમાં ૩૦૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આ લોકોને અમારે ત્યાં ચૈત્ર મહિનો ચાલે છે, અમારા સાથી મિત્રો માટે બે મિનિટ ટાઇમ વધારે આપો તો વધારે સારું. ચૈત્ર મહિનામાં અમારે ત્યાં માતાજીના માંડવા હોય, માતાજીના માંડવા હોય એટલે ભૂવા ધુણતા હોય, કોઇને કઇ દેવી આવે તેની ખબર ન પડે, પણ ધુણતા હોય. એમ આ સામા પક્ષના મિત્રોને તમે ઉંઘમાંથી

ઉઠાડોને તો પણ ખેડૂત, ખેડૂત, ખેડૂત કરે છે. એનું કારણ એ છે કે એ જયારે સત્તા પર હતા ને ત્યારે ખેડૂતોને ગોળીઓ મારી હતી. એ વખતે વર્ષ ૧૯૮૫-૮૬ અને ૧૯૮૭ ત્રણ વર્ષનો દુષ્કાળ હતો, દુષ્કાળના સમયમાં એક પણ પૈસો વિમો ચૂકવ્યો ન હતો અને આજે વિમો–વિમો ચોંટયા છે. જયારે એ સત્તામાં હતા ત્રણ વર્ષ સુધી એક રૂપિયો ચૂકવ્યો નહતો. આજે એના કારણે એ ખેડૂતોના •(xxx) જે લાગ્યા છે એના કારણે વર્ષ ૧૯૯૦થી આ બાજુ આવવાનો મોકો ખેડૂતોએ આપ્યો નથી. એટલા માટે એમ કહેવાય છે ને કે ઘણીવાર કોઇ અવગતે જીવ ગયો હોય અને ખેરમાં આવે, એમ એને વારંવાર ખેડૂત, ખેડૂત જ આવે છે, તો એમનો ભૂતકાળ યાદ કરશે તો ખ્યાલ આવશે, તે વખતે જયારે સત્તામાં બેઠા હતા ત્યારે જો ખેડૂતની ચિંતા કરી હોત તો આજે આ દિવસો એમને જોવા ન પડત.

એ જ રીતે આદિવાસીઓની અને સાગરખેડૂની પણ ચિંતા કરે છે. જે આદિવાસી વિસ્તારમાં પણ વર્ષ ૧૯૬૦થી માંડીને વર્ષ ૧૯૯૫ની સાલ સુધીમાં ૩૫ વર્ષમાં ખાલી ૫૮ સબ સ્ટેશનો હતાં, એટલે વર્ષે માત્ર બે જ હતાં. એની સામે આપણે ૨૪ વર્ષમાં વર્ષ ૧૯૯૫થી વર્ષ ૨૦૧૯ની સાલ સુધીમાં ૨૧૬, કયાં ૩૫ વર્ષના ૫૮ અને કયાં ૨૪ વર્ષના ૨૧૬ એટલે વર્ષે ૯ થયાં. સાગરકાંઠાના વિસ્તારમાં જયાં દરિયાઇ અને ખારાશવાળો પવન એના કારણે ઇલેકટ્રિકના પોલ લોખંડના હોય તો પણ સળી જાય, વાયર પણ સળી અને જર્જરિત થઇ જાય, તૂટી જાય એવા સમયે ત્યાં પણ આખું રિનોવેશન કરીને એની જે વ્યવસ્થા થઇ છે. વર્ષ ૧૯૬૦થી વર્ષ ૧૯૯૫ના ૩૫ વર્ષમાં નવા સબ સ્ટેશનો આ દરિયાઇ પટ્ટીમાં માત્ર ૮૩ હતાં, વર્ષ ૧૯૯૫થી ૨૦૧૯ સુધીમાં ૨૪ વર્ષમાં ૨૪૩ સબ સ્ટેશનો નવાં ઉભાં થયાં તેના કારણે આજે સમગ્ર સૌરાષ્ટ્રની દરિયાઇ પટ્ટીના માછીમારી કે ખેડૂત વિસ્તાર હોય એને પૂરા દબાણથી વીજળી મળે એવો પ્રબંધ માનનીય ઊર્જા મંત્રીશ્રી અને આ સરકારે કર્યો છે તેને ધન્યવાદ આપું છું. આ જ કારણે ગુજરાતના ખેડૂતો ભારતીય જનતા પાર્ટીને કાયમી ચાહે છે અને ચાહતા રહેશે. માનનીય ઊર્જા મંત્રીશ્રીની આ માગણીઓને મારું સમર્થન કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપના પ્રવચનમાં આપે જે કહ્યું કે ખેડૂતોના*(xxx)લાગ્યાં છે. એ *(xxx) શબ્દ કાઢી નાંખું છું એના બદલે આપે કહેવું જોઇએ કે ખેડૂતોનું પુણ્ય એમને મળ્યું નથી.

**શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇની રાહબરી હેઠળ ઉદ્યોગ અને ખાણ ખનિજ વિભાગ સુંદર કામગીરી કરી રહ્યો છે. એ રોજગારી તો આપે જ છે સાથે સાથે આપણા દેશને અમૂલ્ય એવું વિદેશી હુંડિયામણ પણ કમાવી આપે છે અને ઉદ્યોગના વિકાસમાં માનનીય સૌરભભાઇનો વીજળી વિભાગ અને ગેસ વિભાગે જે સુંદર કામગીરી કરી છે તેના માટે પણ અભિનંદન આપું છું. ખાસ કરીને ઉદ્યોગોની પાશ્ચાદભૂમિકામાં જઇએ તો ગુજરાતનું નવું રાજય બન્યું ત્યારથી જી.આઇ.ડી.સી.ની શરૂઆત થઇ અને ત્યારે રીતે વાપી, વટવા, અંકલેશ્વર, બરોડા જી.આઇ.ડી.સી.ની રચના કરવામાં આવી, પરંતુ તે વખતે અનેકવિધ સમસ્યાઓ હતી. વીજળી સપ્લાયમાં ખામી હતી, કોઇ પણ જાતનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર નહોતું. રોડ–રસ્તા હતા નહીં અને તે સમયે ઉદ્યોગોનો વિકાસ ઘણો ધીમી ગતીએ ચાલતો હતો. યુનિયનબાજી એટલી બધી ચાલતી હતી કે યુનિયનોના લીધે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના લીધે કોઇ પણ ઉદ્યોગો ગુજરાતમાં આવવા તૈયાર હતા નહીં. ત્યારે ભોપાલમાં એક એવી દુર્ઘટના બની એ દુર્ઘટનાને લીધે સમગ્ર વિશ્વએ અનુભવ્યું કે, યુનિયન કાર્બાઇડમાં ગેસ લીકેઝના લીધે હજારો લોકોના મૃત્યુ થયા અને તેના લીધે ગુજરાતમાં ઉદ્યોગો માટે એક સમસ્યા આવી અને તેના લીધે ઉદ્યોગોનું ભવિષ્ય ધૂંધળું થયું ત્યારે આપણે હાઇકોર્ટમાં પણ જસ્ટીસ ક્રિપાલની આગેવાની હેઠળ સમગ્રતયા સમગ્ર ઇન્ડસ્ટ્રીઝ માટે જે જે એસ્ટેટ છે તેમાં સહયારા શુદ્ધિકરણ પ્લાન્ટ નાંખવાની શરૂઆત થઇ અને તેના હિસાબે ગુજરાત ધીમે ધીમે આગળ વધવા લાગ્યું અને ત્યાર પછી જયારે આપણા લોક લાડીલા વડાપ્રધાન અને રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ ગ્લોબલ વાયબ્રન્ટ સમિટની શરૂઆત કરી અને તેના મારફત જે રીતે વિદેશી રોકાણ માટે પ્રયત્નો કર્યા તેનાથી સમગ્ર ગુજરાત એક સારું ડેસ્ટીનેશન બન્યું અને ઘણી બધી વિદેશી કંપનીઓએ આવીને ગુજરાતમાં રોકાણો કર્યા, ખાસ કરીને રાજય સરકારની નીતિ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગના વિકાસ માટે યોજનાઓ બનાવવાની રહી છે અને એમાં એમ.એસ.એમ.ઇ. સૌથી વધુ રોલ ભજવે છે અને એમાં સો જેટલા એમ.એસ.એમ.ઇ. ક્લસ્ટરમાં ઘણી બધી કામગીરી થઇ રહી છે અને ગુજરાતના ઉદ્યોગોને જે પહેલા સબસિડી વગર કામ ચાલતું નહોતું તે ગુજરાતનો ઉદ્યોગ આજે સબસિડી વગર સક્ષમ બન્યો છે અને એને ફકત વીજળી, પાણી અને કાયદાનું રક્ષણ મળે છે તેના લીધે ઉદ્યોગ ઘણો આગળ વધી રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં સમગ્ર દેશમાં સ્થપાયેલા ૨૫૭૪ મોટા ઉદ્યોગોમાંથી ૭૩૪ ઉદ્યોગો ગુજરાતમાં આવ્યા છે. જે ૩૦ ટકા જેટલા થાય છે. વર્ષ ૨૦૧૮–૧૯માં થયેલ સીધું વિદેશી મૂડી રોકાણ રૂપિયા ૧૨૬૧૮ કરોડ હતું જે વર્ષ ૨૦૧૯–૨૦ના પ્રથમ છ મહિનામાં ડબલ એટલે કે રૂપિયા ૨૪૦૧૨ કરોડ થયું છે. જે આપણી સરકારની ઇઝ ઓફ ડૂઇંગ ધી બિઝનેશ અને રાજય સરકારની ઉદ્યોગ ફ્રેન્ડલી પોલિસીના કારણે થયું છે. ગુજરાતને બેસ્ટ ડેસ્ટીનેશન ફોર ધી બિઝનેશ એટલા માટે સ્વીકારવામાં આવે છે કે, ગુજરાતમાં ઉદ્યોગો માટે જે ગેસ પાઇપ લાઇન છે તે ૪૬૧૬ કિલોમીટર લાંબી ગેસ પાઇપ લાઇન છે જે ભારતની કુલ પાઇપ લાઇનના ૨૮ ટકા છે અને ગુજરાતના ઉદ્યોગો ગેસ આધારે કરાતી વ્યવસ્થામાં સહકાર આપી રહ્યા છે અને ભારતના કુલ ગેસ વપરાશમાંથી લગભગ ૧/૩ ભાગનો કુદરતી ગેસનો વપરાશ માત્ર ગુજરાતમાં થાય છે તે માટે શ્રી સૌરભભાઇને ખાસ અભિનંદન આપું છું. રાજયની ઇન્સ્ટોલ પાવર કેપેસીટી ૩૪૫૪૪

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મેગાવોટ છે અને ગુજરાતના ઉદ્યોગોને સતત વીજ સપ્લાય મળતો રહે છે, જળસંચય અને નર્મદાના લીધે જે રીતે આપણને પાણીની સવલત થઇ છે તેના લીધે ગુજરાતના ઉદ્યોગોને કોઇ પણ દિવસ પાણીની તકલીફ પડતી નથી. ગુજરાતમાં મહાનગરો, બંદરો અને ઔદ્યોગિક વિસ્તારોને હાઇવે સાથે જોડીને અભૂતપૂર્વ વિશાળ અને પહોળા રસ્તાઓનું જે નેટવર્ક થયું છે તેના લીધે ઉત્પાદનના માલ માટેની આયાત બંદરોથી ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર તેમજ એક્સપોર્ટ માટે પણ ઝડપથી હેરફેર થઇ શકે છે તેના માટે શ્રી નીતિનભાઇ અને એમની સમગ્ર માર્ગ મકાનની ટીમને પણ આના માટે વિશેષ અભિનંદન એટલા માટે આપીએ કે ગુજરાતના આ જે રસ્તાઓ છે એ સૌથી વધુ સુદ્રઢ અને આપણને હેરફેર માટે ઘણા ઉપયોગી થઇ શકે છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એટલી સુદ્રઢ છે કે ગુજરાતમાં કોઇપણ ખંડણીખોરને સ્થાન નથી અને એ માટે માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહને ખાસ અભિનંદન આપીએ છીએ.

ખાસ કરીને ગુજરાતમાં જયારે અનેકવિધ સમસ્યાઓનો સામનો ઉદ્યોગો કરી રહ્યા છે ત્યારે પર્યાવરણ માટે પણ એટલી જ સરકાર અને ઉદ્યોગો ચિંતિત છે. આપણા ગુજરાતમાં સૌથી વધુ પર્યાવરણ માટેના જે આયામો છે જે વ્યવસ્થા કરવામાં આવેલી છે. રાજયમાં વિવિધ પ્રમાણે વિકસી રહેલા ઉદ્યોગો માટે ૭૧૬ એમ.એલ.ડી. ક્ષમતાના કુલ ૩૩ કાર્યરત ગંદા પાણીના સામૂહિક શુદ્ધિકરણ પ્લાન્ટ ગુજરાતમાં આવેલા છે જે લગભગ ૬૭૩૩ ઔદ્યોગિક એકમોના ગંદા પાણીને શુદ્ધ કરે છે. હાલના સામૂહિક શુદ્ધિકરણની ક્ષમતામાં વધારો તેમજ ૨૩ નવા શુદ્ધિકરણ પ્લાન્ટ મળીને હાલની ૭૧૬ એમ.એલ.ડી. ઉપરાંત ૪૪૦ એમ.એલ.ડી. ક્ષમતામાં વધારો થનાર છે. ખાસ કરીને ઉદ્યોગમાંથી કચરો નિકળે છે એનું વ્યવસ્થાપન કરવું જરૂરી બની જાય છે. એ માટે રાજયમાં કુલ ૧૯ કોમન ટી.એસ.ડી.એફ. સાઇટ આવેલી છે આ બાબતમાં ગુજરાત પ્રથમ છે. જોખમી કચરાને ટી.એસ.ડી.એફ. સાઇટમાં મોકલીને આપણે ઘણો બધો ખર્ચ પણ કરીએ છીએ ત્યારે આ કચરાને ઉત્પાદનમાં પણ લઇ શકાય છે અને સિમેન્ટ ઉદ્યોગને આ રીતે આ ઘન કચરાને કો પ્રોસેસીંગ તરીકે સિમેન્ટ ઉદ્યોગ વાપરે છે અને અત્યાર સુધીમાં ૨૩૧ લાખ મેટ્રીક ટન કચરાનો નિકાલ કો પ્રોસેસીંગ દ્વારા કરવામાં આવ્યો છે એના લીધે ઊર્જા, કોલસો, પેટ્રોલિયમ એના ઉપયોગમાં ઘટાડો થાય છે અને ગ્રીન હાઉસ ગેસનું સર્જન થતું નથી.

ગુજરાત એક પેટ્રોલિયમની કેપિટલ છે. ભારત અને દુનિયાની સૌથી મોટી પેટ્રોલિયમ રીફાઇનરી પણ ગુજરાતમાં આવેલી છે. એના લીધે ગુજરાત સૌથી વધુ પેટ્રોલનું હબ છે. દુનિયાનું સૌથી મોટું પ્રોસેસ હીરાનું ઉત્પાદક છે જેના લીધે ગુજરાતના ૭૨ ટકા છે અને ભારતમાં હીરાની નિકાસમાં ૮૦ ટકા ગુજરાતમાંથી થાય છે અને તેમાં ખાસ કરીને સુરતનો ફાળો સૌથી વધારે છે. ગુજરાત રાજયમાં ડેનીમનું સૌથી મોટું ઉત્પાદન થાય છે જે દેશના કુલ ઉત્પાદનના ૬૫થી ૭૦ ટકા તથા દુનિયાના ત્રીજા ક્રમે છે. આ રીતે ગુજરાતમાં જે રીતે શાંતિથી ઔદ્યોગિક વિકાસ થઇ રહ્યો છે અનેક રાજયના લોકો ગુજરાતમાં આવીને જે રીતે ગુજરાતને મીની ભારત કહે છે એ જ રીતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સાથે ગુજરાત બહારના બધા કારીગરો ગુજરાતના વિકાસમાં ફાળો આપે છે. ખાસ કરીને ઉદ્યોગ રોજગારીનું સર્જન કરે છે. ડિસેમ્બર, ૨૦૧૯ અંતિત રાજયની રોજગારી કચેરીઓ દ્વારા ૨,૭૪,૭૮૮ ઉમેદવારોને રોજગારી આપવામાં આવેલ અને ૭૦૯ ઔદ્યોગિક ભરતી મેળાના આયોજનથી ૧,૬૦,૪૯૪ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલી છે. હું આ માગણીને સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય દુષ્યંતભાઇ, વિરામ પડવાને હવે દોઢ મિનિટ બાકી છે એટલે આપ વિરામ બાદ આપનું પ્રવચન ચાલુ કરજો.

**(વિરામ બપોરના ૨.૨૮ થી ૩-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ**(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આ ચાલુ વિધાનસભામાં મેં જ ઉદ્યોગની એક રજૂઆત કરી હતી અને આજે મને જણાવતાં આનંદ થાય છે કે, આ માગણીને રાજ્ય સરકારે સહજ સ્વીકારીને ગુજરાતના ઉદ્યોગોના હિતમાં બહું મોટો નિર્ણય લીધો છે. આજે કોરોના વાયરસ આખા વિશ્વની અંદર ફેલાયેલો છે ત્યારે મોટાભાગના ઉદ્યોગોનું રો-મટિરિયલ ચાઇનાથી આવે છે અને ચાઇનાથી આવતું હોય ત્યારે એ રો-મટિરિયલ લાવવાનું બંધ કર્યું છે. આપણી આયત-નિકાસ બધું બંધ છે. ત્યારે ઘણા બધા ઉદ્યોગો એવા છે કે, જે પોતાનો બિઝનેશ ચલાવી નહતા શકતા. એ રો-મટિરિયલ બનાવવા માટે આપણે સક્ષમ છીએ. પણ આપણી પાસે ઇ.સી.ઇ.ટી. પરવાગની ન હોવાના કારણે આપણે એ રો-મટિરિયલ બનાવી શકતા નહતા. રાજ્ય સરકારને ખાલી વિનંતી કરી હતી, રાજ્ય સરકારે આવા તમામ ઉદ્યોગોને જે ચાઇના જેવું જ રો-મટિરિયલ બનાવી શકે છે પણ ચાઇનાના ભાવમાં કોમ્પીટ નહતા કરી શકતા. એવા ઉદ્યોગોને આ રો-મટિરિયલ બનાવવા ગુજરાતની રાજ્ય સરકારે આ જે નિર્ણય કર્યો છે એ બદલ હું હ્દયપૂર્વક માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. આ બહું મોટો, અભૂતપૂર્વ અને બહું સારો નિર્ણય છે. આનાથી શું થશે કે, તમામ પ્રકારના ટ્રેક્સીસ એ આપણા ગુજરાત રાજ્યને મળવાના છે અને બીજું, સ્મોલ સ્કેલ, મિડિયમ અને આ ઉદ્યોગકારોનો વિશ્વાસ વધશે. આપણું મનોબળ વધવાનું છે અને આપણો ઉદ્યોગ નવી ઉંચાઇ ઉપર જનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવો જ એક બીજો નિર્ણય કે, પચાસથી વધારે ઉદ્યોગો જો ભેગા મળીને લેખિત અરજી આપે કે, આ જગ્યાએ નવા ઉદ્યોગ કરવાની મારી વિલિંગનેશ છે તો ત્યાં નવી જી.આઇ.ડી.સી. આપશે. આ માટેના સરકારના

હકારાત્મક નિર્ણય અને હકારાત્મક અભિગમના લીધે ઘણી બધી જગ્યાએ આપણે જોઇએ છીએ. આજે કોંગ્રેસના મિત્રો બેઠા નથી, એક ટાઇમે કહેતા હતા કે, વાય ગુજરાત? અને વાય ગુજરાતમાંથી જ્યારે ઉદ્યોગોના લીધે ઓન્લી ગુજરાત થયું. આજે કેટલા બધા એમ.એલ.એ. અહીંયા નથી, પણ મને ખબર છે કે, પ્રશ્નોત્તરીની અંદર *(xxx) કે, મારા વિસ્તારમાં ઉદ્યોગ, મારા વિસ્તારમાં જી.આઇ.ડી.સી. લાવો. આ બતાવે છે કે, આપણી નીતિ, સરકારે કેવા કામ કર્યા છે. તો આજે એ પણ નિર્ણય લીધો છે અને આ સરકારને હું અભિનંદન આપું છું.

મારે બે વાત માંગણી તરીકે અને સરકારને વિનંતી પણ કરવી છે કે, એડજોઇનીંગ પ્લોટ, નાના ઉદ્યોગો અને એમ.એસ.એમ.ઇ.ને જો એની બાજુમાં પ્લોટ હોય, એક વખત એડજોઇનીંગ પ્લોટનો લાભ નાના ઉદ્યોગને અને એમ.એસ.એમ.ઇ.ને મળે છે. પણ જો બીજી વખત પ્લોટની ઉપલબ્ધતા હોય તો બીજો પ્લોટ બાજુમાં એડજોઇનીંગ જ હોય તો નાના ઉદ્યોગને અને એમ.એસ.એમ.ઇ.ને આપવો જોઇએ એના માટે પણ મેં વિધાનસભામાં અને સરકારમાં રજૂઆત કરી છે. એટલા માટે ફરીથી વિનંતી કરું છું કે, બીજી વખત એ એડજોઇનીંગ પ્લોટ મળવો જોઇએ.

ઇ.એસ.આઇ.સી. અને વર્ક મેન કોમ્પેન્શન પોલિસીમાં ડેથ બેનિફીટમાં વધારો કરવામાં આવે તો જે કામદાર આપણી ફેકટરીમાં કામ કરતો હોય અને ગુજરી જાય છે ત્યારે એને બહું ઓછું વર્ક મેન કોમ્પેન્શન મળે છે. કેન્દ્ર સરકારમાં આપણી સરકાર રજૂઆત કરીને જો આ વધારો લઇ આવે તો આવનારા દિવસોમાં એ બહું મોટો ફાયદો કરનાર છે.

આ રાજ્યમાં ૨,૦૯૩ જેટલી કંપનીઓ, ઉદ્યોગો બંધ છે. એ બંધ એટલા માટે છે કે, કાં તો ઇલેક્ટ્રિસિટી, એકસાઇઝ, સેલ્સ ટેક્સ, બેન્ક, સરકારી બેન્ક, જી.એ.સી.સી., ડી.એલ.આર. અને એન.સી.આર.ટી.ના કોઇ લ્હેણાં બાકી હોય એવી ૨,૦૦૦થી વધારે ઇન્ડસ્ટ્રીઝ બંધ છે. આપણે ભેગા મળીને અને સરકાર જો એની હરાજી કરવાનો નિર્ણય લે તો હું માનું છું કે, એ આવનારા દિવસોની અંદર ઉદ્યોગોની આપણે જમીન પણ ના લેવી પડે અને આ આ ૨,૦૦૦ જેટલા ઉદ્યોગો બંધ છે એને ફરીથી આપણે કાર્યરત કરી શકીએ અને એની જગ્યાએ ત્યાં કામદારોને રોજગારી આપણે આપી શકીએ. ગુજરાત ઇકોનોમિક ફ્રિડમની અંદર, ઉદ્યોગની અંદર આજે નંબર વન છે. એટલા માટે પણ જ્યારે ઇકોનોમિક ફ્રીડમ રેંકીંગની અંદર ગુજરાતે ખૂબ સારું યોગદાન આપ્યું છે અને ગુજરાતનો અવ્વલ નંબર આવ્યો છે એ માટે અભિનંદન આપું છું. ફરીથી આપે બે-ચાર મિનિટનો સમય આપ્યો છે. આપનો હૃદયપૂર્વકનો આભાર વ્યક્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટનો ટાઇમ આપ્યો. આપ આપના પ્રવચનમાં એમ બોલ્યા કે * (xxx) એ શબ્દો કાઢી નાખું છું. આંગળી ઉંચી કરી ઉભા થઇને કહેતા હતા. અર્થનો અનર્થ થઇ જાય છે.

**શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, બંદર અને વાહન વ્યવહારને લગતી માગણી નં. ૭૫ લઇને મંત્રીશ્રી આવ્યા છે તેને મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેશમાં મેરીટાઇમ ક્ષેત્રે અગ્રીમ સ્થાન ધરાવતું રાજ્ય છે. ગુજરાત સરકાર દ્વારા ગુજરાત મેરીટાઇમ બોર્ડ અધિનિયમ-૧૯૮૧ મુજબ મેરીટાઇમ બોર્ડની સ્થાપના કરવામાં આવેલી હતી. ગુજરાત મેરીટાઇમ બોર્ડ રાજ્યના જાહેર તેમજ ખાનગી ટર્મીનલ કેપ્ટીવ અને પ્રાઇવેટ જેટી, શીપ બિલ્ડીંગ અને શીપ રીસાઇકલીંગ માટે કોસ્ટલ શીપીંગ, આંતર માળખાકીય સુવિધા તેમજ આ નિયમોનું પોષણ કરવાની જવાબદારી નિભાવે છે. બંદરની જો વાત કરીએ તો.

**અધ્યક્ષશ્રી** : માનનીય દંડકશ્રી, પૂંઠ કરીને ઉભા ન રહો.

**શ્રી મુકેશભાઇ ઝી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જ વિસ્તારની વાત કરું તો અમારા હજીરા ખાતે બંદરો અને જેટીઓ આવેલી છે. ત્યાં તમે જુઓ તો આજે ત્યાં ૨૪ કલાક વાહનોની અવરજવર ગૃહના માધ્યમથી આપને કહેવા માગું છું કે રોજની લગભગ ૧૫થી ૨૦,૦૦૦ ટ્રકોની આવન-જાવન થાય છે. સ્થાનિક લોકોને જે ટ્રાન્સપોર્ટ સાથે રોજગારી..

**અધ્યક્ષશ્રી** : શ્રી મુકેશભાઇ, ગૃહના માધ્યમથી મને કહેવા માગો છો કે મારા માધ્યમથી ગૃહને કહેવા માગો છો?

**શ્રી મુકેશભાઇ ઝી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી. રોજની લગભગ ૧૫થી ૨૦,૦૦૦ ટ્રકો આવન-જાવન કરે છે. એટલે ત્યાંના જે સામાન્ય, નાના નાના લોકો હતા, જે ત્યાં જમીન ગુમાવી ચૂકેલા લોકો હતા. એ લોકો ટ્રકો ટ્રાન્સપોર્ટ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ત્યાંથી લઇને નાના નાના વેપારી લોકો છે તેને માટે રોજગારીની મોટી તકો ઉભી થઇ છે. એ જ રીતે ગુજરાતની અંદર ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો આવેલો છે. તેમાં અમારા હજીરા અને દહેજની વચ્ચે જે અંતર છે એ અંતર પણ આવનારા દિવસોમાં જે ભાડભૂત બેરેજ બનવાનું છે. ત્યાંથી હજીરાનું અંતર પણ ઓછું થઇ જવાનું છે અને ત્યાં પણ ખૂબ જેટીઓ આવેલી છે. એટલે જે કોસ્ટલ એરિયા છે તેની અંદર આ બંદરો આવવાથી જે જમીનમાં કશું થતું ન હતું, આજે ત્યાં રોજી-રોટી મેળવવાનું એક મોટું સાધન મળ્યું છે. તેની સામે આપને કહું કે રો-રો ફેરી ચાલુ થઇ છે. રો-રો ફેરી દહેજથી ચાલુ થઇ છે. દહેજથી અમારા સુરતની અંદર જે સૌરાષ્ટ્રના લોકો વસે છે. મારા સુરતના લોકોએ ત્યાં જવું હોય તો દોઢથી પોણા બે કલાક દહેજ પહોંચતા થાય છે. ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે હજીરાથી પણ રો-રો ફેરી થાય તો એ લોકોને જવા માટેનો એક સારામાં સારો માર્ગ મોકળો મળે. એટલે ત્યાં પણ એનું નિર્માણ થાય કે ત્યાંથી પણ રો-રો ફેરી જાય.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

**અધ્યક્ષશ્રી** : માનનીય મુકેશભાઇ, પ્રશ્નોત્તરી થાય છે ને ત્યારે જો ધ્યાનથી સાંભળીએ તો રો–રો ફેરી ચાલુ થઇ જ નથી અત્યારે. રો–રો ફેરી શબ્દ પણ નથી. (અંતરાય)

**શ્રી મુકેશભાઇ ઝી. પટેલ** : સાહેબ, હમણાં ચાલુ થઇ હતી. હમણાં ફરીથી ચાલુ થઇ હતી.

**અધ્યક્ષશ્રી** : રો–રો ફેરી? મંત્રીશ્રી જવાબ આપશે.

**શ્રી મુકેશભાઇ ઝી. પટેલ** : તો સાહેબ, હજીરાથી પણ શરૂ થાય એવી લાગણી છે કે સૌરાષ્ટ્રના લોકો છે જે ભાવનગર જતા હોય કે ઘોઘા જતા હોય એમને સારી સગવડ મળી શકે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માછીમારોના વિકાસ માટે મત્સ્ય ઉતરાણ બંદરોને આધુનિક અને અદ્યતન બનાવવામાં આવી રહ્યા છે. મત્સ્ય ઉતરાણ બંદરની બાજુમાં આધુનિક ફેઝ–૨ બંદર બનાવવામાં આવ્યું છે. આ જ રીતે પોરબંદરમાં મત્સ્ય ઉતરાણ બંદર છે. હાલ પોરબંદરની અંદર આધુનિક બંદર ફેઝ–૨ બનાવવાની કાર્યવાહી ચાલી રહી છે. એ જ રીતે ફેઝ–૨ની બંદર હયાત બંદરથી દસ–બાર કિલોમીટર દૂર કુછડી ગામના દરીયાકિનારે ફેઝ–૨ બંદર બનાવવાની કાર્યવાહી ચાલી રહી છે. તે હયાત બંદર પોરબંદરના મત્સ્ય ઉતરાણ બંદરની બાજુમાં આવેલા માપલાવારી, બાપા સિતારામ તથા લકડી બંદરમાં બનાવવા માછીમારોએ માગણી કરેલ છે તો આપના માધ્યમથી એ પણ ત્યાં થાય તો દરીયા કિનારાના માછીમારો છે એમને ધંધાની અંદર સારામાં સારું પ્રોત્સાહન મળી શકે છે. ક્રિભકોની અંદર જેટીઓ છે કે એ.બી.જી. શીપયાર્ડની અંદર જેટી છે ત્યાં મોટા મોટા વહાણો, મોટા મોટા જહાજો આવતા થયા છે ત્યારે દક્ષિણ ગુજરાતમાં આ બંદરનો વિકાસ સારી રીતે થયો છે તો ફરી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે અમારી માગણી ઝડપથી પૂરી કરે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પૂર્ણેશભાઇ, આપનું નામ નથી. પરંતુ આપને સાત મિનિટ આપીએ છીએ.

**શ્રી પૂર્ણેશ મોદી(સુરત–પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બંદર અને વાહન વ્યવહાર વિભાગની જે માગણી ક્રમાંક ૭૫ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું. ૧૬૦૦ કિલોમીટરનો ગુજરાતનો દરીયાઇ કાંઠો છે. સુરતની વાત કરીએ તો સોને કી ચીડીયા. સમગ્ર હિન્દુસ્તાનમાં એક જમાનામાં અમારું સુરત જાહોજલાલીનું પ્રતિક હતું અને એના કારણે અંગ્રેજો પણ જયારે ફરતા ફરતા આવ્યા ત્યારે સૌથી પહેલાં એમણે સુરત ઉપર પગ મૂકયો. ૮૪ દેશોના વાવટા સુરતના સુવાલીના બંદરના કિનારે લાગતા હતા. સમગ્ર દેશ અને દુનિયામાં આ વેપાર અને તે જમાનામાં વિમાનો અને કાર્ગો જેટલા ફાસ્ટ વાહનથી એક દેશમાંથી બીજા દેશમાં જઇ શકાય એવી સ્થિતિ ન હતી. એવી કોઇ સરહદ કે રસ્તા ન હતા કે જેથી એ રોડના મારફતે યુરોપમાં કે એશિયાના કોઇપણ દેશમાં જઇ શકાય, તેવા સંજોગોમાં એક માત્ર માધ્યમ– વ્યકિતએ જવું હોય કે માલ સામાન પહોંચાડવો હોય તો આ બંદર ખૂબ ઉપયોગી હતા. આ બંદરોની વાત કરતા મને એક વાત યાદ આવે છે કે સ્વ. વિનાયક દામોદર સાવરકર જયારે બેરીસ્ટર બનવા જયારે મુંબઇ બંદરથી સ્ટીમરમાં એ લંડન જાય છે પરંતુ એમની ક્રાંતિકારી પ્રવૃત્તિને કારણે તેઓ ફ્રાન્સના દક્ષિણ દિશામાં આવેલ માર્સલેસ બંદર ઉપર તેઓને જયારે બંદી બનાવીને લઇ જતા હોય છે ત્યારે તેમણે દરીયાની અંદર છલાંગ લગાવી હતી અને પ્રચંડ દેશભકત કહેવાય એ રીતે એમણે એમની વીરતા બતાવી હતી. આ બંદરો એ જમાનામાં અવરજવર કરવા માટે પ્રચલિત હતા અને તેવા સમયે સુરતનું બંદર એ સમગ્ર વિશ્વનું એક કેન્દ્ર હતું જેના કારણે અનેક દેશોના વેપાર ત્યાં થયા. હમણાં જ શિવાજી મહારાજની જયંતિ ગઇ ત્યારે સુરતની અંદર જે કિલ્લો હતો એ કિલ્લામાં ઔરંગઝેબના શાસનનો સુબો એ ત્યાં વહીવટ કરતો હતો. એ સુરત ઉપર સામ્રાજય બનાવીને બેઠો હતો. સુરત તો નિમિત્ત હતું. શિવાજી મહારાજે ઔરંગઝેબને પરાસ્ત કરવા માટે બંદર ઉપર ચડાઇ કરી હતી એના મૂળમાં ઔરંગઝેબ હતો પણ ઇતિહાસ જુદો બતાવી રહ્યા છે કે શિવાજી મહારાજે સુરત લુંટયું. હું સ્પષ્ટ કહું છું કે શિવાજી મહારાજે સુરત લુંટયું નથી, એમણે ઔરંગઝેબના સુબાને તસ્તનસ્ત કરવા માટે હિન્દુસ્તાનમાં સ્વરાજયનું અભિયાન થાય એના માટેના પ્રયત્ન કર્યા હતા એટલે આ જે બંદરોની વાત છે એને આપ આધુનિક દ્રષ્ટિએ જોઇ રહ્યા છો કે જયારે પાકિસ્તાન અને ભારતની તુલનાત્મકતાની જયારે વાત આવે છે. લશ્કરી મથક તરીકેની વાત આવે છે. અનેક પનડૂબીઓ આ બંદરના કિનારેથી આપણે પાકિસ્તાનની સરહદ ઉપર જે સીમાંકન નક્કી થયા છે અને જ્યારે આવી પરિસ્થિતિ પેદા થાય છે ત્યારે આખું બંદર આપણા માટે ઉપયોગી સાબિત થાય છે. દરિયો છે, વહેણ બદલાય, દિશા બદલાય, આજે જમીન છે ત્યાં પાણી થાય અને પાણી હોય તો જમીન થાય. એક જમાનામાં સુવાલી હતું, આજે કંડલા છે. કંડલામાં આખા વિશ્વમાંથી ઇમ્પોર્ટ એક્સપોર્ટનું આપણી પાસે સૌથી મોટું હબ બની રહ્યું છે. મારે કહેવું છે કે આ બધા બંદરોને જોડવાનું કામ, દા.ત. એમણે રો–રો ફેરી થકી દહેજથી ઘોઘા–ભાવનગર જવું હોય એ શરૂ થઇ હતી. ખૂબ ટૂંકા સમયમાં આપણે એ જોડાણ કરી શક્યા છીએ. પરંતુ ગુજરાતના જે અખાતો છે, એ કચ્છનો અખાત હોય કે ખંભાતનો અખાત હોય, એક કિનારેથી બીજા કિનારે જવું હોય તો એના માટે આજે બંદરોનો ઉપયોગ થાય અને રો–રો ફેરીનો ઉપયોગ થાય, કનેક્ટિવિટી થાય. ગુજરાતના ખુણે ખુણે કોસ્ટલ રોડ તો આપણે બનાવ્યા છે. મારું સ્પષ્ટ માનવું છે કે ગુજરાતની બોર્ડર ચાલુ થાય, ભિલાડથી ચાલુ થાય તે છેક કચ્છ સુધી એના જે અખાતો છે એ બંદરોથી જોડીને આવનારા દિવસોમાં આ બંદર કનેક્ટિવિટી વધે તો હજીરાથી સીધા ભાવનગર-ઘોઘા જવાય, ઓખા થઇને કચ્છ માંડવી જવાય આ પ્રકારની કનેક્ટિવિટી બંદરોમાં થાય તો મને લાગે છે કે ગુજરાતમાં માત્ર જમીન ઉપર નહીં પરંતુ દરિયામાં પણ આ બંદરોનો ઉપયોગ કરી કનેક્ટિવિટીના માધ્યમથી આવતા દિવસોમાં ન માત્ર ગુજરાતની સરહદોનું રક્ષણ થાય પણ હિન્દુસ્તાનનું સરહદી રક્ષણ થાય એવું મારું માનવું છે. આ માટે ગુજરાત સરકાર આગળ વધી રહી છે. હું આ માગણી નહીં પરંતુ અનેક પ્રકારના બંદરોના ભાવિ વિકાસ માટે સરકાર કામ કરે એવી અપેક્ષા રાખું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

**શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારો સૂર પુરાવવા માગું છું અને મારા બે–ત્રણ નાના વિષયો મારા શહેરના આપશ્રીના માધ્યમથી જણાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે આજે અનેક સાથી ધારાસભ્ય મિત્રોએ ગુજરાતમાં ક્યા પ્રકારે વિકાસ વધી રહ્યો છે, કયા પ્રકારે ઉદ્યોગોમાં દેશભરમાં જે ઇન્વેસ્ટમેન્ટ આવ્યું છે એમાં ગુજરાતમાં કયા પ્રકારે આવ્યું, કયા પ્રકારે સિસ્ટમ ડેવલપ કરવામાં આવી આ બધા વિષયોની ચર્ચા થઇ ત્યારે હું મારા શહેરની વાત કરવા માગું છું. સુરત શહેર એ હીરા અને કપડાના નામથી જાણીતું છે. દેશભરમાં અને દુનિયાભરમાં જેટલા હીરા ઘસાતા હશે એમાંથી ૯૦ ટકાથી વધુ હીરા સુરતમાં ઘસાઇ રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા સુરત ડાયમન્ડ બુર્ઝ બનાવવામાં આવી રહ્યું છે એ દુનિયાભરમાં સૌથી મોટું લાર્જેસ્ટ કોમર્શિયલ બિલ્ડીંગ બની રહ્યું છે. રાજ્ય સરકારના પી.પી.પી. મોડલ ઉપર બની રહ્યું છે ત્યારે આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે અમે જે વિસ્તારમાંથી ચૂંટાઇને આવીએ છીએ એ સુરત ડાયમન્ડ બુર્ઝ ૫૦ હજારથી વધારે લોકો, આ કોઇ કર્મચારીઓ નહીં પરંતુ ટ્રેડર્સ મહારાષ્ટ્રથી ગુજરાતમાં આવનાર બે વર્ષમાં શિફ્ટ થવાના છે ત્યારે સુરતનું ઇકોનોમિકલ લેવલ એ ઉંચાઇએ પહોંચશે કે એનાથી સુરતની કાયાપલટ થવાની છે. આજુબાજુના વિસ્તારને ડેવલપ કરવા માટે હોટલ અને એજ્યુકેશન સેક્ટરો વિકસાવવાના હતા એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કેટલા સમયમાં એ વિકસાવવાનું પ્લાનીંગ કરી રહ્યા છે? સાથોસાથ ટેક્સટાઇલનો ધંધો આપ સૌ જાણો છો કે ક્યાંકને ક્યાંક સુરત અને ચાઇના છેલ્લા અનેક વર્ષોથી નાની મોટી કોમ્પીટીશન આપી રહ્યા છે. આને લીધે સુરતમાં વેલ્યુ એડિશન કામોનો ખૂબ મોટો વિકાસ થઇ રહ્યો છે. પહેલાં એવું થતું હતું કે ગ્રે મટિરિયલ આપણે ત્યાં બનતું હતું એને ડાઇંગ અને પ્રિન્ટિંગ કરીને વેચવામાં આવતું હતું. પણ હવે એને વેલ્યુ એડિશન કરીને નાના નાના ઘરોની અંદર કમસે કમ સુરતના એક લાખથી વધારે ઘરોની અંદર બહેનોને ટીકી ચોંટાડવાના કાર્યથી આખા પરિવારો એનાથી ચાલતા હોય છે. આટલું મોટું ઇકોનોમિકલ લેવલ આ ટેક્સટાઇલના ઉદ્યોગથી વધી રહ્યું છે. આ વેલ્યુ એડિશનના કામને વધારવા માટે આપણે ગારમેન્ટ પોલિસી જાહેર કરેલ હતી. ગારમેન્ટ પોલિસીમાં ખૂબ મોટા સંચાઓ, અલગ અલગ રીતે વિકસાવવા માટે સરકાર એને ગ્રાન્ટ પણ આપતી હતી. એ ગારમેન્ટ પોલિસીને કંઇક ઓલ્ટર કરવાનું કાર્ય ચાલુ હતું એ કેટલી ઝડપથી આવનારા દિવસોમાં પૂર્ણ કરવાનું છે કે જેના કારણે મધ્યમ વર્ગના વેપારીને હજી વધુ ફાયદો થઇ શકે અને મારા શહેરની અંદર કોઇ સામાન્ય પરિવારનો વ્યક્તિ માત્ર ગ્રે ડાઇંગ પ્રિન્ટિગ જોડે જોડે ફિનીશ પ્રોડક્ટ કરીને ગારમેન્ટ સેક્ટરની અંદર સુરત એક હબ બની શકે. જેમ કે, ડાઇંગ પ્રોડક્ટશનની અંદર ક્યાંકને ક્યાંક ગુજરાત દેશભરમાં અને દુનિયાભરની અંદર અમદાવાદ અવલ્લ નંબર પર રહેલું છે. એ જ પ્રકારે સુરતની અંદર પણ ૧ કરોડ ૮૦ લાખ મિટર કપડું ડેનીમનું પ્રોડકશન ચાલુ થયું છે. મારી સરકારશ્રીને અપિલ છે કે જે કાંઇ નાની–મોટી પોલિસીઝ ગારમેન્ટ અને ટેક્સટાઇલ લેવલની પોલિસીઝને ઓલ્ટર કરી રહ્યા છીએ એ કેટલી ઝડપથી પૂર્ણ કરીને સુરતને હજુ વધારે ઝડપથી વિકાસ કરવા માટેનો જે પ્રયાસ ચાલી રહ્યો છે એની પણ જાણકારી મંત્રીશ્રી આ હાઉસની અંદર મૂકે એવી મારી એક માગણી છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી હર્ષભાઇ પ્રશ્નો પૂછતાં હતાં કે સજેશન કરતા હતા? બંને કરતા હતા? માનનીય મંત્રીશ્રી.

**શ્રી સૌરભ પટેલ(ઊર્જા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે માગણીઓ લઇને આ હાઉસમાં આવ્યો છું એમાં દશેક સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે અને માગણીને સમર્થન આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા હોય, ઉદ્યોગ હોય કે પેટ્રો કેમિકલ્સ અને પોર્ટ હોય આપણા રાજ્યના વિકાસની અંદર ખૂબ જ અગત્યનો રોલ જી.ડી.પી.ના વિકાસના ગ્રોથની અંદર આજે પ્લે કરતા આવ્યા છે. આજે દરેક ક્ષેત્રની અંદર આપણે જોવા જઇએ તો ઊર્જામાં પણ ગુજરાત દેશભરમાં નંબર વન છે. ઉદ્યોગોમાં પણ દેશની અંદર નંબર વન છે. પોર્ટમાં પણ પ્રેક્ટિકલી જોવા જઇએ તો નંબર વન છે. પેટ્રોકેમિકલ્સમાં પણ નંબર વન છે. એટલે આ ચારે ચાર વિષયોની માગણીઓ લઇને આવ્યો છું એના વિષે થોડી વાત કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ઊર્જાની વાત કરું તો પહેલા શું હતું, અત્યારે શું છે અને કાલે શું થવાનું છે આ ત્રણ વિષય પર થોડી ચર્ચા કરવા માગું છું. કોંગ્રેસે વર્ષો સુધી રાજ કર્યું. કોંગ્રેસના મિત્રો અહીંયા છે નહિ. પરંતુ જ્યારે એ લોકો પાસેથી સત્તા ભારતીય જનતા પાર્ટીએ મેળવી ત્યારે પરિસ્થિતિ શું હતી? આપણે સૌ જાણીએ છીએ કે એ વખતે ઊર્જા વિભાગની પરિસ્થિતિ ખૂબ ખરાબ હતી. લોડ શેડિંગ, રોજ લોડ શેડિંગ થતું હતું. ગામડામાં ૮ કલાક, ૧૦ કલાક, ૧૨ કલાકથી વધારે લોડ શેડિંગ એ પ્રમાણેની પરિસ્થિતિ હતી. આજે આપણે જોઇ શકીએ છીએ કે લોડ શેડિંગનો મિનિંગ શું? એની પણ કોઇને ખબર નથી એ પ્રમાણેની પરિસ્થિતિ આજની તારીખમાં આપણે ત્યાં વિકસાવી છે. જનરેશન કેપેસિટી જોઇએ તો વર્ષ ૧૯૯૫ની અંદર માત્ર ૬,૭૭૬ મેગાવોટ હતું. જે આજે આપણે વધારીને ૨૯,૩૫૨ કરી છે, એટલે ૪૭૫ ટકાનો વધારો કર્યો છે અને એટલે આપણે કહી શકીએ છીએ કે ગુજરાત આજે સરપ્લસ સ્ટેટ છે. અહીંયા ઘણાં સભ્યશ્રીઓએ સબ સ્ટેશનની વાત કરી. ગુણવત્તા માટે સબ સ્ટેશન ખૂબ અગત્યનું હોય છે અને આના કારણે ગુણવત્તાવાળી વીજળી પહોંચાડવી હોય તો વધારે સબ સ્ટેશનોની જરૂરીયાત પડે છે. વર્ષ ૧૯૯૫માં ૫૬૩ હતા. જે અત્યારે ડીસેમ્બરમાં ૧૯૭૨ સબ સ્ટેશનો થયા છે એટલે ૩૫૦ ટકાનો વધારો થયો છે. એવી રીતે ટ્રાન્સમિશન લાઇન જોઇએ તો ૨૪,૦૦૦ની જગ્યાએ અત્યારે ૬૪,૦૦૦ છે. ડિસ્ટ્રીબ્યુશન લાઇન એચ.ટી. અને એલ.ટી. લાઇન જોઇએ તો ૨,૭૬,૦૦૦ની સામે ૭,૬૮,૦૦૦ છે. ટ્રાન્સફોર્મર ૧,૦૯,૦૦૦ હતા આજે ૧૬ લાખ ટ્રાન્સફોર્મર છે. એટલે આજે આપણે કલ્પના કરીએ તો આટલા વર્ષોમાં જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી તો કેટલી પ્રગતિ આની અંદર કરી છે. કનેકશનો કેટલા આપ્યા? પહેલા ૦.૫૮ કરોડ હતા, આજે ૧.૫૬ કરોડ કનેકશન ગુજરાતની અંદર છે. એટલે દરેકને ત્યાં દરેકના ઘરે આપણે

કનેકશન આપેલું છે અને ગૌરવ સાથે કહી શકીએ છીએ કે એકે એક જણ વીજળીનો વપરાશ કરે છે એટલે ગુજરાત આજે દેશની અંદર પર કેપિટા કન્ઝમ્પ્શનની અંદર આખા દેશમાં સૌથી આગળ છે. એગ્રિકલ્ચર કન્ઝયુમર કોંગ્રેસના સમયમાં ૪,૮૮,૦૦૦ અત્યારે ૧૭,૪૩,૦૦૦ અને એ વખતે જે જી.ઇ.બી. નામની સંસ્થા હતી એની જે વાર્ષિક આવક હતી એ રૂપિયા ૨૮૮૩ કરોડ હતી અને અત્યારે રૂપિયા ૫૦,૦૦૦ કરોડ પાર થાય એ પ્રમાણે આ વર્ષની હતી એટલે કલ્પના કરી શકાય કે કેટલી પ્રગતિ થઇ છે. વિપક્ષના મિત્રો ખેડૂતોની વાત કરતા હોય છે. ખેડૂતોનું જો ઊર્જા ક્ષેત્રે સૌથી વધારે ધ્યાન રાખ્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે રાખ્યું છે. આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગઇ વખતે બજેટમાં કીધું હતું કે આવતી અષાઢી બીજ સુધી અમે કોઇ કનેકશન બાકી નહીં રાખીએ અને બધાને કનેકશનો આપીશું એ જ સ્પીડથી અમે કનેકશનો આપવાનું ચાલુ કર્યું. વર્ષ ૧૯૬૦થી ૨૦૦૨ની વાત કરું, મારી પાસે આંકડા છે એમાં સાત વર્ષ તો અમારા પણ આવી ગયા. કુલ ૭,૩૩,૦૦૦ કનેકશનો હતા અને એની સામે વર્ષે ૧૭૦૦૦ કનેકશન આપતા હતા, અમે ૧૦,૦૦,૦૦૦ ઉપરાંત કનેકશનો આપ્યા છે અને આજની તારીખમાં આ વર્ષે પણ સવા લાખ કનેકશનો આપીશું અને એટલે આજે ગૌરવ સાથે કહીએ છીએ કે ઘણા જિલ્લાઓમાં ૨ મહિના, ૩ મહિના, માગે ત્યારે વીજળીનું કનેકશન મળે એ પ્રમાણેની વ્યવસ્થા કરી છે. ખેડૂતોને કોઇ ભારણ થતું નથી. આશરે દોઢ લાખ રૂપિયાના ખર્ચે કનેકશન થાય તો ખેડૂતો પાસેથી અમે ખૂબ ઓછા રેટે એચ.પી.ના આધાર ઉપર રેટ લઇએ છીએ. ૧૦ એચ.પી.નું હોય તો આશરે ૧૫૦૦૦ રૂપિયા જેટલું થાય અને બાકીના ૧,૪૦,૦૦૦ રૂપિયા રાજય સરકાર કાઢે છે. આ વર્ષે પણ રાજય સરકારે ૧૮૦૦ કરોડ રૂપિયા એગ્રિકલ્ચર કનેકશન માટે ખેડૂતો પાછળ ખર્ચ્યા છે. આદરણીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે એક ઝુંબેશ ઉપાડવાનું નકકી કર્યું હતું કે એગ્રિકલ્ચર કનેકશન હોય, વીજળીનું ઉત્પાદન હોય, દરેક ક્ષેત્રમાં, મારે કોંગ્રેસના મિત્રો બેઠા નથી નહીંતર એમને ખ્યાલ આવે કે એ લોકોએ કેટલા કનેકશન એમના સમયમાં આપ્યા છે. ૨-૪ જિલ્લાનો દાખલો આપું. ડાંગમાં ૪૨ વર્ષમાં ૭૪ કનેકશન, નર્મદામાં ૧૩૧૯ કનેકશન, જિલ્લાની વાત કરું છું. દાહોદમાં ૨૧૧૫ કનેકશન એટલે ટ્રાયબલ મુખ્યમંત્રીશ્રી હોવા છતાં ટ્રાયબલ વિસ્તારના ખેડૂતો માટે એમણે ધ્યાન આપ્યું નહોતું અને એની સરખામણીમાં અમે લોકોએ બે લાખથી વધારે કનેકશન રીલીઝ કર્યા છે એટલે મૂળ કહેવાનું એ હતું કે ટ્રાયબલની અંદર કોંગ્રેસના સમયમાં ૪૫૦૦૦ કનેકશન આપ્યા હતા એની સામે ભા.જ.પ.ની સરકાર આવી વર્ષ ૧૯૯૫ પછી તો ૨,૭૫,૦૦૦ કનેકશન આપ્યા અને આજે કહીએ છીએ કે કોઇપણ ટ્રાયબલમાં કનેકશન આવે એટલે તરત જ કનેકશન આપી દઇશું એટલી ઝડપથી કામ આજની તારીખમાં થઇ રહ્યું છે. વીજળીના ભાવોની વાત કરું. કોલસો, ડીઝલ, પેટ્રોલ બધી જ વસ્તુના ભાવ વધ્યા છે. માત્રને માત્ર અમે વીજળીમાં ખેડૂતો પાસેથી એક પૈસાનો વધારો લીધો નથી. આજે ઉપરથી આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ વખતે સાડા સાત એચ.પી. ઉપરનો જે તફાવત હતો એને પણ સરખો કરી નાખ્યો અને એનો પણ લાભ બધા ખેડૂતોને આપ્યો છે એટલે બે રેટ હતા સાડા સાતથી નીચે અને સાડા સાતથી ઉપર એને એક સરખો કરી અને જે નીચેના રેટ હતા એ પ્રમાણે પર એચ.પી. ૬૬૫ વર્ષના લઇ અને આખા રાજયના એક સરખા રેટ કર્યા છે. ટેરિફ ઓર્ડરમાં રેગ્યુલર તો ૨૪૦૦ રૂપિયા કહે છે લેવાનું દર વર્ષે પર એચ.પી. ૨૪૦૦ રૂપિયા સરકારને આદેશ આપ્યો છે પણ સરકાર એની જગ્યાએ ૬૬૫ એચ.પી. લે છે અને બાકીના સંપૂર્ણપણે સબસિડીના ભાગરૂપે રાજય સરકારને આપવામાં આવે છે એટલે આજની તારીખે સબસિડીના આંકડા જો જોઇએ તો ખૂબ મોટા પ્રમાણમાં સબસિડી પણ રાજય સરકાર આજની તારીખમાં ચૂકવવામાં આવતી હોય છે. બે વિષય ખૂબ અગત્યના છે. એમાં આ વર્ષે નિર્ણય લીધો. એક, કોમન ટેરીફ, બધા માટે એટલે દરેક એચ.પી.ના બેઝ ઉપર અને બીજું, ખાસ કરીને અમારા અધિકારીઓ જયારે ખેડૂતોને ત્યાં ચેકીંગ કરવા જતા હતા ત્યારે ચેકીંગની અંદર ઘણી વખત પાણીના તળ નીચે જવાને કારણે અથવા મોટર જૂની થવાને કારણે એ લોકોને લોડ વધારે દેખાય. એટલે ૨૫ એચ.પી.ની મોટર હોય તો ૩૫ આવે. આવી રીતે ઘણી વાર કનેકશનો આવતા હતા. આવા સંજોગોમાં એ લોકોને ૧૦ એચ.પી.ના ખૂબ મોટા બિલો મળતા હતા. આપણે રેગ્યુલેટર પાસે ગયા. રેગ્યુલેટરને આખો કેસ સમજાવ્યો. આની અંદર ખેડૂતો, નાના માણસો મરી જાય છે. એ લોકોનો વાંક નથી. આમાં પાણીના તળો નીચા જાય છે. એટલે રેગ્યુલેટર પાસેથી મંજૂરી લીધી. મંજૂરી લઇને એવું નક્કી કર્યું કે આપણા કોઇ અધિકારી ત્યાં જાય અને ચેકિંગ કરે અને એની અંદર લોડમાં વધારો દેખાય તો એને એક મહિનાની નોટિસો આપે. એ નોટિસોના આધારે એ પૈસા ભરી દે અને કોઇજાતની પેનલ્ટી લેવાની નહીં. કોઇ જાતનો દંડ આપવાનો નહીં. આ પ્રમાણેનો નિર્ણય આ વખતે લેવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારે રિન્યુએબલની વાત કરવી છે. રિન્યુએબલની વાત એટલે કરવી છે કે આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ આખી દુનિયાની અંદર લીડ લીધી છે. પ્રધાનમંત્રીનું વિઝન હતું કે ગુજરાત પહેલ કરે અને મને યાદ છે કે ગુજરાતે સૌથી પહેલું પ્રોસેસ રિન્યુએબલ લેવાનું ચાલુ કર્યું. આખા દેશની અંદર, બધા રાજ્યોની અંદર સોલરની અંદર મોટા પાયે આપણે ૫૦૦ મેગાવોટનું લોકો પાસેથી લેતા હતા. નર્મદા કેનાલ હેડ જુઓ. અનેક અનેક જગ્યાએ આપણે એક્સપરીએમેન્ટ કર્યા. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ પેરીસ કન્વેન્સનની અંદર દેશમાં નેતૃત્વ લીધું અને દિલ્હીની અંદર સોલાર એલાયન્સ ફોર્મેશન થયું. જેની અંદર ઓછામાં ઓછા ૧૨૫ દેશના વડાઓ આવ્યા હતા અને ત્યાં ફ્રાન્સના પ્રેસિડેન્ટ અને આદરણીય શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વ નીચે કરારો કર્યા અને એ કરારો કર્યા કે આખા દુનિયાની અંદર આપણે આ રિન્યુએબલ એનર્જી ઉપર ભાર આપવાનો છે અને રિન્યુએબલ એનર્જીના ભાગરૂપે ૧,૭૫,૦૦૦ મેગાવોટનું તા.૩૧-૩-૨૦૨૨ સુધીમાં ભારતે કમિટમેન્ટ આપ્યું છે. એ કમિટમેન્ટના આધાર ઉપર આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજીના નેતૃત્વમાં ઊર્જા વિભાગે એક ચેલેન્જ લીધી છે કે જો શ્રી નરેન્દ્રભાઇનું વિઝન પૂરું કરવું હોય તો ગુજરાતે પહેલ કરવી જ પડે. જે હાલની અંદર

૮,૭૩૮ મેગાવોટ છે, એની અંદર ઓછામાં ઓછું તા.૩૧–૩–૨૦૨૨ સુધીમાં ૨૨,૦૦૦ મેગાવોટ કેવી રીતે થાય તે એ પ્રમાણે અમે જુદી જુદી યોજના દ્વારા આગળ વધી રહ્યા છીએ. એની અંદર બે–ત્રણ ટાઇપની યોજનાઓ છે. એક તો અમે બીડિંગ પ્રોસેસ કરીએ છીએ. જેની અંદર કોઇપણ વ્યક્તિ પોતાની જમીન ઉપર બીડ ભરે. દા.ત. અત્યારે ૫૦૦ મેગાવોટનું બીડ ખુલ્લું છે. તો એની જમીન ઉપર એ પાવર પ્રોજેક્ટ નાખે અને અમને કનેક્શન આપે અને જે ૫૦૦ મેગાવોટ સસ્તી વીજળી આપવાની એને અમે બીડ આપવાના. એટલે એ પ્રમાણેની પ્રથા છે. બીજી પ્રથા અમે પાર્કસ ડેવલપ કર્યા છે. દા.ત. રાધા નેશનલ પાર્કસ. એની અંદર ૬૦૦ મેગાવોટનું ચાલુ કર્યું. આદરણીય મુખ્યમંત્રીશ્રીનું ધોલેરાનું ૫૦૦૦ મેગાવોટનું વિઝન છે. આપણે બે ફેઝમાં કરીએ છીએ. એક ફેઝમાં ૧,૦૦૦ મેગાવોટ અને બીજા ફેઝમાં ૪,૦૦૦ મેગાવોટ. ૧,૦૦૦ મેગાવોટમાં ઓલરેડી ધોલેરામાં ૩૦૦ મેગાવોટના બીડ આપી દીધા છે. બીજા આવતા દિવસોમાં કાઢવાના છીએ. આ ઉપરાંત ઘણી મોટી રીતથી દા.ત. કચ્છની અંદર આપણે એક નવું હાઇબ્રીડ પાર્ક બનાવવા જઇ રહ્યા છીએ. ૮૦,૦૦૦ હેક્ટરની જગ્યાની ઓલરેડી આપણને દિલ્હીથી મંજૂરી મળી ગઇ છે. ૮૦,૦૦૦ હેક્ટરમાં ૨૫૦૦૦ મેગાવટોનું દુનિયાનું સૌથી મોટું પાર્ક આપણે કરવા જઇ રહ્યા છીએ. આવતા દિવસોમાં કેન્દ્ર સરકારની કંપની, રાજ્ય સરકારની કંપની અને ખાનગી કંપની આ ત્રણેય ભેગા થઇ પાર્કનું ડેવલપમેન્ટ કરીશું. કેન્દ્ર સરકારે સંપૂર્ણ નેટવર્ક કરવાની ટ્રાન્સમિશન નેટવર્ક કરવાની આપણને હા પાડી છે. પોતે સંપૂર્ણપણે રૂપિયા ખર્ચવાના છે. આવતા વર્ષોમાં દુનિયાની અંદર સૌથી મોટો પાર્ક ઉભો થાય એ પ્રમાણે આપણે જઇ રહ્યા છીએ. આ ઉપરાંત આપણી બીજી ઘણી નાની પોલિસી છે. એ પોલિસીમાં સ્મોલ સ્કેલ પોલિસી છે, જેની અંદર કોઇપણ વ્યક્તિ ૪ મેગાવોટ સુધી પોતે જે ટેરિફ નક્કી કર્યો હોય એ ટેરિફના આધાર ઉપર એ બિડિંગની અંદર જોડાઇ શકે છે. એવી જ રીતે સોલર રૂફટોપ છે. એની અંદર ૮ લાખ ઘરોનો ટાર્ગેટ છે. આ પોલિસી આવ્યા એના ૪–૬ મહિના હજુ નથી થયા અને મને કહેતા આનંદ થાય છે કે ૧,૨૫,૦૦૦ લોકોએ આ પોલિસીના આધાર ઉપર રૂફટોપ માટેની અરજી કરી નાખી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલનો આંકડો કહું તો ૫૦૦ મેગાવોટનું વીજ ઉત્પાદન આનાથી ઉભું થશે.

**અધ્યક્ષશ્રી** : શ્રી મહેશભાઇ રાવલ..

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સોલાર રૂફટોપના કારણે તેમાં ખૂબ આગળ વધી શકીશું. દરેકના ઘરે વીજળીનું ઉત્પાદન થાય અને પોતે વાપરે અને વધે તે રાજ્ય સરકારને વેચે તે પ્રમાણેની વ્યવસ્થા કરી છે. આપણે તેમાં ત્રણ કિલોવોટ સુધી ૪૦ ટકા સબસિડી આપીએ છીએ. ત્રણ કિલોવોટથી દસ કિલોવોટ સુધીમાં આપણે ૨૦ ટકા સબસિડી આપીએ છીએ. રિન્યુએબલ એનર્જીમાં આપણે આ પ્રમાણે કામગીરી કરીને આગળ વધી રહ્યા છીએ અને આખા દેશમાં નંબર વન પોઝીશન પર આવીએ તે પ્રમાણે આપણે આગળ વધી રહ્યા છીએ. બજેટની વાત કરું તો આપણે આ વખતે સૌથી મોટી જાહેરાત કરી હોય તો તે દિનકર યોજનાની વાત છે. વર્ષો સુધી ખેડૂતોના ત્રણ પ્રશ્નો હતા. એક ગુણવત્તાવાળી વીજળી, બીજું, વીજળીના કનેકશનો અને ત્રીજું, દિવસે વીજળી આપવાની વાત. હવે કનેકશનો આપવાનો વિષય પૂરો થઇ ગયો છે. જે રીતે સબ સ્ટેશનો આપીએ છીએ તે જોતાં વીજળીમાં ગુણવત્તા આવવાની છે. દિવસે વીજળી આપવા માટે આપણે ખૂબ મોટા પ્રમાણમાં આગળ વધી રહ્યા છીએ. રૂપિયા સાડા ત્રણ હજાર કરોડના ખર્ચે આવતા ત્રણ વર્ષમાં એક–એક જિલ્લાને લઇને સંપૂર્ણપણે દિવસે વીજળી આપવાનું કામ કરવાના છીએ. આની અંદર સવારના પાંચ વાગ્યાથી આઠ કલાક ગણીએ તો બપોરના એક વાગ્યા સુધી વીજળી આપવામાં આવશે અને તે પછી એક વાગ્યાથી રાત્રિના નવ વાગ્યા સુધી વીજળી આપવામાં આવશે. આમ બે ફેઇઝમાં દિવસે વીજળી આપવાના છીએ. આ દિનકર યોજનાનો શુભારંભ આમ તો આદરણીય પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વની અંદર ૨૨ મી તારીખે આપણે જૂનાગઢથી કરવાના હતા પણ કોરોના વાયરસની અસરના લીધે તે મુલતવી રાખ્યું છે. આવતા મહિનાની અંદર આ યોજનાનો આપણે શુભારંભ કરવાના છીએ. આની અંદર ત્રણ ચેલેન્જીસ છે. પહેલી ચેલેન્જીસ ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવાની છે. કારણ કે આના માટે ખૂબ મોટું ઇન્ફ્રાસ્ટ્રકચર્સ ઉભું કરવું પડશે. આમાં દરેકને એક સાથે વીજળી આપવાની હોય તો સબ સ્ટેશનો વધારે જોઇએ અને ટ્રાન્સમિશન નેટવર્ક વધારે જોઇએ. એટલે જીયુવીએનએલ અને જેટકોએ એક પ્લાન બનાવ્યો છે કે કેવી રીતે અમે આમાં આગળ વધી શકીએ. આમાં સાહેબ, ખાસ વાત એ છે કે, વીજળી સ્ટોર થતી નથી. ખેડૂતો માટે આજની તારીખે જે રાતના સમયે વીજળી આપવામાં આવે છે. એટલે છ વાગ્યા પછી જે વીજળી આપવામાં આવે છે એટલી વીજળીનું જનરેશન દિવસે વધારે કરવું પડશે. એના માટે ચેલેન્જીસ છે. બીજું, જોઇએ તો રિન્યુએબલ એનર્જીની વાત છે. એટલા માટે તેમાં અમે ટાર્ગેટ વધારે રાખ્યો છે. ત્રીજું, ગેસ બેઇઝ પાવર પ્રોજેક્ટ છે. ગેસ મોંઘો છે પણ અત્યારે ભાવો થોડા ઓછા થયા છે એટલે આ પાવર પ્રોજેકટ અમે ફૂલ ફ્લેઇઝ ચાલુ કર્યા છે. કોલસા આધારિત વીજ મથકો ચાલુ–બંધ ન કરી શકાય. તેને ચોવીસ કલાક ચલાવવા પડે. એટલે વીજળી ઉત્પાદન જે સમયે થાય તેટલો જ વીજ વપરાશ તે જ સમયે થવો જોઇએ તો જ ફ્રીકવન્સી મેચ થાય. જો ફ્રીકવન્સી મેચ ન કરી શકીએ તો બંને સંજોગોમાં અંધારપટ ઉભો થઇ શકે છે. એટલે સૌથી મોટી ચેલેન્જીસ વીજળીની છે. બજેટની અંદર આ વખતે ખેડૂતોને વીજળીના કનેકશનો, સબ સ્ટેશનો, સબસિડીની ખૂબ મોટા પ્રમાણમાં વ્યવસ્થા કરી છે. ઇલેક્ટ્રિસીટીની વાત કરું તો તેની અંદર ભારતીય જનતા પાર્ટીની એક જ સરકાર છે કે, જેને આ વિધાનસભાગૃહની અંદર ઘટાડો, ઘટાડો અને ઘટાડો કર્યો છે. ગુજરાતની સ્થાપના વર્ષ ૧૯૬૦થી થઇ. આપ વર્ષ ૧૯૬૦થી ૧૯૯૫ સુધીનું કોઇપણ બજેટ જુઓ તો તેમાં ઇલેક્ટ્રિસીટીના ટેક્સેસનનો ગ્રાફ ઉંચો જ ગયો છે. વર્ષ ૨૦૦૨થી ગ્રાફ નીચો આવ્યો છે. આ વખતે આદરણીય નાણામંત્રીશ્રીએ જે દુકાનો હોય,

વકીલોની ઓફીસ હોય, ડોકટરના દવાખાના હોય આ બધી જગ્યાએ કોમર્શિયલની અંદર ૩૦ લાખ લોકોને લાભ આપવા માટે આ વર્ષે રૂપિયા ૩૦૦ કરોડ આપવાની જાહેરાત કરી છે. હું બીજા વિભાગની વાત કરી લઉં.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસમાં બંદરોએ ખૂબ મોટો ફાળો આપેલ છે. પહેલાં તો માનનીય અધ્યક્ષશ્રી, આપને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે, એ એટલા માટે કે, આપે પ્રશ્નોત્તરીમાં જવાબમાં હન્ડ્રેડ પર્સન્ટ પરફેક્ટ યાદ રાખી સભ્યશ્રીઓને અત્યારે જાણ કરી. મારે સભ્યશ્રીઓને જાણ કરવાની કે રો રો નામનો શબ્દ જ નથી અને એ વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન આવ્યો હતો અને મારે જવાબની અંદર મેં લખેલ હતું એ શબ્દ અત્યારે આપે હાઉસની અંદર કહ્યો છે. શબ્દ છે રો-પેક્સ એટલે રો-રો ફેરી ચાલે છે એનો વિષય આવ્યો હતો એટલે રો-રો ફેરી જેવો શબ્દ નથી એટલે એ પ્રમાણે જવાબ આપ્યો હતો એટલે વિષય છે રો-પેક્સ છે. એ રો-પેક્સ અત્યારે દહેજ-ઘોઘાની ચાલુ થઇ ગઇ છે એ ૨૪-૨ એ આપણે ચાલુ કરી છે. આવતા દિવસોમાં બીજા પણ કનેકશનો આપણે લીધેલા છે એટલે અનેક જગ્યાએ હજીરાથી માંડીને બે-ત્રણ જગ્યાએ શરૂઆત કરવા માટેનો આદરણીય મુખ્યમંત્રીશ્રીએ અત્યારે ઓલરેડી આદેશ પણ આપેલ છે. અત્યારે કામગીરી ચાલુ પણ છે, ટેન્ડર પ્રક્રિયા પણ ચાલુ છે. ટેન્ડર પણ આવી ગયા છે એટલે ટૂંક સમયની અંદર ટેન્ડરોની પણ ચકાસણી થશે એટલે આપણે આની અંદર વધારે ડેસ્ટીનેશન પછીથી ચાલુ કરીશું.

અધ્યક્ષશ્રી : બજેટ પછી બજેટ પૂરું થઇ જાય, પાસ થઇ જાય એના પછી માનનીય તમામ ધારાસભ્યશ્રીઓને આ રો-રો ફેરી કે રો-પેક્સ ફેરી છે એમાં આપણને લઇ જવામાં આવે. (અંતરાય) પાટલી તો થપથપાવતા નથી! મારી વાતને સમર્થન ક્યાં મળ્યું છે?

શ્રી સૌરભ  પટેલ :ચોક્કસ.

અધ્યક્ષશ્રી : હા લાંબામાં લાંબી ફેર.

શ્રી સૌરભ પટેલ : હા, ચોક્કસ ફેમીલી સાથે અને નવા ડેસ્ટીનેશન થશેને એટલે વધારે મજા આવશે.

અધ્યક્ષશ્રી :(અંતરાય) તારીખ નહિ બતાયેંગે, આપશે, આપશે, ના એ તો આપણી તૈયારી હોવી જોઇએ, એ તો મળવું પણ પડેને. યાદ કરાવવું પડે, તમારે ફોલો અપ પાકું કરવું પડે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોર્ટ્સ એ વિકાસમાં ખૂબ મોટો ભાગ ભજવે છે. ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે જે પોતાની પોર્ટ પોલિસી લઇને આવેલ છે. ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારાના કારણે આજે મેજર પોર્ટ્સની પોલિસી કેન્દ્ર સરકારની છે. માઇનોર પોર્ટ્સની પોલિસી આપણી છે. માઇનોર પોર્ટ્સમાં જે પ્રમાણે આપણે ડેવલપમેન્ટ કર્યું, દેશનો ૭૦ ટકા ટ્રાફિક માઇનોર પોર્ટ્સનો ગુજરાતના દરિયાકાંઠેથી ઓપરેટ થાય છે અને આ પોર્ટ્સના ડેવલપમેન્ટના કારણે આપણને ગૌરવ થાય કે, આજની તારીખમાં મોર ધેન ૩૧થી ૩૨ ટકા કન્ટ્રીઝ કાર્ગો ગુજરાતના દરિયાકાંઠાથી જઇ રહ્યો છે. આના કારણે આવકમાં પણ વધારો થયો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં રાજ્યની આવક ૯૬૪ કરોડ રૂપિયા હતી, વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૧૪૫ કરોડ રૂપિયાની થઇ. આપણે વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૫૦૦ કરોડ રૂપિયાની આવકની અપેક્ષા રાખીએ છીએ. એટલે આ પ્રમાણે પોર્ટ્સની પોલિસીના કારણે જે પ્રમાણે પોર્ટ્સમાં ડેવલપમેન્ટ થયું છે. દા.ત. હું આપને કહું કે એલ એન્ડ જી ટર્મિનલ. ગુજરાત એક માત્ર પોર્ટ છે એક માત્ર રાજ્ય છે કે જ્યાં સૌથી વધારે એલ. એન્ડ જી. ટર્મિનલ છે. આજે દહેજ, હજીરા, પીપાવાવમાં ચાલુ થશે. પીપાવાવમાં બહુ ટૂંક સમયની અંદર દરિયાકાંઠાની અંદર ચાલુ થશે. એ પ્રમાણે મુંદ્રામાં પણ. આ પ્રમાણેની પોલિસીના કારણે છે. અલંગનું શીપ બ્રેકીંગ યાર્ડ. એની અંદર પણ આપણે ખૂબ મોટા પ્રમાણની અંદર આધુનિકરણ કરીએ છીએ. ૧૫ નવા એડીશનલ પ્લોટ્સ કરીએ છીએ અને ૭૦ પ્લોટને અપગ્રેડેશન કરીએ છીએ. એ પ્રમાણે એ લોકોની નીતિ છે. મેરીટાઇમ યુનિવર્સિટીમાં પણ આપણે ફૂલ ફ્લેજ આગળ વધી રહ્યા છીએ અને એના કારણે સ્કૂલ ઓફ આર્ટસ, સ્કૂલ ઓફ સાયન્સીઝ, સેન્ટર ફોર કન્ટેઇનર એજ્યુકેશન, આ બધા ઘણા નવા કોર્સીસ આપણે કરવા જઇ રહ્યા છીએ. સૌથી ઇમ્પોર્ટન્ટ અને ખાસ કરીને ભાવનગર માટે મારે આપને કહેવું છે કે એક નવું પહેલી વખત રાજ્યની અંદર, દેશની અંદર જેમ આપણે એલ. એન્ડ જી.ની અંદર દહેજ, હજીરા, મુંદ્રા, પીપાવાવ કર્યું છે એ પ્રમાણે પહેલી વખત સી. એન્ડ જી. ટર્મિનલ. સી. એન્ડ જી. અત્યાર સુધી આપણે ગેસના આધારે સી. એન્ડ જી. કન્વર્ટ કરીએ. આ લિકવીડ કન્ટેઇનરમાં સી. એન્ડ જી. લાવી અને સી. એન્ડ જી. આપણે ભાવનગરની અંદર વિકસાવવાનો ટ્રાય કરીએ છીએ અને એના કારણે આપણે ઓલ રેડી ફોરસાઇટ ગ્રૂપ સર્વિસીઝ જોડે એમ.ઓ.યુ. સાઇન કરી નાંખ્યું છે. એમને ડેવલપમેન્ટના રાઇટ્સ પણ આપ્યા છે અને આવતા દિવસોમાં ભાવનગરનું પોર્ટ ધમધમતું થાય એ પ્રમાણેનું આખું આયોજન છે. ખાસ કરીને મારે એક વિષયનું ધ્યાન દોરવું છે કે, આપણે ત્યાં પોર્ટમાં મેજર પોર્ટ, માઇનોર પોર્ટ અને કેપ્ટીવ જેટી એમ ત્રણ પ્રકારના પોર્ટ છે. આ કેપ્ટીવ જેટી શેના માટે હતી કે દાખલા તરીકે જી.એસ.એફ.સી.ને પોતાનું ઇમ્પોર્ટ કરવું હોય તો આપણે એને કેપ્ટીવ જેટીની મંજૂરી આપી. આવી આપણે ત્યાં ૩૩ કેપ્ટીવ જેટીની મંજૂરી આપેલી છે અને આ ૩૩ કેપ્ટીવ જેટી માત્રને માત્ર પોતાનો કાર્ગો લાવી શકતું હતું, બીજાનો કાર્ગો લાવી શકતું ન હતું. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ હમણાં કેપ્ટીવ જેટીને સંપૂર્ણપણે કોમર્શિયલ કાર્ગો લાવવા માટેની મંજૂરી આપી દીધી છે. આ દેશમાં ગુજરાત આ પ્રકારનું પહેલું રાજ્ય છે અને એને કારણે થવાનું શું કે, જે આપણી પાસે ઓલરેડી શીપ લાવવા માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર છે કેમ કે એ પોતે પોતાની શીપ લાવે છે તો એ જ કેપ્ટીવ જેટીનો વધારે ઉપયોગ થાય અને એને કારણે કોમ્પિટીશન થાય અને એના લીધે કાર્ગો વધારે આવે અને આ કાર્ગોને કારણે અમે અપેક્ષા રાખીએ છીએ કે વર્ષે ૪૧૨ કરોડ

રૂપિયાની આવકમાં વધારો થશે. આવી અદ્ભૂત પોલિસી આ વર્ષે અમે લાવ્યા છીએ અને એને કારણે ખૂબ મોટા પ્રમાણમાં ગુજરાતના બંદરોનો વિકાસ થવાનો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ખૂબ મહેનત કરીને આ વિષયમાં એકદમ ડેપ્થમાં માહિતી આપી રહ્યા છો. મારે હાજર તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને કહેવું છે કે, આ છેલ્લી માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે દેશમાં સૌથી પહેલીવાર થયું છે. કેટલા જણાએ સાંભળ્યું? હાથ ઉંચા કરજો હું પૂછીશ અને ખાતરી કરીશ, રખેને ભૂલથી એક જણાએ સાંભળ્યું છે. માનનીય મંત્રીશ્રી, એક જણાએ સાંભળ્યું છે. એટલે કલ્પના કરવાની છે, આમાંથી શીખવાનું છે કે માનનીય ધારાસભ્યશ્રીઓ માત્ર શારીરિક હાજરી આપે છે માનસિક હાજરી આપવાની કોઇની તૈયારી નથી. મંત્રીશ્રીઓની વાત નથી, આપ તો બધા અહીંયા ધ્યાનથી બેઠાં જ છો. માનનીય મંત્રીશ્રી ફરીવાર કહો તો બધાને ખ્યાલ આવે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય એટલો ઇમ્પોર્ટન્ટ હતો એટલે મારે ખાસ કહેવું છે કે, આપણી પાસે ત્રણ જાતના પોર્ટ્સ છે મેજર પોર્ટ, માઇનોર પોર્ટ અને કેપ્ટીવ પોર્ટ. મેજર પોર્ટ એટલે કંડલા જે કેન્દ્ર સરકારથી જોવાય છે, માઇનોર પોર્ટ એટલે આપણે જેને અહીંયાથી મંજૂરી આપી હોય. દા.ત. મુન્દ્રા, નવલખી, દહેજ, હજીરા આ બધાને મંજૂરી આપણે આપીએ છીએ એને માઇનોર પોર્ટ કહેવાય. ત્રીજું ,કેપ્ટીવ પોર્ટ, કેપ્ટીવ એટલે જી.એસ.એફ.સી., રીલાયન્સ કે બીજી જે કોઇ સિમેન્ટ કંપનીઓ હોય એ બધાને પોતાના કાર્ગો લાવવા માટેની મંજૂરી આપી હોય એને કેપ્ટીવ કહેવાય. હવે કેપ્ટીવ જેટી પોતાનો જ માલ સામાન અત્યાર સુધી લાવી શકતા હતા, બહારનો કોઇ માલ સામાન લાવી શકતા ન હતા. હવે આ વખતે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પહેલી વખત ૩૩ કેપ્ટીવ જેટી કે જે દેશમાં સૌથી વધારે કેપ્ટીવ જેટી હોય તો ગુજરાતમાં છે એ બધી જ ૩૩ કેપ્ટીવ જેટીને એક સાથે કોમર્શિયલ કાર્ગો માટેની છૂટ આપી દીધી. કોમર્શિયલ કાર્ગો એટલે શું? દાખલા તરીકે મુન્દ્રાના પોર્ટ પર અદાણી જે કાર્ગો લાવી શકતું હોય એ જ કાર્ગો જી.એસ.એફ.સી. લાવી શકે. સિક્કામાં એ જ કાર્ગો એસ્સાર હજીરામાં લાવી શકે અને એ જ પ્રમાણે રીલાયન્સ લાવી શકે અને એ જ પ્રમાણે બીજી સિમેન્ટ કંપનીઓ લાવી શકે. એનાથી શું થવાનું કે એની જેટી ઉપર મહિનામાં ખાલી બે જ શીપ આવતી હોય અને બાકીના ૨૮ દિવસ ખાલી પડી રહેતી હોય તો એ જેટીનો ઉપયોગ કરવા માટે એ બીજા લોકોને મંજૂરી આપે અને કહે કે મારી જેટી પર તમે કાર્ગો લાવો. એનાથી હરિફાઇ પણ વધશે અને ટાઇમનો અને ઇન્ફ્રાસ્ટ્રકચરનો ઉપયોગ થશે અને કોઇ શીપને બહાર ઉભા રહેવાની જરૂર નહીં રહે અને એ જ પ્રમાણેની આખી વ્યવસ્થા ગોઠવી છે અને આના કારણે કેપ્ટીવ જેટીના કારણે ભાવો ઘટવાના, કાર્ગો વધવાના અને સ્ટેટની આશરે ૪૦૦ કરોડ રૂપિયાની આવકમાં વધારો થશે. આ દેશના ઇતિહાસમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પહેલી વખત આવું પગલું લીધું છે અને એનો ખૂબ લાભ આવતા દિવસોમાં ગુજરાતને થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોટેજની વાત કરી લઉં, કહેવાય નાનો વિભાગ પણ રોજગારી માટે ખૂબ જ અગત્યનો વિભાગ છે. આજની તારીખમાં વિભાગ નાના નાના આર્ટીજન્સને શોધે છે, આર્ટીજન્સ આવે છે, આર્ટીજન્સને એ લોકો ક્રેડીટનો સપોર્ટ આપે છે. જરૂર પડે તો ઇક્વિપમેન્ટ ટુલ્સ બધું આપે છે અને એ લોકોને માર્કેટીંગ માટે બહાર લઇ જાય છે, ગુજરાતની અંદર માર્કેટીંગ માટે સંપૂર્ણપણે ટેકો આપે છે અને આ વખતે ગુજરાતની બહાર પણ ખૂબ મોટા પ્રમાણમાં લઇ ગયા અને હવે ઓન લાઇન વેચાણ માટેની અમે લોકોએ શરૂઆત કરી છે. ડિઝાઇન અને ડેવલપમેન્ટ માટે પણ તે લોકોને મદદ આપીએ છીએ અને ખાસ કરીને આ વિભાગની કુલ સબસિડી રૂપિયા ૪૧૧ કરોડની બેન્કેબલ સબસિડી છે અને આ સંપૂર્ણપણે આજે જોવા જઇએ તો નાના નાના લોકો આનો લાભ લે છે અને તે લોકો પોતાનું ગુજરાન તો ચલાવે છે પણ આજની તારીખમાં એ લોકો બહાર પણ એટલા મોટા પ્રમાણમાં માલ વેચે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેની બે યોજના વિશે કહું તો બાજપાઇ બેન્કેબલ યોજના. આ યોજનાની અંદર અમે ૩૬ હજાર લોકોને આનો લાભ આપ્યો છે અને માનવ કલ્યાણ યોજના આની અંદર ૩૮ હજાર લોકોને લાભ આપ્યો છે. આ લોકોને જે લાભ આપ્યો છે તેની અંદર કુલ ૨૫૨ કરોડ રૂપિયા તેનો ખર્ચો થાય છે. એટલે એ પ્રમાણે આ નાનો વિભાગ પણ ખૂબ અગત્યનો વિભાગ અને ખાસ કરીને હેન્ડીક્રાફ્ટ હોય, હેન્ડલુમના આર્ટીસન્સ હોય આ બધાને આનો લાભ મળતો હોય છે અને આ વર્ષે રૂપિયા ૭૪૬ કરોડનું આ વિભાગનું પ્રોવિઝન છે. મારા મિત્રો નથી નહીંતર તેમને વાયબ્રન્ટનો થોડો ચિતાર આપી દેત.

અધ્યક્ષશ્રી : આપણાં માનનીય ધારાસભ્યશ્રીઓ આટલી મોટી સંખ્યામાં છે તેમને એકલાને નહીં આમને પણ આપો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ તો આપું છું પણ મારો કહેવાનો આશય એ હતો કે એ લોકો માત્ર વાયબ્રન્ટની ટીકા કરતા આવ્યા છે એટલે હું જે વિષય મૂકવાનો હતો,

અધ્યક્ષશ્રી : હાજર છે તે લોકોને કહો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વાયબ્રન્ટ ગુજરાત આપણે જયારે વર્ષ ૨૦૦૩માં ચાલુ કર્યું ત્યારથી આપણે જોવા જઇએ તો વાયબ્રન્ટ ગુજરાતની સફળતા કન્ટીન્યુઅઝ પ્રોસેસ છે અને આપણે કર્યા પછી બધા રાજયોએ ચાલુ કર્યું અને દરેક રાજયની કયાંક અને કયાંક સફળતા મળતી હશે. તેમાં ચોક્કસપણે ખાસ કરીને જયારે બીજા દેશોમાંથી લોકો આવતા હોય છે અને ભાગ લેતા હોય અને જયારે આટલું મોટું નેતૃત્વ દુનિયામાંથી આવતું હોય તો  કરોડો કરોડો રૂપિયાનો ખર્ચો કરીને અહીંયા આવતું હોય છે અને અહીંયા આવતા હોય ત્યારે કંઇક તો પોતાના દેશ માટે અહીંયા રોકાણ કરો કે ત્યાં રોકાણ કરો લાભ તો એ લોકો ઇચ્છતા જ હોય.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લાં ત્રણ વર્ષના આંકડા આપવા છે. વર્ષ ૨૦૧૫માં જયારે વાયબ્રન્ટ થયું, કુલ ૨૧૩૦૪ પ્રોજેકટોના એમ.ઓ.યુ. થયા. એની અંદર કુલ કમિશન અને અત્યારે કમિશન થઇ રહ્યા છે તેવા ૧૫૪૮૮ છે. એટલે ૭૨.૭૦ ટકા પ્રોજેકટનું કમિશન થઇ ગયું છે. વર્ષ ૨૦૧૭માં કુલ ૨૪૭૭૪ના એમ.ઓ.યુ. થયા. એની અંદર કમિશન ૧૫૮૬૬નું અત્યારે કમિશન થઇ રહ્યું છે. એટલે કુલ ૭૩.૪૦ ટકાની સફળતા મળી. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯ એટલે ગઇ સાલ થયું, જેને હજુ એકથી સવા વર્ષ થયું છે. એમાં ૨૮૩૬૦ એમ.ઓ.યુ. થયા, ૬૧૭૧ ચાલુ થઇ ગયા, ૭૩૧૧ અત્યારે ચાલુ છે અને અત્યાર સુધીમાં ૪૭.૫૪ ટકાનો આંકડો પહોંચી ગયો છે. જે યુઝવલી ૪-૫ વર્ષે ઇમ્પ્લીમેન્ટેશન થાય એની જગ્યાએ બે વર્ષની અંદર આટલા મોટા પ્રમાણની અંદર કામગીરી ચાલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગની વાત કરીએ તો ઉદ્યોગ વિભાગની ઘણી બધી પોલિસીઓની વાત કરી. માનનીય સભ્યશ્રીઓએ પોલિસીનો સમય અત્યારે પૂરો થઇ ગયો છે, એકસ્ટેન્શન કરેલી છે અને બધા જ લોકો જોડે બેસીને, ટ્રેડ એસોસિએશનથી માંડીને બધાની જોડે અત્યારે વાર્તાલાપ કરી રહ્યું છે. આવતા દિવસોમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી એક એગ્રેસીવ પોલિસી કરવા માટે આગળ જઇ રહ્યા છે અને તેના કારણે બધા ઉદ્યોગોને ચોક્કસપણે લાભ થશે. એટલે ચોક્કસપણે બે-ચાર મહિનાની અંદર ઉદ્યોગ પોલિસીની જાહેરાત થશે એટલે એ વખતે પાછો એક નવો જમ્પ ગુજરાતના ઉદ્યોગોને કેવી રીતે મળે તે પ્રમાણે અમારો પ્રયાસ રહેવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રમોશનલ એકટીવીટીઝ, ઇન્સેન્ટીવ આ બધું તો આપીએ છીએ પણ સ્કીલ ડેવલપમેન્ટમાં પણ ઉદ્યોગ વિભાગ ખૂબ મહેનત કરે છે, ટેકનોલોજી અને ઇનોવેશનની અંદર પણ ખૂબ મોટા પ્રમાણમાં લોકોને પ્રોત્સાહન આપે છે. અગત્યનું વેલ્યુ એડિશન છે અને જેટલું વધારે વેલ્યુ એડિશન થશે એટલું આપણને ગુજરાતને લાભ થાય એટલે તેના માટે જુદી જુદી રીતથી ઉદ્યોગ વિભાગ વેલ્યુ એડિશનને પોલિસી દ્વારા પ્રોત્સાહન આપવાનું કામ કર્યું છે. લેબર પ્રોડકટીવીટી બહુ અગત્યનો રોલ બ્રેકઅપ થયો છે અને આટલા કોમ્પીટીશનના જમાનામાં લેબર પ્રોડકટીવીટી તે ખર્ચો ઘટાડતું હોય અને આવા સંજોગોમાં સારા એવા ટ્રેનિંગ પ્રોગ્રામ થતાં હોય ત્યારે આ ટ્રેનિંગ પ્રોગ્રામની અંદર બધી જ વસ્તુમાં સરકાર હોંશિયાર છે એવું હોતું નથી. નવી ટેકનોલોજીની પ્રાઇવેટ સેક્ટરને પહેલાં ખબર પડતી હોય છે. કારણ કે, એ પ્રાઇવેટ સેક્ટર પોતાના ત્યાં ઉપયોગ કરતું હોય છે. દા.ત. ઓટોમોબાઇલ્સ છે, ફાર્માસ્યુટિકલ્સ છે, એન્જિનિયરીંગમાં એપેરલ છે, આ બધાની સાથે ઉદ્યોગ વિભાગે મારૂતિથી માંડીને સારી-સારી કંપનીઓ જોડે ટાઇ-અપ કર્યો છે. આ ટાઇ-અપ કરી અને એ લોકોને લેટેસ્ટ ઇન્સ્ટ્રુમેન્ટ ટેકનોલોજીની ટ્રેઇનીંગ કેવી રીતે મળે એ માટે આપણે આગળ વધી રહ્યા છીએ. સેન્ટર ઓફ એક્સીલન્સ કરવાના આવે તો સેન્ટર ઓફ એક્સીલન્સ પણ આપણે કરીએ છીએ. બેલેન્સ ગ્રોથ, ઇન્કલુસિવ ગ્રોથ એ ખૂબ અગત્યનો ગ્રોથ હોય છે અને આ ઇન્કલુસિવ ગ્રોથ કરવા માટે જી.આઇ.ડી.સી. પણ ઘણી વખત અગત્યનો રોલ પ્લે કરતી હોય છે. એટલે જ આપણે જોવા જઇએ તો દરેક ક્ષેત્રમાં, દરેક જુદા-જુદા વિસ્તારમાં ગ્રોથ કેવી રીતે વધે એ પ્રમાણેની રાજ્ય સરકારની મહેનત હોય છે. સ્ટાર્ટ-અપમાં ગુજરાત નં-૧ છે. રીસર્ચ ડેવલપમેન્ટમાં પણ નીતિના કારણે સ્ટાર્ટ-અપમાં ગુજરાત ખૂબ આગળ રહ્યું છે અને ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાએ ગુજરાતને બેસ્ટ પર્ફોમન્સનું recognition આપ્યું છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ હમણાં CETPમાં ખૂબ મોટું ધ્યાન આપ્યું છે. એની હું પછીથી ડિટેઇલ આપીશ કે GIDC કેવી રીતે આગળ જાય છે. પણ ઉદ્યોગ વિભાગ, GIDC, એન્વાયર્નમેન્ટ વિભાગ આ બધા જ વિભાગ ભેગા મળીને કોમન એન્ફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ઉદ્યોગોના જે પ્રશ્નો છે એનો નિકાલ કરવા માટે એ લોકો અત્યારે મહેનત કરી રહ્યા છે. Ease of doing businessમાં અત્યારે આપણે જોઇએ તો અનેક નવા કાયદાઓ લાવ્યા છે, અનેક નવા બિલ પણ લાવ્યા છે. હું આવનારા દિવસોમાં ઇલેક્ટ્રીસીટી ડ્યુટી માટે પણ એક બિલ લાવવાનો છું. એનું મૂળ કારણ ease of doing businessમાં સરળતા લાવવાની છે અને જરૂર પડે તો કાયદામાં ફેરફાર કરવાના છે. મોટા ભાગે આપણે જોવા જઇએ તો ગવર્નમેન્ટે ઓનલાઇન કામગીરી પણ ચાલુ કરી છે અને એનો લાભ આજની તારીખમાં બધાને મળતો થયો છે. હું GIDCની વાત કરું તો GIDC ૨૧૬ એસ્ટેટ ચલાવી રહી છે અને ૪૩,૦૦૦ હેક્ટરમાં છે. આજની તારીખમાં GIDC ઓછામાં ઓછા ૧૭ લાખ લોકોને રોજગારી આપે છે. GIDC એસ્ટેટનો લાભ એ છે કે રોડ, રસ્તા, પાણી, ગટર બધું જ એમાં મળી જાય. એન.એ.ની પરમિશન પણ ન જોઇએ. આવી અને સીધો પ્લોટ લે અને પ્લોટ લીધા પછી એ લોકો ફેક્ટરી ચાલુ કરે એ પ્રમાણેની વ્યવસ્થા GIDC ગોઠવે છે. આજની તારીખમાં અન્ડર પ્લાનિંગ ૮ એસ્ટેટ છે. સાણંદના ખોરજમાં છે, એમાં ૧૧૮૦ હેક્ટર છે. ભરૂચના ઝઘડિયામાં ૨૦૩ હેક્ટર છે. ભરૂચના વાઘરામાં ૨૮૩ હેક્ટર છે. કચ્છમાં ભચાઉ, રાપર, પંચમહાલમાં શહેરા અને પોરબંદરમાં પણ છે. આણંદમાં તારાપુર, અરવલ્લીમાં મોડાસા, ભાવનગર, દાહોદ, કાલાવાડ, ઊંઝા, ટંકારા, હરજી, સરસ્વતી, લોદિકા, બારડોલી અને દસાડા એમ નવી એસ્ટેટો અને અન્ડર પ્લાનિંગ એસ્ટેટો પણ ખૂબ મોટા પ્રમાણમાં છે. ગિફ્ટ સીટીમાં GIDC ખૂબ મોટા પ્રમાણમાં આગળ વધી રહ્યું છે. આદરણીય પ્રધાનમંત્રીનું સપનું હતું કે ગિફ્ટ સીટીમાં ફાયનાન્સિયલ હબ બને અને એ ફાયનાન્સિયલ હબ બને તો ખૂબ મોટા પ્રમાણમાં રોજગારીની તક ઊભી થાય. ૨.૨૩ એટલે ૨૨ લાખ સ્કવેર ફૂટ જગ્યા GIDCએ એપ્રુવ કરી છે અને ફેઝ-૧માં ટેકનિકલ અને ફાયનાન્સિયલ કામગીરી અત્યારે ચાલી રહી છે. એ ફોર્મેશન થશે એટલે નાના લોકો જેને ટેબલ્સ પ્લેસ જોઇતી હોય, જે લોકો અત્યારે ગિફ્ટ સીટીમાં જઇ શકતા નથી એ બધાને આમાં લાભ થવાનો છે. મહિલાઓ માટેનો જુદો પાર્ક, એમ.એસ.સી. માટેનો પાર્ક આવું ઘણું બધું કામ GIDC કરી રહી છે. જેની વિગતોમાં હું જતો નથી. અત્યારે જે મેં deep sea effluent treatment disposal projectની વાત કરી એ અમદાવાદ, જેતપુર અને વડોદરા આ ત્રણ જગ્યાએ આ વખતે

કામ હાથમાં લીધું છે. ૫૦૦ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઈ કરી છે. એ GWILને પૈસા આપશે અને GWIL અને ઉદ્યોગ વિભાગ ભેગા થઈને કામ કરશે. આના કારણે આ ત્રણેય ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટને ખૂબ મોટા પ્રમાણમાં લાભ થવાનો છે. આ ઉપરાંત ૧૦૦ MLDનો desalination plant દહેજમાં ચાલુ કર્યો. રૂપિયા ૧૭૪૧ કરોડના ખર્ચે ૧૦૦ MLD sea waterનો desalination plant દહેજમાં ઉદ્યોગો માટે આપણે ચાલુ કર્યો છે અને એની અંદર ઘણું બધું કામ આગળ વધી ગયું છે. સરવેથી માંડીને ગ્રાઉન્ડ ઇમ્પ્રુવમેન્ટનું કામ આગળ ચાલી રહ્યું છે અને ટેન્ડર અપાઇ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોકેમિકલ વિભાગની વાત કરું તો આપણા દેશમાં આપણું રાજ્ય પેટ્રોકેમિકલ આધારિત સ્ટેટ તરીકે ઓળખાય છે. દેશનો સૌથી વધારે ગેસ ગુજરાતમાં વપરાય છે. હા, આપણા ગુજરાતમાં વપરાય છે. એનું મૂળ કારણ કે આપણે ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં વિઝનરી પ્લાનીંગ આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ કર્યું હતું. ગુજરાત એક માત્ર રાજય છે કે જેના એકે એક  જિલ્લામાં એની કામગીરી ચાલે છે,  આવું આખા દેશમાં એક પણ રાજય નથી. ગુજરાત એક જ માત્ર રાજય છે કે આજની તારીખમાં ૧૭ થી ૧૮ લાખ લોકોને કનેકશન આપ્યાં છે. એટલે આપણે ગૌરવ સાથે કહી શકીએ કે એક ઘરમાં પાંચ વ્યકિતઓ હોય તો ૧ કરોડ લોકો આજે આપણા ત્યાં ગેસ વપરાશનો લાભ લઈ શકે છે. ગુજરાતની ૧૫ થી ૨૦ ટકા વસતિના ઘરે નળમાં ગેસ આવે છે, એટલે પાણી ચાલુ કરો એમ ગેસ આવે છે. આવું કોઇ જગ્યાએ નથી, એટલે ખૂબ મેસિવ રીતે ગુજરાત ગેસ હોય, ગુજરાત પેટ્રોનેટ હોય કે આપણી બીજી કોઇ પણ કંપનીઓ હોય જે પ્રમાણે ગેસ ગ્રીડ બનાવી છે એ ગેસ ગ્રીડના આધાર પર ગુજરાતના એક એક જિલ્લાની અંદર આપણે આગળ વધી રહ્યા છીએ. કેન્દ્ર સરકારે પણ આપણને મંજૂરી આપી દીધી છે, આ મંજૂરી મળવાના કારણે દરેક જિલ્લાની અંદર આપણે આગળ વધી શકીશું.

મીઠા ઉદ્યોગની વાત કરી લઉં તો આ મીઠા ઉદ્યોગ ખૂબ મોટી રોજગારી આપે છે. એ લોકોને એક વિષય જે મેઇન હતો, જે મીઠા ઉદ્યોગનો હતો એ લોકોને ખૂબ મોટા પ્રમાણમાં ડિઝલ વપરાતું હતું એ ડિઝલ ઓછું વપરાય એના માટે આપણે એ લોકોને પાણી કાઢવા માટે સોલર પંપ આપ્યા, એ સોલર પંપ દ્વારા પાણી કાઢે છે એટલે ડિઝલનો એ લોકોને ખર્ચો ઘટી જાય છે. એ લોકોને એટલો તો લાભ કર્યો. પરંતુ એનાથી આપણે એક સ્ટેપ આગળ ગયા છીએ, એટલું આગળ ગયા છીએ કે એ લોકો જે મીઠાના માટે પાણીની જરૂર ન હોય ત્યારે હમણાં જ એમની સાથે વાર્તાલાપ કરી એમને મંજૂરી આપી કે ઓફ સિઝનની અંદર બધા સંપૂર્ણપણે સોલર પંપ લઇને એક જ સ્થળે મૂકે અને એક જ સ્થળે મૂકીને આપણે વીજ ઉત્પાદન કરીએ અને વીજ ઉત્પાદન કરીને આપણે ગ્રીડમાં નાંખીએ, જેટલી વીજ ઉત્પાદન કરે એના આપણે સંપૂર્ણપણે પૈસા આપીશું. એટલે જયારે વપરાશ ન હોય ત્યારે પણ એ લોકો આની આવક ઉભી કરી શકે એ પ્રમાણેની વ્યવસ્થા હમણાં આપણે એ લોકો સાથે કરી રહ્યા છીએ અને એ પ્રમાણે કરાર કરીને આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માઇનીંગ ડિપાર્ટમેન્ટની વાત કરું તો એમાં પણ આપણે ખૂબ મોટા પ્રમાણમાં આગળ વધી રહ્યા છીએ. માઇનીંગ ડિપાર્ટમેન્ટની સૌથી અગત્યની બાબત હોય તો તે કે આપણે ચોક્કસ આવક તો વધારી જ છે. સૌથી ઇમ્પોર્ટન્ટ એ છે કે ઇ– ઓકશન કર્યું છે, જેનાથી ટ્રાન્સપરન્સિ આવે છે. પહેલાં શું હતું પ્રપોઝલ જે વહેલો તે પહેલો, મેં અરજી નાંખી દીધી, જીઓલોજીસ્ટે કહ્યું કે અહીંયાં ખાણ છે, મિનરલ્સ છે, એટલે જઇને મેં અરજી નાંખી દીધી, વર્ષો સુધી એના કારણે જે વહેલો તે પહેલાના ધોરણના કારણે એને મિનરલ્સના રાઇટસ્ મળતા હતા. એ આપણે હવે બંધ કરી નાંખ્યું. કાયદાની અંદર જે કંઇ ફેરફાર કરવાના હતા તે કર્યા પછી આપણે બ્લોક બનાવ્યા છે, એમાં કેટલો રિઝર્વ છે એ નક્કી કરીએ છીએ, એ રિઝર્વ નક્કી કર્યા પછી ઓકશન કરીએ છીએ અને ઓકશન કર્યા પછી જે સૌથી વધારે બોલી આપે, તે બોલીનું આપણે ઓકશનની અંદર રિવોલ ઓકશન કરીને સંપૂર્ણપણે બ્લોકનું ઓકશન કરીએ છીએ. આના કારણે ચોરી તો અટકી પણ આ ચોરી અટકયા ઉપરાંત આપણી આવક વધવાની છે. અત્યાર સુધીમાં ૮૦૭ બ્લોક ઓકશન કર્યા, એમાંથી ૪૫૪ સકસેસફૂલ ગયા. આ સકસેસફૂલ બ્લોકના કારણે આપણને આવતા વર્ષોની અંદર ખૂબ મોટી આવક મળવાની છે. ઘણું બધું ઓનલાઇનથી માંડી અને એનફોર્સમેન્ટ એકટિવિટીથી માંડી ખાણ ખનિજ વિભાગ ખૂબ આગળ વધી રહ્યું છે. એટલું જ નહીં એની જે રોયલ્ટી આવે છે એ આપણે રોયલ્ટી જયાં આ નિકળે છે ત્યાં આપીએ પણ છીએ. દા.ત. ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન ટ્રસ્ટ છે, કુલ ૬૬૮ કરોડ રૂપિયા અત્યાર સુધી ખાલી એ લોકોને ફાળવવામાં આવ્યા છે. એ જે વપરાય છે એ સંપૂર્ણપણે ત્યાંના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે વપરાય છે. એટલે આનો પણ લાભ આપણે આપી રહ્યા છીએ. આવતા દિવસોમાં એકસપ્લોરેશનમાં ખૂબ મોટી મહેનત કરીએ છીએ, એના કારણે જે મિનરલ થવાની છે, એ મિનરલ્સમાં પણ આપણને આવતા દિવસોમાં લાભ થવાનો છે.

મારા આ ઉદ્યોગ અને ખાણ ખનિજ, એનર્જી, પેટ્રોકેમિકલ્સ અને પોર્ટસના વિષયમાં જે માગણીઓ લઇને આવ્યો છું તેનો મેં ખુલાસો કર્યો. માનનીય સભ્યશ્રીઓએ અને સભ્યશ્રી દુષ્યંતભાઇએ જે વાત કરી, માનનીય હર્ષભાઇએ પણ વાત કરી, માનનીય હર્ષભાઇને એટલું જ કહેવું છે કે એમનું જે ચાલી રહ્યું છે ઇન્ડસ્ટ્રિયલ પોલિસિની વાત કરી. હીરા બુર્ઝની વાત કરી તો આ હીરા બુર્ઝએ આવતા દિવસોમાં આપણું ઘરેણું થવાનું છે, એમાં કોઇ સવાલ નથી. આ હીરા બુર્ઝ મને યાદ છે કે જયારે પ્લાનીંગ કર્યું હતું ત્યારે મેં રાતના જઇને જમીન જોઇ હતી. કારણ કે જો દિવસના જોવા જઇએને તો લોકોને ખબર પડે. એટલે ખાનગી જમીનો રાતના અધિકારીઓ જોવા ગયા હતા કે કઇ જમીન પર હિરા બુર્ઝ કરવું? અને પછી મુખ્યમંત્રીશ્રીએ આ બધી પહેલ કરી અને એકદમ ફટાફટ બધી સ્પીડ પકડાઇ અને હીરા બુર્ઝનો સૌથી મોટો એડવાન્ટેજ શું છે કે અત્યારે જે દુબઇથી માંડીને એન્ટવર્પથી માંડીને બધે હીરા ખરીદવા જઇએ છીએ અને હીરા જયારે ખરીદતા હોઇએ ત્યારે આપણે હીરા લઇને આવીએ છીએ, એ હવે ખરીદવા જવું નહીં પડે. જે કોઇ વ્યકિત આવશે એ પાર્સલ લઇને ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર ઉતરે ત્યારે એનું

પાર્સલ ખોલવાનું નહીં. એ હીરા બુર્જમાં જાય, હીરા બુર્જમાં ખુલે, સોમાંથી નેવું હીરા વેચાય તો દસ નંગ એમની રીતે પાર્સલથી પાછા જાય એ પ્રમાણેનો લાભ થાય અને સંપૂર્ણપણે બહારના વેચનારાથી માંડીને ઘરના લેનારાથી માંડીને અને આદરણીય મુખ્યમંત્રીશ્રી હીરા બુર્જમાં ધ્યાન આપે છે. કેમ કે વહેલી તકે આ વર્કીંગ મોડ ઉપર થાય અને સુરતના લોકો જે મળવા આવે છે, રેગ્યુલર બેઇઝ ઉપર આપણને મળવા આવે છે. માનનીય દુષ્યંતભાઇએ જી.આઇ.ડી.સી.ની પોલીસીની વાત કરી, એમનો જે વિષય છે કે બાજુનો પ્લોટ મળવો જોઇએ. બાજુના પ્લોટનું એમનું સૂચન પોલીસીના ભાગ રૂપે છે. પણ એની અંદર પણ બાંધકામ ફરજિયાત છે. એ ફરજિયાતથી અલગ કરવું પડે અને આખું બાંધકામ કરવું પડે એમાં આપણો બેઝીક હેતુ છે કે નવી રોજગારી મળવી જોઇએ. પરંતુ આપનો વિષય છે તે અંગે હું અધિકારીઓ જોડે ચોક્કસ વાત કરી અને કોઇ સ્પેસિફીક રીજનના કારણે કેમ નથી અપાતો એ જોઇ લઇએ. એની અંદર નીતિમાં ફેરફાર કરવાનો હશે તો માનનીય મુખ્યમંત્રીશ્રી જોડે વાત કરી અને જો યોગ્ય લાગશે તો નીતિમાં પણ આપણે ફેરફાર કરીશું. ઘણા બધા સભ્યશ્રીઓએ આ વિષયની વાત કરી છે. શ્રી પૂર્ણેશભાઇ મોદીએ પણ સુરત વિષેની બહુ જાણકારી આપી. અમારા ભરૂચના શ્રી અરૂણસિંહ રણાથી માંડીને શ્રી બાબુભાઇ બોખીરીયાએ પોર્ટસ્ માટે વાત કરી છે. શ્રી જગદીશભાઇથી માંડીને શ્રી ગોવિંદભાઇએ ઊર્જાનો ખૂબ અનુભવ સારો હોવાનું કહ્યું. હું ચોક્કસપણે આપને છેલ્લે એટલું જ કહેવા માગું છું કે, અમારો ઊર્જા વિભાગનો હેતુ એ છે કે સારામાં સારી ગુણવત્તાવાળી વીજળી આપવી, રીઝનેબલ કોસ્ટે આપવી, રીઝનેબલ કોસ્ટ એટલે વર્ષોથી અમે ટેરીફ વધારો કર્યો નથી, અમે ફાઇલ ઉપર લખીએ છીએ કે અમારે ટેરીફનો વધારો જોઇતો નથી અને હું આપને ગૌરવ સાથે કહું કે આખા દેશમાં ઊર્જા માટે ટેરીફનો વધારો માગ્યો નથી તેવું એક માત્ર રાજય હોય તો તે ગુજરાત છે. જે કોઇ નાનો મોટો વધારો આવે છે એ ફ્યુઅલ સરચાર્જનો આવે છે. ફ્યુઅલ સરચાર્જ એટલે શું કે કોલસાનો ભાવ વધારો આવે એટલે પાસ થ્રુ થાય, ગેસનો ભાવ વધારો આવે એટલે પાસ થ્રુ થાય, કોલસાનો ભાવ ઘટે તો એ ઘટે. એ જ છે. પણ બેઝીક ટેરીફમાં અમે કયારેય વધારો માગ્યો નથી અને આવતા દિવસોમાં ખેડૂતોને સંપૂર્ણપણે કનેકશન આપવા, ફીડર બાયફરગેશનને પ્રાયોરીટી આપવી, ૫૦-૫૦ કે ૧૦૦-૧૦૦ કિલોમીટરના ઘણી જગ્યાએ ફીડર છે, બે વર્ષની અંદર એકે એક ફીડર અમારા નોર્મ્સ પ્રમાણે થઇ જાય તે પ્રમાણેનું અમારું પ્લાનીંગ છે. આનો લાભ એ છે કે ફીડર જેટલું લાંબુ હોય એટલા ટેકનીકલ લોસ વધે, બીજું, ફીડર લાંબુ હોય તો એક જગ્યાએ કનેકશન જાય તો બધા ખેડૂતો દુ:ખી થાય અને ક્વોલીટી પાવર છેવાડાના ખેતરમાં ન મળે, ઓછો થાય, આ ત્રણ કારણસર અમે લોકોએ નક્કી કર્યું કે ફીડર બાયફરગેશનને પ્રાયોરીટી આપવી, દરેક વિભાગમાં ટાર્ગેટ સોંપાઇ જાય કે કોઇ પણ લાંબો ફીડર હોય તે અપગ્રેડ કરો, ધારાસભ્યોને મારે વિનંતી કરવાની કે આપના વિસ્તારમાં પણ કયાંય એવું લાગતું હોય કે આ વિસ્તારનું ફીડર લાંબુ હોવાને કારણે વધારે ટ્રેપીંગ થાય છે તો એ ફીડર પહેલા લાવજો હું ચોકકસપણે કહું છું કે એ ફીડરને પહેલા આપણે લઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી ધારાસભ્યશ્રીઓને મેં બોલાવ્યા હતા અને બધાને સબ સ્ટેશનો પણ આપ્યા છે અને ખૂબ મોટા પ્રમાણમાં આદિવાસી પટ્ટાની અંદર આપણે સબ સ્ટેશન આપીએ છીએ. ઓછામાં ઓછા ચાલીસથી પચાસ સબ સ્ટેશનો તો માત્ર આદિવાસી પટ્ટામાં આપ્યા છે અને એનું મૂળ કારણ એ છે કે મને ખબર છે કે આદિવાસી પટ્ટામાં લાઇનો ખૂબ લાંબી છે એટલે એ લાઇનો ટૂંકાવવા માટે આપણે આ કરવાનું આયોજન કર્યું છે અને એ લોકોના સૂચનો પણ લીધા છે અને એ પ્રમાણે આપણે આયોજન પણ કરી રહ્યા છીએ. એટલે કોઇ પણ વિષય હોય, આપણે પ્રશ્નનો ઉકેલ લાવવાનું કરીએ છીએ અને ધીમે ધીમે ઊર્જા વિભાગનો એક પણ પ્રશ્ન બાકી ન રહે અને પબ્લિકની કોઇ જાતની ડિમાન્ડ ન રહે તે પ્રમાણેનું આખું આયોજન છે અને મને સંપૂર્ણ વિશ્વાસ છે કે ૩ વર્ષ પછી આ હાઉસમાં કોઇ માગણી જ નહીં હોય, એક જ માગણી હશે અન્ડર ગ્રાઉન્ડ કેબલની, તે સિવાયની એક પણ માગણી નહીં હોય તે પ્રમાણેનું આપણે આયોજન કર્યું છે. બીજું, મને ચોકકસ વિશ્વાસ છે કે દિવસે વીજળી, ખેડૂતોના કનેકશન, ઇન્ફેકટ માનનીય અધ્યક્ષશ્રી, ફેકટરીઓ બંધ થવા માંડી, અમારા થાંભલાવાળા નવરા થઇ ગયા, થાંભલાની ફેકટરીઓમાં ઓર્ડર નથી, આજની તારીખમાં એકે એક જે ફેકટરી નાંખીને બેઠા છે તે લોકોને બહાર વેચવા જવું કે કેમ એ વિષય આવી ગયો! આટલી મોટી સંખ્યામાં કરતા હોય અને એ ખરીદી પણ બંધ થઇ જાય. હવે નવા કનેકશનો આવતા નથી એટલે નવા ટ્રાન્સફોર્મર ખરીદ કરવાના પણ બંધ થઇ જશે. આવા સંજોગોમાં દરેક કનેકટેડ ફેકટરીઓવાળાનું ઊર્જા વિભાગનું કામ ઓછું થયું છે, એમને બહાર વેચવા જવાની પરિસ્થિતિ થઇ છે. મારે સભ્યશ્રીઓનો ખાસ આભાર માનવો છે કે મારી માગણીઓ ઉપર ખૂબ સારી રીતે સૂચનો કર્યા છે અને જે નીતિ વિષયક બાબતો છે તથા સારા સૂચનો કર્યા છે એમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી જોડે અને નાયબ મુખ્યમંત્રીશ્રી જોડે બેસીને સારા સૂચનો કર્યા છે એ અંગેની ચર્ચા કરીશું. ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : સૌથી પહેલા વચ્ચે મારે કોઇને ટોકવા નહોતા. પહેલું તો જે ધારાસભ્ય પોતાની સીટ ઉપર નથી એ પોતાની સીટ ઉપર જતા રહે. કારણ કે મતદાન કરવાનું છે. જેટલા બદલાય છે એની નોંધ લેવાઇ રહી છે અને હું લખવાનો છું. મારા ધ્યાનમાં બધું હોય જ છે કોણ કોની સાથે વાતો કરે છે, કોણ વધારે વાતો કરાવે છે, કોણ કોને વાતો કરે છે, કયા ભાઇ કયા બહેન સાથે વાતો કરે છે આ બધું જ મારા ધ્યાનમાં છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, બે ક્રાંતિકારી નિર્ણયો લીધા એ ખૂબ અભિનંદનને પાત્ર છે. પહેલા ઉત્પાદન અને પછી મંજૂરી. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પહેલા જયારે જી.આઇ.ડી.સી. સ્થાપવાની હતી ત્યારે પાંચ વર્ષ માટે એમને એકસાઇઝથી માંડીને ઇલેક્ટ્રીસિટી વગેરેમાં રાહત આપતા હતા. હવે જે નવા ઉદ્યોગોને પહેલા ઉત્પાદન પછી મંજૂરીમાં એ તો બરાબર છે કે ત્રણ વર્ષ પછી મંજૂરી લેવાની છે પરંતુ એમાં સાથે આ ટાઇપની રાહત આપવા માગો છો કે નહિ?

બીજું એ છે કે આપણે ખૂબ મોટો ક્રાંતિકારી નિર્ણય લીધો છે. ખેતીવાડી બેઇઝ ઇલેકટ્રીસિટી ઘણા વખતથી બધાની માગણી હતી. પરંતુ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ચારે ચાર ઝોનમાં સાથે કામગીરી ચાલુ થાય, નહિ તો એવું થશે કે દક્ષિણ ઝોનમાં છેલ્લે ચાલુ થાય એટલે ચારે ચાર ઝોનમાં સાથે કામગીરી ચાલુ થાય તો હું એમ માનું છું કે ખૂબ સારો લાભ મળી શકશે.

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીનો પહેલો સવાલ હતો કે ઉદ્યોગોને ઇન્સેન્ટિવ જયારથી ઉત્પાદન કરે ત્યારથી મળે છે. એટલે જે કોઇ નીતિ હોય એ નીતિની અંદર આ ત્રણ વર્ષ તો આપ્યા છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ સરળતા માટે એ લોકોને નીતિ એવી કરી છે કે તમે કાલથી ઉત્પાદન ચાલુ કરી શકો છો. મંજૂરી જોડે જોડે લો એ પ્રમાણેની એડવાન્સમાં આપી છે. એટલે એનો અર્થ એ કે ઇન્સેન્ટિવ તો તાત્કાલિક મળશે. એકસાઇઝ સેન્ટ્રલનો વિષય છે. હવે જી.એસ.ટી. આવ્યું એમાં આપણે ન આપી શકીએ. પરંતુ આપણે જી.એસ.ટી.ના ભાગરૂપે સ્ટેટ સબ્જેકટે છે એ સ્ટેટ જી.એસ.ટી.માં પોલિસીમાં રાહત આપીએ છીએ એ ચાલુ રાખી છે.

અધ્યક્ષશ્રી : હવે કોઇ હાથ ઉંચા ન કરશો, મેં આઠ સભ્યશ્રીના નામો લખ્યા છે. અનુક્રમ મુજબ પહેલા જેણે હાથ ઉંચો કર્યો એનું નામ પહેલા નોંધ્યું છે. માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇએ છેલ્લે હાથ ઉંચો કર્યો છે એટલે એમનું નામ છેલ્લે છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીની લાગણી સમજી શકું છું. પણ ત્રણ વસ્તું કહું કે દિવસે વધારે વીજ ઉત્પાદન કરવાનું, ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવાનું અને આ બે વિષય કરતાં સમય લાગે. જેમ જિલ્લાઓમાં કામ પૂરું થશે. બધી જગ્યાએ કામ ચાલુ કર્યું છે. કોઇ જગ્યાએ ઓછું હશે કોઇ જગ્યાએ વધારે હશે. એટલે જે જગ્યાએ કામ પૂર્ણ થશે ત્યાં પહેલું ચાલુ કરીશું. પરંતુ મુખ્યમંત્રીશ્રીએ ટાર્ગેટ આપ્યો છે કે ત્રણ વર્ષમાં સંપૂર્ણ કામ કરવું એ પ્રમાણે ઊર્જા વિભાગ ચોકકસ પૂર્ણ કરશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ ખનીજની અંદર જે બ્લોક પાડવામાં આવે છે એ નાના અને સ્થાનિક લોકોને ત્યાં લાભ મળતો નથી અને એ બ્લોક પાડવાથી નાના અને સ્થાનિક લોકોને રોજગારી મળવી જોઇએ એ મળતી નથી, એનાથી એ વંચિત રહે છે. તો એ નિર્ણયમાં કોઇ ફેરફાર કરવા માગો છો કે નહિ? બીજો પ્રશ્ન એ છે કે રોયલ્ટીનો ફાળો છે એ જે મોટું ગામ હોય તો એ ગામના પ્રો રેટા પ્રમાણે રોયલ્ટી મળે તો એ વધારે ઉચિત છે. એવો કોઇ નિર્ણય સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બ્લોક ફાળવણી બાબતની વાત કરી. આખા રાજયની અંદર આપણે આદિવાસી પટ્ટાને ચોક્કસ આનો લાભ આપીએ છીએ. બ્લોકની જયારે હરાજી થાય છે તો આદિવાસી ત્યાંના રહેણાંકોને આપણે પહેલો પ્રેફરન્સ આપીએ છીએ એ લોકોને બીડીંગમાં ભાગ લેવડાવીએ છીએ. એમને લાભ મળે છે. બાકીમાં તો સમાંતર આખા રાજયમાં આપણે ગણેલ છે. રોયલ્ટીની અંદર જે ડી.આઇ.એમ.સી. અને બધાની અંદર આપીએ છીએ. એ ગામની અંદર જ્યાંથી નીકળતું હોય એ લોકોને પણ એનો લાભ મળતો હોય. એટલે એ જે વિસ્તાર છે, જિલ્લા લેવલ સૌથી અગત્યનું, જિલ્લા લેવલ પછી ગામ લેવલ અને ગામ લેવલની અંદર પણ જયાં થતું હોય એને પણ ઇન્ફ્રાસ્ટ્રચરનો લાભ મળતો હોય છે, રોડ, રસ્તા, પાણી અને ગટરનો અને એ રોયલ્ટી એને મળે છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં શું થાય છે કે, ધારો કે, જિલ્લા પંચાયત ભારતીય જનતા પાર્ટીની નથી તો એ રોયલ્ટીની ગ્રાન્ટ એ બીજા બધા ગામોમાં ફાળવાઇ જાય છે અને આજે...

અધ્યક્ષશ્રી : એમાં કોઇ પાર્ટી ના જોવાય, ચાલો. માનનીય જગદીશભાઇ.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં કણભા, કઠલાલ, મીરઝાપુર, બાકરોલ, ભૂવાલડી અને ભાવડા આ બધા વિસ્તારોમાં ખૂબ જ મોટા પ્રમાણમાં પ્રાયવેટ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટો બને છે. મેં મંત્રીશ્રીને પહેલા પણ જાણ કરી હતી કે, તાકિદે ઇન્ડસ્ટ્રીયલ વિભાગ દ્વારા એનો સરવે થવો જોઇએ, ત્યાં એકાદ જી.આઇ.ડી.સી. પાડવામાં આવે કાં તો પછી એગ્રીકલ્ચર ઝોન છે એની જગ્યાએ ઇન્ડસ્ટ્રીયલ ઝોન ડેવલપ કરવામાં આવે. કારણ કે, આવનારા દિવસોમાં આખો જ વિસ્તાર અનઅધિકૃત ડેવલપ થશે અને ભવિષ્યમાં આપણને બધાને મુશ્કેલી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, ટકોર કરી રહ્યા છે કે, બધા ધારાસભ્યો શાંતિથી સાંભળે, સાંભળ્યું છે. *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય જગદીશભાઇ, એક મિનિટ. *(xxx) એટલે એ વાક્ય કાઢી નાખવામાં આવે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આઠેક મુદ્દાઓ મેં માનનીય મંત્રીશ્રી આપને જણાવ્યા છે. એક ઉદ્યોગ પોલિસી ક્યારે બનશે? એમાં સમય મર્યાદા લાગશે એટલે મને લાગે છે કે, આ મુદ્દે તાકિદે પગલાં લઇ અને બધા જ મુદ્દા ખૂબ નાના અને ટેકનિકલ મુદ્દા છે. જ્યારે ઇન્ડસ્ટ્રીઝને અત્યારે ખૂબ મોટી તકલીફ પડી રહી છે, તો વહેલામાં વહેલી તકે સોલ્વ થાય એવું આપણે કરવું જોઇએ.

બીજું, જે એમણે સી.ઇ.પી.ટી.ની વાત કરી છે ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એ નરોડા જી.આઇ.ડી.સી.થી લઇ પીપળજ સુધી એક આખી મેગા પાઇપ લાઇન જઇ રહી છે અને એના કારણે રોડ ઉપર લગભગ છ–છ ફૂટની હાઇટના મેઇન રોડ ઉપર મેઇન હોલ છે અને એ મેગા પાઇપ લાઇન ઓવર ફ્લો થાય છે. એના કારણે આખા નરોડા, વટવા, ઓઢવ આ બધે થ્રુ આઉટ જ્યાં જ્યાં

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મેગા લાઇન પાસ થાય છે ત્યાં બધે મેઇન હોલ રોડ ઉપર છે એટલે જે તે જી.આઇ.ડી.સી.ને તાકિદ કરીને ત્યાં ટ્રિટમેન્ટ પ્લાન્ટ નંખાય અને આ મેગા લાઇન દૂર થાય એવું કરવું જોઇએ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ છેલ્લા વિષયે જે વાત કરી, હું ચોક્કસ અધિકારીઓનું ધ્યાન દોરીશ અને આનો કઇ રીતે તાત્કાલિક ઉકેલ આવે એ જોઇશું અને જે પોલિસીનું અત્યારે, મેં પહેલાં પણ કહ્યું કે, વાર્તાલાપ ચાલું છે અને બને એટલું ઝડપથી નિકળે એ પ્રમાણેની કોશિશ કરીશું. ત્રીજું, જે જી.આઇ.ડી.સી.નું આપે કહ્યું, તો એકવાર અધિકારીઓ સાથે એમનો વિસ્તાર છે, એમને વધારે નોલેજ હોય, એકવાર આપની જોડે બેસીને, આપ સૂચન કરજો, જોઇન્ટ મિટિંગ રાખીએ અને એ પ્રમાણે આપના સૂચનો કેવી રીતે ઇમ્પ્લીમેન્ટેશન થાય અને અનઓથોરાઇઝ, અનઓર્ગેનાઇઝ ન થાય એ રીતથી આપણે કાળજી રાખીએ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ખાણ ખનિજ વિભાગનો છે. આપણી સરકાર આવ્યા પછી રોયલ્ટીની બાબતમાં બિલકુલ ચોરી બંધ થઇ ગઇ છે. પરંતુ પ્રશ્ન અત્યારે એ છે કે, ગામડાના ખેડૂતો પોતાનું પ્રાયવેટ સાધન લઇને આવે, જ્યાં સુધી પબ્લિક કેરિયરનું સાધન હોય તો જ રોયલ્ટી નીકળે છે. તો ખેડૂતો બે–ચાર ટન જો એના વપરાશ માટે લેવા જાય તો એની રોયલ્ટી નીકળતી નથી. એના કારણે ખેડૂતોને હાલાકી ભોગવવી પડે છે. તો ભવિષ્યમાં એ લોકોનું પ્રાયવેટ સાધન, રોયલ્ટીની તો કોઇ ચોરી નથી. તો એના માટે રોયલ્ટી નીકળે એવી મારી વિનંતી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગામતળની અંદર જે બોર કરવામાં આવે વારિગૃહ માટે પંચાયત કરે અને એમાં કદાચ પાણી ના આવે અને ગામતળની બહાર જવું પડે છે. થોડા અંતરે જવું પડતું હોય એનું એસ્ટિમેટ વધુ આવે છે, પંચાયત એટલી સક્ષમ નથી. તો એ એસ્ટિમેટ માટે પાણી પુરવઠા અને ઊર્જા વિભાગ કાંઇક સંકલન કરીને પંચાયતનું એસ્ટિમેટ ઓછું આવે અને પૈસા ભરાય, ઊર્જા કે પાણી પુરવઠા વિભાગ ભરે એવું કાંઇક થઇ શકે એમ છે ? બીજું, કે ગામતળની બહાર વારિગૃહને ચોવીસ કલાક વીજળી આપવામાં આવતી નથી. હવે એ ગામતળની બહાર ચોવીસ કલાક વીજળી આપવામાં આવે તો દરેક પંચાયતને એનો લાભ મળે અને પાણી સારી રીતે ગામને પહોંચી શકે. આ મારા બે પ્રશ્નો છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે, આજની તારીખમાં નીતિ એવી છે કે, દરેક ગ્રામ પંચાયતને એક બોર આપણે આપીએ છીએ. કારણ કે, સંપૂર્ણ રીતે સબસિડી પીવાના પાણી માટે નાણાં વિભાગ એ ઊર્જા વિભાગને આપે છે. અગર બીજા બોરની જરૂર પડતી હોય તો પાણી પુરવઠાનું સર્ટિફિકેટ લાવવું એ જરૂરિયાત છે. અગર પાણી પુરવઠા બોર્ડ સર્ટિફિકેટ આપે કે આ લોકોને જરૂર છે. તો આપણે તેમને બીજું કનેક્શન પણ આપીએ છીએ. એટલે ગામતળની અંદર ન હોય તો ગામ બહાર પણ આપીએ છીએ. તેના માટે અત્યારે જયોતિગ્રામ યોજના ગામતળની અંદર છે. માનનીય સભ્યશ્રીની લાગણી છે કે એ ગામની બહાર જઇને જયોતિગ્રામ યોજના દ્વારા એ લોકોને કનેક્શન આપવામાં આવે. આનું પણ આપણે જોઇ લઇશું. તેનું કારણ શું છે કે પોલિસીના આધાર ઉપર આપણે આપી શકીએ છીએ, એવું નથી કે નથી આપી શકતા. થોડી કાળજી વધારે રાખવી પડે. કારણ કે જયોતિગ્રામ યોજના બેઝીકલી ગામની તળની અંદરની છે. એકવાર ૨૪ કલાક બહાર આપીએ તો આનો દુરુપયોગ પણ થતો હોય છે, પરંતુ આપના ગામની તકલીફ હોય એ વિષય આપજો. પાણી પુરવઠા બોર્ડ સાથે બેસીને એ લોકોનું સર્ટિફિકેટ લઇ તે રીતે ખર્ચો પણ કરવાનો હશે તો ખર્ચો પણ કરીશું અને ગામને પાણી મળે એ પ્રમાણેની આપણે ચિંતા કરીશું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારું એક સૂચન છે કે હાલ અમારે ત્યાં ઉત્તર ગુજરાતમાં પાણીના તળ ઉંડા ગયા છે. એટલે મોટા હોર્સપાવરવાળા જે બોર છે, જે ઉંડેથી પાણી કાઢે છે તેમાં બે પ્રકારે. એક એચ.પી. અને એક મીટર આધારિત છે. મીટર આધારિતમાં ફિક્સ ચાર્જ અને રેટના કારણે એચ.પી. અને એમાં લાઇટ બિલમાં ખૂબ મોટો ફરક પડે છે. કિસાન સંઘ દ્વારા, ખેડૂતો દ્વારા અવાર નવાર આ બાબતની રજૂઆત થઇ છે. માનનીય મંત્રીશ્રીને પણ આ બાબતની રજૂઆત કરેલી છે. તો તેમાં કંઇ થાય તો વધારે સારું.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારનો વર્ષ ૨૦૦૩નો કાયદો સ્પષ્ટ કહે છે કે કોઇ પણ કનેક્શન આપવું હોય વર્ષ ૨૦૦૩ પછી તો મીટર આધારિત કનેક્શન જ હોવું જોઇએ. એટલે સભ્યશ્રી જે કહે છે એ વર્ષ ૨૦૦૩ પહેલાંના કનેક્શનો છે. બીજું, આપણે આજની તારીખમાં મીટરની અંદર પણ કોઇ જાતનો ભાવ વધારો કર્યો નથી. જે પહેલા દિવસે હતો એ જ રાખ્યો છે. ત્રીજું, જે કોઇ ચાર્જીસ લેવાના છે તેની અંદર અમારી પાસે કોઇ સત્તા નથી. જે કોઇ હોય એ રેગ્યુલેટરને સત્તા છે. રેગ્યુલેટરની આગળ જઇને બધાએ રજૂઆત કરવાની છે. રેગ્યુલેટર બધાને હિયરીંગ આપે છે અને હિયરીંગ આપ્યા પછી એ પોતાનો નિર્ણય લે છે.

અધ્યક્ષશ્રી : શ્રી ઋષિકેશભાઇ, એની રેગ્યુલેટરી પાસે જાવ.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે મારા મત વિસ્તારમાં રાંદેર–અડાજણમાં વીજળીની હાઇ ટેન્શન લાઇન અન્ડરગ્રાઉન્ડ કરવાના કામનો ખૂબ મોટો બેકલોગ છે. વખતો–વખત માગણી કરી છે. આ વર્ષે પણ સરકાર ૯થી ૧૦ કરોડ રૂપિયા વધુ નાણાકીય જોગવાઇ કરવા માગે છે કે કેમ?

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજ્યનું બજેટ ફળવાયું છે. હજી નક્કી થયું નથી. સભ્યશ્રીએ રજૂઆત કરી છે. જોવડાવી અને સુરતમાં જ્યારે કરવાનું હશે, સુરતના બે-ત્રણ ધારાસભ્યશ્રીઓની લાગણી છે કે અમારા વિસ્તારનું કરો. પણ આપણે કોઇ પ્રોજેક્ટ બનાવીને કેટલું સ્પીડમાં થાય એ જોઇ લઇશું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઘર વપરાશ કનેકશન મેળવવા માટે સરપંચ અથવા તલાટીનું ગામ તળનું પ્રમાણપત્ર માગવામાં આવે છે. અમારા વિસ્તારમાં ગામતળ છે જ નહીં અને બધા સંયુક્ત ગામમાં જ બધા લોકો રહે છે. તો આ ગામતળ શબ્દ દૂર કરવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એમનો કેસ શું છે તે જોઇ લઇશ, પણ મારે ખાલી સભ્યશ્રીઓની જાણકારી માટે કહેવું છે કે જ્યારથી રેગ્યુલેટર ફોર્મેશન થયું છે ત્યારે એક એક વસ્તુ સપ્લાય રૂલ્સ ડિફાઇન કર્યા છે. ડિફાઇન એટલે તમારે વીજળીનું કનેકશન આપવું હોય તો આટલું આટલું કરવાનું. આટલી આટલી કાળજી રાખવાની. આ જગ્યાએ તમે વીજળીનું કનેકશન આપી શકો. તમારે બેઝમેન્ટની અંદર આ હોવું જોઇએ. ફર્સ્ટ ફ્લોર પર આ હોવું જોઇએ. એ પ્રમાણેની આખી વ્યવસ્થા ગોઠવી છે. એટલે હું ચોક્કસ જોઇ લઇશ.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં શું છે કે ઘણા ગામમાં જ રહે છે અને કેટલાક પોતાની જમીનમાં રહે છે અને એ ગામતળના પ્રમાણપત્ર માગવાના કારણે આજે વીજ કનેકશન વગર ઘણા લોકો બાકી રહી ગયા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇનો પાયાનો પ્રશ્ન છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : બીજો પ્રશ્ન એવો છે.

અધ્યક્ષશ્રી : બીજો નહીં, એક પ્રશ્ન થઇ ગયો ને? બીજો પ્રશ્ન છે? એટલે પાકા પાંચ વગાડવાના છે?

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને શ્રી સૌરભભાઇ પટેલ સાહેબને અભિનંદન આપવા માગું છું કે મારા આદિવાસી વિસ્તારમાં...

અધ્યક્ષશ્રી : અભિનંદનની વાત નહીં, અત્યારે કામની વાત કરો.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આઠ એકર જમીન પર એક કનેકશન મળતું હતું હવે ચાર એકર પર બે કનેકશન આપવામાં આવે છે. એ બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું પરંતુ એક ક્ષતિ રહી ગઇ છે.

અધ્યક્ષશ્રી : આ પરંતુ જ મુશ્કેલ હોય છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : જે ખેડૂતોના સાત-બારમાં નામ છે, જે રીતે ભારત દેશમાં કિસાન સન્માન નીધિ પ્રમાણે જે ખેડૂતોને અત્યારે લાભ મળે છે એ પ્રકારે એમને પણ લાભ મળે એવી મારી રજૂઆત છે.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્ય દંડકશ્રી..

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા નડિયાદની અંદર જી.આઇ.ડી.સી. ફેઝ-૨ વર્ષોથી મંજૂર થયેલી છે.

અધ્યક્ષશ્રી : સાચ્ચી વાત કહું, દંડકશ્રીથી પૂછાય? આ આખી સરકાર તમે ચલાવો છો..

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તમે પરવાનગી આપી એટલે મેં પૂછયું. મારા નડિયાદની અંદર ફેઝ-૨ જી.આઇ.ડી.સી. વર્ષોથી મંજૂર થયેલી છે. ૧૨૦ કરતાં વધુ પ્લોટ છે, ખેડૂતોને એની જમીનના પૈસા પણ ચૂકવાઇ ગયા છે પણ માત્ર બે ખેડૂતો હાઇકોર્ટમાં જવાના કારણે બે પ્લોટ છોડી અને બાકીના પ્લોટની અંદર પૂરેપૂરી જી.આઇ.ડી.સી. થાય એમ છે તો એ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એની અત્યારે કોઇ માહિતી નથી.

અધ્યક્ષશ્રી : ટેકનીકલ એ નોંધાઇ જશે એટલે વાંધો નથી.

શ્રી જીજ્ઞેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમારા મહીસાગર જિલ્લાના લુણાવાડામાં જી.આઇ.ડી.સી. નથી પરંતુ સાહેબશ્રીએ આ વિધાનસભાના સત્રમાં એવું કહ્યું હતું કે ૫૦ ઉદ્યોગપતિઓ જો તૈયાર થઇ જાય તો ત્યાં જી.આઇ.ડી.સી.ની પરમિશન આપવામાં આવશે અને તમામ લાભ આપવામાં આવશે તો જો લુણાવાડામાં આવા વ્યાપારીઓ કે ઉદ્યોગપતિઓ તૈયાર કરીએ તો લુણાવાડામાં મળી શકશે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આનો આપણે લાભ આપી શકીશું.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક સૂચન કરવા માગું છું કે મારા વિધાનસભા મત વિસ્તારની અંદર સાણંદ અને બાવળા વિસ્તારમાં અત્યારે ડાર્ક ઝોન આપવામાં આવ્યો છે તો એના લીધે વીજળી કનેકશન કોઇને લેવું હોય તો એમને સિંચાઇ પદ્ધતિ માટે પાઇપો અને એ બધું આપવામાં આવે છે પણ બેઝીકલી મારા વિસ્તારમાં ડાંગરનો પાક થતો હોય છે અને ઘઉંનો પાક વધુ પડતો છે તો ડાંગરના પાકની અંદર સિંચાઇ પદ્ધતિની ટપક પદ્ધતિવાળી પાઇપ લાઇનો હોય છે એ ડાંગરના પાકમાં ઉપયોગમાં આવતી નથી અને બધી જ પાઇપ લાઇન પડી રહેતી હોય છે. ટપક પદ્ધતિની જે પાઇપો પડી રહે છે અને ખોટો વધારાનો ખર્ચો કરવાનો થાય છે તો ડાર્ક ઝોન હટાવવામાં આવે, એવું મારું એક સૂચન છે અને બીજું કે અત્યારે ગ્રામ્ય વિસ્તારની અંદર જે ગામ તળની વાત કરી તો ત્યાં વસ્તી વધારો થવાથી અને ભાઇઓમાં ભાગ થવાથી બધા ગામની બહાર રહેવા જતા હોય છે એટલે પોતપોતાના ખેતરમાં પોતાનું ઘર બાંધતા હોય છે તો

એની આજુબાજુમાં પોતાનું ખેતર હોય, દરેકના અલગ અલગ સરવે નંબર હોય તો કદાચ આજુબાજુમાં જો ખેતીનું કનેકશન હોય તો એમને ૨૪ કલાકનું કનેકશન મળતું નથી તો એવી કોઇ બીજી ટેકનોલોજી કે ગમે તે વસ્તુથી કનેકશન મળે એવી મારી રજૂઆત છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે મારા મત વિસ્તારમાં પરા વિસ્તારમાં બધા નાગરિકો રહેતા હોય છે. બાજુમાંથી જ ૨૪ કલાકની લાઇન જતી હોય છે અને એમને એસ્ટીમેંટ કિલોમિટર સુધીનું ૮ કલાકનું આપવામાં આવે છે. અમારા સ્થાનિક અધિકારીઓને પૂછીએ છીએ તો કહે છે કે નીતિ વિષયક છે તો આમાં માનનીય મંત્રીશ્રી કંઇ ઘટતું કરવા માગે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગામતળની બહાર કોઇ ગ્રૃપમાં રહેતું હોય, ૧૦–૧૫–૨૦ ઘરો હોય તો આપણે એ પ્રમાણે જયોતિગ્રામની વ્યવસ્થા ગોઠવી આપીએ છીએ. હમણાં માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇના વિસ્તારમાં અનેક સીમ શાળાઓ હતી, વિસ્તારો હતા એ ગામતળની બહાર હતા પરંતુ એ લોકોને ત્યાં ૨૪ કલાક સંપૂર્ણ વીજળી મળતી નહોતી. આપણે અધિકારીઓને મોકલી, ફોટોગ્રાફી પડાવી, વિડીયો કરાવી અને ઓ.કે. કરાવીને એ લોકોને આપી છે. એટલે સભ્યશ્રીઓને મારે કહેવું છે કે તમારા વિસ્તારમાં ગામતળની બહાર હોય પણ એ ગ્રૃપ ભેગું હોવું જોઇએ. પછી છૂટું છૂટું હોય તો એ શકય નથી પણ ભેગું રહેતું હોય તો સો ટકા આપણે જયોતિગ્રામની અંદર ૨૪ કલાકની વીજળીનો એ લોકોને લાભ આપી શકીશું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણે ઉદ્યોગોની વાત કરીએ છીએ ત્યારે સમગ્ર દેશમાં નહીં પણ આખા એશિયા ખંડમાં આપણા ગુજરાતમાં જે એન્વાયરમેન્ટનું ઇન્ફ્રાસ્ટ્રકચર છે, કોમન ઇન્ફ્લુઅન્ટ પ્લાન્ટ, સોલિડ વેસ્ટ સાઇટ હોય કે એના નિકાલની વ્યવસ્થા હોય ત્યારે ઉદ્યોગોની કેપેસિટી હોય પણ ઉદ્યોગોને જુદી જુદી રીતે હેરાન કરીને જો એનો વિકાસ રોકવામાં આવે તો એના માટે સરકાર તરફથી શું સંરક્ષણ આપવામાં આવે? કારણ કે ઘણી એન.જી.ઓ. જે તે વિસ્તારથી લેવા દેવા ન હોય તો પણ અરજી કરીને આ વિકાસને રૂંધવાનો પ્રયત્ન થાય છે ત્યારે આમાં આપણે સજાગ રહેવું જોઇએ.

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીએ ખાસ વિષય મૂક્યો છે. આવું કાંઇ સ્પેસિફિક ધ્યાનમાં આવે તો ધ્યાન દોરજો. આપણે કઇ રીતે મદદ કરવી એ ચોક્કસ જોઇશું. એની અંદર જ્યુડિશિયલને પોતાની પ્રોસેસ હોય છે એટલે રાજ્ય સરકારનું કેટલું ઇન્વોલમેન્ટ કયા સ્ટેજ ઉપર કેટલું કરવું અને કઇ રીતે મદદ કરવી એ કેસ ટુ કેસ ચોક્કસ મદદ કરી શકાશે.

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું ઊર્જા મંત્રીશ્રી અને શ્રી સૌરભભાઇને અભિનંદન એટલા માટે આપવા માગું છું કે, ધારાસભ્ય બન્યા પહેલા ભારત સરકારમાં હું પાવર ગ્રીડ અને પાવર સિસ્ટમમાં ડાયરેકટર હતો. આખા હિન્દુસ્તાનમાંથી સૌથી સારી સિસ્ટમ ગુજરાતના ઊર્જા વિભાગની છે. સાથો સાથ હું કહું છું કે, આખા ગુજરાતની અંદર ખૂબ મોટા પ્રમાણમાં હાઇ–ટેક મશીનો સી.એન.સી. આવી રહ્યા છે. આ મશીનોને ઝીરો ટોલરન્સે ૫૦ મેગાહર્ટઝ ફ્રીકવન્સીથી પાવર જોઇએ. ૪ x ૪૦ વોટનો પાવર જોઇએ. પૂર્વ વિસ્તારની અંદર ઇલેક્ટ્રિસિટીનું બધું બરાબર છે પણ ટોરન્ટની સરખામણીમાં ફ્લક્ચ્યુએશનનું પ્રમાણ વધારે છે. ખૂબ મોટી સંખ્યામાં મશીનો આવવાના કારણે આ ફ્લક્ચ્યુએશન જ્યારે આવતું હોય છે, ત્યારે બે–પાંચ લાખના કન્ટ્રોલ કાર્ડ ઉડી જાય છે. આમાં કોઇ બજેટની જોગવાઇની જરૂર નથી. માત્ર સિસ્ટમ કરેક્ટ કરવામાં આવે તો આ નિવારી શકાય.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં ખંભાત તાલુકો એ છેવાડાનો તાલુકો છે. ખંભાત તાલુકાનો ભાલ વિસ્તાર બિલકુલ અંતરિયાળ વિસ્તાર છે. ત્યાં વીજ જોડાણનો હેવી લોડ પડે છે. બીજું કે, એ વિસ્તાર સંપૂર્ણ ખેતી આધારિત એરિયા હોઇ, ડાંગરનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થાય છે. લિફ્ટ ઇરીગેશનનો પ્રશ્ન ખૂબ રહે છે. કૃષિ વીજ જોડાણ માટે અને આ હેવી લોડના કારણે એક ૬૬ કે.વી. સબ સ્ટેશન ખંભાત તાલુકાના રોહિણી ગામે મેં માગેલ છે એ મંત્રીશ્રી આપે એવી વિનંતી કરું છું.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એમના લોડનું ચેક કરાવી લઇશ અને આણંદ જિલ્લામાં જ્યાં સબ સ્ટેશનની જરૂરિયાત હશે ત્યાં આપી દઇશ.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે માઇનીંગ પોલિસી છે એ સરસ મજાની સરકાર લઇને આવી છે. એમાં પ્રાઇવેટ જમીનો છે એ પણ માઇનીંગ પોલિસીમાં આવી ગઇ છે. એ પણ હરાજી કરીને કરવાની છે એમાં પ્રક્રિયા એકદમ ધીમી છે. કોઇપણ ખેડૂતે પોતાની જમીનમાં માઇનીંગ કરવું હશે અથવા પોતાની જમીન માઇનીંગમાં મૂકવી હશે તો સરકારને જાણ કરે પછી ચોક્કસ સમયમાં માઇનીંગ પ્રક્રિયા પૂરી થઇ જાય એવું કરવું જોઇએ. આમાં બે ફાયદા થશે. રાજ્ય સરકારને આવક થશે અને કરોડો અને અબજો રૂપિયાનું માઇનીંગ આપણે બહારથી મગાવીએ છીએ એનું હુંડિયામણ જાય છે એ બચશે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અત્યારે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની સોલાર રૂફ ટોપ યોજના જે હાઉસીંગ માટે અમલમાં મૂકી છે એ ખૂબ સુંદર યોજના છે. એની અંદર ૩ કે.વી. હોર્સ પાવર સુધી સબસિડી આપવામાં આવે છે એ સબસિડી ૧૦ એચ.પી. માટે એ જ પ્રમાણમાં સરકાર આપવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન છે કે આ યોજના ગુજરાતની અંદર આ વખતે પણ માદરે વતનની યોજના મૂકી છે એ યોજના અંતર્ગત અત્યારે

ગુજરાતની ઘણી બધી સંસ્થાઓ એવી છે કે, ન નફો, ન નુકસાનના ધોરણે સેવાકીય પ્રવૃત્તિ કરે છે. શૈક્ષણિક કે આરોગ્ય હોય એવી સંસ્થાને આ સબસિડી આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં આ યોજનામાં રેસિડેન્શિયલ માટે આપણે મંજૂરી આપી છે. અત્યારે કોમર્શિયલ હોય, સ્કૂલ હોય કે ધાર્મિક સંસ્થાને મંજૂરી આપતા નથી પણ સભ્યશ્રીનું સૂચન છે, ચોક્કસ વિચારીશું. બીજું કીધું કે, ત્રણ કિલો સુધી ૪૦ ટકા છે. ચાર કિલો વોટથી ૧૦ કિલો વોટ સુધી ૨૦ ટકા છે. અગર મારે પાંચ કિલો વોટ કરવું હોય તો ત્રણ કિલો વોટ સુધી મને ૪૦ ટકા મળે, બીજા બે કિલો વોટના મને ૨૦ ટકા મળે. એટલે ચાર કિલો વોટથી દસ કિલો વોટ સુધી આપણે સબસિડી આપીએ છીએ. પરંતુ પાછળના ભાગમાં ૨૦ ટકા આપીએ છીએ અને દસ કિલો વોટથી ઉપર કરવાની મંજૂરી માગે તો એની અંદર આજની તારીખમાં મંજૂરી આપતા નથી.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસે જાણવું છે કે, કોઇ ખેડૂતની ૧૦૦, ૨૦૦ વિઘા જમીનમાં સોલાર પ્લાન્ટ બનાવવો હોય તો સબસિડી આપો છો કે નહીં? અથવા તો તેના શું ભાવ મળે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત આખા દેશમાં રાજ્ય એક નવી યોજના લાવ્યું છે. સ્મોલ સોલાર. હવે નાના સોલારના પ્લાન્ટો ઊભા કરવા એમાં કોઇ પણ વ્યક્તિ, ઈન્ડીવિડ્યુઅલ હોય, કંપની હોય કે સોસાઈટી હોય ચાર મેગાવોટનું ૧૧ કે.વી. ઉપર એ ડાયરેક્ટ આપી શકે છે. ૬૬ કે.વી. ઉપર આપવું હોય તો પણ આપી શકાય છે. એટલે મારા પરિવારમાં ચાર સભ્યો હોય તો હું ૧૬ મે.વો. સુધીનું વીજ ઉત્પાદન કરીને કંપની જોડે ૨૫ વર્ષનો કરાર કરી શકું છું અને આજની તારીખમાં જે પોલિસી નક્કી કરી છે એમાં જે છેલ્લું ટેન્ડર નીકળે એના પર ૨૦ પૈસા વધારે. એટલે ૨.૮૫ રૂપિયા આજની તારીખમાં ભાવ છે. કોઇ પણ વ્યક્તિને ૨૫ વર્ષ સુધી કરાર કરવો હોય પોતાના ખેતરની અંદર ચાર મે.વો. સોલાર પ્લાન્ટ નાખવો હોય તો એના વ્યક્તિગત નામે કે કંપનીના નામે ૧૧ કે.વી.ના એક ફીડર ઉપર ચાર મે.વો.ની ક્ષમતા છે એમાં કાલે જોડાણ કરી શકે છે અને એને વધારે પણ કરવું હોય તો પણ છૂટ છે પણ એ ૬૬ કે.વી. પર કરવું પડે અને આજની તારીખમાં આપણે અપેક્ષા રાખીએ છીએ કે હજુ આપણે આની પબ્લીસિટી કરી નથી. કારણ કે, રૂલ્સ અને બધું થોડું હમણાં બન્યા છે અને બીજી અમે રેગ્યુલેટર પાસે મંજૂરી માટેની દરખાસ્ત કરી છે. લીનીયન કરવાની અમારા રાજ્ય સરકારની ઈચ્છા છે. એટલે થોડી વધારે લીનીયન થાય અને જો રેગ્યુલેટર હા પાડે તો અમારે મોટા પાયે પબ્લિસિટી જેમ સોલારમાં કરી છે એમ આ યોજનાની પબ્લિસિટી કરી ૨૫ વર્ષના કરાર માટેની ગુજરાતની અંદર કોઇ પણ વ્યક્તિ એની જમીન ઉપર નાંખી શકશે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીને ખૂબ કષ્ટ આપ્યું છે અને એમણે ખૂબ સારા જવાબ આપ્યા. હવે ત્રણ જણ છે માનનીય ગોવિંદભાઇ, શ્રી કેસરીસિંહ અને પછી શ્રી દુષ્યંતભાઇ.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારા વિસ્તાર ઉમરેઠમાં ઘણાં સમયથી જી.આઇ.ડી.સી.ની માગણી કરેલી છે. ઘણાં કાગળ લખ્યાં છે અને છેલ્લે નગરપાલિકાના રોડ નકશા પણ આપ્યા છે તો જી.આઇ.ડી.સી. આપશો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : સભ્યશ્રીનું સૂચન છે તો પણ મને રૂબરૂ મળશે તો અત્યારે મારી જોડે ડિટેઇલ નથી પણ અધિકારી જોડે વાત કરીને હું એમને ચોક્કસ મદદ કરીશ.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ગ્રામ્ય વિસ્તારની અંદર પંચાયતને ૨૪ કલાક એક કનેકશન આપીએ છીએ એનું પણ બિલ સરકારમાંથી ભરાય છે પણ ગામની વસ્તી વધે એટલે પરાની બહાર બીજો બોર બનાવતા હોય એની અંદર ટાંકીની વ્યવસ્થા હોતી નથી. આઠ કલાકનું કનેકશન આપણે એમને આપીએ છીએ. ગામની અંદર રાત્રે લાઇટ આપતા હોવાથી રાત્રે સરપંચને પાણી છોડવું પડતું હોય છે એટલે કનેકશન ૨૪ કલાકનું કરી આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને મારે વિષય મૂકવો છે કે જી.ડબલ્યુ.આઇ.એલ. એટલે પાણી પુરવઠાની મંજૂરી મળશે કે આ લોકોને બીજું કનેકશન આપવાની જોગવાઇ છે તો એ પ્રમાણે અમે બીજું કનેકશન આપીશું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો બધાવતી આપનો ખૂબ ખૂબ આભાર. આ વિધાનસભા ૧૩ વર્ષમાં પહેલીવાર આટલા બધા પ્રશ્નો પૂછવાનો અમને મોકો મળ્યો એ બદલ થેંક યુ સર.

અધ્યક્ષશ્રી : એના ખરેખર અભિનંદન વિપક્ષને આપવા જોઇએ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી કનુભાઇની સાથે એગ્રી થઉં છું કે આર.ટી.આઇ. જે લોકો કરે છે. સુરતના લોકોને દહેજમાં શું લેવાદેવા? પણ તેમ છતાંય ઉદ્યોગોની અંદર *(xxx) કરવા અને બધા જ પ્રકારની આવી આર.ટી.આઇ. અમારા સુરતના ધારાસભ્ય પણ એગ્રી થશે કે સાઉથ ગુજરાતના આવા એટલા બધા નોટરીયસ લોકો છે કે ગમે ત્યાંથી ઇન્ફર્મેશન લઇને એ પહોંચી જાય છે અને ત્યાં ઉદ્યોગો વિશે આર.ટી.આઇ. કરે છે એટલે શ્રી કનુભાઇની વાતને હું સમર્થન આપું છું. આવાને શોધી કાઢીને એમના ઉપર કાયદેસરની કાર્યવાહી થાય એટલી વિનંતી.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૬૬ કે.વી. નજીક ન હોય તો કેવી રીતે લાઇટ મળે? સોલારની વાત કરું છું.

---

* આ શબ્દ અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૬૬ કેવી સુધી લાઇન ન હોય તો ૬૬ કેવી સુધી આપણે લાઇન નાંખવી પડે.

અધ્યક્ષશ્રી : એના માટે તમારે માનનીય સૌરભભાઇને ત્યાં લાઇન નાંખવી પડે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અને શ્રી બાબુલાલ જો નાનું વિચારતા હોય તો ૧૧ કેવી.માં ગોઠવાઇ જાય. શ્રી બાબુલાલ મોટું વિચારતા હોય તો એમણે ૧૩૨માં પણ જવું પડે.

અધ્યક્ષશ્રી : વારાફરતી વિચારીને પ્રશ્ન પૂછો એમ નહીં જેણે શરૂઆતમાં હાથ ઉંચા કર્યા એ બધાને પૂછવા દીધા. ડો.આશાબેન છેલ્લો પ્રશ્ન પૂછી લો ચાલો. એક જ બહેને પ્રશ્ન પૂછ્યો છે.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા પહેલા પણ પૂર્વ ધારાસભ્યની માગણી હતી અને અમારી વીસેક સોસાયટીની વચ્ચેથી એક રોડ હાઇવે તરફ જાય છે અને એની વચ્ચોવચ ૬૬ કે.વી.ની હેવી લાઇન જાય છે અને ત્યાં ઘણા બધા અકસ્માતોનો ભોગ બને છે તો એ અન્ડર ગ્રાઉન્ડ કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

અધ્યક્ષશ્રી : માનનીય રાઘવજીભાઇ, એમણે પણ છેલ્લે હાથ ઉંચો કર્યો, હવે હું કોને ના પાડું? આજે પાક્કી ઉઠબેસ થઇ ગઇ છે.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો જિલ્લો આખો દરિયા કાંઠે વસેલો છે અને એના પરિણામે ક્ષારવાળી હવાને કારણે વાયરો ઉપર બહુ અસર થાય છે. વાયરો વહેલા જર્જરીત થઇ જાય છે તો આના માટે વાયરો બદલવા માટે કોઇ સ્પેશિયલ યોજના જામનગર જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારો માટે સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, યોજના છે જ. અત્યારે હાલમાં અને અમે લોકો કરીએ જ છીએ પણ જો સ્પેસિફિક એરિયા એ લોકો કહેશે કે આમાં તકલીફ વધારે છે તો હું ઝડપથી કામ કરાવી દઇશ.

અધ્યક્ષશ્રી : હવે છેક છેલ્લો પ્રશ્ન મારો. એ પ્રશ્ન નથી, પ્રોબ્લેમ છે. નર્મદાજીના પટમાં અને ખાસ કરીને ચાણોદ અને એની સામેના ભાગે ભરૂચ સુધી રેતીની ચોરી જબરજસ્ત થાય છે. વડોદરા જિલ્લામાં અને અમારા ભરૂચમાં અખબારોમાં ઘણું બધું આવે છે. મને ઘણા લોકો એના લેટર પણ મોકલે છે. ફોટોગ્રાફ મોકલે છે. ખૂબ જ કાળજી લેવા માગો છો કે કેમ? નદીમાં આખો પટ ઉભો કરી દે છે રેતીનો અને વહેણ ફેરવી નાખે છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે જયારે ફલોર ઉપર કીધું છે. તાત્કાલિક ૨-૩ દિવસમાં આખી ટીમ મોકલી આપીએ અને ટીમ મોકલીને અહીંયાથી ચેક કરાવડાવીએ અને વહેલામાં વહેલી તકે કેમ બંધ થાય એ જોવડાવી લઇએ.

અધ્યક્ષશ્રી : અને ખેડૂતો ફરિયાદ કરે છે તો મારે છે, જઇને હાડકા તોડી નાખે છે એટલે બહુ ગંભીર બાબત છે. નર્મદાજીની વાત છે એટલે મને થયું કે મને સીધું અડતું નથી પણ આજના એના ઉપરથી એવું લાગે છે અને ખાસ કરીને માનનીય સંસદીય મંત્રીશ્રી હાજર છે, માનનીય ભુપેન્દ્રસિંહજી કયારના હતા, ખૂબ બેઠા એ મને એમ થયું કે હું એમને કહીશ કે આદરણીય લોકસભાના માનનીય સ્પીકરશ્રી ઓમ બિરલાજીએ લોકસભાની અંદર બધું કામકાજ પૂરું થઇ જાય એના પછી ધારાસભ્યોના પ્રશ્નો માટે અડધો કલાક રાખ્યો છે અને એમણે અમારી સ્પીકર કોન્ફરન્સમાં પણ સૂચન કર્યું છે કે દરેક રાજયોએ આ કરવું જોઇએ. આજના ઉપરથી એવું લાગે છે કે મેં લગભગ ૨૩ જણને પૂછવા દીધું. સામાન્ય રીતે આટલો સમય આપણી પાસે નથી હોતો પણ કામકાજ પતી ગયા પછી અડધો કલાક એવો રાખવામાં આવે. માનનીય સંસદીય મંત્રીશ્રીને મારી લાગણી પહોંચાડે બધા. (આ તબકકે માનનીય સભ્યશ્રીઓ દ્વારા પાટલી થપથપાવવામાં આવી) જોરથી વગાડશો તો જોરથી લાગણી પહોંચશે અને દરેક ધારાસભ્યના મત વિસ્તારના જે પ્રશ્નો હશે એ પહેલેથી લખીને અધ્યક્ષને આપી દેવાના. દા.ત. આજના દિવસ માટે ૫૦ પ્રશ્નો આવ્યા. તો ૫૦માંથી અડધા કલાકમાં પૂછી શકાય એટલા ૨૫ પ્રશ્નોને પ્રાયોરિટી આપવામાં આવશે. જે પ્રશ્નો આક્ષેપાત્મક હશે એ પ્રશ્નો પૂછવા દેવામાં આવશે નહીં. એ અધ્યક્ષના અધિકારમાં રહેશે. તમે પ્રશ્ન પૂછશો. તેનો કોઇ જવાબ તરત કોઇ મંત્રીશ્રી આપશે નહીં. ખાલી નોંધ થશે. તે અંગેની જરૂરી કાર્યવાહી જે તે વિભાગ જે તે વખતે કરશે. પણ આ એક વાત મારે બધા સમક્ષ મૂકવી હતી અને મૂકી. આ મેં જોયું એટલે યાદ આવ્યું. કદાચ આ પહેલીવાર બન્યું હશે કે કાપ દરખાસ્ત જ ન હોય, આથી કાપ દરખાસ્તની માગણી મતદાન ઉપર મૂકવાની જરૂર રહેતી નથી.

**માગણી ક્રમાંક- ૧૨, ૧૩, ૪૯, ૫૦ અને ૭૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૪૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૧૭મી માર્ચ ૨૦૨૦ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦**

**ફાલ્ગુન ૨૭, ૧૯૪૧ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

સામાન્ય વહીવટ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**સામાન્ય વહીવટ વિભાગ**

**માગણી ક્રમાંક-૩૦**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫,૮૬,૭૦,૦૦૦ની માગણી ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૩૦ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઇ માનનીય સભ્યશ્રી હાજર ન હોઇ કાપદરખાસ્ત રજૂ થયેલ નથી.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૩૦,૩૮,૩૭,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૦૦૦ની માગણી ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૧ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઇ માનનીય સભ્યશ્રી હાજર ન હોઇ કાપદરખાસ્ત રજૂ થયેલ નથી.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૧૯,૯૩,૪૫,૦૦૦ની માગણી ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૩ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઇ માનનીય સભ્યશ્રી હાજર ન હોઇ કાપદરખાસ્ત રજૂ થયેલ નથી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસન સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૬,૮૪,૦૬,૯૧,૦૦૦ની માગણી ક્રમાંક-૧૦૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૧૦૧ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઇ માનનીય સભ્યશ્રી હાજર ન હોઇ કાપદરખાસ્ત રજૂ થયેલ નથી.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૯૬,૬૬,૧૧,૪૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૬,૦૫,૨૦,૭૫,૦૦૦ની માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૧૦૨ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઇ માનનીય સભ્યશ્રી હાજર ન હોઇ કાપદરખાસ્ત રજૂ થયેલ નથી.**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૩,૪૩,૫૨,૪૧,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪૩,૧૭,૧૯,૯૧,૦૦૦ની માગણી ક્રમાંક-૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૬૬ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઇ માનનીય સભ્યશ્રી હાજર ન હોઇ કાપ દરખાસ્ત રજૂ થયેલ નથી.**

સન ૨૦૨૦-૨૦૨૧ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી મંગળવાર, **તા. ૧૭-૦૩-૨૦૨૦ (પહેલી બેઠક)(ચોથો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

## તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

| | | | | |
|---|---|---|---|---|
| | | **સામાન્ય વહીવટ વિભાગ**<br>**માગણી નં. ૩૦** | | |
| *૧ | ૨૦૧૩–મંત્રી પરિષદ<br>૧૦૧– મંત્રીઓ....પગાર<br>રૂ. ૫,૮૬,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯, પાના નં. ૧૮ | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી રાજયને ઓછી રકમની ફાળવણી તેમજ થતા અન્યાય બાબતે અસરકારક રજૂઆત કરવામાં મંત્રી પરિષદની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દૂધાત |
| *૨ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદની અનેક મહત્વની જગ્યાઓ લાંબા સમયથી ખાલી હોવા છતાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| *૩ | _ _ " _ _ | ૧૦૦ | દર અઠવાડીયે મળતી મંત્રી પરિષદની બેઠકમાં પ્રજાલક્ષી નિર્ણયો લેવામાં તેમજ અગાઉ થયેલ નિર્ણયોની સમીક્ષાઓ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| *૪ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદમાં અધિકારીઓના અભિપ્રાયો અને ફાઈલો પરની નોંધ ઈરાદાપૂર્વક બાજુમાં મુકી દેવાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મંગળભાઈ ગાવિત |
| *૫ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા પ્રજાના કામો થતા નથી જેથી આમજનતા અને ધારાસભ્યોમાં ફેલાયેલ રોષ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા (સુખરામભાઈ રાઠવા) |
| *૬ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદમાં ગરીબો અને આમજનતાને પડતી હાડમારીઓ ઓછી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| *૭ | _ _ " _ _ | ૧૦૦ | સચિવાલયમાં મંત્રીશ્રીઓની હાજરીનો રીપોર્ટ ખૂબ જ નબળો રહયો છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| *૮ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદની નબળી કામગીરીને કારણે પ્રજાનો ઉઠતો જતો વિશ્વાસ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સોમાભાઈ કોળીપટેલ |
| *૯ | ૨૦૧૩–મંત્રી પરિષદ<br>૧૦૧– મંત્રીઓ....પગાર<br>રૂ. ૫,૮૬,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯, પાના નં. ૧૮ | ૧૦૦ | ખાનગી પ્રવાસોમાં સતત વ્યસ્ત રહેતાં મંત્રીશ્રીઓ પાસે આમ જનતાની સમસ્યાઓ સાંભળવા માટે સમય નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| *૧૦ | _ _ " _ _ | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓની રજૂઆતો ધ્યાન પર ન લેનાર મંત્રીશ્રીઓના અધિકારી સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| | | **માગણી નં. ૩૧** | | |
| *૧૧ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૧– ચૂંટણી પંચ<br>રૂ. ૧૨,૯૩,૯૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૯, પાના નં. ૨૩ | ૧૦૦ | રાજય ચૂંટણી પંચ સમક્ષ ચૂંટણી સમયે આચારસંહિતા ભંગની ફરિયાદો સામે ત્વરીત નિર્ણયો લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| *૧૨ | _ _ " _ _ | ૧૦૦ | ચૂંટણીઓ સમયે ફરજ પરના કર્મચારીઓને જરૂરી પ્રાથમિક સગવડતાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| *૧૩ | _ _ " _ _ | ૧૦૦ | ચૂંટણીઓ સમયે ભાડે રાખેલ મંડપ વગેરે જેવા ખર્ચાઓની વિગતો સત્વરે મેળવી તેની ખરાઈ કરી સમયસર ચૂકવણું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| *૧૪ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૨– ચૂંટણી અધિકારીઓ<br>૦૧– ચૂંટણી અધિકારીઓ<br>રૂ. ૫૭,૧૨,૫૭,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના નં. ૨૪ અને ૨૫ | ૧૦૦ | ચૂંટણી સમયે અધિકારીઓ નિષ્પક્ષ રીતે કામગીરી કરે તે જોવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| *૧૫ | _ _ " _ _ | ૧૦૦ | ચૂંટણી અધિકારીઓ પાસે જેમનું નામ મતદાર યાદીમાં ન હોય પરંતુ ચૂંટણી પંચનું આઈકાર્ડ હોય તેમને મતદાન કરવાના નિર્ણયોની સત્તા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઈ માડમ |

| | | | | |
|---|---|---|---|---|
| *૧૬ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૩– મતદાર.... છપાવી<br>૦૩– મતદાર....સુધારણા<br>રૂ. ૫૬,૮૫,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં.૯,પાના નં. ૨૫ | ૧૦૦ | મતદાર યાદીઓ છપાયા બાદ તેની ચકાસણી ન થવાથી નામોમાં રહી જતી વ્યાપક ભૂલો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સુનિલભાઈ ગામીત |
| *૧૭ | _ _ " _ _ | ૧૦૦ | મતદાર યાદીઓ તૈયાર કરતી વખતે ચૂંટણી પંચે આપેલ ઓળખપત્રોની ચકાસણી ન થતા ઘણાખરા મતદારોના નામ યાદીમાં ન હોવાથી એવા મતદારો મતદાનથી વંચીત રહે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઈ બારૈયા |
| *૧૮ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૮– મતદારોને....આપવા<br>રૂ. ૧,૭૦,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૯,પાના નં. ૩૦ | ૧૦૦ | જુના મતદારોને નવા ઓળખપત્રો આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભીખાભાઈ જોષી |
| *૧૯ | _ _ " _ _ | ૧૦૦ | મતદારોને ફોટાવાળા ઓળખપત્રો સમયસર આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી સંતોકબેન આરેઠીયા |
| | | **માગણી નં. ૩૩** | | |
| *૨૦ | ૨૦૫૨– સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૨– સામાન્ય....વિભાગ<br>રૂ. ૩૯,૦૪,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૩૬ થી ૩૮ | ૧૦૦ | લાંબા સમયથી સરકારનો વહીવટ હંગામી ચાર્જના ધોરણે ચાલતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભગાભાઈ બારડ |
| *૨૧ | _ _ " _ _ | ૧૦૦ | હંગામી ચાર્જની જગ્યાઓના કારણે મહત્વના નિર્ણયોમાં થતો વિલંબ તથા અને અધિકારીઓ–કર્મચારીઓ બેવડી–ત્રેવડી જવાબદારીથી મુક્ત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |
| *૨૨ | _ _ " _ _ | ૧૦૦ | વિભાગની નબળી કામગીરીથી રાજયનું વહીવટી તંત્ર નબળુ પડતુ જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| *૨૩ | _ _ " _ _ | ૧૦૦ | વિભાગના પરિપત્ર પછી સચિવાલય–મંત્રી પરિષદની ટપાલો સેન્ટ્રલ રજીસ્ટ્રી મારફતે મોકલવાની હોવા છતા વિરોધપક્ષના નેતાને ટપાલો દ્વારા મોકલાય છે તે માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નથાભાઈ પટેલ |
| *૨૪ | _ _ " _ _ | ૧૦૦ | રાજય સરકાર અને તેમના વિવિધ ભરતી બોર્ડના અધિકારીઓ વચ્ચે સંકલનના અભાવે એક જ દિવસમાં ત્રણ–ત્રણ જેટલી લેવાતી પરીક્ષાઓને કારણે પરીક્ષાર્થીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | વિભાગ હસ્તકના ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કરાતી ભરતીઓમાં થતી ગેરરીતિઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| *૨૬ | _ _ " _ _ | ૧૦૦ | વિભાગ હસ્તકના ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષાઓ રદ થયા બાદ લાંબા સમય સુધી પરીક્ષાઓ લેવાતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| *૨૭ | _ _ " _ _ | ૧૦૦ | વારંવાર પરિપત્રો કરવા છતાં ધારાસભ્યો–સંસદસભ્યોનું સરકારી કાર્યક્રમમાં સન્માન જળવાતુ નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સંજયભાઈ સોલંકી |
| *૨૮ | ૨૦૫૨–સચિવાલય...સેવાઓ<br>૦૯૧– સંલગ્ન કચેરીઓ<br>૦૧– નિવાસી.....કચેરી<br>રૂ. ૧૮,૨૨,૨૨,૦૦૦ | ૧૦૦ | કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોમાં રાજયના પડતર પ્રશ્નોનો સુખદ ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ.સી.જે.ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૪૦ અને ૪૧ | | | |
| | **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણી નં. ૧૦૧** | | | |
| *૨૯ | ૨૨૧૬–આવાસન<br>૦૨– શહેરી ગૃહ નિર્માણ<br>૧૦૩– ગૃહ…સહાય<br>રૂ ૨૩,૩૩,૨૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૧૬ થી ૧૮ | ૧૦૦ | ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા છેલ્લા ચાર વર્ષમાં બનાવેલ આવાસો લાભાર્થીઓને સોંપાયાની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| *૩૦ | _ _ " _ _ | ૧૦૦ | ગૃહ નિર્માણ બોર્ડ પાસે ફાજલ પડેલ જમીનો હાઉસીંગ બોર્ડને આપી તેના પર નવા આવાસો બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલ જોષિયારા |
| *૩૧ | ૨૨૧૬–આવાસન<br>૮૦– સામાન્ય<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ ૩૬,૯૧,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૬<br>પાના નં. ૨૮ અને ૨૯ | ૧૦૦ | ગરીબો માટે મજબૂત અને ઝડપી આવાસો બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| *૩૨ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડના જરૂરીયાતમંદોને ફાળવેલ આવાસો ભાડે આપી દેવાય છે તેની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| *૩૩ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડના અનિયમિત બાંધકામને નિયમિત કરવા તેમજ ખુલ્લી જમીનો ઉપર થયેલ ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| *૩૪ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડમાં અનિયમિત સ્ટાફ અને કર્મચારીઓની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| | **માગણી નં.૧૦૨** | | | |
| *૩૫ | ૨૨૧૫–પાણી…..સ્વચ્છતા<br>૦૨–ગટર….સ્વચ્છતા<br>૧૦૫–સફાઈ સેવા(કે.પુ.યો.)<br>રૂ. ૧,૩૪,૮૬,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,પાના નં. ૧૪ | ૧૦૦ | મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન હેઠળ મળવાપાત્ર રકમો મળવા છતાંય ઠેર ઠેર ગંદકીના ઢગલાઓ જોવા મળે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| *૩૬ | _ _ " _ _ | ૧૦૦ | જાહેર શૌચાલયો બનાવ્યા બાદ શૌચાલયોમાં નિયમિત સ્વચ્છતા જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ |
| *૩૭ | _ _ " _ _ | ૧૦૦ | મોટા શહેરોમાં વર્ષો પહેલા બનાવાયેલા જાહેર શૌચાલયો જર્જરીત હાલતમાં છે તેમજ દરેક વ્યકિતએ પોતાના શૌચાલયો બનાવ્યા છતાં આવા જર્જરીત શૌચાલયો તોડાતા નથી અને ગંદકી ફેલાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |
| *૩૮ | ૨૨૧૭ – શહેરી વિકાસ<br>૦૩ – નાના….વિકાસ<br>૦૦૧ – નિદેશ અને વહીવટ<br>રૂ. ૧,૬૦,૨૨,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૩૨ થી ૩૮ | ૧૦૦ | ફાયર સ્ટેશનોમાં જે–તે વિસ્તારની વસ્તી દીઠ ફાયર સાધનો ફળવાતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| *૩૯ | _ _ " _ _ | ૧૦૦ | આગના બનાવ વખતે જે–તે ગામોમાં ફાયર સ્ટેશન સંબંધિત સુવિધાઓના અભાવે સમયસર આગ ઉપર કાબુ મેળવાતો નથી અને નુકશાની વધે છે તે નિવારવામાં તંત્રની | શ્રી આનંદભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઉદાસીનતા. | |
| *૪૦ | _ _ " _ _ | ૧૦૦ | મોટા શહેરોમાં ઊંચી ઈમારતોના નિર્માણ વખતે જ નિયમાનુસાર ફાયર સુવિધાની જોગવાઈનું પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| *૪૧ | _ _ " _ _ | ૧૦૦ | નોન ટી.પી વિસ્તારોમાં ટી.પી. સ્કીમના ડ્રાફ્ટ બનાવાય છે પરંતુ અધિકારીઓના ટાઉન પ્લાનીંગ એકટના મનસ્વી અર્થઘટનને લીધે નવા વિસ્તારોમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ થતુ નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| *૪૨ | _ _ " _ _ | ૧૦૦ | જે તે ટી.પી. સ્કીમમાં થતી આવકને તે જ ટી.પી. વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પાછળ વાપરવાની સ્પષ્ટ જોગવાઈ છતા એ.એમ.સી. કે ઔડા દ્વારા તેના અમલ થતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| *૪૩ | _ _ " _ _ | ૧૦૦ | નિયમાનુસાર દરેક ટી.પી. સ્કીમનું અલગ એકાઉન્ટ હોવુ જોઈએ અને તેમા ટી.પી. સ્કીમથી થતી આવક તે જ ટી.પી. વિસ્તારના વિકાસ પાછળ થતો ખર્ચ દર્શાવવો પડે તેમ છતાં તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| *૪૪ | _ _ " _ _ | ૧૦૦ | ટાઉન પ્લાનીંગની દરખાસ્તોની વિગતો અગાઉથી ખાનગી બિલ્ડરોને મળી જતા મોટા પાયે જમીનો ખરીદી લેવાય છે અને પાછળથી મોંઘા ભાવે જમીનો વેચાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| *૪૫ | ૨૨૧૭ – શહેરી વિકાસ<br>૦૩ – નાના.....વિકાસ<br>૧૯૦– જાહેર...સહાય<br>૦૫– UDP–મેટ્રો....અનુદાન<br>રૂ. ૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૩૯ અને ૪૦ | ૧૦૦ | મેટ્રો રેલ પ્રોજેકટ હેઠળ થતા કામોને લીધે બાજુના રસ્તાઓ ખરાબ થઈ જતાં વાહનચાલકોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈમરાન ખેડાવાલા |
| *૪૬ | _ _ " _ _ | ૧૦૦ | મેટ્રો રેલ પ્રોજેકટના કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| *૪૭ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩– નાના.....વિકાસ<br>૧૯૧– મહાનગર.....સહાય<br>રૂ. ૨૮,૬૫,૩૫,૩૨,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાના નં.૪૨ થી ૪૪ | ૧૦૦ | મહાનગરપાલિકાઓને વિકાસના કામો જેવા કે, રોડ–રસ્તા પાણી માટે જે નાણા ફાળવાય છે તેનુ યોગ્ય મોનીટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા |
| *૪૮ | _ _ " _ _ | ૧૦૦ | ચોમાસા દરમિયાન તુટેલા રસ્તાઓની મરામત માટે મહાનગરપાલિકાઓને કરોડો રૂપિયા ફાળવાય છે છતા કામો શરૂ થયા નથી તેની તપાસ કરી જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીત વસોયા |
| *૪૯ | _ _ " _ _ | ૧૦૦ | અમદાવાદ શહેરમાં ઓછામાં ઓછા ત્રણ કલાક પુરતા પ્રેસરથી પાણી મળે તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| *૫૦ | _ _ " _ _ | ૧૦૦ | ગરીબોના આવાસો તોડતા પહેલા વૈકલ્પિક વ્યવસ્થાનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અંબરીષભાઈ ડેર |
| *૫૧ | _ _ " _ _ | ૧૦૦ | પુન:વસન હેઠળ ગરીબોને ફળવાતા આવાસોમાં લાભાર્થીઓ રહેતા નથી અને આવા આવાસો ભાડે અપાય છે તે માટે જવાબદારો સામે કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| *૫૨ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩– નાના.....વિકાસ<br>૧૯૨– નગરપાલિકાઓ....સહાય | ૧૦૦ | નગરપાલિકાઓ દ્વારા પાણીના બીલો પ્રજા પાસેથી વસૂલ્યા બાદ વિદ્યુત બોર્ડને સમયસર રકમ ન ચૂકવતા વીજ જોડાણ કપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૨૪,૨૨,૪૭,૬૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં.૪૫ થી ૫૦ | | | |
| *૫૩ | _ _ " _ _ | ૧૦૦ | નગરપાલિકાઓના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| *૫૪ | _ _ " _ _ | ૧૦૦ | ઓક્ટ્રોય નાબુદી પછી સમયસર ગ્રાન્ટ ન મળતા વિકાસના કામો અટવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે. વી. કાકડિયા |
| *૫૫ | _ _ " _ _ | ૧૦૦ | ઓક્ટ્રોય નાબુદી પછી કઈ–કઈ નગરપાલિકાઓને ગ્રાન્ટ ફાળવવાની બાકી છે તેની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભાવેશભાઈ કટારા |
| *૫૬ | _ _ " _ _ | ૧૦૦ | મળવાપાત્ર ગ્રાન્ટમાં વધારો કરી વિકાસના કામોને વેગ મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| *૫૭ | _ _ " _ _ | ૧૦૦ | મળવાપાત્ર જકાત નાબૂદીની ગ્રાન્ટમાં ઓછી રકમ ફાળવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| *૫૮ | _ _ " _ _ | ૧૦૦ | ઓક્ટ્રોયની ગ્રાન્ટમાં સમયાંતરે જરૂરી વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઈ પરમાર |
| **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં. ૬૬** | | | | |
| *૫૯ | ૨૭૦૧–મધ્યમ સિંચાઈ<br>૮૦– સામાન્ય<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૮૯,૯૨,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં– ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૬૬ થી ૮૦ | ૧૦૦ | સિંચાઈની સગવડો વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| *૬૦ | _ _ " _ _ | ૧૦૦ | જયાં સિંચાઈની સગવડો છે ત્યાંની કેનાલો વારંવાર તુટી જતા મરામત કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| *૬૧ | _ _ " _ _ | ૧૦૦ | મધ્યમ સિંચાઈના વિવિધ કામોમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| *૬૨ | _ _ " _ _ | ૧૦૦ | કેનાલોમાં ગંદકી તથા ઝાડી–ઝાંખરાની નિયમિત સફાઈ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| *૬૩ | _ _ " _ _ | ૧૦૦ | કેનાલોની મરામત કામગીરી ખૂબ જ નબળા પ્રકારની થતી હોવાથી, કામગીરી પછી પણ કેનાલો તુટી જાય છે તે માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| *૬૪ | _ _ " _ _ | ૧૦૦ | ખેડૂતોને જરૂરીયાત સમયે કેનાલોમાં સમયસર પાણી છોડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| *૬૫ | _ _ " _ _ | ૧૦૦ | જળસંચય યોજનામાં કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં પાણીનો સંગ્રહ થતો નથી તેની તપાસ કરી જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| *૬૬ | _ _ " _ _ | ૧૦૦ | જળસંચય યોજનાની સમીક્ષા કરી તેમાં થયેલ ખર્ચ અને આમ જનતાને થયેલ ફાયદા અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| *૬૭ | _ _ " _ _ | ૧૦૦ | તળાવો ઉંડા કરી પાણીનો વધુ સંગ્રહ થાય તેવા આયોજનમાં થતી વ્યાપક ગેરરીતિઓની તપાસ કરી જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| *૬૮ | _ _ " _ _ | ૧૦૦ | તળાવોની પાળો ભારે વરસાદથી તુટી જતા ગામમાં પાણી પ્રવેશે છે ત્યારે પાળાઓ મજબૂત કરી પાણીનો નિકાલ ઝડપી થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| *૬૯ | ૨૭૧૧– પૂર...નિકાલ<br>૦૧– પૂર નિયંત્રણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ | ૧૦૦ | પૂરના પાણીનો નિકાલ સત્વરે ન થતા મહિનાઓ સુધી ગામોમાં પાણી ભરાયેલ રહે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અક્ષયકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૬૧,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮(ભાગ-૧)<br>પાના નં. ૧૦૯ | | | |
| *૭૦ | ૨૭૧૧- પૂર...નિકાલ<br>૦૧- પૂર નિયંત્રણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૬૧,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮(ભાગ-૧)<br>પાના નં. ૧૦૯ | ૧૦૦ | ભારે પૂરના પાણીના નિકાલ માટે જરૂરી આયોજન સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| *૭૧ | _ _ " _ _ | ૧૦૦ | પૂર નિયંત્રણ માટે જરૂરી નાણાકીય ખર્ચ કર્યા બાદ યોગ્ય પરિણામ મેળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહેશકુમાર પટેલ |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ ઉપર ચર્ચા કરવામાં આવશે.

શ્રી પૂર્ણેશ મોદી**(**સુરત-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગની માગણી નં. ૩૦, ૩૧ અને ૩૩ લઇને આવ્યા છે. જેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

ભારતીય જનતા પાર્ટીની પંચનિષ્ઠા પૈકીની એક નિષ્ઠા સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ. ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર પણ આ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના સિદ્ધાંતના આધારે ચાલનારી સરકાર છે. કોઇપણ વ્યકિત તે પછી અમીર હોય કે ગરીબ હોય, ખેડૂત હોય કે ઉદ્યોગપતિ હોય, વેપારી હોય કે મજદૂર હોય વગેરે અનેક વર્ગની તુલના હોય પરંતુ જેનો જન્મ ભારત માતાની ગોદમાં થયો હોય, હિન્દુસ્તાનના કોઇપણ ખૂણે જેનો જન્મ થયો હોય પછી ભલે એ ગુજરાત પ્રાંત કેમ ન હોય પરંતુ તે વ્યકિતનો જે ભૂમિ ઉપર જન્મ થાય તેના ભૌગોલિક ભાગ, પ્રાકૃતિક સભ્ય અને પ્રકૃતિ જોડે જેનો જીવનભર નાતો અને જીવનભર એ નાતાથી ઓતપ્રોત થઇ જાય છે અને આજે એટલા માટે જ કહેવાય છે કે '' જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગા દિઅપિ ગરિયસી'' આ આપણી હિન્દુસ્તાનની પ્રાચીન સંસ્કૃતિની ભવ્ય વિરાસત છે. આ આપણને જન્મથી વારસામાં મળી છે. આપણા ગુજરાતની ભુમિ ઉપર જન્મ લઇને જે વ્યકિતનું બાળપણ એ જન્મભુમિ ઉપર વીત્યું હોય, એણે એનું શિક્ષણ પણ એ જન્મભૂમિ ઉપર લીધું હોય, એણે ત્યાંનું અનાજ પણ એ જન્મભુમિ ઉપર ખાધું હોય, જે જન્મભુમિ ઉપર પેદા થયા હોય ત્યાંનું પાણી પણ પીધું હોય અને એ વ્યકિત પછી ગમે તેટલો મોટો થઇ જાય, વિશ્વની અંદર ગમે તેટલી ઉંચાઇ પ્રાપ્ત કરે પણ એ જે જગ્યાએ રહેતો હોય તે પછી એન.આર.જી.ના રૂપમાં હોય, ગુજરાતના કોઇ ખૂણે હોય, નોન રેસીડિન્સ ઓફ ગુજરાતીના રૂપમાં હિન્દુસ્તાનના કોઇ પ્રાંતમાં રહેતો હોય, એન. આર. આઇ. હોય, નોન રેસીડિન્સ ઓફ ઇન્ડિયા, વિશ્વના કોઇપણ દેશમાં રહેતો હોય પરંતુ તેના માનસપટ ઉપર તેની જન્મભુમિ કયારેય વિસરાતી નથી. જે સ્કૂલમાં ભણ્યો હોય, જે તળાવનું પાણી પીધું હોય, જે હોસ્પિટલમાં સારવાર લીધી હોય, જે લાયબ્રેરીમાં વાંચતો હોય એ જન્મભુમિ ઉપર આ બધા સ્થાનો જોડે એને આત્મીયતા અને લગાવ હોય છે અને તેના કારણે તેના મન, બુદ્ધિ, હૃદય, આત્મા અને શરીરથી તેની જન્મભુમિનું ઋણ ચૂકવવા હંમેશા તત્પર રહેતો હોય છે. આ છે આપણો સાંસ્કૃતિક, સામાજિક રાષ્ટ્રવાદ. પ્રત્યેક વ્યકિતમાં અનમોલ સંસ્કાર છે. જે વ્યકિતની કર્મભુમિ ભલે વિશ્વના કોઇપણ ખૂણે હોય પરંતુ એ વ્યકિત પોતાની જન્મભૂમિ માદરે વતનને કયારેય ભૂલી શકતો નથી અને વતનના રતન તરીકે તે વ્યકિત પોતાની માતૃભૂમિનું ઋણ ચૂકવવા હંમેશા તેના હૃદયમાં પ્રેમ જીવંત હોય છે અને પોતાના જન્મભુમિના સ્થાન માદરે વતનમાં કંઇક કરી છૂટવાની, એના ઉપર ન્યોછાવર થઇ જવાની તમન્ના એના હૃદયમાં હંમેશા જીવંત હોય છે અને એટલે એ વ્યકિત પોતાના માદરે વતનમાં શાળા માટે, કોલેજ માટે, લાયબ્રેરી માટે, તળાવ માટે, પાણીની ટાંકી માટે, પાણીની પરબ માટે, પાણીના કૂવા માટે, જળ સંચય માટે, દવાખાના માટે, ગૌશાળા માટે, આમ જે ગામમાં જન્મ લીધો હોય ત્યાં અનેક પ્રકારની આવી સામાજિક સગવડો વધે એ માટે અનેક રચનાત્મક લોક ઉપયોગી કામ થાય એના માટે, સાધન ખરીદવા માટે એ પોતે વિશાળ પ્રમાણમાં દાન કરે છે. એના જીવનમાં જે કંઇ કમાયો હોય એનું દાન કરવા આ જગ્યા ઉપર હંમેશા તત્પર રહે છે. તેનું કારણ સ્પષ્ટ છે કે એ જે સ્કૂલમાં ભણ્યો હોય અને ૩૦-૪૦-૫૦ વર્ષો પછી ત્યાં જાય અને એ શાળા કયારેય બંધ ન થાય એના માટે જે કરવું પડે એ હું કરીશ, ગમે તેટલું મોટું દાન પણ આપીશ આ ભાવ સાથે વ્યકિત જીવતો હોય છે. મારે કહેવું જોઇએ કે આ જ ભાવ સાથે આ ગુજરાત સરકાર કામ કરી રહી છે. આ ભાવ સાથે ગુજરાત સરકાર આ વર્ષના બજેટની અંદર વર્ષ ૨૦૨૦-૨૧ના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને વધુ ઉજાગર કરવા માટે જે ધાર્મિક રાષ્ટ્રવાદ જે વ્યકિતમાં છે એને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદમાં પરિવર્તન કરવા માટે જે સામાજિક રાષ્ટ્રવાદ જે વ્યકિતમાં છે એને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદમાં પરિવર્તન કરવા માટે માદરે વતન માટે કંઇક કરી છૂટવા માટે, મારા ગુજરાત માટે કંઇક કરી છૂટવા માટે સરકાર પણ એ વ્યકિતના હૃદયમાં પ્રગટેલા ભાવ સાથે પોતાના પ્રગટેલા ભાવનો ઉમેરો કરે છે અને એટલા માટે ઉત્તમમાંથી સર્વોત્તમ ભાવ સાથે આ વ્યકિત જેટલું દાન આપે એટલું જ દાન ગુજરાત સરકાર પણ આ પ્રોજેકટમાં આપવાની છે. મને લાગે છે કે આ દાન અને અનુદાનનો એક અનોખો સંગમ ગુજરાતની અંદર હવે શરૂ થવાનો છે. ''ધન સે બડા રાજયહિત અને સરકાર સે બડા રાજયહિત'' ગુજરાત રાજય માટે આ સાંસ્કૃતિક

રાષ્ટ્રવાદને, ધાર્મિક રાષ્ટ્રવાદને, સામાજિક રાષ્ટ્રવાદને વધુ મજબૂત કરવાનું કામ આ ગુજરાત સરકાર કરી રહી છે. આજે બિન નિવાસી ગુજરાતીઓ, એન.આર.આઇ. હોય, એન.આર.જી. હોય, ગુજરાતના કોઇપણ ખૂણે રહેતો હોય, માદરે વતન માટે પોતાનું કર્મ કરે જાય છે. મારું એવું માનવું છે કે વાયબ્રન્ટ ગુજરાતની સફળતાનું રહસ્ય પણ એ જ છે કે જે બિન નિવાસી ગુજરાતીઓ એ પછી એન.આર.આઇ. હોય કે એન.આર.જી. હોય પણ એ વ્યક્તિઓ જ્યારે જ્યારે ગુજરાતના કોઇપણ ખૂણે વાયબ્રન્ટ સમિટ હોય ત્યારે માદરે વતનના ભાવે, ગુજરાતમાં પોતિકાપણાના ભાવ સાથે વાયબ્રન્ટ ગુજરાતમાં ભાગ લઇને ગુજરાતમાં રોકાણ કરે છે. માદરે વતનનો પ્રેમ માત્ર આપણા લોકો માટે છે પણ સામે મારે કહેવું પડે છે કે આ કોંગ્રેસના લોકો માટે આ માદરે વતનનો પ્રેમ લાગતો નથી. મને લાગે છે કે કોંગ્રેસ ગુજરાતમાં કોરોનાનો એકપણ કેસ પોઝિટિવ ન હોવા છતાં તેઓ ગુજરાત છોડી ગયા છે. મને વાંધો નથી પણ એ તો કોરોનાનો ભય બતાવીને ગયા છે. આપણા ગુજરાતમાં કોરોના માટે સરકારે મજબૂત પગલાં લીધાં છે. મજબૂતાઇથી કામ લીધું છે અને સતત કાર્યશીલ છે જેના કારણે એક પણ કેસ પોઝીટિવ નોંધાયો નથી. પણ કોંગ્રેસના ધારાસભ્યો રાજસ્થાન કોરોનાના પોઝીટીવવાળા વિસ્તારમાં ગયા છે. માદરે વતન ગુજરાતને છોડીને ગયા, કોરોનાવાળા, રોગચાળાવાળા વિસ્તારમાં ગયા અને ત્યાં કોરોના લાગુ પડવાની સંભાવના વધી ગઇ છે ત્યારે ગુજરાતમાં માદરે વતનમાં કેવી રીતે આવી શકશે? શું થશે? ૨૬મી તારીખે રાજ્યસભાની ચૂંટણીમાં આવી મતદાન કરવા આવે, કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી અહીંયા આવે તો કોંગ્રેસના ધારાસભ્યો મારફતે રાજ્યના અન્ય નાગરિકોને ફેલાય અને રોગ વધે એવા સંજોગોમાં જવાબદાર કોણ? રાજસ્થાનથી કોરોનાના કેસ મળી આવ્યા એવા વિસ્તારમાંથી કોંગ્રેસના ધારાસભ્યો ગુજરાતમાં આવે તો એવા સમયે નિયમ મુજબ બે અઠવાડિયા આઇસોલેટેડ રાખવા પડે અને તેઓને ૨૬મી તારીખે મતદાનથી વેગળા રાખવા પડે. આ બધા નિયમો તોડીને સીધે સીધા આવે તો જવાબદાર કોણ? એ લોકો કોરોના ભયમુક્ત ન થાય ત્યાં સુધી અળગા રાખવામાં આવે એવી માગણી કરું છું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ગુજરાતમાં લગભગ ૪૫ ટકા લોકો શહેરોમાં વસે છે. રોજીરોટી મેળવવા, આજીવિકા માટે અને પોતાના પરિવાર સાથે સેટ થવા માટે શહેરોમાં ૪૫ ટકા જેટલી વસતિ ગુજરાતમાં છે ત્યારે આ ગૃહની અંદર કોંગ્રેસના એક મિત્રે કહ્યું કે આ શહેરલક્ષી બજેટ છે. આ બજેટ સર્વાંગી વિકાસવાળું બજેટ છે છતાં એમણે જે કહ્યું, હું આદરણીય શ્રી નરેન્દ્રભાઇનો આભાર માનીશ કે એમણે દૂરંદેશીથી જોયું અને શહેરો અને નાના ટાઉન નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં બજેટ ફાળવવાની શરૂઆત કરી. એના કારણે આ ગુજરાતનો વિકાસ દેખાઇ રહ્યો છે. જ્યારે કોંગ્રેસે આ કહ્યું ત્યારે એમણે આમ તો પહેલા કોમ–કોમ વચ્ચે, ધર્મ–ધર્મ વચ્ચે, જ્ઞાતિ–જ્ઞાતિ વચ્ચે આંદોલનો કરાવ્યા અને હવે શહેર અને ગામડા વચ્ચેની ભેદરેખા કરી ત્યારે આ લોકોની નવી નીતિ આવી હોય એવું લાગે છે. એક તો ખાનગી સોસાયટીઓમાં સરકાર જે બજેટ આપે છે એના માટે સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ૭૦:૨૦:૧૦માં ખાનગી સોસાયટીમાં રોડ, લાઇટ, પાણી, ગટર જેવી સગવડો માટે ૭૦ ટકા રાજ્ય સરકારના, ૧૦ ટકા નગરપાલિકા અથવા મહાનગરપાલિકા અને ૨૦ ટકા સોસાયટીના, એમાં પણ ૧૦ ટકા ધારાસભ્ય આપે. એમાં પણ અનુસૂચિત જાતિ અને જનજાતિની સોસાયટી હોય તો માત્ર ૧૦ ટકા ધારાસભ્ય આપે એટલે ૯૦ ટકા ત્યાંથી મળે એટલે ૧૦૦ ટકામાં કામો પૂરા થાય છે. જે લોકો કહે છે કે ગરીબોની આ સરકારને પડી નથી તો ગરીબો માટે આ સરકારે જ કામ કર્યું છે એનો આ જીવતો જાગતો દાખલો છે. મારા મણીનગરમાં લગભગ સીત્તેરેક સોસાયટીઓ દલિતોની હતી એમાં અમે સામે પગલે જઇ જ્યાં લાઇટ, પાણી, ગટર નહોતી ત્યાં ૧૦૦ ટકામાં બજેટ આપીને કામો પૂરા કરાવ્યાં છે અને એ લોકોએ આપને અભિનંદન આપ્યા છે એ હું આપને કહું છું. બીજું, સરકારે સી.સી.ટી.વી. માટે જે બજેટ ફાળવ્યું અને ધારાસભ્ય બજેટ આપી શકે એનાથી સી.સી.ટી.વી.ના લાભો અમે જોયા છે. શહેરમાં પૂર આવ્યું હોય કે પાણી ભરાયા હોય એ સી.સી.ટી.વી.માં દેખાય છે. કઇ જગ્યાએ ચોરી થઇ, કઇ જગ્યાએ તોફાન થયું એ સી.સી.ટી.વી. દ્વારા ખબર પડે છે. આમ, સી.સી.ટી.વી.નો ખૂબ મોટો ઉપયોગ છે. મેં આ વર્ષે અને આવતા વર્ષમાં મણીનગરના બધા પોલીસ સ્ટેશનોમાં બજેટ આપીને મણીનગરને સી.સી.ટી.વી.યુક્ત કરીને એને આખું સલામત બનાવવા હું પ્રયત્ન કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજનાને અનુરૂપ શહેરમાં વસતા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને વધારે લાભ થાય એ માટે આ સરકારે એક લાખથી આવક મર્યાદા વધારીને ત્રણ લાખ કરીને ગરીબો માટે મોટું કામ કર્યું છે અને ઇ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં સાડા સાત લાખ રૂપિયા કિંમત હતી એ પણ ઘટાડીને રૂપિયા સાડા પાંચ લાખ કરીને દરેક ગરીબને બે લાખ રૂપિયાનો ફાયદો કર્યો છે. ગરીબ અને મધ્યમ વર્ગની આ સરકાર છે એનો આ જીવતો જાગતો દાખલો છે. ખાલી ભાષણ કરીને ગરીબ અને મધ્યમ વર્ગ વિરોધી સરકાર નહીં પણ ગરીબ અને મધ્યમ વર્ગ માટે કટિબદ્ધ છે એ માટે હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એક ટાઉન પ્લાનિંગ સ્કીમની અંદર આ ગુજરાત સરકારનો કદાચ આખા ભારત દેશની અંદર એક રેકોર્ડ હશે કે બે વર્ષની અંદર શહેરોમાં ૨૦૦ કરતા વધારે ટી.પી. મંજૂર કરી છે એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અત્યારે શહેરોની અંદર ટી.પી. સ્કીમ ના હોય તો શું થાય? અમે અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં રહીએ છીએ અને જ્યારે અમારો ભાગ કોર્પોરેશનમાં આવ્યો ત્યારે એ ભાગ કોર્પોરેશનમાં પણ નહતો અને જિલ્લા પંચાયતમાં પણ નહતો અને કોઇ ટી.પી. બની નહોતી એના કારણે જેને મનફાવે તેમ કોંગ્રેસના શાસનમાં બાંધકામ થવાના કારણે આ સરખું કરતા કરતા આટલા વર્ષો નીકળી ગયા અને આના કારણે ખૂબ મોટી તકલીફો પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્લાસ્ટિક ફ્રી ગુજરાત એ સરકારનું ધ્યેય છે. પ્લાસ્ટિક મુક્ત ગુજરાત એ સ્વચ્છતા અભિયાન સાથે છે. આ પ્લાસ્ટિક શહેરોમાં ખૂબ મોટી આપત્તિ છે અને આપત્તિને અવસરમાં કઇ રીતે પલટવી એ ભારતીય જનતા પાર્ટીની સરકારનો પહેલાથી નિયમ છે. આ રેગ પીકર્સ પ્લાસ્ટિક વીણવાવાળા છે એના માટે સરકારે કુલ ૨૬ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પ્લાસ્ટિક મુક્ત ગુજરાત કરવા માટે રેગ પીકર્સ જે પ્લાસ્ટિક વીણે છે એમની પણ આ સરકારે ચિંતા કરીને એમને બૂટ–મોજા, માસ્ક અને એપ્રોન જેવી વસ્તુઓ આપવાની છે. એના માટે ૫૬.૫૭ કરોડ રૂપિયા આપ્યા છે. એટલું જ નહીં આ પ્લાસ્ટિકને રિસાઇકલ કરવાવાળા હોય એમને ત્યાં આ શ્રમજીવીઓ જોડેથી લઇને આ સરકાર આપશે અને કોઇ વચેટિયા નહીં, ડાયરેક્ટ એમના ખાતામાં પૈસા જમા થશે, જેના કારણે શ્રમજીવીઓનું જીવન ચાલશે એ માટે સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ કર્યા પછી ૧૧ લાખ ૭૭ હજાર એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટ લગાવી અને રૂપિયા ૧૮૦.૮૩ કરોડની વાર્ષિક ખર્ચમાં બચત થઇ છે. ૨૯૬ મિલયન કાર્બન ડાયોક્સાઇડમાં આપણને ક્રેડિટ મળશે એ માટે પણ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, એકાત્મવાદના સિદ્ધાંતોને વરેલી પાર્ટી જયારે સત્તામાં હોય ત્યારે સ્વાભાવિક છે કે તેનો પ્રયાસ એવો હોય કે છેવાડાના માનવી સુધી સરકારના લાભો પહોંચે અને તેમાંય જયારે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ ગુજરાતની ધુરા સંભાળતા હતા ત્યારે સૌનો સાથ, સૌનો વિકાસનું સૂત્ર આપ્યું અને એને ચરિતાર્થ કરવા કામગીરી કરી. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી આ સરકાર એ જ કંડારેલી કેડી ઉપર આગળ વધી રહી છે. સને ૨૦૦૯–૧૦થી વર્ષ ૨૦૧૯–૨૦ સુધી ફકત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી વિકાસ યોજનાનું સરવૈયું કાઢો તો વિકાસના વિવિધ કામો કરોડો રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યા અને માત્ર શહેરો જ નહીં પરંતુ નગર અને ગામ્ય સ્તરે વિકાસના કામો કરવામાં આવ્યા. રાજયની સ્થાપનાની ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે રાજય સરકારે શહેરોની માળખાયુકત સુવિધાઓ વિકસાવવાના હેતુથી વર્ષ ૨૦૦૯–૧૦થી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાનો અમલ કરવાનું નકકી કર્યું. આ યોજના અંતર્ગત નગરપાલિકાઓ અને શહેરી વિસ્તારોમાં પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર વ્યવસ્થા સહિત વિવિધ માળખાકીય સુવિધાઓને વિકસાવવાનું આયોજન કરવામાં આવેલું છે અને કરી રહ્યા છે. આ યોજનાનું અસરકારક અને કાર્યક્ષમ અમલીકરણ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ તથા ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ યોજના અંતર્ગત જુદાજુદા ચાર ઘટકોમાં કામ થઇ રહ્યું છે. ભૌતિક, આંતરિક, આંતરમાળખાકીય સુવિધાઓ, સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓ, અર્બન મોબીલીટી, શહેરની આગવી ઓળખ ઉભી કરવી, હમણાં સાથી ધારાસભ્યશ્રીએ ટી.પી. સ્કીમની વાત કરી. દરેક શહેરના સમતોલ અને સુવ્યવસ્થિત વિકાસ માટે ટી.પી. સ્કીમો હોવી જરૂરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી પણ તેના ખૂબ જ આગ્રહી છે કે ટી.પી.સ્કીમો ઝડપી બને અને તેના માટે મિટિંગ કરીને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. હું કોર્પોરેટર પણ છું અને ધારાસભ્ય પણ છું ત્યારે વડોદરા મહાનગરપાલિકાએ ૨૬ ટી.પી. સ્કીમ વર્ષ ૨૦૧૩–૧૪માં પાડવાનું આયોજન કર્યું હતું જેમાંથી હજી સુધી ૯ ટી.પી. સ્કીમો મંજૂર થઇ નથી. ટી.પી. પડવાથી મહાનગરપાલિકાને શું ફાયદા થાય છે તે આપણે સૌ જાણીએ છીએ. મૂળભુત સુવિધાઓ પાણી, ડ્રેનેજ, વરસાદી ગટરો વગેરેનું સુવ્યવસ્થિત આયોજન કરી શકાય. જમીનોના વિવિધ હેતુના મહાનગરપાલિકાને મળે અને વાણિજય હેતુમાં વેચી આર્થિક સદ્ધરતા મેળવી શકાય, આ બાબતે પણ ગંભીર વિચાર થવો જોઇએ. સ્લમ સીટી ગરીબ પરિવારને પાકું ઘર આપવાની યોજના. વડોદરા શહેરથી આપ પણ પરિચિત છો અને પી.પી.પી. ધોરણે જે મુખ્યમંત્રી આવાસ યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના જયાં કરવામાં આવી રહી છે. જમીનોની કંઇક તકલીફોના કારણે કામો થતા નથી. સહકારનગર અને સંજયનગર એના દાખલા છે કે જે પ્રોજેકટ આજે પણ શરૂ કરવામાં નથી આવી રહ્યા તો આ બાબતે પણ સરકાર તરફથી યોગ્ય આયોજન કરવું જોઇએ. ૪૦ ટકા જે જમીનો ટી.પી.માં કાપવામાં આવે છે એમાં જમીનો એવી રીતે કાપવામાં આવે છે કે સરકારનું કોઇ આયોજન ન થઇ શકે ત્યારે એ ૪૦ ટકા જમીનો સરકારને ફાયદારૂપ થાય એવી રીતે કાપવી જોઇએ. ઘણીવાર રસ્તામાં પણ કામ ન લાગે એવી રીતે એનું આયોજન કરવામાં આવે છે. વિશ્વામિત્રી એ આગવી ઓળખ ઓળખ છે. એના માટેનો પ્રોજેકટ છે ત્યાં આજુબાજુના જે ગ્રીન ઝોન છે એને રહેણાંક ઝોનમાં બદલવામાં આવ્યા છે. આ તમામ બાબતો ઉપર ઘ્યાન આપવાની જરૂર છે અને ખાસ કરીને જયારે ટી.પી. સ્કીમો સરકારમાં મોકલવામાં આવે છે. વડોદરાની એક ટી.પી. સ્કીમ તો રીફ્યૂઝ કરવામાં આવી છે અને એ રીફ્યૂઝ કરવાના કોઇ કારણો સરકાર તરફથી આપવામાં આવ્યા નથી. ત્યારે એ કારણો સાથે રીફ્યૂઝ કરવી જોઇએ જે તે મહાનગરપાલિકા એ સુધારા સાથે ફરી મોકલી શકે. બે ટી.પી. સ્કીમો સુધારા માટે આપવામાં આવી છે એટલે આવા અનેક પ્રશ્નો શહેરી વિકાસમાં વડોદરા મહાનગરપાલિકાના અને ઔડા વિસ્તાર જે ડભોઇ વિધાનસભામાં ૪૦ ટકા વિસ્તાર ગુડાનો વિસ્તાર છે ત્યારે એમાં ટી.પી. સ્કીમો આવતી નથી એ પહેલા બાંધકામની પરમિશન આપવામાં આવે છે, કમ્પ્લીશન આપવામાં આવે છે લોકો રહેતા થઇ જાય છે અને લોકો રહેતા હોય ત્યારે સ્વાભાવિક છે કે પ્રાથમિક જરૂરિયાતોની માગણી ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસે આવે. પણ ત્યાં આગળ ટેન્ડર મંજૂર થઇ જાય અને વર્ક ઓર્ડર આપવાની પરિસ્થિતિ હોય ત્યારે કહેવામાં આવે કે હજુ સુધી આ ડી.પી., ટી.પી. મંજૂર નથી થઇ, એના કારણે વર્ક ઓર્ડર આપવામાં નહિ આવે તો ટેન્ડર કેવી રીતે પાડવામાં આવે છે અને લોકોને રહેતા કેવી રીતે કરવામાં આવે છે? જયાં સુધી સુવિધા ન થઇ હોય ત્યાં સુધી પરમિશનો આપવી ન જોઇએ. પરમિશન આપો એટલે લોકો રહેતા થાય તો તેમને જરૂરિયાતોની સંપૂર્ણ સગવડ આપવી આપણી ફરજ છે. મહાનગરપાલિકા વુડા અને સરકારની ફરજ છે તે ફરજો આપણે નીભાવવી જોઇએ, તેવું મારું સ્પષ્ટ માનવું છે. આ અંગે કંઇક વિચારવામાં આવે તેવી મારી માગણી છે.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સિંચાઇ અને ભૂમિ સંરક્ષણની માગણી ક્રમાંક– ૬૬ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું. ઉદ્વહન સિંચાઇ અમારા આદિવાસી વિસ્તારમાં એક આશીર્વાદરૂપ નીવડી છે. ખાસ તો નાયબ મુખ્યમંત્રીશ્રી જળસંપત્તિ વિભાગની હસ્તકની કામગીરી માટે રૂપિયા ૭,૨૨૦ કરોડની જોગવાઇ કરી છે, તેમાં પણ અભિનંદન આપું છું. માત્ર આદિજાતિ વિસ્તાર માટેની કુલ રૂપિયા ૧૧૪૨ કરોડની જોગવાઇ કરી છે તે માટે પણ શ્રી નીતિનભાઇ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ઉદ્વહન સિંચાઇ યોજના દ્વારા અમારા આદિવાસી વિસ્તારમાં ઘણી બધી યોજનાઓ અત્યારે કાર્યાન્વિત છે. ભૂતકાળમાં તો ડેમની અંદર પાણી નહોતું મળતું, પણ આજે ડેમ બન્યા છે, એમાં પાણી જોયા કરીએ એવું લાગે. કાંકરાપાળ, દમણગંગા જેવી યોજનાના આધારે ઉદ્વહન સિંચાઇ યોજના બનાવીને અમારા આદિવાસી વિસ્તારના ખેડૂતોને સિંચાઇ આપવાની સરકાર દ્વારા જે કામગીરી હાથ ધરવામાં આવી છે જે પ્રશંસનીય કામગીરી છે. ભૂતકાળની સરકારમાં એવી કોઇ યોજનાઓ એમની પાસે ધ્યાનમાં નહોતી અને આટલી મોટી નાણાકીય જોગવાઇ કરી શક્યા નહોતા. અમારા જે ડુંગરાળ વિસ્તારોમાં જે ચેકડેમો બન્યા છે, એ સીરીજ ચેકડેમો આધારિત અત્યારે ઉદ્વહન સિંચાઇ યોજનાના આધારે આદિવાસી લોકોને રોજગારી ખૂબ સરસ મળી રહી છે. અમારા ધરમપુર, કપરાડા જેવા અંતરિયાળ વિસ્તારોમાં મોટા સીરીજ ચેકડેમ બનાવીને આ વિસ્તારના આદિવાસી ખેડૂતો જે શાકભાજી ઉગાડી રહ્યા છે અને એ ઓર્ગેનિક શાકભાજીના મુંબઇ જેવા માર્કેટમાં સારા ભાવ મળી રહ્યા છે. આ સરકારમાં જે આ ઉદ્વહન સિંચાઇ યોજના થકી આદિવાસી વિસ્તારમાં ખૂબ પ્રશંસનીય કામગીરી કરવા બદલ સરકારને મારા ખૂબ ખૂબ અભિનંદન આપું છું. દરિયાઇ ધોવાણ માટે પણ બજેટમાં જોગવાઇ કરીને સરસ કામગીરી કરવામાં આવી છે અને મારા ધરમપુર વિસ્તારમાં ગત વર્ષમાં ભારે વરસાદના કારણે નદીના કાંઠાઓ હતા, ત્યાં પૂર સંરક્ષણ દીવાલ બનાવવા માટે રજૂઆત કરી, તેમાં પણ અમારા ઉક્ત ગામમાં રૂપિયા ૭૫ લાખ અને જસરા ગામે રૂપિયા ૯૪ લાખની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. અત્યારે ચોમાસા પહેલા કામગીરી પૂર્ણ કરવામાં આવશે. આ સરકાર દ્વારા જે વિવિધ કામો માટે જે યોજનાઓ કરવામાં આવી છે, તેમાં ઉકાઇ જળાશય આધારિત રૂપિયા ૯૯૨ કરોડની સોનગઢ ઉચ્છલ નિઝર ઉદ્વહન સિંચાઇ માટે બજેટમાં રૂપિયા ૨૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કડાણા જળાશય આધારિત પાઇપ લાઇનનાં કામ મહદઅંશે પૂર્ણ થયેલ છે. આ પાઇપ લાઇન આધારિત વધારાના ૭૪ તળાવો અને ૧૨ નદી કાંસમાં પાણી આપવા માટે અને રૂપિયા ૨૨૩ કરોડનું આયોજન છે. જેમાં ચાલુ વર્ષે રૂપિયા ૧૦૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકા અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકામાં તાપી કરજણ લીંક પાઇપ લાઇન ઉદ્વહન સિંચાઇ યોજનાના કામ માટે રૂપિયા ૯૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાનમ જળાશય આધારિત યોજના માટે રૂપિયા ૨૪૯ કરોડનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ચાલુ વર્ષે રૂપિયા ૭૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતની રૂપિયા ૫૧૧ કરોડની સુરત જિલ્લાની કાકરાપાર બોડધા ઉદ્વહન સિંચાઇ યોજના માટે ચાલુ વર્ષમાં રૂપિયા ૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ચાલુ વર્ષના જૂન સુધીમાં આ કામગીરી શરૂ કરવામાં આવશે. પાનમ ઉચ્ચ સ્તરીય કેનાલ આધારિત ઉદ્વવહન સિંચાઇ યોજના માટે રૂપિયા ૨૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે જેમાં ચાલુ નાણાકીય વર્ષમાં રૂપિયા ૫૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કરજણ જળાશય આધારિત રૂપિયા ૪૦૦ કરોડના ખર્ચે પાઇપ લાઇન નાંખવાની કામગીરી માટે રૂપિયા ૨૮ કરોડની જોગવાઇ આ વર્ષમાં કરવામાં આવી છે. નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના વાઘરેજ રિચાર્જ યોજના માટે પણ રૂપિયા ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી જે બજેટ અને માગણી નં.૧૦૧ અને ૧૦૨ શહેરી વિકાસ વિભાગ અને ગૃહ નિર્માણ વિભાગની લઇને આવ્યા છે તેના સમર્થનમાં વાત કરવા ઉભો થયો છું. ગુજરાત રાજ્યની વાત આવે તો આપણે સૌ જાણીએ છીએ કે, જયારે સમગ્ર દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ એક મોખરાનું છે. આ ગુજરાત વર્ષોથી શાંત, સલામત અને સમૃદ્ધિના કારણે વિકાસ કરી રહ્યું છે. વિશ્વના વિકસીત દેશોની સરખામણીમાં ગુજરાત રાજ્ય જયારે આગળ વધી રહ્યું છે ત્યારે સ્વાભાવિક રીતે લોકો ગુજરાત તરફ વળ્યા છે. ગુજરાતના શહેરોમાં શહેરીકરણ વિશેષ એટલા માટે થયું કે, મોટી સંખ્યામાં લોકો ગુજરાત તરફ પોતાની મીટ માંડીને બેઠા હતા. કામધંધો હોય, વ્યવસાય હોય, શાંતિ અને સલામતિ હોય તો લોકો ગુજરાત તરફ નજર રાખતા હતા. હમણાં જ અમારા સાથી ધારાસભ્યએ વાત કરી કે, ગુજરાતના શહેરોમાં પરપ્રાંતિય પ્રદેશની ૪૫ ટકા વસતિ આવા શહેરો તરફ આકર્ષાઇને રહે છે ત્યારે શહેરીકરણ એક મોટી સમસ્યા ન થાય તેના માટે આગોતરું આયોજન રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ અમદાવાદ જેવા મોટા વિકસીત શહેરમાંથી આવું છું, સ્માર્ટ સિટિનો દરજ્જો પણ અમને મળી ગયો છે. ત્યારે તે સ્માર્ટ સિટિની થોડીક વાત કરવા માગું છું. શહેરી વિકાસ અને ગૃહ નિર્માણમાં બે મહત્વની યોજનાઓ છે તેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને લોકલ સ્ટેટ હોલ્ડર એટલે કે કોર્પોરેશનો અને નગરપાલિકા સાથે હોય તેની સાથે સંયુક્ત રીતે સ્માર્ટ સિટીનો એક પ્રોજેક્ટ ચાલે છે. સ્માર્ટ સિટિ મિશનનું નવું આયામ લઇને જે તે સમયના માનનીય મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇએ ૨૫ જૂન ૨૦૧૫ એટલે કે આજથી સાડા ચાર–પાંચ વર્ષ પહેલાં એક મહત્વાકાંક્ષી રાજકીય ફ્લેગશીપવાળી સ્માર્ટ સિટિ મિશનની રચના કરી હતી. સ્માર્ટ સિટિ મિશન અંતર્ગત શહેરોને બદલવા મહત્વપૂર્ણ પ્રોત્સાહક ચાલકબળ તરીકે અને મહાનગરો વિકાસ પામે, આર્થિક વિકાસનું એન્જિન બને અને શહેરીજનોનો વિકાસદર ઉંચો આવે તેવા ઉદ્દેશથી આ યોજના શરૂ કરવામાં આવેલ છે. સ્માર્ટ સિટી મિશનનું મુખ્ય ધ્યેય જોવા જઇએ તો શહેરીજનોને મુખ્ય

પાયાની સુવિધાઓ તો છે જ પણ સાથે સાથે ગુણવત્તાયુક્ત જીવન પ્રદાન કરવાનો મોટો અવસર પણ મળે છે. સાથે સાથે જરૂર હોય ત્યાં સ્માર્ટ સોલ્યુશન આપવાના હોય છે. વર્તમાન સમયમાં સ્વચ્છ અને ટકાઉ પર્યાવરણ આપવાનો મોટો પ્રયત્ન છે. કેન્દ્ર સરકાર સ્માર્ટ સિટી મિશન દ્વારા અને તે અંતર્ગત વિવિધ સેવાઓમાં સ્માર્ટ સોલ્યુશન પણ કરવામાં આવ્યા છે. જે સ્માર્ટ સોલ્યુશન સૂચવવામાં આવ્યા છે, તેમાં ઇ-ગવર્નન્સ હોય, નાગરિકોની સુવિધા હોય, ઘન કચરા તથા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા હોય, અત્યારે મહાનગરોમાં બાંધકામનો જે રીતે વિકાસ થઇ રહ્યો છે તેમાં બાંધકામના વેસ્ટની વ્યવસ્થા હોય, પાણીના રિસાઇકલીંગની વ્યવસ્થા હોય, પરિવહનની વ્યવસ્થા હોય, બીજી સ્માર્ટ સુવિધાઓ જેવી કે ટેલિમેડીસીન હોય, ટેલી એજ્યુકેશન, ટ્રેડ ફેસીલિટી અને સેન્ટર કૌશલ્યવર્ધક વગેરેનો સમાવેશ આ સ્માર્ટ સિટી યોજના અંતર્ગત થઇ રહ્યો છે. સ્માર્ટ સિટી મિશનના કામો બે ભાગમાં વહેંચવામાં આવ્યા છે. એરિયા બેઇઝ ડેવલપમેન્ટ કે જેને એબીડી કહે છે. બાકીનો વિસ્તાર હોય છે કે જેને પાન એરિયા કહેવામાં આવે છે. જયાં એરિયા બેઇઝ ડેવલપમેન્ટ થઇ રહ્યું છે, તેમાં જે નિશ્ચિત વિસ્તારો છે, તેમાં ૫૦૦ મીટર કે બે ચોરસ કિલોમિટર જેટલો એરિયા નિશ્ચિત કરવામાં આવે છે, તેમાં વર્તમાન બિલ્ટઅપ હોય તેને વ્યવસ્થિત રીતે સુચારું આયોજન કરી એક એરિયાનો નવો બિલ્ટઅપ બનાવી તેને એરિયા બેઇઝ ડેવલપમેન્ટ કરવામાં આવે છે. બાકીનો જે વિસ્તાર છે, પાન સીટીનો વિસ્તાર છે એના માપદંડો અનુસાર એમાં લગભગ જે રીતે ૧૦૦ શહેરોની પસંદગી કરવામાં આવી છે. આ પસંદગીના માપદંડો પણ અલગ અલગ હતા અને આજ પર્યંત જે ૧૦૦ સીટીની પસંદગી કરવામાં આવી છે એમાં આપણને ગૌરવ થાય એવા ગુજરાતના ૬ શહેરોની પસંદગી થઇ છે. આપણે જાણીએ છીએ કે પહેલા રાઉન્ડમાં અમદાવાદ અને સુરત જવા મહાનગરો સ્માર્ટ સીટીમાં પસંદગી પામ્યા છે, બીજા રાઉન્ડમાં આપ જે સીટીમાંથી આવો છો એ વડોદરા શહેરને પણ સ્થાન મળ્યું છે અને ત્રીજા રાઉન્ડમાં રાજકોટ-ગાંધીનગર અને દાહોદની પસંદગી થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા મિશનના સમયગાળા દરમિયાન જે રકમો ફાળવવામાં આવેલ છે તે રકમનું આપ મૂલ્યાંકન કરશો તો સ્પષ્ટ થઇ જશે કે જે યોજના લઇને કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને લોકલ બોડી લઇને આવેલ છે એને અનુરૂપ યોગ્ય રકમ પણ આપી છે.

**માનનીય સભાપતિશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

અમદાવાદ શહેર માટે કહીએ તો ૨૪૯૨ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે, સુરત માટે ૨૫૯૭ કરોડ રૂપિયા, વડોદરા શહેર માટે ૨૦૦૯ કરોડ રૂપિયા, રાજકોટ માટે ૨૬૨૩ કરોડ રૂપિયા, ગાંધીનગર માટે ૧૪૦૮ કરોડ રૂપિયા અને દાહોદ માટે ૧૦૨૯ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે સ્માર્ટ સીટીના જે રેન્કીંગ થઇ રહ્યા છે એમાં અમદાવાદ દેશભરમાં પ્રથમ સ્થાને હતું. હમણાં દ્વિતિય સ્થાને આવ્યું છે. ગુજરાતના અન્ય શહેરો છે એમાં સુરત ૬ નંબર પર છે, વડોદરા ૧૧ નંબર પર છે, રાજકોટ ૩૦ નંબર પર છે અને ગાંધીનગર ૬૩ નંબર પર આ ૧૦૦ સીટીમાં સ્થાન પામ્યું છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નાણામંત્રી તરીકે જે શહેરી વિકાસ માટે માગણી લઇને આવ્યા છે ત્યારે એના સમર્થનમાં હું વિચાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૫૧માં ભારતીય જનસંઘની સ્થાપના થઇ એ વખતે માનનીય દીનદયાળ ઉપાધ્યાયજી અને શ્યામાપ્રસાદ મુખરજી જેવા પ્રબુદ્ધ નેતા માર્ગદર્શક તરીકે હતા, પછી કાળક્રમે વર્ષ ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઇ. એકાત્મ માનવવાદ અને અંત્યોદય વિચારધારાના પ્રણેતા અને અંત્યોદય વિકાસ માટે આજીવન કાર્યરત રહેનારા પંડિત દીનદયાળ ઉપાધ્યાજીના વિકાસના સ્વપ્નાને સાકાર કરવા માટે ભારતીય જનતા પાર્ટી કામ કરી રહી છે. નવભારતના નિર્માણ માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતના છેવાડાના ગરીબ, વંચિત, શોષિતોના વિકાસ માટે કાર્યરત છે. સર્વસમાવેશક વિકાસની પરિકલ્પના સાકાર કરવા તથા ગરીબ-વંચિતોને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સરકાર લોકાભિમુખ અભિગમથી દિન-પ્રતિદિન અનેક જન હિતકારક નિર્ણય લઇ રહી છે. જેનાથી ગરીબોની વ્યથા આજે સુવ્યવસ્થામાં પલટી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રનું ગૌરવ અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતાશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ પણ પોતાના સંસદના પ્રથમ ભાષણમાં કહ્યું હતું કે, અમારી સરકાર ગરીબો માટે સમર્પિત રહેશે અને ગુજરાત સરકાર પણ આ જ ગરીબીની નિર્મૂલનને સાકાર કરવાનું કામ કરી રહી છે. દેશના કોંગ્રેસના એક પૂર્વ પ્રધાનમંત્રીએ એમ કહ્યું હતું કે, હું ૧ રૂપિયો મોકલું છું ત્યારે ૮૫ પૈસા ખવાઇ જાય છે ત્યારે આજે કેન્દ્ર સરકારમાંથી ૧ રૂપિયો રીલીઝ થાય ત્યારે ગરીબો-વંચિતોના વિકાસ માટે પૂરેપૂરી રકમ ગરીબોના ઉત્કર્ષ માટે વપરાઇ રહી છે જે આપણા સૌ માટે ગૌરવની વાત છે અને હું આવી સરકારની સભ્ય છું એનો મને ગર્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ દિવસેને દિવસે ગામડામાંથી શહેર તરફનો ઘસારો વધતો જાય છે અને શહેરમાં વસતા છેવાડાના માનવીની સંખ્યા વધતી જાય છે એટલે રોજગારીની મુશ્કેલીઓ પણ વધતી જાય છે. આ બધી વધતી સમસ્યાઓના નિરાકરણ માટે હાલમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વડપણ હેઠળની ગુજરાત સરકાર વિવિધ પ્રયોજનો લઇને શહેરી વિસ્તારના ગરીબ લોકોના જીવન-ધોરણ ઉપર લાવવા માટે અથાગ પ્રયત્ન કરી રહી છે. આ અંદાજપત્રમાં આવી વિવિધ યોજનાઓનું આયોજન કરવામાં આવ્યું છે એની હું સરાહના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના આવાસ અને શહેરી ગરીબ નિર્મૂલન મંત્રાલય દ્વારા સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના પુનઃગઠીત થઇ. રાષ્ટ્રીય આજીવિકા મિશન એટલે નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન અમલમાં આવેલ છે. આ મિશનમાં અમલીકરણ માટે એક અલાયદા સેલ તરીકે ગુજરાત શહેરી આજીવિકા મિશનની રચના કરવામાં આવેલ છે. જેનો

ઉદ્દેશ શહેરી ગરીબ કુટુંબોને લાભપ્રદ, સ્વરોજગાર અને કૌશલ્યપૂર્ણ વેતન રોજગારીની તકો પૂરી પાડી, તેમની ગરીબી અને નબળાઇઓ ઘટાડવી અને તેમની આજીવિકાનું સ્તર ઉપર લાવવાના આયોજનનું અમલીકરણ એક લાખ અથવા એક લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોમાં કરવામાં આવે છે. આમાં ગુજરાત રાજ્યની આઠ મહાનગરપાલિકાઓ અને ૧૬૨ નગરપાલિકાઓમાં એ અમલીકૃત કરવામાં આવે છે. આ આયોજનમાં વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરીના આધારે સામાજિક આર્થિક રીતે પછાત, રાજ્ય સરકાર દ્વારા શોધી કાઢેલા ગરીબી રેખાથી નીચે જીવન જીવતા લોકો લાભ લઇ શકે. અર્થ ઉપાર્જન કરવા માટે ગામડામાંથી શહેરોમાં અનેકવિધ વસ્તુઓ લઇને ફેરિયાઓ આવતા હોય છે, આવા શેરી ફેરિયાઓને ઓળખકાર્ડ આપવા તેમજ શહેરી ફેરિયાઓ માટે વેન્ડીંગ ઝોન નક્કી કરી તેમની વાણિજ્યિક પ્રવૃત્તિ માટે અલગથી વ્યવસ્થા કરવા માટેનું આયોજન આ બજેટમાં કરવામાં આવ્યું છે.

શહેરમાં આવતા સમાજના સૌથી ગરીબ વર્ગને જેવા કે આપણે જોઇએ છીએ કે સિગ્નલ ઉપર ફુગ્ગા વેચવાવાળા હોય કે અલગ અલગ નાની નાની વસ્તુઓ વેચતા હોય, એ વેચીને એમનું પોતાનું ગુજરાન ચલાવવાનું હોય પણ ઘરવિહોણા હોય, ફૂટપાથ ઉપર રહેતા હોય, આવા ઘરવિહોણા ગરીબ શહેરીજનો માટે બારમાસી ૨૪ X ૭ આશ્રય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય શહેરી આજીવન વિકાસ મિશન અંતર્ગત ગરીબ બિનકુશળ યુવાનો, બહેનોને કૌશલ્યવર્ધન તાલીમ આપવામાં આવે છે, એનાથી સ્વરોજગાર અથવા રોજગારી મેળવી શકે છે. શહેરી ગરીબ વ્યક્તિઓ અથવા જૂથમાં કોઇ વ્યવસાય કરવા માગતા હોય અને તાલીમ લઇને કંઇ ઉદ્યોગ કરવા માગતા હોય તો આવા જૂથોને પણ નાણાકિય સહાય પૂરી પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગું છું કે દસથી વીસ બહેનોના અથવા તો પુરુષોના સ્વ સહાય જૂથ બનાવવામાં આવે છે. તે પ્રમાણે અમારા વડોદરા શહેરમાં પણ આવા સ્વસહાય જૂથ ઉભા કરવામાં આવેલ છે અને તેમને ૧૦૦૦૦ રૂપિયાના ભંડોળની સહાય પણ પૂરી પાડવામાં આવેલ છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સંવેદનશીલ સરકારના આદરણીય શ્રી રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે એમાં સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ અંગે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં છેલ્લાં પચ્ચીસ વરસથી જે ચીલો ચાતર્યો છે એ અંગે એક કવિતા પણ કહેવા માગું છું.

**લિયે પ્રખલ સંકલ્પ હૃદય મેં આગે બઢતે જાયેંગે, હિંદુ રાષ્ટ્ર કા ગૌરવ વૈભવ જગતિ મેં પ્રગટાયેંગે.**

પચ્ચીસ વરસથી આદરણીય મોદી સાહેબે જે ચીલો ચાતર્યો છે એ ચીલા ઉપર આજની સંવેદનશીલ સરકારના સુકાની એવા શ્રી રૂપાણી સાહેબ તેમજ આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇની સરકાર જે કામ કરી રહી છે એમાં ભૂમિ સંરક્ષણ માટે અનેકવિધ કામો થઇ રહ્યા છે. જેમાં પડતર જમીનોમાં વૃક્ષો ઉગાડવા, પર્વતીય ક્ષેત્રોમાં સીડીદાર ખેતરો બનાવવા, નદીના આજુબાજુના કાંઠામાં ધોવાણ અટકાવવા માટે લાખ્ખો રૂપિયાના ખર્ચે બંધ બનાવવામાં આવે છે. રણ વિસ્તારમાં જે જમીનનું ધોવાણ થાય છે એને માટે હારબંધ વૃક્ષો બનાવવાનું વિશેષ આયોજન આ સરકાર કરી રહી છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ સાથે આ સરકાર જે કામ કરી રહી છે એમાં વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ ૧૭૮૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. ગુજરાતમાં જળસંપત્તિ અને સિંચાઇ માટે આ મહત્વનો વિભાગ છે. આ વિભાગમાં જળ પ્રબંધન પૂર્ણ પાણી માટે વિશેષ વ્યવસ્થા, દરિયાઇ ક્ષાર માટે વિશેષ વ્યવસ્થા છે આવી અનેકવિધ યોજનાઓમાં લાખ્ખો અને કરોડો રૂપિયાની જોગવાઇ કરી છે. સને ૨૦૧૯-૨૦માં ૨૧૧૪ હેક્ટરમાં આશરે ૧૦ કરોડ રોપા વિતરણની કામગીરી આ સરકારે કરી છે. ૨૫ લાખ રોપાની કામગીરી જડેશ્વર, ઓઢવ અને રાજકોટ આજી ડેમની ડાઉન સ્ટ્રીમમાં અર્બન ફોરેસ્ટનું નિર્માણ કર્યું છે. ૭૦મા વન મહોત્સવની ઉજવણી અંતર્ગત પહેલાં સ્તરમાં ૩૩ જિલ્લાઓમાં મહાનગરપાલિકાઓમાં ૮ અને ૨૪૬ ગ્રામ્ય સ્તરે ૫૬૩ જેટલા મહોત્સવની ઉજવણી કરી છે. ભૂમિ અને ભેજ સંરક્ષણ માટે બન્ની ઘાસ વિકાસ, મેનગ્રુવ વાવેતર, વાંસ વાવેતર કુલ ૩૧,૮૩૯ હેક્ટરમાં વૃક્ષનું વાવેતર કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયાઇ વિસ્તારમાં જમીનનું ધોવાણ અટકાવાય તેના માટે સમુદ્રની ભરતી અને ઓટ વચ્ચે વિશેષ ચેરના વૃક્ષોનું વાવેતર કર્યું છે. જયાં પ્રચંડ પુરુષાર્થ હોય ત્યાં કુદરતના પણ આશીર્વાદ હોય છે. છેલ્લા બે વર્ષથી આ સરકારે જે જળસંચયનો નિશ્ચય કર્યો છે એ સરકારમાં કુદરતના પણ આશીર્વાદ જેમ આગળ કહ્યું તેમ અને ચાલુ વર્ષે પણ મેઘરાજાની અસીમ કૃપા જે થઇ તેનાથી જે જળાશયો છે, તળાવ છે, ડેમ છે તે છલકાઇ ગયા છે અને નદીઓ પણ પુનઃ ધમધમતી થઇ છે.

શ્રી અરવિંદ રૈયાણી(રાજકોટ-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની યોજનાઓ ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યક્તિગત શૌચાલયની વાત કરીએ તો સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન તા.૨૦-૧-૨૦૧૫ના ઠરાવની જોગવાઇઓ ઉપર સરકારશ્રીએ ગુજરાત રાજયના તમામ શહેરી વિસ્તારોને ખુલ્લામાં થતી શૌચક્રિયા મુકત કરવા માટેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

સદર ઠરાવની જોગવાઇઓ મુજબ શૌચાલય વિહોણા કુટુંબોને વ્યકિતગત શૌચાલયો માટેની નાણાકીય સહાય એટલે રૂપિયા ૧૨ હજાર જેટલી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. તેમાં જો વાત કરું તો રાજ્ય સરકાર ૮ હજાર રૂપિયા જેટલી રકમ આપે છે અને કેન્દ્ર સરકાર ૪ હજાર રૂપિયા જેટલી રકમ આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ અને મધ્યમ વર્ગના લોકો જે વિસ્તારની અંદર રહેતાં હોય છે તે વિસ્તારની ખૂબ નાની જગ્યા હોય છે, ખૂબ નાના મકાનો હોય છે અને શૌચાલય બનાવવા માટે પણ જગ્યા હોતી નથી, ત્યારે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે નક્કી કર્યું કે આ પ્રકારના જેટલા પણ શહેરની અંદર અને ગામડાંની અંદર વિસ્તારો છે તેમાં જે બહેનો, દિકરીઓને શૌચક્રિયા કરવા માટે રાત્રીના સમયે અથવા તો વહેલી સવારની જે રાહ જોવી પડતી હોય છે તો આ વિસ્તારની અંદર સરકારની યોજનાથી શૌચાલય બનાવવામાં આવે અને સરકાર સંપૂર્ણ રીતે આની અંદર સહાય કરે. છેલ્લા પાંચ વર્ષની વાત કરું તો ૫ લાખ ૬૦ હજાર કરતા વધારે શૌચાલયો ગુજરાતની અંદર બનાવવામાં આવ્યા છે. આની રકમની વાત કરું તો રૂપિયા ૬૭૮ કરોડ કરતાં વધારે રકમની ફાળવણી કરવામાં આવી છે. આ શૌચાલયનું બાંધકામ નિયમ પ્રમાણે અને સરકારે નક્કી કરેલ સુવિધા જેવી કે, જેમ સારા ઘરની અંદર શૌચાલય હોય એવી રીતે બે ફૂટ જેટલી લાદી, પાણીની વ્યવસ્થા, આ શૌચાલયનું જોડાણ ડ્રેનેજ અથવા તો કોઇ પણ નાળામાં કરવામાં આવે છે. પહેલાંના સમયમાં સરકાર કોઇપણ યોજના કરતી ત્યારે ક્યાંકને ક્યાંક ભ્રષ્ટાચાર જોવા મળતો. સ્થળ ઉપર જાય તો જે કામ થયું હોય અથવા તો જે કામ કરવામાં આવ્યું હોય એ બરાબર ન હોય પરંતુ ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકાર અને કેન્દ્રની સરકારે નક્કી કરેલ એજન્સીઓ મુજબ જે કાંઇ કામ કરવામાં આવે છે એ બરાબર થયું છે કે નહિ એના માટે અલગ એજન્સીની નિમણૂક કરવામાં આવી છે અને એજન્સીએ ચકાસણી કર્યા પછી અને રીપોર્ટ આપ્યા પછી જ જે કોઇ એજન્સીએ કામ કર્યું હોય એને રકમ ચૂકવવામાં આવે છે. હું એમ કહેવા માગું છું કે વર્ષોથી આ સરકારો જે વાત કરતી હતી કે 'ગરીબી હટાવો, ગરીબી દૂર કરો' પણ ખરેખર ગરીબ લોકોને જો કોઇએ મદદ કરી હોય તો આ ભાજપની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે જેવી રીતે ગરીબો માટે અલગ-અલગ સુવિધાઓ ઊભી કરી છે અને એ સુવિધાના માધ્યમથી ગરીબ બાળકો સારી શાળામાં જાય, સારા વિસ્તારમાં રહેતા હોય અને એનું આરોગ્ય જળવાય એવી આ સરકારે વ્યવસ્થા ઊભી કરી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ ઉપરની માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. આજે પ્રતિપક્ષના કોઇ ધારાસભ્યો અહીં હાજર નથી પણ એ લોકો વારંવાર *(xxx) કોઇએ હિન્દીમાં બહુ સરસ વાત કરી છે કે, ''**मैंने बहुत से इंसान देखे हैं, जिसके बदन पर लिबास नहीं होते, मैंने बहुत से लिबास देखे है जिसके अंदर इंसान नहीं होते, कोई हालात नहीं समझता, कोई जजबात नहीं समझता, ये तो बस अपनी-अपनी समझ है, कोई कोरा कागज भी पढ लेता हैं तो कोई पूरी किताब नहीं समझता ।** '' કહેવાનું તાત્પર્ય એ છે કે આટલી મોટી સિંચાઇની બાબતે માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇના નેતૃત્ત્વમાં જે કામગીરી કરવામાં આવી છે એનાથી સમગ્ર ગુજરાતના ખેડૂત આલમમાં ખૂબ હર્ષની લાગણી છે પણ કૉંગ્રેસના માનનીય ધારાસભ્યશ્રીઓ વારંવાર એ વાતને ખોટી રીતે મૂલવી અને *(xxx) વર્ષ ૨૦૦૧ પહેલાં કૃષિ વિકાસ દર લગભગ ૨.૩ ટકાની આસપાસ ફરતો હતો. સરકારશ્રીના અથાગ પ્રયાસો અને મેનેજમેન્ટથી વર્ષ ૨૦૧૨માં કૃષિ વિકાસ દર ૧૨-૧૩ ટકાની આસપાસ થઇ ગયો હતો અને લગભગ ૧ લાખ ૫૨ હજાર કરોડ રૂપિયાની મૂલ્ય આધારિત દેશના જી.ડી.પી.માં પણ ખૂબ મોટો ભાગ ભજવ્યો છે. વર્ષ ૨૦૦૧ પહેલાં લગભગ ૩૫ લાખ હેક્ટર સિંચાઇની સુવિધાઓ વિવિધ માધ્યમ દ્વારા ઉપલબ્ધ હતી અને મને કહેતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૨૦માં લગભગ ૭૦ લાખ હેક્ટરમાં આપણે સિંચાઇની સુવિધા ઉપલબ્ધ કરાવી છે. હમણાં જ આદરણીય શ્રી નીતિનભાઇના નેતૃત્ત્વમાં અમે નવાનગરમાં એક કાર્યક્રમ કર્યો. લગભગ ૫,૦૦૦ ખેડૂતો એ નવાનગરના કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. એ નવાનગરના પ્રગતિશીલ ખેડૂતોએ કેનાલમાંથી પાણી સંપમાં લાવી અને આખા ગામની તમામ જમીન ડ્રિપ ઈરીગેશન કરીને એક જ જગ્યાએથી પાણીનું વિતરણ કરી ૧૦૦ ટકા ડ્રીપ ઈરીગેશન થકી કૃષિ ઉત્પાદન માટે એ લોકો આગળ આવ્યા અને એ કાર્યક્રમમાં શ્રી નીતિનભાઇએ જવાબદારી લીધી હતી કે એમને કંઇક લાભ આપશે અને આ બજેટમાં પિયાવાનો દર ૧૦૦ ટકા હતો, એમાં ૫૦ ટકા રાહત આપવાની જોગવાઇ કરી છે. જે ડ્રીપ ઈરીગેશનમાં આ વખતે રૂપિયા ૭૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મને કહેતાં આનંદ થાય છે કે ૧૮.૭૪ હેકટર ગુજરાતની જમીનમાં ડ્રિપ ઈરિગેશન થઇ ગયેલું છે. ૧૧.૫૧ લાખ ખેડૂતોએ તેનો લાભ લીધો છે. મારે વિનંતી પણ કરવાની છે, માનનીય નાયબ મુખ્યમંત્રી સાહેબ કે જલુંદ્રા-માધવની મુવાડી પાઇપ લાઇનની યોજનાથી રાયગઢના લગભગ ૪૨ ગામના તળાવો ભરાય અને લગભગ ૧૧ હજાર વીઘા ઉપરાંત જમીનને સિંચાઇનો લાભ મળે તેની સૈદ્ધાંતિક અને વહીવટી બન્ને મંજૂરીઓ જ્યારે મળી ગઇ છે. ગયા વર્ષે માનનીય મંત્રીશ્રીએ ખાતરી પણ આપી હતી કે ટૂંક સમયમાં એની પ્રોસેસ ચાલુ કરી એ ગામમાં કામ થાય એ દિશામાં પ્રયાસ કરીશું.

---

* આ શબ્દો અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગની માગણી લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રથમ અભિભાષણની શરૂઆત વખતે મેં એક વાત કરેલી કે ૨૧મી સદીએ ડિઝિટલ સેન્ચ્યુરીની સદી છે. ડિઝિટલ સેન્ચ્યુરી એટલે કમ્પ્યુટર અને એના ઉપયોગની સદી છે, એમ કહું તો ખોટું નથી. કમ્પ્યુટરમાં જે મહત્વ સીપીયુનું છે, મોબાઇલમાં જે મહત્વ બેટરીનું છે અને ઘડિયાળમાં જે મહત્વ સેલનું છે, મારા અને તમારા શરીરમાં જે મહત્વ હૃદયનું છે, એવું જ મહત્વ સરકારમાં સામાન્ય વહીવટ વિભાગનું છે. એટલે મારું તો માનવું એવું છે કે જે રીતના બંધારણીય સંસ્થાઓની માંગ પર ચર્ચા થઇ શકતી નથી એ રીતના જી.એ.ડી.ની માંગ પર ચર્ચા નહીં હોવી જોઇએ, પરંતુ પ્રણાલી અને નિયમ છે એટલે ચાલો આપણે ચર્ચા કરી લઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.એસ.સી.ની પરીક્ષાને અંતે આઇ.એ.એસ, આઇ.પી.એસ અને આઇ.એફ.એસ.ના અધિકારીઓને જયારે કેડર પસંદ કરવાનો વખત આવે ત્યારે સ્વાભાવિક છે કે પહેલી પસંદગી પોતાના વતનની હોય, પરંતુ વતન સિવાયના કેડરના સિલેકશન વખતે બધાની પસંદગી ગુજરાત હોય છે. ગુજરાત એટલા માટે હોય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતનો સામાન્ય વહીવટ વિભાગ એનું સુચારુ સંચાલન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ભરતી પ્રક્રિયાની વાત કરીએ તો બીજા રાજયોમાં એમની સિવિલ સર્વિસની ભરતી થતી હોય ત્યારે પાંચ વર્ષ સુધી પરિણામ આવતા નથી, પરિણામ આવે તો કોઇક ને કોઇક કારણસર એની નિમણૂક મળતી નથી. જેના કારણે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સરકારમાં કામ કરવાની તકથી વંચિત રહી જાય છે. રાજયનો હોનહાર વિદ્યાર્થી સરકારમાં ન જોડાય અને તકના અભાવે વિદેશમાં જતો રહે છે આ બ્રેઇન ડ્રેઇન થિયરીએ દેશને ખૂબ મોટું નુકસાન પહોંચાડયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સંતોષ અને ગર્વ એટલા માટે લઇ શકીએ કે અને આજે મારે અભિનંદન પણ આપવાં છે એ એટલા માટે આપવાં છે કે, થિંક ટેન્ક પબ્લિક રેટિંગ એજન્સી એના દ્વારા એનો જે સમરી ઇન્ડેક્ષ છે એ સુશાસન ઇન્ડેક્ષનો એમણે સર્વે કર્યો છે. એ સર્વેમાં સમગ્ર દેશની અંદર જે પાંચ રાજયો છે એમાં આપણું ગુજરાત છે, એનો સવિશેષ આનંદ છે. સાહેબ, મારે જયારે અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી બેઠા છે ત્યારે ખૂબ નસીબદાર છે, આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં અમે કામ કરીએ છીએ એનું અમને ગૌરવ છે. પરંતુ નાયબ મુખ્યમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી અમારા નીતિનભાઇ સૌમ્ય, સજ્જન, સંવેદના અને વિકાસના પ્રતિક છે ત્યારે મારે વિશેષ વાત કરવી નથી. જયારે ધારાસભ્યશ્રીની ગ્રાન્ટની માગણી હતી ત્યારે માગણી આવી તે પહેલા જ શ્રી નીતિનભાઇએ નિર્ણય લીધા છે. રૂપિયા પચાસ લાખની માગણી હતી તે વખતે એમણે રૂપિયા દોઢ કરોડ કર્યા છે. મહિલાઓની માગણી નહોતી છતાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો હતો, આ ઇતિહાસમાં કાયમ સૂવર્ણ અક્ષરે લખાશે. અહીં નાણામંત્રીશ્રી જયારે બેઠા છે ત્યારે મારી વિનંતી છે કે, આ રૂપિયા દોઢ કરોડની ધારાસભ્યોની ગ્રાન્ટ છે અને આજે સંસદમાં રૂપિયા પાંચ કરોડની ગ્રાન્ટ છે તો ધારાસભ્યો માટે હું આજે રૂપિયા અઢી કરોડની માગણી કરું છું અને આ નાયબ મુખ્યમંત્રીશ્રી કરવાના જ છે એવી મને સો ટકા ખાતરી છે. છેલ્લે એક જ શાયરીથી મારી વાત પૂર્ણ કરું કે, આપણે રાજકીય ચશ્માથી જો નહીં જોઇએ તો હું એમ માનું છું કે ઉજ્જ્વળ ભવિષ્ય તરફ આપણે જવા જઇ રહ્યા છીએ. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ચાર દિવસ પહેલા રાજયસભામાં શાયરી કહી હતી તે હું કહું છું. વિરોધપક્ષ માટે એમણે કહ્યું કે '' ના ઉમ્ર ગાલીબ યે ભૂલ કરતા રહા, ધૂલ ચેહરે પે થી આયના સાફ કરતા રહા'' આભાર.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ શહેરી વિકાસ, શહેરી આવાસન માટેની ૧૦૨ અને ૧૦૧ માગણી લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યકત કરું છું. એક અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૫૦ સુધીમાં સમગ્ર વિશ્વની અંદર ૭૦ ટકાથી વધારે વસતિ શહેરોમાં રહેતી હશે. ગુજરાતની વાત કરું તો ૪૫ ટકા નાગરિકો આજે શહેરોમાં વસે છે અને અમારી લોકપ્રિય સરકાર શહેરોના સર્વાંગી વિકાસ માટે સમર્પિત છે અને કટ્ટીબદ્ધ પણ છે. આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો એક મંત્ર છે. સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ. મારે એને શહેરી વિકાસ સાથે જોડીને જો વાત કરવી હોય તો સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, શહેરી વિકાસ અને શહેરી આવાસ. શહેરોની ટ્રાફિક સમસ્યા નિવારવા માટે સરળ અને સલામત વાહન વ્યવહાર માટે તેમજ પેટ્રોલ, ડીઝલ અને સમયની બચત કરવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ની અંદર આપણા નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે મહાનગરપાલિકા વિસ્તારમાં ૫૪ અને નગરપાલિકા વિસ્તારમાં ૨૧ ફલાય ઓવર બ્રિજ બનાવવા માટેની જાહેરાત કરેલી. મહાનગરપાલિકા વિસ્તારમાં ૩૦ અને નગરપાલિકા વિસ્તારમાં ૩ ફલાય ઓવર બ્રિજ બનાવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે અને સાથે સાથે પ્રોજેક્ટ કોસ્ટના ૧૦ ટકા રકમની બજેટમાં મંજૂરી આપી છે. આ વખતના બજેટમાં મહાનગરપાલિકા અને નગરપાલિકા માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. હું ડિટેઇલમાં જઉં તો જામનગરમાં ૧ ફલાય ઓવર બનાવવા માટે અંદાજિત રૂપિયા ૬૫ કરોડના કામને, અમદાવાદ મહાનગરપાલિકાની અંદર ૭ ફલાય ઓવર બનાવવા માટે રૂપિયા ૩૩૫ કરોડ, સુરત મહાનગરપાલિકાની અંદર ૮ ફલાય ઓવર બનાવવા માટે રૂપિયા ૩૯૦ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપેલી છે. રાજકોટ મહાનગરપાલિકાની વાત કરું તો પાંચ ફલાય ઓવર બનાવવા માટે રૂપિયા ૨૩૦ કરોડની, ભાવનગર મહાનગરપાલિકામાં એક ફલાય ઓવર બ્રિજ બનાવવા માટે રૂપિયા ૮૬ કરોડની અને વડોદરા મહાનગરપાલિકા માટે ૮ ફલાય ઓવર બ્રિજ બનાવવા માટે રૂપિયા ૨૭૦ કરોડની સરકારશ્રીએ મંજૂરી આપેલી છે.

ડીસા, પાલનપુર અને સુરેન્દ્રનગર નગરપાલિકાઓમાં પણ સરકારશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપેલી છે. આજ દિન સુધી સરકાર દ્વારા રેલવે ઓવર બ્રિજ અને રેલવે અન્ડર બ્રિજના કુલ અંદાજિત રૂપિયા ૨૧૧૧ કરોડના કુલ ૮૨ કામો રેલવે સાથે ૫૦ ટકા કોસ્ટ શેરીંગ તથા ખાસ કિસ્સામાં ૧૦૦ ટકા રાજય સહાય અંતર્ગત મંજૂર કરવામાં આવેલા છે અને અંદાજિત રૂપિયા ૨૪૫ કરોડના ખર્ચે ૧૧ કામો પૂર્ણ કરવામાં આવેલા છે. અંદાજિત રૂપિયા ૨૭૩ કરોડના ખર્ચે ૬ કામો પ્રગતિમાં છે અને અંદાજિત રૂપિયા ૬૭૦ કરોડના ખર્ચે ૨૯ કામો ડી.પી.આર., જી.એ.ડી. અને તાંત્રિક મંજૂરી હેઠળ છે. અમારી સરકાર દ્વારા ૨૦ નગરપાલિકા વિસ્તારમાં તાજેતરમાં અંદાજીત ૭૫૭ કરોડ રૂપિયાના ખર્ચે રેલવે ક્રોસીંગ ઉપર ૧૬ રેલવે ઓવર બ્રિજ આર.ઓ.બી. તથા ૧૦ રેલવે અન્ડર બ્રિજ એટલે કે આર.યુ.બી.ના નવા કામોને મંજૂરી આપવામાં આવી છે.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ માગણી નંબર ૬૬ સિંચાઇ અને ભૂમિ સંરક્ષણની લઇને આવ્યા છે તે માગણીને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

હું મહીસાગર જિલ્લામાંથી આવું છું ત્યારે મહીસાગર જિલ્લામાં બે ડેમો આવેલા છે. એક ડેમ કે જે ગુજરાતનો નામાંકિત ડેમ કડાણા આવેલો છે. મહીસાગર જિલ્લામાંથી સિંચાઇ માટે કડાણા યોજના કે જેનાથી ૧૫ હજાર હેકટર વિસ્તારમાં પિયત થાય છે. જયારે ભાદર યોજના થકી ૮ હજાર હેકટર વિસ્તારમાં પિયત થાય છે. આવી બે મહત્વની યોજના અમારા વિસ્તારમાં આવેલી છે. સરકારશ્રીની આ અતિ મહત્વની ખેડૂતલક્ષી યોજનાને સુજલામ સુફલામ સ્પ્રિન્ડીંગ કેનાલ અંદાજે ૬૮ કિલોમીટરની લંબાઇ મહીસાગર જિલ્લામાંથી પસાર થાય છે. જેનાથી ૧૧ હજાર હેકટર વિસ્તારને મારા મત વિસ્તારના લોકોને પરોક્ષ રીતે સિંચાઇનો લાભ થાય છે. આ સુજલામ સુફલામ સ્પ્રિન્ડિંગ કેનાલ જે મહીસાગર જિલ્લો જુદો પાડતા પહેલાની કેનાલ છે એટલે ખેડા અને પંચમહાલમાંથી આ જિલ્લો મહીસાગર જુદો પડ્યો હતો. એમાંથી આ ૬૮ કિલોમીટરની કેનાલ મહીસાગરમાંથી પસાર થાય છે. મારી રજૂઆત છે કે આ ખેડા અને પંચમહાલમાંથી છૂટો પડેલ છે ત્યારે એમાંથી અમુક વિસ્તારમાંથી જતી આ સુજલામ સુફલામની કેનાલ છે એની ઓફિસો અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે આવેલી છે. તેથી મારા ખેડૂતોને રજૂઆત કરવી હોય તો સુજલામ સુફલામ કેનાલ છે એમાંની અમુક ખેડૂતોને અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે જવું પડે છે. તો મહીસાગર વિસ્તારમાં જેટલી સુજલામ સુફલામનો વિસ્તાર છે તે વિસ્તારની પેટા ઓફિસ કે ઓફિસ હોય એ મહીસાગર જિલ્લાના મુખ્ય મથક એવા લુણાવાડા ખાતે થાય એવી મારી વિનંતી છે. કડાણા આધારિત કડાણા જળશાયની દાહોદ સુધીની ઉદ્વહન પાઇપ લાઇન યોજના થકી રૂપિયા ૧૦૫૪ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે એ પૂર્ણતાને આરે છે. આ યોજના થકી મહીસાગર દાહોદ જિલ્લાના દસ હજાર હેકટર વિસ્તારને પણ લાભ મળનાર છે. આ ઉપરાંત આ યોજનાનું વિસ્તૃતિકરણ કરીને વધારાના ૪૫ હજાર હેકટર વિસ્તારને લાભ આપવા માટે વધુ રૂપિયા ૨૨૬. ૨૫ કરોડની યોજના સરકારશ્રી દ્વારા તાજેતરમાં મંજૂરીની મહોર મારી છે ત્યારે તેમનો આભાર માનું છું.

કડાણા મોટામાં મોટો ડેમ છે જે મહીસાગર જિલ્લામાં આવેલો છે એ સિવાય નાનો ભાદર ડેમ આવેલો છે અને નજીકમાં પાનમ ડેમ આવેલો છે, ત્યારે એની હેડ ઓફિસ બીજી કોઇ અન્ય જગ્યાએ સ્થળાંતર કરવાની હોય તેવી વાત ચાલે છે. પરંતુ મોટા ભાગનો સિંચાઇનો વિસ્તાર મહીસાગર જિલ્લામાં આવેલો છે ત્યારે આ વિસ્તારમાં કેનાલોની ઓફિસો લુણાવાડા ખાતે રહે તેવી રજૂઆત છે.

આવી રીતે ખાનપુર તાલુકામાં સરકારશ્રી દ્વારા પહેલાની કોંગ્રેસની સરકારમાં ટેન્કરો દ્વારા પીવાનું પાણી પૂરું પડાતું હતું. અત્યારે ભાજપ સરકાર અને શ્રી નીતિનભાઇ પટેલનો આભાર માનીએ છીએ કે ખાનપુર તાલુકામાં ૧૯ તળાવો ભરવા સુજલામ સુફલામની સ્પ્રિન્ડિંગ કેનાલ આધારિત ઉદ્વહન યોજના બનાવીને રૂપિયા ૫૭૬ લાખની સરકારશ્રીમાંથી મંજૂરી આપી છે ત્યારે હું ખેડૂતોવતી એમનો આભાર માનું છું. પરંતુ ૨૦ જેટલા તળાવો પાઇપ લાઇનની લાઇનમાં આવે છે એ ભરી આપવા મારી નમ્ર અરજ છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન કરું છું.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત(પુર્વ) : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અનુદાન માટેની માગણી ક્રમાંક– ૧૦૧ અને ૧૦૨ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

રાજ્યની કુલ વસ્તીના ૪૫ ટકા વસ્તી એટલે કે, લગભગ ૩ કરોડ જેટલા લોકો શહેરમાં રહે છે. રાજ્યમાં કુલ ૮ મહાનગરપાલિકાઓ અને ૧૬૨ નગરપાલિકાઓ, શહેરી લોકોની સુવિધાઓ અને ઇન્ફ્રાસ્ટ્રચર ઊભું કરી શહેરના વિસ્તારના લોકોનું જીવન ધોરણ ઊંચું લાવવાનો હંમેશા પ્રયત્ન કરે છે. હાલના વર્ષ ૨૦૨૦–૨૧ના અંદાજપત્રમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રૂપિયા ૧૩,૪૪૦/– કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે રૂપિયા ૪,૫૪૪/– કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

હું સુરત શહેરમાંથી ચૂંટાઇને આવું છું અને મારા વિસ્તારની કેટલીક રજૂઆત કરવા માગું છું. સુરત શહેર કુલ આઠ અલગ અલગ ઝોનમાં વહેંચાયેલું છે. વર્ષ ૧૯૮૬ પછી સુરત શહેરની હદનું વિસ્તરણ થયું અને ત્યાર પછી વખતો વખત વિસ્તરણ થતાં અત્યારે ૩૨૬ ચોરસ કિલોમિટર વિસ્તારમાં સુરત શહેર ફેલાયેલ છે. વર્ષ ૧૯૮૭થી હું સુરત શહેર મહાનગરપાલિકામાં કાઉન્સિલર હતો, ત્યારે કોંગ્રેસનું શાસન હતું. તે કોંગ્રેસના શાસનની અંદર સુરત શહેર એ દુનિયામાં ગંદામાં ગંદુ શહેર, રોગીસ્ટ શહેર, મેલેરિયાગ્રસ્ત શહેર, ઝૂંપડપટ્ટીવાળું શહેર, પાણીના વલખાં મારતું શહેર ગણાતું હતું. વર્ષ ૧૯૯૪માં

પ્લેગની મહામારી વખતે સુરત શહેર ૮૦ ટકા ખાલી થઇ ગયું હતું અને કોર્પોરેશનના કે સરકારના કોઇ કર્મચારીઓ સફાઇ કરવા તૈયાર નહતા. ત્યારે સુરતના સુરતીઓ અને ભા.જ.પ. તથા સંઘ પરિવારે એ ગંદકીમાં જઇને દિવસ–રાત સફાઇ કરવાની શરૂઆત કરી. ત્યારબાદ કર્મચારીઓમાં પણ હિંમત આવી અને સુરત શહેર ધીમે ધીમે રહેવાલાયક થયું.

વર્ષ ૧૯૯૫ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. ૯૯માંથી ૯૮ સીટ ભા.જ.પ.ને મળી, એક પણ સીટ કોંગ્રેસને મળી નહતી અને કોંગ્રેસનો સુરતમાં સફાયો થઇ ગયો હતો. વર્ષ ૧૯૯૫ પછી ભા.જ.પ.ની સત્તા આવ્યા બાદ સુરતનો સુવર્ણ યુગ શરૂ થયો. વર્ષ ૧૯૯૮માં સુરત શહેર ચંદીગઢ પછી સફાઇમાં બીજા ક્રમે આવ્યું. આજે સુરત શહેર એક વૈશ્વિક શહેર તરીકે આખા દેશમાં ઓળખાય છે. સુરત શહેરમાં સૌરાષ્ટ્રવાસીઓ, રાજ્યના અન્ય જિલ્લાના ગામડાઓમાંથી, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન, કેરાલા, કર્ણાટક, ઓરિસ્સા જેવા લગભગ તમામ પ્રાંતમાંથી લોકો આવીને વસે છે. રોજીરોટી કમાઇને સાધન સંપન્ન થયા છે અને કરોડો રૂપિયાની મિલકત વસાવીને ઠરીઠામ થયા છે.

હું મૂળ સુરતી છું અને મારો વિસ્તાર સુરતમાં આવે છે. હાલમાં સુરત શહેરમાં ફ્લેટ, ચાલી, લો–રાઇઝ, હાઇ–રાઇઝ અને એપાર્ટમેન્ટ જેવા બિલ્ડિંગો છે. એમાં રહેનારાઓની હાલત ખૂબ કફોડી થઇ ગઇ છે. આ વર્ષો જૂના એપાર્ટમેન્ટો હાલમાં જર્જરિત થઇ ગયા છે અને તેને રિ–ડેવલપ કરવાની જરૂર છે. સુરત શહેરની અંદર આવા ૩૦થી ૪૦ વર્ષ જૂના એપાર્ટમેન્ટો જર્જરિત થઇ ગયા છે. આમાં રહેતા પરિવારો એકત્રિત થઇને એ રિ–ડેવલપ કરવા માગે છે. પરંતુ હાલના જી.ડી.સી.આર. પ્રમાણે બે એફ.એસ.આઇ. મળે છે. જેથી એપાર્ટમેન્ટમાં રહેતાં તમામ પરિવારો પહેલાંની જેમ પોતાના ફ્લેટો નહીં મળી શકવાના કારણે એ લોકો રસ્તા ઉપર આવી ગયા છે. હાલમાં તક્ષશિલા બિલ્ડિંગમાં આગ લાગવાથી કોર્પોરેશનના ઘણા અધિકારીઓ જેલમાં છે. જેથી હાલની પરિસ્થિતિની અંદર આ અધિકારીઓ આવા જર્જરિત એપાર્ટમેન્ટોને નોટિસ આપી બળજબરીથી ઉતારી પાડે છે, સીલ મારી દે છે અને એના કારણે આવા હજ્જારો પરિવારો રસ્તા પર આવી ગયા છે. સુરત શહેર સેન્ટ્રલ ઝોનમાં આવી મલ્ટિપલ ઓનરશીપ ધરાવતી આવી ૨૦૨ જર્જરિત મિલકતોની માહિતી મેં સરકારશ્રીને આપી છે. ૧૫૫ એપાર્ટમેન્ટ ઉતારી પાડવામાં આવ્યા છે. ૨૩ એપાર્ટમેન્ટોને નોટિસ આપી છે જેમાં કેટલાકને સીલ માર્યું છે. ૨૪ જેટલા એપાર્ટમેન્ટો રિપેર ના થઇ શકે એવા હોવા છતાં પોતાના પરિવારનું જોખમ વહોરીને તેમાં રહે છે. આવા તમામ પરિવારો પોતાની જગ્યામાં રિ–ડેવલપ કરવા માગે છે. તો સરકારશ્રીને નમ્ર વિનંતી છે કે, આવા જે પરિવારો છે તેના માટે ત્રણ કે સાડા ત્રણ કે ચારની એફ.એસ.આઇ. સુધી અગાઉ જે મંજૂરી મળી હતી એ મંજૂરી પ્રમાણે તેઓ પોતાની રીતે રિ–ડેવલપ કરે એવી મંજૂરી આપવા નમ્ર વિનંતી છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ માગણી નં. ૬૬ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરું છું. જળ એ જીવન છે. જળ એ કુદરતનો પ્રસાદ છે. તો પ્રસાદની માફક તેનો ઉપયોગ થાય, એ આપણી સાચી સંપત્તિ છે અને આપણાં સંસ્કાર છે. હું ઉત્તર ગુજરાતમાંથી આવું છું. અમારો વિસ્તાર એટલે પાણીની અછતવાળો વિસ્તાર. જમીનમાં ૧૦૦૦થી ૧૨૦૦ ફૂટ ઉંડા પાણીના લેવલ, પણ ટ્યૂબવેલમાં પાણી ન મળે. આવા સમયે અમારી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કડાણા અને સરદાર સરોવર ડેમના ચોમાસામાં વહી જતા પાણીનો સદુપયોગ કરીને ઉત્તર ગુજરાતમાં આપવા માટે સુજલામ સુફલામ યોજના બનાવી અને ઉત્તર ગુજરાતને નર્મદાનું પાણી આપવા માટે ઉદ્વહન પાઇપ લાઇન નાંખવામાં આવી. એટલે કે અમારી સરકારે નેવાના પાણી મોભે ચડાવવા માટેની યોજના મંજૂર કરી. આ યોજનામાં કડાણા જળાશયથી બનાસકાંઠાના ગામ સુધીની આશરે ૩૩૨ કિલોમીટરની લંબાઇ, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેર અને નર્મદાની મુખ્ય નહેર આધારિત ૧૪ ઉદ્વહન પાઇપ લાઇન યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના પાછળ અત્યાર સુધીમાં રૂ.૬,૨૩૭ કરોડનો ખર્ચ થયો છે. આ ૧૪ પાઇપ લાઇન યોજનામાંથી ૧૧ પાઇપ લાઇન યોજનાની કામગીરી પૂર્ણ થઇ છે. જે કાર્યરત થઇ ગઇ છે અને અત્યારે એક પાઇપ લાઇન પીઅજથી ઉનાદની કામગીરી પૂર્ણતાના આરે છે. જેનાથી કલોલ, માણસા, વિજાપુર, વડનગરના ૪૫ ગામોના ૭૦ તળાવો જોડવામાં આવનાર છે. આ પાઇપ લાઇન પૂર્ણ થવાથી ગાંધીનગર અને મહેસાણા જિલ્લાની ૬,૦૦૦ હેક્ટર જમીનને પ્રત્યક્ષ રીતે, પરોક્ષ રીતે સિંચાઇનો લાભ મળનાર છે. ગત વર્ષે સારા પ્રમાણમાં વરસાદ થયો, જેનાથી સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ લાઇનમાં ખૂબ સારા પ્રમાણમાં પાણી આવ્યું અને જેના લેવલ ખૂબ ઉંચા આવ્યા. મારે ચોક્કસ કહેવું જોઇએ કે ભૂગર્ભના જળ દર વર્ષે ૩થી ૪ મીટર નીચા જતા હતા. આ યોજનાના અમલ પછી આ ભૂગર્ભ જળના સ્તર નીચે જતા તો અટક્યા, પરંતુ ૪થી ૫ મીટર પાણીના સ્તર ઉંચા આવ્યા છે, તેનો લાભ અમને મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે મારા વિસ્તારમાં વર્ષોથી માગણી હતી કે સાબરમતી નદીમાં ચેકડેમ બને. મારે ચોક્કસ કહેવું જોઇએ કે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ગત બજેટમાં હીરપુરા અને વલાસણા એમ બે બૅરેજની મંજૂરી રૂ.૨૧૩ કરોડના ડબલ ખર્ચે આપી. ખાસ કરીને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ અને તત્કાલિન સિંચાઇ મંત્રીશ્રી પરબતભાઇને ખરેખર અમારા વિસ્તારવતી અભિનંદન પાઠવું છું. આ બૅરેજથી અમારા વિસ્તારને ખેરાલુ, વડનગર, સાબરકાંઠાના ગામોને ખૂબ મોટો લાભ થનાર છે. મારે ચોક્કસ કહેવું જોઇએ કે ભૂગર્ભ જળના સ્તર ઉંચા લાવવા તેમજ ભૂગર્ભ જળ વ્યવસ્થાપનને ઉત્તેજન આપવા ભારત સરકારના સહયોગથી અટલ ભૂજલ યોજના અમલમાં આવી છે અને આ યોજના હેઠળ ઉત્તર ગુજરાત અને કચ્છ જિલ્લાના ૨૪ તાલુકાને પાંચ વર્ષના સમયગાળા માટે રૂ.૭૫૭ કરોડ ફાળવવામાં આવેલ છે. મારે નાયબ મુખ્યમંત્રીશ્રીને એક નમ્ર વિનંતી પણ કરવાની છે કે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં

બારમાસી નદી એક પણ નથી અને દક્ષિણ ગુજરાતમાં આ વિપુલ સ્ત્રોત છે. તો દક્ષિણ ગુજરાતમાં ચોમાસામાં વહી જતું પાણી ઉત્તર ગુજરાતને આપવામાં આવે તો ચોક્કસ ઉત્તર ગુજરાતની વધુ એક સારી યોજના બને અને ખૂબ સફળતા મળે એવું ચોક્કસ કહી શકાય.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ, શહેરી આવાસ અને શહેરી વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચની માગણી નંબર–૧૦૧ અને ૧૦૨ આ સન્માનનીય સભાગૃહમાં લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા ઉભો થયો છું.

ગુજરાત એ સમસ્ત દેશમાં વિકાસના રોલ મૉડેલ તરીકે ઓળખાય છે. ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્ર હોય, કૃષિ ક્ષેત્ર હોય, આરોગ્ય હોય, માર્ગ અને મકાન હોય, પીવાનું પાણી હોય, પ્રવાસન વિભાગ હોય અને શહેરી અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હોય એમાં એક આગવી ઓળખ ઉભી કરી છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લા ૨૫ વર્ષથી સમસ્ત ગુજરાતની અંદર એક આગવું આયોજન કરી અને સમસ્ત દેશની અંદર આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. રાજ્યમાં ૮ મહાનગર અને ૧૫૯ જેટલી નગરપાલિકાઓનો સમાવેશ થાય છે. એમાં લગભગ ગુજરાતની વસ્તીના ૪૫ ટકાથી પણ વધુ વસ્તી શહેરી વિસ્તારમાં રહે છે. તાજેતરમાં ગઇ સાલ ૨૦૧૯–૨૦માં આ સન્માનનીય સભાગૃહની અંદર આપણા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે સમસ્ત શહેરી વિસ્તારના ધારાસભ્યોને પોતાના વિસ્તારની અંદર રોડના કામો કરવા માટે લગભગ બે કરોડ રૂપિયા જેટલી વધારાની ગ્રાન્ટ જે ફાળવી હતી એ બદલ હું સૌ ધારાસભ્યો વતી એમનો આભાર માનું છું અને અભિનંદન પાઠવું છું. સાથે સાથે મહાનગરપાલિકાઓની અંદર એની સ્પષ્ટ ગાઇડલાઇન હજી સુધી મળી નથી, જેથી અમે આ વિકાસના કામોમાં આગળ વધી શકયા નથી. એ માટે આપ સાહેબને મારી વિનંતી છે. વર્ષ ૧૯૮૫માં હું રાણીપ નગરપાલિકાની અંદર સભ્ય તરીકે ચૂંટાયો હતો અને ભારતીય જનતા પાર્ટીએ સૌ પ્રથમ વખત મને નગરપાલિકાના પ્રમુખ તરીકેની જવાબદારી આપી હતી. એ વખતે અમારો વિસ્તાર સરખેજ મત વિસ્તારની અંદર આવતો હતો. એ વખતે સરખેજ મત વિસ્તારની અંદર આજના ગાંધીનગર લોકસભાના સાંસદ અને દેશના ગૃહપ્રધાન એવા માનનીય અમિતભાઇ શાહ એ વખતે અમારા વિસ્તારનું પ્રતિનિધિત્વ આ સન્માનનીય સભાગૃહમાં કરતા હતા. આ વાત એટલા માટે કરવી છે કે એ વખતે જે નગરપાલિકાઓ હતી, જે ગ્રામ પંચાયતમાંથી જે નગરપંચાયતનું રૂપાંતર થયું હતું એ વખતે ગુજરાતમાં લગભગ ૩૦–૩૫ વર્ષથી કોંગ્રેસનું શાસન હતું. અમે એ વખતે નગરપાલિકાના પ્રમુખ બન્યા ત્યારે એ વખતે કર્મચારીઓને પગાર આપવો, પીવાનું પાણી પૂરું પાડવું, એના લાઇટ બિલ ભરવા, રોડ, રસ્તા કરવા અથવા તો કોઇપણ જાતનું આયોજન કરવું હોય તો એ વખતે અમને ગ્રાન્ટની ખૂબ મોટી મુશ્કેલીઓ હતી. એ વખતે પીવાના પાણીના અવાર નવાર લાઇટ બિલો કપાતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, મને દસ મિનિટ ફાળવી છે પણ બે મિનિટ એટલા માટે વધારે લઉં કે મારે મારા વિસ્તારની પણ મારે વાત કરવી છે. એ વખતે જે પીવાના પાણીના તળ બહુ નીચા હતા, ૨૦૦૦થી ૨૫૦૦ ટી.ડી.એસ.વાળું પાણી અમે શહેરી વિસ્તારમાં પીવાના પાણી તરીકે ઉપયોગ કરતા હતા. એ વખતે નર્મદા યોજનાનું આયોજન ઘણા બધા વર્ષોથી કર્યું હતું પણ એ વખતની સરકારે પીવાના પાણી માટે કયારેય આગોતરું આયોજન ના કર્યું. અમારા એ વખતના ધારાસભ્યશ્રી અમિતભાઇએ સમસ્ત ૧૬ નગરપાલિકાઓની એક મિટિંગ કરી અને એ મિટિંગમાં તમામ અહીંયા મારી સાથે બેઠેલા બીજા બે ધારાસભ્યો પણ છે. એમણે આયોજન કરી અને મિટિંગ કરી અને સમસ્ત વિસ્તારની અંદર નર્મદાનું શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા માટે એમણે યોજના બનાવી અને એ વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલ સાહેબની અધ્યક્ષતામાં મિટિંગ કરી સમસ્ત વિસ્તારમાં નર્મદાનું પીવાનું પાણી આપવા માટેની યોજના બનાવી અને ઔડાની સાથે રહી એ કામોને ચાલુ કર્યા. આજે મને કહેતા આનંદ થાય છે કે સમસ્ત વિસ્તારમાં નર્મદાનું શુદ્ધ પીવાનું પાણી સમસ્ત પ્રજા માટે ઉપયુકત થાય છે. આખા અમદાવાદમાં હવે સમયસર પાણી પૂરું પાડવામાં આવે છે. એ વખતે દેશમાં સત્તાનું પરિવર્તન આવ્યું અને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશના વડાપ્રધાન બન્યા. વર્ષ ૨૦૧૫માં માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમસ્ત દેશમાં સ્માર્ટ સિટી મિશનની એક યોજના બનાવી અને એમાં સમસ્ત દેશમાં પ્રથમ ૧૦૦ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો. (સમયસૂચક ઘંટડી) આ યોજનાની અંદર મારા વિસ્તારમાં અમદાવાદ કોર્પોરેશનની અંદર અમે જે રજૂઆત કરી હતી એમાં ચંદ્રભાગા નદીમાં જે ગંદુ પાણી વહેતું હોય એવા ગંદા વિસ્તારને ડેવલપ કરવા માટે સૌ પ્રથમ અમારે ત્યાં એક યોજના બનાવવામાં આવી. વર્ષ ૨૦૧૬માં આ યોજનાના ટેન્ડર બનાવી અને કોર્પોરેશને ટેન્ડર ઓપન કર્યા. એમાં લગભગ ત્રણ ફેઝમાં રૂપિયા ૧૫૦ કરોડના ખર્ચે આ યોજના બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. ટેન્ડર ખુલ્યા અને જલારામ કોર્પોરેશન જેવી એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો. માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ યોજનાનું અમે ખાતમુહૂર્ત કરાવ્યું. પરંતુ આ યોજના આજના સમયમાં પણ ચાલુ થઇ નથી. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, આ યોજના અમારા વિસ્તારની ખૂબ મહત્વની યોજના છે. આ યોજના ઝડપથી કોર્પોરેશન ચાલુ કરે એવી આપના માધ્યમથી હું માગણી કરું છું.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો આ સન્માનનીય ગૃહમાં રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારે જ્યારથી સત્તાનું શાસન સંભાળ્યું છે ત્યારથી ગરીબો અને મધ્યમવર્ગ ખાસ કરીને પૂર્વની સરકારોએ મધ્યમવર્ગના જે ગરીબો છે એના માટે ક્યારેય ચિંતા કરી નથી. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇને આ વિચાર આવ્યો કે ગરીબો માટે તો આપણે કરીએ છીએ સાથો સાથ મધ્યમ જે

ગરીબો છે એને પણ વધારે તકલીફો છે. જેથી કરીને મુખ્યમંત્રી આવાસ યોજના લાવ્યા અને એનું અમલીકરણ કરાવ્યું. જે તે સમયે પહેલીવાર એવું બન્યું કે અમારી પાસે લોકો આવતા હતા કે આ યોજના તો સરકારની છે એટલે એ રહેવાલાયક હશે કે કેમ? ત્યારે અમે સમજાવતા હતા કે તમે ફોર્મ ભરો. આ ગરીબો અને મધ્યમવર્ગ માટેની યોજના છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. પહેલા ઈન્દિરા આવાસો બનતા અને રોડ ઉપરથી જોઇએ તો દરવાજા વગરના દેખાતા હતા એવું આમાં નહીં હોય. ઉચ્ચ ક્વોલિટીના મકાનો બનશે. લોકોને સમજાવી સમજાવીને ફોર્મ ભરાવવામાં આવ્યા. સરકારની જૂની છાપ હતી એની યોજનાઓના કારણે એટલે લોકોને વિશ્વાસ બેસતો ન હતો. મને જણાવતા આનંદ થાય છે કે આ યોજના અમલમાં આવી અને જ્યારે બિલ્ડીંગ તૈયાર કરવામાં આવ્યા ત્યારે બહારગામમથી આવતા લોકો રસ્તા ઉપરથી પસાર થાય તો પૂછે કે આ બિલ્ડીંગના ઓર્ગેનાઇઝર કોણ છે? ત્યારે અમે કહેતા કે આ મુખ્યમંત્રી આવાસ યોજના છે. આ હાઇ–રાઇઝ ટાવર છે અને એમાં ગરીબ અને મધ્યમવર્ગના લોકો રહેવા આવે છે. મેં કહ્યું આની અંદર લિફ્ટ હોય, ફ્લોરીંગ હોય. આની અંદર જે ફ્લોરીંગ લગાવવામાં આવ્યું છે એમાં જોન્સન કંપનીની ટાઇલ્સ લગાવવામાં આવી છે અને એલ.એન્ડ ટી. કંપનીની સ્વીચો લગાવવામાં આવી છે. સુરતમાં પ્રથમ બિલ્ડીંગ જ્યારે બન્યું ત્યારે અમે જોવા ગયા હતા. અમને પણ જોઇને એવું થયું કે આ તો આપણને પણ રહેવાલાયક મકાન છે. આ પ્રકારના સુવિધાયુક્ત અને હવા ઉજાશયુક્ત આ બિલ્ડીંગો બનાવવામાં આવ્યા છે. ત્યાર પછી આ સરકાર રિ–ડેવલપમેન્ટની પોલિસી અમલમાં લાવી. આ પોલિસીમાં જ્યાં ઝૂંપડાઓમાં આપણા ગરીબ ભાઇઓ રહેતા હતા, સેવા વસતિમાં જે લોકો રહેતા હતા એને પણ આ એપાર્ટમેન્ટમાં રહેવા માટે મળે એ પ્રકારની સ્કીમ લાવ્યા. આ સ્કીમ અંતર્ગત જે ગરીબ અને મધ્યમવર્ગના લોકો ઝૂંપડામાં રહે છે એને રિ–ડેવલપ કરી અને એ રહેતા હોય એના કરતા વધારે સ્ક્વેર ફીટ એરિયા મળે અને એમાં આ લોકો રહેવા જઇ શકે. સુરતમાં અત્યારે એ પરિસ્થિતિ થઇ છે કે, લોકોને પુષ્કળ મકાનો જોઇએ છે. ૧૦ ફ્લેટ હોય તો ૨૦૦ ફ્લેટની ડિમાન્ડ હોય છે. એનું કારણ એ છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે જે પ્રકારે આવાસો બનાવ્યા છે એ પૂર્વ સરકારોની છાપ હતી એને ભુંસી નાખવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સુરત શહેરમાંથી આવું છું. સુરતની અંદર આખા દેશમાંથી આશરે ૨૫ જેટલા રાજ્યના લોકો ત્યાં વ્યવસાય કરવા અને રહેવા માટે આવે છે. સુરતની અંદર દુનિયા કરતા વધારે વિકાસ થયો છે. સુરતમાં યુવાઓ પણ દુનિયા કરતા વધારે છે અને સાથે સાથે આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ટી.પી. મંજૂર કરવામાં ભારતમાં રેકોર્ડ કર્યો છે ત્યારે હું એ પ્રકારે ધ્યાન દોરવા માગું છું કે, સુરતની અંદર આના કરતા પણ વધારે સ્પીડથી ટી.પી.ઓ મંજૂર કરવી પડશે. હું કતારગામ વિસ્તારમાંથી આવું છું. છેલ્લા પાંચ–સાત વર્ષથી ટી.પી.નં. ૪૯, ૫૦, ૫૧ અને ૫૨ બધી ડ્રાફ્ટ લેવલ ઉપર છે, પ્રિએપ્રુવલ મંજૂર થઇ નથી. ૬–૬ મહિના સુધી કમિશનર પાસે પરામર્શમાં આવે છે અને એમાં ૫–૫, ૬–૬ મહિના થાય છે અને બીજીવાર પરામર્શમાં આવે તો બીજા ૬ મહિના જતા રહે છે. એના કારણે પરિસ્થિતિ એવી નિર્માણ થાય છે કે ડેવલપમેન્ટમાં તકલીફ ઊભી થાય છે અને આ ડેવલપમેન્ટ બરાબર ના થવાના કારણે પૂર્વ સરકારોએ શહેરની જે દશા કરી છે, જે પ્રકારે બગાડ્યું છે, ૩–૩ કિલોમિટર સુધી આડા રોડ નહોતા મૂકતા. વરાછા રોડ અને કતારગામમાં જોઇએ તો ખબર પડે કે ક્યા પ્રકારે ડેવલોપ થયું છે? બ્રિજ માટેની જોગવાઇમાં જે નાણાં ફાળવ્યા છે એ અમને જલ્દીમાં જલ્દીથી બ્રિજ માટે નાણાં મળે તો અમારા બ્રિજના કામો ઝડપથી પૂરા થઇ શકે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી રાઘવજીભાઇ પટેલ.

શ્રી રાઘવજીભાઇ પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી આ ગૃહ સમક્ષ સિંચાઇ ખાતાની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે માગણી ક્રમાંક ૬૬માં મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૩,૪૩,૫૨,૪૧,૦૦૦ અને મૂડી ખર્ચ રૂપિયા ૪૩,૧૭,૧૯,૯૧,૦૦૦ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારનું સૂત્ર રહ્યું છે કે ''**હર ખેત કો પાની, હર હાથ કો કામ**'' અને જો રાજ્યમાં હરિયાળી ક્રાંતિ લાવવી હોય તો આ સૂત્રને સાર્થક બનાવવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર સતતને સતત કામ કરી રહી છે. હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તાર સૌરાષ્ટ્રમાં દર ત્રણ કે ચાર વર્ષે એક વર્ષ અર્ધ અછત કાં તો અછતનું વર્ષ હોઇ અમારા વિસ્તારના ચેકડેમો, તળાવો ક્યારેય પૂરા ભરાતા ના હોય, સરકારે કરેલા કરોડો રૂપિયાના ખર્ચનું આયોજન વેડફાય જતું હોય, એવા સંજોગોમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને ગુજરાતના પનોતા પૂત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અમારી આ સ્થિતિનો વિચાર કર્યો. નર્મદાનું પાણી જે દરિયામાં વહી જાય છે એ પાણીમાંથી એક લાખ મિલિયન એકર ફૂટ પાણી સૌરાષ્ટ્રના ચેકડેમો, તળાવો, ડેમો આ બધાને ભરવા માટેનું એક ભગીરથ આયોજન કર્યું અને એ આયોજનના પ્રતાપે સૌની યોજના નામ આપીને આ યોજના થકી આજે સૌરાષ્ટ્રના ચેકડેમો, તળાવો, ડેમો જે ચોમાસામાં ઓછા વરસાદના કારણે ખાલી રહેતા હોય એને ભરીને પીવાના પાણી અને સિંચાઇ માટેની કાયમી તકલીફનો જો અંત લઇ આવ્યા હોય તો આ સૌની યોજનાના માધ્યમથી, માનનીય નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘ દ્રષ્ટિથી આ યોજના અમલમાં આવવાથી અમારા માટે આશીર્વાદરૂપ યોજના બની છે. આ સૌની યોજના જે મંજૂર થઇ છે એમાં પ્રથમ અને બીજા તબક્કામાં અત્યાર સુધી પૂર્ણ થયેલ કામગીરીમાં ૩૨ જળાશયો, ૪૮ તળાવો અને ૧૮૧ કરતા વધુ ચેકડેમોને આ નર્મદાના પાણીથી ભરવામાં આવ્યા છે. આ સૌની યોજનાના ત્રણ તબક્કામાં રૂપિયા ૨,૪૦૩ કરોડના કામો પ્રગતિ હેઠળ છે અને ચાલુ સાલે પણ બજેટમાં ૧,૭૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ સરકારે કરી છે. સૌરાષ્ટ્ર વિસ્તારની નદીઓ અને ડેમો સુધી નર્મદાનું પાણી પહોંચાડવા માટે કુલ ૧,૩૭૧ કિલોમિટરની લીંક

લાઇન અને જરૂરિયાત મુજબના પમ્પિંગ સ્ટેશનો બાંધવાના થાય છે. આ લીંક કેનાલ બનાવવા માટે ૮૭ નદીઓ, ૧૩ રેલવે લાઇન, ૨૯ સ્ટેટ હાઇવે અને ૪ નેશનલ હાઇવે, ૧૩૩ ક્રોસિંગ મળીને કુલ રૂપિયા ૧૮,૫૬૩ કરોડના ખર્ચે સૌરાષ્ટ્રના આશરે ૮,૨૫,૦૦૦ એકર ખેતીલાયક વિસ્તારમાં પાણી આપવાની સૌની યોજના હાથ ધરવા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ દ્વારા ત્રણ તબક્કામાં અમલીકરણ કરવાનું આયોજન કરેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે અમારા સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની તંગીનો તો કાયમી ઉકેલ થઇ ગયો સાથો સાથ સિંચાઇ માટેના પાણીની જયાં તંગી છે એનો પણ ઉકેલ કરવાની દિશામાં રાજય સરકારે ખૂબ મોટું મહત્વનું કાર્ય આ સૌની યોજના હાથ ધરી અને એને પૂર્ણ કરવાની કામગીરી કરીને કર્યું છે એના માટે હું સરકારને લાખ લાખ અભિનંદન આપું છું અને આ માગણીઓને મારું સમર્થન આપું છું.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી શહેરી વિકાસની માગણી નં. ૧૦૧ અને ૧૦૨ સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે એના વિશે સમર્થન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

હું સૌ પ્રથમ તો આ સરકારને અભિનંદન આપીશ કે આ સરકારે નગરપાલિકા અને મહાનગરપાલિકાને સ્ટ્રેન્ધન કરવાનું સૌથી મોટું કામ કર્યું છે. એક વખત મને યાદ છે કે નગરપાલિકાઓને જે કાંઇ આવક હતી એ જકાતની આવક હતી અને જકાતની આવકમાં બારોબાર ચોરી થતી હતી અને ઇન્સ્પેકટરોનું રાજ હતું એ આ સરકારે દૂર કર્યું અને જયારે દૂર કર્યું ત્યારે કોંગ્રેસના મિત્રો એના વખાણ કરતા હતા કે હવે અમારે પગાર કેવી રીતે કરવો અને વિકાસ શેમાંથી થશે? હું એ પણ કહીશ કે એ સમયમાં નગરપાલિકાની જે આવક હતી, નગરપાલિકાને કેટલીક ચીજોની સરકાર જે પૂરક મદદ કરતી હતી. ખાસ કરીને અગ્નિશામક સાધનો માટે સરકાર મદદ કરતી હતી તે વખતે નગરપાલિકાના કર્મચારીઓના ૬–૭ મહિનાના પગાર પણ થતા નહોતા ત્યારે આવી સહાયની રકમ જે ચૂકવાતી હતી એ સહાય સાધનો વસાવવાના બદલે કર્મચારીના પગારમાં પૈસા ચાલ્યા જતા હતા. આપણામાં કહેવત છે કે આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસાય નહીં અને એ પણ જયારે તમે જોયું હશે કે જયારે આગ લાગે ત્યારે અગ્નિશામક સાધનો હોય નહીં, બાજુના શહેરમાંથી મંગાવવા પડે અને જયારે બાજુના શહેરમાંથી ૨–૩ કલાકે આવે ત્યારે આગમાં બળીને બધું ખાખ થઇ ગયું હોય. આ રાજય સરકારે અગ્નિશામક સાધનો વસાવવા માટે તમામ નગરોને સેન્ટ્રલી વ્યવસ્થા કરીને કેન્દ્રમાંથી, અમદાવાદથી, ગાંધીનગરથી સાધનો આપીને દરેક નગરપાલિકાને અગ્નિશામક સાધનો આપીને લોકોને સુરક્ષિત કર્યા છે. જે પ્રકારે શહેરોની અંદર હાઇરાઇઝ બિલ્ડીંગો બને છે એ હાઇરાઇઝ બિલ્ડીંગોમાં પણ પ્રિકોશન તરીકે જયારે બિલ્ડીંગ બનાવે ત્યારે નગરપાલિકાના ટાઉન પ્લાનરો પણ એની અંદર આવશ્યક બધી વસ્તુઓ મૂકવામાં આવી છે કે કેમ તેની પણ ચિંતા કરતા હોય છે અને ત્યારે જ એનો પ્લાન મંજૂર થતો હોય છે. આવા હાઇરાઇઝ બિલ્ડીંગો જયારે ૨૨–૨૨ માળના હોય ત્યારે કયારેક ઉપલા માળમાં આગ લાગે ત્યારે એને હોલવવી ખૂબ મુશ્કેલ હોય છે ત્યારે એના માટેના સાધનોની પૂરક વ્યવસ્થા પણ રાજય સરકાર કરે છે ત્યારે રાજય સરકારને હું ખૂબ અભિનંદન આપીશ અને ચાલુ વર્ષના બજેટમાં રાજય સરકારે રૂપિયા ૧૦૬૨૦ લાખની યોજના અગ્નિશામક સાધનો વસાવવા માટેની જોગવાઇ આ બજેટમાં કરી છે. જેના કારણે કોઇપણ જગ્યાએ કોઇપણ ફેકટરીમાં આગ લાગે કે કોઇ મકાનમાં આગ લાગે ત્યારે એ સાધન વિહોણા હોવાના કારણે આગ બુજાય નહીં એવી સ્થિતિનું સર્જન ન થાય એની પણ ચિંતા કરી છે ત્યારે આ રાજય સરકાર અને માનનીય નાણામંત્રીશ્રી જે દરખાસ્ત લઇને આવ્યા છે એમાં મારું સમર્થન કરું છું.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ ઉપર જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું.

મારા વિસ્તારની અંદર ફતેવાડી નહેર યોજના હેઠળ વાસણા બૅરેજથી એ શરૂ થાય છે અને વાસણા બૅરેજની અંદર સાબર નદીના પટમાં નર્મદાનું જે પાણી હોય છે એ છોડવામાં આવે છે ત્યારબાદ ફતેવાડી યોજના હેઠળ સાણંદ, બાવળા, દસક્રોઇ, અમદાવાદ શહેર, ધોળકા, આવી રીતે અનેક ૪–૫ તાલુકાના ૧૧૧ ગામડાંઓને સિંચાઇ માટેનું પાણી આપવામાં આવે છે. આ યોજના ફતેવાડી યોજના કોઇપણ નર્મદા કમાન્ડ એરિયા કે ધરોઇ યોજના હેઠળ આવતી નથી. માત્રને માત્ર નર્મદામાં વધારે પાણી હોય ત્યારે આ યોજના હેઠળ આની અંદર પાણી આપવામાં આવે છે, તે માટે નાયબ મુખ્યમંત્રીશ્રીને મારી વિનંતી અને રજૂઆત છે કે આજે ફતેવાડી યોજના હેઠળના અને જે ૩૩ ગામો બાકી રહી ગયા છે, તેમને કમાન્ડ એરિયામાં ભેળવવામાં આવે. આ યોજના હેઠળ સરકારને અભિનંદન આપીશ કે હમણાં હમણાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પાણી વેસ્ટેજ જતું હતું, એને ફતેવાડી યોજના હેઠળ આપવા માટે ૧૬૦ ક્યુસેક પાણી ફતેવાડી યોજનાને આપવામાં આવ્યું છે, ત્યારે આ યોજનાથી ઘણો બધો લાભ થયો છે. પહેલી વખત ગુજરાતની અંદર સતત ૧૨ મહિના અને ૨૪ કલાક ૧૬૦ ક્યુસેક પાણી મળતું હોય તો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની આ પહેલી યોજના છે. એવી જ રીતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પાણી એ નાઇટ્રોજનયુક્ત પાણી હોવાથી જમીન ફળદ્રુપ થાય છે અને પાકની અંદર વધારો થાય છે, એના લીધે ખેડૂતોની આવક પણ વધે છે. એના માટે સરકારને અભિનંદન પાઠવું છું. એવી જ રીતે મારા વિસ્તારની અંદર બીજી રોંઢ નદી આવેલ છે. ત્યાં ૬૦ કિ.મી.નો અંદાજિત વિસ્તાર છે. આ રોંઢ નદી ઉપર જો ચેકડેમ કે બંધ બાંધવામાં આવે તો અન્ય ખેડૂતોને લાભ થશે અને આજુબાજુના ૩૦થી ૪૦ ગામોને લાભ થશે. એવી જ રીતે જેમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ૧૬૦ ક્યુસેક પાણી રોજ ૧૨ મહિના અને ૨૪ કલાક મળે છે. એવી જ રીતે જો બોપલ નગરપાલિકા,

સાણંદ નગરપાલિકા, બાવળા નગરપલિકા અને ધોળકા નગરપાલિકાના વિસ્તાર માટે એસ.ટી.પી.ના પાણીને આ યોજના હેઠળ આ ફતેવાડી કેનાલમાં જોડાણ કરવામાં આવે તો બાકીના વિસ્તારને આ યોજના હેઠળ લાભ મળશે. બીજી મારી એક–બે રજૂઆતો છે કે મખીયાવ પારા ગોરસથી હઠીપુરા આગળ એક બંધ જો બાંધવામાં આવે અને હઠીપુરાથી કવલા જે કાચી કાંસ છે એને પાકી કાંસ કરવા માટે રજૂઆત છે. છેલ્લી રજૂઆત છે કે ઢીંગણા ભોગાવાથી મીઠાપુર સીમ સુધી એક ચેકડેમ બાંધવામાં આવે તો ઘણા બધા મારા વિસ્તારના ખેડૂતોને લાભ થશે અને આવકમાં વધારો થશે. આ માગણી ઉપર મારા વિચારો રજૂ કર્યા છે અને તેને સમર્થન આપું છું.

શ્રીનીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજ્યના વિકાસ માટે અને ખાસ કરીને નાગરિકોની સુવિધાઓ અને સમૃદ્ધિ વધારવા માટે રાજ્ય સરકારના જે અમારા અગત્યના વિભાગો છે તે વિભાગ ઉપરની માગણીઓ લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી વતી હું આવ્યો છું. એક તો શહેરી વિકાસ વિભાગ જે પ્રમાણે માનનીય સભ્યશ્રીઓએ એમની લાગણી અહીયાં રજૂ કરી. રાજ્યના લગભગ ૪૫ ટકા જેટલી વસતિ શહેરોમાં વસતી હોય તો એને સુખ સુવિધા માટે ભારતીય જનતા પાર્ટીની અમારી સરકાર ગુજરાતમાં આવી ત્યારથી જ જે કામગીરી કરી રહી છે, એને બધાએ ખૂબ આવકારી છે. નાનામાં નાની ચાલીથી માંડીને મોટી સોસાયટીઓ, પોળો, મહોલ્લાઓ, મહાનગરથી માંડીને નાની ડ વર્ગની નગરપલિકા સુધી અમારો શહેરી વિકાસ વિભાગ કામ કરે છે, તેનો લાભ ગુજરાતના વિકાસ માટે, ગુજરાતને પ્રતિષ્ઠા અપાવવા માટે અને ભારત સરકાર તરફથી જે એવોર્ડો સતત ગુજરાતને મળે છે, એમાં શહેરી વિકાસ વિભાગ પણ ખૂબ અગત્યનું યોગદાન આપી રહ્યો છે. તેની માગણીઓ મેં અહીંયાં રજૂ કરી છે. તેવી જ રીતે સિંચાઇ વિભાગની પણ માગણી રજૂ કરી છે. સિંચાઇ તે ગુજરાતના ખેડૂતો માટે, ગુજરાતના નાગરિકો માટે અનેક રીતે ઉપયોગી છે તેવી કામગીરી પણ અમારો વિભાગ કરે છે. સિંચાઇ વિભાગની જે કામગીરી છે તેના અંગેનું ખૂબ સુંદર વર્ણન અમારા માનનીય સભ્યશ્રીઓએ પોતપોતાના વિસ્તારમાં જે લાભ થયા છે તે અહીં રજૂ કરીને માહિતી આપી છે. ગુજરાતમાં સિંચાઇ વધારવી, ખેડૂતોને વધુને વધુ સિંચાઇનું પાણી પહોંચાડવું તે અમારી સરકારનું શરૂઆતથી જ લક્ષ્ય રહ્યું છે. ખાલી લક્ષ્ય એટલું નહીં, ફક્ત નાણાકીય ફાળવણી એટલું નહીં પણ હું આંકડાકીય માહિતી આ સન્માનનીય ગૃહને આપવા માગું છું. આપણે બધાએ સાથે મળીને જે કામ કર્યું, અમારા સિંચાઇ વિભાગે જે કામ કર્યું તેનો કેટલો મોટો લાભ રાજ્યના લાખો ખેડૂતોને, લાખો પશુઓને જે પાણીની જરૂરિયાત છે તે પૂર્ણ કરવા અમે કર્યો છે. મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાની માહિતી આપું તો વર્ષ ૨૦૦૧માં એટલે કે વીસ વર્ષ પહેલાં ગુજરાતમાં ૧૪ લાખ ૭ હજાર ૯૯૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ યોજનાઓ થકી, એટલે કે મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ જેવી કે ઉકાઇ, કડાણા, ધરોઇ, સૌરાષ્ટ્રની યોજનાઓ આવી જાય, આ બધી યોજનાઓનો લાભ દક્ષિણ ગુજરાતથી માંડીને કચ્છ સુધી જયાં જયાં સિંચાઇના ડેમો આપણી પાસે ઉપલબ્ધ છે તેના દ્વારા પાણી આપતા હતા. તે પછી વર્ષ ૨૦૧૮માં ૧૭ લાખ ૩૧ હજાર હેક્ટરમાં પીયત કર્યું છે. એટલે કે વીસ વર્ષની અંદર, વીસ નહીં પણ ઓગણીસ વર્ષની અંદર ૩ લાખ ૨૩ હજાર હેક્ટરમાં સિંચાઇનો વધારો કર્યો છે. એવી રીતે સરદાર સરોવર યોજનાનો વિભાગ અલગ છે. તે વિભાગની જવાબદારી પણ મારી પાસે છે. તેની ચર્ચા આપણે કરવાના છીએ એટલે તેની વિગતવાર વાત અહીં આજે નહીં કરું. માહિતી ચોક્કસ આપીશ કે વર્ષ ૨૦૦૧માં નર્મદા યોજના દ્વારા ૪૦ હજાર હેક્ટરમાં સિંચાઇ થતી હતી. તે આપણે વર્ષ ૨૦૧૮માં વધારીને ૧૬ લાખ ૧૧ હજાર હેક્ટર સુધી પહોંચાડી દીધી છે. આમાં ૧૮ લાખ હેક્ટર તેનો કમાન્ડ એરિયા છે. એટલે ૧૫ લાખ ૭૧ હજાર હેક્ટરમાં આપણે નર્મદાનું પાણી પહોંચાડી દીધું છે. તેનો ગુજરાતને ખૂબ મોટો લાભ આપણે આજે પ્રાપ્ત કરાવી રહ્યા છીએ. તેવી જ રીતે નાની સિંચાઇ યોજનાઓ જેવી કે નાની નદી હોય, મધ્યમ કક્ષાનો પાણીનો આવરો ધરાવતા વિસ્તારો હોય તેમાં આપણે ૨ લાખ ૫૬ હજાર હેક્ટરને વર્ષ ૨૦૦૧માં સિંચાઇનો લાભ આપતા હતા. તેમાં થોડોક વધારો કર્યો છે. કેનાલો સુદ્રઢ કરી, આવરા સુધાર્યા અને તે રીતે તેમાં વધારો કરીને ૨ લાખ ૭૧ હજાર હેક્ટર સુધી પહોંચાડયું છે. ગુજરાતની જે મોટી ખાસિયત છે તેમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ લાખો ચેકડેમ આપણે બનાવ્યા છે. સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત હજારો તળાવો ઉંડા કર્યા, નવા તળાવો બનાવ્યા, પાણીના આવરા વધાર્યા, જળસંગ્રહ વધાર્યો. તે એક મોટું કામ કર્યું છે. દેશમાં કોઇ રાજ્યમાં નાની સિંચાઇ માટે આવું કામ કોઇ રાજ્યએ કર્યું નથી. આ આપણી ગુજરાતની ખાસિયત છે અને તેમાં આપણે ૧ લાખ ૯૮ હજાર હેક્ટરમાં વર્ષ ૨૦૦૧ની સાલમાં પીયત કરતા હતા. તે પછી આપણે મોટા તળાવો અને ચેકડેમો બનાવ્યા. એટલે હવે વધીને લગભગ ૫ લાખ હેક્ટરમાં આપણે વધારો કર્યો છે અને એનો પણ મોટો લાભ ખેડૂતોને આપ્યો છે. કૂવા અને પાતાળ કૂવા, આદિવાસી વિસ્તારમાં કૂવાઓ ખોદવાની જરૂર હોય એવી જગ્યાએ કૂવા પણ કરીએ છીએ અને પાતાળ કૂવા પણ કરીએ છીએ અને ખેડૂતો પોતે પણ કરે છે અને સરકાર પણ મદદ કરે છે તો એના દ્વારા પણ આપણે અગાઉ ૧૯.૭૩ લાખ હેક્ટરમાં વર્ષ ૨૦૦૧માં જ સિંચાઇ થતી હતી અને હજારો પાતાળ કૂવાઓ પણ છે એ પાતાળ કૂવાનો સફળતાપૂર્વક એટલે આપણે લાભ લઇ શકીએ છીએ કે, આપણી સરકારના ઉર્જા વિભાગ દ્વારા ખેડૂતોને નવા લાખો કનેકશન આપ્યા જે ભૂતકાળમાં કોંગ્રેસ સરકાર વખતે શકય જ ન હતું. અમારી સરકારે ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઇએ જે નેતૃત્વ લીધું અને ગયા વર્ષે સવા લાખ કરતા વધુ કનેકશન આપ્યા, આ વર્ષે પણ લાખ કનેકશન આપવાના છીએ અને હવે તો ખેડૂતોની ડિમાન્ડ ખેતી માટેના વીજળીના કનેકશનની નીલ કરી દેવાના છીએ. એટલે એનો લાભ જે થયો એ પણ ખૂબ મોટો લાભ અત્યારે ૨૨.૫૯ લાખ હેક્ટરમાં ટ્યુબવેલો આધારીત સિંચાઇ આપણે કરીએ છીએ. સસ્તી વીજળી, સતત વીજળી, પુરતા વોલ્ટેજથી વીજળી એ અમારો ઉર્જા વિભાગ–સિંચાઇ વિભાગ કરે છે અને એનો લાભ કૃષિ વિભાગને ખૂબ મોટા પ્રમાણમાં મળે છે. આમ, સરવાળો કરીએ તો વર્ષ ૨૦૦૧માં ગુજરાતનો સિંચાઇ વિસ્તાર

૩૮.૭૭ લાખ હેક્ટર હતો એ વર્ષ ૨૦૧૮માં અને આ બે વર્ષમાં વધ્યો એ તો જુદું. હું તો વર્ષ ૨૦૧૮ની આંકડાકીય માહિતી આપું છું. ૩૮.૭૭ લાખ હેક્ટર જે હતો એ ૬૮.૨૮ લાખ હેક્ટર થયો છે. એટલે આપણી ભારતીય જનતા પાર્ટીની અમારી શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર દ્વારા અમે આ કામ કર્યું છે અને અમે આ કામ સફળતાપૂર્વક માનનીય નરેન્દ્રભાઇ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા અને એમણે જે આ દીર્ઘદ્દષ્ટિભર્યું મોટું આયોજન હાથ ઉપર લીધું અને નર્મદા યોજનાનું કામ આપણે જાણીએ છીએ કે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના કારણે શક્ય બન્યું, ઝડપી થયું. ઉર્જા વિભાગ, કૃષિ વિભાગ અને સરકારનો સિંચાઇ વિભાગ–નર્મદા વિભાગ આ બધા જ ભેગા થયા અને લગભગ ૨૯.૫૦ લાખ હેક્ટર પિયત વિસ્તારનો છેલ્લા વર્ષ ૨૦૧૮–૧૯ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ નીચે હવે ગુજરાતના ખેડૂતોને આપણે લાભ આપી શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આનો સીધો લાભ ખેડૂતોને મળ્યો, સીધો લાભ પશુપાલકોને મળ્યો છે. રાજ્યનું કૃષિ ઉત્પાદન ભૂતકાળમાં જે હતું એના કરતા અનેકગણું વધુ લગભગ હવે તો ૧.૫૦ લાખ કરોડ રૂપિયા કરતા પણ વધુ, શ્રી ફળદુ સાહેબના વિભાગનું બજેટ હજુ બાકી છે, હવે એ આંકડા આપશે એટલે એમના માટે હું એ આંકડા બાકી રાખું છું કે, કેટલું કૃષિ ઉત્પાદન થયું? પણ ખૂબ પ્રમાણમાં ખેડૂતોને સદ્ધર બનાવવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇનું જે લક્ષ્ય છે કે, વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશના ખેડૂતોની આવક ડબલ કરી દેવી. એ ડબલ કરવા માટે સિંચાઇ વિભાગ, ઉર્જા વિભાગ, નર્મદા વિભાગ, અમારો બાગાયત વિભાગ આવા ઘણા બધા વિભાગો ભેગા મળીને કામ કરે છે એટલે આપણે એમાં ખૂબ મોટી સફળતા તરફ જઇ રહ્યા છીએ. જો નાણાકીય રીતે મૂલવીએ તો બજેટની જે જોગવાઇ વર્ષ ૧૯૮૫થી ૧૯૯૫ એ ૧૦ વરસ કોંગ્રેસનું શાસન હતું, છેલ્લું શાસન જેમ બીજા બધા ગયા એમ એ પણ જતા જ રહ્યા છે હવે કદી આવવાના નથી, અહીંયા નથી આવવાના અને ત્યાં પણ આવવાના નથી. એમના ૧૦ વરસમાં ૧૮૩ કરોડ રૂપિયા સિંચાઇ માટે એમની સરકારોએ વાપર્યા હતા અને ભારતીય જનતા પક્ષની સરકારોએ અમારા શાસનમાં ૪૨૦૦ કરોડ રૂપિયા કરતા વધુ રકમ એટલે ક્યાં રૂપિયા ૧૮૩ કરોડ એમના ૧૦ વરસના અને ક્યાં રૂપિયા ૪૨૦૦ કરોડ આવો મોટો જંપ, અમારા નાણાં વિભાગે ફાળવણી કરી અને સિંચાઇ વિભાગને જે લાભ આપ્યો છે એના પ્રત્યક્ષ નાણાકીય આંકડા પણ મેં આપ્યા એનો સીધે સીધો લાભ ખેડૂતોને મળ્યો એ પણ આપણે આપ્યા છે. આજે લગભગ અમારા વીસ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ જુદા જુદા વિભાગો ઉપર એમના વિચારો વ્યક્ત કર્યા છે. સિંચાઇ વિભાગ માટે અહીંયાથી ખૂબ સાચું કહેવાયું કે સૌની યોજના, સુજલામ્ સુફલામ્ યોજના, એક સૌરાષ્ટ્ર માટે અને એક ઉત્તર ગુજરાત માટે, બે કલ્પવૃક્ષ અને કામધેનુ જેવી બન્ને યોજનાઓ એ ખેડૂતો અને પ્રજા માટે ઉપયોગી થઇ છે.

સૌરાષ્ટ્રમાં આપણે બધા જાણીએ છીએ કે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર, આપણું તો ગુજરાત છે. એવા ભૌગોલિક વિસ્તારો આપણે ધરાવીએ છીએ કે એક બાજુ દક્ષિણ ગુજરાતમાં રાજ્યનો ૬૦–૬૫ ટકા વરસાદ થઇ જાય, મધ્ય ગુજરાતમાં થોડોક પ્રમાણમાં વાજબી થાય, ઉત્તર ગુજરાતમાં ઓછો થાય. સૌરાષ્ટ્રમાં ઓછો થાય અને છેક કચ્છની વાત કરું તો એમાં તો એનાથી પણ ઓછો થાય. એટલે ગુજરાતમાં એક બાજુ –દક્ષિણ ગુજરાતમાં ૧૧૦, ૧૧૫, ૧૨૦, ૧૨૫ ઇંચ જેટલો વરસાદ થાય અને એક બાજુ છેડે કચ્છમાં ૫ (પાંચ) ઇંચ વરસાદ એટલે ૧૨૫થી માંડીને ૫ ઇંચની રેન્જ આપણા ગુજરાતના જે ભૌગોલિક ઝોન છે, ક્લાઇમેટ ઝોન છે એ પ્રમાણે વરસાદ આપણને મળે છે. દક્ષિણ ગુજરાતમાં પુર આવે. ત્યાં મોટી નદીઓ, બારમાસી નદીઓ વધારે છે, મધ્ય ગુજરાતમાં ફક્ત આપણી મહી નદી એ બારેય મહિના લગભગ કડાણા યોજના મારફતે આપણને પાણી મળે છે, કરજણ યોજનામાં પાણી મળે છે. બીજી નાની નાની આદિવાસી વિસ્તારની મધ્યમ યોજનાઓ છે એનો લાભ મળે છે. ઉત્તર ગુજરાતમાં આવીએ તો ધરોઇ અને સાબરકાંઠા અરવલ્લી, બનાસકાંઠા જિલ્લાના જે ડેમો છે એ તો વરસાદ આવે તો આવે અને ના આવે તો બે ત્રણ વરસ ઓછું પાણી પણ મળે. એવુંને એવું ચિત્ર આપણું સૌરાષ્ટ્રનું છે. કચ્છમાં પણ એનાથી સહેજે સારું ચિત્ર નથી. તો આવી પરિસ્થિતિમાં ગુજરાતનો સર્વાંગી વિકાસ, આપણે બધા બોલીએ છીએ સર્વાંગી વિકાસ પણ એનો અર્થ શું? દક્ષિણ ગુજરાતમાં જે થાય એવું જ ઉત્તર ગુજરાતમાં થાય, ઉત્તર ગુજરાતને મળે એવું જ મધ્ય ગુજરાતને મળે. મધ્ય ગુજરાતમાં થાય એવો જ લાભ સૌરાષ્ટ્ર અને કચ્છને મળે આવો સર્વાંગી વિકાસ. આદિવાસી વિસ્તાર હોય, સપાટ જમીન વિસ્તાર હોય, દરિયાઇ ખારાશવાળો વિસ્તાર હોય કે કચ્છનો રણ વિસ્તાર હોય.

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી, એક મિનિટ સમય લંબાવવા અંગે માનનીય દંડકશ્રીની દરખાસ્ત છે.

**વિરામનો સમય રદ કરવા અંગે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રિસેસનો સમય કેન્સલ કરીએ અને આજે જે માગણીઓ રજૂ થયેલ છે તેનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

સભાપતિશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) વિરામનો સમય રદ કરી મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં ગુજરાત દુષ્કાળગ્રસ્ત ગુજરાત કહેવાતું હતું. હકીકત હતી એમાં કોઇનો વાંક પણ નહોતો. કુદરતી ક્લાયમેટ ઝોન આપણા એવા છે કે આપણે દુષ્કાળનો સામનો કરતા હતા. પણ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારો આવ્યા પછી જે અમે આયોજનો કર્યા એના કારણે આજે હિંમતપૂર્વક આપણે વિશ્વાસથી ગુજરાત માટે કહી શકીએ, દેશ અને દુનિયાને કહી શકીએ કે એક વખતનું દુષ્કાળગ્રસ્ત ગુજરાત હવે દુષ્કાળને દેશવટો આપવાના દરવાજે આવીને ઉભું છે તો પણ ખોટું નહિ કહેવાય, એવી મોટી મહત્વકાંક્ષી યોજનાઓ ક્યાંક સૌરાષ્ટ્રમાં વરસાદ ના પડે, ઉત્તર ગુજરાતમાં વરસાદ ના પડે, કચ્છમાં ના પડે તો પણ વધારાનું નર્મદાનું પાણી, કડાણાનું પાણી કે બીજું

પાણી જે આપણને ઉપલબ્ધ છે. દક્ષિણ ગુજરાત માટે ઉકાઇનું પાણી, એ પાણી આપણે જરૂરિયાતવાળા વિસ્તારોમાં પીવા માટે અને ખેતી માટે પહોંચાડી શકવાની બધી જ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આંતરમાળખાકીય સુવિધાઓ આપણે પૂરી કરી દીધી છે. લાખ્ખો હોર્સ પાવરના પંપ આપણે મૂક્યા છે. દર વરસે કરોડો રૂપિયાનું વીજળી બિલ ખેડૂતો માટે, પશુપાલકો માટે, પ્રજા માટે સરકાર એની તિજોરીમાંથી ભરે છે અને એનો લાભ આપણને મળે છે. એટલે આખું ચિત્ર જે પલટવાનું કામ કર્યું હોય, ભૂતકાળ ભૂલી જઇને હવે સારો વર્તમાન લાવવાનું કામ કર્યું હોય તો એ શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભા.જ.પ.ની અમારી સરકારે કર્યું છે. એમાં સિંચાઇ વિભાગ ખૂબ પાયામાં છે. સૌની યોજનાઓમાં બલ્ક પાઇપ લાઇનો જે નાંખી, પમ્પીંગ સ્ટેશનો કર્યા, સૌનીના જુદા જુદા તબક્કામાં જે કામ કર્યું તે તો અહીંયા બેઠેલાં બધા જ માનનીય સભ્યશ્રીઓનો જાત અનુભવ છે, વિગતવાર જાણે છે. કારણ કે તેનો લાભ આપણને મળતો થઇ ગયો છે તે પણ આપણે સફળતાપૂર્વક કર્યું છે અને હજુ છેલ્લા અંતિમ તબક્કાના સૌનીના કામો છે તે માટે પણ બજેટમાં માતબર રકમની અમારી સરકારે, સિંચાઇ વિભાગે, મુખ્યમંત્રીશ્રીએ જોગવાઇઓ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતની સાબરમતી નદી જેના ઉપર ધરોઇ બંધ છે અગત્યની, મોટી નદી અમદાવાદ શહેરને પીવાનું પાણી આપવા માટે એક સમયમાં ૪૦-૫૦ વર્ષ પહેલાં એક ડેમ બનાવવામાં આવેલો. વચ્ચે કશું નહોતું ધરોઇનું પાણી છોડે એટલે અમદાવાદ પહોંચે વચ્ચેનું ૯૦ ટકા પાણી શોષાઇ જતું હતું, નદીમાં રેતીમાં નકામું જતું હતું પણ કોઇ ઉપાય નહીં હોય એટલે એ વખતની સરકારોએ કર્યું હશે પણ અમે તેને અધૂરું ના રાખતા જયારે પૂર આવે, આ વર્ષે પૂર આવ્યા, ગયા વર્ષે આવ્યા હતા, પૂર આવે ત્યારે અમદાવાદને નુકસાન ના થાય, આખો રીવરફ્રન્ટ ભરેલો રહે એ પછી તો નર્મદાનું પાણી પણ આપણે અમદાવાદને ઉપલબ્ધ કરાવી દીધું. અમારા સભ્યશ્રીઓએ કહ્યું કે હવે અમદાવાદમાં પીવાના પાણીનો કોઇ મોટો પ્રશ્ન રહ્યો નથી. એક સરસ વાત અમારા બધાને મોટાભાગના ગુજરાતને લાગુ પડે ફલોરાઇડવાળું પાણી પી પી અને આપણે બધા હાડકાં નબળા કરતા હતા. આખું ઉત્તર ગુજરાત, આખું મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ બધું આવી ગયું, હવે ફલોરાઇડવાળું પાણી પીવાનું તેને આપણે ભૂતકાળ બનાવી દીધો. સરફેસ લેવલનું શુદ્ધ પીવાલાયક પાણી ફિલ્ટર કરેલું, ક્લોરીનેશન કરેલું ગુજરાતની ચાર-સાડા ચાર કરોડની જનતા સુધી પહોંચાડયું હોય તો આ ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા પહોંચાડવામાં આવ્યું છે. હવે ફલોરાઇડ વિષય રહ્યો નથી. હવે નવી પેઢીને જેમ કર્ફયુ ભૂલી ગયા અમે ઘણા શબ્દો હવે કાઢી નાંખવાના છીએ ડિક્શનેરીમાં ભલે રહેતા પણ વહીવટી કે વ્યવહારમાં નથી રાખવાના. કર્ફયુ ભાજપ સરકારે ભૂતકાળ કરી દીધો, પોલિયો અમારા આરોગ્ય વિભાગે ભૂતકાળ કરી દીધો, એમ હવે આ ફ્લોરાઇડ શબ્દ એ પણ અમારા સિંચાઇ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, નર્મદા વિભાગ તે બધાએ ભૂતકાળ કરી દીધો એવી રીતે આ બધું અમે કરી રહ્યાં છીએ ત્યારે સ્વભાવિક ધરોઇમાં પણ મોટાં વિયર બનાવવાનું કામ, બેરેજ બનાવવાનું કામ આપણે મંજૂર કર્યું છે. દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં અમારા સભ્યશ્રીએ ખૂબ સારી રીતે કહ્યું છે કે મોટી તોતીંગ પાઇપ લાઇનો, બલ્ક પાઇપ લાઇનો ત્યારે હું પાણી પુરવઠા મંત્રી રહેલો છું અને સિંચાઇ મંત્રી પણ રહેલો છું. એક વખત હું કામોના સુપરવિઝનમાં વિસ્તારમાં નીકળેલો તો એક પાઇપ લાઇનનું કામ ચાલતુ હતું તો મેં ફોટો પડાવ્યો. પાઇપ લાઇન એવડી મોટી કે હું ઉભો રહ્યો અને મેં હાથ આમ ઉંચો કર્યો તો પણ હું પાઇપને અડી શકયો નહોતો. અમારા શ્રી જીતુભાઇ કે શ્રી પુરુષોત્તમભાઇ રૂપાલા કે શ્રી દુષ્યંતભાઇનો હાથ કદાચ અડે તો અડે બાકી અમે બધા આમાં કોઇ હાથ અડાડી ના શકીએ એવી પાઇપ લાઇન આ ભાજપ સરકારે નાંખી. હા, શ્રી પ્રદિપસિંહનો હાથ તો અડી જ જાય. તેમનો હાથ તો કોઇનો ના અડે ત્યાં પહોંચી જાય છે. બધાને પકડી પાડે, ભાગવા જાય તો પણ છોડે નહીં એવા અમારા મંત્રીશ્રીઓના કામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધું ખૂબ સુંદર રીતે જયારે ચાલતું હોય ત્યારે સિંચાઇ વિભાગમાં હજુ ઘણું કરવાનું બાકી પણ છે. એક સભ્યશ્રીએ ખૂબ સુંદર કહ્યું કે આપણાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ આખા દેશને આહ્વાન કર્યું છે કે ભગવાન વરસાદનું જે પાણી આપે છે તે ભગવાનની પ્રસાદીરૂપ છે. જેમ પ્રસાદી સાચવીને ખાઇએ છીએ તેમ પાણીનો એક એક ટીંપાનો સક્ષમ ઉપયોગ કરવો અને એ કરવા તરફ અમારી શ્રી વિજયભાઇની સરકાર જઇ રહી છે. હજુ તો દરિયા કિનારામાં ખારાશ અટકાવવાનું કામ કરવાનું છે. ઘણું કરી દીધું છે. હું સિંચાઇ મંત્રી હતો ત્યારે મહુવામાં જે નિકોલાનો બંધારો હતો અને બીજો બંધારો હતો જ્યાં નજીકમાં પૂજ્ય મોરારી બાપુનું ગામ છે ત્યાં અમે ઉદ્‌ઘાટન કર્યું હતું. કચ્છમાં ખારાશ અટકાવી. આપણને વરસાદરૂપે ભગવાન પાણી આપે અને પાણી વહીને દરિયામાં જતું રહેતું હતું તો અમે સ્પ્રેડિંગ કેનાલો બનાવી. કેનાલો મોટી બનાવી અને ખોદી નાંખી. ૫, ૭, ૧૦ ફૂટ પહોળી અને ઉંડી બનાવી. જેવું વરસાદનું પાણી આવે તો એ સડસડાટ દરિયામાં કે રણમાં ન જતું રહે એ કેનાલમાં પડ્યું રહે અને કેનાલ કિલ્લાની જેમ ફરતી રાખી એટલે પાણી એમાં ભેગું થાય. આ પાણી ભેગું થઇને ભૂગર્ભમાં ઉતરે અને જળસંચય થાય. મીઠા પાણીનો સંગ્રહ વધે અને દરિયાની ખારાશ ઓછી થાય. આપણને ૧૬૦૦ કિ.મી.નો દરિયા કિનારો મળ્યો છે એ સારું છે. એના ઘણા લાભ પણ આપણને છે. પણ દરિયાઇ ખારાશ વધતી જાય એ પણ એક તકલીફ છે. એ દરિયાઇ ખારાશ અટકાવવા અમે બંધારા કરીએ છીએ, સ્પ્રેડિંગ કેનાલો બનાવીએ છીએ. દક્ષિણ ગુજરાતમાં પણ ઘણી બધી જગ્યાએ દરિયાઇ ધોવાણ અટકાવવા મોટી મોટી દિવાલો બનાવી છે. બધા ધારાસભ્યો જાણે છે. બધાની માગણીથી કર્યું છે. આ બધું જ કામ આપણે કરીએ છીએ એનો ખૂબ લાભ છે. સુજલામ્ સુફલામ્ યોજના, તળાવો ઉંડા કરવા, લોકોની ભાગીદારીથી કામ કરવું. એમાં પણ આપણે આગળ વધી રહ્યા છીએ. લોકો, ધાર્મિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, દાતાઓ એ બધા જ એમાં ઉદારતાથી ફાળો આપે છે. પ્રજા અને સરકાર સાથે મળીને કામ કરે તો કેટલું મોટું કામ કરી શકીએ તેનું આપણું ગુજરાત એક ઉત્તમ ઉદાહરણ છે. અહીંયા પ્રશ્નો બહુ પૂછાય છે અમે જવાબ આપીએ છીએ તો ઘણા કૉંગ્રેસવાળા

અમને કહે છે. કારણ કે, એમની લાઇટો બહુ મોડી થાય છે. કોઇની બે દિવસ મોડી થાય છે તો કોઇની બે મહિના મોડી થાય. એમનું બધું બગડી ગયેલું છે. એમની બધી સર્કિટો શોર્ટ થઇ ગયેલી છે. કલ્પસરમાં આપણે ખૂબ ગંભીરતાથી આગળ વધી રહ્યા છીએ. એમાં આપણે અનેક પ્રકારના ટેસ્ટ કરાવવાના હોય છે. થોડો સમય છે તો હું કહી દઉં કે કલ્પસર એટલે દરિયાની વચ્ચે મોટો પાળો બનાવવાનો છે. જેમ નદીમાં ચેકડેમ બનાવીએ છીએ એમ દરિયો પૂરી ભાવનગરથી માંડીને છેક સૌરાષ્ટ્રથી દક્ષિણ ગુજરાત સુધી પાળો બનાવવાનો છે. એના ઉપર ૬ લેન હાઇ–વે બનાવવાનો છે. નર્મદાથી મોટું મીઠા પાણીનું સરોવર બને. દરિયાઇ માર્ગે રોડ બને એટલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનું અંતર ઓછું થઇ જાય. આ નદીઓનો કાંપ જે દરિયામાં જતો રહે છે એ અટકે, આપણને મીઠું પાણી પ્રાપ્ત થાય અને કલ્પસર બને એટલે સૌરાષ્ટ્રની તો સિકલ આર્થિક રીતે એટલી પલટાઇ જવાની છે કે ન ભૂતો ન ભવિષ્યતિ. આખા ભારતમાં કોઇ રાજ્ય આવું નહિ હોય. હું તો એમ કહું છું કે કલ્પસર બની જાય પછી દુનિયાનો કોઇ દેશ ગુજરાત સાથે નહિ ઊભો રહી શકે. આર્થિક તાકાત, ખેતીને મીઠું પાણી આપવાની તાકાત, ટ્રાન્સપોર્ટેશનની તાકાત અને દરિયાઇ માર્ગે વહાણવટું કરવાની તાકાત એ બધી સક્ષમતા એમાં પડી છે. એમાં અનેક સરવે કરવા પડે છે. ધરતીકંપના સરવે, ખારાશના સરવે, એના પાયાનો બોજો તળિયું ઉપાડી શકે કે નહિ, જળચર ઉપર એની શું અસર થાય, પર્યાવરણ ઉપર એની શું અસર થાય એ બધું મોટે ભાગે આપણે ભારત સરકાર અથવા પ્રતિષ્ઠિત ઇન્ટરનેશનલ સંસ્થાઓ પાસે કરોડો રૂપિયાના ખર્ચે એના સરવે કરાવી રહ્યા છીએ. જ્યારે આ સરવે પૂરા થશે ત્યારે આ કામ આપણે હાથ ઉપર લઇશું. અત્યારે નર્મદાથી જે લાભ થયો છે એના કરતાં અનેકગણો લાભ આપણને આવનારા સમયમાં કલ્પસરથી થવાનો છે. દરિયો પુરાશે એટલે હજારો હેક્ટર નવી જમીન મળવાની છે. આપણને જમીન ખુલ્લી પ્રાપ્ત થવાની છે. દરિયામાં ભરતી આવવાની બંધ થઇ જશે, જમીન ખુલ્લી થશે, એનો પણ મોટો લાભ આપણને આવનારા સમયમાં થવાનો છે. અત્યારે કોઇને કલ્પના લાગે, કોઇને વિચાર લાગે, એન્જિનિયરીંગ સમજી શકતા હોય એમને પોઝિટીવ લાગે, પણ આ થવાનું છે અને એનું કામ આપણી સરકાર ગંભીરતાથી કરી રહી છે.

સભાપતિશ્રી : આપની પાસે પંદર મિનિટ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હવે સિંચાઇ પર પૂરું કરું છું. આ કામ અમે કરી રહ્યા છીએ. એટલે સિંચાઇ વિભાગનું બજેટ સર્વાનુમતે મંજૂર કરવા સર્વ માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરીવિકાસ વિભાગ, આ વિભાગ પણ મેં કહ્યું એમ ૪૫ ટકા જેટલી રાજયની જનતાને અનેક રીતે આપણે ઉપયોગી કરી ચૂક્યા છીએ. હવે તો હું સાચું કહું હું મહેસાણાનો ધારાસભ્ય છું, કડીનો વતની છું. અહીંયા નગરપાલિકા અને મહાનગરપાલિકામાં હોય એવા કેટલાય માનનીય સભ્યશ્રીઓ બેઠા છે. ગુજરાત સરકાર, અમારો શહેરી વિકાસ વિભાગ દર વર્ષે જુદી જુદી યોજનાઓ અને હેડ નીચે જે ગ્રાન્ટ ફાળવે છે એમાં હવે તો કામ કયું લેવું એની નગરપાલિકાઓને મીઠી મુંઝવણ થાય છે. કોંગ્રેસના જમાનામાં અહીંયા વર્ણન થયું, લાઇટ બિલ ભરવાના કે કર્મચારીઓના પગાર કરવાના પૈસા નહોતા. ઓકટ્રોય આવે, મને ખબર છે કે હું ૨૦થી ૧૭ વર્ષ નગરપાલિકાનો સભ્ય, ચેરમેન, પ્રમુખ બધું રહેલો છું. નગરપાલિકા પરિષદનો ઉપ પ્રમુખ પણ રહેલો છું, બધું દ્રશ્ય મારી નજર સામે છે. અમે કર્મચારીઓને પગાર કેવી રીતે કરતા હતા કે કોંગ્રેસના રાજયમાં કે કડી નગરપાલિકાનો મારો જાત અનુભવ કહું છું જે બધાને થયો હશે. શ્રી અરવિંદભાઇ ધારાસભ્ય છે તેઓ પ્રમુખ હતા, બીજા સભ્યો પણ પ્રમુખ હતા, શ્રી પિયુષભાઇ પણ નવસારીના પ્રમુખ હતા, ઘણા બધા હતા. એમાં અમે શું કરીએ કે રાત્રે અને દિવસે ઓકટ્રોયની જે વકરો કે આવક થઇ હોય હજાર-બે કે ત્રણ હજાર એમાં કર્મચારીઓના ભાગ પાડતા હતા. પહેલો સફાઇ કામદારોને પગાર આપવાનો, પછી કારકુનોને પગાર આપવાનો, એના પહેલાં ડ્રાઇવરોને અને મહેક વાળાઓને પગાર આપવાનો, છેલ્લે ચીફ ઓફિસરને આપવાનો. આ ચીફ ઓફિસરને તો ઘણી નગરપાલિકાઓ એવી હતી કે ચાર–ચાર મહિનાનો પગાર ભેગો આપતી હતી, બે–ત્રણ નગરપાલિકાના નામ તો હું નહીં આપું. પહેલાં મેં કહેલું છે. એ વખતે રાજયમાં ૨૦–૨૫ નગરપાલિકાઓ એવી હતી કે કોંગ્રેસના વખતમાં સફાઇ કામદારોને, જે ગરીબ માણસો છે, સફાઇ કામદાર જે શહેરને સ્વચ્છ રાખે છે, એનો ચાર–ચાર મહિને પગાર કોંગ્રેસની સરકાર વખતે કરી શકાતો નહોતો. કોંગ્રેસનો એ જમાનો હતો, હવે એ બધું ભૂતકાળ થઇ ગયું. મેં કહ્યું ને કે ડિક્ષનેરીમાંથી શબ્દો કાઢવાના, એક ઓકટ્રોય શબ્દ પણ માનનીય અધ્યક્ષશ્રી કાઢી નાંખજો. ઓકટ્રોય અમે નાબૂદ કરી દીધી. હવે નવી પેઢીને ઓકટ્રોય શું હતી એની જ ખબર નથી. ઘરે છોકરો પૂછે કે પપ્પા ઓકટ્રોય શું તો સમજાવતાં આંખે પાણી આવી જાય. (અંતરાય) કોંગ્રેસ શબ્દ કાઢી નાંખું, થોડો થોડો રાખોને ભાઇ, આમાં એવું છે કે કોઇક તો જોઇએને ભાઇ, આપણે મેચ રમવી હોય તો નબળી ટિમ તો જોઇએને ભાઇ, આપણે એમની પાસે ફિલ્ડીંગ ભરાવવાની છે, આપણે ફટકાબાજી કરવાની છે. ફિલ્ડીંગ ભરવાવાળા તો જોઇએ કે ન જોઇએ? એટલે થોડા ફિલ્ડીંગ ભરવાવાળા રાખીએ.

સભાપતિશ્રી : આજે વિરોધપક્ષ નથી તો બોલનારાઓની અડધી મજા તો જતી રહીને. એટલે સાહેબ કહે છે ને કે જોઇએ એમ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : થોડું જોઇએ, થોડું જોઇએ. આજે નથી એટલે ઘટતા જવાના પણ આપણે બેટિંગ તો આજીવન કરવાની છે અને એમણે ફિલ્ડીંગ આજીવન ભરવાની છે. એટલે દોડાઇ દોડાઇને થકવી નાંખો. અત્યારે શી ખબર શું થયું છે તે આ કોરોનામાં ગયા કહો, આપણે એ લોકોને પાછા લાવીએ છીએ. ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર અમે ચીનમાંથી આપણા ગુજરાતીઓને પાછા લાવ્યા, ઇરાન અને યુરોપમાંથી પણ પાછા લાવ્યા અને શી ખબર આમને શું સુજયું,

કુબુદ્ધિ કે સુરક્ષિત વાતાવરણમાંથી જયાં કોરોના છે, ત્યાં ગયા છે. અરે, ભાઇ શ્રી પ્રદિપસિંહ ખબર રાખજો, નહીં તો પેલા સ્વિમિંગ પુલમાં ધુબાકા ના મારે નહીં તો પાછી ઉપાધિ થશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : બે જણાને ટેમ્પરેચર પણ આવ્યું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે કહો છો પણ મારી ચિંતા વધી જાય છે, ભાઇ. મારી જવાબદારી છે, મારા આરોગ્ય વિભાગની જવાબદારી છે કે છ કરોડ ત્રીસ લાખ ગુજરાતીઓને સ્વસ્થ, તંદુરસ્ત રાખવા. એટલે એ સ્વસ્થ તંદુરસ્ત રહે, ભલે વિરોધપક્ષ છે પણ નાગરિક તરીકે એ આવી જાય છે અને હું શ્રી ગેહલોતજીને ઇ–મેઇલ કરું કે અમારા ગુજરાતના ધારાસભ્યોને કંઇ થશે તો રાજસ્થાન સરકાર તેના માટે જવાબદાર રહેશે. પાછળથી બહાનું ન કાઢે, કાલે મુખ્યમંત્રીશ્રી ગેહલોતજી એમને મળવા ગયા હતા. ખાનગીમાં કહ્યું જ હશે કે તમે જતા રહો, નકામો મને ચિંતામાં નાખો છો. હવે એક સીટ આવે કે ન આવે કંઇ ફર્ક નથી પડતો, આ શ્રી મોદી સાહેબે અને શ્રી અમિતભાઇએ આખું ભારત કવર કર્યું છે. હવે એક સીટમાં કેમ આમ કરો છો? આવું કહ્યું હશે એવું મને અનુમાન છે. ફોર્મ કયારે પાછા ખેંચવાના છે? (અંતરાય) તો કાલ પતી જશે તમારો મામલો. શ્રી પૂર્ણેશભાઇ શું કહેતા હતા? (અંતરાય)

શ્રી પૂર્ણેશભાઇ મોદી : ગુજરાતમાં જે રીતે સંપૂર્ણ શાંતિ રહી છે એવી રીતે જ કોરોના રોગથી ગુજરાતને સુરક્ષિત રાખજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગે વિચારણા કરવી પડશે. માનનીય દંડકશ્રી પંકજભાઇની લાગણી છે અને શ્રી પૂર્ણેશભાઇની લાગણી છે અને માનનીય અધ્યક્ષશ્રીએ લોકોની અવરજવર હાઉસમાં તો બંધ કરી દીધી છે જેથી આપણે શાંતિથી વાત કરીએ છીએ અને બધું ચાલે છે. પણ હવે જયારે આ ગયા છે તો પાછા આવે ત્યારે અમારે રાજસ્થાન બોર્ડર ઉપર માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગી લઇ અને એમનું ટેસ્ટીંગ કરવું પડશે અને જો કંઇ નહીં હોય તો જ ગુજરાતમાં દાખલ થવા દઇશું. એવું કરવું છે? (અંતરાય) હું વૈદ્યાનિક રીતે જોઇ લઉં. કાયદાકીય રીતે અને વૈદ્યાનિક રીતે મારે જોવું પડે. પણ અહીંયા માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગી લઇએ......

સભાપતિશ્રી : તમે આરોગ્ય મંત્રી તરીકે હેલ્થની તપાસ તો કરાવી જ શકો ને.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કરી શકું પણ અહીં અમારા સન્માનનીય ધારાસભ્યો છે, સન્માનનીય વિરોધપક્ષના નેતા છે, સન્માનનીય કોંગ્રેસ પક્ષના પ્રમુખ છે. એમની આરોગ્યની જાળવણી કરવી એ અમારી ભાજપ સરકારની અને મારી આરોગ્ય મંત્રી તરીકે જવાબદારી છે. એટલે આપ પરવાનગી આપો. શ્રી અશોક ગેહલોતજીને પૂછાવડાવું અને સંમતી આપે તો એક ડોકટરની ટીમ ત્યાં મોકલી દઇએ. કયો પેલેસ છે? (અંતરાય) સી વીલા, એ સી. વીલામાં મોકલી દઇએ. આપણે ગુજરાતની ૧૦૮ પ્રસિદ્ધ છે. તો ત્યાં એમની ખબર રાખીએ કે બોર્ડર ઉપર રાખવી છે? બોર્ડર ઉપર મારે ચેક કરવું પડે એના કરતા શ્રી પ્રદિપસિંહને વધારે કરવું પડશે. એ મારી જવાબદારી નહીં, મારી તો આની જ જવાબદારી...

સભાપતિશ્રી : કોરોના લઇને અહીં ન આવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ચૂંટણીમાં વોટીંગ કરાવવાનો અધિકાર તો આ ગૃહનો છે. એટલે ગેઇટ ઉપર આવે ત્યારે ચેક કરાવજો. અમારા સભ્યોની અમને ચિંતા થાય છે. આ મારી લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગમાં ખૂબ આપ્યું છે, ખૂબ આપવાના છીએ, કોઇ યોજના હવે બાકી નથી કે જયાં ગરીબોના આવાસ હોય, ઝૂંપડપટ્ટી ખસેડી સ્વચ્છ વાતાવરણમાં સુંદર મકાનો ગરીબોને આપણે આપ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, કોઇએ સાચું કહ્યું હતું, હું ૧૯૯૦ થી ૧૯૯૫ સુધી વિરોધપક્ષનો ધારાસભ્ય હતો, બહાર જઇએ તો કોંગ્રેસના શાસનમાં મકાનો લાકડાની વળીઓવાળા બનતા હતા, વાંસથી થોડી મજબૂત, તો એક ચોમાસુ જાય એટલે લબડી પડે અને બીજા ચોમાસે ઝૂકી પડે અને ત્રીજા ચોમાસે એ તૂટી પડે. એ ગરીબોની સ્થિતિ આ કોંગ્રેસની સરકાર વખતે હતી. અમે તો પાકા આર.સી.સી. ધાબા વાળા સુંદર, બાથરૂમ, સંડાસ, કીચન, ડ્રોઇંગ રૂમ, બેડરૂમ, બાળકો હરીફરી શકે, સરસ મોટું કેમ્પસ હોય તો આંગણવાડી, પ્લે ગ્રાઉન્ડ બધું જ અમે ગરીબોને આપીએ છીએ. આ રીવરફ્રન્ટ બનાવ્યું. બાર–બાર કિલોમીટર એટલે ૨૪ કિલોમીટરનો પટ્ટો બે બાજુનો, મોટેભાગે કોંગ્રેસના વખતમાં કયાંક ગંદકી હતી, દબાણો હતા. અમે એકેય ગરીબને તકલીફ ન પડવા દીધી. બધાને ત્યાંથી ખસેડી અને રૂપિયા ૫૦ હજારના છાપરામાં રહેતા હતા એને અમે પાંચ પાંચ લાખ રૂપિયાના સુંદર ફલેટ માનનીય નરેન્દ્રભાઇ મોદીની પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અને માનનીય વિજયભાઇ રૂપાણીની મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ લાખો લોકોને અમે મકાનો આપ્યા છે. આપણે ટી.પી. સ્કીમો બનાવી છે એમાં માનનીય શૈલેષભાઇએ વડોદરાની વાત કરી છે. હું એમની જાણકારી માટે જણાવીશ કે સહકારનગરની મંજૂરી આપી દીધી છે એના ટેન્ડર પણ મંજૂર થઇ ગયા છે અને ટૂંક સમયમાં એની કામગીરી ચાલુ થઇ જશે. અહીંયા ૧૪૪૧ મકાનો ભાજપની સરકાર બનાવી રહી છે. આમાં મોટા ભાગના ગરીબ અને લઘુમતિ લાભાર્થીઓને આનો લાભ મળવાનો છે. એ જ રીતે સંજયનગરની આવાસ યોજના છે એની પણ પરમિશન મળી ગઇ છે. એમાં ૧૮૪૧ મકાનો બનાવવાના છીએ એ રીતે શહેરી વિકાસ વિભાગ દ્વારા પૈસા ફાળવવામાં આવે છે ત્યારે નગરપાલિકાના પ્રમુખ, ચીફ ઓફિસર અને બોર્ડ વિચાર કરે છે કે આપણને આ પૈસા મળે છે એમાંથી કયા કામો હાથ ઉપર લેશું. કારણ કે નિયમ પ્રમાણે આપી શકાય તેવા કોઇ કામો બાકી નથી રહ્યાં તેથી હવે આપણે અપગ્રેડ કરીશું. ભારત સરકારનો પણ આભાર માનીશ કે સ્માર્ટ સિટીમાં કોર્પોરેશનોને હજારો કરોડ રૂપિયા સરકાર મદદ કરે છે એનો લાભ પણ

મળશે. નાની નગરપલિકાઓ સ્માર્ટ ટાઉન કરવાનો નિર્ણય કર્યો છે એનો લાભ પણ મળશે. એ જ રીતે ફલાય ઓવર બ્રિજ જેમાં ૬૦ કરોડ, ૬૫ કરોડ કે ૭૦ કરોડ રૂપિયા ફાળવીએ છીએ. એ જ રીતે નગરપાલિકાઓ ફાટક મુકત કે ચાર રસ્તા ક્રોસીંગ મુકત વગેરે માટે અમે કામો પણ આપ્યા છે અને ગ્રાન્ટ બંને આપ્યા છે અને એ કામો થઇ રહ્યા છે.

માનનીય સભ્યશ્રી પિયુષભાઇએ સામાન્ય વહીવટ વિભાગ વિશે વાત કરી છે. જી.એ.ડી. એ રાજય સરકારનું હૃદય સમાન છે એટલે એની ચર્ચા ન કરવાની હોય હૃદયની માગણી આવે ત્યારે બાયપાસ કરીને પણ આપવું પડે આતો સીધે સીધુ તમે આપો છો એટલે તમારો આભાર. નહિતર બાયપાસ પણ કરવી પડે. પણ હૃદયને ધબકતું રાખવું પડે એટલે જી.એ.ડી.ની બધી માગણીઓ મંજૂર રાખવામાં આવે તેવી વિનંતી છે.

ભાજપ સરકાર તરફથી કર્મચારીઓની ભરતી કરવામાં આવે છે એ ન ભૂતો ન ભવિષ્યતી. લાખો કર્મચારીઓની ભરતી આપણી સરકાર કરી રહી છે દરેક વિભાગમાં કરી રહી છે. નવા યુવાન યુવતિઓ જે બુદ્ધિશાળી અને હોંશિયાર અને તેજસ્વી અને ઉચ્ચકક્ષાના મેરિટવાળા છે એ બધાને સારામાં સારી ભરતી પ્રક્રિયાનો લાભ આપી સરકારી ભરતીમાં આપણે એમને લાભ આપી રહ્યા છીએ. વિકેન્દ્રિત આયોજન એમાં એટીવીટી, ધારાસભ્ય ગ્રાન્ટ હવે તો ૨૬-૨૬ સંસદસભ્યોની ગ્રાન્ટ, હવે ત્રણ રાજયસભાના સભ્યો તમે ચૂંટશો એની પણ ગ્રાન્ટ, અને નવા પાંચ એમ.એલ.એ. ચૂંટાશે એની ગ્રાન્ટ આપીશું. પ્રજાની સુવિધા માટે અમારી સરકાર જયારે કરી રહી છે ત્યારે વધુ સમય ન લેતા આ બધી જ માગણીઓ મંજૂર કરવા સૌ માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે રીતે માનનીય વિજયભાઇ અને શ્રી નીતિનભાઇ જે વિઝનરી રીતે શહેરી વિસ્તારનો વિકાસ કરી રહ્યા છે એ બદલ એમને અભિનંદન પાઠવું છું.

અમારા પૂર્વપટ્ટામાં એક ખારીકટ કેનાલ આવેલી છે જે લગભગ સાતેક વિધાનસભા મત વિસ્તારને ટચ થાય છે અને ૧૭થી ૧૮ લાખ લોકોને અસર કરે છે. આપ સાહેબે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા પરંતુ ઈરિગેશન વિભાગ અને કોર્પોરેશન વિભાગની ઉચ્ચ કક્ષાએ ચર્ચા વિચારણા થતી નથી એના કારણે કામ ઝડપી થતું નથી અને ટેન્ડર લંબાઇ જાય છે. તો તાત્કાલિક આને ડેવલપ કરવામાં આવે. ૨૨ કિલોમીટર લાંબો રોડ અને ૧૦૦ ફૂટ પહોળો રોડ મળે તેમ છે. પહેલા જે ઈરિગેશન થતું હતું પરંતુ હવે મોટા ભાગે ડેવલપ જમીનો થઇ ગઇ છે એટલે ઈરિગેશનનું પાણી પણ ઓછું વપરાય છે. તાત્કાલિક અસરથી એનો વિકાસ કરવામાં આવે તો બધાને રાહત મળે તેમ છે.

એવી જ રીતે આપ સાહેબશ્રીએ બે કરોડ રૂપિયા દરેક કોર્પોરેશન વિસ્તારના ધારાસભ્યશ્રીઓને ફાળવ્યા છે એના માટે અભિનંદન પાઠવું છું. પરંતુ જે ગાઇડ લાઇન છે એની થોડીક કલેરિટી કરવાની જરૂર છે કે ટીપી રોડ ઉપર રીસરફેસ કરી શકીએ છીએ એમાં નોન ટીપીમાં પણ રીસરફેસ કરી શકીએ તો થોડુંક સારું થાય તેમ છે. એવી રીતે નરોડા પાટીયાથી ગેલેક્ષી સુધી જે આખો રોડ જાય છે એની બંને બાજુ છેલ્લા ૨૦ વર્ષથી આપણે દબાણો દૂર કર્યા છે. રોડ આપણો ૧૨૦ ફૂટનો છે, બાજુમાં બીજા રોડ છે એ રોડનું આપણે કામ કરી શકતા નથી. પહેલાં એવું હતું કે, નેશનલ હાઇ-વેમાં હતું. નેશનલ હાઇ-વે અને કોર્પોરેશન એ બંનેની હદમાં વિસંગતતાના કારણે રોડ ડેવલપ કરી શકતા નથી અને ત્યાં જે ટર્નિંગ છે એના ઉપર બ્રિજ કરવાની જરૂર છે. નરોડા પાટિયાથી લઇ ગેલેક્સી સુધી જો બ્રિજને લંબાવીએ તો ખૂબ મોટી ટ્રાફિકની સમસ્યા હલ થાય એવી છે, તો આપ સાહેબશ્રીને સૂચન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જગદીશભાઇ વિશ્વકર્મા, ધારાસભ્યશ્રી અને અમદાવાદના બધા ધારાસભ્યો, એમની વાત ખૂબ સાચી છે. ખારીકટ કેનાલ ખૂબ લાંબી કેનાલ છે. હવે તો આખું શહેર, રહેણાંક વિસ્તાર બધું જ એના ઉપર બન્યું છે. અગાઉ સો કરોડ રૂપિયા ફાળવ્યા હતા, જરૂર પડે તો વધુ રકમ પણ ફાળવવા તૈયાર છીએ અને હું મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચા કરી કાં તો શહેરી વિકાસ વિભાગ આખું કામ ઉપાડી લે અથવા તો સિંચાઇ વિભાગને આખું કામ અપાય પણ એક ડિપાર્ટમેન્ટ કામ સંભાળે. વધુ જરૂર પડે તો વધુ ફાળવણી કરીએ પણ આખી કેનાલ ઢંકાઇ જાય એના ઉપર રોડ બને એ માટે સરકાર ચોક્કસ સહયોગ કરશે.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, અમારો પૂર્વ વિસ્તાર જે રકાબી જેવો વિસ્તાર છે અને હાઇ-વે બન્યા પછી ત્યાંથી પાણી જે ફૂલ ફોર્સમાં વડોદરા શહેરમાં આવે છે. એમાં સૌથી વધારે ઈફેકટેડ એરિયા મારો હોય છે. વર્ષ ૨૦૧૪ની સાલમાં આપણે બે ફેઝમાં કામ કરવાનું હતું કે, હાઇ-વે ઉપરથી આવતું પાણી તે ઠાઠર નદીમાં વહી જાય તો આપણે વર્ષ ૨૦૧૫માં એક ઝોન પૂરો કર્યો હતો. હવે આગળ પણ બીજો ફેઝ પૂરો કરો કે જેથી ફ્લડનું પાણી આવે છે અને આખો વિસ્તાર ઈફેકટેડ થઇ જાય છે, ૯૦ ટકા જેટલો વિસ્તાર મારો ઈફેકટેડ થઇ જાય છે. તો આપશ્રીને વિનંતી છે કે, બીજો ફેઝ જે મૂકવાનો હતો એ હજી નથી થયો તો એ મૂકીને લોકોને ફાયદો થાય અને ચાર-ચાર ફૂટ પાણી જે સોસાયટીઓમાં આવી જાય છે એમાંથી તેમને મુક્તિ મળે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી મનીષાબેનની વાત સાચી છે. વડોદરામાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાવવાના પ્રશ્નો છે. આ ચોમાસામાં, ગયા ચોમાસામાં પણ આ પ્રશ્નો થયા હતા. હું પણ ત્યાંનો પ્રભારી છું. મુખ્યમંત્રીશ્રીએ પણ એ વિસ્તારની મુલાકાત આ પૂર વખતે લીધી હતી. પાણી નિકાલ માટે વિવિધ વિકલ્પો ઉપર સરવેનું કામ, મને લાગે છે, મહાનગરપાલિકા કરી રહી છે. સિંચાઇ વિભાગ પણ, શહેરી વિકાસ વિભાગ પણ એ કરે અને જે ખર્ચ થાય એ કેવી રીતે કરવો, કયા વિભાગ દ્વારા કામ કરવું એના અંગે અભ્યાસ ચાલી રહ્યો છે.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક સૂચન છે કે, ભરુચ–અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી, એટલે બહુડા. સાહેબ, અમને ડી–૨ કેટેગરીમાં મૂક્યા છે. ખરેખર અમે ડી–૪ કેટેગરીમાં આવીએ. ડી–૨, સુરત, વડોદરા, અમદાવાદ એ કેટેગરીમાં આવે છે. અમારું નાનું ટાઉન છે અમને ડી–૨ કેટેગરીમાંથી ડી–૪ કેટેગરીમાં મૂકી આપો આટલી જ માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દુષ્યંતભાઇનું સૂચન છે. વિભાગ સાથે ચર્ચા કરીને યોગ્ય હશે એ કરીશું.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં દેશભરમાં હમણાં અલગ અલગ શહેરોને એક સ્વરૂપ નંબરો આપવામાં આવ્યા. એમાં ગુજરાતે દેશભરમાં ટોપ કર્યું. અમદાવાદ બીજા નંબર પર, સુરત પાંચમા નંબર પર હોય ત્યારે હું ગુજરાતના એક નાગરિક તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને આખા શહેરી વિકાસ વિભાગને અભિનંદન આપું છું અને આભાર પણ માનું છું. કારણ કે, માત્ર સ્માર્ટ સિટી પ્રોજેક્ટને નાના નાના ડેવલપમેન્ટ જોડે જ નહીં પરંતુ ઇઝ ઓફ લિવિંગમાં પણ જે પ્રકારે છેલ્લા અનેક મહિનાઓથી જે નંબરો આગળ લાવવા માટે, નાની મોટી વ્યવસ્થાઓ ઉભી કરવાનો જે પ્રયાસ થઇ રહ્યો છે. સાથે સાથે સુરત શહેરની આસ્થા બરાબર તાપી નદીનો પ્રોજેક્ટ. સરકાર દ્વારા છેલ્લા અનેક વર્ષોથી આ પ્રોજેક્ટને ક્યાંકને ક્યાંક ડેવલપ કરવા માટે ખૂબ સારો પ્રયાસ થઇ રહ્યો છે. પરંતુ અમારે ત્યાં સિંચાઇ વિભાગ અને શહેરી વિકાસ વિભાગનું જે સંકલન વધુ ઝડપથી થઇ શકતું નથી. તેના કારણે સુરતના લોકો અમદાવાદની જેમ રિવરફ્રન્ટ પણ મેળવી શકતા નથી અને તાપીની તો એ પ્રકારની પરિસ્થિતિ થઇ ગઇ છે કે, તાપી નદીમાં પાણી અનેક મહિનાઓ સુધી જોવા મળતું નથી. જે અગાઉ બંને કિનારા ભરેલી તાપી હમણાં સૂકી થઇ ગઇ છે. તેનો આવનારા દિવસોમાં ઝડપથી વિકાસ થાય તે માટે સરકારે ગયા વર્ષે ૯૯૦/–કરોડ રૂપિયા પણ આપેલા છે. પણ આ પ્રોજેક્ટને ઝડપથી આગળ વધારવા માટે સરકાર દ્વારા ઝડપથી પગલાં લેવામાં આવે અને સરકારનો આભાર માનવા માગીએ છીએ કે આ તાપીને જીવિત રાખવા માટે રબલ બેરેજની જે પરમિશન આપેલી છે તેનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે તે બદલ હું વિભાગનો અને સરકારનો આભાર માનું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી હર્ષભાઇની જે લાગણી છે, એ બન્ને વિભાગોનું સંકલન થાય એ કરાવડાવીશું.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અમારા જોડિયા બંધારા યોજનાનું કામ વર્ષોથી મંજૂર થયું નથી. સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે. તેની વહીવટી મંજૂરી આપી, એની તાંત્રિક મંજૂરી આપી અને આ કામ વહેલી તકે શરૂ કરવા માગો છો કે કેમ? અને વોટરશેડ યોજનામાં થયેલા પાણી સંગ્રહના કામો રિપેર કરવા માટે સરકારશ્રીની કોઇ યોજનામાં સમાવેશ થતો નથી. તો આ કામોને સરકાર કોઇ પણ રીતે રિપેરીંગ કરવા માટે કાર્યવાહી કરવા માગે છે કે કેમ અને ત્રીજો પ્રશ્ન અમારી બધા ધારાસભ્યોની લાગણી અને માગણી છે કે અમારી ગ્રાન્ટ છે એ રૂપિયા દોઢ કરોડમાંથી રૂપિયા અઢી કરોડ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી રાઘવજીભાઇનું ત્રીજું સૂચન છે તેની ઉપર અત્યારે કોઇ વિચારણા કરતા નથી.

સભાપતિશ્રી : તેમાં બધાંને વધારે રસ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જોડિયા બંધારો અને વોટરશેડના કામો, હું માનું છું કે વોટર શેડના તો મનરેગામાં પણ કરી શકાય અથવા અન્ય વિકલ્પ વિચારી લઇશું અને જોડિયાની માહિતી મેળવી લઇશું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, કડાણા જળાશય બન્યે આજે ૫૦ વર્ષ થયા છે. અમારા ૩૨૨૦ પરિવારો એ વખતે વિસ્થાપિત થયા હતા. ૫૩ ગામો ડૂબાણમાં ગયા હતા. કોંગ્રેસે તો માત્ર વોટબેંકની રાજનીતિ કરી, પણ એમાં અમારા ૨૫૮ ખાતેદારો જમીન વિહોણા છે, તો તેમને જમીન સંપાદન કરીને આપવાની મારી માગણી છે. બીજો મુદ્દો એ છે કે આપણું કડાણા વર્તુળ અને પાનમ વર્તુળ અત્યારે મર્જ કરવામાં આવ્યું છે. મર્જ કર્યું તેમાં અમારો વાંધો–વિરોધ હોઇ શકે જ નહીં. પણ તેની હેડ ઓફિસ ગોધરા લઇ જવામાં આવી છે તો ૮૦ કિલોમીટર દૂર થઇ ગઇ છે. કડાણા જળાશય અને પાનમ વર્તુળને મર્જ કરીને આ હેડ ઓફિસ મહીસાગર–લુણાવાડા રાખવામાં આવે તો બધાને ૩૦ કિલોમીટરના એરિયામાં ભૌગોલિક દૃષ્ટિએ વ્યવસ્થિત રીતે ત્યાં લાભ મળી શકે. ૮૦ કિલોમીટર જેટલી દૂર આ ઓફિસ ગઇ છે તેને કેન્સલ કરીને લુણાવાડા હેડ ઓફિસ આપવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બન્ને સૂચનો છે. વિભાગ અભ્યાસ કરી લેશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું અને મારું સૂચન પણ છે કે અ થી ડ વર્ગની જે નગરપાલિકાઓ છે એ નગરપાલિકાઓમાં સ્વચ્છતા માટે આપણે સ્વીપર મશીનો આપવા માગીએ છીએ કે કેમ અને ફાયરબ્રિગેડનું મશીન કે જે વર્ષ ૨૦૧૫ના અનામત આંદોલન દરમ્યાન વિસનગરમાં તેને આગ લગાવવામાં આવી હતી તો તેને ફરીથી આપણે આપવા માગીએ છીએ કે કેમ**?** અને સાથે સાથે ભૂતકાળમાં વિસનગર બાયપાસ રોડ**,** બજેટમાં પણ હતું અને રૂપિયા સાત કરોડ જેવું બજેટરી પ્રોવિઝન પણ કર્યું હતું. તો એ રોડ આપણે ચાલુ કરવા માગીએ છીએ કે કેમ**?** કારણ કે ત્રણ જેટલી તેની એલાઇનમેન્ટ નક્કી કરી ચૂક્યા છીએ. પરંતુ એ કામ તેના ૪**,** ૬**,** ૯ અને ૧૨ જે જાહેરનામા

પ્રસિદ્ધ કરી અને થોડી ઘણી જમીન સંપાદન છે અને જે જમીન આપણે પસંદ કરી છે, જે એલાઇનમેન્ટ પસંદ કરી છે તેમાં ૫૦ ટકા જેટલી જમીનોમાં આપણે વળતર ચૂકવવાનું થાય તેમ નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઋષિકેશભાઇની નગરપાલિકાને સાધનો ફાળવવા, તો હું માનું છું કે આ વખતે બજેટમાં પણ નગરપાલિકાઓને સાધનો ફાળવવાની ઉચ્ચક જોગવાઇ આપણે કરી છે. કયા સાધનો આપવા અને કઇ નગરપાલિકાની શું જરૂરિયાત છે એ શહેરી વિકાસ વિભાગ તેની ગ્રાન્ટ ફાળવશે પણ તે સિવાય પણ મેં અગાઉ મારા પ્રવચનમાં કહ્યું કે નગરપાલિકાઓને ખૂબ મોટી રકમ રાજ્ય સરકાર ફાળવે છે. શ્રી ઋષિકેશભાઇની વાત સાચી છે. પહેલાં ફાયર ફાઇટરો આપણે બધે ફાળવ્યા હતા. કમનસીબે અનામત આંદોલનમાં વિસનગરનું ફાઇટર સળગાવી માર્યું. પછી આપ્યું જ નથી. તો સાધન તો શહેર પાસે હોવું જોઇએ. જરૂરી છે. તો તેનો ઉપાય કરવાનું વિભાગને કહીશું.

સભાપતિશ્રી : બહુ બધા સભ્યશ્રીઓને પ્રશ્નો પૂછવા છે હું એકે એક મહાનગરપાલિકાના એક જણાને ચાન્સ આપું છું.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીની પાસેથી જાણવા માગું છું કે શહેરોમાં ધારાસભ્યોનું બજેટ કોમન પ્લોટમાં, પાર્કીંગમાં ફાળવવામાં આવે છે પરંતુ કોઇ ફ્લેટની અંદર ગ્રાઉન્ડ ફ્લોરની ઉપર પાર્કીંગ હોય તો એમાં ધારાસભ્યોનું બજેટ ચાલતું નથી. કોર્પોરેટરનું બજેટ ચાલે છે તો એને હોલોપ્લીન્થ ગણી અને આ ધારસભ્યોનું બજેટ એમાં ફાળવવામાં આવે એવી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વલ્લભભાઇનું જે સૂચન છે, એ અગાઉ માનનીય જગદીશભાઇએ પણ સૂચન કર્યું, એક તો અમે જે માર્ગ અને મકાન વિભાગ તરફથી જે ગ્રાન્ટ આપી, હું અત્યારે વિભાગની માગણી નથી એટલે ચર્ચા નહીં કરું પણ શહેરી વિકાસ વિભાગમાં અથવા ધારાસભ્ય ગ્રાન્ટમાં આયોજનની જે ગ્રાન્ટો ફાળવવામાં આવે છે એના નિયમો સુધારવાનું આપણે કરી શકીએ છીએ. તમે સૂચનો કરજો અને આયોજન વિભાગ તરફથી એને પોઝીટીવ લેવાય એવું આપણે કહીશું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વાપી નોટીફાઇડ એરીયા એક ઔદ્યોગિક વિસ્તાર છે અને વાપી વિસ્તાર એટલે કે આખા ગુજરાતમાં સૌથી વધારે વરસાદ વલસાડ જિલ્લો ધરાવે છે. વાપીની મધ્યમાંથી એક બિલખાડી પસાર થાય છે અને આ બિલખાડીમાં વારંવાર પાણી ભરાવાથી લગભગ દર વર્ષે લગભગ રૂપિયા ૫૦થી ૬૦ કરોડનું નુકસાન થાય છે. સૌ પ્રથમ જી.આઇ.ડી.સી. અને વાપી ઇન્ડસ્ટ્રીઝે ૭ કરોડ રૂપિયાના ખર્ચે એને પાકી બનાવી અને એના ઉપરથી દબાણો દૂર કર્યા અને ત્યાર પછી ગુજરાત સરકારે રૂપિયા ૧૦ કરોડમાં બીજો એરીયા લીધો, સેકન્ડ ફેઝ અને હવે થર્ડ ફેઝમાં સરકાર આમાં સારી રીતે કામગીરીની મંજૂરી આપે એવી અપેક્ષા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કનુભાઇની લાગણી વિભાગ પોઝીટીવ લેશે એવું કરાવીશું.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરવા માગું છું કે જે સ્માર્ટ સીટી અંતર્ગત પ્રોજેકટો ચાલે છે અને મહાનગરોમાં ખૂબ મોટા કામો આના અંતર્ગત થાય છે. એમાં ૫૦ ટકા કેન્દ્ર સરકારની ગ્રાન્ટ છે, ર૫ ટકા રાજય સરકાર ફાળવે છે અને ર૫ ટકા લોકલ બોડીના હોય છે. પણ આખી જે ઇમ્પલીમેન્ટીંગ એજન્સી તરીકે એક સ્પેશિયલ પરપઝ વ્હીકલ બનાવ્યું છે એમાં સ્ટેટ હોલ્ડર્સ, સ્ટેટમાંથી કોઇ જવાબદાર લોકો કોઇને પણ ધારાસભ્યને એના સભ્ય બનાવે. કારણ કે ઇમ્પલીમેન્ટીંગ એજન્સી છે એના પણ મેયર અને હોદ્દાની રૂએ સ્ટેન્ડીંગ ચેરમેન સરકારમાંથી હોય છે. ર૫ ટકા શેરીંગ આપણું હોય છે તો રાજય સરકાર તરફથી કોઇ ચૂંટાયેલો પ્રતિનિધિ કરે એવું મારું એક સૂચન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એની કમિટિ મને ખ્યાલ છે ત્યાં સુધી ભારત સરકારના નોર્મ્સ પ્રમાણે સૂચન પ્રમાણે બની હશે અને કદાચ મેયર પણ એમાં સભ્ય હશે પણ તમારી લાગણી પહોંચાડીશું.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ અપેક્ષા રાખું છું કે આદિવાસી વિસ્તારની અંદર નાના ચેકડેમ હોય કે મોટા ચેકડેમ હોય એ ખૂબ આશીર્વાદરૂપ છે. વધુ વરસાદના કારણે ગયા વર્ષે વધુ પડતું ધોવાણ થયેલું છે. જે અત્યાર સુધી અમને મંજૂરીઓ મળી છે તે થોડી ઓછા પ્રમાણમાં છે. થોડુંક મન મોટું રાખીને, આપણી મિલકત ખૂબ મોટી છે. આ જે ચેકડેમ છે એ નવા ચેકડેમો બનાવ્યા એના કરતા જે જૂના ચેકડેમો છે અને આજુબાજુમાં સાઇડમાં જે ધોવાણ થયું છે એમાં મન મોટું રાખીને મોટી ગ્રાન્ટ એમાં ફાળવો એવી અપેક્ષા રાખુ છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેશભાઇની લાગણી સિંચાઇ વિભાગને પહોંચાડી અને શકય તેટલી ગ્રાન્ટ, કારણ કે ચેકડેમ બનાવ્યા હોય તો એને પાણી ભરાય એવો રાખવો જ પડે, નહીં તો એનો કોઇ મતલબ નથી. એ કરાવડાવીશું.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના ગાંધીનગર જિલ્લાની દક્ષિણેથી પસાર થાય છે, નર્મદા યોજનાના લાભ ગાંધીનગર જિલ્લાના ખેડૂતોને મળ્યો નથી. મારી માગણી એવી છે કે માધવગઢ અને અલુવા, ગયા વખતે બજેટમાં આ ચેકડેમ માટે રૂપિયા અઢી કરોડની જોગવાઇ કરી હતી પણ આ વખતે બજેટમાં એનો સમાવેશ નથી થયો, એટલે એનો સમાવેશ કરવા માગો છો કે કેમ? આ થવાથી પાંચ તાલુકાના ખેડૂતોને મોટો લાભ મળે તેમ છે.

તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી છે. ગઇ વખતે જોગવાઇ થઇ હોય તો એ કન્ટીન્યુઅસ ગણાય. છતાં પણ વિભાગ ચેક કરી લેશે.

સભાપતિશ્રી : ૧૧ સભ્યોએ પ્રશ્નો પૂછ્યા છે. એકે એક પ્રશ્નના જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આપ્યા છે. હવે બધાને નહીં આપી શકાય!

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને પુછવા માગું છું કે, મારો રાણીપ વિસ્તાર પહેલા ગ્રામ પંચાયતમાં હતો અને એ વખતે સરકારે એક બકરા મંડી ચલાવવા માટે જગ્યા ફાળવી હતી. અત્યારે મારો વિસ્તાર શહેરી વિસ્તારમાં સમાવેશ થયેલ છે. આ બકરા મંડી અઠવાડિયામાં બે વખત ભરાય છે. આજે પણ આના કારણે મારા વિસ્તારની અંદર પર્યાવરણ અને પોલ્યુશનના પ્રશ્નો અને સાથો સાથ મંડીની અંદર રોગચાળો ફેલાવાનો ખૂબ મોટો ભય રહેલો છે. આ બકરા મંડીને શહેરી વિસ્તાર બહાર સરકાર લઇ જવા માગે છે કે કેમ? બીજું કે, ચંદ્રભાગા નદીમાં સ્માર્ટ સિટી મિશન યોજનામાં જે ત્રણ ઝોનમાં ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું હતું અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ એનું ખાતમુહૂર્ત કર્યું છે એ યોજનાનું કામ ઝડપથી ચાલુ થાય તેવી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બન્ને સૂચનો છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, દરેક વખતે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉભા થઇને જવાબ આપવાની આવશ્યકતા નથી. દરેક ધારાસભ્ય પોતાના સૂચનો રજૂ કરી દે. પછી છેલ્લે જેટલા સૂચનો હોય એ પ્રમાણે જવાબ આપી દે અથવા બાકી હોય તો વિભાગ એની ચિંતા કરે. એ પ્રમાણે કરીએ તો વધારે ધારાસભ્યશ્રીઓને તક મળે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પુછવા માગું છું કે, મારો મત વિસ્તાર છે એમાં લગભગ ૧૨૬ જેટલા ગામો આવેલા છે અને સિટી વિસ્તાર પણ આવેલો છે. જનરલી સરકારમાંથી ઘર વિહોણા માટે પ્લોટ ફાળવવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં કલેક્ટર નીમ કરે છે અને લેન્ડ કમિટી પ્લોટ ફાળવે છે. નાયબ કલેક્ટર એના વડા હોય છે. પણ સુડા વિસ્તારમાં ૩૬ વર્ષથી, વર્ષ ૧૯૮૨થી ગામો આવેલા છે. એ ગામોની અંદર શહેરી વિકાસ વિભાગનો પરિપત્ર એવું કહે છે કે નગરપાલિકામાં આવે તો જ ઘર વિહોણાને પ્લોટ ફાળવી શકાય. ૩૬ વર્ષથી આવેલા છે અને સુડાના નવા પ્લાન બની રહ્યા છે પણ નગરપાલિકા વિસ્તારમાં એનો સમાવેશ થયો નથી. કલેક્ટરે આટલા વર્ષોથી જમીન નીમ કરી છે પણ લેન્ડ કમિટીને પાવર આપે તો એ પ્લોટ ફાળવી શકે. બીજો પ્રશ્ન છે કે મારા ગામડા છે એ સિટી વિસ્તારમાં સમાવિષ્ટ થઇ ગયા છે. ત્યારબાદ સરકારશ્રીએ હળપતિઓને ૧૦૦ ચોરસ મિટરના પ્લોટ ફાળવ્યા હતા. વર્ષ ૨૦૦૬થી સિટીમાં થવાથી હળપતિઓ પ્લોટ પર આજે મકાન બનાવી શકતા નથી કે નથી રિપેર કરી શકતા. એના માટે કોઇ યોજના લાવીને આ હળપતિઓના મકાનો બનાવવા માગો છો કે કેમ?

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લામાં ગુહાઇ અને હાથમતિ જળાશયો નર્મદા આધારિત પાણી નાંખવાની પાઇપ લાઇન છે એ ખેડટેન્ક સુધી આવેલ છે તો એનાથી મારો ઇડર તાલુકો છે એના પૂર્વ વિસ્તારના ગામોના તળાવો ભરવા માટેની પાઇપ લાઇન નાંખવાની માગણી ઘણા સમયથી છે તો એ મંજૂર કરવામાં આવે એવી હું વિનંતી કરું છું.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇને એટલી વિનંતી કરવા માગું છું કે, વલસાડ શહેરમાં ટ્રાફિકની ખૂબ સમસ્યા છે. આજુબાજુના ચાર ગામો છે એને શહેરમાં સમાવવા માટે મેં ઘણા વખતથી માગણી કરી છે. સરપંચોએ આડેધડ પરમિશન આપીને નજીકમાં એપાર્ટમેન્ટ ઉભા થાય છે. જેના લીધે વલસાડનું ડ્રેનેજનું પાણી પણ ગામડામાંથી પસાર થાય છે. ડ્રેનેજ પર પણ બાંધકામ થાય છે અને ઘણી સમસ્યાઓ થાય છે તો વલસાડના આ ચાર ગામોને શહેરમાં સમાવી લેવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર. મંત્રીશ્રીનો પણ ખૂબ આભાર. સંસદીય મંત્રીશ્રી પ્રદિપસિંહે કહ્યું , ખૂબ તૈયાર થઇને અભ્યાસ સાથે દરેક સભ્યો જે કહે એનો તરત જ જવાબ આપે છે તે બદલ પણ મંત્રીશ્રી આદરણીય નીતિનભાઇનો ખૂબ આભાર માનું છું. મારી માગણી નથી પણ સૂચન છે. નવસારી અર્બન ઓથોરિટી નુડા કેટલાય વખતથી મંજૂર થઇને શહેરી વિકાસમાં આવી છે એને તાત્કાલિક મંજૂર કરવી. એના લીધે ત્રણ વર્ષથી પરમિશન મળતી નથી. એ સિવાય રેલવે ઓવર બ્રિજના કારણે સ્ટેશનની આજુબાજુ બે લાખની વસ્તી રોજ આવ–જા કરે છે, ત્યાં એટલી ખરાબ પરિસ્થિતિ છે તો એના માટે પણ આદરણીય મંત્રીશ્રી મંજૂરી આપે અને બીજી એક વાત છે કે, વોટર હાર્વેસ્ટિંગ માટે આદરણીય

મંત્રીશ્રી ખૂબ રસ લે છે તો તેમાં ધારાસભ્યોની ગ્રાન્ટ માટે જો પરમિશન આપે તો ખૂબ સારી રીતે વોટર હાર્વેસ્ટિંગ થઇ શકે છે. આ ત્રણ સૂચનો ખૂબ અગત્યના છે. આભાર.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને સૂચન છે કે, ૧૫મી માર્ચે સમગ્ર ગુજરાતમાં નર્મદાનું પાણી બંધ થાય છે. હવે આ વખતે ખેડૂતોએ પાણીને લઇને થોડોક ઉનાળું પાક કર્યો છે તો ૧૫મી માર્ચ પછી બીજા ૧૫ દિવસ એટલે કે ૩૧ માર્ચ સુધી એ લોકો વધારો માગી રહ્યા છે તો સમગ્ર ગૃહમાં મારાવતી આપને સૂચન છે કે, ખેડૂતોને ૧૫ દિવસ પાણીનો વધારો મળે એ મારી માગણી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો નર્મદાની મારી માગણી ઉપર હું આ જાહેરાત કરવાની વિચારણા કરતો હતો પણ હવે સમય છે અને શ્રી કેતનભાઇની રજૂઆત અને પ્રશ્ન પણ છે. બધા ધારાસભ્યશ્રીઓએ મારી સમક્ષ વારંવાર માગણી કરી છે કે નર્મદા કેનાલ અથવા કડાણા કેનાલ મહીસાગરનો કમાન્ડ વિસ્તાર ધરાવતો હોય અથવા જે ડેમોમાં વધુ પાણી હોય અને અત્યારે ચાલુ પાકને પાણી આપવા માગતા હોય તો મને જણાવતા આનંદ થાય છે કે, અમે નર્મદા વિભાગમાં પણ નિર્ણય કર્યો છે કે ૧૫ તારીખે જે રોટેશન પૂરું થતું હતું એ નર્મદાનું આખા રાજ્યને માટે બીજા ૨૦ દિવસ લંબાવી આપીએ છીએ અને કડાણાની પણ લાગણી માનનીય પંકજભાઇ નડિયાદના, આણંદના, ચરોત્તરના ધારાસભ્યોની અને કિસાન સંઘની પણ મારી પાસે આખા ગુજરાત માટે માગણી આવી હતી. કેમ કે, વરસાદ વહેલો મોડો થયો, માવઠું થયું, કરા પડ્યા જેના કારણે ખેડૂતોને તકલીફ પડી છે તો આ પાક બચી જાય એના માટે નર્મદાનું પાણી ૨૦ દિવસ વધુ લંબાવવાની હું જાહેરાત કરું છું અને કડાણાનું પાણી જે આણંદ જિલ્લામાં જાય છે એનું બીજા ૧૫ દિવસ પિયત ચાલુ રાખીશું. સવારે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે અહીંયા જ મેં ચર્ચા કરીને મંજૂરી લઇ લીધી છે એટલે કડાણાનું ૧૫ દિવસ અને નર્મદાનું ૨૦ દિવસ એ રોટેશન ચાલુ રાખીશું.

સભાપતિશ્રી : હવે કોઇને પ્રશ્ન હોય તો નાયબ મુખ્યમંત્રીશ્રીને રૂબરૂ મળીને એમની જોડે ચર્ચા કરી લે. ૧૮ જણાએ પ્રશ્ન પૂછ્યા છે. હવે મને લાગે છે કે, અનુદાન માટેની માગણીઓ પર મતદાન કરાવું છું. જેમાં કાપ દરખાસ્ત નથી. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઋષિકેશભાઇનો જે પ્રશ્ન હતો કે નવા સાધનો ખરીદવાનો તો અમારાં અધિક મુખ્ય સચિવશ્રીએ મને વિગત મોકલી છે કે નવા ૧૮ ફાયર ફાયટર શહેરી વિકાસ વિભાગે ખરીદી લીધા છે અને ૧૦ દિવસમાં એની ફાળવણી કરવાની છે અને એમાં વિસનગરનો પણ સમાવેશ કરવામાં આવશે. આ તો ઝડપી કામ કરતી સરકાર છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રીનો આ તબક્કે હું આભાર પણ માનું છું અને સાથે સાથે જે મેં બાયપાસની વાત કરી એ બાબતે થોડી સ્પષ્ટતા થઇ જાય કારણ કે, આ વિસ્તારની મારી પાસે વારંવાર રજૂઆત આવતી હતી કે તમે પેપરમાં સરકારને અભિનંદન આપતી જાહેરાત કરી હતી તો સાત સાત વર્ષથી કેમ ટલ્લે ચઢેલી યોજના છે?

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, શહેરા નગરપાલિકાની અંદર ટી.પી.યોજના માટે વારંવાર રજૂઆત કરી છે. શહેરા નગરપાલિકામાં જે બાંધકામ થાય છે એ અત્યારે કોઇ વ્યવસ્થિત બાંધકામ થતાં નથી. તો ટી.પી. યોજના લાગુ કરવામાં આવે તો વ્યવસ્થિત રીતે આયોજન અને વ્યવસ્થિત વિકાસ થઇ શકે. શહેરા તાલુકાની અંદર કેનાલમાંથી પાણી આપવામાં આવે છે તો જયારે કેનાલ બની ત્યારે ૨૦૦૦૦ હેકટરને પાણી આપવાનું આયોજન હતું, હાલમાં ફકત ૨૦૦૦ હેકટરને પાણી મળે છે તો ૨૦૦૦૦ હેકટરને પાણી મળે એવી વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો અમારા આણંદ જિલ્લાને કડાણા ડેમમાંથી ૧૫ દિવસ પાણી વધારી આપ્યું એ બદલ મુખ્યમંત્રી સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું. બીજી મારી મુખ્ય વાત એ હતી કે અમારે ત્યાં કહેવત છે કે આવશે તો નહીં આવે અને નહીં આવે તો આવશે. પૂર આવે તો નથી આવતું અને નથી આવતું તો આવે છે. કારણ કે ગુજરાતમાં અતિવૃષ્ટિ થાય તો સમગ્ર ગુજરાતની નદીઓના પાણી ખંભાતના દરિયામાં આવે છે. કારણ કે વૌઠામાં સાત નદીઓ મળે. સાબરમતિ નદીમાં, આ બાજુ મહીસાગરમાં એ વખતે અમારા ખેડૂતોને બહુ તકલીફ પડે છે. આમ છેવાડાનો તાલુકો છે એટલે દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોય ત્યારે નહેરના પાણી પહોંચતા નથી. એટલે મારો પ્રશ્ન એવો છે કે માનનીય મંત્રીશ્રીને રજૂઆત અને વિનંતી છે કે અમારી બાજુની જે નહેરો છે એ પાકી થાય તો છેવાડાના વિસ્તાર સુધી એનું પાણી મળી રહે અને જયારે અતિવૃષ્ટિ હોય તો પાકી નહેરો હોય તો એ પાણી નીકળી જાય અને બીજો પ્રશ્ન ખંભાત સીટીનો છે કે અમારા

ખંભાતમાં ખારુ પાણી છે ૩૦૦ ટી.ડી.એસ. ઉપર છે તો ખંભાતને મીઠું પાણી આપી અને ખંભાત ઉપર ઉપકાર કરે એવી મારી રજૂઆત અને વિનંતી છે.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહેસાણા અને પાટણ જિલ્લાના છેવાડાના ૪૪ ગામોમાં ખેતીવાડીમાં પાણી આપવા માટે માતપુરથી બ્રાહ્મણવાડા જે તાલુકા ઊંઝાની પાઇપ લાઇન યોજનાની રૂપિયા ૫૪ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી વર્ષ ૨૦૧૬માં મળેલ હતી અને ખેતરોમાં પથરેખાનું કામ પણ પૂર્ણ થઇ ગયેલું હતું પણ બજેટ ન ફાળવવાથી એ કામ પૂર્ણ થઇ શકેલ નથી અને વર્ષ ૨૦૦૮થી ખેડૂતોની ઉગ્ર માગણી છે. ઉત્તર ગુજરાતની અન્ય તથા સૌરાષ્ટ્રની સૌની યોજના પહેલાનો આ પ્રશ્ન છે. તો માનનીય નાણામંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે આ બજેટમાં એની અંદર ફાળવણી કરે જેથી આજુબાજુના તળાવો પણ ભરી શકાય અને ખેતીવાડીને પણ એ પાણીનો લાભ મળે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મારા વિસ્તારમાં બે વર્ષ પહેલા સરકાર દ્વારા લીંબાયત અને નવા ગામને જોડતો અન્ડર પાસ બ્રિજ પાસ થયેલો છે પણ અન્ડર પાસ બ્રિજ માટે સરકાર દ્વારા અલગથી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. એસ.એમ.સી.માં તપાસ કરવામાં આવે છે ત્યારે એવું કહેવામાં આવે છે કે નાણાંના અભાવે હજુ સુધી કામ ચાલુ થયું નથી. તો અન્ડર પાસ બ્રિજ માટે સરકારશ્રી દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહેનનું સૂચન છે. કમિશનરશ્રી સાથે પણ ચર્ચા કરી લઇશું અને અમારા સિનિયર અધિકારીઓ પણ અહીંયા છે એમણે પણ નોંધ લીધી છે.

**માગણી ક્રમાંક– ૩૦, ૩૧, ૩૩, ૧૦૧, ૧૦૨ અને ૬૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨–૫૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર બપોરના ૩–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૦**
**ફાલ્ગુન ૨૭, ૧૯૪૧ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### ડાંગ જિલ્લામાં સંકટ મોચન યોજના

*૨૬૬૭૧ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત-પશ્ચિમ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૧૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૦૪ |
| (૩) કેટલી સહાય મંજૂર કરી? | (૩) રૂ.૨૦,૮૦,૦૦૦/- |

( કોંગ્રેસના સભ્યશ્રીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧ ના પ્રશ્નમાં સભ્યશ્રી પૂર્ણેશ મોદી ઉભા થઇને મારો પ્રશ્ન ક્રમાંક-૧ બોલતા )

અધ્યક્ષશ્રી : આપ ક્યારથી કોંગ્રેસમાં જતા રહ્યા?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આ જન્મ ભાજપમાં જ રહેવાનો છું. મરતે દમ તક.

અધ્યક્ષશ્રી : કોંગ્રેસવાળા પણ એવું બોલે છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, સંકટ મોચન હનુમાનજીએ આ ડાંગના ધારાસભ્ય કોંગ્રેસને સદબુદ્ધિ આપી અને કોંગ્રેસ છોડી દીધી એ બદલ આભાર વ્યક્ત કરું છું. આ સંકટ મોચન યોજના કયારે અમલમાં આવી? આ યોજનાનો હેતું શું છે? આ આદિવાસી વિસ્તારમાં લગભગ ૯૨ ટકા જેટલા લોકોને ન્યાય મળ્યો છે. માત્ર ૭-૮ ટકા છે જેને ન્યાય નથી મળ્યો તો એનાં કારણો જણાવવા કૃપા કરશો?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સંકટ મોચન યોજના એ ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ૧૩ ઓગસ્ટ ૧૯૯૫ના રોજ કરેલ જાહેરાત મુજબ રાષ્ટ્રીય સામાજિક કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય કુટુંબ સહાયક યોજના અમલમાં મુકવામાં આવેલ છે. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૨૫-૯-૧૯૯૫ના ઠરાવથી આ રાષ્ટ્રીય સામાજિક કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના ગુજરાતમાં અમલમાં મ}કવામાં આવી છે. આ યોજનાના હેતુની વાત કરી તો આ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબ પરિવારના મુખ્ય કમાનાર વ્યક્તિનું કુદરતી સંજોગોમાં અથવા અકુદરતી કે અકસ્માતમાં મૃત્યુ થાય ત્યારે કુટુંબ ઉપર આવી પડેલી આફતમાં કુટુંબને સહાયરૂપ થઇ શકે તે માટે સરકારશ્રી દ્વારા આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. તેમણે અરજી મંજૂર અને નામંજૂરની વાત કરી. તે અંગે આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવું કે આ યોજના હેઠળ કુલ ૧૧૩ જેટલી અરજીઓ આવી હતી. એમાંથી ૧૦૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ૯ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, તે પૈકી એક અરજી જેનો ૦ થી ૨૦ના સ્કોરમાં સમાવેશ ન થવાથી એક અરજી નામંજૂર કરવામાં આવી છે. મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ હોવાના કારણે ૨ અરજી નામંજૂર કરવામાં આવી છે. આ સહાય મેળવવા માટે તેની ૨ વર્ષની સમય મર્યાદા હોય છે એ સમય મર્યાદા કરતા વધારે પ્રમાણમાં વિલંબ થયો હોય તો તેવી ૬ અરજી એટલે કુલ ૯ અરજીઓ નામંજૂર થયેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે જણાવ્યું કે કુદરતી રીતે મૃત્યુ થાય, અકુદરતી રીતે થાય, અકસ્માત રીતે થાય એને આ યોજનાનો લાભ મળે. તો આ સિવાય બીજી કોઇ રીતે મૃત્યુ થાય ખરું? લાંબો જવાબ કેમ થાય છે, એની સમજ હવે પડી. આપ એટલું કહી શકો કે ગરીબી રેખામાં જીવતા લોકો મૃત્યુ પામે એને મળે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર દરેક વ્યક્તિના જન્મથી લઇને મૃત્યુ સુધી કાળજી લઇને અનેક યોજનાઓ મારફત સફળતાપૂર્વક મૂર્તિમંત કરી રહી છે, ત્યારે આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આમાં ૦ થી ૧૬ સુધીના બી.પી.એલ. કાર્ડ હોલ્ડરોને આ મંજૂરી મળી છે, પરંતુ તે પછી ૦ થી ૨૦ ના સ્કોરનાને મંજૂરી મળી છે? ખાસ કરીને સંકટ મોચન યોજના છે, એની પાત્રતા છે અને ખાસ કરીને સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે?

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : કેવી રીતે બેન્કમાં કે રોકડેથી એવું પૂછો છો? એ તો ત્રણ પ્રશ્નો પૂછયા તે મેં લખ્યા છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના તા.૬–૧૦–૨૦૧૭ પહેલાં ૦ થી ૧૬ આંકવાળા લાભાર્થીઓને આ સહાયનો લાભ મળતો હતો. પરંતુ તા.૬–૧૦–૨૦૧૭ના ઠરાવથી આ યોજનામાં લાભ આપવાની પ્રક્રિયામાં બીપીએલના ગુણાંક ૦ થી ૨૦ ના લાભાર્થીઓને આનો લાભ આપવામાં આવે છે. સભ્યશ્રીએ તેની પાત્રતાના ધોરણની વાત કરી તો મેં કહ્યું તેમ ૦ થી ૨૦ ના સ્કોરના લાભાર્થીઓને આ લાભ મળે છે. અગાઉ મેં કહ્યું તેમ અવસાન પામનારની ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોવી જોઇએ. સહાયના દરની વાત કરું તો આ યોજના હેઠળ કુટુંબના સભ્યને ૨૦ હજાર રૂપિયાની સહાય એક વખત મળવાપાત્ર છે. અરજીપત્રકની માનનીય સભ્યશ્રીએ વાત કરી છે તો તેમાં જણાવું તો તાલુકા મામલતદાર કચેરી, પ્રાંત કચેરી અને કલેકટર કચેરીએ જનસેવા કેન્દ્રો પરથી મળે છે. આ અરજી મંજૂર કરવાની સત્તા તાલુકા મામલતદારશ્રીને છે. જો અરજી તાલુકા મામલતદારશ્રી નામંજૂર કરે તો અરજદાર પ્રાંત અધિકારીશ્રીને અપીલ કરી શકે છે. સહાયની ચૂકવણીની વાત કરી તો એપ્રિલ ૨૦૧૮થી નિયામક સમાજ સુરક્ષા કચેરી ગાંધીનગર દ્વારા ડીબીટી હેઠળ એટલે કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર દ્વારા લાભાર્થીના બેન્ક કે પોસ્ટ એકાઉન્ટમાં આ નાણાં જમા કરાવવામાં આવે છે. રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ નેશનલ સોશિયલ આસિસ્ટન્સ પ્રોગ્રામ(એનએસએપી) અંતર્ગત રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાના લાભાર્થીને ડીબીટી મારફત ચૂકવણું કરવામાં અમલ કરનાર આપણું ગુજરાત રાજય સમગ્ર દેશમાં પ્રથમ છે. ભારત સરકારે વર્ષ ૨૦૧૮–૧૯માં યોજનાના સફળ અમલીકરણ બદલ રાજ્ય સરકારને એવોર્ડ આપ્યો છે.

અધ્યક્ષશ્રી : અને જવાબમાં એક પ્રશ્ન બાકી રહી ગયો. માનનીય પિયુષભાઇ બાકી રહી ગયો કે પૂછવા ખાતર પૂછેલો? એવું ખાનગીમાં નહીં બોલવાનું. માનનીય પિયુષભાઇનું માઇક ચાલુ કરો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પાત્રતાના ધોરણની શરૂઆતમાં જ વાત કરી.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે મંગળવાર છે અને હનુમાનજી મહારાજનો પણ દિવસ છે. સંકટ મોચન એટલે સંકટ સમયે કામ આવે તેવી યોજના છે. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં સમગ્ર રાજ્યમાં જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવું તો રાજ્યના તમામ જિલ્લાઓમાં કુલ ૬૭૨૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. તેની સહાયની કુલ રકમની વાત કરું તો ૧૩ કરોડ ૪૫ લાખ ૬૦ હજાર રૂપિયા લાભ ચૂકવવામાં આવ્યો છે. જિલ્લાવાર કહું તો અમદાવાદ જિલ્લામાં ૪૩૪ લાભાર્થી, અમરેલી જિલ્લામાં ૧૧૫ લાભાર્થી, આણંદ જિલ્લામાં ૪૦૯ લાભાર્થી, અરવલ્લી જિલ્લામાં ૬૭ લાભાર્થી, બનાસકાંઠા જિલ્લામાં ૫૧૬ લાભાર્થી, ભરૂચ જિલ્લામાં ૧૧૭ લાભાર્થી, ભાવનગર જિલ્લામાં ૨૧૮ લાભાર્થી, બોટાદ જિલ્લામાં ૩૬ લાભાર્થી, છોટાઉદેપુર જિલ્લામાં ૧૭૬ લાભાર્થી, દાહોદ જિલ્લામાં ૧૧૦ લાભાર્થી, ડાંગ જિલ્લામાં ૪૮ લાભાર્થી, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૪૪ લાભાર્થી, ગાંધીનગર જિલ્લામાં ૧૫૩ લાભાર્થી...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ખાલી ડાંગ જિલ્લાનો છે. પ્રશ્ન ક્રમાંક–૩

**ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

*૨૬૬૬૩ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લા વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૬ |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૧૦૮૬૭ |

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માનનીય મુખ્યમંત્રીશ્રીને અને મંત્રીશ્રીને ખાસ અભિનંદન પાઠવું છું કે, વિપક્ષના મિત્રો જે •(xxx)...(અંતરાય)

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકોર્ડ પરથી કાઢી નાખવામાં આવે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, બૂમો પાડતા હોય છે કે, ગુજરાતમાં બેરોજગારી છે પણ આ વિભાગ ખૂબ સારી કામગીરી કરી રહ્યું છે અને રોજગારી આપવાનું ખૂબ મોટું અભિયાન જ્યારે ઉપાડ્યું છે ત્યારે ઔદ્યોગિક ભરતી એકમો છે એ આખા ગુજરાતમાં કેટલા છે? અમદાવાદનો વિસ્તાર ખૂબ મોટો છે અમદાવાદમાં માત્ર મને ખ્યાલ છે ત્યાં સુધી એલ.ડી.એન્જિનિયરીંગમાં એક જ જગ્યાએ આ છે તો બીજા વધારવા માગો છો કે કેમ? અને હવે ટેકનોલોજી ખૂબ વાપરીએ છીએ, ત્યારે ટેકનોલોજીવાળું ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકાય કેમ? અને સાથે ડિગ્રીવાળાને જ નોકરી આપવા માગો છો કે ડિગ્રી સાથે ડિપ્લોમાવાળાને પણ નોકરી આપવા માગો છો કે કેમ? અને ઔદ્યોગિક ભરતી મેળાના જે નોકરી દાતાઓ છે એમાં કઇ કઇ સુવિધા પૂરી પાડવા માગો છો અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ભરતી મેળાઓ યોજવામાં આવ્યા અને એ

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભરતી મેળામાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા અને જો આપની પાસે એ માહિતી હોય તો આપશો કે ઉપરોકત મેળામાં જાતિવાર કેટલા ઉમેદવારોને રોજગારી મળી?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ગાંધીનગર જિલ્લાનો છે એટલે ગાંધીનગર જિલ્લાની માહિતી મારી પાસે પૂરેપૂરી છે એટલે ગાંધીનગર જિલ્લાની જેટલી જોઇતી હોય એટલી માહિતી માનનીય સભ્યશ્રીને આપવા માટેની મારી પૂરી તૈયારી છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, ગુજરાતમાં આવા કેટલા ભરતી કેન્દ્રો છે અને અમદાવાદમાં બીજા વધારવા માગો છો કે કેમ? અને ડિગ્રીવાળાની સાથે ડિપ્લોમાવાળાને પણ આ ભરતી મેળા મારફત રોજગારી આપવા માગો છો કે કેમ? એટલું જ જાણવું છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં શ્રમ અને રોજગાર વિભાગ મારફત સમગ્ર રાજયમાં ઔદ્યોગિક ભરતી મેળાઓ રોજગાર કચેરીઓ મારફત કરતા હોઇએ છીએ અને એના જ કારણે આજે સમગ્ર ભારતમાં સૌથી વધારે રોજગારી આપતું રાજય એટલા માટે જ બની ચૂક્યું છે અને ગુજરાતમાં સૌથી વધારે રોજગારી અપાય છે અને કેવી રીતે ગુજરાત રોજગારી આપી રહ્યું છે એ જોઇને સમગ્ર દેશના બીજા રાજયો પણ ગુજરાતના માર્ગે ચાલીને રોજગારી આપવાની દિશામાં આગળ વધી રહ્યા છે. બીજું, એમણે કહ્યું કે જે ઔદ્યોગિક એકમો હોય, જેને જેવા પ્રકારનું ઇક્વિપમેન્ટ હોય એવા તમામ પ્રકારના લોકોને આપણે રોજગારી આપવાની દિશામાં રોજગાર ભરતી મેળાઓ મારફત કામ કરવામાં આવતું હોય છે અને જયારે રોજગાર ભરતી મેળાઓ અમે કરીએ છીએ ત્યારે અમારી પાસે રોજગાર કચેરીમાં જે નામો નોંધાયેલા હોય એમને જાણ કરીએ છીએ. જે લોકોના રોજગાર કચેરીમાં નામ નોંધાયેલા છે, દાખલા તરીકે અમે ગાંધીનગરમાં રોજગાર મેળો કરવા જઇ રહ્યા છીએ તો ગાંધીનગરની અમારી રોજગાર કચેરીમાં જે લોકો નોંધાયેલા હોય તેઓને અમે આ ભરતી મેળાની જાણ કરીએ છીએ, એમને એસ.એમ.એસ. કરીએ છીએ, એમને લેખિતમાં પણ જાણ કરીએ છીએ સાથે સાથે એમને ભરતી મેળામાં આવવા માટે ભાડું ખર્ચવું ન પડે એટલા માટે અમે એસ.ટી.ની કૂપન મોકલીએ છીએ અને એસ.ટી.ની કૂપન વાપરે તો એના ખર્ચની અમારી રોજગાર કચેરી નિભાવણી કરતી હોય છે. તેમજ જયાં ભરતી મેળો કરીએ છીએ ત્યાં મંડપની વ્યવસ્થા કરીએ છીએ, બેઠક વ્યવસ્થા કરીએ છીએ, ઇન્ટરવ્યું લેવા માટે અલગ અલગ વ્યવસ્થા કરીએ છીએ. જે કંપનીઓ આવી હોય એના માટે આ બધી જ વ્યવસ્થા અમે કરતા હોઇએ છીએ. સાથે સાથે ગાંધીનગર એક નાનકડો જિલ્લો છે અને ગાંધીનગર જિલ્લામાં ચાર તાલુકાઓ આવેલા છે એમાં અમે ૧૯ ભરતી મેળાઓ કર્યા, એમાં ૮૨૦૯ લોકો હાજર રહ્યા હતા. દહેગામની અંદર ૬ ભરતી મેળાઓ કર્યા હતા, એમાં ૧૮૬૦ લોકો ઉપસ્થિત રહ્યા હતા અને એવી જ રીતે માણસામાં ૬ ભરતી મેળાઓ કર્યા હતા એમાં ૧૫૦૦ લોકો ઉપસ્થિત રહ્યા હતા, કલોલમાં ૫ ભરતી મેળાઓ કર્યા હતા, એમાં ૭૭૯ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આમ, ૩૬ ભરતી મેળાઓમાં ૧૨૩૪૮ લોકો ઉપસ્થિત રહ્યા હતા. એમણે બીજી માહિતી પણ મારી પાસે માગી હતી કે જાતિવાર કેટલી ભરતીઓ કરી?

માનનીય અધ્યક્ષશ્રી, જે ૧૨૩૪૮ લોકો હાજર રહ્યા હતા એમાંથી ૧૦૮૬૭ લોકોને અમે આ ભરતી મેળામાં પ્લેસમેન્ટ અપાવી શક્યા છીએ. એની અંદર અનુસૂચિત જાતિમાં ૧૨૧ લોકોનો સમાવેશ કરાવી શક્યા છીએ, અનુસૂચિત જનજાતિમાં ૧૦૦ લોકોનો સમાવેશ કરાવી શક્યા છીએ, બક્ષીપંચ સમાજના લોકોમાં ૨૭૭૯ લોકોનો સમાવેશ કરી શક્યા, અન્ય બીજી જ્ઞાતિઓમાંથી ૭૮૬૭ લોકોનો આ ગાંધીનગરના ભરતીમેળામાં સમાવેશ કરીને ૧૦૮૬૭ લોકોને રોજગાર અપાવવાનું કામ છેલ્લા એક વરસમાં કરવામાં આવ્યું છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

અધ્યક્ષશ્રી : મળી ગયો છે, મને પણ એવું લાગ્યું, માનનીય આશાબેન,

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, વર્ષ ૨૦૧૯માં લશ્કરી ભરતી મેળા કેટલા થયા અને તેમાં કેટલા ઉમેદવારો સફળ રહ્યા?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમે રોજગાર મેળાઓ કરતા હોઇએ છીએ એની સાથે સાથે અમારા વિભાગ મારફતે લશ્કરી ભરતી મેળાઓનું પણ અમારી રોજગાર કચેરી મારફતે આયોજન કરતા હોઇએ છીએ. છેલ્લા એક વરસની માહિતી મારી પાસે છે. વર્ષ ૨૦૧૯માં હિંમતનગર ખાતે લશ્કરી ભરતી મેળાનું આયોજન રોજગાર કચેરી મારફતે કરવામાં આવ્યું હતું, એની અંદર ૮૫૬ યુવાનો પસંદ થયા હતા. નવેમ્બર, ૨૦૧૯ દરમિયાન જામનગર ખાતે લશ્કરી ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું અને એમાં પણ ગુજરાતના ૯૬૪ યુવાનો પસંદગી પામ્યા હતા. આમ, છેલ્લા એક વરસમાં બે જગ્યાએ ભરતી મેળા કરવાથી ૧૮૨૦ જેટલા યુવાનો આ જે મેં ૧૦૮૬૭નો આંકડો આપ્યો છે એ સિવાય લશ્કરી ભરતીમાં ભરતી કરાવી શક્યા છીએ.

## પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

*૨૬૬૫૬ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં વર્ષઃ૨૦૧૯–૨૦માં કુંવરબાઈનું મામેરૂ યોજના | (૧) ૨૭૯ |

હેઠળ અનુસૂચિત જાતિની કન્યાઓની કેટલી અરજીઓ મળી,

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૭૧ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૭.૧૦ લાખ |

શ્રી બલરામ ખુ. થાવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુંવરબાઇનું મામેરૂ યોજના સહાય આપવાનો હેતુ શું છે અને તે યોજનાનું આયોજન ક્યારથી શરૂ કરવામાં આવેલ છે અને અન્ય સમાજની દીકરીઓને એનો લાભ આપવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૬૦માં આપણા ગુજરાત રાજ્યની સ્થાપના કરવામાં આવી, ત્યારબાદ ૩૫ વરસ પછી એટલે કે જ્યારે આ ગુજરાતમાં વર્ષ ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી આપણા રાજ્યમાં કુંવરબાઇનું મામેરૂ યોજના અમલમાં આવી. જેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કુટુંબની દીકરીના લગ્ન પ્રસંગે થતાં ખર્ચમાં મદદરૂપ થવા માટે અમારી સરકારે વર્ષ ૧૯૯૫થી આ કુંવરબાઇનું મામેરૂ યોજના અમલમાં મૂકી છે અને માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે, આ સિવાય અન્ય દીકરીઓને આ સહાય આપવા માગો છો કે કેમ તો એ સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ તારીખ ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજી મળી, કેટલી અરજી મંજૂર કરી, કેટલી અરજી નામંજૂર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી? તો હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, સમગ્ર જિલ્લામાં ૨૭૯ અરજીઓ મળી છે, જેમાંથી ૨૭૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૮ અરજીઓ નામંજૂર થઇ છે, એમાં પાંચ અરજીઓ આવક વધુ હોવાના કારણે નામંજૂર થઇ છે અને આ યોજના એવી છે કે ફક્ત બે દીકરીઓને લાભ મળે, બે થી વધારે દીકરીઓ હોય તેને આ લાભ મળતો નથી તેથી તેમાં અગાઉ બે દીકરીઓના લગ્ન પ્રસંગે બે દીકરીઓને લાભ મળેલ હોવાથી બે અરજી એના કારણે નામંજૂર થઇ છે અને પૂરતા પુરાવા રજૂ ન થવાના કારણે એક અરજી નામંજૂર થઇ છે, એમ કુલ ૮ અરજીઓ નામંજૂર થઇ છે, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ તાલુકાવાર કેટલી અરજીઓ મળી તેની માહિતી માગી છે તે બાબતે જણાવવાનું કે, ..

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરૂ યોજના આખા ગુજરાત રાજયમાં પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો અને તેમા કેટલો ખર્ચો થયો ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, છેલ્લાં પાંચ વર્ષની વાત કરું તો સને ૨૦૧૪-૧૫માં ૫૧૩૦ લાભાર્થી, ૨૦૧૫-૧૬માં ૫૧૩૦ લાભાર્થી, ૨૦૧૬-૧૭માં ૪૯૮૯ લાભાર્થી, ૨૦૧૭-૧૮માં ૭૨૦૨ લાભાર્થી, ૨૦૧૮-૧૯માં ૭૬૬૦ લાભાર્થી, ૨૦૧૯-૨૦માં ડિસેમ્બર અંતિત ૫૯૧૮ એમ કુલ ૩૫૯૨૯ લાભાર્થીને રૂપિયા ૩૫ કરોડ ૯૨ લાખ ૯૦ હજારની સહાય ચૂકવવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૫, બધાને થતું હશે કે પાંચ હાજર નથી તો પણ હું કેમ બોલુ છું ? જાણવા માટે કે પ્રશ્ન ક્રમાંક-૫ કોઇ રજૂ ન પણ કરે અને માનનીય મંત્રીશ્રી તે પ્રશ્નના સંદર્ભમાં કંઇક કહેવા માગતા હોય તો અધ્યક્ષશ્રીની પરવાનગીથી કહી શકાય. કોઇ બહુ જ મહત્ત્વનો પ્રશ્ન હોય તો રીકવેસ્ટ કરી શકાય.

### રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

*૨૬૭૫૨ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦માં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૬૯ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૬૫ |
| (૩) કેટલી સાયકલ આપવામાં આવી? | (૩) ૧૨૬૫ |

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરસ્વતી સાધના યોજના કયારે અમલમાં આવી ? અને આ યોજનાનો હેતુ શું છે ?

અધ્યક્ષશ્રી : બા, તમે વાંચ્યા વગર બોલ્યા એટલે તમને અભિનંદન.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તારીખઃ૯–૩–૧૯૯૯ના ઠરાવથી સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલ ભેટ આપવાની યોજના અમલમાં આવી. હું આપના માધ્યમથી સભ્યશ્રીને તેમના હેતુની વાત કરું તો અનુસૂચિત જાતિની કન્યાઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે અને શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો નાબૂદ થાય અને કન્યા કેળવણીને ઉત્તેજન મળે તથા પોતાના રહેઠાંણથી અભ્યાસ કરવા જવા માટે કોઇ મુશ્કેલી ના પડે એવા ઉમદા હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી સાધના યોજના ખૂબ સારી છે અને આ યોજનામાં વાર્ષિક આવક મર્યાદા અગાઉ કેટલી હતી ? તેમાં સુધારો કયારે કર્યો અને હાલમાં આવક મર્યાદા શું છે તે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને અને ગૃહને પણ જણાવવા માગું છું કે, અગાઉના વર્ષોમાં આવક મર્યાદા ખૂબજ ઓછી હતી તેના કારણે વધુ લાભાર્થીઓને લાભ મળી શકતો ના હતો. પરંતુ તારીખઃ૭–૮–૨૦૧૪ના રોજ આ આવક મર્યાદા વધારવામાં આવી. અગાઉના સમયમાં ગ્રામ્ય વિસ્તાર માટે રૂપિયા ૪૭ હજાર અને શહેરી વિસ્તાર માટે રૂપિયા ૬૮ હજારની આવક મર્યાદા હતી. પરંતુ ગરીબ વર્ગની કન્યાઓને અભ્યાસ કરવા જવા માટે કોઇ તકલીફ ના પડે અને વધુ કન્યાને આ યોજનાનો લાભ મળે તે માટે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજીની સરકાર દ્વારા આવક મર્યાદામાં તારીખઃ૨૪–૧૦–૨૦૧૭થી વધારો કરીને જે ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા ૪૭ હજાર હતી તેના રૂપિયા ૧ લાખ ૨૦ હજાર અને શહેરી વિસ્તારમાં જે રૂપિયા ૬૮ હજાર હતા તેના રૂપિયા ૧ લાખ અને ૫૦ હજારની આવક મર્યાદાનું ધોરણ સુધારવામાં આવ્યું છે.

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરસ્વતી સાધના યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં તારીખઃ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં તાલુકાવાર કેટલી અરજીઓ મળી ? અને કેટલી મંજૂર કરી અને કેટલી કિંમતની સાયકલનું વિતરણ કરવામાં આવ્યું ?

અધ્યક્ષશ્રી : તાલુકાવાર નહીં પણ ખાસ કોઇ વિશેષ તાલુકો હોય તો પૂછો.

શ્રી લાખાભાઇ સાગઠિયા : રાજકોટ તાલુકો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં રાજકોટ તાલુકાની વાત કરું તો ૪૩૮ અરજીઓ મળી, તેમાં ૪૩૪ અરજીઓ મંજૂર કરવામાં આવી. અને ૧૫,૪૧,૯૭૮ રૂપિયાની કિંમતની સાયકલો ભેટ આપવામાં આવી અને આવક વધુ હોવાના કારણે બે અરજીઓ અને અનુસૂચિત જાતિની આ યોજના છે એમાં અન્ય જ્ઞાતિની બે અરજીઓ આવી જવાના કારણે ચાર અરજીઓ નામંજૂર કરવામાં આવી અને સાયકલની કિંમતની વાત કરું તો વર્ષ ૨૦૧૯–૨૦માં રૂ.૩૫૫૨.૯૫ એક સાયકલની કિંમત હતી.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આ સરસ્વતી સાધના યોજના મારફત મારા તાલુકામાં બિન વહેંચાયેલ સાયકલનો જથ્થો અમે અને મામલતદારે ભેગા થઇને પંચનામુ કરીને આપ્યો હતો તો આ બાબતની ઇન્કવાયરીમાં શું થયું કે આ જથ્થો ક્યાંથી આવ્યો હતો અને કેમ વહેંચ્યા વગર પડી રહ્યો હતો?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની યોજના હેઠળની સાયકલ યોજનાનો આ પ્રશ્ન છે અને જેટલી અરજી મળે છે તે પ્રમાણે જ અમે ઓર્ડર કરતાં હોઇએ છીએ અને તે પ્રમાણે લાભાર્થીઓને સાયકલ ભેટ આપવામાં આવે છે અને આવી કોઇ યોજના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની પડતર સાયકલ વિશેની નથી.

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રી, આ અનુસૂચિત જાતિમાં કેટલી અટક આવે છે? ખાલી સંખ્યા જાણવી છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમાં અલગ–અલગ જાતિઓ હોય છે. અટક તો ખૂબ વધારે આવે છે. એમાં લગભગ ૪૭ જેટલી જ્ઞાતિઓનો સમાવેશ થાય છે અને અટક તો સેંકડોની સંખ્યામાં હશે.

### પાટણ જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારો

*૨૬૭૮૦ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, પાટણ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) ૧૦૩૭૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે પૈકી કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | (૨) ૩૫૦૭ |

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, ઔદ્યોગિક ભરતી મેળામાં ઉપસ્થિત નોકરી દાતાઓ અને ઉમેદવારોને કઇ–કઇ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે અને વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન પાટણ જિલ્લામાં કેટલા ભરતી મેળા યોજવામાં આવ્યા અને આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા તથા ઉક્ત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી?

## તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું હતું કે ભરતી મેળા કરવાનો અમારો મુખ્ય આશય એટલો છે કે ગુજરાતમાં જે રીતે ઔદ્યોગિક એકમો આવી રહ્યા છે અને આ ઔદ્યોગિક એકમોને કેવા પ્રકારના માનવબળની જરૂરિયાત છે. સાથે–સાથે રોજગારી મેળવનાર યુવાનોને પણ એમના કૌશલ્ય પ્રમાણે કયા યુનિટમાં કામ કરવાની જરૂરિયાત છે એ શોધવામાં સમય લાગે એટલા માટે અમે ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરીએ છીએ. એક જગ્યાએ બધાને ભેગા કરીને ઔદ્યોગિક એકમોને પણ બોલાવીએ, નોકરી મેળવવાવાળા લોકોને પણ બોલાવી એમનો સમન્વય કરવાથી ખૂબ ઝડપથી ગુજરાતના યુવાનોને ઘરઆંગણે રોજગારી મળી રહે એ માટેના પ્રયાસ અમે કરતાં હોઇએ છીએ. ઇન્ટરવ્યુ કૉલની સાથે એસ.ટી.ની કૂપન મોકલીએ છીએ, બેઠક વ્યવસ્થા કરીએ છીએ, ચા–નાસ્તાની પણ વ્યવસ્થા કરીએ છીએ, ઇન્ટરવ્યુ માટેની પણ વ્યવસ્થા કરીએ છીએ. પાટણ જિલ્લામાં ૧૧ જેટલા ઔદ્યોગિક ભરતી મેળાની અંદર ૫૩૬૯ ઉમેદવારો હાજર રહ્યા અને એમાં ૨૭૨૨ લોકો એ ૧૧ ભરતી મેળામાં પાટણ તાલુકામાંથી પસંદ કરવામાં આવ્યા. એવી જ રીતે સિદ્ધપુર તાલુકામાં એક ભરતી મેળો કર્યો. એમાં ૫૫ લોકો હાજર રહ્યા હતા. એમાંથી ૩૦ લોકોને પસંદ કરવામાં આવ્યા. ચાણસ્મા તાલુકામાં ૪ મેળા કરવામાં આવ્યા. એમાંથી ૫૬૩ ઉમેદવારો હાજર રહ્યા અને ૩૮૩ લોકોને પસંદ કરવામાં આવ્યા છે. હારિજમાં ૨ મેળા કરવામાં આવ્યા. એમાં ૧૪૮ યુવાનો હાજર રહ્યા. ૩૧ લોકોની પસંદગી કરવામાં આવી. સરસ્વતી તાલુકામાં પણ એક મેળો કરવામાં આવ્યો અને ૭૪ લોકો હાજર રહ્યા અને ૬૯ લોકોની પસંદગી થઇ. સમી તાલુકામાં એક મેળો કરવામાં આવ્યો ૮૧ લોકો હાજર રહ્યા ૧૨ લોકોની પસંદગી થઇ. એવી જ રીતે અમે રાધનપુરની અંદર ત્રણ ઔદ્યોગિક ભરતી મેળા કર્યા અને ૧૭૦ લોકો હાજર રહ્યા, ૨૨ લોકો પસંદ થયા, શંખેશ્વરની અંદર બે મેળાઓ કરવામાં આવ્યા, ૧૮૬ લોકો હાજર રહ્યા અને ૭૪ લોકોની પસંદગી થઇ અને સાંતલપુર તાલુકામાં બે મેળાઓ કર્યા ૭૦ લોકો હાજર રહ્યા, એમાંથી ૨૭ લોકોની પસંદગી થઇ. આમ, ૨૭ ભરતી મેળાઓની અંદર પાટણ જિલ્લાની અંદર છેલ્લા એક વર્ષમાં ૩૪૧૦ લોકોની પસંદગી કરવામાં આવી છે.

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલાઃ માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, જિલ્લા રોજગાર કચેરીમાં રોજગારવાંચ્છુઓના નામ નોંધવા માટેની પ્રક્રિયા શું છે, કેટલી ઉંમર ધરાવતા રોજગાર વાંછુંઓના નામની નોંધણી કરાવી શકાય, આ નામ નોંધણીનું રિન્યુ ક્યારે કરાવવાનું હોય છે, આ ઉપરાંત રોજગારવાંચ્છુઓને સ્વરોજગારી માટે કઇ રીતે માર્ગદર્શન આપવામાં આવે છે અથવા સ્વરોજગાર શિબિરનું આયોજન કઇ રીતે કરવામાં આવે છે**?**

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર કચેરીઓમાં નામ નોંધાવવા માટે સંબંધિત રોજગાર કચેરીના કામકાજના ચાલુ સમય દરમ્યાન રોજગાર કચેરીમાં પોતાનું નામ નોંધાવી શકે છે. આ નામ નોંધાવવા માટે એમણે જાતિનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત, અસલ માર્કશીટો આ બધું જ લઇને રોજગાર કચેરીએ જવાનું હોય છે અને ત્યાં જઇને નામ નોંધણી કરાવી શકે છે.

બીજું, એમણે પૂછયું છે કે કઇ ઉંમરના લોકો નામ નોંધાવી શકે તો એમને જણાવું કે રોજગાર કચેરી ખાતે ૧૪ વર્ષથી વધારે ઉંમર ધરાવતા માણસો રોજગાર કચેરીમાં નામ નોંધાવી શકે છે. નામ નોંધણી કરાવ્યા પછી ત્રણ વર્ષે એને રિન્યુ કરાવવાનું હોય છે.

સાથે–સાથે અમે એક નવી શરૂઆત ગુજરાતમાં કરી છે. કોઇ પણ મોટો જિલ્લો હોય એના દૂરના તાલુકા હોય તો તે વ્યકિતને જિલ્લા મથકે ન જવું પડે એટલા માટે દર મહિને એક વખત તાલુકા મથકે પણ આવી નામ નોંધણીનો કાર્યક્રમ રાખવામાં આવે છે. એટલે તાલુકા મથકે નજીકમાં નામ પણ નોંધાવી શકે અને એ રિન્યુ કરાવવા માટેની સવલત પણ ત્યાં મળી શકે, એટલા માટે તાલુકા કક્ષાએ દર મહિને આયોજન કરવામાં આવતું હોય છે.

એમનો બીજો પ્રશ્ન હતો કે માર્ગદર્શન માટે શું કરવામાં આવે છે. રાજયમાં સરકારી, અર્ધ સરકારી અને સ્થાનિક સ્વરાજય અને રાષ્ટ્રીયકૃત બેંકો, વિમા નિગમો વગેરે ક્ષેત્રમાં રોજગારી ઉપરાંત રાજયના ઝડપી ઔદ્યોગિક વિકાસ તેમજ અન્ય સેવા ક્ષેત્રોના વિકાસના કારણે સ્વરોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ થઇ છે. એટલા માટે જ સ્વરોજગાર ક્ષેત્રે પણ કારકિર્દીની ઉજ્જવળ તકો ગુજરાતમાં આપણને દેખાઇ રહી છે. રોજગાર કચેરી દ્વારા યુવાનોને સ્વરોજગારી માટે પ્રેરિત કરવાના હેતુથી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવે છે. એમાં નિગમોને અને બેંકોને પણ અમે હાજર રાખીને કેવા પ્રકારનું એ કામ કરાવવા માગતા હોય, કયાંથી લોન કે સહાય મળી શકે? આ શિબિરોની અંદર આ પ્રકારનું માર્ગદર્શન આપીને પણ સ્વરોજગારી માટેનું કામ આ વિભાગ મારફતે કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : અધિકારી ગેલેરીમાં પગ પર પગ ચઢાવીને બેઠા છે, તે સરખા બેસે.

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ રોજગારવાંચ્છુ મેળાની અંદર જે ઉમેદવારો ઉમેદવારી કરે છે એમાં ડિપ્લોમા અને ડિગ્રીવાળાને ઉમેદવારી કરવાનો હક્ક હોય છે કે કેમ. બીજો મારો પ્રશ્ન એવો છે કે સરકાર આટલું મોટું આયોજન કરે છે અને રોજગારી પ્રાપ્ત કરવા માટે સરકાર રોજગાર મેળા કરે છે, એમાં જે તે લાભાર્થીને તેનો ઓર્ડર પણ મળતો હોય છે. આવા જે રોજગારી પ્રાપ્ત કરવાવાળા ઉમેદવાર ખૂબ થોડા સમયની અંદર પાંચ–દશ દિવસ કે મહિનાની અંદર રોજગારી ત્યાંથી મેળવી હોય, એમાંથી એ પાછા મુકિત લઇ લે છે તો એના બાબતમાં આગળ સરકાર વિચાર કરવા માગે છે કે કેમ? કારણ કે એમાં શું થાય છે સાહેબ કે, રોજગારી એક વાર એમણે પ્રાપ્ત કરી, ફરીથી પાછી છોડી દીધી અને ફરીથી એ રોજગાર માટે નામ લખાવતો હોય છે એટલે સરકારમાં બેરોજગારીના આંકડામાં તફાવત પડે છે એવું મારું માનવું છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ડિપ્લોમા અને ડીગ્રીની માનનીય સભ્યશ્રીએ વાત કરી, મેં અગાઉ પણ કહ્યું કે જે એકમો છે એ ખાનગી એકમો હોય કે જે એકમો હોય તેમને રીક્રુટમેન્ટ માટેની જે લાયકાત પ્રમાણેના માણસો જોઈતા હોય તે તમામ માણસોને આ રોજગાર મેળાની અંદર ભાગ લેવાનો અધિકાર હોય છે અને એ પ્રમાણે એને પ્લેસમેન્ટ મળતું હોય છે. અમારું કામ એ છે કે ગુજરાતમાં જે લોકોને કામ જોઈએ છે તેમને કામ અપાવવા માટે અમારા રોજગાર વિભાગ મારફત કામ કરવામાં આવતું હોય છે. એક વખત એને રોજગારી આપ્યા પછી બે ત્રણ મહિનામાં છૂટો થાય અને ફરીવાર સારી કંપનીમાં જવું હોય અને ત્યાં એ આવતો હોય તો ત્યાં પણ એની લાયકાત પ્રમાણે એમને રોજગારી મળતી હોય છે.

### ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન

*૨૬૭૭૭ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લા વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૬ |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૧૦૮૬૭ |

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ઔદ્યોગિક મેળાઓમાં ઉપસ્થિત નોકરી દાતાઓ અને ઉમેદવારોને કઇ કઇ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે? તેમજ વર્ષ ૨૦૧૯ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ભરતી મેળા યોજવામાં આવ્યા, એમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા અને જાતિવાર કેટલા ઉમેદવારોને રોજગારી મળી, તેમજ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૯ની સ્થિતિએ સ્થાનિક રોજગાર માટે કેટલા એકમો નોંધાયેલા છે અને ગાંધીનગર જિલ્લામાં ડિસેમ્બર ૨૦૧૯ની સ્થિતિએ સ્થાનિક રોજગારીની પરિસ્થિતિ શું છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ આ જ ગાંધીનગર જિલ્લાના પ્રશ્નની ડિટેઇલમાં મેં માહિતી આપી છે. આપ કહેતા હો તો એની એ જ માહિતી ફરી વાર આપવા માટે પણ હું તૈયાર છું.

અધ્યક્ષશ્રી : આપને શું લાગે છે? તમે અગાઉ જવાબ આપતા હતા ત્યારે માનનીય ધારાસભ્યશ્રી ધ્યાન મગ્ન હતા. એટલે ફરીવાર એમની પાસે માહિતી નથી એવું માનીને આપો. પણ ટૂંકમાં આપો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એટલે હું માહિતી આપી દઉં, બને એટલો ટૂંકમાં આપવાનો પ્રયાસ કરીશ. આ ભરતી મેળાઓની અંદર મેં અગાઉ જેમ કહ્યું તેમ એક મંચ ઉપર નોકરી દાતાઓને અને નોકરી મેળવવા વાળા બન્નેને ભેગા કરીને ભરતી મેળાઓમાં સ્થાનિક કક્ષાએ નજીકમાં પોતાના રહેઠાણથી નજીકમાં ખૂબ ઝડપથી રોજગારી મળે તેનો પ્રયાસ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : સુવિધા શું આપો છો એ એમણે પૂછયું. પાણી આપો છો, ચા આપો છો કે ઉનાળામાં છાશ કે એવું કંઈ આપો છો?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમે મંડપની વ્યવસ્થા કરીએ છીએ, બેસવાની વ્યવસ્થા કરીએ છીએ. ચા–નાસ્તાની વ્યવસ્થા કરીએ છીએ અને ઉનાળો હશે તો છાશની વ્યવસ્થા પણ કરીશું. એ જ રીતે ઇન્ટર્વ્યુની પણ વ્યવસ્થા કરીએ છીએ. બસની કુપનની પણ વ્યવસ્થા કરીએ છીએ. એ રીતે અગાઉ પણ મેં કહ્યું એમ ગાંધીનગરમાં ૧૯ મેળાઓ કર્યા, દહેગામમાં ૬ મેળાઓ કર્યા, માણસામાં ૬ મેળાઓ કર્યા, કલોલમાં ૫ મેળાઓ કર્યા આમ ૩૬ ઔદ્યોગિક ભરતી મેળાઓની અંદર ૧૨૩૪૮ લોકો ઉપસ્થિત રહ્યા અને એમાંથી ૧૦૮૬૭ લોકોને રોજગારી આપવામાં આવી છે. બીજી બાબત એમણે કહી કે ખાનગી એકમો કેટલા આવેલા છે, તો મારી પાસે લેટેસ્ટ માહિતી છે એ મુજબ ગાંધીનગર જિલ્લામાં ડિસેમ્બર ૨૦૧૯ની સ્થિતિએ ૨૩૧ ખાનગી એકમોની માહિતી મારી પાસે છે અને એ બધા ખાનગી એકમોમાં અમારા રેશીયા પ્રમાણે સો ટકા સ્થાનિકોને રોજગારી જળવાઇ રહી છે. એવી જ રીતે ૪૬ રાજય સરકારના એકમો અહીં આવેલા છે અને એ ૪૬ એકમોમાં પણ સ્થાનિક રોજગારી આપણી ટકાવારી પ્રમાણે બિલકુલ જળવાઇ રહી છે. એટલે સો ટકા સ્થાનિકોને રોજગારી આપવામાં ગાંધીનગર જિલ્લામાં આપણે સફળ થયા છીએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આર્મી, નેવી, એરફોર્સ, આ લશ્કરી ભરતી મેળાનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું અને કેટલા ઉમેદવારો પસંદગી પામ્યા હતા અને આ ભરતી મેળા જે થઇ રહ્યા છે એ ભરતી મેળામાં રાજય સરકારની એપ્રેન્ટીસ યોજના હેઠળ કોઇ ભરતી કરીએ છીએ કે કેમ અને રોજગારી આપીએ છીએ કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ લશ્કરી ભરતી મેળો સપ્ટેમ્બર, ૨૦૧૯માં હિંમતનગર ખાતે કરવામાં આવ્યો હતો, જેમાં ૮૫૬ નવ યુવાનો લશ્કરમાં જોડાયા હતા. ત્યાર પછી નવેમ્બર, ૨૦૧૯ના રોજ જામનગર ખાતે લશ્કરી ભરતી મેળો યોજવામાં આવ્યો હતો, જેમાં ૯૬૪ નવયુવાનોની લશ્કરમાં ભરતી કરવામાં આવી હતી. સાથે સાથે બીજી પણ માહિતી આપું તો અમારા વિભાગ મારફતે ૩૦ દિવસની નિવાસી તાલીમ યોજવામાં આવે છે. જેમાં

ગુજરાતના યુવાનો જે લશ્કરમાં જોડાવા ઇચ્છતા હોય એમને નિષ્ણાંતો દ્વારા સો રૂપિયા સહાય તથા જમવા રહેવાની વ્યવસ્થા કરવામાં આવે છે. એનો ઉદ્દેશ એ જ છે કે વધુમાં વધુ ગુજરાતના યુવાનો ભારત માતાની સેવામાં લશ્કરમાં સામેલ થાય એવો અમે પ્રયાસ કરી રહ્યા છીએ.

શ્રી દુષ્યંતભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સ્થાનિક બેરોજગારો રોજગાર કચેરીમાં નામ નોંધાવતા હોય છે પરંતુ એ કોઇને કોઇ જગ્યાએ એ પ્રાઇવેટ કંપનીમાં કામ તો કરતો હોય છે, તેમ છતાં એ આંકડો આપણી કચેરીમાં બોલતો હોય છે. તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એનો પી.એફ. કે ઇ.એસ.આઇ. ભરતા હોય છે એ કાઢવામાં આવે તો ઘણો મોટો આંકડો દૂર થઇ શકે તેમ છે. મારા જિલ્લામાં હજારો યુવાનો છે જે ચોપડે બેરોજગાર છે પરંતુ કયાંકને કયાંક નોકરી કરતા હોય છે. તો એવી સિસ્ટમ લાવવા માગે છે કે કેમ? તો ખરેખર આ લોકો બૂમો પાડે છે એ આંકડો દૂર થાય.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાથે સહમત થઇ શકું છું. એક નામ લખ્યું હોય અને બીજે નોકરી કરતો હોય પરંતુ એ સારી નોકરી મેળવવા માટે નામ નોંધાવે છે. અમે એવું વિચારી રહ્યા છીએ. માનનીય દુષ્યંતભાઇની ચિંતા છે એ બધાની ચિંતા છે એ અમારી પણ ચિંતા છે. ખોટા બેરોજગારીના આંકડા ગુજરાતમાં ન રહે એ દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક ૮૫ ટકા રોજગારી આપીએ છીએ. તો લોકલ માણસોને રોજગારી આપવા માટે આયોજન કરેલ છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક રોજગારી એટલે જયાં એકમ છે ત્યાંના નહિ પરંતુ ગુજરાતનો કોઇપણ નાગરિક સ્થાનિક ગણાય.

અધ્યક્ષશ્રી : એવું કરવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો કોઇપણ વ્યકિત સ્થાનિક ગણાય.

**ઊના તાલુકામાં આતંરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ**

*૨૬૬૭૯ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ-દક્ષિણ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમા ગ્રામિણ વિસ્તારમાં લોક વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે ગીર સોમનાથ જિલ્લાના ઊના તાલુકામાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૦૩ યોજનાઓ |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે? | (૨) રૂ.૫૧.૦૯ લાખ |

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની વ્યવસ્થામાં ગામ સુધી લાઇન પહોંચાડવાનું કામ પાણી પુરવઠા બોર્ડ મારફતે થતું હોય છે જયારે આંતરિક વ્યવસ્થા વાસ્મો દ્વારા અને ગ્રામ પંચાયત કરતું હોય છે. ઉના તાલુકાના પ્રશ્નમાં જણાવ્યું છે કે ૩ યોજના મંજૂર કરવામાં આવી છે જેમાં રૂપિયા ૫૧.૦૯ લાખનો અંદાજીત ખર્ચ કરવામાં આવ્યો છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ યોજના હાલ કયા તબક્કે છે અને આ ગામોને પીવાનું પૂરતું પાણી મળે છે કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો એમાં મારે જણાવવાનું કે અમારા પાણી પુરવઠા વિભાગ મારફતે ગામના સંપ સુધી પીવાનું પાણી પહોંચાડ્યા પછી ગામની અંદર જે પાણી આપવા માટેની આ આંતરિક પીવાના પાણીની પેયજળ યોજના છે આ યોજનામાં ઉના તાલુકાની અંદર ૩ યોજના અત્યારે કાર્યરત છે. એમાં એક અંજાર, મોઢા સમઢીયાળા અને રામેશ્વર. આ યોજનાઓ છે એ અંજાર-ઉના-દીવ જૂથ યોજનામાંથી પાણી મેળવે છે. મોઢા સમઢીયાળા બેડી જૂથ યોજનામાંથી અને રામેશ્વર ઉના-દીવ જૂથ યોજનામાંથી પાણી મેળવે છે. આ ત્રણ યોજના અનુક્રમે અંજાર જૂથ યોજનાનું કામ રૂપિયા ૧૭.૧૩ લાખમાં મંજૂર થયેલ છે જે પ્રગતિ હેઠળ છે. મોટા સમઢિયાળા જેની અંદાજીત કિંમત રૂપિયા ૨૧.૮૦ લાખ છે અને એ પણ પ્રગતિ હેઠળ છે. ત્રીજી રામેશ્વર યોજના જે રૂપિયા ૧૨.૧૬ લાખમાં મંજૂર થયેલ છે અને ટેન્ડર પ્રક્રિયા હેઠળ ચાલુ છે. આ પાણી સમિતિ એમનો કુલ ત્રણેયનો ખર્ચ ૧૨.૬૬ લાખ રૂપિયા જેટલો થવા જાય છે.

શ્રી અરવિંદ રૈયાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં કેટલા ઘરોને કનેકશનો આપવામાં આવેલ છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, દેશના માનનીય પ્રધાનમંત્રીશ્રીએ જે નલ સે જલની યોજના કરી એની અમલવારી શરૂ કરી છે અને એના ભાગરૂપે અમારું જળ જીવન મિશન ઘર ઘર સુધી પાણી આપવા માટે અત્યારે કાર્યરત છે. ગીર સોમનાથની જે વાત કરી છે ત્યારે હું માનનીય સભ્યશ્રીને તાલુકાવાર વિગતો આપું તો..

અધ્યક્ષશ્રી : તાલુકાવાર માગી જ નથી એમણે, કુલ સંખ્યા પૂછી છે. કેટલા કનેકશન આપ્યા, આંકડો જ પૂછ્યો છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ઘરોની સંખ્યા ૧ લાખ, ૮૧ હજાર છે. એમાંથી ૧ લાખ ૪૮ હજાર ઘરોમાં જોડાણ–કનેકશનો આપેલા છે.

**નર્મદા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના**

*૨૬૬૬૬ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૫૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૦૪ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૨૦,૫૦,૭૫૦/– |

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નિરાધાર વૃદ્ધ સહાય યોજના ક્યારે અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે?

અધ્યક્ષશ્રી : બધા જ પ્રશ્નો આવા કેમ હોય છે કે, ક્યારે અમલમાં આવી અને હેતુ શું હોય છે? એ સિવાય કોઇ પ્રશ્નો ના હોય ? એ સિવાય બીજા પ્રશ્નો પૂછવા દો.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, જે અરજીઓ મંજૂર કરી છે અને જે અરજીઓ નામંજૂર કરી છે તો એ અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, રાજ્ય સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિભાગના તા.૧૩–૪–૧૯૭૮ના ઠરાવથી...

અધ્યક્ષશ્રી : એ નથી પૂછ્યું, એ છોડી દીધું છે. એ જાણે જ છે. કુલ ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર મળેલ અરજીઓ અને મંજૂર અને નામંજૂરની વિગતો પૂછી છે ત્યારે નર્મદા જિલ્લામાં નાંદોદમાં ૩૦, તિલકવાડામાં ૧૦૦, ગરુડેશ્વરમાં ૩, ડેડિયાપાડામાં ૬૦, સાગબારામાં ૬૨ અરજી, એમ કુલ ૨૫૫ અરજીઓ મળેલ છે. તેમાંથી ૨૦૪ મંજૂર કરેલ છે, ૨૬ અરજીઓ નામંજૂર કરેલ છે. નામંજૂર થવાના કારણો પૈકી ૫ અરજીઓ એવી છે કે, જેમના પુખ્ત વયના બાળકો હોવાના કારણે છે, જેમની ઉંમર ઓછી હોવાના કારણે ૨૦ અરજીઓ, અરજી કર્યા બાદ અરજદારનું અવસાન થવાના કારણે ૧ અરજી નામંજૂર થયેલ છે. આમ કુલ ૨૬ અરજીઓ નામંજૂર થયેલ છે.

અધ્યક્ષશ્રી : ૨૫૫ આવી. ૨૦૪ અને ૨૬ એનો સરવાળો કરીએ તો ૨૩૦ થાય છે. ૨૫૫ અરજી આવી, ૨૩૦નો હિસાબ આપ્યો, બાકીની?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ અરજીઓ પડતર હતી. જે હાલ પડતર નથી એમને મંજૂર કરી દેવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : એ બાકી રહી ગયેલ હતી, એટલે મેં ધ્યાન દોર્યું.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નિરાધાર વૃદ્ધ સહાય યોજનાની પાત્રતા શું હોય છે, આની અરજી ક્યાં કરવાની અને મંજૂર કરવાની સત્તા કોને છે અને લાભાર્થીને મહિને કેટલી સહાય ચૂકવવામાં આવે છે અને કેવી રીતે એ ચૂકવવામાં આવે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આ યોજનાના પાત્રતાના ધોરણો, મળવા પાત્ર સહાય, મહિને કેટલી સહાય, અરજી ક્યાં કરવાની અને અરજી મંજૂર કરવાની સત્તા કોને? તો સહાય મેળવવાના પાત્રતાના ધોરણોની વાત કરું તો અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોવી જોઇએ અને અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર હોય તો રૂપિયા ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર હોય તો રૂપિયા ૧,૫૦,૦૦૦ અને અરજદારને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર ન હોવો જોઇએ અને અરજદારનો પુખ્ત વયનો પુત્ર જો શારીરિક દિવ્યાંગતા અથવા માનસિક અસ્થિરતા ધરાવતા હોય કે કેન્સર, ટી.બી. જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય અને કમાવા માટે અશક્ત હોય તો તેવા વૃદ્ધોને આ લાભ આપવામાં આવે છે. આ યોજનામાં મળવાપાત્ર સહાયની વાત કરી છે તો આ યોજનામાં માસિક રૂ. ૭૫૦/– સહાય આપવામાં આવે છે અને આ સહાય પતિ અને પત્ની બન્નેની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોય તો તેઓને પણ આ યોજનાનો લાભ મળે છે. અરજીપત્રકની વાત કરી તો અરજીપત્રક મામલતદાર કચેરી, પ્રાન્ત કચેરી અને કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર ઉપરથી મળે છે. અરજી મંજૂર કરવાની સત્તા તાલુકાના મામલતદારશ્રીને છે અને મેં અગાઉ એક યોજનામાં કહ્યું તેમ કે જો મામલતદાર દ્વારા આ અરજી નામંજૂર કરવામાં આવે તો પ્રાન્ત અધિકારીને પણ અપીલ કરી શકાય છે અને આ સહાયની ચૂકવણીની વાત કરું તો આ સહાયની ચૂકવણી લાભાર્થીના બેંક કે પોસ્ટના ખાતામાં ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર દ્વારા તેને લાભ આપવામાં આવે છે. આ યોજનામાં હાલમાં રાજ્યમાં ૯૨,૦૦૦ જેટલા લાભાર્થીઓને આપણે લાભ આપીએ છીએ.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સરકાર ખૂબ જ સારા આશયથી વૃદ્ધોને અને નિરાધાર લોકોને સહાય કરવા માગે છે પણ ઘણીવાર એવું જોવા મળ્યું છે કે વૃદ્ધો પેન્શન સહાય મેળવવા માટે જાય છે ત્યારે તેમને ખૂબ ધક્કા ખાવા પડે છે. તો સરકાર ઘરે ઘરે જઇને આવા વૃદ્ધોની નોંધણી કરીને તેમને સહાયરૂપ થવા માગે છે કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ લગભગ આ પ્રકારની કુલ ૩૭ જેટલી યોજનાઓ ચાલે છે.

અધ્યક્ષશ્રી : ધક્કા ખાવા પડે છે એ મુખ્ય મુદ્દો છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અને તેના માટે લગભગ ૨૯ જેટલી યોજનાઓ અમે ઇ–સમાજ કલ્યાણની વેબસાઇટ ઉપર મૂકી છે અને હવેથી ૩૭ પૈકી લગભગ ૨૯ જેટલી યોજનાઓમાં ઓનલાઇન પણ અરજી કરી શકશે. જેની ચકાસણી પણ ઓનલાઇન થશે અને મંજૂર પણ ઓનલાઇન થશે.

શ્રી કિશોર બા. ચૌહાણ : સાહેબ, આ વૃદ્ધો બિચારા અભણ હોય છે. એ લોકો વેબસાઇટ ક્યાં જોવા જાય!

અધ્યક્ષશ્રી : એના માટે શું કરશો? એમ.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે કોઇ અરજદારને ઓનલાઇનનું નોલેજ ન હોય તો તેવા અરજદારો સમાજ સુરક્ષાની કચેરીએ જાય એટલે નાયબ સમાજ સુરક્ષા અધિકારીઓ કે વિભાગનો જે તે સ્ટાફ પણ એમને મદદ કરે છે. મેન્યુઅલ કરવી હોય, ઓન લાઇન કરવી હોય બન્ને પ્રકારે અરજી કરી શકે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે વૃદ્ધ છે એના દીકરા–દીકરી હોય, પણ દીકરા ઘણી વખતે મા–બાપને રાખવા તૈયાર હોતા નથી. તકરારી કેસ થયો હોય અને ફેમિલી કોર્ટમાં કદાચ કેસ કર્યો હોય અને વૃદ્ધોને સાચવતા ન હોય તો આ કેસમાં આપણે સહાય આપવા માગીએ છીએ કે કેમ? અથવા તેમના દીકરા અશકત હોય, વિકલાંગ હોય અથવા અસ્થિર મગજના હોય અને કમાવાને લાયક ન હોય તો એવા વૃદ્ધોને આપણે સહાય કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું કે એમના દીકરાને ટી.બી. હોય, કોઇ ગંભીર રોગ હોય અને એ કમાવા માટે અશક્ત હોય તો તેવા લાભાર્થીઓને પણ આપણે લાભ આપીએ છીએ. તકરાર ચાલતી હોય તો તે અંગે શું કરવું એ આપશ્રીનું સૂચન છે.

### નર્મદા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના

*૨૬૬૭૩ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા–શહેર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૫૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૦૪ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ૩.૨૦,૫૦,૭૫૦/– |

અધ્યક્ષશ્રી : માનનીય મનીષાબેન, એવો પ્રશ્ન પૂછો કે જે આવ્યો ન હોય.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ૧૪ નંબરના પ્રશ્નના જવાબમાં મારો જવાબ આવી ગયો છે. પણ મારો પ્રશ્ન છે કે નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં જેવું બી.પી.એલ. કાર્ડમાં ૦થી ૧૬ વચ્ચે આવતું હોય છે ત્યારે એ યોજનાનો લાભ મળે છે. તો જેમ આપણે વિધવા સહાય યોજના હેઠળ આવક મર્યાદા પર યોજનાનો લાભ મળે છે તે રીતે નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં આવકની મર્યાદા ઉપર લાભ આપવા માગીએ છીએ કે કેમ અને બીજો પ્રશ્ન એ છે કે જો વૃદ્ધ તેમનો જન્મનો દાખલો ઉપસ્થિત ન કરી શકતા હોય તો બીજા કોઇ પ્રમાણપત્ર રજૂ કરે તો તેને લાભ મળી શકે કે નહીં?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે અગાઉ આપણી સરકારે અને માનનીય સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ વિધવા સહાયની યોજનામાં એમનો પુખ્ત વયનો બાળક હોય તો તેમને પણ સહાય આપવાની જાહેરાત કરી છે પરંતુ વિધવા સહાય યોજના અને નિરાધાર વૃદ્ધ સહાય યોજના એ બન્ને અલગ છે.

અધ્યક્ષશ્રી : એ તો એમને પણ ખબર છે. માનનીય મનીષાબેનને મેં એટલે જ કીધું કે આ પ્રશ્ન આગળ આવી ગયો છે. સરસ પ્રશ્ન કર્યો છે. એમનું જે સારું સજેશન છે એ સરકાર સ્વીકારવા માગે છે કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ઉંમરના પુરાવા વિશેની વાત કરી તો એ અંગે નજીકના પી.એચ.સી., સી.એચ.સી. સેન્ટરના સરકારી અધિકારી જો ઉંમરના પ્રમાણપત્રમાં સહી સિક્કા કરી આપે તો એને પણ આપણે માન્ય રાખીએ છીએ.

અતારાંકિત પ્રશ્નો

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વૃદ્ધ પેન્શન જે મંજૂર કરવામાં આવે છે એ તમામ સમાજના વર્ગ માટે કરવામાં આવે છે કે બી.પી.એલ.ની યાદી ધરાવતા હોય એવા લોકો માટે જ કરવામાં આવે છે કે ગરીબ હોય એ તમામને માટે કરવામાં આવે છે?

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધારે હોવી જોઈએ અને દિવ્યાંગના કિસ્સામાં એમની ઉંમર ૪૫ વર્ષથી વધુ હોવી જોઈએ, એમની આવક મર્યાદા રૂપિયા ૧ લાખ ૨૦ હજાર ગ્રામ્ય વિસ્તારમાં અને તમામ સમાજને આ લાભ આપવામાં આવે છે પરંતુ એની આવક મર્યાદા અને વય મર્યાદાને ધ્યાનમાં રાખવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : એ તો એમણે પૂછ્યું જ નથી.

**ડોલવણ તાલુકામાં આતંરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ**

૨૬૭૮૪ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમા ગ્રામિણ વિસ્તારમાં લોક વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૦૬ યોજનાઓ |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે? | (૨) ૩.૯૨.૦૯ લાખ |

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગ્રામિણ વિસ્તારમાં લોક વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી અને મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે?

અધ્યક્ષશ્રી : એ તો જવાબ આપ્યો જ છે ને? તમે પૂછયો એ પ્રશ્ન છાપેલો જ છે. એ આપે લેખિતમાં પૂછેલો છે અને જવાબ પણ આપેલ છે. માનનીય મંત્રીશ્રી, એમાં કંઇ જવાબ આપવાનો રહેતો નથી. જવાબ છાપેલો જ છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે તાપી જિલ્લાના વિવિધ તાલુકામાં આવેલા ગામોમાં કેટલા ઘરોમાં નળ કનેકશન આપેલ છે અને કેટલા બાકી છે?

અધ્યક્ષશ્રી : કુલ કેટલા આપ્યા?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં તાલુકાવાઇઝ કુલ ૧,૫૫,૨૭૨ ઘરોમાં નળ જોડાણ આપેલ છે. કુલ ઘર ૨,૧૨,૪૮૯ ઘર છે એમાંથી ૧,૫૫,૨૭૨ ઘરોમાં નળ જોડાણ આપેલ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત એ જાણવા માગું છું કે છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં આંતરિક લોક વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજના હેઠળ કેટલી યોજના મંજૂર કરવામાં આવી? યોજનાની અંદાજીત રકમ કેટલી અને હાલની સ્થિતિ શું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં માહિતી આપું તો વ્યારામાં ૯ યોજના મંજૂર કરી, ડોવલણમાં ૬, વાલોળમાં ૭, સોનગઢમાં ૫, ઉચ્છલમાં ૭, નિઝરમાં ૭, કરકમુંડામાં ૫, આમ કુલ ૪૬ યોજનાઓ મંજૂર કરવામાં આવી, એનો અંદાજીત ખર્ચ વ્યારામાં રૂપિયા ૧૪૮.૧૧ લાખ, ડોલવણમાં રૂપિયા ૯૨.૦૯ લાખ, વાલોળમાં રૂપિયા ૧૨૦.૪૧ લાખ, સોનગઢમાં રૂપિયા ૯૦.૨૧ લાખ, ઉચ્છલમાં રૂપિયા ૯૫.૯૧ લાખ, નિઝરમાં રૂપિયા ૬૩.૧૩ લાખ, કરકમુંડામાં રૂપિયા ૨૬.૨૦ લાખ. આમ, કુલ રૂપિયા ૬૩૬.૦૬ લાખની કુલ અંદાજિત કિંમત ખર્ચ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : કોઇને પૂછવું છે? માનનીય મોદી..

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત..

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયો છે. માફ કરજો..

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**કુદરતી આપત્તિને પહોંચી વળવા કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ**

૨૭૭૯૩ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે | (૧) વર્ષ-૨૦૧૮માં વિભાગના તા.૦૩-૧૧-૨૦૧૮ |

વર્ષમાં વર્ષવાર કુદરતી આપત્તિને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી?

ના પત્રથી રૂ.૧૭૨૫.૨૫/- કરોડ અને તા.૦૮-૦૧-૨૦૧૯ ના પત્રથી રૂ.૧૬૪૫.૦૬/- કરોડ મળી કુલ રૂ.૩૩૭૦.૩૧/- કરોડની રકમ માટે મેમોરેન્ડમ રજૂ કરેલ.

(૨) જ્યારે વર્ષ-૨૦૧૮ના સંદર્ભમાં ભારત સરકારની એનડીઆરએફની હાઈ લેવલ કમિટિ ની તા.૨૯-૦૧-૨૦૧૯ની બેઠકમાં રૂ.૧૨૭.૬૦ કરોડની સહાય એનડીઆરએફ માંથી નીચેની શરતે મંજૂર કરવી તેમ નિર્ણય લીધેલ.

રાજ્યની એસડીઆરએફની તા.૦૧-૦૪-૨૦૧૭ ના રોજ સિલક રૂ.૨૩૫૫.૧૨ કરોડ હતી. જેના ૫૦% ૧૧૭૭.૫૬ કરોડ થાય. હાઈ લેવલ કમિટિ દ્વારા મંજૂર કરાયેલ રકમ રૂ.૧૨૭.૬૦ કરોડ, ઉક્ત ૫૦% રકમ કરતાં ઓછી હોય, રાજ્યને ખરેખર મળવાપાત્ર રકમ 'શૂન્ય' થાય તેવો પ્રત્યુતર કેન્દ્ર સરકારના તા.૨૦-૦૨-૧૯ પત્રથી મળેલ છે. જેથી કેન્દ્ર સરકાર દ્વારા ફંડ ફાળવણીનો પ્રશ્ન રહેતો નથી.

---------

**અમરેલી અને પોરબંદર જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારો**

૨૭૮૭૧ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર વિનિમય કચેરીમાં નોંધાયેલા કેટલા શિક્ષિત બેરોજગારોને સરકારી અને ખાનગી રોજગારી પુરી પાડવામાં આવી,

(૨) ઉક્ત પુરી પાડવામાં આવતી રોજગારીમાં ઔદ્યોગિક એકમોમાં એપ્રેન્ટીસ તરીકે એક વર્ષની તાલીમનો સમાવેશ કરવામાં આવે છે કે કેમ, અને

(૩) ઉક્ત બાકી શિક્ષિત બેરોજગારોને રોજગારી મળે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) રોજગાર વિનિમય કચેરી મારફત પૂરી પાડવામાં આવેલ રોજગારી

| જિલ્લો | તા.૦૧-૦૧-૨૦૧૮ થી ૩૧-૧૨-૨૦૧૮ | | તા.૦૧-૦૧-૨૦૧૯ થી ૩૧-૧૨-૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | સરકારી* | ખાનગી | સરકારી* | ખાનગી |
| અમરેલી | ૧૩૬ | ૩૨૭૫ | ૩૯ | ૩૮૦૬ |
| પોરબંદર | ૧૨ | ૨૨૫૩ | ૦૦ | ૨૨૪૦ |

*સરકારી નોકરીની વિગતમાં લશ્કરી ભરતી મેળામાં પસંદગી અને રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય

(૨) ના જી.

(૩) આ અંગે નોકરીદાતાઓની માંગણી મુજબ ઉમેદવારોની ભલામણ ઉપરાંત ઔદ્યોગિક ભરતીમેળાઓ અને લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવેલ છે.

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો**

૨૭૯૦૪ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | નોંધાયેલ બાંધકામ શ્રમિકો |
|---|---|
| દાહોદ | ૩૬૫૨૨ |
| છોટાઉદેપુર | ૧૪૦૩૨ |

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકોને આવાસ બાંધવા માટે સહાય આપવાની કોઇ યોજના અમલમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ફાલ્ગુન ૨૭, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લામાં મીઠા ઉદ્યોગ માટે લીઝ આપવા બાબત**

૨૭૮૪૧ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં મીઠું પકવવા/મીઠા ઉદ્યોગ માટે કેટલા ઔદ્યોગિક એકમને, કેટલા હેક્ટર લીઝ આપવામાં આવેલી છે,

(૨) ઉક્ત લીઝ કેટલા સમય માટે, કયા ભાડાના દરથી આપવામાં આવેલ છે,

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લીઝવાર ભાડા પેટે કેટલી આવક થઈ, અને

(૪) ઉક્ત સ્થિતિએ કયા લીઝધારક પાસેથી ભાડા પેટે કેટલી રકમ વસૂલવાની બાકી છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં મીઠું પકવવા/મીઠા ઉદ્યોગ માટે ૧૪ એકમોને કુલ જમીન હે.૧૦૯૫૫–૫૪–૮૪ લીઝ આપવામાં આવેલી છે.

(૨) પત્રક–૧ મુજબ

(૩) પત્રક–૨ મુજબ

(૪) ઉક્ત સ્થિતિએ કોઇ એકમ પાસેથી વાર્ષિક ભાડાની રકમ વસૂલ લેવાની બાકી નથી.

**પત્રક–૧**

| **ક્રમ** | **એકમનું નામ** | **ભાડાપટ્ટાની મુદત** | **ભાડાનો દર** |
|---|---|---|---|
| ૧ | ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ લી. | ૨૦ વર્ષ | રૂ. ૩ પ્રતિ એકર |
| ૨ | સૌરાષ્ટ્ર કેમિકલ્સ લી. | ૨૦ વર્ષ | રૂ. ૩ પ્રતિ એકર |
| ૩ | સૌરાષ્ટ્ર કેમિકલ્સ લી. | ૨૦ વર્ષ | રૂ. ૩ પ્રતિ એકર |
| ૪ | સૌરાષ્ટ્ર કેમિકલ્સ લી. | ૨૦ વર્ષ | રૂ. ૭.૫ પ્રતિ હેક્ટર |
| ૫ | સિક્કા સોલ્ટ વર્ક્સ | (૧) એ.૩૦૦–૦૦ ગુંઠા ૨૦ વર્ષ<br>(૨) એ.૨૦૦–૦૦ ગું. સુધી ૨૫ વર્ષ<br>(૩) એ.૧૧૦–૦૦ ગું. ૨૦ વર્ષ | રૂ. ૨ પ્રતિ એકર |
| ૬ | સેન્ચ્યુરી કેમિકલ્સ | (૧) એ.૪૩૪–૨૪ ગું. ૯ વર્ષ<br>(૨) એ.૧૪૦૦–૦૦ ગું. ૧૦ વર્ષ | રૂ. ૧૫૦ પ્રતિ હેક્ટર |
| ૭ | સરવેશ સોલ્ટ એન્ડ કેમિકલ્સ પ્રા.લી. | ૧૦ વર્ષ | રૂ. ૩ પ્રતિ એકર |
| ૮ | અજમેરા સોલ્ટ વર્ક્સ | ૨૦ વર્ષ | રૂ. ૩ પ્રતિ એકર |
| ૯ | મારૂતિ સોલ્ટ વર્ક્સ | ૨૦ વર્ષ | રૂ. ૩ પ્રતિ એકર |
| ૧૦ | ડાયમંડ સોલ્ટ વર્ક્સ | ૧૦ વર્ષ | રૂ. ૩ પ્રતિ એકર |
| ૧૧ | સૂર્યોદય સોલ્ટ એન્ડ કેમિકલ્સ પ્રા.લી. | ૧૦ વર્ષ | રૂ. ૩ પ્રતિ એકર |
| ૧૨ | હાલાર સોલ્ટ વર્ક્સ | ૯૯ વર્ષ | સ્ટેટ સમયે ફાળવેલ છે. |
| ૧૩ | ચૌગ્લે એન્ડ કંપની | ૩૦ વર્ષ | રૂ. ૧૫૦ પ્રતિ હેક્ટર |
| ૧૪ | આરએસપીએલ લી. | ૩૦ વર્ષ | રૂ. ૩૪૫ પ્રતિ હેક્ટર |

**પત્રક–૨**

| **ક્રમ** | **એકમનું નામ** | **વસૂલ કરેલ ભાડું (રૂપિયામાં)** | |
|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
| ૧ | ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ લી. | ૮,૫૦,૦૦૦/– | ૮,૫૦,૦૦૦/– |
| ૨ | સૌરાષ્ટ્ર કેમિકલ્સ લી. | ૬,૯૪,૦૫૬/– | ૬,૯૪,૦૫૬/– |
| ૩ | સૌરાષ્ટ્ર કેમિકલ્સ લી. | ૩,૬૦,૮૨૩/– | ૩,૬૦,૮૨૩/– |
| ૪ | સૌરાષ્ટ્ર કેમિકલ્સ લી. | ૪,૨૭,૬૧૫/– | ૪,૨૭,૬૧૫/– |
| ૫ | સિક્કા સોલ્ટ વર્ક્સ | ૯૦,૩૦૨/– | ૯૦,૩૦૨/– |
| ૬ | સેન્ચ્યુરી કેમિકલ્સ | ૪,૦૪,૨૪૭/– | ૪,૦૪,૨૪૭/– |
| ૭ | સરવેશ સોલ્ટ એન્ડ કેમિકલ્સ પ્રા.લી. | ૬,૭૯,૦૦૦/– | ૬,૭૯,૦૦૦/– |
| ૮ | અજમેરા સોલ્ટ વર્ક્સ | ૧,૩૨,૫૦૦/– | ૧,૩૨,૫૦૦/– |
| ૯ | મારૂતિ સોલ્ટ વર્ક્સ | ૧,૬૦૦/– | ૧,૬૦૦/– |
| ૧૦ | ડાયમંડ સોલ્ટ વર્ક્સ | ૧,૩૯,૦૦૦/– | ૧,૩૯,૦૦૦/– |

| ક્રમ | એકમનું નામ | વસૂલ કરેલ ભાડું (રૂપિયામાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ |
| ૧૧ | સૂર્યોદય સોલ્ટ એન્ડ કેમિકલ્સ પ્રા.લી. | ૧,૭૧,૦૨૫/- | ૧,૭૧,૦૨૫/- |
| ૧૨ | હાલાર સોલ્ટ વર્ક્સ | ૩,૧૨,૫૫૧/- | ૩,૧૨,૫૫૧/- |
| ૧૩ | ચૌગ્લે એન્ડ કંપની | ૧૦,૨૦,૬૦૨/- | ૧૦,૨૦,૬૦૨/- |
| ૧૪ | આરએસપીએલ લી. | ૨,૬૯,૨૭૩/- | ૨,૬૯,૨૭૩/- |

---------

**ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા ખાતે ડીસેલીનેશન પ્લાન્ટ**

૨૭૮૬૨ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા ખાતે ડીસેલીનેશન પ્લાન્ટની કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત પ્લાન્ટ કેટલા એમ.એલ.ડી.નો કોના દ્વારા સ્થાપવામાં આવનાર છે,

(૩) ઉક્ત પ્લાન્ટનું મીઠું પાણી કયા શહેરોને પીવા માટે પૂરું પાડવામાં આવનાર છે, અને

(૪) ઉક્ત મીઠું પાણી કયા દરથી ખરીદવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના વડોદરા ઝાલા ગામે ૩૦ એમ.એલ.ડી. ક્ષમતાના સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ માટે મે.શાપુરજી પલૂનજી એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ અને એક્વાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમિટેડ જોઈન્ટ વેન્ચરને તા.૧૮-૧૧-૨૦૧૯ના રોજ એલ.ઓ.એ. આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત પ્લાન્ટ કુલ ૩૦ એમ.એલ.ડી. (૩ કરોડ લીટર પ્રતિ દિન) માટે મે.શાપુરજી પલૂનજી એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ અને એક્વાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમિટેડ જોઈન્ટ વેન્ચર દ્વારા ગઠીત કરેલ સ્પેશિયલ પરપઝ વિહીકલ ''ગીર સોમનાથ ડીસેલીનેશન પ્રાઈવેટ લિમિટેડ'' દ્વારા સ્થાપવામાં આવનાર છે.

(૩) આ પ્લાન્ટના કામો પૂર્ણ થયેથી સુત્રાપાડા અને વેરાવળ તાલુકાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોને પાઇપ લાઇન દ્વારા મીઠું પાણી પીવા માટે પુરું પાડવામાં આવનાર છે.

(૪) પ્લાન્ટ કાર્યરત થયા પછી બે વર્ષ સુધી રૂ.૪૫ પ્રતિ ૧૦૦૦ લીટરના દરેથી અને ત્યારબાદ દર વર્ષે ઉત્તરોત્તર ૩ ટકાના વાધારા સાથે કરારખતના બાકીના સમયગાળા દરમ્યાન ખરીદવામાં આવશે.

---------

**મીઠા ઉદ્યોગ માટે બિનખેતી દર મુલતવી/રદ કરવા બાબત**

૨૭૮૨૬ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મીઠા ઉદ્યોગ માટે ૧૦૦ એકર કે તેથી વધુ વિસ્તારની લીઝ પર પ્રતિ મીટરે ૧૦ થી ૧૫ પૈસાના બિનખેતી દર મુલતવી/રદ કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સરકારને કોના તરફથી, ક્યારે તે અન્વયે રજૂઆતો મળી હતી, અને

(૩) ઉક્ત નિર્ણય ક્યારે લેવાયેલ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બી.ઓ.સી.ડબલ્યુ. ઈન્સ્પેક્ટરની નિમણૂંક**

૨૭૭૭૮ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ ઇન્સ્પેક્ટરની નિમણૂંક કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હાજી. |
| (૨) જો ના, તો તેના કારણો શું છે, અને ક્યાં સુધીમાં નિમણૂંક કરવામાં આવશે? | (૨) લાગુ પડતું નથી. |

---------

**વલસાડ જિલ્લામાં પવન ચક્કીના હેતુ માટે જમીન**

૨૬૮૪૫ **શ્રી કનુભાઇ દેસાઇ** (પારડી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પવનચક્કીના હેતુ માટે જમીન મેળવવાની કેટલી અરજીઓ રાજ્ય સરકારને મળી, | (૧) શૂન્ય. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા અરજદારોને કેટલી જમીન ફાળવવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**તાપી જિલ્લામાં વારસાઇ હક્કની અરજીઓ**

૨૬૭૮૯ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| વ્યારા | ૧૪૭૧ |
| ડોલવણ | ૧૦૫૩ |
| વાલોડ | ૭૦૨ |
| સોનગઢ | ૧૦૬૫ |
| ઉચ્છલ | ૫૬૮ |
| નિઝર | ૪૮૫ |
| કુકરમુંડા | ૨૭૨ |
| **કુલ** | **૫૬૧૬** |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર નોંધો | નામંજૂર નોંધો |
|---|---|---|---|
| વ્યારા | ૧૪૭૧ | ૧૩૭૧ | ૩૭ |
| ડોલવણ | ૧૦૫૩ | ૧૦૦૦ | ૧૬ |
| વાલોડ | ૭૦૨ | ૬૫૧ | ૧૮ |
| સોનગઢ | ૧૦૬૫ | ૮૭૭ | ૫૮ |
| ઉચ્છલ | ૫૬૮ | ૪૮૮ | ૩૪ |
| નિઝર | ૪૮૫ | ૪૩૮ | ૨૪ |
| કુકરમુંડા | ૨૭૨ | ૨૪૩ | ૫ |
| **કુલ** | **૫૬૧૬** | **૫૦૬૮** | **૧૯૨** |

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. પેઢીનામા, કબજેદારના નામ, મરણના દાખલામાં વિસંગતતા હોવાને કારણે.
૨. સાધનિક કાગળો પૂરતા ન હોવાને કારણે.
૩. અગાઉ નોંધ પડી જવાના કારણે ડુપ્લીકેશન થતું

હોવાથી.

૪. અપરિણિત તથા અપુત્રવાન હોવા અંગેની સ્પષ્ટતા ન હોવાથી.

૫. આડીલીટીના વારસો હોવાથી.

૬. વીલના લાભાર્થી કાયદા વિરુધ્ધ ખેડૂતનો દરજ્જો મેળવી વસિયત આધારે કાયદાકીય જોગવાઇ વિરુધ્ધ દાખલ થયેલ હોવાથી.

૭. નામ.સીવીલ કોર્ટમાં દાવો પેન્ડીંગ હોવાથી.

૮. મૃતકના વારસદારો પૈકી પુત્રીઓના નામ દાખલ કરેલ ન હોવાથી.

૯. ૧૩૫ ડી ની નોટીસ પર વારસો સહી કરવાની ના પાડતા હોવાથી.

૧૦. પક્ષકારોને ૧૩૫ ડી ની નોટીસ બજેલ ન હોવાથી.

૧૧. સહ કબજેદારોની સંમતિ ન હોવાથી.

---------

**ટોરડા ખાતેનું પશુ દવાખાનું અને પશુ ચિકિત્સકની જગ્યા રદ કરવા બાબત**

૨૯૨૧૯ **ડો. અનિલ જોષિયારા** (ભિલોડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાનું ટોરડા ખાતેનું પશુ દવાખાનું અને પશુ ચિકિત્સકની જગ્યા રદ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ટોરડા ખાતેના પશુ ચિકિત્સકની જગ્યા રદ થયેલ છે. પરંતુ પશુ દવાખાનું રદ કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો ઉક્ત વિસ્તારનું પશુઓ માટેનું એક માત્ર દવાખાનું બંધ કરવાનું અને પશુ ચિકિસ્તકની જગ્યા રદ કરવાના કારણો શાં છે? | (૨) ● પશુ દવાખાનું બંધ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>● પશુ ચિકિત્સકની જગ્યા સરકારશ્રીના નિયમો મુજબ રદ થયેલ છે. |

---------

**અરવલ્લી જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના**

૨૬૬૫૮ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં વર્ષઃ૨૦૧૯–૨૦માં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કન્યાઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૮ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૦.૮૦ લાખ |

---------

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં બિનખેતીની પરવાનગી**

૨૭૮૧૭ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ મળી,

(૧)

| જિલ્લો | ક્ષેત્રફળ (ચો.મી.માં) |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧,૪૯,૪૦,૬૯૦ |
| રાજકોટ | ૩,૩૭,૪૫,૬૬૬ |

(૨) તે પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલી જમીનોને

(૨)

| વર્ષ | સુરેન્દ્રનગર (ચો.મી.) | રાજકોટ (ચો.મી.) |
|---|---|---|

બિનખેતી પરવાનગી આપવામાં આવી, અને

| | | |
|---|---|---|
| ૨૦૧૮ | ૬૧૧,૫૫,૯૬ | ૧,૨૯,૯૭,૦૭૩ |
| ૨૦૧૯ | ૬૧,૦૯,૨૬૪ | ૧,૩૭,૩૯,૨૯૩ |

(૩) ઉક્ત સ્થિતિએ બિનખેતી પ્રિમિયમને પાત્ર જમીનોને બિનખેતી પરવાનગી આપવાથી સરકારને વર્ષવાર, જિલ્લાવાર પ્રિમિયમ પેટે કેટલી આવક થઇ?

(૩)

| વર્ષ | સુરેન્દ્રનગર (રૂપિયામાં) | રાજકોટ (રૂપિયામાં) |
|---|---|---|
| ૨૦૧૮ | ૯,૫૬,૪૯,૫૦૦ | ૪૦,૫૫,૫૪,૦૪૧ |
| ૨૦૧૯ | ૯,૨૨,૧૦,૧૭૧ | ૨૨,૭૩,૬૨,૫૩૨ |

---------

**છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં રી-સર્વેમાં ભૂલો સુધારવાની અરજીઓ**

૨૭૫૨૩ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર રી-સર્વે કરી જે માપણી શીટ ૭/૧૨ આપેલ છે તેમાં રહેલ ભૂલોમાં સુધારો કરવા કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર જમીન રી-સર્વે બાદ ભૂલોમાં સુધારો કરવા નીચે મુજબ અરજીઓ મળી.

**છોટાઉદેપુર જિલ્લો**

| ક્રમ | તાલુકો | મળેલ અરજી | |
|---|---|---|---|
| | | વર્ષ ફેબ્રુ-૨૦૧૮ થી જાન્યુ-૨૦૧૯ | વર્ષ ફેબ્રુ-૨૦૧૯ થી જાન્યુ-૨૦૨૦ |
| ૧ | છોટાઉદેપુર | ૨૩૯ | ૧૩૫ |
| ૨ | પાવી-જેતપુર | ૧૧૭ | ૧૩૧ |
| ૩ | બોડેલી | ૧૯૦ | ૨૯૯ |
| ૪ | સંખેડા | ૫૬૩ | ૨૯૧ |
| ૫ | નસવાડી | ૯૪ | ૧૪૧ |
| ૬ | ક્વાંટ | ૩૬ | ૧૪ |
| | **કુલ** | **૧૨૩૯** | **૧૦૧૧** |

**નર્મદા જિલ્લો**

| ક્રમ | તાલુકો | મળેલ અરજી | |
|---|---|---|---|
| | | વર્ષ ફેબ્રુ-૨૦૧૮ થી જાન્યુ-૨૦૧૯ | વર્ષ ફેબ્રુ-૨૦૧૯ થી જાન્યુ-૨૦૨૦ |
| ૧ | નાંદોદ | ૪૧૦ | ૪૨ |
| ૨ | ગરૂડેશ્વર | ૨૦૨ | ૧ |
| ૩ | તિલકવાડા | ૨૩૩ | ૨૮ |
| ૪ | ડેડીયાપાડા | ૧૧૯ | ૨૦ |
| ૫ | સાગબારા | ૯૫ | ૧૧ |
| | **કુલ** | **૧૦૫૯** | **૧૦૨** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલી અરજીઓમાં સુધારા હુકમો કરી ગામ નમૂના નં.૬ માં કેટલી નોંધો પાડવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર અરજીઓમાં સુધારા હુકમો કરી ગા.ન.નં.-૬ માં નોંધ થયેલ વિગત નીચે મુજબ છે.

**છોટાઉદેપુર જિલ્લો**

| ક્રમ | તાલુકો | સુધારા હુકમ | | નોંધ પાડેલ સંખ્યા |
|---|---|---|---|---|
| | | ફેબ્રુ-૨૦૧૮ થી જાન્યુ-૨૦૧૯ | ફેબ્રુ-૨૦૧૯ થી જાન્યુ-૨૦૨૦ | |
| ૧ | છોટાઉદેપુર | ૮૩ | ૩૪ | ૧૧૭ |
| ૨ | પાવી-જેતપુર | ૨૮ | ૪૪ | ૭૨ |
| ૩ | બોડેલી | ૭૯ | ૧૧૧ | ૧૯૦ |
| ૪ | સંખેડા | ૧૧૬ | ૫૭ | ૧૭૩ |
| ૫ | નસવાડી | ૩૯ | ૫૯ | ૯૮ |
| ૬ | ક્વાંટ | ૧૧ | ૧૮ | ૨૯ |

**નર્મદા જિલ્લો**

| ક્રમ | તાલુકો | સુધારા હુકમ | | નોંધ પાડેલ સંખ્યા |
|---|---|---|---|---|
| | | ફેબ્રુ–૨૦૧૮ થી જાન્યુ–૨૦૧૯ | ફેબ્રુ–૨૦૧૯ થી જાન્યુ–૨૦૨૦ | |
| ૧ | નાંદોદ | ૧૪૫ | ૧૯ | ૧૬૪ |
| ૨ | ગરૂડેશ્વર | ૯૬ | ૦૧ | ૯૭ |
| ૩ | તિલકવાડા | ૧૧૨ | ૦૫ | ૧૧૭ |
| ૪ | ડેડીયાપાડા | ૫૪ | ૦૧ | ૫૫ |
| ૫ | સાગબારા | ૪૫ | ૦૫ | ૫૦ |

(૩) કેટલી અરજીઓમાં સુધારા હુકમો કરવાના બાકી છે, અને

(૩) છોટાઉદેપુર જિલ્લામાં કુલ–૯૦ અરજી તથા નર્મદા જિલ્લામાં કુલ–૨૧૪ અરજીઓમાં સુધારા હુકમ કરવાના બાકી છે.

(૪) તે ક્યારે કરવામાં આવશે?

(૪) બાકી સુધારા હુકમની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

---------

**ઉના તાલુકામાં આંતરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ**

૨૬૬૭૭ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ–પૂર્વ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગ્રામીણ વિસ્તારમાં લોક વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે?

**જવાબ**

(૧) ૦૩ યોજનાઓ

(૨) રૂ. ૫૧.૦૯ લાખ

---------

**ખેડા અને પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો**

૨૭૮૯૬ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખેડા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | નોંધાયેલ બાંધકામ શ્રમિકો |
|---|---|
| ખેડા | ૧૩૫૯૧ |
| પંચમહાલ | ૧૮૬૬૪ |

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકોને આવાસ બાંધવા માટે સહાય આપવાની કોઇ યોજના અમલમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત અને ડાંગ જિલ્લામાં શ્રમ યોગીઓના આરોગ્યની ચકાસણી**

૨૭૯૨૫ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા કેટલા શ્રમ યોગીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી,

(૨) ઉક્ત ચકાસણી દરમ્યાન જિલ્લાવાર કેટલા શ્રમ યોગીઓમાં ગંભીર રોગ જોવા મળ્યા, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | તા. ૧–૧–૧૮ થી ૩૧–૧૨–૧૮ | તા. ૧–૧–૧૯ થી ૩૧–૧૨–૧૯ |
|---|---|---|
| સુરત | ૨૮૦૮૯ | ૭૬૭૧૨ |
| ડાંગ | ધન્વન્તરી આરોગ્ય રથ મૂકવામાં આવેલ નથી. | ધન્વન્તરી આરોગ્ય રથ મૂકવામાં આવેલ નથી. |

(૨)

| જિલ્લો | તા. ૧–૧–૧૮ થી ૩૧–૧૨–૧૮ | તા. ૧–૧–૧૯ થી ૩૧–૧૨–૧૯ |
|---|---|---|

| | | |
|---|---|---|
| સુરત | ૨૬૭ | ૧૦૫૮ |
| ડાંગ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) ગંભીર રોગના શ્રમ યોગીઓને સારવાર આપવા માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૩)

| **જિલ્લો** | **તા. ૧-૧-૧૮ થી ૩૧-૧૨-૧૮** | **તા. ૧-૧-૧૯ થી ૩૧-૧૨-૧૯** |
|---|---|---|
| સુરત | પ્રાથમિક દવાઓ આપવામાં આવી અને નજીકની સરકારી હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ. | પ્રાથમિક દવાઓ આપવામાં આવી અને નજીકની સરકારી હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ. |
| ડાંગ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારો**

૨૬૭૯૬ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, આણંદ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૧) ૨૩૦૬૫

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે પૈકી કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી ?

(૨) ૧૨૪૨૧

---------

**ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ હેઠળ જમા રકમ**

૨૭૮૯૨ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ એક્ટ-૧૯૯૬ હેઠળ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૧) રૂ. ૨૮૮૦.૫૦ કરોડ

(૨) ઉક્ત જમા થયેલ રકમ પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને તબદીલ કરવામાં આવી?

(૨) વર્ષ-૨૦૧૮ માં રૂ.૫૫૯.૩૫ કરોડ અને વર્ષ-૨૦૧૯માં રૂ.૩૦૫.૯૭ કરોડ.

---------

**ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

૨૬૭૭૫ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લા વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૩૨

(૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી?

(૨) ૬૨૩૬

---------

**દાહોદ જિલ્લામાં પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૨૭૯૦૭ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઈપ લાઈનથી પૂરું પાડવામાં આવે છે,

(૧) નીચેની વિગતે.

**જિલ્લોઃદાહોદ**

| **અ.નં.** | **તાલુકો** | **પાઈપ લાઈનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | દાહોદ | ૭૪ |
| ૨ | ગરબાડા | ૩૪ |
| ૩ | લીમખેડા | ૪૯ |
| ૪ | સીંગવડ | ૩૮ |
| ૫ | ધાનપુર | ૬૯ |
| ૬ | દેવગઢ બારીયા | ૭૯ |
| ૭ | ઝાલોદ | ૮૭ |
| ૮ | સંજેલી | ૩૩ |
| ૯ | ફતેપુરા | ૭૬ |
| | **કુલ** | **૫૩૯** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોમાં પાઈપ લાઈનથી પીવાનું પાણી પૂરું પાડવાનું બાકી છે,

(૨) નીચે મુજબ.

| **અ.નં.** | **તાલુકો** | **પાઈપ લાઈનથી પીવાનું પાણી પૂરું પાડવાના બાકી ગામો** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૧ |
| ૨ | ગરબાડા | ૦૦ |
| ૩ | લીમખેડા | ૩૧ |
| ૪ | સીંગવડ | ૩૩ |
| ૫ | ધાનપુર | ૨૧ |
| ૬ | દેવગઢ બારીયા | ૦૭ |
| ૭ | ઝાલોદ | ૦૭ |
| ૮ | સંજેલી | ૨૨ |
| ૯ | ફતેપુરા | ૨૦ |
| | **કુલ** | **૧૫૨** |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની પાઈપ લાઈન નાંખ્યા બાદ પાણી આપવાનું બંધ છે, અને

(૩) નીચે મુજબ.

| **અ.નં.** | **તાલુકો** | **પાઈપ લાઈન નાખ્યાં બાદ પાણી આપવાનું બંધ હોય તેવા ગામો** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૦ |
| ૨ | ગરબાડા | ૦૦ |
| ૩ | લીમખેડા | ૨૦ |
| ૪ | સીંગવડ | ૧૭ |
| ૫ | ધાનપુર | ૨૧ |
| ૬ | દેવગઢ બારીયા | ૦૬ |
| ૭ | ઝાલોદ | ૦૫ |
| ૮ | સંજેલી | ૧૩ |
| ૯ | ફતેપુરા | ૧૭ |
| | **કુલ** | **૧૦૯** |

(૪) તમામ ગામોને ક્યાં સુધીમાં પાઈપ લાઈનથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે ?

(૪) આ તમામ ગામોને સર્વેક્ષણની કામગીરી હાથ ધરી સરફેસ સોર્સ આધારીત યોજનાની પાઈપ લાઈનથી તબક્કાવાર ત્વરિત આવરી લેવાનું આયોજન છે.

---------

**વલસાડ અને ડાંગ જિલ્લામાં ટેન્કરથી પીવાનું પાણી પહોંચાડવા બાબત**

૨૭૯૩૭ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

વર્ષમાં વર્ષવાર વલસાડ અને ડાંગ જિલ્લામાં ટેન્કરથી પીવાનું પાણી પહોંચાડવા વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

વર્ષવાર વલસાડ અને ડાંગ જિલ્લામાં નીચેની વિગતે ટેન્કરથી પીવાનું પાણી પહોંચાડવા વર્ષવાર ખર્ચ કરવામાં આવ્યો.

| અ.નં. | જિલ્લો | વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૦૧૮ | ૨૯૨.૯૭ |
| ૨ | વલસાડ | ૨૦૧૯ | ૩૦૭.૫૫ |
| ૩ | ડાંગ | ૨૦૧૮ | ૦૦.૬૪ |
| ૪ | ડાંગ | ૨૦૧૯ | ૫.૬૧ |

(૨) ટેન્કરથી પાણી પહોંચાડવા માટે પ્રતિ લિટર કેટલો ખર્ચ કરવામાં આવે છે, અને

(૨)

| અ.નં. | જિલ્લો | વર્ષ | પ્રતિ લીટર થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૦૧૮ | રૂ.૦.૧૧ |
| ૨ | વલસાડ | ૨૦૧૯ | રૂ.૦.૦૮ |
| ૩ | ડાંગ | ૨૦૧૮ | રૂ.૦.૧૩ |
| ૪ | ડાંગ | ૨૦૧૯ | રૂ.૦.૧૨ |

(૩) આ માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવે છે કે કેમ ?

(૩) હા, જી.

---------

**મેઘરજ તાલુકામાં આંતરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ**

૨૬૬૮૦ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગ્રામીણ વિસ્તારમાં લોક વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૨ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૪૦૪.૬૯ લાખ. |

---------

**વડોદરા જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

૨૬૭૩૩ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૮૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૫ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૪૦૭૦૦૦૦- |

---------

**પાટણ જિલ્લામાં ગૌચર વિકાસ સમિતિની રચના**

૨૬૪૭૪ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તા.૧-૪-૨૦૧૫ના રોજ પ્રસિધ્ધ કરેલ ગૌચર જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નીતિમાં ''જિલ્લા ગૌચર વિકાસ સમિતિ'' ની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ | (૨) ના, જી. |

પાટણ જિલ્લામાં આવી સમિતિની રચના કરાઈ નથી તે હકીકત પણ સાચી છે,

(૩) જો હા, તો તેના શાં કારણો છે, અને — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ સમિતિની રચના ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? — (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સીમર પોર્ટ પ્રા.લિ. ને જમીન આપવા બાબત**

૨૭૫૦૯ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર-સોમનાથ જિલ્લામાં કોડીનાર તાલુકાના છારા ગામે સીમર પોર્ટ પ્રા.લિ. દ્વારા પોર્ટ બનાવવા કેટલી જમીન ખરીદવામાં આવી, અને

(૧)

| વર્ષ | જમીન (ચો.મી.) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | હે.૬-૮૯-૪૭ ચો.મી. |
| ૨૦૧૯-૨૦ | હે.૧૦-૪૪-૫૫ ચો.મી. |
| **કુલ** | **હે.૧૭-૩૪-૦૨ ચો.મી.** |

(૨) સરકાર દ્વારા ઉક્ત કંપનીને વર્ષવાર ક્યા પ્રકારની કેટલી જમીન શાં ભાવે આપવામાં આવી ? — (૨) શૂન્ય.

---------

**બી.ઓ.સી.ડબલ્યુ. ઈન્સ્પેકટરની નિમણૂંક**

૨૭૮૯૮ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ ઈન્સ્પેકટરની નિમણૂંક કરવામાં આવેલ છે કે કેમ, અને — (૧) હા, જી.

(૨) જો ના, તો તેના કારણો શું છે, અને ક્યા સુધીમાં નિમણૂંક કરવામાં આવશે ? — (૨) લાગુ પડતું નથી.

---------

**તાપી અને વલસાડ જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો**

૨૭૯૩૧ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૧)

| જિલ્લાનું નામ | નોંધાયેલ બાંધકામ શ્રમિકો |
|---|---|
| તાપી | ૧૫૧૬૮ |
| વલસાડ | ૧૯૧૬૪ |

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

૨૭૭૬૫ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (પીએમકેવીવાય) હેઠળ કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી,

(૧)

| જિલ્લો | તાલીમાર્થીઓની સંખ્યા વર્ષવાર | | કુલ |
|---|---|---|---|
| | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા. ૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | |
| કચ્છ | ૧૨૦ | ૮૯૬ | ૧૦૧૬ |
| પાટણ | ૧૮૦ | ૫૭૦ | ૭૫૦ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને પ્લેસમેન્ટ અને કેટલા તાલીમાર્થીઓને ઓવરસિઝ પ્લેસમેન્ટ મળેલ છે, અને

(૨)

| જિલ્લો | પ્લેસમેન્ટની સંખ્યા વર્ષવાર | | |
|---|---|---|---|
| | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા. ૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | કુલ |
| કચ્છ | ૦ | ૩૭૪ | ૩૭૪ |
| પાટણ | ૦ | ૨૩૭ | ૨૩૭ |

- ઉક્ત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓવરસીઝ પ્લેસમેન્ટ શૂન્ય થયેલ છે.

(૩) પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (પીએમકેવીવાય) હેઠળ તાલીમ મેળવેલ અન્ય તાલીમાર્થીઓને રોજગારી મળે તે માટે શા પગલા લેવામાં

(૩)

- પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY-2.0) Centrally Sponsored State Manage

આવ્યા?

(CSSM) કોમ્પોનેન્ટ હેઠળ પાસ થયેલ તાલીમાર્થીઓને રોજગારી અપાવવા માટે જોબ ફેર કરીને તેના માધ્યમથી રોજગારી/સ્વરોજગારી પ્રદાન કરવાનું આયોજન કરવામાં આવે છે.

- યોજના અંતર્ગત એમ્પેનલ ટ્રેનિંગ પ્રોવાઈડર દ્વારા, પાસ થયેલ તાલીમાર્થીઓને રોજગારી/સ્વરોજગારી પ્રદાન કરાવવા અંગે યોજના અંતર્ગત જોબફેર આયોજીત કરી તથા સીધા જ ઈન્ડસ્ટ્રીઝમાં રોજગારી પ્રદાન કરવાની કાર્યવાહી તેઓ તરફથી પણ કરવામાં આવે છે.
- PMKVY-2.0 CSSM અંતર્ગત પાસ થયેલ તાલીમાર્થીઓને, ITI માં દર મહિનાના પહેલા અને ત્રીજા શનિવારે આયોજીત થતા ભરતી મેળામાં જોડવા માટેની કામગીરી પણ હાથ ધરેલ છે.
- ટ્રેનિંગ પ્રોવાઈડર અને સેક્ટર સ્કીલ કાઉન્સીલ (SSC) ના માધ્યમથી સંલગ્ન એકમોને પ્લેસમેન્ટ માટે પાસ થયેલા તાલીમાર્થીઓને માહિતી પૂરી પાડવામાં આવે છે.
- યોજના અંતર્ગત એમ્પેનલ ટ્રેનીંગ પ્રોવાઈડર્સ (TPs) મારફતે પાસ થયેલા તાલીમાર્થીઓનું ૫૦% પ્લેસમેન્ટ થાય તો જ ટ્રેનીંગ પ્રોવાઈડર્સની નવી બેચને મંજૂરી આપવામાં આવે છે.

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ તાલીમ**

૨૭૮૩૧ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (પીએમકેવીવાય) હેઠળ કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી,

(૧)

| **જિલ્લો** | **તાલીમાર્થીઓની સંખ્યા વર્ષવાર** | | **કુલ** |
|---|---|---|---|
| | **તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા. ૩૧–૧૨–૨૦૧૮** | **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | |
| રાજકોટ | ૩૩૦ | ૧૭૫૧ | ૨૦૮૧ |
| પોરબંદર | ૦ | ૦ | ૦ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને પ્લેસમેન્ટ અને કેટલા તાલીમાર્થીઓને ઓવરસિઝ પ્લેસમેન્ટ મળેલ છે, અને

(૨)

| **જિલ્લો** | **પ્લેસમેન્ટની સંખ્યા વર્ષવાર** | | **કુલ** |
|---|---|---|---|
| | **તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા. ૩૧–૧૨–૨૦૧૮** | **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | |
| રાજકોટ | ૧૮૧ | ૭૭૪ | ૯૫૫ |
| પોરબંદર | ૦ | ૦ | ૦ |

- ઉક્ત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓવરસીઝ પ્લેસમેન્ટ શૂન્ય થયેલ છે.

(૩) પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના

(૩)

(પીએમકેવીવાય) હેઠળ તાલીમ મેળવેલ અન્ય તાલીમાર્થીઓને રોજગારી મળે તે માટે શા પગલા લેવામાં આવ્યા?

- પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY-2.0) Centrally Sponsored State Manage (CSSM) કોમ્પોનેન્ટ હેઠળ પાસ થયેલ તાલીમાર્થીઓને રોજગારી અપાવવા માટે જોબ ફેર કરીને તેના માધ્યમથી રોજગારી/સ્વરોજગારી પ્રદાન કરવાનું આયોજન કરવામાં આવે છે.
- યોજના અંતર્ગત એમ્પેનલ ટ્રેનિંગ પ્રોવાઈડર દ્વારા, પાસ થયેલ તાલીમાર્થીઓને રોજગારી/સ્વરોજગારી પ્રદાન કરાવવા અંગે યોજના અંતર્ગત જોબફેર આયોજીત કરી તથા સીધા જ ઈન્ડસ્ટ્રીઝમાં રોજગારી પ્રદાન કરવાની કાર્યવાહી તેઓ તરફથી પણ કરવામાં આવે છે.
- PMKVY-2.0 CSSM અંતર્ગત પાસ થયેલ તાલીમાર્થીઓને, ITI માં દર મહિનાના પહેલા અને ત્રીજા શનિવારે આયોજીત થતા ભરતી મેળામાં જોડવા માટેની કામગીરી પણ હાથ ધરેલ છે.
- ટ્રેનિંગ પ્રોવાઈડર અને સેક્ટર સ્કીલ કાઉન્સીલ (SSC) ના માધ્યમથી સંલગ્ન એકમોને પ્લેસમેન્ટ માટે પાસ થયેલા તાલીમાર્થીઓની માહિતી પૂરી પાડવામાં આવે છે.
- યોજના અંતર્ગત એમ્પેનલ ટ્રેનીંગ પ્રોવાઈડર્સ (TPs) મારફતે પાસ થયેલ તાલીમાર્થીઓનું ૫૦% પ્લેસમેન્ટ થાય તો જ ટ્રેનીંગ પ્રોવાઈડર્સની નવી બેચને મંજૂરી આપવામાં આવે છે.

---------

**પોરબંદર જિલ્લામાં સાયકલ મેળવવા માટે મળેલ અરજીઓ**

૨૬૮૬૦ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વિકસતી જાતિની ધોરણ–૯ની કન્યાઓની વર્ષ ૨૦૧૯–૨૦માં સાયકલ મેળવવા માટેની પોરબંદર જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૬૭૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૬૭૬ |
| (૩)કેટલી કન્યાઓને સાયકલો ભેટ આપવામાં આવી? | (૩) ૧૬૭૬ |

---------

**આણંદ અને વડોદરા જિલ્લામાં બિનખેતીની પરવાનગી**

૨૭૮૮૫ **શ્રી કાંતિભાઈ સોઢા પરમાર** (આણંદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ મળી,

(૧)

| જિલ્લા | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|
| આણંદ | ૯૨,૨૧,૫૪૫.૦૮ |
| વડોદરા | ૧,૯૪,૮૭,૧૭૬ |

(૨) તે પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલી જમીનોને બિનખેતી પરવાનગી આપવામાં આવી, અને

(૨)

| જિલ્લો | ક્ષેત્રફળ (ચો.મી.) | |
|---|---|---|
| | ૨૦૧૮ | ૨૦૧૯ |

| | | |
|---|---|---|
| વડોદરા | ૩૨,૩૪,૩૨૧ | ૧,૦૦,૪૧,૮૩૮ |

(૩) ઉક્ત સ્થિતિએ બિનખેતી પ્રિમિયમને પાત્ર જમીનોને બિનખેતી પરવાનગી આપવાથી સરકારને વર્ષવાર, જિલ્લાવાર પ્રિમિયમ પેટે કેટલી આવક થઈ?

(૩)

| જિલ્લો | આવક (રૂપિયામાં) | |
|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** |
| આણંદ | ૨૨,૮૬,૨૬,૦૫૫ | ૨૭,૩૭,૧૬,૭૩૪ |

---------

**ગીર ગાય અને દૂધાળા પ્રાણીને બીજા રાજ્યમાં એક્સપોર્ટ કરવા બાબત**

૨૮૮૪૧ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકારે તા.૨૨–૧૦–૨૦૧૩ના રોજ પરિપત્ર પ્રસિધ્ધ કરીને ગીર ગાય તથા દૂધાળા પ્રાણીની બીજા રાજ્યમાં નિકાસ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે, તે હકીકત સાચી છે,

(૧) હા,જી

(૨) જો હા, તો આ પ્રતિબંધ કાનૂની જોગવાઈના અભાવે દુધાળા પ્રાણીઓની નિકાસની ગુનાહીત ઘટનાની પોલીસ દ્વારા એફ.આઈ.આર. થઈ શકતી નથી અને આરોપીઓ દુધાળા પ્રાણીઓ ગેરકાયદેસર નિકાસ કરી રહયા છે, તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) પરિપત્રના ભંગ બદલ એફ.આઈ.આર. થઈ શકતી નથી પરંતુ પશુઓના નિકાસ માટે પશુઓના પરિવહન દરમ્યાન પ્રાણી ક્રુરતાના ભંગ બદલ એફ.આઇ.આર. થઈ શકે છે અને આવી ફરીયાદ નથી.

(૩) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી કાર્યવાહી કરી?

(૩) આ સમસ્યાના ઉકેલ માટે પશુપાલન ખાતા દ્વારા કૃષિ અને સહકાર વિભાગના તા.૨૨–૧૦–૨૦૧૩ના પત્રની જાણ તમામ સંબંધિતોને તા.૩૦–૧૦–૨૦૧૩ના પત્રથી કરવામાં આવેલ છે તેમજ ઉક્ત ઘટનાઓ ધ્યાને લઈ ગૌવંશ સહિતના દૂધાળા પશુઓની રાજ્ય બહાર અને રાજ્યની અંદર હેરફેર માટેની સૂચના, નિયમો, ધારાધોરણો અને કાયદાકીય જોગવાઈઓની વિગતો સહ તમામ સબંધિત અધિકારીઓ તથા સબંધિત કચેરીઓને ફરીથી તા.૦૭–૦૬–૨૦૧૮ અને તા.૨૦–૦૬–૨૦૧૮ના પરીપત્રથી માહિતગાર કરી નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

---------

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં પ્રમોલગેશનની કામગીરીમાં થયેલ ભૂલ સુધારવા ખેડૂતોની સંમતિ**

૨૭૮૨૫ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જમીન રી–સર્વેની કામગીરી બાદ પ્રમોલગેશનથી કામગીરીમાં થયેલ ભૂલ સુધારવા માટે સંબંધિત ખેડૂતોની સંમતિ ફરજિયાત કરવામાં આવી છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં કેટલા ખેડૂતોની સંમતિ લઈ ભૂલ સુધારવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૬૪૯ અને રાજકોટ જિલ્લામાં ૧૬૩૦ ખેડૂતોની સંમતિ (અરજી) આધારે નિયમોનુસાર ક્ષતિ સુધારવામાં આવેલ છે.

(૩) કેટલા કિસ્સામાં ખેડૂતોની સંમતિ વગર ભૂલ સુધારવામાં આવેલ છે?

(૩) એક પણ નહીં.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો**

૨૭૭૭૧ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૧)

| જિલ્લાનું નામ | નોંધાયેલ બાંધકામ શ્રમિકો |
|---|---|
| બનાસકાંઠા | ૨૯૩૦૮ |
| કચ્છ | ૧૩૫૭૮ |

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકોને આવાસ બાંધવા માટે સહાય આપવાની કોઇ યોજના અમલમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહીસાગર અને નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ તાલીમ**

૨૭૯૦૩ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (પીએમકેવીવાય) હેઠળ કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી,

(૧)

| જિલ્લો | તાલીમાર્થીઓની સંખ્યા વર્ષવાર | | કુલ |
|---|---|---|---|
| | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા. ૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | |
| મહીસાગર | ૦ | ૨૪૦ | ૨૪૦ |
| નર્મદા | ૯૦ | ૩૦ | ૧૨૦ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા તાલીમાર્થીઓને પ્લેસમેન્ટ અને કેટલા તાલીમાર્થીઓને ઓવરસિઝ પ્લેસમેન્ટ મળેલ છે, અને

(૨)

| જિલ્લો | પ્લેસમેન્ટની સંખ્યા વર્ષવાર | | |
|---|---|---|---|
| | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા. ૩૧-૧૨-૨૦૧૮ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | કુલ |
| મહીસાગર | ૦ | ૭૯ | ૭૯ |
| નર્મદા | ૦ | ૦ | ૦ |

- ઉક્ત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓવરસીઝ પ્લેસમેન્ટ શૂન્ય થયેલ છે.

(૩) પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (પીએમકેવીવાય) હેઠળ તાલીમ મેળવેલ અન્ય તાલીમાર્થીઓને રોજગારી મળે તે માટે શા પગલા લેવામાં આવ્યા?

(૩)

- પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY-2.0) Centrally Sponsored State Manage (CSSM) કોમ્પોનેન્ટ હેઠળ પાસ થયેલ તાલીમાર્થીઓને રોજગારી અપાવવા માટે જોબ ફેર કરીને તેના માધ્યમથી રોજગારી/સ્વરોજગારી પ્રદાન કરવાનું આયોજન કરવામાં આવે છે.
- યોજના અંતર્ગત એમ્પેનલ ટ્રેનિંગ પ્રોવાઈડર દ્વારા, પાસ થયેલ તાલીમાર્થીઓને રોજગારી/સ્વરોજગારી પ્રદાન કરાવવા અંગે યોજના અંતર્ગત જોબફેર આયોજીત કરી તથા સીધા જ ઈન્ડસ્ટ્રીઝમાં રોજગારી પ્રદાન કરવાની કાર્યવાહી તેઓ તરફથી પણ કરવામાં આવે છે.
- PMKVY-2.0 CSSM અંતર્ગત પાસ થયેલ તાલીમાર્થીઓને, ITI માં દર મહિનાના પહેલા

અને ત્રીજા શનિવારે આયોજીત થતા ભરતી મેળામાં જોડવા માટેની કામગીરી પણ હાથ ધરેલ છે.

- ટ્રેનિંગ પ્રોવાઈડર અને સેક્ટર સ્કીલ કાઉન્સીલ (SSC) ના માધ્યમથી સંલગ્ન એકમોને પ્લેસમેન્ટ માટે પાસ થયેલા તાલીમાર્થીઓને માહિતી પૂરી પાડવામાં આવે છે.
- યોજના અંતર્ગત એમ્પેનલ ટ્રેનીંગ પ્રોવાઈડર્સ (TPs) મારફતે પાસ થયેલા તાલીમાર્થીઓનું ૫૦% પ્લેસમેન્ટ થાય તો જ ટ્રેનીંગ પ્રોવાઈડર્સની નવી બેચને મંજૂરી આપવામાં આવે છે.

---------

**જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો**

૨૭૮૫૨ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | નોંધાયેલ બાંધકામ શ્રમિકો |
|---|---|
| જૂનાગઢ | ૨૩૦૫૧ |
| અમરેલી | ૮૦૮૨ |

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકોને આવાસ બાંધવા માટે સહાય આપવાની કોઈ યોજના અમલમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સરકારી/ખાનગી પ્રાથમિક શાળાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

૨૭૮૧૩ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સરકારી પ્રાથમિક શાળાઓમાં અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યોર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે,

(૨) ઉક્ત શિષ્યવૃત્તિના દરો ક્યારથી અમલમાં છે, અને

(૩) ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કે ઘટાડો કરવામાં આવેલ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક–૧ મુજબ

(૩) પત્રક–૨ મુજબ

**પ ત્ર ક – ૧**

**સરકારી પ્રાથમિક શાળાઓમાં**

| ક્રમ | યોજનાનું નામ | મળવાપાત્ર શિષ્યવૃત્તિ | શિષ્યવૃત્તિના દર અમલમાં વર્ષ |
|---|---|---|---|
| ૧ | પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | • ધોરણ ૧ થી ૮ કુમાર તથા ધોરણ ૧ થી ૫ કન્યા વાર્ષિક રૂ.૫૦૦/–<br>• ધોરણ ૬ થી ૮ કન્યા વાર્ષિક રૂ.૭૫૦/– | • ૨૦૧૫–૧૬ થી<br>• ૨૦૧૪–૧૫ થી |

**સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં**

| ક્રમ | યોજનાનું નામ | મળવાપાત્ર શિષ્યવૃત્તિ | શિષ્યવૃત્તિના દર અમલમાં વર્ષ |
|---|---|---|---|
| ૧ | અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ યોજના | • ધોરણ ૧ થી ૮ કુમાર/કન્યા વાર્ષિક રૂ.૭૫૦/– | • ૨૦૧૨–૧૩ થી |
| ૨ | અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકોને શિષ્યવૃત્તિ યોજના | • ધોરણ ૧ થી ૮ ડેસ્કોલર વિદ્યાર્થીને વાર્ષિક રૂ.૩૦૦૦/– | • ૨૦૧૮–૧૯ થી |

| | | | |
|---|---|---|---|
| | | • ધોરણ ૩ થી ૮ હોસ્ટેલર વિદ્યાર્થીને વાર્ષિક રૂ.૮૦૦૦/– | |

**પત્રક – ૨**

| ક્રમ | યોજનાનું નામ | શિષ્યવૃત્તિના દરમાં થયેલ વધારાની રકમ અને વર્ષ |
|---|---|---|
| ૧ | પૂર્વ એસ.એસ.સી શિષ્યવૃત્તિ યોજના | • વર્ષ ૨૦૧૫–૧૬માં ધોરણ ૧ થી ૮ કુમાર તથા ધોરણ ૧ થી ૫ કન્યા માટે રૂ.૧૦૦/–નો વધારો કરવામાં આવેલ છે.<br>• વર્ષ ૨૦૧૪–૧૫માં ધોરણ ૬ થી ૮ની કન્યા માટે રૂ.૫૦૦/–નો વધારો કરવામાં આવેલ છે. |
| ૨ | અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ યોજના | • વર્ષ ૨૦૧૨–૧૩માં ધોરણ ૧ થી ૮ કુમાર/કન્યા માટે રૂ.૧૦૦/–નો વધારો કરવામાં આવેલ છે. |
| ૩ | અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીનાં બાળકોને શિષ્યવૃત્તિ યોજના | • વર્ષ ૨૦૧૮–૧૯માં ધોરણ ૧ થી ૮માં ડેસ્કોલર વિદ્યાર્થી માટે રૂ.૧૧૫૦/–નો વધારો કરવામાં આવેલ છે. |

---------

### અમરેલી અને બોટાદ જિલ્લામાં બાંધકામ શ્રમયોગીઓને ઓળખકાર્ડ

૨૭૮૭૦ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ શ્રમયોગીઓને આપવામાં આવતા ઓળખકાર્ડ રીન્યુ માટેની કેટલી અરજીઓ અમરેલી અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર પડતર છે, | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શા કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### નવસારી અને ડાંગ જિલ્લામાં રી–સર્વેમાં ક્ષતિઓ

૨૭૯૩૬ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રી–સર્વે રેકર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતીઓ સુધારવા માટે વાંધા અરજી રજૂ કરવાની સમય મર્યાદામાં કેટલી વખત વધારો કરવામાં આવ્યો, | (૧) બે (૨) વખત. |
| (૨) ઉક્ત વધારો કરવાના શા કારણો છે, અને | (૨) ખેડૂત ખાતેદારોની જાણકારીને અભાવે, વિદેશમાં/બહારગામ રહેતા ખેડૂત ખાતેદારો ક્ષતિસુધારવાની અરજીઓ સમયમર્યાદામાં કરી શકેલ ન હોવાથી ખેડૂત ખાતેદારોને હેરાનગતિ ન થાય અને અન્ય હાડમારી ભોગવવી ન પડે તથા ખાતેદારોને વાંધા અરજી કરવાની તક મળી રહે તે કારણસર વધારો કરવામાં આવ્યો. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લાવાર કેટલી અરજીઓ મળી? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લાવાર નીચે મુજબ અરજીઓ મળી. |

| વર્ષ | નવસારી | ડાંગ |
|---|---|---|
| ૨૦૧૮ | ૩૧૯૭ | ૨૩ |
| ૨૦૧૯ | ૩૧૭૦ | ૩૩ |

---------

### ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં રી–સર્વેમાં ક્ષતિઓ

૨૭૮૦૧ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે | (૧) બે (૨) વખત. |

વર્ષમાં વર્ષવાર રી-સર્વે રેકર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતીઓ સુધારવા માટે વાંધા અરજી રજૂ કરવાની સમય મર્યાદામાં કેટલી વખત વધારો કરવામાં આવ્યો,

(૨) ઉક્ત વધારો કરવાના શા કારણો છે, અને

(૨) ખેડૂત ખાતેદારોની જાણકારીને અભાવે, વિદેશમાં/બહારગામ રહેતા ખેડૂત ખાતેદારો ક્ષતિ સુધારવાની અરજીઓ સમયમર્યાદામાં કરી શકેલ ન હોવાથી ખેડૂત ખાતેદારોને હેરાનગતિ ન થાય અને અન્ય હાડમારી ભોગવવી ન પડે તથા ખાતેદારોને વાંધા અરજી કરવાની તક મળી રહે તે કારણસર વધારો કરવામાં આવ્યો.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાવાર કેટલી અરજીઓ મળી?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાવાર નીચે મુજબ અરજીઓ મળી.

| વર્ષ | ગાંધીનગર | અમદાવાદ |
|---|---|---|
| ૨૦૧૮ | ૪૮૫૩ | ૬૫૩૯ |
| ૨૦૧૯ | ૧૯૮૬ | ૬૩૪૫ |

---------

## ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં પીવાના પાણીના નમૂના

૨૭૮૫૮ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) ઉક્ત લેવામાં આવેલ નમૂનાઓ પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા નમૂનાઓ બિનપ્રમાણિત થયા, અને

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના નમૂનાઓની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | લેવામાં આવેલ નમૂનાઓની સંખ્યા | પ્રમાણિત થયેલ નમૂનાઓની સંખ્યા | બિનપ્રમાણિત થયેલ નમૂનાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ગીર સોમનાથ | ૨૦૧૮ | ૧૬૮૪ | ૧૩૮૫ | ૨૯૯ |
| | ૨૦૧૯ | ૧૭૪૮ | ૧૩૪૭ | ૪૦૧ |
| પોરબંદર | ૨૦૧૮ | ૬૧૧ | ૫૦૬ | ૧૦૫ |
| | ૨૦૧૯ | ૫૮૬ | ૪૩૧ | ૧૫૫ |

(૩) બિનપ્રમાણિત થયેલ હોઈ તેવા વિસ્તારોમાં પીવાના પાણીની ગુણવત્તા સુધારવા શા પગલાં લેવામાં આવ્યા?

(૩) ઉક્ત બિનપ્રમાણિત થયેલ પાણીના નમૂનાઓ સ્થાનિક સોર્સના છે. સ્વતંત્ર સોર્સ વિસ્તારોને લાંબાગાળાના આયોજનરૂપે સરફેસ સોર્સ આધારિત જૂથ યોજનાઓમાં આવરી લેવાનું આયોજન છે.

---------

## મોરબી અને અમરેલી જિલ્લામાં બિનખેતીની પરવાનગી

૨૭૮૩૪ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | જમીન(ચો.મી.) |
|---|---|
| મોરબી | ૧,૪૫,૯૩,૫૭૫ ચો.મી. |
| અમરેલી | ૫૧,૯૨,૭૩૧ ચો.મી. |

(૨) તે પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલી જમીનોને બિનખેતી પરવાનગી આપવામાં આવી, અને

(૨) તે પૈકી વર્ષવાર, જિલ્લાવાર નીચે મુજબની જમીનોને બિનખેતી પરવાનગી આપવામાં આવી.

| જિલ્લો | વર્ષ | બિન ખેતી પરવાનગી આપેલ જમીન ચો.મી. |
|---|---|---|
| મોરબી | ૨૦૧૮ | ૩૫,૫૮,૬૩૦ ચો.મી. |
| | ૨૦૧૯ | ૯૭,૬૩,૪૯૦ ચો.મી. |

| | | |
|---|---|---|
| | ૨૦૧૯ | ૧૬,૪૦,૭૨૯ ચો.મી. |

(૩) ઉક્ત સ્થિતિએ બિનખેતી પ્રિમિયમને પાત્ર જમીનોને બિનખેતી પરવાનગી આપવાથી સરકારને વર્ષવાર, જિલ્લાવાર પ્રિમિયમ પેટે કેટલી આવક થઇ?

(૩)

| જિલ્લો | વર્ષ | આવક રૂ. |
|---|---|---|
| મોરબી | ૨૦૧૮ | રૂ. ૪૩,૮૯,૬૫,૮૭૨/- |
| | ૨૦૧૯ | રૂ. ૨૧,૬૦,૬૨,૫૮૨/- |
| અમરેલી | ૨૦૧૮ | રૂ. ૧,૫૪,૯૫,૧૧૯/- |

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં બિનખેતીની પરવાનગી**

૨૭૮૩૭ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ મળી,

(૧)

| જિલ્લાનું નામ | જમીન(ચો.મી.) |
|---|---|
| રાજકોટ | ૩,૩૭,૪૫,૬૬૬ |
| પોરબંદર | ૧૧,૧૧,૩૪૩ |

(૨) તે પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલી જમીનોને બિનખેતી પરવાનગી આપવામાં આવી, અને

(૨) તે પૈકી વર્ષવાર નીચે મુજબ જમીનની બિનખેતી પરવાનગી આપવામાં આવી.

| જિલ્લો | વર્ષ | વર્ષવાર જમીન (ચો.મી.) |
|---|---|---|
| રાજકોટ | ૨૦૧૮ | ૧,૨૯,૯૭,૦૭૩ |
| | ૨૦૧૯ | ૧,૩૭,૩૯,૨૯૩ |
| પોરબંદર | ૨૦૧૮ | ૨,૦૨,૬૪૧ |

(૩) ઉક્ત સ્થિતિએ બિનખેતી પ્રિમિયમને પાત્ર જમીનોને બિનખેતી પરવાનગી આપવાથી સરકારને વર્ષવાર, જિલ્લાવાર પ્રિમિયમ પેટે કેટલી આવક થઇ?

(૩)

| જિલ્લો | વર્ષ | પ્રિમિયમની વર્ષવાર આવક (રૂા.) |
|---|---|---|
| રાજકોટ | ૨૦૧૮ | ૪૦,૫૫,૫૪,૦૪૧/- |
| | ૨૦૧૯ | ૨૨,૭૩,૬૨,૫૩૨/- |
| પોરબંદર | ૨૦૧૮ | ૧,૬૩,૧૧,૫૫૨/- |

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રી-સર્વેમાં ક્ષતિઓ**

૨૭૭૯૮ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રી-સર્વે રેકર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતીઓ સુધારવા માટે વાંધા અરજી રજૂ કરવાની સમય મર્યાદામાં કેટલી વખત વધારો કરવામાં આવ્યો,

(૧) બે (૨) વખત.

(૨) ઉક્ત વધારો કરવાના શા કારણો છે, અને

(૨) ખેડૂત ખાતેદારોની જાણકારીને અભાવે, વિદેશમાં/બહારગામ રહેતા ખેડૂત ખાતેદારો ક્ષતિ સુધારવાની અરજીઓ સમય મર્યાદામાં કરી શકેલ ન હોવાથી ખેડૂત ખાતેદારોને હેરાનગતિ ન થાય અને અન્ય હાડમારી ભોગવવી ન પડે તથા ખાતેદારોને વાંધા અરજી કરવાની તક મળી રહે તે કારણસર વધારો કરવામાં આવ્યો.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાવાર કેટલી અરજીઓ મળી?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાવાર નીચે મુજબ અરજીઓ મળી.

| વર્ષ | અરવલ્લી | સાબરકાંઠા |
|---|---|---|
| ૨૦૧૮ | ૫૬૫૩ | ૩૨૦૦ |

| ૨૦૧૯ | ૯૦૮ | ૩૧૦૯ |
|---|---|---|

---------

**ગીર ગાય અને દૂધાળા પ્રાણીને બીજા રાજ્યમાં એક્સપોર્ટ કરવા બાબત**

૨૮૮૩૯ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) **: માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે તા.૨૨–૧૦–૨૦૧૩ના રોજ પરિપત્ર પ્રસિધ્ધ કરીને ગીર ગાય તથા દુધાળા પ્રાણીની બીજા રાજ્યમાં નિકાસ કરવા પર પ્રતિબંધ મુક્યો છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પ્રતિબંધ કાનુની જોગવાઈના અભાવે દુધાળા પ્રાણીઓની નિકાસની ગુનાહીત ઘટનાની પોલીસ દ્વારા એફ.આઈ.આર. થઈ શકતી નથી અને આરોપીઓ દુધાળા પ્રાણીઓ ગેરકાયદેસર નિકાસ કરી રહ્યો છે, તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) હા,જી

(૨) પરિપત્રના ભંગ બદલ એફ.આઈ.આર. થઈ શકતી નથી પરંતુ પશુઓના નિકાસ માટે પશુઓના પરિવહન દરમ્યાન પ્રાણી ક્રુરતાના ભંગ બદલ એફ.આઇ.આર. થઈ શકે છે અને આવી ફરીયાદ નથી.

(૩) આ સમસ્યાના ઉકેલ માટે પશુપાલન ખાતા દ્વારા કૃષિ અને સહકાર વિભાગના તા.૨૨–૧૦–૨૦૧૩ના પત્રની જાણ તમામ સંબંધિતોને તા.૩૦–૧૦–૨૦૧૩ના પત્રથી કરવામાં આવેલ છે તેમજ ઉક્ત ઘટનાઓ ધ્યાને લઈ ગૌવંશ સહિતના દૂધાળા પશુઓની રાજ્ય બહાર અને રાજ્યની અંદર હેરફેર માટેની સૂચના, નિયમો, ધારાધોરણો અને કાયદાકીય જોગવાઇઓની વિગતો સહ તમામ સબંધિત અધિકારીઓ તથા સબંધિત કચેરીઓને ફરીથી તા.૦૭–૦૬–૨૦૧૮ અને તા.૨૦–૦૬–૨૦૧૮ના પરીપત્રથી માહિતગાર કરી નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

---------

**નર્મદા અને ડાંગ જિલ્લામાં પીવાના પાણીના નમૂના**

૨૭૯૨૧ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) **: માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) ઉક્ત લેવામાં આવેલ નમૂનાઓ પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા નમૂનાઓ બિનપ્રમાણિત થયા, અને

(૩) બિનપ્રમાણિત થયેલ હોઈ તેવા વિસ્તારોમાં પીવાના પાણીની ગુણવત્તા સુધારવા શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના નમૂનાઓની વિગત નીચે મુજબ છે.

| **જિલ્લાનું નામ** | **વર્ષ** | **લેવામાં આવેલ નમૂનાઓની સંખ્યા** | **પ્રમાણિત થયેલ નમૂનાઓની સંખ્યા** | **બિનપ્રમાણિત થયેલ નમૂનાઓની સંખ્યા** |
|---|---|---|---|---|
| નર્મદા | ૨૦૧૮ | ૯૮૫૮ | ૭૯૩૧ | ૧૯૨૭ |
| | ૨૦૧૯ | ૫૮૨૪ | ૪૨૨૯ | ૧૫૯૫ |
| ડાંગ | ૨૦૧૮ | ૪૮૩૪ | ૪૭૦૨ | ૧૩૨ |

(૩) ઉક્ત બિનપ્રમાણિત થયેલ પાણીના નમૂનાઓ સ્થાનિક સોર્સના છે. સ્વતંત્ર સોર્સ વિસ્તારોને લાંબાગાળાના આયોજનરૂપે સરફેસ સોર્સ આધારિત જૂથ યોજનાઓમાં આવરી લેવાનું આયોજન છે.

---------

તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા અને તાપી જિલ્લામાં પીવાના પાણીના નમૂના**

૨૭૯૧૮ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) ઉક્ત લેવામાં આવેલ નમૂનાઓ પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા નમૂનાઓ બિનપ્રમાણિત થયા, અને

(૩) બિનપ્રમાણિત થયેલ હોઈ તેવા વિસ્તારોમાં પીવાના પાણીની ગુણવત્તા સુધારવા શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના નમૂનાઓની વિગત નીચે મુજબ છે.

| **જિલ્લાનું નામ** | **વર્ષ** | **લેવામાં આવેલ નમૂનાઓની સંખ્યા** | **પ્રમાણિત થયેલ નમૂનાઓની સંખ્યા** | **બિનપ્રમાણિત થયેલ નમૂનાઓની સંખ્યા** |
|---|---|---|---|---|
| વડોદરા | ૨૦૧૮ | ૫૨૧૨ | ૩૦૯૦ | ૨૧૨૨ |
| | ૨૦૧૯ | ૩૪૯૦ | ૧૯૧૦ | ૧૫૮૦ |
| કચ્છ | ૨૦૧૮ | ૨૦૦૦૩ | ૧૯૨૪૧ | ૭૬૨ |

(૩) ઉક્ત બિનપ્રમાણિત થયેલ પાણીના નમૂનાઓ સ્થાનિક સોર્સના છે. વડોદરા અને તાપી જિલ્લાના સ્વતંત્ર સોર્સ આધારિત ગામ/ફળીયાઓને લાંબા ગાળાના આયોજનરૂપે સરફેસ સોર્સ આધારિત જૂથ યોજનાઓમાં આવરી લેવાનું આયોજન છે.

**સુરત જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના**

૨૬૮૫૯ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૯–૨૦માં સુરત જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ લેવા માટે વિકસતી જાતિના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

**મળેલ અરજી**

સંસ્થા–૧૦

યુગલ–૪૮૨

(૨)

**મંજૂર અરજી**

સંસ્થા–૧૦

યુગલ–૪૮૨

(૩)

**ચૂકવેલ સહાય**

સંસ્થાઓને– રૂ. ૦૨.૫૦ લાખ

યુગલોને – રૂ. ૪૮.૨૦ લાખ

કુલ – રૂ. ૫૦.૭૦ લાખ

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં રી–સર્વેમાં ક્ષતિઓ**

૨૭૮૪૬ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રી–સર્વે રેકર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતીઓ સુધારવા માટે વાંધા અરજી રજૂ કરવાની સમય મર્યાદામાં કેટલી વખત વધારો કરવામાં આવ્યો,

(૨) ઉક્ત વધારો કરવાના શા કારણો છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાવાર કેટલી અરજીઓ

**જવાબ**

(૧) બે (૨) વખત.

(૨) ખેડૂત ખાતેદારોની જાણકારીને અભાવે, વિદેશમાં/બહારગામ રહેતા ખેડૂત ખાતેદારો ક્ષતિ સુધારવાની અરજીઓ સમય મર્યાદામાં કરી શકેલ ન હોવાથી ખેડૂત ખાતેદારોને હેરાનગતિ ન થાય અને અન્ય હાડમારી ભોગવવી ન પડે તથા ખાતેદારોને વાંધા અરજી કરવાની તક મળી રહે તે કારણસર વધારો કરવામાં આવ્યો.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાવાર નીચે મુજબ અરજીઓ મળી.

મળી?

| વર્ષ | દેવભૂમિ દ્વારકા | જામનગર |
|---|---|---|
| ૨૦૧૮ | ૧૧૭૮૦ | ૧૨૪૬૭ |
| ૨૦૧૯ | ૪૯૧૯ | ૫૨૮૨ |

**ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો**

૨૭૮૫૫ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | નોંધાયેલ બાંધકામ શ્રમિકો |
|---|---|
| ગીર સોમનાથ | ૧૭૨૫૪ |
| પોરબંદર | ૫૭૮૦ |

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકોને આવાસ બાંધવા માટે સહાય આપવાની યોજના અમલમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભરૂચ અને નવસારી જિલ્લામાં બિનખેતીની પરવાનગી**

૨૭૯૨૪ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ મળી,

(૨) તે પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલી જમીનોને બિનખેતી પરવાનગી આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ બિનખેતી પ્રિમિયમને પાત્ર જમીનોને બિનખેતી પરવાનગી આપવાથી સરકારને વર્ષવાર, જિલ્લાવાર પ્રિમિયમ પેટે કેટલી આવક થઇ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|
| ભરૂચ | ૧,૨૪,૯૦,૨૫૨ |
| નવસારી | ૧,૨૫,૪૨,૨૫૧.૮૩ |

(૨)

| વર્ષ | ભરૂચ (ચો.મી.માં.) | નવસારી (ચો.મી.માં) |
|---|---|---|
| ૨૦૧૮ | ૪૯,૦૪,૭૪૮ | ૪૭,૧૩,૭૫૯.૫૨ |
| ૨૦૧૯ | ૫૭,૧૪,૭૮૫ | ૫૯,૯૫,૨૦૭.૪૦ |

(૩)

| વર્ષ | ભરૂચ (રૂપિયામાં) | નવસારી (રૂપિયામાં) |
|---|---|---|
| ૨૦૧૮ | ૧૧,૫૯,૩૫,૫૮૨/– | ૩,૭૦,૯૯,૦૩૨/– |
| ૨૦૧૯ | ૨૬,૬૨,૨૯,૪૩૦/– | ૫,૮૫,૪૦,૫૪૯/– |

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં રી–સર્વેમાં ક્ષતિઓ**

૨૭૮૪૯ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રી–સર્વે રેકર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતીઓ સુધારવા માટે વાંધા અરજી રજૂ કરવાની સમય મર્યાદામાં કેટલી વખત વધારો કરવામાં આવ્યો,

(૨) ઉક્ત વધારો કરવાના શા કારણો છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લાવાર કેટલી અરજીઓ મળી?

**જવાબ**

(૧) બે (૨) વખત.

(૨) ખેડૂત ખાતેદારોની જાણકારીને અભાવે, વિદેશમાં/ બહારગામ રહેતા ખેડૂત ખાતેદારો ક્ષતિ સુધારવાની અરજીઓ સમય મર્યાદામાં કરી શકેલ ન હોવાથી ખેડૂત ખાતેદારોને હેરાનગતિ ન થાય અને અન્ય હાડમારી ભોગવવી ન પડે તથા ખાતેદારોને વાંધા અરજી કરવાની તક મળી રહે તે કારણસર વધારો કરવામાં આવ્યો.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લાવાર નીચે મુજબ અરજીઓ મળી.

| વર્ષ | જૂનાગઢ | પોરબંદર |
|---|---|---|
| ૨૦૧૮ | ૪૯૮૭ | ૩૨૨૬ |
| ૨૦૧૯ | ૨૪૪૧ | ૨૫૦૭ |

તા. ૧૭મી માર્ચ, ૨૦૨૦
માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

## અધ્યક્ષશ્રીની ટકોર

### અધિકારી દીર્ઘામાં અધિકારીઓ દ્વારા મોબાઇલ પર વાતચીત કરવા બાબત.

અધ્યક્ષશ્રી : માનનીય દંડકશ્રી દ્વારા મારું ધ્યાન દોરવામાં આવ્યું છે કે કેટલાક સચિવશ્રીઓ મોબાઇલથી ફોન કરતા હોય છે. આવા અધિકારીઓએ એમ ન કરવા માટે આદેશ કરું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક– ૨**

શ્રી આર.સી.ફળદુ (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩૮,૦૮,૮૯,૪૦,૦૦૦ /–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૦,૦૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૨ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઈ માનનીય સભ્યશ્રી હાજર ન હોઈ, કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી.**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક– ૩**

શ્રી આર.સી.ફળદુ (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩૧,૮૦,૬૪,૦૦૦ /–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૩,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૩ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઈ માનનીય સભ્યશ્રી હાજર ન હોઈ, કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી.**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક– ૪**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૮,૮૫,૪૪,૪૦,૦૦૦ /–ની માગણી ક્રમાંક– ૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૪ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઈ માનનીય સભ્યશ્રી હાજર ન હોઈ, કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી.**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક– ૭૧**

શ્રી આર.સી.ફળદુ (ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૪,૮૪,૬૫,૬૨,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨,૭૧,૧૧,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૭૧ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઈ માનનીય સભ્યશ્રી હાજર ન હોઈ, કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી.**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માગણી ક્રમાંક– ૭૪**

શ્રી આર.સી.ફળદુ (વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૬,૩૩,૧૯,૨૭,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૫,૨૪,૨૫,૫૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૭૪ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઈ માનનીય સભ્યશ્રી હાજર ન હોઈ, કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી.**

ફાલ્ગુન ૨૭, ૧૯૪૧ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

## માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૨** | |
| *૧ | ૨૪૦૧– પાક.. વ્યવસ્થા<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>૦૧– કૃષિ...મહેકમ<br>રૂ. ૧૫,૮૩,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૩,<br>પાના નં. ૧૨ અને ૧૩ | ૧૦૦ | એગ્રિ એશિયામાં કરોડો રૂપિયાના સ્ટોલ ખરીદવા માટે ઈવેન્ટ કંપનીને ફાયદો કરાવવા થયેલ વ્યાપક ગેરરીતિની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી.જે.ચાવડા |
| *૨ | — — " — — | ૧૦૦ | રાજ્યના સરહદી વિસ્તારોમાં તીડોનું આક્રમણ અંગેની આગાહી હોવા છતાં તીડોના નાશ માટે સત્વરે અસરકારક પગલા ન લેવાતા ઉભા પાકોને થયેલ નુકશાનનું વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | ગેનીબેન ઠાકોર |
| *૩ | — — " — — | ૧૦૦ | પાક નુકશાનીના સર્વેમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ |
| *૪ | — — " — — | ૧૦૦ | રાજ્યમાં ભારે વરસાદ, માવઠા કે તીડોના ત્રાસથી ખેડૂતોને આર્થિક રીતે પાયમાલ થતા બચાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |
| *૫ | — — " — — | ૧૦૦ | સરકાર પાસે ખેડૂતોની તમામ વિગતો હોવા છતા આધારકાર્ડ, બેંક કોડની નકલો જેવા પુરાવાઓ વારંવાર માંગવાના કારણે ખેડૂતોમાં વ્યાપેલ રોષ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| *૬ | — — " — — | ૧૦૦ | માર્કેટ યાર્ડમાં કૃષિ પેદાશોના ખેડૂતોને મળતા ઓછા ભાવોની ફરિયાદોની તપાસ કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીત વસોયા |
| *૭ | — — " — — | ૧૦૦ | રાજ્યમાં નકલી બિયારણ તેમજ જંતુનાશક દવાઓનું થતુ વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા |
| *૮ | — — " — — | ૧૦૦ | બારમાસી બાગાયત પાકોને પ્રીમીયમમાં આવરી લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઇ વંશ |
| *૯ | ૨૪૦૧– પાક.. વ્યવસ્થા<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>૦૧– કૃષિ...મહેકમ<br>રૂ. ૧૫,૮૩,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૩,<br>પાના નં. ૧૨ અને ૧૩ | ૧૦૦ | વહીવટી તંત્રની નબળી કામગીરીને કારણે ખેડૂતોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| *૧૦ | — — " — — | ૧૦૦ | ખેડૂતોને શાકભાજીના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે વચેટીયાઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદનજી ઠાકોર |
| *૧૧ | — — " — — | ૧૦૦ | સરકારે કૃષિ પેદાશોના ટેકાના ભાવ વધારી આપ્યા હોવા છતા તેનો લાભ ખેડૂતોને મળતો નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લલીતભાઇ કગથરા |
| *૧૨ | — — " — — | ૧૦૦ | ખેડૂતોને સરળતાથી ધિરાણ મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| *૧૩ | — — " — — | ૧૦૦ | ભારે વરસાદ, પૂર અને માવઠાથી થયેલ નુકશાનનું વળતર ખેડૂતોને સત્વરે ચુકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| *૧૪ | — — " — — | ૧૦૦ | ખેડૂતોની વ્યાજબી અને સાચી રજૂઆતોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષિયારા |

| | | | | |
|---|---|---|---|---|
| *૧૫ | _ _ " _ _ | ૧૦૦ | ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે અગાઉથી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઇ બારડ |
| *૧૬ | ૨૪૦૧– પાક...વ્યવસ્થા<br>૧૧૦– પાક વિમો<br>૦૧– ગુજરાત...યોજના<br>રૂ. ૩૦,૩૫,૯૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૩,પાના નં. ૪૭ | ૧૦૦ | પાક વિમા કંપનીઓ દ્વારા તેમના એજન્ટો દ્વારા ખેડૂતો સાથે કરાતી છેતરપીંડીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| *૧૭ | _ _ " _ _ | ૧૦૦ | પાક વિમા કંપનીઓ પાક વિમાનું પ્રીમીયમ લઇ ખેડૂતોને પાક વિમાની રકમ લાંબા સમય સુધી ચૂકવતી નથી તે સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૧૮ | _ _ " _ _ | ૧૦૦ | પાક વિમા કંપનીઓ દ્વારા પાક વિમા પેટે લીધેલ પ્રીમીયમની રકમ ખેડૂતોને ન ચૂકવતા આવી રકમ પરત મેળવી લેવાની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રઘુભાઇ દેસાઇ |
| *૧૯ | _ _ " _ _ | ૧૦૦ | પાક વિમાની રકમ મેળવવા ખેડૂતોને કરવા પડતા આંદોલનો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ |
| | | **માગણી નં. ૩** | | |
| *૨૦ | ૨૪૦૨–ભૂમિ..... સંરક્ષણ<br>૧૦૧–ભૂમિ..... ચકાસણી<br>૦૧–ભૂમિ..... મહેકમ<br>રૂ. ૨૩,૦૯,૮૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૩,પાના નં. ૭૦ | ૧૦૦ | ખારાશ અટકાવવા વારંવારની રજૂઆતો છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઇ કોળીપટેલ |
| *૨૧ | _ _ " _ _ | ૧૦૦ | અપુરતા સ્ટાફને કારણે ભૂમિ ચકાસણી અને સંરક્ષણની કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઇ ભરવાડ |
| *૨૨ | ૨૪૦૨–ભૂમિ..... સંરક્ષણ<br>૧૦૧–ભૂમિ..... ચકાસણી<br>૦૧–ભૂમિ..... મહેકમ<br>રૂ. ૨૩,૦૯,૮૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૩,પાના નં. ૭૦ | ૧૦૦ | ક્ષારના વધતાં જતાં પ્રમાણને સમયસર અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| *૨૩ | _ _ " _ _ | ૧૦૦ | ભૂમિ સંરક્ષણ ચકાસણી અને ક્ષાર નિયંત્રણ માટે કરેલ ખર્ચની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |
| | | **માગણી નં. ૪** | | |
| *૨૪ | ૨૪૦૩– પશુપાલન<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–ANH-1 પશુપાલન...<br>વિસ્તરણ<br>રૂ. ૩૦,૦૯,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૭૬ અને ૭૭ | ૧૦૦ | ભારે વરસાદ અને માવઠાથી પશુપાલકોના ઘાસચારાનો સદંતર નાશ થતા ખાસ પેકેજ જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | પશુપાલન વિભાગમાં સત્તાનો દુરૂપયોગ કરી કરોડો રૂપિયાની ચૂકવાયેલ સહાય અંગેની તપાસ કરી યોગ્ય પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી |
| *૨૬ | _ _ " _ _ | ૧૦૦ | ભારે વરસાદ અને પુરના કારણે પશુઓના મૃત્યુ થતા પશુપાલકોને જરૂરી વળતર ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| *૨૭ | _ _ " _ _ | ૧૦૦ | પશુ દવાખાનાઓની સંખ્યા વધારવામાં તેમજ ડૉક્ટરોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સંજયભાઇ સોલંકી |
| *૨૮ | _ _ " _ _ | ૧૦૦ | પશુઓમાં થતી મહામારીને નાથવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા |
| | | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ** | | |
| | | **માગણી નં. ૭૧** | | |
| *૨૯ | ૨૨૧૬– આવાસન<br>૦૩– ગ્રામ ગૃહનિર્માણ | ૧૦૦ | ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના જુના જર્જરીત આવાસોની મરામત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૩– આવાસન...સહાય<br>રૂ. ૧૨,૬૧,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૧૮ થી ૨૦ | | | |
| *૩૦ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડમાં ખાલી જગ્યાઓના કારણે વહીવટી કામગીરી ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નથાભાઇ પટેલ |
| *૩૧ | _ _ " _ _ | ૧૦૦ | આવાસન બોર્ડ દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા નવા આવાસો બનાવ્યા તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| *૩૨ | ૨૨૧૬– આવાસન<br>૦૩– ગ્રામ ગૃહનિર્માણ<br>૧૦૫– ઇન્દીરા...યોજના<br>રૂ. ૮,૪૦,૭૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૧૮ થી ૨૧ | ૧૦૦ | રાજ્યમાં ઇન્દીરા આવાસના લાભાર્થીઓની છેલ્લા ત્રણ વર્ષની વિગતો પ્રસિદ્ધ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભરતજી ઠાકોર |
| *૩૩ | ૨૨૧૬– આવાસન<br>૦૩– ગ્રામ ગૃહનિર્માણ<br>૧૦૫– ઇન્દીરા...યોજના<br>રૂ. ૮,૪૦,૭૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૧૮ થી ૨૧ | ૧૦૦ | વર્ષો પહેલા બનેલ ઇન્દીરા આવાસની મરામતની કામગીરી માટે પુરતી રકમની ફાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| *૩૪ | ૨૫૦૫– ગ્રામીણ રોજગાર<br>૦૨– ગ્રામ્ય...યોજનાઓ<br>૧૦૧– રાષ્ટ્રીય...યોજના<br>રૂ. ૩,૬૭,૫૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯,પાના નં. ૩૯ | ૧૦૦ | રોજગાર ગેરંટી યોજનામાં માનવદિનમાં આપવામાં આવતી રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| *૩૫ | _ _ " _ _ | ૧૦૦ | રોજગાર ગેરંટી યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી મળતી રકમ વણવપરાયેલ પડી રહેતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| *૩૬ | _ _ " _ _ | ૧૦૦ | રોજગાર માટેના કાર્ડ હોવા છતાં તેમને પુરતી રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાળાભાઇ ડાભી |
| *૩૭ | _ _ " _ _ | ૧૦૦ | રોજગાર ગેરંટી યોજના હેઠળ થતા કામોની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અક્ષયકુમાર પટેલ |
| *૩૮ | _ _ " _ _ | ૧૦૦ | રોજગાર ગેરંટી યોજનામાં બોગસ નામો ઉમેરી રકમ ચૂકવાય છે તેની તપાસ કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ પટેલ |
| **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણી નં. ૭૪** | | | | |
| *૩૯ | ૨૦૪૧– વાહનો પર કર<br>૧૦૨– મોટર...નિરીક્ષણ<br>૦૧– મોટર...નિરીક્ષણ<br>રૂ. ૨,૨૨,૭૫,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં.૬ અને ૭ | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીઓમાં કર્મચારી–અધિકારીઓની અનિયમિત હાજરી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ (ગ્યાસુદ્દીન શેખ) |
| *૪૦ | _ _ " _ _ | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીઓમાં પકડાતા એજન્ટો સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશપાલસિંહ પઢિયાર(શ્રી મંગળભાઇ ગાવિત) |
| *૪૧ | _ _ " _ _ | ૧૦૦ | આગોતરા આયોજન વગર અકસ્માતો ઘટાડવાના નામે ટ્રાફીક નિયમોના ભંગ બદલ નવા આકરા દંડોનો અમલ કરી પ્રજાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઇ રાઠવા (શ્રી ચિરાગભાઇ કાલરિયા) |

| | | | | |
|---|---|---|---|---|
| *૪૨ | _ _ " _ _ | ૧૦૦ | ટ્રાફીકના દંડમાં નોન કમ્પાઉન્ડેબલ અપરાધમાં દખલ દઈ કલમ ૨૫-કનું થતું ઉલ્લંઘન થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી (શ્રી પુનમભાઇ પરમાર) |
| *૪૩ | _ _ " _ _ | ૧૦૦ | આમ જનતાની લાગણીને ધ્યાને લઈ હેલ્મેટ કાયદામાં છુટછાટ આપવાની જાહેરાત પછી આવી જાહેરાતો થઈ જ નથી તેવા દાવાઓનો થતો ફીયાસ્કો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (શ્રી પુનાભાઇ ગામીત) |
| *૪૪ | ૨૦૪૧- વાહનો પર કર<br>૧૦૨- મોટર...નિરીક્ષણ<br>૦૧- મોટર...નિરીક્ષણ<br>રૂ. ૨,૨૨,૭૫,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં.૬ અને ૭ | ૧૦૦ | રાજ્યમાં નવા વાહનોમાં પ્રદૂષણની માત્રા ન હોવા છતાં પીયુસી સર્ટીના નામે થતી ઉઘાડી લૂંટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઇ કટારા (શ્રી કાંતિભાઇ સોઢાપરમાર) |
| *૪૫ | _ _ " _ _ | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીઓમાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવા ઉચ્ચ કક્ષાએ કમિટિ બનાવી તેમાં આમજનતાના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શીવાભાઇ ભુરીયા (શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા) |
| *૪૬ | _ _ " _ _ | ૧૦૦ | મોટા શહેરોમાં બેફામ ગતિથી દોડતા વાહનો પર અંકુશ રાખી અકસ્માતો ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ (મોહનલાલ વાળા) |
| *૪૭ | ૩૦૫૫- માર્ગ પરિવહન<br>૧૯૦- જાહેરક્ષેત્ર... સહાય<br>રૂ. ૪,૦૪,૩૪,૬૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦,પાના નં.૧૪ | ૧૦૦ | એસ.ટી.નિગમને સેવા આપતી ખાનગી કંપનીઓને સાચવવા એસ.ટી.તંત્ર ખોટ ખાઇ રહ્યુ છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા (શ્રી ઇમરાન ખેડાવાલા) |
| *૪૮ | _ _ " _ _ | ૧૦૦ | ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવાઓને ગ્રામીણ વિસ્તારોમાં લાંબા અંતર સુધી મુકવાને કારણે ગાંધીનગરની જનતાને સમયસર બસ સેવાનો લાભ મળતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી.જે.ચાવડા |
| *૪૯ | _ _ " _ _ | ૧૦૦ | ધારાસભ્યોની એસ.ટી. તંત્ર અંગેની ફરિયાદો પછી પણ યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (કનુભાઇ બારૈયા) |
| *૫૦ | _ _ " _ _ | ૧૦૦ | એસ.ટી. ડેપોમાં ડ્રાઇવર-કંડકટરને ડ્યુટી લીસ્ટમાં મુકવામાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ સામે યોગ્ય પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ (શ્રી જે. વી. કાકડિયા) |
| *૫૧ | _ _ " _ _ | ૧૦૦ | એસ.ટી.ના કર્મચારીઓને પગારપંચના તફાવતની રકમો, મોંઘવારી ભથ્થા તેમજ અન્ય ભથ્થાઓ લાંબા સમય સુધી ચૂકવાતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (શ્રી પ્રેમસિંહભાઇ વસાવા) |
| *૫૨ | _ _ " _ _ | ૧૦૦ | ખાનગી કંપનીઓને ફાયદો કરાવવાની નીતિથી વોલ્વો બસ ભારે ખોટ કરે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અંબરીષભાઇ ડેર (શ્રી વજેસિંગભાઇ પણદા) |
| *૫૩ | _ _ " _ _ | ૧૦૦ | એસ.ટી.માં ઓઈલ ડીઝલ ફીલ્ટરની ખરીદીના ટેન્ડરમાં ચોક્કસ પાર્ટીને લાભ કરાવવાની નીતિ અંગે જવાબદારો સામે ત્વરીત પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત (શ્રી વિમલભાઇ ચુડાસમા) |
| *૫૪ | _ _ " _ _ | ૧૦૦ | દર વર્ષે નવી બસો મુકાય છે છતાં ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓને બસની સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ (શ્રી કાન્તિભાઇ પરમાર) |
| *૫૫ | ૩૦૫૫- માર્ગ પરિવહન<br>૧૯૦- જાહેરક્ષેત્ર... સહાય<br>રૂ. ૪,૦૪,૩૪,૬૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦,પાના નં.૧૪ | ૧૦૦ | તહેવારોના સમયે ખાનગી બસ સંચાલકો દ્વારા વસૂલાતા બેફામ ભાડા સામે અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી (શ્રી રાજેન્દ્રસિંહ પરમાર) |
| *૫૬ | _ _ " _ _ | ૧૦૦ | એસ.ટી.તંત્રમાં ડ્રાઇવર-કંડકટરોની અછતના કારણે લાંબા સમય સુધી એસ.ટી.ના રૂટો બંધ રખાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુનિલભાઇ ગામીત (શ્રીમતી સંતોકબેન આરેઠીયા) |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ ઉપર ચર્ચા કરવામાં આવશે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) (શહેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પશુપાલન અને ડેરી ઉદ્યોગની માગણી નંબર ૪ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું. પશુપાલનના આરોગ્ય અને સંવર્ધનની બાબતમાં સરકારે જે પગલાં લીધાં છે એ બાબતે હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર પશુ આરોગ્ય મેળાઓ થાય, પશુપાલનમાં તંદુરસ્ત અને સારી હરિફાઇ થાય એના માટે પશુપાલકોને ઇનામ આપવામાં આવે છે. સરકારે એને પણ ખૂબ સારી રીતે આગળ વધારવા માટેનું આયોજન કર્યું છે અને આ વખતના બજેટમાં સરકારે ધ્યાન રાખીને પશુપાલકોને ગાયની ઓલાદને મોટી કરીને, સારવાર કરીને ઓર્ગેનિંગ ફાર્મિંગ કરશે એને પણ ઇનામ આપીને ખેડૂતોને સહાય કરશે એના માટે હું મારું અનુમોદન આપું છું. તરણેતરના મેળાની અંદર પણ પશુપાલનનું પ્રદર્શન કરાવે છે અને ત્યાં પશુઓને મોટી સંખ્યામાં ભાગ લેવા પશુપાલકો લઇને આવતા હોય છે અને એની અંદર પણ સારી ઓલાદની ગાય અને વાછરડી હોય તો તરણેતરના મેળાની અંદર પણ ઇનામ વિતરણ કરીને એની સારી આગવી ઓળખ ઊભી કરીને ઇનામ પણ આપવામાં આવે છે. એ મેળાની અંદર અશ્વ શોનું પણ આયોજન કરવામાં આવે છે. અશ્વના પાલકોને પ્રોત્સાહન રૂપે સરકાર પશુઓને જે રીતે પ્રોત્સાહન આપવામાં આવે છે એ રીતે અશ્વની અંદર પણ સારી ઓલાદના અશ્વનું પાલન જો કર્યું હોય તો એને સારી રીતે મદદ કરવા સરકાર આવે છે. દર વર્ષે શ્રેષ્ઠ પશુપાલકોને ગયા વર્ષની સરખામણીમાં ૫૬૫ જેટલા પશુપાલકોને સરકારે પુરસ્કાર–ઇનામ આપીને પ્રોત્સાહિત પણ કરેલા છે. સરકાર તરફથી દર વર્ષે પશુપાલકોને દરેક જિલ્લાની અંદર દરેક તાલુકાદીઠ પશુપાલન મેળાનું આયોજન કરવામાં આવે છે અને એની અંદર માર્ગદર્શન આપીને પશુઓ સારી ઓલાદના કેવી રીતે મોટા કરાય, એની કેવી રીતે સારવાર કરાય અને કેવી રીતે સારું દૂધ ઉત્પાદન થાય એના માટે પણ માર્ગદર્શન આપીને ગામેગામ ખૂબ મેળાઓ અને મિટિંગો કરીને, એનું સરકાર તરફથી આયોજન કરીને, માર્ગદર્શનો આપવામાં આવે છે. જે સારી ઓલાદના પશુઓ હોય, કાંકરેજી ગાય, ગીર ગાય, બન્ની ભેંસ હોય કે એવી સારી ઓલાદની ગાયોને સરકારે પ્રોત્સાહન આપવાનું આ વખતના બજેટની અંદર આયોજન કર્યું છે અને પશુપાલકોના હિત માટે નિર્ણયો લીધા છે એને હું મારું સમર્થન આપું છું અને સરકારને ખૂબ અભિનંદન આપું છું. માનનીય મુખ્યમંત્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રી અને પશુપાલન મંત્રીએ આ વખતે બજેટમાં ખૂબ સારી જોગવાઇ કરીને પશુપાલકોના હિત માટે વિચારનારી પ્રથમ વખત એવી સરકાર હશે. સાહેબ, મને પાંચ ટર્મ થઇ છે, પશુપાલકો માટે કોઇએ આજ સુધી ધ્યાન નથી આપ્યું તેવું આ વખતે પહેલીવાર સરકારે પશુપાલકો માટે ખૂબ સરસ રીતે આયોજન કરીને પશુપાલકોને પ્રોત્સાહિત કરવા માટે આયોજન કર્યું છે એ બદલ માનનીય મુખ્યમંત્રી, નાણામંત્રી અને પશુપાલન મંત્રીને હું અભિનંદન આપું છું. આ સરકારે ૧૨ પશુઓની સબસિડીનો લાભ આપવા માટેની યોજના કરી છે એમાં મારી માનનીય મંત્રીશ્રીને એક જ વિનંતી છે કે, ૧૨ પશુઓ એક સાથે લેવામાં આવે અને જો ૧૨–૧૨ પશુઓ એક સાથે દૂધ આપતા બંધ થઇ જાય તો જે લોન લીધી હોય એના પૈસા ભરવાના થતા હોય, એમાં પશુપાલકોને અને ખેડૂતોને ખૂબ મોટી મુશ્કેલી ઊભી થતી હોય છે. ૧૨ પશુઓની યોજના બરાબર મંજૂર કરી છે એમાં પ્રથમ તબક્કામાં ૬ પશુઓની ખરીદી થાય અને એ વસુક્યા પછી બીજા ૬ પશુઓની ખરીદી કરવામાં આવે તો પશુપાલકોને કોઇ બર્ડન ના પડે અને એની રૂટિન સાઇકલ ચાલુ રહે, એના માટે હું મંત્રીશ્રીને વિનંતી કરું છું. સરકારે સારી ઓલાદના પશુઓ માટે દરેક જિલ્લાની અંદર ડેરીઓ મારફતે પણ કૃત્રિમ બીજદાન માટે સારી ઓલાદના પશુઓ પેદા થાય સારી, સારી ઓલાદના પશુઓના સીમ્સના ડોઝ પણ પેદા કરવામાં આવે અને એના માટે સરકારનો, માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને નાણામંત્રીશ્રીનો ખૂબ આભાર માનું છું. મારી પંચમહાલ ડેરીની અંદર ગયા વખતે માનનીય મંત્રીશ્રી બાબુભાઇ બોખીરિયા સાહેબ હતા ત્યારે એમણે રૂપિયા ૧૧ કરોડ જેટલી સહાય આપીને પશુપાલનની સારી ઓલાદ માટે ગ્રાન્ટ આપી હતી એ કામ પૂરું થવા આવ્યું છે. એનું ખાતમૂહુર્ત થઇ ગયું છે, ટૂંક સમયમાં એ કામ શરૂ થઇ જશે. એટલે સારી ઓલાદના પશુઓ પેદા થાય તો ખેડૂતોને દૂધની અંદર ઉત્પાદન થાય છે. એમાં આપણા પશુઓની દૂધની સરેરાશ એવરેજ બે થી પાંચ લિટર પશુદીઠ બેસતી હોય છે. જયારે ફોરેનના જે પશુઓ છે જે જર્સી ગાય કહેવાય, એચ.એફ.ગાય કહેવાય છે એ અત્યારે બહારથી લાવીએ છીએ. તો એ પશુઓમાં ૧૦ થી ૧૫ લીટરની એવરેજ બેસતી હોય છે એટલે પશુપાલકો એના તરફ વળ્યા હતા પણ સરકારે જે આયોજન કર્યું છે એ આયોજનના ભાગરૂપે સરકારમાં સારી ઓલાદની આપણી દેશી ગાયો, ગીર ગાય છે, કાંકરેજ ગાય છે, આવી ગાયોને બન્ની ભેંસ કે મહેસાણી ભેંસ જે વખણાય છે એવી ભેંસ કે સારી ઓલાદના પશુઓ માટે સુધારણાની કામગીરી કરીને સિમેન સ્પેશિયલ બનાવીને જે પશુપાલકોને ડોઝ આપવામાં આવશે અને એનાથી પશુઓની સુધારણા થશે અને સારી ઓલાદના પશુઓ પેદા કરીને દૂધની આવક આપણે વધારી શકીશું એના માટે સરકારે જે પ્રયત્ન કર્યા છે એને માટે સરકારશ્રીને હું અભિનંદન આપું છું. બીજી વાત મારે એ કહેવાની છે કે આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મથુરા ખાતે પશુપાલન ડેરી અને ગોકુલ મિશન યોજના દાખલ કરી હતી અને ગોકુલ મિશન યોજના સીધી એન.આઇ.પી.એ.નો શુભારંભ કરાવ્યો હતો અને શ્રેષ્ઠ કામગીરી કરવા માટે ૨૦ જિલ્લામાં ગુજરાતના દાહોદ, પંચમહાલ અને વડોદરા એમ ૩ જિલ્લાનો સમાવેશ કર્યો છે એ બદલ પણ માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. હાલ કચ્છ, સૌરાષ્ટ્રમાં કૃત્રિમ બીજ ઓછું થયું ત્યાં ૩૪૦ ખાનગી કૃત્રિમ બીજદાન કેન્દ્રો બનાવવામાં આવેલા છે અને આ બીજદાન કેન્દ્રો મારફતે, ગોકુલ મિશન મારફતે, ગામેગામ ફરીને જે માણસો કામ કરે છે એ દરેક પશુપાલકોને ડોઝ આપીને ગુજરાતની અંદર સારી ઓલાદના પશુઓ

પેદા થાય અને દૂધની આવક વધે એના માટે સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે એ બદલ હું સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. ગુજરાતની અંદર સરેરાશ આજે દૂધનું ઉત્પાદન જોઇએ તો દેશની અંદર ગુજરાત રાજ્ય ત્રીજા ક્રમે આવે છે અને અમુલના નામથી જે આપણે સહકારી માળખાની અંદર વર્ષ ૧૯૪૬માં સહકારી માળખું તૈયાર કરવામાં આવ્યું હતું. આજે એ અમુલના નામે ઓળખાય છે અને સવાર પડે અને ટેસ્ટ ઓફ ઇન્ડીયા જે ગુજરાતની અંદરથી આપણા અમુલ દૂધે દેશ અને વિદેશની અંદર નામના મેળવી છે. એની અંદર રોજનું ૩ કરોડ લાખ લિટર જેટલા દૂધનું ૧૮ સંઘો દ્વારા ભેગું થઇને દેશ અને દુનિયાના તમામ દેશોને આપણે દૂધ, દહીં, ઘી, બટર આપણે પૂરું પાડી રહ્યા છીએ એટલે સરેરાશ આપણે જોઇએ તો ચાર, સાડા ચાર ટકા જેટલો દૂધનો વધારો દર વર્ષે થાય છે એટલે માથાદીઠ ૨૫૫ ગ્રામ દૂધની જરૂરિયાત છે એની સામે આપણે ૩૯૪ ગ્રામ દૂધ ઉત્પન્ન કરી રહ્યા છીએ. ડેરી માળખાની અંદર અગ્રેસર આપણું ગુજરાત રાજ્ય સૌથી પ્રથમ છે અને ગુજરાત રાજ્યના ૩૬ લાખ પશુપાલકો આ ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. ૩૬ લાખ પશુપાલકો હું મારા મત વિસ્તારની જો વાત કરું અને પંચમહાલ જિલ્લાની ડેરીની વાત કરું તો લગભગ મહિનાના ૧૬૫ કરોડ રૂપિયાના ટર્ન ઓવરના દૂધના પૈસા અમે પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના પશુપાલકોને ચૂકવીએ છીએ. આનાથી વધારે સારો કોઇ ધંધો મારી દ્રષ્ટિએ હોઇ શકે નહીં. એટલે ગરીબ માણસે યોજના લાવીને સરકારે જે મદદ કરી છે એ બાબતે હું સરકારને અભિનંદન આપું છું. પ્રોત્સાહિત કરીને પશુપાલનમાં મહિલાઓને ખૂબ આગળ લઇ જવા માટે સરકાર ખૂબ સારા પ્રયત્નો કરે છે અને એ પ્રયત્નના ભાગરૂપે સરકારે જે મહિલાઓ અને સભાસદો હોય એમાં લગભગ ૧૨ લાખ જેટલી સભાસદ મહિલાઓ છે અને એ રોજના દૂધના ધંધાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. એક પણ ગામ એવું નહીં હોય કે જ્યાં દૂધ મંડળી નહીં હોય. એટલે લગભગ ગુજરાતના ૧૮૦૦૦ ગામડાં છે એ બધા ગામડાંઓમાં દૂધ મંડળી આવેલી છે અને ગુજરાતની અંદર મોટામાં મોટું સહકારી માળખાનું જે ચાલી રહ્યું છે એ સહકારી માળખાને લીધે ગુજરાતના પશુપાલકો...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મહેશકુમાર રાવલ.

**સભાપતિ ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને.**

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત નિધિ માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, એમાં હું મારો સૂર પુરાવવા અને સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. ખેતી અને પશુપાલનનું દેશના અર્થતંત્ર અને વિકાસમાં મહત્વનું યોગદાન છે. ભારતીય સંસ્કૃતિમાં પણ કૃષિ તથા પશુ ધનનું વિશેષ મહત્વ રહ્યું છે. રાજ્ય સરકારના કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસના ધ્યેયને હાંસલ કરવા અનેક કૃષિ સહાયતા યોજનાઓ, વૈજ્ઞાનિક અભિગમ, આધુનિક કૃષિ ટેકનોલોજીની પદ્ધતિઓ, પ્રાકૃતિક કૃષિ વગેરેના પ્રચાર, પ્રસાર દ્વારા સરકારશ્રી કૃષિ મહોત્સવ, તાલીમ શિબિરો, પશુ આરોગ્ય સંવર્ધન સેમીનારો, વગેરેના અસરકારક અને સુંદર આયોજન દ્વારા ખેડૂતોને વિનામૂલ્યે નિરંતર માર્ગદર્શન અને વિવિધ સહાય વિતરણમાં વિવિધ ટેકનોલોજી દ્વારા પારદર્શક અને પરિણામલક્ષી કાર્યવાહી કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારની વિવિધ કૃષિ સહાય યોજનાના લાભો ડી.બી.ટી.થી કિસાનોના બેન્ક ખાતામાં સીધા જમા કરવાની અચૂક ઝડપી અને પારદર્શક પદ્ધતિઓમાં ક્રાંતિકારી પરિવર્તન કર્યું છે. ખડૂતને આપણે જગતના તાતનું બહુમાન આપીએ છીએ. વિજ્ઞાન અને ટેકનોલોજીનો ગમે એટલા વિકાસ છતાં આપણી ભૂખને સંતોષતા અનાજ અને વિવિધ ખાદ્ય સામગ્રીનું ઉત્પાદન તો ધરતી માતાના ખોળામાં ગરમી, ટાઢ, તડકો, વરસાદ જોયા વિના અવિરત મહેનત કરતા આપણા ખેડૂત ભાઇ બહેનો કરે છે. ખરેખર આ કરોડો કિસાન ભાઇ બહેનો આપણા ખરા અન્નદાતા આપણા અન્નપૂર્ણા છે જેમને મારા કોટી કોટી વંદન. પાક અને પાણી સમૃદ્ધિ લાવે તાણી. રાજ્યમાં કૃષિ ક્ષેત્રને સિંચાઇનું મજબૂત નેતૃત્વ પૂરું પાડવામાં નર્મદા મૈયાના આશીર્વાદ સમાન  નર્મદાના નીરને ગુજરાતના દૂરદૂરના વિસ્તાર સુધી પહોંચાડવાના ભગીરથ કાર્ય માટે આપણા લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ અને આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ  પટેલ સાહેબને  કરોડો ખેડૂતોવતી હું કોટી કોટી ધન્યવાદ આપું છું. જળ સંચયથી ધન સંચય રાજ્યમાં અસંખ્ય જગ્યાઓ ઉપર ચેકડેમ, બોરી બંધ, ખેત તલાવડી વગેરે બાંધવામાં આવ્યા છે. જેનો સીધો ફાયદો કૃષિ ઉત્પાદનોને મળે છે અને તેના સકારાત્મક પરિણામો ગુજરાતમાં જોવા મળે છે. મને જણાવતા આનંદ અને સંતોષની અનુભૂતિ થઇ રહી છે કે કિસાનોની આવક બમણી કરવાના આદરણીય વડાપ્રધાનના સંનિષ્ઠ પ્રયાસો અને પ્રતિબદ્ધતા મુજબ આપણી રાજ્ય સરકારની મહેનત ફળી રહી છે. એટલે જ છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતની વિકાસ યાત્રાના સોનેરી સોપાનો લખવાની સોનેરી તક રાજયના નાગરિકોએ ભારતીય જનતા પાર્ટીને આપી છે. એક સમય એવો હતો કે આપણે સર્વેએ એ સમય જોયો છે કે દેશને આઝાદ થયે થોડાં વર્ષો થયાં હતાં. આપણી પાંખી વસતિ હોવા છતાં પણ આપણે પોષણ પૂરું પાડતા અનાજ જેવા કે ઘઉં આપણે બીજા દેશમાંથી આયાત કરવા પડતા હતા. આપણા તત્કાલિક વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજીએ કહેવું પડ્યું હતું કે અઠવાડિયામાં એકવાર ભોજનનો ત્યાગ કરવો. ત્યાર પછીના સમયગાળામાં દેશના કૃષિ વૈજ્ઞાનિકો, કૃષિ સંશોધકો, કરોડો ખેડૂતની નિષ્ઠાપૂર્વકની મહેનતથી આપણે કૃષિ ઉત્પાદનમાં મોટા ભાગે સ્વાવલંબન પ્રાપ્ત કર્યું છે અને તે સંતોષ અને ગૌરવની અનુભૂતિ કરાવે છે. આ કારણે જ આપણા દેશમાં ઉપકાર નામની પિકચર બની હતી અને એ ઉપકાર નામની પિકચર માત્ર ખેડૂતોને પ્રાત્સાહિત કરવા માટે બનાવવામાં આવી હતી અને એમાં એક ગીત આવ્યું હતું કે મેરે દેશકી ધરતી સોના ઉગલે ઉગલે હીરે મોતી, મેરે દેશકી ધરતી. ગુજરાત રાજ્યમાં લાખો ખેડૂતો દર વર્ષે અંદાજે ૮૫ લાખ હેક્ટરમાં જમીનમાં ખરિફ અને ૩૧ લાખ હેક્ટરમાં રવિ સિઝનમાં જુદા જુદા પાકોનું વાવેતર કરે છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

ગુજરાતના ખેડૂતોની મહેનત અને સરકાર દ્વારા સિંચાઇના પાણીની વ્યવસ્થા, સમયસર વીજળીની વ્યવસ્થા, ખાતર, બિયારણ, કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા સતત માર્ગદર્શનના કારણે કૃષિ ક્ષેત્રનો ખૂબ મોટો વિકાસ થયો છે. દેશમાં કૃષિ વિકાસ દરમાં ગુજરાત હંમેશા અગ્રેસર થતું રહ્યું છે. રાજ્યમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ભારત સરકારની નોડલ એજન્સીઓ રાજય સરકારની માળખાકીય સુવિધાની મદદથી વિવિધ પાકોની મોટા જથ્થાના ટેકાના ભાવે ખરીદી કરે છે. માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબની સરકાર દ્વારા સમગ્ર દેશના લાભાર્થી ખેડૂતોને મદદરૂપ થવા માટે અને ખેતીની સિઝનની શરૂઆતમાં ખાતર, બિયારણ, દવા વગેરે ખરીદવા સહાય કરવા માટે ખાતેદાર દીઠ દર વર્ષે ૬,૦૦૦ રૂપિયા આપવાની મહત્વાકાંક્ષી પ્રધાનમંત્રી કિસાન નિધિ યોજના શરૂ કરેલ છે. તે અંતર્ગત ગુજરાત રાજયના ખેડૂતોને તા.૬–૧–૨૦૨૦ સુધીમાં ચાર હપ્તાના કુલ રૂ.૨૮૩૯.૩૪ કરોડનું ચૂકવણું ખેડૂતોના બેન્ક એકાઉન્ટમાં કરવામાં આવ્યું છે. સરકાર કુદરતી આપત્તિઓ વખતે હંમેશાં ખેડૂતની પડખે ઉભી રહે છે. આપ સૌ જાણો છો તે પ્રમાણે ગુજરાતમાં ખરીફ સિઝન દરમ્યાન રાજ્યમાં ઇશ્વરના આશીર્વાદથી વ્યાપક અને સારો વરસાદ થયો. પરંતુ સાથેસાથે ચોમાસું પૂરું થયા પછી માવઠા દરમ્યાન કેટલાક વિસ્તારોમાં કુદરતી આપત્તિઓ આવી પડી. ખેડૂતોને જે નુકસાન થયું તેમાં રાજ્ય સરકારે થયેલ નુકસાન અન્વયે તમામ જિલ્લાના તમામ તાલુકાના ખેડૂત ખાતેદારોને મદદરૂપ થવા માટે ભૂતકાળમાં કદી ન અપાઇ હોય તેટલી મોટી રકમ એટલે કે રૂ.૩૭૯૫ કરોડનું સહાય પેકેજ આપવાનો નિર્ણય કરેલ છે. ઉત્તર ગુજરાતના જિલ્લામાં તીડ આક્રમણમાં અંદાજે ૧૧ હજાર ખેડૂતોના ૧૭ હજાર હેકટરના વાવેતર માટે રૂપિયા ૩૫ કરોડની સહાય પેકેજ આપવામાં આવેલ છે. બાગાયતી પાકોમાં હેકટરદીઠ વધુ ઉત્પાદન અને આવક આપે છે. બારેમાસ કામ મળી રહેતું હોવાથી રોજગારીની તકો પૂરી પાડે છે અને પર્યાવરણ સુધારવામાં મદદ કરે છે. તેના કારણે રાજ્ય કેરી, કેળાં, ચીકુ અને ખારેકના પાક માટે જાણીતું બન્યું છે. ફળો અને શાકભાજીની અન્ય દેશોમાં નિકાસ કરવામાં આવે છે. જયારે જીરૂ, વરિયાળી તથા ધાણા જેવા મસાલાના પાકોના ઉત્પાદનમાં તેમજ ઇસબગુલના પ્રોસેસિંગ અને નિકાસમાં ગુજરાત અગ્રેસર છે. કૃષિ પેદાશોને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓથી મુક્ત કરવા ખેડૂતોનો ખેતી ખર્ચ ઘટાડવા અને લોકોનું સ્વાસ્થ્ય સુધારવા પ્રાકૃતિક ખેતીમાં સરકારે બહુ ઉત્સાહ બતાવ્યો છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે કૃષિ અને નાની સિંચાઇ ભૂમિ સંરક્ષણ અંગેની માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં જે રીતે અમારા સિનિયર જેઠાભાઇએ કહ્યું તે પ્રમાણે ખેડૂતો માટેની ચિંતા થઇ છે, તેના માટેની નવી નવી યોજનાઓની જાહેરાતો થઇ છે. તે જાહેરાતો જોતાં પૂરા બજેટની બુક જોઇએ તો સૌથી વધારે ખેડૂતો અને પશુપાલકો ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે એટલે આ સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથે બીજા એક અભિનંદન આપું તો આ વખતે અમારા દક્ષિણ ગુજરાતમાં નહીં પણ પૂરા ગુજરાતમાં અને મને લાગે છે કે અમારા દક્ષિણ ગુજરાતમાં ૧૫૦ ઇંચ કરતાં વધારે વરસાદ પડ્યો. કમોસમી વરસાદ પડયો અને વાવાઝોડાં પણ એટલા આવ્યા. આવા સમયે જે ગુજરાત સરકારે આખા રાજ્ય માટે નિર્ણય લઇને રૂપિયા ૩૭૯૫ કરોડના કૃષિ પેકેજની જાહેરાત કરી, ખેડૂતોને સહાયભૂત બનવા માટેનો પ્રયત્ન કર્યો તે માટે આ સરકારને અભિનંદન આપું છું. મને કહેતાં આનંદ થાય છે કે, આ પેકેજમાં મારા જિલ્લાના ૩૯૮૯૩ ખેડૂતોને ૩૦ કરોડ ૧૧ લાખ ૨૧ હજાર ૧૬૫ રૂપિયાની રકમ મળી છે. ખેડૂતો માટે અનેક પ્રકારની ચિંતા કરી છે. આજના દિવસે તત્કાલિન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ સાહેબને ભૂલી નહીં શકું. જયારે તેમણે ધુરા સંભાળી ત્યારે ખેડૂતો ખેત પેદાશોનું બમણું ઉત્પાદન અને આવક કેવી રીતે લઇ શકે, તેમનું જીવન ધોરણ કેવી રીતે ઉંચું લાવી શકે તેના માટે પહેલી વખત કૃષિ મેળાનો વિચાર મૂક્યો. કૃષિ મેળામાં તજજ્ઞો મોકલાવીને માર્ગદર્શન આપવાનો નિર્ણય લીધો તે ખરેખર આવકારદાયક છે અને તેનું પરિણામ છેલ્લા વીસેક વર્ષથી જોઇએ છીએ. આના લીધે ખેડૂતોની આવકમાં ખૂબ વધારો થયો છે. તેનું જીવન ધોરણ પણ બદલાયું છે તે સ્વીકારવાની બાબત છે. તેની સાથે સાથે મારે ત્યાં નવસારી કૃષિ યુનિવર્સિટી આવેલી છે. હું અને શ્રી પિયુષભાઇ ઘણીવાર અનેક કાર્યક્રમોમાં ત્યાં જઇએ છીએ. કૃષિ યુનિવર્સિટીમાં જે રીતે ખેડૂતોને બોલાવીને જે સંશોધન કેન્દ્રોમાં ત્યાંના અધિકારીઓ અને તજજ્ઞો દ્વારા જે રીતે માર્ગદર્શન આપવામાં આવે છે તેમાં મને લાગે છે કે, આખા ગુજરાતમાં નવસારી કૃષિ યુનિવર્સિટી પ્રથમ નંબરે હશે તેમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મને બરાબર ખ્યાલ છે કે, એક સમયે કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા આપણે જે શિક્ષણ આપતા હતા એ શિક્ષણમાં એડમિશનની વિદ્યાર્થીઓની ક્યારેય લાઇન થતી ન હતી. પરંતુ અત્યારે છેલ્લા કેટલાક વર્ષોમાં આજે આપણે એડમિશન આપી શકતા નથી. ગયા વર્ષે પણ બી.એસ.સી. એગ્રીમાં એટલી બધી ઉંચી ટકાવારી ગઇ કે અમારી પાસે સ્ટુડેન્ટોએ કેટલીય હૈયાવરાળ ઠાલવી અને હું તો આજે વિનંતી કરું છું કે, આજે જયારે આવી માગ ઉભી થઇ હોય ત્યારે એમાં પણ વર્ગદીઠ સંખ્યા વધે અથવા નવા વર્ગો વધે એવી સરકાર પાસે હું અપેક્ષા રાખું છું. હું ગયે વખતે જયારે કૃષિ યુનિવર્સિટીમાં ગયો ત્યારે મને કહેતા આનંદ થાય છે કે, જે સમયે કૃષિ યુનિવર્સિટી આયોજીત ૧૫મો પદવીદાન સમારંભ હતો, ૬૪૯ પદવી પૈકી ૪૩૫ સ્નાતક હતા, ૧૮૮ અનુસ્નાતક હતા અને ૨૬ જેટલા પી.એચ.ડી.થયા હતા ત્યારે આ બધું જોતા એવું લાગે છે કે ભવિષ્ય ખેડૂતો માટે છે એ ચોક્કસ દેખાઇ આવે છે અને એની પાછળ સરકાર પૂરતું ધ્યાન આપી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુ પાલન માટે શ્રી જેઠાભાઇએ માગણીઓમાં થોડાક જે સરકારને સૂચન કર્યાં છે એમાં હું સૂર પૂરાવું છું અને હું પણ ડેરી સાથે જોડાયેલો વ્યક્તિ છું. મારી જે વસુંધરા ડેરી છે એની સાથે ૧૦૯૯ ડેરી જોડાયેલી છે અને ડાંગ જેવો એક નાનો જિલ્લો અને નવસારી પણ એટલો મોટો જિલ્લો નથી. એટલે સાથે વલસાડ ત્રણ સંયુકત જિલ્લામાં અમારી

વસુંધરા ડેરી ચાલે છે. મને કહેતા આનંદ થાય છે કે ૧૮૫૦ કરોડ રૂપિયાનું ટર્ન ઓવર આ વખતે થવા જઇ રહ્યું છે અને ૯૦ ટકા આદિવાસી લોકો પશુપાલક છે. અમારા આદિવાસી વિસ્તારમાં કદાચ અમારી વસુંધરા ડેરીની જે કામગીરી છે એ અને પશુપાલકો જે મહેનત કરી રહ્યા છે એ જુઓ તો તમને પણ ખુશી થાય એવી મહેનત કરી રહ્યા છે. આ વખતે મુખ્યમંત્રીશ્રીએ જ્યારે પશુ ઉપર દયા રાખીને અગાઉ કોઇએ આજ સુધી ચિંતા નહીં કરેલી, કોઇ સગર્ભા બહેનો માટે ચિંતા થાય એ બરાબર છે પરંતુ એક વિયાણ એક મહિના પહેલાથી ૧૫૦ કિલો સુમુલ દાણ ઉપર ૫૦ ટકા સબસિડી આપવાનો જે નિર્ણય લીધો છે એ બદલ પણ હું સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ભૂમિ સંરક્ષણની પણ થોડી વાત કરવી છે. આપણા ગુજરાત રાજ્યની અંદર ભૌગોલિક વિસ્તારનું વર્ગીકરણ કરીએ તો ૧૯૬ લાખ હેકટર જમીન આવેલી છે જે ખેતીલાયક છે. જો એમાંથી છૂટી પાડીએ તો ૯૬.૫૭ લાખ હેકટર ખેતી માટે ઉપયોગમાં લઇ શકાય એવી જમીન છે. નર્મદા આધારીત જે આપણે ખેતી કરીએ છીએ તો કદાચ હું ખોટો ન હોઉં તો ૪૦.૭૬ લાખ હેકટરમાં આપણે પિયત કરી શકીએ છીએ. પરંતુ વરસાદ આધારીત જે આપણી પાસે ખેતી છે એ ૫૯.૧૨ લાખ હેકટરમાં ખેતી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ભૂમિ સંરક્ષણની જો વાત કરું તો આજે આપણી પરિસ્થિતિ એવી છે કે, ૧૬૦૦ કિલોમીટરનો જે દરિયા કિનારો છે એના લીધે કેટલોક ખારાશ પડતો એરિયા છે, કેટલોક વિસ્તાર અમારો ડુંગરાળ પણ છે. અનેક પ્રકારનો જમીન સુધારવાનો જે એરિયા છે એ મારી પાસે જે આંકડો છે એ ૩૪ લાખ હેકટર જમીન આપણે સુધારવી પડે એ પ્રકારની આપણી પરિસ્થિતિ છે. જયારે આ વખતે ખાસ કરીને ભૂતકાળની સરકારમાં વર્ષ ૧૯૯૫થી આપણે વોટરશેડ કોમ્પોનન્ટની યોજના દ્વારા પણ નાના મોટા ખેડૂતોને આપણે મદદરૂપ થતા આવ્યા છીએ. ભૂમિ સંરક્ષણની વાત કરીએ છીએ ત્યારે આ યોજનામાં ચોક્કસ રીતે જો થોડી વધારે જોગવાઇ કરવામાં આવે તો ખેડૂતોના ખેતરના ક્યારેક પાળા પણ ધોવાય છે, વધુ વરસાદ થવાના કારણે ક્યારેક વધુ પડતું ધોવાણ થઇ જાય છે અને એના કારણે જે ફળદ્રુપ જમીન છે એ ફળદ્રુપ જમીન ખેડૂત જ્યારે ગુમાવે છે ત્યારે ખેડૂતને બહુ મોટું નુકસાન થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અમે આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ, આદિવાસી વિસ્તારમાં એટલી મોટી ખેતી હોતી નથી, કોઇ પાસે બે એકર છે, કોઇ પાસે એક એકર છે તો કોઇ પાસે વધીને ચાર-પાંચ એકર હોય છે. જયારે આવી ઓછી જમીન હોય અને આવું નુકસાન થતું હોય, એવા સમયે ખેડૂતને આ સહન કરવું અઘરું પડે છે. જયારે યોજનામાં જે દસ જેટલા માપદંડ છે અને હું જોતો હતો તે યોજનામાં ખૂબ સારો એવો ફાયદો થાય તેમ છે. તો આ યોજનામાં મન મોટું કરીને થોડો ઘણો વધારો થાય તેવી અપેક્ષા રાખું છું. આ વખતે બજેટમાં તાર ફેન્સીંગની વાત નથી. ભવિષ્યમાં આશા રાખું છું અને શ્રી પિયુષભાઇને પણ ખબર છે. અમારે ત્યાં શેરડી, સૂરણ, રતાળું, કેળ, પપૈયા દરેક પ્રકારની ખેતી દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ જિલ્લામાં થાય છે. શ્રી કનુભાઇ, શ્રી ભરતભાઇ અને શ્રી અરવિંદભાઇને પણ ખ્યાલ છે કે અમારે ત્યાં સૂરણ અને રતાળાની ખેતી વધુ પડતી હોવાથી ભૂંડનો ત્રાસ વધી ગયો છે. અમારે ત્યાં જવાબ આપવા અઘરા પડે છે. એટલા કારણે આ વખતે કદાચ મન મોટું રાખીને તાર ફેન્સીંગ માટેની જોગવાઇ કરવામાં આવે તો આવનારા દિવસોમાં તે ખેડૂતને આનંદ થશે. આમ તો ઘણી વાત કરી શકાય તેમ છે. પરંતુ માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં સમર્થન આપું છું. ધન્યવાદ.

શ્રી દેવાભાઇ પું. માલમ(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષના અનુદાન માટેની માગણી ક્રમાંક-૨ મંત્રીશ્રી કૃષિ અને ખેડૂત કલ્યાણ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચાર રજૂ કરું છું.

રાજ્યમાં ખેડૂત કૃષિ અને ઋષિની સાંસ્કૃતિક પરંપરા સાથે ખેતીમાં આધુનિકતા તાંત્રિકતા અપનાવી આર્થિક રીતે સદ્ધર થયેલ છે. રાજ્ય સરકાર ખેડૂતોને કૃષિના તમામ પાસાઓમાં સહાય અને પ્રોત્સાહન આપી વિકાસની વણથંભી યાત્રાને વેગવંતી બનાવવા કટિબદ્ધ છે. વિવિધ સહાય યોજનાઓના અમલ માટે રાજ્યના કૃષિ વિભાગના બજેટમાં ઉત્તરોત્તર વધારો કરી રાજ્ય સરકાર હરહંમેશ રાજ્યના ખેડૂતની સાથે રહેલ છે. હરિયાળી ક્રાંતિ પછીના સમયગાળા દરમ્યાન રાજ્યમાં ખાદ્યપાકો, તેલિબીયાં અને કપાસના વિસ્તાર તેમજ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયેલ છે. કૃષિ વિકાસમાં યાંત્રિકરણ પણ મહત્ત્વનું પરિબળ છે. કૃષિમાં ટ્રેક્ટર, રોટાવેટર, પાવરટીલર, કલ્ટીવેટર, પાવર થ્રેશર, હળ, લેઝર, લેન્ડ લેવલર, હાર્વેસ્ટર, પોટેટો પ્લાન્ટર, પોટેટો બીડર જેવા વિવિધ સાધનોના ઉપયોગથી ખેત મજૂરોની અછત નિવારી ઓછા સમયમાં ગુણવત્તાયુક્ત કામગીરી કરવામાં સરળતા રહે છે. ટ્રેક્ટર સહાય માટે વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષમાં કેન્દ્ર સરકારની વર્કપ્લાન યોજના અંતર્ગત રાજ્યના વાર્ષિક ૧૦૦૦ થી ૨૨૦૦ ખેડૂતોને લાભ આપવામાં આવતો હતો. ટ્રેક્ટરની સહાય માટે મોટા પ્રમાણમાં આવતી અરજીઓ અને ઓછા લક્ષ્યને કારણે ખેડૂતોની માગણી સંતોષાતી ન્હોતી. જેથી રાજ્યમાં ખેડૂતની માગણીઓ ધ્યાને રાખી રાજ્ય સરકાર દ્વારા ટ્રેક્ટરની સહાય યોજના એજીઆર-૫૦માં વર્ષ ૨૦૧૨થી શરૂ કરી છે. આ યોજના હેઠળ ૪૦ પીટીઓ હોર્સ પાવર સુધીના ટ્રેક્ટરના મોડલમાં ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૪૫ હજારની મર્યાદા બેમાંથી જે ઓછું હોય તે અને ૪૦ પીટીઓ હોર્સ પાવરથી વધુ ૬૦ હોર્સ પાવર સુધીના ટ્રેક્ટરના મોડલમાં ખર્ચના ૨૫ ટકા અથવા ૬૦ હજાર રૂપિયાની મર્યાદામાં બેમાંથી જે ઓછું હોય તેટલી સહાય લાભાર્થીઓને મળવાપાત્ર છે. રાજ્ય સરકાર દ્વારા આ યોજનામાં વર્ષ ૨૦૧૧-૧૨માં રૂપિયા પંચાવન કરોડની જોગવાઇમાંથી ઉત્તરોત્તર વધારો કરતાં વર્ષ ૨૦૨૦-૨૧માં આ યોજના હેઠળ રૂપિયા ૧૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ રાજ્યમાં ચાલુ વર્ષે જાન્યુઆરી ૨૦૨૦ અંતિત ૨૬૨૪૫ જેટલા ખેડૂતોને અંદાજે રૂ.૧ કરોડ ૬૨ લાખ જેટલી ટ્રેક્ટર સહાય આપીને નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત રાજયના ખેડૂતને ટ્રેક્ટર તેમજ કૃષિ યાંત્રિકરણ અને અન્ય સાધનો માટે સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે અને વધુને વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લઇ શકે તે માટે સહાયના ધોરણમાં પણ વધારો કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કૃષિ યાંત્રિકરણને વેગ આપવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ની રાજય સરકારશ્રીની યોજનાના સહાયના ધોરણોમાં ૫૬૭ ટકા સુધીનો અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં કૃષિ યાંત્રિકરણમાં વિવિધ સાધનોની ખરીદી માટે ૨૨૦૭૮ ખેડૂતને ૬૨ કરોડ/૭૧ કરોડની સહાય આપવામાં આવેલ છે. રાજયમાં ખેડૂતને આધુનિક ટેકનોલોજી આપવા માટે કેન્દ્ર સરકાર, સરકારશ્રી વિવિધ સહાય યોજનાઓ સાથે સાથે કુદરતી આપત્તિઓ સમયે પણ રાજય સરકાર હંમેશા ખેડૂતની પડખે રહે છે.

ડો. આશાબેન પટેલ(ઊંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર-૪ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવુ છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો શુદ્ધ ઓલાદોની જાળવણી પશુ સંવર્ધન સવલતો ઉપલબ્ધ કરાવવા અને પશુધન વિકાસના કાર્યક્રમોનો સુદ્રઢ અમલીકરણ કરાવવા તેમજ દૂધ ઉત્પાદનમાં અભૂતપૂર્વ વધારો કરવા માટે કેટલાય વર્ષોથી પશુઓમાં ચેપી રોગચાળા નિયંત્રણના ક્ષેત્રે રાજય સરકારના અથાગ પ્રયત્નોથીથી ગુજરાત રાજયએ ખૂબ મોટી નામના કમાઇ છે એટલા માટે હું રૂપાણી સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા પશુપાલકોને ગામ બેઠાં નિષ્ણાત પશુ ચિકિત્સકોની ટીમ દ્વારા ઝૂંબેશ સ્વરૂપે પશુ સારવાર મળી રહે તે માટે પશુ આરોગ્ય મેળા યોજવામાં આવ્યા છે અને તે અંતર્ગત વર્ષ ૨૦૦૨ના વર્ષથી આ મેળા અંતર્ગત ૫૮૫૪૬ પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨.૪૧ કરોડ પશુઓને તેની નિઃશુલ્ક પશુ સારવાર આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં પશુ સારવાર આરોગ્ય મેળા અંતર્ગત ૪૫૦૦ જેટલા પશુઓને કુલ રૂપિયા ૪.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે બદલ હું સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું. પશુ આરોગ્ય અને પશુ સંવર્ધનની સાથે સાથે વિયાણ થયેલ પશુના પોષણ માટે પણ ચિંતા કરી માનનીય વિજયભાઇ રૂપાણીની આ સંવેદનશીલ સરકારે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં મુખ્યમંત્રી પશુદાન સહાય યોજના માટે કુલ રૂપિયા ૨૦૦ કરોડની માતબર રકમની જોગવાઇ કરી છે અને મારે તો કહેવું છે કે અત્યાર સુધીના ગુજરાત રાજયના ઇતિહાસમાં પશુઓના પોષણ માટે આટલી માતબર રકમની જોગવાઇ કયારેય થયેલ નથી એટલા માટે હું આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવુ છું. દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની વાત કરું તો મને મારો ભૂતકાળ યાદ આવે છે કે અમે નાના હતા ત્યારે ડોલચા લઇને જયારે દૂધ ભરાવવા માટે જતા હતા ત્યારે તોલમાપમાં લગભગ ૫૦ એમ.એલ જેટલુ દૂધ તો ઉપરથી વહી જતું હતું અને કેટલું બધું ખેડૂતોને અને પશુપાલકોને નુકસાન થતું હતું. જયારે ટેકનોલોજીનો ઉપયોગ કરી આ સરકારે અત્યારે ટેકનોલોજીના તોલમાપ યંત્ર મૂકી અને તેનાથી જયારે તેનું વજન કરવામાં આવે છે ત્યારે તેનું પૂરેપૂરું આપણને વળતર મળે છે અને દૂધ ઉત્પાદક મંડળીના સભાસદો અને ગ્રામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને વિવિધ માળખાકીય સુવિધાઓ સ્થાપવા સાધન-સામગ્રીની ખરીદી માટે સહાય પણ પૂરી પાડવામાં આવે છે અને આ વર્ષે અંદાજપત્રમાં કુલ રૂપિયા ૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે ખૂબ અભૂતપૂર્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાય આપણી માતા છે અને તેના ગૌમૂત્રમાં ૩૮૮ જેટલા ઔષધિય ગુણો છે. ગૌસંવર્ધનને પ્રોત્સાહન આપવા માટે અને ગાય આધારિત ખેતી એટલે પ્રાકૃતિક ખેતીને પણ પ્રોત્સાહન આપવા માટે ખેડૂત જો ગાય રાખે તો એક ગાય દીઠ ૯૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે અને એવા ૫૦ હજાર ખેડૂતોને લાભ મળવાનો છે અને તેના માટે રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગાયોની સાર-સંભાળ માટે પાંજરાપોળના માધ્યમથી અનેક સંસ્થાઓ રાજ્યમાં ઉપસ્થિત છે ત્યારે પાંજરાપોળને અપગ્રેડ કરવા માટે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એટલા માટે સરકારને હું ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. આમ તો કહ્યું છે કે, ''**गाय, गंगा और गीता यह है मां समान, गाय, गंगा और गीता यह है मां समान, इनके कारण ही भारत का विश्व में हैं मान-सम्मान**'' એટલા માટે ગાયના સંવર્ધન માટે હજુ વધારે જોગવાઇ કરવામાં આવે એવી હું માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી કરું છું. વિવિધ યોજનાઓ અંતર્ગત રાજ્ય અભિયાનના ભાગરૂપે ખૂબ મોટી સંખ્યામાં મોટા દૂધાળા પશુઓને, ઘેટાં-બકરાં વર્ગના પશુઓને કૃમિનાશક સારવાર હેઠળ આવરી લઇ રાજ્યના પશુપાલકોને પશુઓના ઉત્પાદન અને ઉત્પાદકતામાં વૃદ્ધિ કરવા માટે સરકાર સહભાગી બની છે. એ જ પ્રમાણે રોગપ્રતિકારક શક્તિ ડેવલપ કરવા માટે સમયાંતરે રસીકરણની પ્રક્રિયા પણ આ સરકારે હાથ ધરી છે એટલે આ સરકાર પશુપાલકો માટે ખૂબ કટિબદ્ધ છે. મારે કહેવું છે કે, વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના માટે રૂપિયા ૨૮ કરોડની જોગવાઇ અને ૪૬૦ જેટલા ફરતા પશુ દવાખાના માટે રૂપિયા ૩૬ કરોડની જોગવાઇ કરી છે. એનાથી ખૂબ મોટી સંખ્યામાં પશુપાલકોને લાભ થવાનો છે એટલા માટે હું આ માગણીને સમર્થન આપું છું. પશુઓના રોગ નિદાન અને સારવાર માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી પશુના સ્વાસ્થ્યની આધુનિક સુવિધા ઊભી કરવા માટે હરહંમેશ ચિંતા કરતી આ સરકારે ગ્રામ્ય વિસ્તારમાં પશુ દવાખાનાઓ તેમજ જિલ્લા કક્ષાની વેટરનરી પોલિક્લિનિક અને પશુ રોગ અન્વેષણ એકમના આધુનિકરણ માટે કુલ રૂ.૧૧.૪૦ કરોડની જોગવાઇ આ વર્ષના બજેટમાં કરી છે એને હું સમર્થન આપું છું. માલિક વિહોણા પશુઓની સારવારની વાત આવે ત્યારે આપણા માનનીય વિજયભાઇ રૂપાણી જે

સંવેદનશીલ છે અને આખી સરકાર પણ સંવેદનશીલ છે એના કારણે કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ની સેવાઓ શરૂ કરવામાં આવી છે. આ સેવા અંતર્ગત ૩૭ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સની સેવાઓ ચાલુ રાખવા અને ૧૦ નવી એમ્બ્યુલન્સ સેવા ઉમેરી વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં રૂપિયા ૧૩.૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણને ખબર છે કે મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે પક્ષીઓ ઘાયલ થાય અને એમની સારવાર અને ઓપરેશનની સુવિધા વિનામૂલ્યે થાય એવા ઉમદા ઉદ્દેશ સાથે પશુપાલન અને વન વિભાગના કોલોબરેશનથી કરૂણા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે અને એમાં પક્ષીઓને રેસ્ક્યુ કરવામાં આવે છે. આગામી વર્ષમાં પણ આ યોજના ચાલુ રહે એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગીર અને કાંકરેજી ગાયમાં કૃત્રિમ બીજદાન કરી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે સરકારે વાછરડી દીઠ રૂ.૩૦૦૦ની સહાય ચૂકવવાનું નક્કી કર્યું છે. જો આવું થશે તો સમગ્ર વિસ્તારમાં વાછરડીઓનું પ્રમાણ વધશે અને પરિણામે દૂધ ઉત્પાદન પણ વધશે અને પશુપાલકોને એમાં ફાયદો થશે. ખેડૂતોની આવક બમણી કરવાનું માનનીય પ્રધાનમંત્રીશ્રીનું જે લક્ષ છે એને પૂરું કરવા માટે આખા દેશમાં કૃત્રિમ બીજદાનનું કવરેજ ૭૦ ટકા સુધી લઇ જવા માટે કેન્દ્ર સરકારે લક્ષ નિર્ધારિત કરેલ છે અને આપણે સૌ સાથે મળી એ લક્ષને પૂર્ણ કરીશું તો આપણી ૫ બિલિયન ઇકોનોમીની વાત છે એમાં પશુપાલકો અને ખેડૂતોનો પણ રોલ રહેવાનો છે ત્યારે ખેડૂતો પણ સક્ષમ બનશે તો આપણે શ્રી નરેન્દ્ર મોદી સાહેબના સપનાંને સાકાર કરી શકીશું. પશુ સંવર્ધનની અદ્યતન ટેકનોલોજી આધારિત સેક્સ સીમેન ડોઝના ઉપયોગને રાજ્યમાં પ્રોત્સાહિત કરવાની દિશામાં ભારત સરકારશ્રીની સહાયથી રાજ્ય સરકાર મક્કમ ગતિથી આગળ વધી રહી છે. ટેકનોલોજીનો ઉપયોગ કરી વાછરડીનો જન્મ થવાથી પશુપાલનનો વ્યવસાય ખૂબ નફાકારક થવાનો છે. રાજ્યની આવકમાં પણ ચોક્કસપણે વધારો થવાનો છે. રાજ્યમાં તાલુકા કક્ષાની પશુપાલન શિબિર અને જિલ્લા કક્ષાની પશુપાલન શિબિરથી રાજ્ય સરકાર પશુપાલકોને પશુ સ્વાસ્થ્ય, પશુ સંવર્ધન, પશુ રહેઠાણ, પશુ પોષણ તેમજ વિવિધ ઋતુઓમાં પશુઓની સાર-સંભાળ અંગેની સમજ અને જ્ઞાન આપવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. આગામી સમયમાં ગુજરાતનું એક પણ ગામ દૂધ સહકારી મંડળી વગર ન રહે, એક પણ જિલ્લો દૂધ સહકારી સંઘ વગરનો ન રહે તે રીતની ઝુંબેશ આ રાજ્ય સરકારે ઉપાડી છે એટલા માટે આપણે રાજ્ય સરકારની સરાહના કરવી ઘટે. રાજ્ય સરકારની સરાહના કરવી ઘટે.

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવિષ્ટ પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રની વિવિધ દરખાસ્તો તથા યોજનાઓ એ રાજયના તમામ કેટેગરીના પશુપાલકોને પશુ આરોગ્યલક્ષી અને પશુ સંવર્ધનલક્ષી સર્વોત્તમ સેવાઓ પૂરી પાડવાનો સરકારનો નિર્ધાર અને રાજયના પશુપાલકોની આવકમાં વધારો કરવા માટેની રાજ્ય સરકારની કટિબદ્ધતા દર્શાવે છે કે આ સંવેદનશીલ સરકાર એ પશુપાલકો માટે ખૂબ જ સંવેદનશીલ છે અને આપણી ભારત ભૂમિ કૃષિ પ્રધાન છે, આપણો દેશ કૃષિપ્રધાન છે ત્યારે ખેડૂતો અને પશુપાલકોને જેટલા આપણે એમને પ્રોત્સાહિત કરીશું અને મદદરૂપ થઇશું અને જો એ સક્ષમ બનશે તો આપણો દેશ પણ સક્ષમ બનશે. એટલે હું મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને આમાં પણ થોડું ઘણું રહી જતું હોય તો વધારે બુદ્ધિક્ષમતા વાપરીને ખેડૂતો અને પશુપાલકોને વધારે મદદરૂપ થાય તેવી અનેક યોજનાઓ ડેવલપ કરવામાં આવે. ગૌ-સંવર્ધન યોજના વધુ ડેવલપ થાય, એવી હું માગણી કરું છું.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ ગૃહનિર્માણની જે માગણી નં.૭૧ લઇને આવ્યા છે, તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડું, ગામડા માટે ગાંધી બાપુ એવું કહેતા કે ગામ મજબુત હોય તો એ દેશ મજબુત બને. ગામડું એ દેશની કરોડરજ્જુ છે. એને ધ્યાનમાં રાખીને ગ્રામ સુખાકારી હોય તો રાજ્ય સુખાકારી બને અને દેશ પણ સુખાકારી બને. એ ધ્યાનમાં રાખીને આપણી પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગ્રામીણ આવાસ યોજના મૂકી, મનરેગા, મહિલા સશકિતકરણ અન્ય યોજનાઓ મૂકી અને આપણા વડાપ્રધાનશ્રીએ ગામડું મજબુત કરવાની એમની જે ભાવના છે એને હું સમર્થન આપું છું.

મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે જૂની સરકારોમાં ૨૫-૩૦ વર્ષ પહેલાં જૂની સરકારોમાં ગામડાની હાલત અને દશા અને દિશા આપણને ખ્યાલ ન આવે તેવી હતી. ન રસ્તા, ન પાણી, ન લાઇટ, ન રોડ , ન ગટર મને કહેતાં દુઃખ થાય છે કે, ગામડાની અંદર રસ્તાના કોઇ ઠેકાણા ન હતા. વોટર વર્કસ બન્યું હોય, ટાંકી હોય પણ નીચે હોય. પાણી હોય પણ પંચાયતની લાઇટ કપાઇ જવાના કારણે એમને ૩-૩ દિવસ સુધી પાણી વગર વલખાં મારવાં પડતાં હતાં, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એના લાઇટ બિલ, ગ્રામ પંચાયતના વોટર વર્કસના લાઇટ બિલ માફ કર્યાં. અગર પંચાયતના બધા બિલો માફ કર્યા.

બીજી શિક્ષણની વાત કરીએ તો મને કહેતાં ખૂબ દુઃખ થાય કે એમના રાજયની અંદર ધોરણ-૭ હોય, ઓરડા ત્રણ હોય અને શિક્ષક ચાર કે ત્રણ હોય એક આંબલી નીચે ભણે બીજો પિંપળા નીચે ભણે આવી રીતની વ્યવસ્થા હતી. એના કારણે ક્યારેય કોઇ ભણી શકતું ન હતું.

શિક્ષણની વાત કરી અને ખેડૂતની પણ વાત કરીએ તો નાના ખેડૂતો, એ નાના ખેડૂતો સામે એ સરકારોએ જોયું જ નથી. ખેડૂતને તકલીફ કે મુશ્કેલી પડે તેની ક્યારેક એમણે ચિંતા કરી હોત તો આજે ગામ સમૃદ્ધ હોત. ગામ સમૃદ્ધ ત્યારે જ બને કે ખેડૂત ગામડામાં વસે છે તે ખેડૂતના કારણે બીજા લોકોને રોજીરોટી મળે અને ગામ સમૃદ્ધ બને. આના લીધે એમણે કોઇ ધ્યાન

ન આપ્યું અને તેના કારણે ખેડૂતને અકસ્માત થાય તો તેની પણ ચિંતા ન કરી, એક પણ રૂપિયો ન આપ્યો. જયારે આપણી સરકારે એને અકસ્માત થાય તો સરકાર ખેડૂતની વહારે જાય છે.

બીજી વાત કરીએ તો જળ એ જીવન છે અને જળ એ ધરતીનું અમૃત છે. પશુપાલનની બહેને વાત કરી એટલે એ વાત નથી કરતો. હું વાત કરું તો ગામડામાં બિલકુલ લાઇટ ન હતી. મિત્રો હોત તો એમને કહેત કે સાંજે ૭.૦૦ વાગ્યે ફાનસના ગોળા ઘસતા હતા. લાઇટ માટે ખેતરમાં ખેડૂત શું કરે, બબ્બે લોકો ખેતરમાં જાય અને એક પાણી વાળે અને બીજો બૂમ પાડે કે લાઇટ ગઇ, પછી પેલો કહે કે લાઇટ આવી. હવે આ આવી અને ગઇ એમાં જ મોટરો બળી જતી હતી. ખેડૂત ત્રાહિમામ થઇ ગયો હતો. આજે ખેડૂતને સમતોલ ભાવો મળે છે અને ગામડાં આજે સમૃદ્ધ થયા છે. મને કહેતા એ પણ દુ:ખ થાય કે ૨૫–૩૦ વર્ષ પહેલા ગામડાંમાં મને કોઇ બતાવે કે કોઇના ઘેર સાયકલ હતી? આજે ગામડાં સમૃદ્ધ થયા છે, મોટર સાયકલ મળે, ફોર વ્હીલ ગાડી મળે. આજે ગામડાંમાં ૨૪ કલાક લાઇટના લીધે મને કહેતા આનંદ થાય છે કે દસમાનું પરિણામ હોય કે બારમાનું હોય, બોર્ડમાં ગામડાંના છોકરાઓ કયારેય નંબર નહોતા લાવતા પરંતુ છેલ્લા પંદર–વીસ વર્ષથી ગામડાંના દીકરા અને દીકરીઓ બોર્ડમાં નંબર લાવે છે. મારે મહિલાઓની પણ વાત કરવી છે, સરકારે આ મહિલાઓની ચિંતા કરી છે. ગામડાંમાં મહિલા સેવા સહકારી મંડળી બને છે, મહિલા દૂધ મંડળી બને છે અને મહિલા દૂધ મંડળીને રૂપિયા પાંચ લાખ સુધી દૂધઘર બનાવવા માટેની સહાય આપે છે. આ સરકાર પોતાનું સ્વપ્નાનું ઘર બનાવવા માટે પણ સહાય આપે છે. પહેલા ઘર બનાવવા માટે શું થતું? વર્ષ ૧૯૮૩ની વાત કરું છું. ત્યારે સરપંચ હતો, જિલ્લા પંચાયતમાં હતો અને તાલુકામાં પણ હતો, મને કહેતા દુ:ખ થાય કે કેવા મકાન બનાવવામાં આવે? હમણાં સાહેબે આજે વાત કરી હતી તેમ વળી હોય, એની ઉપર પતરા હોય અને વાવાઝોડું આવે તો પતરા અને બધું ઉડીને બહાર જાય, એની દશા બેસી જાય, એ દશા અને દિશા કોઇએ સુધારી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે સુધારી છે. ૨૦૧૧માં થયેલ સામાજિક આર્થિક વસતિ ગણતરી, વર્ષ ૨૦૧૧માં આર્થિક અને ગરીબ એવા લોકોનો સરવે કરાવ્યો અને એમાં પાકું મકાન, કાચું મકાન, ઘર વિહોણા જે લોકો હતા તેમને વર્ષ ૨૦૨૨ સુધીમાં આવરી લેવામાં આવશે એવો સરકારે દ્રઢ નિશ્ચય કર્યો અને ગુજરાતનો એક પણ વ્યક્તિ વર્ષ ૨૦૨૨ સુધીમાં ઘર વિહોણા નહીં હોય તેની સરકારે ખાતરી આપી. વર્ષ ૨૦૧૧માં આપણે એવું નક્કી કર્યું કે એક મકાન માટે રૂપિયા ૧ લાખ ૨૦ હજાર આપ્યા, અને એ પછી મનરેગામાં ૧૭,૯૧૦ રૂપિયા અને શૌચાલય બનાવવા માટે બીજા ૧૨૦૦૦ રૂપિયા એમ બધા મળીને ૧ લાખ ૫૦ હજાર રૂપિયા મકાન બનાવવા માટે આપ્યા, સામાન્ય માણસને ખબર પડે કે દોઢ લાખ રૂપિયા મળે તો આર.સી.સી.નું નાનું મકાન થઇ જ જાય. બીજું, મને કહેતા આનંદ થાય, કોઇ ગરીબ હોય એને કોઇ જગ્યા ન હોય તો સરકાર સો ચોરસ મીટર જગ્યા મફત ફાળવવાની છે. એની પણ ખાતરી આપી છે. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૨,૦૩,૧૮૯ આવાસો પૂર્ણ થયેલા છે. વર્ષ ૨૦૧૮–૧૯ના છ માસમાં મકાન બાંધકામ પૂર્ણ કર્યું હોય એવા ૪૫૦૦ લાભાર્થીઓ છે. જેને રૂપિયા ૨૦ હજારનું પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યું અને આ રીતે ૨૦ હજાર રૂપિયા બીજા ગણીએ તો રૂપિયા ૧ લાખ ૫૦ હજાર વત્તા ૨૦ હજાર એ રીતે રૂપિયા ૧ લાખ ૭૦ હજાર એક મકાન માટે મળે તો મકાન તૈયાર થાય કે ન થાય? આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ઓકટોબર–૨૦૧૪માં ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પરિવારોની સરકારે બીજી વાત એ કરી કે ગુજરાતમાં રહેનાર એક પણ વ્યક્તિ શૌચાલય વગરનો નહીં રહે અને વર્ષ ૨૦૧૪માં નકકી કર્યું કે વર્ષ ૨૦૨૨ સુધીમાં એક પણ કુટુંબ શૌચાલય સિવાય નહીં હોય તેની પણ ખાતરી આપી. બીજી વાત કરીએ તો વર્ષ ૨૦૧૦ અને વર્ષ ૨૦૧૭માં મહાત્મા ગાંધીની પાવન ભૂમિ પોરબંદરની પાવન ભૂમિ ઉપર મહામહિમ રાષ્ટ્રપતિજીની ઉપસ્થિતિમાં સમગ્ર ગ્રામિણ ગુજરાતને ખુલ્લામાં શૌચાલય મુકત રાજય તરીકે જાહેર કરવામાં આવ્યું. સન ૨૦૨૨ સુધીમાં ગુજરાતમાં એક પણ કુટુંબ એવું નહિ હોય કે જેને સંડાસ જવા બહાર જવું પડે. સ્વચ્છ ભારત દિન ૧૦–૨૦૧૯ના કાર્યક્રમમાં શૌચાલય મુકત ઓ.ડી.એફ. જાહેર કર્યો છે. હું એ વાત પણ કરીશ કે કોંગ્રેસના રાજમાં તમે સવારે કોઇ જેઠાકાકા કે માધાકાકાના ઘરે ગયા હોય અને કહો કે કાકા કયાં ગયા છે તો કહેશે કે કાકા તો ડબલું ભરીને બહાર ગયા છે આ સ્થિતિ એમના રાજમાં હતી. મારી બહેનો અને માતાઓ એનો મળ દબાવી રાખીને રાત પડે એની રાહ જોતી અને અંધારુ થાય ત્યારે સંડાશ જવા જતી હતી. મારે આ તકે ઇચ્છા શકિતની વાત કરવી છે સામેવાળા હોત તો કહેત કે ઇચ્છા શકિત કોને કહેવાય? અમારી સરકાર આવી એને ચાર જ મહિના થયા હતા અને ચોથા મહિનામાં રથયાત્રા આવી ત્યારે એ જ અધિકારીઓ હતા, એ જ પ્રજા હતી પરંતુ અમારી ઇચ્છા શકિત હતી, પહેલા જગતનો નાથ પરેશાન થતો હતો. એના ઉપર પથરા પડતા હતા. અમારી સરકાર આવી અને ચાર જ મહિનામાં બધું બંધ થઇ ગયું. આ ઇચ્છા શકિત કહેવાય. આજે દેશમાં ગુજરાત નંબર વન છે અને દુનિયામાં પણ એની સરાહના થાય છે એવી વાત કરીને મારી વાત પૂર્ણ કરું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર–૭૪ આદરણીય કૃષિ મંત્રીશ્રી અને વાહન વ્યવહાર મંત્રીશ્રી ફળદુ સાહેબ લઇને આવ્યા છે એને સમર્થન આપીને મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

રાજયના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પ્રગતિ માટે ઘણા બધા પરિબળો મહત્વના છે. એમાં રસ્તાઓ અને એના ઉપરનો વાહન વ્યવહાર છે એ કોઇપણ રાજયની કરોડરજ્જૂ સમાન છે એમ કહીએ તો ખોટું નથી. જેટલી મજબૂત યાતાયાત વ્યવસ્થા એટલી સુદ્રઢ રાજયની પ્રગતિ. ગુજરાત રાજય આજે કેટલાય મોરચે અવલ્લ નંબરે છે એનું કારણ રાજયનો વિકસિત વાહન વ્યવહાર છે. આ ટેકનોલોજીના યુગમાં આ વાહન વ્યવહારને વધુમાં વધુ પ્રજાભિમુખ બનાવવાના પ્રયત્નો થયા છે. સન ૨૦૦૧માં ગુજરાત રાજયમાં વાહનોની સંખ્યા ૫૫.૭૬ લાખ હતી એ આજે સન ૨૦૧૯માં ૨.૬૦ કરોડ જેટલી થયેલ છે. જયારે

લર્નીંગ લાઇસન્સની વાત કરું તો એક જમાનો એવો હતો કે લર્નીંગ લાઇસન્સ કઢાવવું હોય તો ખૂબ જ તકલીફ પડતી હતી. મેં એવા પણ દિવસો જોયા છે જ્યારે એ કઢાવવા માટે જઇએ ત્યારે કલાકોના કલાકો લાઇનોમાં ઉભા રહેવું પડતું હતું. હું આ રાજય સરકારને અભિનંદન આપીશ કે આ લર્નીંગ લાઇસન્સ માટે હવે જિલ્લા કક્ષાએ જવાની જરૂર નથી. હાલના તબક્કે ગુજરાત રાજયમાં ૨૮૭ આઇ.ટી.આઇ. આવેલી છે એમાંથી ૨૨૧ આઇ.ટી.આઇ.માં લર્નીંગ લાઇસન્સ આપવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે. પહેલા ફકત ૩૬ જેટલી આર.ટી.ઓ કચેરીમાં આ કામગીરી થતી હતી એના બદલે હવે આઇ.ટી.આઇ.માં તાલુકા કક્ષાએ પણ આ કામગીરી કરવામાં આવે છે. એના લીધે જિલ્લા કક્ષાએ જે વાહન વ્યવહાર થતો હતો, ટ્રાફિક જામ થતો હતો એ પ્રશ્ન હલ થવાનો છે. આર.ટી.ઓ.ની સાત જેટલી સેવાઓ ઓનલાઇન કરવામાં આવી છે.

સભાપતિશ્રી : અત્યારે વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે. સભાગૃહ ફરી છ કલાકે મળશે.

**(વિરામ સાંજના ૫-૩૦ થી ૬-૦૦)**

**સભાપતિ ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**શ્રી પિયુષભાઇ દેસાઇ (ક્રમશઃ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું લર્નિંગ લાઇસન્સની આપને વાત કરતો હતો. હવે સાત જે ઓન લાઇન સેવાઓ જેવી કે, વાહનની નોંધણી હોય, પસંદગીના નંબરો હોય, ટેમ્પરરી પરમીટ હોય, સ્પેશિયલ પરમિટ હોય એ તો ઓન લાઇન ચાલુ કરી પરંતુ એ ઉપરાંતની બીજી સાત સેવાઓ પણ ઓન લાઇન ચાલુ કરવામાં આવી છે, એ ખૂબ આનંદની વાત છે. તમારે ડ્રાઇવિંગ લાઇસન્સમાં રિન્યુ કરવાનું હોય, ડુપ્લીકેટ લાઇસન્સ હોય, લાઇસન્સ સંબંધી તમારે માહિતી જોઇતી હોય, ડુપ્લીકેટ આર.સી. બુક લેવાની જરૂર હોય તો એના માટે પણ તમારે આર.ટી.ઓ. કચેરી સુધી આવવાની જરૂર નથી. આ ખૂબ મોટો ક્રાંતિકારી નિર્ણય, આપણે ડિજીટલ યુગમાં પ્રવેશ કરીએ છીએ એ વાહન વ્યવહાર ખાતાએ જે લીધો છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને આપણા ફળદુ સાહેબને પણ ખૂબ ખૂબ હું અભિનંદન આપું છું.

તે સિવાય, જે ચેક પોસ્ટોની વાત છે, આપણે ઘણી બધી વાતો કરીએ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશની પણ આપણે શું કર્યું? તો આ કર્યું છે. ગુજરાત સરકાર દ્વારા વાહન વ્યવહાર ખાતા હસ્તકની ૧૬ ચેક પોસ્ટોની નાબૂદી તા.૧૯-૧૧-૨૦૧૯થી કરવામાં આવી છે. આ ચેક પોસ્ટો નાબૂદ કરવાનો રાજ્યનો પ્રગતિશીલ અને ઐતિહાસિક નિર્ણય સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યે કર્યો છે. આ નિર્ણયથી ગુજરાત રાજ્ય અને દેશનો વાહન વ્યવહાર ઝડપી, કાર્યક્ષમ અને નફાલક્ષી બન્યો છે. ઇઝ ઓફ ડુઇંગની દિશામાં ગુજરાત સરકારનું આ મહત્વપૂર્ણ કદમ છે એમ કહું તો ખોટું નથી. એના લીધે એક પણ અધિકારી કે કર્મચારીએ ચેક પોસ્ટ પર ફરજ બજાવ્યા સિવાય, સરકારે લોકોમાં મૂકેલા વિશ્વાસને ઓન લાઇન સિસ્ટમે ચરિતાર્થ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચેક પોસ્ટ નાબૂદીનો ગુજરાત સરકારનો પ્રગતિશીલ અને હિંમતભર્યો નિર્ણયે અન્ય રાજ્યોને પણ અનુકરણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે. મારા મિત્રો અહીંયા બેઠા છે, એક ખૂબ સારી વાત બધાના ધ્યાન પર છે અને જે મારા વિસ્તારની વાત હું કરવા માગું છું. એસ.ટી. નિગમને ફ્યુઅલ ઓટોમેશન અંતર્ગત સ્કોટ સિલ્વર એવોર્ડ મળ્યો છે, આપણા ગુજરાતને આ એવોર્ડ મળ્યો છે. ઘણી બધી ચર્ચાઓ થઇ, ઘણી વાતો થતી હતી, આજુબાજુના વિરોધપક્ષથી માંડીને આપની ડાબી તરફના સભ્યો નથી એટલે મારે એના માટે વિશેષ વાત કરવી નથી. પરંતુ નિગમ દ્વારા વર્ષ ૨૦૧૮ના વર્ષની અંદર કુલ ડ્રાઇવરો ૯૩૩ અને ૧૯૯૭ જેટલા કન્ડકટરોની જે વર્ષોની માગણી હતી એ ભરતી કરી છે. ગુજરાત સરકાર અને આદરણીય ફળદુ સાહેબ અને એમનો વિભાગ અભિનંદનને પાત્ર છે.

મારે સાથે સાથે બીજી એક વાત કરવાનું મન થાય છે કે, અમારા શ્રી નરેશભાઇ અહીંયા બેઠા છે, શ્રી મોહનભાઇ, શ્રી કનુભાઇ, શ્રી ભરતભાઇ, શ્રી અભેસિંહભાઇ છે તેમને એક ચિંતા સતાવે છે કે, કન્ડકટરની ભરતી તો થઇ પરંતુ...

સભાપતિશ્રી : એક જ મિનિટમાં પૂરું કરો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હા, એક જ મિનિટમાં, બહું અગત્યનું છે. આપ મહિલા છો, માતૃશક્તિ છો એટલે આપને કહેવાય. આ બહેનોની જે હાઇટ માટેની જે વાત હતી. ડ્રાઇવરમાં તો હાઇટ હોવી જ જોઇએ. શ્રી નરેશભાઇએ મને ખૂબ સારું યાદ અપાવ્યું, પરંતુ બહેનોની હાઇટની અંદર બાંધછોડ કરવાની જરૂર છે. નોર્મલ હાઇટમાં પણ એને કન્ડકટર તરીકે રાખી શકાય તો હું એમ માનું છું કે, અમારા આદિવાસી વિસ્તારની અંદર આમાં ખૂબ મોટા આશીર્વાદરૂપ થવાશે. દક્ષિણ ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર, વાતાવરણ એવું છે એટલે હાઇટ થતી નથી. આપ ખૂબ ઉદાર છો એટલે અને વિચારોની ક્લેરિટી સાથે જ્યારે અમારા મંત્રીશ્રી ફળદુજી કામ કરી રહ્યા છે ત્યારે મને ચોક્કસ વિશ્વાસ છે કે, આ બાબતમાં તેઓ પ્રતિઘોષ પાડશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લી એક કરવી છે કે, આ વાયબ્રન્ટ ગુજરાતમાં પહેલીવાર એવું બન્યું છે કે, નિગમ દ્વારા વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૯માં ભાગ લઇને વૈશ્વિક સ્તરે આગવી ઇમેજ ઊભી કરીને ૧૧ કંપનીઓ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આ ખૂબ મોટો ઇતિહાઇ સર્જયો છે, ન ભૂતો ન ભવિષ્ય અને એને માટે હું આ માગણીને સમર્થન આપું છું, આભાર.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તે માગણીઓને હું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જ્યારથી ભાજપની સરકાર આવી છે. ખેડૂતોની ચિંતા આ સરકારે કરી છે. અમારા કૃષિ મંત્રી માનનીય ફળદુ સાહેબ ખૂબ સારું કામ કરે છે, ખેડૂતોની ચિંતા કરે છે. ખેડૂતોના પ્રશ્નોને વાચા આપે છે. તેમને સાંભળે

છે અને ખૂબ સારા ઓલિયા માણસ છે ત્યારે મારે તેમને અભિનંદન આપવા છે. ખેડૂતોની જે વાત લઇને આવ્યા છે, વાહન વ્યવહારની જે વાત લઇને આવ્યા છે તેમાં હું એક વાત કરું કે ગામડામાં મોટી બસો ચાલે છે અને બસો ખાલી જાય છે. એટલે મારી વિનંતી છે કે નાની બસો ગામડેથી તાલુકા કક્ષાએ બાળકોને લઇ જવા માટે સ્કૂલના ટાઇમીંગ બરાબર સચવાય. પરીક્ષામાં બાળકોને તકલીફ ન પડે એવી અગમચેતી વપરાય. આ વખતે થોડી તકલીફ આવી હતી. મારે શ્રી ફળદુ સાહેબને અભિનંદન આપવા પડે. એમના પી.એ.એ વાત કરી અને મારી એ બસ ચાલુ કરી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખેડૂત કલ્યાણની બીજી વાત કરવી છે. જગતના તાતને જ્યારે તકલીફ પડે છે. ખેડૂત પોતાનો માલ તૈયાર કરે છે ત્યારે વન્ય જીવોના ઘર્ષણો વધવાની ઘટના આકાર લેવાના સંજોગો ઉપસ્થિત થવાના બનાવો નોંધાવા પામેલ છે. ખાસ કરીને તૃણભક્ષી પ્રાણીઓ જેવા કે રોઝડા, નીલગાય, જંગલી ભૂંડ અને અન્ય વન્ય જીવો ખેડૂતના ખેતરમાં ઉભા પાકને ભેલાણ કરી નુકસાન કરવાની ઘટનાઓમાં વધારો થવા પામેલ છે. મારે એ કહેવું છે કે ખેડૂતોના ખેતરને ફરતી તારની વાડ બનાવવાની યોજના ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના તમામ જિલ્લાઓમાં તમામ ખેડૂત ખાતેદારો માટે છે. તેની યુનિટ કોસ્ટ ૩૦૦ રૂપિયા રનીંગ મીટર છે. આ યોજનામાં ૫૦ ટકા સામાન્ય ખેડૂતો માટે અને ૮૦ ટકા એસ.ટી. ખેડૂતો માટે આપવામાં આવે છે. સામાન્ય ખેડૂતો માટે ૧૦ હેક્ટરનો વિસ્તાર આવે છે અને એસ.ટી. ખેડૂતો માટે ૫ હેકટરનો વિસ્તાર છે. જે યોજનાઓ એમણે મૂકી છે તો ખેડૂતોની ચિંતા જ્યારે આ સરકાર કરતી હોય ત્યારે બજેટમાં વધારો કરે એવી મારી શ્રી નીતિનભાઇ સાહેબને પણ વિનંતી છે. ગામડાના ખેડૂતોની વાત કરીએ તો ભૂંડ વગેરે કપાસમાં પેસી જાય છે, કેળમાં પેસી જાય છે. અનાજના ખેતરમાં પેસી જાય છે. આ પરિસ્થિતિ બને છે. તેના માટેની યોજના ખૂબ સારી છે. ૫ હેક્ટરની જે વાત લાવ્યા છે તેમાં ખેડૂતોની સંખ્યામાં વધારો કરે એવી મારી લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની જ્યારે વાત કરી છે ત્યારે અમારા વિસ્તારની અંદર જોજવા ડેમમાંથી જોજવા કેનાલ મારફતે ડભોઇના તળાવોમાં પાણી જાય છે. જોજવા ડેમ અત્યારે કાંપથી ભરાઇ ગયો છે. તેની કેનાલનો ૧૭ કિલોમીટરનો વિસ્તાર છે એ કાચી કેનાલ છે તેને પાકી કરવામાં આવે તો પાણીનો બગાડ ન થાય અને ડભોઇના લોકોને પાણી મળી શકે તેમ છે. બીજું, આ ડેમ કાંપના કારણે ભરાઇ ગયેલ છે. તો તેને સાફ કરવો પણ જરૂરી છે. મારી ઓરસંગ નદી ઉપર બાંગાપુરા રેતી ખનનના કારણે પાણીના સ્તર નીચા ગયા છે, મેં સિંચાઇ મંત્રીશ્રીને માગણી કરી છે કે આ નદી ઉપર ચેકડેમ બનાવવામાં આવે તો પાણીનું સ્તર ઉચું આવે, લોકોના કૂવાઓમાં પાણીનું સ્તર ઉંચું આવે અને લોકો સારી રીતે ખેતી કરી શકે. અમારી હેરણ યોજનામાં જે રાજવાસણા ડેમ આવેલો છે એમાં પણ કાંપ ભરાઇ ગયો છે, એનો ત્રણ તાલુકાને લાભ મળે છે. આ હેરણ અને રાજવાસણાનો લાભ સંખેડાને પણ મળે છે, આનું સ્ટ્રક્ચર તદ્દન ખલાસ થઇ ગયું છે. આની રજૂઆત હું એક વર્ષથી કરતો આવ્યો છું. રાજવાસણા ડેમ બનવાથી ત્રણ તાલુકાને પાણી મળશે. મારા લીંડા ટેકરા સિંચાઇ વિસ્તાર જે તળાવ છે એ તળાવ પણ ભરાઇ ગયું છે, એને જો સાફ કરવામાં આવે લોકોને લાભ મળે. બાજુના ગામડાની અંદર એમના ખેતરોમાં પાણી ઉભરાય છે એટલે એમાં શીલ્ટીંગ બરાબર થાય, એનું બરાબર ચણતર થાય એવી પણ મારી લાગણી છે. ભારે વરસાદને કારણે મારા નસવાડી તાલુકામાં અશ્વીન નદીનું જયારે આ વખતે પાણી આવ્યું ત્યારે અમારા નસવાડી તાલુકાના ગામો મોઢલા, પલાસણી, રામપરી, આનંદપરી, નસવાડી, પોટલીપુરા જેવા ગામોમાં પાણી ભરાઇ ગયું હતું અને નદીએ વહેણ બદલ્યું એટલે ગામડામાં પાણી ભરાઇ ગયું હતું. નસવાડી બહુ મોટું તાલુકાનું મથક છે. ત્યાં સીધું પાણીનું વહેણ આવે છે એટલે ત્યાં મોટી દીવાલ બનાવવાની માગણી પણ મેં લગભગ બે વર્ષથી કરેલી છે. આ જે ગામો બોલ્યો છું એ ગામોની પણ નોંધ લેવાય, એ નદીઓ ઉપર ચેકડેમ થાય, મોઢલા ગામે ચેકડેમ થાય, મેઇન નદી ઉપર પાલા અને ઢેફામાં પાણીના આવરાને કારણે એ ગામો ખાલી કરવા પડે છે, એવા ગામોમાં મોટી સંરક્ષણ દીવાલો બનાવવામાં આવે એવી પણ મારી લાગણી છે અને સિંચાઇની ખૂબ વાત કરી છે ત્યારે આ વિસ્તારમાં યોજનાકીય માહિતીની અંદર ખૂબ સારી વાતો થાય છે. આજવા ડેમ હોય, કડાણા ડેમ હોય, પાનમ ડેમ હોય એમાં અસરકારક ખૂબ સારું કામ કર્યું છે એ બદલ આભાર અને આ માગણીને હું સમર્થન કરું છું.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની માગણી નં. ૭૧ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો દર્શાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસ પ્રભાગ એટલે ગામડાનો વિકાસ. ગામડામાં રહેતા યુવાનોને રોજગારી આપવાનો આ પ્રભાગ છે. ગામ સમૃદ્ધ થાય અને સુખાકારી મેળવે તો જ રાજય અને રાષ્ટ્રનો વિકાસ થાય એવા શુભ આશય સાથે કેન્દ્ર પુરસ્કૃત યોજનાના અમલીકરણ માટે ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવે છે. આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આપણે જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા પડે એમ છે. મહાત્મા ગાંધીજીની વિચારધારાને સાર્થક કરવાનું જો કોઇએ ભગીરથ કાર્ય કર્યું હોય તો આપણા દેશના વડાપ્રધાને કર્યું છે. સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશમાં બીજી ઓક્ટોબર ૨૦૧૪થી ગ્રામ્ય વિસ્તારમાં અમલી બનાવી છે. અમારા ગામડાની શ્રી બાબુકાકાએ ખૂબ વેદના દર્શાવી. અમારા ગામડાની અંદર શૌચાલયને કારણે બહેન–દીકરીઓને ખૂબ મુશ્કેલી પડતી હતી. કોંગ્રેસના સમયમાં શૌચાલયના ૭૦૦ રૂપિયા આપતા હતા અને આપણા દેશના વડાપ્રધાને રૂપિયા ૧૨૦૦૦ જેટલી માતબર રકમ આપી અને શૌચાલય બનાવવા માટેનું ભગીરથ કાર્ય કર્યું હોય તો આપણા દેશના વડાપ્રધાન અને આપણા રાજયના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે. ગામડાની અંદર અને નાના નાના શહેરોમાં અમારા ગ્રામ્ય બજાર વિસ્તારમાં જે શૌચાલયો ન હતા અને ખૂબ અગવડ પડતી હતી. એના માટે અત્યારની સરકારે જે ૨ લાખ રૂપિયા સુધીના શૌચાલયો બનાવી

આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે એ બદલ આ સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપવા માગું છું. એ સિવાય આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને આપણા દેશના વડાપ્રધાને એક ખૂબ સરસ યોજના ગ્રામ્ય વિસ્તારના જે ઘર વિનાના પરિવારો સ્વપ્નનું ઘર મેળવવા માટે ઇચ્છા ધરાવી રહ્યા હતા. પહેલાની સરકારોએ જ્યારે ઘર આપવા માટે નક્કી કર્યું ત્યારે ફોર્મના પૈસા લીધા પણ ઘર મળ્યું નહીં. આ રાજ્યના મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન જ્યારે આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અહીંયા હતા ત્યારે આવા ઘર વિહોણા પરિવારોને ઘરનું ઘર આપવા માટેનો નિર્ધાર કર્યો હતો અને તેમાં જ્યારે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ભારત સરકારના વડાપ્રધાન બન્યા પછી પ્રધાનમંત્રી આવાસ યોજના મૂકી. પહેલા ૭૦ હજાર રૂપિયા મળતા હતા તેના બદલે ૧ લાખ ૪૯ હજાર ૯૧૦ રૂપિયા જેટલી રકમ મળે છે. ખૂબ સરસ ઘર બને છે. આ ઘર બનાવવામાં આવે છે પરંતુ ગામડાના લોકોને જે ટાઇપના મકાનો જોઇએ, જે રીતે એને સરળતા રહે એ ટાઇપથી પોતે મકાનો બનાવી શકે એવી ૪૧ જાતની ડિઝાઇનો તૈયાર કરવામાં આવી છે. ગામડાના લોકોને આ ઘરનું ઘર મળી જાય એ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં બધાને આવરી લેવાનો દ્રઢ નિર્ધાર પણ કરેલો છે. પરંતુ વર્ષ ૨૦૧૧માં જેને જરૂરિયાત હતી એનો જે સરવે થયેલો એમાં થોડી ત્રુટી રહી ગયેલી. આ બાબતે હું થોડું ધ્યાન દોરીશ કે બે દિવસ પહેલા આપણા ગ્રામ વિકાસ મંત્રીશ્રી ફળદુ સાહેબને મળ્યો હતો. અત્યારે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગામડાના લોકોને તો જાહેર કરી દીધા છે કે વર્ષ ૨૦૨૨ સુધીમાં આવાસો, કાચા ઘરને પાકા ઘરો આપી દેવામાં આવશે. એટલે વર્ષ ૨૦૧૧ પછીનું જે ઓન લાઇન થયું છે એમાં મારા વિસ્તારની વાત કરું તો ૧૦ હજાર જેટલા પરિવારોએ મકાનની માગણી કરી છે. એની ઓન લાઇન અરજી પણ થઇ ગઇ છે. આમ તો તાપી જિલ્લામાં ૭૫ હજાર જેટલી અરજીઓ થઇ છે એવું મારા ધ્યાનમાં આવ્યું છે. સુરતમાં ૩૬ હજાર જેટલા પરિવારોએ ઓન લાઇન ઘરો ટેગીંગ કરાવી દીધા છે. એને વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાના છે ત્યારે સરકારશ્રીનું ધ્યાન દોરું છું કે લોકો આવાસો માગી રહ્યા છે. અમે ગામડામાં જઇએ એટલે અમને કહેવામાં આવે છે કે આવાસો ક્યારે મળશે? તો એને ધ્યાનમાં લેવામાં આવે. એ આવાસો વહેલામાં વહેલી તકે મળે એવી કાર્યવાહી કરવામાં આવે. સાથોસાથ આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગામડાની મહિલાઓ બહાર નીકળતી ન હતી એ મહિલાઓના સખી મંડળોની સ્થાપના કરવામાં આવી અને સ્વસહાય જૂથો કરવામાં આવ્યા. જેના કારણે સંગઠન ક્લસ્ટર ફેડરેશન બનાવી તેમની આજીવિકા માટે નાણાકીય સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેઓ દ્વારા ઉત્પાદિત થતી ચીજો વેચાણ માટે બજારમાં મૂકવામાં આવે છે. નારી નામની હોટલ મારા આદિવાસી વિસ્તારમાં ચલાવવામાં આવે છે અને બાજરીના રોટલા, નાગલીના રોટલા અને ચોખાના રોટલા-શાક આપીને મહિલાઓ પોતે પગભેર થઇને રોજગારી મેળવે છે. ખૂબ સરસ આ ગ્રામ વિકાસ યોજનાના માધ્યમથી આદિવાસી વિસ્તારમાં બહેનોને ખૂબ સરસ રીતે રોજી મળે છે તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને ફળદુ સાહેબને ધન્યવાદ આપવા માગું છું.

'' **વક્ત કી ધારા મેં અચ્છે અચ્છો કો મજબુર હોતે દેખા હૈ,**
**કર શકો તો કિસીકો ખૂશ કરો, દુઃખ દેતે હુએ હજારો કો દેખા હૈ**''

અસ્તુ, ભારત માતાકી જય.

શ્રી અજમલજી વ. ઠાકોર(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ વર્ષ ૨૦૨૦-૨૧ની માગણીઓ ઉપર દરખાસ્ત લાવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો ખેરાલુ તાલુકો એટલે ફક્તને ફક્ત ખેતી અને પશુપાલનની અંદર આ વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ સાહેબે જે મારા વિસ્તારની અંદર ચીમનાબાઇ, ડભોડા અને વસંત તળાવમાં નર્મદા-મોઢેરા પાઇપ લાઇનથી સતત પાણી નાખવા બદલ હું એમનો ખૂબ ખૂબ મારા વિસ્તારના ખેડૂતોવતી અભિનંદન અને આભાર વ્યક્ત કરું છું. આપણા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલે ખેડૂતો માટે કહ્યું છે કે, આ જમીનની ઉપર કોઇને છાતી કાઢીને ચાલવાનો હક્ક હોય તો ફક્તને ફક્ત જગતના તાત ખેડૂતને જ છે, જેને સાર્થક કરવા માટે આપણી સંવેદનશીલ સરકારે જુદી જુદી ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ દ્વારા આ સિદ્ધ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સાચી સંપત્તિ ટંકશાળામાં નહીં પણ ભૂમાતામાં છે એ સિદ્ધ કરવા માટે આપણી સંવેદનશીલ સરકારે સિદ્ધ કરવા આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે ખેતી પદ્ધતિથી ખેડૂતોને વર્ષ ૨૦૨૨માં વધુ ઉત્પાદન મળે અને એમની આવક બમણી થાય એ માટે આપણી સરકારે પ્રયત્ન કરેલ છે. ઋષિ અને કૃષિની પરંપરાના સંસ્કારોથી સિંચિત ગુજરાત રાજ્ય આજે કૃષિ અને તેના સંલગ્ન ક્ષેત્રમાં અવિરત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે જેની આપણા દેશમાં જ નહીં પણ સમગ્ર વિશ્વમાં સરાહના થઇ રહી છે. રાજ્યના ખેડૂતો કૃષિ ટેકનોલોજી અપનાવવાની સાથે સાથે આપણો કૃષિ વારસો પણ જાળવી રાખવામાં સફળ રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ગૌરવ થાય છે કે, રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ સહાય, પ્રોત્સાહનો, મારા રાજ્યના કૃષિકારોની કુનેહ, સૂજબૂઝ અને ધગશના પરિણામે રાજ્ય કૃષિ ક્ષેત્રે નીત નવા આયામો પ્રસ્થાપિત કરી રહ્યું છે. અમારી સંવેદનશીલ સરકાર દ્વારા ખેડૂતોને કૃષિમાં આવતા વિવિધ જોખમો માટે પણ ખૂબ જ ત્વરિત અને ઐતિહાસિક નિર્ણયો લઇને રાજ્યના ખેડૂતો ઉપર પૂર, કમોસમી વરસાદ, વાવાઝોડા જેવી કુદરતી આફતોમાં પણ સહાયરૂપ થવામાં તમામ પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ રાજ્યની અંદર કૃષિ ઇનપૂટ સહાય દ્વારા રાજ્યમાં વર્ષ ૨૦૧૭માં જુલાઇ માસમાં થયેલ અતિવૃષ્ટિથી ખેતીના પાકોને થયેલ નુકસાનીમાં બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, મોરબી, અમરેલી, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, જામનગર, અરવલ્લી, ભાવનગર, મહેસાણા અને ગાંધીનગર એમ કુલ ૧૫ જિલ્લાઓના પાત્રતા ધરાવતા ૪,૭૩,૬૩૬ જેટલા અસરગ્રસ્ત ખેડૂતોને

રૂપિયા ૮૦૫.૩૩ કરોડની ઇનપૂટ સહાય આપવામાં આવેલી છે. વર્ષ ૨૦૧૮ના જુલાઇ માસમાં રાજ્યમાં થયેલ અતિવૃષ્ટિમાં ખેતી પાકોને થયેલ નુકસાનમાં ગીર–સોમનાથ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર, તાપી અને નવસારી એમ કુલ ૬ જિલ્લાઓના પાત્રતા ધરાવતા કુલ ૫૯૯૮ અસરગ્રસ્ત ખેડૂતોને રૂપિયા ૪૭.૮૨ કરોડની ઇનપુટ સહાય આપવામાં આવી છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૮–૧૯માં ખરીફ ઋતુમાં ઓછા વરસાદને કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિને ધ્યાને લઇને જે વિસ્તારમાં ૨૫૦ મીલીમીટરથી ૪૦૦ મીલીમીટર સુધી વરસાદ નોંધાયેલો હોય પરંતુ તેવા વિસ્તારમાં પાકની પરિસ્થિતિ સારી ન હોય ખેડૂતોને થયેલ નુકસાન, પાક નુકસાનને ધ્યાને લઇને તે વિસ્તારના ખેડૂતોને રાહત આપવા સરકારશ્રીએ ૪૫ તાલુકાના ખેડૂતોને બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂપિયા ૫૩૦૦થી રૂપિયા ૬૩૦૦ સુધીની કૃષિ ઇનપુટ સહાય આપવામાં આવેલ છે. જે અંતર્ગત ૮.૭ લાખ ખેડૂતોને રૂપિયા ૬૭૩.૭ કરોડની સહાય આપેલ છે. ચાલુ વર્ષે ખરીફ ઋતુમાં પાછોતરા વરસાદના પગલે ખેડૂતોને સહાય માટે સંવેદનશીલ અને નિર્ણાયક સરકાર દ્વારા કુલ ૩૭૯૫ કરોડનું ઐતિહાસિક કૃષિ સહાય પેકેજ જાહેર કરવામાં આવેલ છે. જેની પાત્રતા ધરાવતી અરજીઓના ચૂકવણાની કાર્યવાહી રાજ્યમાં ચાલુ છે. જે અંતર્ગત તા.૫–૩–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના કુલ ૨૯.૫૬ લાખ ખેડૂતોને રૂપિયા ૨૧૫૫.૩૨ કરોડની ચૂકવણી તેઓના બેંક એકાઉન્ટમાં સીધી જ જમા કરવામાં આવેલી છે. ચાલુ સાલે તીડના આક્રમણ સામે રાજ્ય સરકારશ્રી દ્વારા આગોતરા આયોજન અને કૃષિ વિભાગની સમયસર અને ચોકસાઇભરી કામગીરીના કારણે સફળતાપૂર્વક તીડ નિયંત્રણ કરેલ છે. તીડથી રાજ્યના ખેડૂતોના પાકને થયેલ નુકસાન માટે બનાસકાંઠા, પાટણ જિલ્લાના તીડ પ્રભાવિત વિસ્તારના ખેડૂતોને રૂપિયા ૩૨.૭૬ કરોડનું સહાય પેકેજ જાહેર કરેલ છે. જે અંતર્ગત તીડ પ્રભાવિત વિસ્તારના ૧૧૦૦૦થી વધુ ખેડૂતોને વધુમાં વધુ બે હેક્ટર માટે પ્રતિ હેક્ટર રૂપિયા ૧૮૫૦૦ સુધીની સહાય આપવામાં આવેલ છે. આપણી સંવેદનશીલ સરકારે ખેડૂત અકસ્માત વીમા યોજનામાં ખાતેદાર ખેડૂતના આકસ્મિક મૃત્યુ અને કાયમી અપંગતાના કિસ્સામાં તેના વારસદારને સહાય કરવા ખેડૂત વીમા સહાય યોજના ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૬ના દિવસથી શુભઆરંભ કરેલ છે. જૂની સરકારો લઠ્ઠો, દારુકાંડમાં મૃત્યુ થાય તો તેને ૨૫૦૦૦ રૂપિયાની સહાય આપતી હતી પણ આપણી આ સંવેદનશીલ સરકારે જગતના તાતની ચિંતા કરી ખાતેદાર ખેડૂતનું અકસ્માતે મૃત્યુ થાય અથવા તો અપંગતા આવે તો તેના વારસદારને તા.૧૩–૧૧–૨૦૧૮થી સહાયતાના ધોરણો બમણા કરી એટલે કે રૂ. બે લાખની સહાય અને ૫૦ ટકા અપંગતામાં બે આંખ, બે પગ, બે હાથ પૈકી કોઇપણ અંગ ગુમાવ્યું હોય તો તેને રૂ. એક લાખની સહાય ચૂકવવામાં આવે છે. આ યોજનામાં પહેલી એપ્રિલ ૨૦૧૬થી અરજી કરવાની સમય મર્યાદા જે ૯૦ દિવસની હતી તે ૧૫૦ દિવસ કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ખેતીક્ષેત્રે અગ્રગણ્ય રાજ્ય જો કોઇ હોય તો વર્ષ ૨૦૦૧થી આજ સુધીમાં ગુજરાતનો પ્રથમ હરોળમાં કાયમ નંબર રહ્યો છે. એનું કારણ કેવળ ભારતીય જનતા પાર્ટીની સરકાર સમજી રહી છે. કૃષિનો ઋષિ એવો આ ખેડૂત જેને જગતનો તાત કહીએ છીએ એની આંખમાં કદી આંસુ ન આવે એના માટેનો સદાય પ્રયત્ન કરતી રહી છે. ખેડૂતોને અખાત્રીજ આવે, હળની જરૂર પડે. ખેતરને કલ્ટીવેટ કરવાની જરૂર પડે. અષાઢી બીજ આવે, વાવણીની જરૂર પડે. કોઇની સામે હાથ લાંબો કરવાની જરૂર ન પડે એ રીતની વ્યવસ્થા જો કોઇએ કરી હોય તો આદરણીય નરેન્દ્રભાઇએ ચિંતા કરી અને દરેક ખેડૂતના ખાતામાં ૬૦૦૦ રૂપિયા અને કુલ ચાર હપ્તામાં રૂપિયા ૩૧૫૨ એટલે કે ૩૨ કરોડ રૂપિયા એમના ખાતામાં સીધા નાખી દીધા છે. હવે અખાત્રીજ આવે આમ તો સામાન્ય રીતે ખેડૂતો પોતાની જમીનમાં ટ્રેક્ટર દ્વારા ખેડ કરતા હોય ત્યારે એ ખેડના પૈસા ઉધાર રાખતા હોય છે. તેને બિલ ચડતું હોય છે. જ્યારે પાક પાકે ત્યારે તેના પૈસાની ચૂકવણી કરતો હોય છે. પરંતુ પહેલેથી જ એના હાથમાં પૈસા આવે અને બિયારણની જરૂર પડે ત્યારે પૈસા હાથમાં હોય અને તરત જ ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થઇ છે. કૃષિ કલ્યાણ મેળા ભૂતકાળમાં થતા હતા, તે વખતે આદરણીય નરેન્દ્રભાઇ મોદી જે તે વખતના આપણા મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને ખૂબ મહેનત કરી અને ખેડૂતોને આધુનિક ટેકનોલોજી દ્વારા, ટીવીના માધ્યમથી એમણે બધી વાતો ખૂબ વૈજ્ઞાનિક સમજાવે તે રીતે સમજાવી. ખેતીનો ખૂબ વિસ્તાર થાય, સારી રીતે થાય, ઓછી દવાઓ, ઓછા ખાતર અને વધારે પાક માટેના પ્રયત્નો એ કરી ચૂક્યા છે. ટેકાના ભાવની યોજના તો વર્ષ ૧૯૮૩–૮૪થી કેન્દ્ર સરકારો દ્વારા મંજૂર થઇ હતી, પરંતુ આ ટેકાનો ભાવ ક્યારે મંજૂર થાય? જ્યારે પાક ખળામાં આવે અને બજાર સુધી જાય તે વખતે જો ભાવ નીચા થઇ ગયા હોય તો પણ ટેકાના ભાવ પેપર ઉપર રહે. એનો વાસ્તવિક અમલ કરવાની શરૂઆત આપણે ત્યાંથી થઇ છે. પહેલા તો ટેકાના ભાવ જાહેર થાય. શું કરવું, ન કરવું એ કોઇને સમજણ નહોતી પડતી. પહેલી વખત ટેકાના ભાવથી બજાર ભાવ નીચા થાય, ત્યારે સરકાર ખેડૂતોના જણશને ટેકાના ભાવથી ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરી શકે તેની શરૂઆત આપણે કરી છે. વર્ષ ૨૦૧૮–૧૯ માં તુવેર, મગફળી, તલ, મગ, અડદ, ચણા, કપાસ જેવી ખેત પેદાશો અને ૨,૮૬,૦૦૦ ખેડૂતોને નીચા ભાવે ન વેચવું પડે તેવી સગવડ કરી. રૂપિયા ૨૮૦૩ કરોડના ખર્ચે આ સરકારે ખરીદી કરી છે. ૨૦૨૦માં રૂપિયા ૨૪૭૮ કરોડના ખર્ચે ૨.૪૧ લાખ ખેડૂતોને આપણે લાભ આપ્યો. અડદની ખરીદી, તુવેરની ખરીદી, મગની ખરીદી કરી અને એના કારણે ખેડૂતોને ઓછા ભાવે વેચવું ન પડે એની વ્યવસ્થા કરી છે. જ્યારે વીસમી સદી અને હવે તો એકવીસમી સદી જ્યારે આવી રહી છે, ત્યારે યાંત્રિકીકરણની ખૂબ જરૂર છે, ત્યારે ગુજરાત સરકાર પહેલ કરી ચૂકી છે. યાંત્રિકીકરણને વેગ આપવા માટે અત્યાર સુધી જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં ૨૨,૦૭૮ ખેડૂતોને રૂપિયા ૬૨.૩૧ કરોડની સહાય આપવામાં આવી છે. ટ્રેક્ટર, કલ્ટીવેટર છે એમાં ઓછા માણસની જરૂર પડે, ઓછા મજૂરોની જરૂર પડે

એ પ્રકારનાં સાધનો આપવાં, તેમાં સબસિડી આપવી અને સારાં સાધનો તેમના સુધી પહોંચે તેવી વ્યવસ્થા કરી છે. અનાજના ઉત્પાદનમાં ૪ ગણો વધારો થયો છે. તેલીબિયામાં અને કપાસમાં નોંધપાત્ર વધારો થયેલ છે. મગફળીમાં દેશમાં ૪૩ ટકા ફાળા સાથે આપણે દેશમાં પ્રથમ છીએ. જીરું, ધાણા, વરીયાળીમાં દેશમાં પ્રથમ છીએ. કપાસમાં દેશ અને સમગ્ર વિશ્વમાં પ્રથમ અને દેશનું જે કુલ ઉત્પાદન થાય છે, તેના ૩૦ ટકા આપણે પકવીએ છીએ. તીડ પડે તો સરકાર, પૂર આવે તો સરકાર, જાનહાની માલહાનિ થાય તો સરકાર અને કયાંય નાની મોટી જમીનનું ધોવાણ પૂરના કારણે થાય તો પણ સરકાર, જયાં ત્યાં દરેક ક્ષેત્રમાં જયાં ખેડૂતોને તકલીફ પડે તો સરકાર ઉભી હોય છે. તમે ચિંતા ન કરશો, ગભરાશો નહિ, ભાજપની સરકાર, અમે તમારી સાથે છીએ. એ વાતની પ્રતીતિ ખેડૂતોને કરાવી છે. ઘણી વખત કોંગ્રેસના સભ્ય કહેતા હોય છે અને ખેડૂતોની ચિંતાનો દેખાડો કરતા હોય છે. લગભગ હું માનું છું ત્યાં સુધી વર્ષ ૧૯૯૪–૯૫માં વીજળીના કુલ યુનિટો ખેડૂતો વાપરતા હતા તેના કરતા ૩ ગણા કરતા પણ વધારે યુનિટો ખેડૂતો વાપરે છે. મતલબ એ થયો કે ૩ ગણું ઉત્પાદન આપણે મેળવી ચૂક્યા છીએ અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ જે વાત કરી છે કે હજુ પણ વર્ષ ૨૦૨૨ સુધી ડબલ કરવું છે. તો ૩ ગણાનો વધારો અને બીજું ૨ ગણું એમ ૬ ગણું ઉત્પાદન ખેડૂતોના ઘરમાં પાક પહોંચે, એની આવક વધે તેની ચિંતા આ ભાજપની સરકાર કરી રહી છે. તા.૧૫–૧૦–૨૦૧૯ અને તા.૨૦–૧૧–૨૦૧૯ના રોજ પડેલ કમોસમી વરસાદ, આના માટે ભૂતકાળમાં કયારેય ચિંતા થઇ ન્હોતી. વાવાઝોડા જેવી પરિસ્થિતિ, કરા પડ્યા તેના માટે રૂપિયા ૩૮૦૦ કરોડ જેવું પેકેજ આપ્યું હોય તો આ સરકારે આપ્યું છે. બજેટની ચિંતા કર્યા સિવાય ખેડૂતો માટે આપ્યું છે. આપ બજેટના પાને પાને જુઓ તો આર. એન્ડ બી. હોય, ઉર્જા ક્ષેત્ર હોય, પશુપાલન હોય, સહકાર હોય કે કૃષિ હોય કોઇપણ ક્ષેત્રની અંદર તમને ખેડૂત જોવા મળશે. જયારે ખેડૂતોની ચિંતા કરતા હોઇએ ત્યારે દુષ્કાળની અંદર પ્રતિ ખેડૂત કુટુંબદીઠ આપણે રૂપિયા ૫૭૦૦થી રૂપિયા ૬૮૦૦ જેટલી રકમ વરસાદના પ્રમાણના આધારે ખેડૂતના ઘર સુધી પહોંચાડી છે. આમ દરેક પરિસ્થિતમાં ખેડૂતને મદદ કરતી આ સરકાર છે. પુર, વધારે વરસાદ, જમીન ધોવાણ, ઓછો વરસાદ, અષાઢી બીજના દિવસે ખેડૂતને ચિંતા ન કરવી પડે તે બાબતની તમામ ચિંતાઓ આ સરકારે કરી છે. ત્યારે કહેવું છે કે, ગોડાઉન માટેની નવી સ્કીમ ઇન્ટ્રોડ્યુસ કરી છે. પોતાના જ ખેતરમાં એન.એ. કર્યા સિવાય સીધું ગોડાઉન ખેડૂત બનાવી શકે. કયાંય વરસાદના કારણે, કયાંય વાવાઝોડાના કારણે, કયાંય નાના–મોટા રોગોના કારણે તેનો પાક ન બગડે તેના માટે ગોડાઉન તે તેના ખેતરમાં બનાવી શકશે. પોતાનું ઉત્પાદન પોતે પહોંચાડવું પડે. સામાન્ય રીતે દરેક પ્રોડકટ પેદા થાય, ઉદ્યોગકાર કરે કે કોઇ બીજો કરે તો તે પહોંચાડવાની વ્યવસ્થા તેણે જાતે જ કરવાની હોય છે. પરંતુ આજે આ બજેટ દ્વારા તેનો માલ પહોંચાડવાની વ્યવસ્થામાં સરકાર કામ કરે છે. આવી ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોને જયારે પહેલીવાર મળી છે ત્યારે મારે બે–ત્રણ સૂચનો કરવા છે. સરકારે કૃષિ ડિપ્લોમા આપવી જોઇએ. ડિપ્લોમા માટે કૃષિ યુનિવર્સિટીમાં ૭૫ લાખ જેટલી ડિપોઝિટ મૂકવી પડે છે. ૭૫ લાખ ડિપોઝિટ મૂકીને તેનું ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવે તો તેને ખૂબ મોંઘું પડે છે. તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આ જે ૭૫ લાખ ડિપોઝિટ મૂકવી પડે છે તે બાબતની ચિંતા થાય. ખેતીનો વિસ્તાર અને તેનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે, નર્મદા યોજના થકી ખેડૂતોને પાણી આપવાનું છે ત્યારે આ ચિંતા થાય અને વધુમાં વધુ ડિગ્રી ડિપ્લોમા સ્નાતકો મળે તે જોવું જોઇએ. ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી માટેની યોજના આ વખતના બજેટમાં રજૂ કરી છે. પરંતુ પ્રાકૃતિક ખેતીની યોજના રજૂ કરીએ ત્યારે તેમાં ટેકનોલોજીનો ઉપયોગ પણ કરવો જરૂરી છે. માનવબળ ઓછું થાય છે. જીવામૃત તેમજ વનસ્પતિમાંથી બનાવેલા ઔષધોના સ્પ્રે માટે ડ્રોનનો ઉપયોગ થાય તે માટેની મંજૂરી આપવી જોઇએ. જેથી કરીને બાગાયતી અને બીજા પાકોમાં તે મદદરૂપ થઇ શકે.

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને ખેડૂત કલ્યાણની માગણી ઉપર મારા વિચારો ગૃહ સમક્ષ રજૂ કરું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ગુજરાતમાં સ્વર્ણિય વિકાસલક્ષી અંદાજપત્ર રૂપિયા ૨ લાખ ૧૭ હજાર ૨૮૭ કરોડનું લાવવા બદલ અભિનંદન પાઠવું છું. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના આજના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ગુજરાતમાં ખેતીના ઉત્પાદનમાં વધારો કર્યો છે. કૃષિ વિકાસદર ૧૧ ટકાથી વધારે થયો છે. ગુજરાતમાં કૃષિ ઉત્પાદન રૂપિયા ૧ લાખ કરોડથી વધારેનું થયું છે. ગુજરાતના ખેડૂતો સુખી અને સમૃદ્ધ થયા છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી આ વિકાસયાત્રા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં સંવેદનશીલતા, પારદર્શકતા, પ્રગતિશીલતા અને નિર્ણાયકતાના ચાર આધારસ્તંભ સાથે સાતત્યપૂર્ણ અને ગતિશીલતાથી આગળ વધી રહી છે. માનનીય વડાપ્રધાનશ્રીએ ખેડૂતોના કલ્યાણને કેન્દ્રસ્થાને રાખી ગત વર્ષથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત દેશના પ્રત્યેક ખેડૂત કુટુંબને વાર્ષિક રૂપિયા ૬૦૦૦ સહાય આપવાની યોજના અમલી કરી છે અને આ વર્ષે ગુજરાતના ૪૮ લાખ ખેડૂતોને સીધે સીધા તેમના ખાતામાં કુલ રૂપિયા ૩૧૮૬ કરોડ ફાળવવા બદલ માનનીય પ્રધાનમંત્રીશ્રી અને કેન્દ્ર સરકારને અભિનંદન સહ આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકપ્રિય અને સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ સાહેબે રાજયમાં આ વર્ષે કમોસમી અને વધુ પડતા વરસાદના કારણે ખેડૂતોના પાકને થયેલ નુકસાનને ધ્યાને લઇ ભારતીય જનતા પાર્ટીની ખેડૂતલક્ષી સરકારે લાખો ખેડૂતોના હિતમાં રૂપિયા ૩૭૯૫ કરોડનું અત્યાર સુધીમાં સૌથી મોટું કૃષિ સહાયનું જે ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે. આ રકમ લાભાર્થી ખેડૂતોને તેમના બેન્ક ખાતામાં આપવામાં આવી રહી છે. ઉત્તર ગુજરાતમાં અને એમાં ખાસ કરીને અમારા બનાસકાંઠામાં આવી

પડેલી અણધારી આફત તીડ આક્રમણ સમયે ગુજરાત સરકાર દ્વારા સમયસર તાત્કાલીક પગલાં લીધા હતા અને રાજયના માયાળું ખેડૂત પુત્ર એવા માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ સાહેબ ત્રણ વખત રુબરુ બનાસકાંઠાની મુલાકાતે આવી રાત–દિવસ અમારા ખેડૂતોની પડખે રહી ખેડૂતોને સાંત્વના અને સહાય આપવાની હૈયા ધારણા આપી હતી. રાજય સરકાર અને કેન્દ્ર સરકાર ખેડૂત હિતની વાત જ્યારે પણ આવે છે ત્યારે ખેડૂતો સાથે અડીખમ ઉભી હોય છે. રૂપિયા ૩૨.૭૬ કરોડનું સહાય પેકેજ જાહેર કરીને તીડ આક્રમણ પ્રભાવિત ૧૧૦૦૦થી પણ વધારે ખેડૂતોને પ્રતિ હેકટર ૧૮૫૦૦ રૂપિયાની સહાય આપવા બદલ સરકારશ્રીને હું અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની ખેડૂતલક્ષી નીતિ જગજાહેર છે. ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી ગુજરાતના ખેડૂતો સુખીને સમૃદ્ધ થયા છે અને અનેક કિસાનલક્ષી, વિકાસલક્ષી યોજનાઓના માધ્યમથી આજે ખેડૂત સુખી અને સમૃદ્ધ થયો છે. અમારા બનાસકાંઠા જિલ્લામાં સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી આવેલી છે તેમાં કૃષિ સંશોધનો થાય છે જેના કારણે બનાસકાંઠામાં કૃષિ ક્ષેત્રે અદભૂત ક્રાન્તિ આવી છે. અમારા બનાસકાંઠા જિલ્લામાં બટાકા સંશોધન કેન્દ્ર આવેલું છે જેનો લાભ બનાસકાંઠાના ખેડૂતોને મળે છે. અમારા વિસ્તારમાં ખેડૂતો આધુનિક ટેકનોલોજી અને ડ્રીપ ઈરીગેશનનો ઉપયોગ કરી વિપુલ પ્રમાણમાં બટાકાનું ઉત્પાદન કરે છે જેથી ડીસા આજે બટાકાનું હબ બન્યું છે. માનનીય કૃષિ મંત્રીશ્રીને વિનંતી છે કે હજુ આ બટાકા સંશોધન કેન્દ્રને અપગ્રેડ કરવામાં આવે અને બટાકાની નવી જાતોનું સંશોધન કરવામાં આવે તો બનાસકાંઠાના ખેડૂતોને ઘરે બેઠાં સારી ક્વોલિટીનું બિયારણ ઘર આંગણે મળી રહે. આ બિયારણ લેવા માટે ખેડૂતોને ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને પશ્ચિમ બંગાળ જવું પડે છે. જેથી કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે એ ખર્ચ પણ બચી શકે છે અને ખેડૂતોને કરોડો રૂપિયાનો ફાયદો પણ થઇ શકે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રીને બનાસકાંઠા સંશોધન કેન્દ્ર ડીસાને અપગ્રેડ કરવા માટે મારી વિનંતી છે. મારા કાંકરેજ વિધાનસભા મત વિસ્તાર ક્ષેત્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા નર્મદા કેનાલ અને સુજલામ્ સુફલામ્ કેનાલ દ્વારા પાણી આપવાના કારણે અમારા ખેડૂતો આધુનિક ટેકનોલોજી અને ડ્રીપ ઈરિગેશનનો ઉપયોગ કરી ફ્રૂટ એન્ડ વેજીટેબલ જેવા દાડમ, જામફળ, ડ્રેગન ફ્રૂટ, ડુંગળી, મરચા, ફ્લાવર, કોબીઝ, ટમાટા વગેરે વિપુલ પ્રમાણમાં શાકભાજી પકવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, મારા કાંકરેજ તાલુકાના શિહોરીમાં કૃષિ ફાર્મ આવેલું છે એનો સદુપયોગ કરી શાકભાજી સંશોધન કેન્દ્ર શરૂ કરવામાં આવે તો અમારા વિસ્તારના ખેડૂતોને અનેકગણો ફાયદો થાય તેમજ અમારો વિસ્તાર શાકભાજીના ઉત્પાદનનું હબ બની શકે તેમ છે અને અમારા વિસ્તારના ખેડૂતો સુખી અને સમૃદ્ધ થશે જેથી માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રીને મારા મત વિસ્તાર કાંકરેજ તાલુકામાં શિહોરી શાકભાજી સંશોધન કેન્દ્ર શરુ કરવા મારી વિનંતી છે. માનનીય કૃષિ મંત્રી આર.સી.ફળદુ સાહેબ કૃષિ અને ખેડૂત કલ્યાણની જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારુ અનુમોદન આપું છું અને સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માગણી નંબર–૪ લઇને આવ્યા છે એને સમર્થન કરવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. પશુપાલન અને ડેરી ઉદ્યોગ, માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબનું સ્વપ્ન છે કે વર્ષ ૨૦૨૨ સુધી કૃષિની આવક બમણી કરવી. આ આવક બમણી કરવા માટે પશુપાલનની આવક પણ વધે તો જ કૃષિની આવક વધે અને પશુની આવક વધારવા માટે આરોગ્ય મેળાઓ દ્વારા પશુઓની સારવાર થાય, રસીકરણ થાય, એમનું કૃત્રિમ બીજદાન કરવામાં આવે તે જરૂરી છે. ગાંભણ વખતે પશુને દાણ આપવા માટેની યોજના પણ આ સરકારે જાહેર કરી છે. કૃષિની સાથે આ પશુપાલન પણ વરસોથી ચાલતું આવેલ છે. પણ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી પશુ આરોગ્ય મેળાઓ થકી પશુઓની સારવાર કરી, પશુઓમાં જેટલા રોગો હતા એને નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરેલ છે. અત્યારે ફક્ત વીસેક રોગો રહી ગયા છે. જ્યારે પશુ બિમાર પડે અને પશુને મોતિયો હોય અને એ મોતિયાનું ઓપરેશન કરાવવામાં આવે એવું કોઇ દિવસ આપણે સાંભળ્યું નહોતું, પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ પશુઓના મોતિયાના ઓપરેશનો પણ કર્યા અને આ માટે હિંમતનગર ખાતે એક યુનિવર્સિટીની સ્થાપના કરી અને એને કામધેનુ યુનિવર્સિટીનું નામ આપવામાં આવ્યું. એના માટે પણ સરકારે આ વખતે બજેટમાં જોગવાઇ કરી છે. પશુઓની સારી જાતની ઓલાદ ઉત્પન્ન થાય એના માટે વૈજ્ઞાનિક ઢબે બીજદાન થાય અને એ બીજદાનના લીધે એનું દૂધનું ઉત્પાદન વધે તે માટે પ્રયત્નો કરેલ છે. પશુપાલનનું મોટાભાગે મહિલાઓ સંચાલન કરતી હોય છે. સવારે વહેલા ઉઠી મહિલાઓ આ પશુઓને દોહવા જાય, એનું દૂધ ડેરીએ પહોંચાડે અને પશુપાલનની સાથે સાથે આ ડેરી ઉદ્યોગના લીધે પશુપાલકોની આવક પણ વધી છે. હું નાનો હતો ત્યારે મને ખ્યાલ છે કે ડેરીઓ નહોતી ત્યારે આ પશુપાલક બહેનો પાસેથી દૂધ લેવા માટે વેપારીઓ આવે અને એમને દૂધ આપતી હતી. મહિનો બે મહિના એક વેપારી આવે, પૈસા થોડા ચડી જાય એટલે દૂધ બંધ કરી દે અને પશુપાલક બહેનોને એની આવક મળે નહિ. બીજો નવો વેપારી આવે. પણ જ્યારથી આ સહકારી માળખું અસ્તિત્વમાં આવ્યું, ડેરીઓ બની અને આ ડેરીઓ મારફતે દૂધ એકઠું કરવામાં આવતું થયું અને એ દૂધ મુખ્ય ડેરી સુધી પહોંચે એના માટે પણ સરકારે વાહન લોન માટે પણ સબસિડી આપવાનું આયોજન કર્યું છે. આ દૂધના ઉત્પાદનમાં ગુજરાતનો દેશમાં ત્રીજો નંબર છે. વર્ષ ૨૦૦૮–૦૯થી વર્ષ ૨૦૧૮–૧૯ સુધી દર વરસે ૬.૭૪ ટકાના વૃદ્ધિ દર સાથે દૂધનું ઉત્પાદન વધી રહ્યું છે. ત્યારે કૃષિની આવકની સાથે આ પશુપાલનની આવક વધે તેવું કરેલ છે અને સહકારી પ્રવૃત્તિની વાત કરું તો અમુલનું આખા વિશ્વમાં નામ છે. અમુલના નામથી દૂધ અને દૂધની જે બનાવટો છે એ લોકો હોંશે હોંશે ખરીદે છે ત્યારે આપણી સહકારી પ્રવૃત્તિના લીધે ખેડૂતોની આવક વધી છે

અને સહકારી પ્રવૃત્તિના લીધે નાની નાની નુંચાલન પણ મહિલાઓ કરે છે. મોટા ભાગની મહિલાઓ આ ડેરીઓનું સંચાલન કરતી હોય છે ત્યારે પશુપાલકોની આવક વધે એ માટે સરકારે જે પ્રયત્નો કર્યા છે અને કૃત્રિમ બીજદાન માટે પણ પાટણ ખાતે યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે અને વૈજ્ઞાનિક ઢબે કૃત્રિમ બીજદાન થાય, એના મારફતે પશુઓમાં દૂધ વધે છે અને દૂધની સાથે સાથે સાથે સુભાષ પાલેકરજીએ જ્યારે પ્રાકૃતિક ખેતીનું આહ્વાન કર્યું છે ત્યારે એને માટે ગાય બહુ મહત્ત્વનું પ્રાણી છે અને તેમાંય દેશી ગાય, તે દેશી ગાયના છાણ–મૂત્રથી ૩૦ એકર જમીનમાં આપણે ખેતી કરી શકીએ અને ખેડૂતોને જે ખર્ચ આવે તે ખર્ચ પણ ઝીરો ટકા આવે. આજે આપણે રાસાયણિક ખેતીથી જે અનાજ પાકે છે અને આપણે તેનો ઉપયોગ કરીએ છીએ ત્યારે તેનાથી જે કેન્સર જેવા રોગો થાય છે ત્યારે આ પ્રાકૃતિક ખેતી તે ગાય આધારિત ખેતી છે અને તે ખેતીના લીધે જે અનાજ પેદા થશે તે અનાજનો ભાવ પણ ખેડૂતોને વધારે મળશે અને પશુપાલકોને ગાય ઉછેરવા માટે સરકારે ૯૦૦ રૂપિયા માસિક જે સબસિડી આપવાનું નક્કી કર્યું છે ત્યારે ગાયોનું પણ પાલન થશે અને પશુપાલક જે આપણો ઉદ્યોગ છે તે ફૂલ્યો ફાલ્યો થશે અને દૂધનું ઉત્પાદન પણ વધશે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

અધ્યક્ષશ્રી : હજુ એક મિનિટ છે તેઓ વાંચ્યા વગર બોલે છે એટલે અભિનંદન આપવા માટે અને તમારા મુદ્દા જે રહી જતા હોય તે કહો.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯માં પશુઓની પણ ગણતરી કરવામાં આવી. તે ગણતરી મુજબ પશુઓની સંખ્યા ૨૬૮.૭૧ લાખ હતી. આમ, ગ્રામિણ વિસ્તારમાં પશુપાલન સૌથી સરળ, પોષણક્ષમ, ઘરેલું વ્યવસાય છે અને તેના લીધે કુટુંબના બીજા માણસોને પણ રોજી મળે છે. રાજયનું દૂધ ઉત્પાદન એ પશુપાલન અને સહકારી પ્રવૃત્તિને લીધે આજે ખૂબ વખણાય છે ત્યારે ગાંધીનગરમાં પણ અમારે મધુર ડેરી અને આ મધુર ડેરીનું સવારે દૂધ આવે છે ત્યારે આ પશુપાલનને લગતી જે માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું, વંદેમાતરમ્.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, જયારે માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે ત્યારે માગણી નંબરઃ૩ નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ વિશે હું મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે અમારા દાહોદ વિસ્તારની અંદર કે ગુજરાતની અંદર જે નાની સિંચાઇ દ્વારા જે ચેકડેમો બનાવવામાં આવેલા તે ચેકડેમો હયાત છે અને તેમના એસ્ટીમેટમાં જૂના ચેકડેમોની ડિઝાઇન પ્રમાણે જે ચેકડેમો બનાવતી વખતે જે એસ્ટીમેટની અંદર જે નદી જતી હોય અને ચેકડેમની વચ્ચે જે બે ગેઇટ કે બે દરવાજા બનાવવાના બાકી રાખવામાં આવતા હોય ત્યારે ઘણી વખત વરસાદનું પાણી આવતું હોય ત્યારે ગેઇટની જરૂર પડે ત્યારે ગેઇટ ના મળતા હોય એટલે આ એસ્ટીમેટમાં સુધારો થાય અને સળંગ ચેકડેમ બનાવવામાં આવે તો ઘેરાય અને પાણી ઉપર જતું રહે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી જગ્યાએ જે નાની સિંચાઇ દ્વારા તળાવો પણ બનાવવામાં આવે એટલે તળાવોની અંદર હયાત પાણી છે અને તળાવોની અંદર જે નહેરો ઘણી જૂની થઇ ગઇ છે તો તે રીપેરીંગ કરવામાં આવે અને નહેરોનું લંબાણ વધારવામાં આવે. તળાવમાં પાણી હોય છે ત્યાં ઇરીગેશન કરવામાં આવે તે ઇરીગેશન દ્વારા ખેડૂતોને પાણી મળી શકે અને ખેતી કરી શકે જે ઇરીગેશન બની ગયું હોય ત્યારે ઘણી વખત લાઇટનું કનેકશન ત્યાં ના મળતું હોઇ, ઘણા એવા પ્રોબ્લેમ થતા હોય ત્યારે લાઇટની સુવિધા અને કનેકશન મળી જાય અને ઇરીગેશનનું જે પાણી ખેડૂતોને વ્યવસ્થિત મળી શકે અને ખેડૂત એ જગતનો તાત છે, ખેડૂત ખૂબ પરસેવો પાડી અને મજૂરી કરે, ખૂબ ખેતી કરે પણ ખેતી ઘણા પ્રકારની હોય, મકાઇ હોય, ડાંગર હોય કે શાકભાજી હોય જે ફૂલોની પણ ખેતી કરતા હોય. ઘણી જગ્યાએ ખેડૂત ઘણી જાતની ખેતી કરતા હોય ત્યારે કોંગ્રેસની સરકાર તે વખતે ખેડૂતોને ભાવ નહોતા આપતા અને ખેડૂત બજારમાં વેચવા જતા હતા ત્યારે ખેડૂત જે મજૂરી કરે તેનો ભાવ નહોતો મળતો. પણ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી ટેકાના ભાવ ખેડૂતોને મળે છે. ઘણી વખત ખેડૂત શાકભાજીની પણ ખેતી કરતો હોય ત્યારે એ શાકભાજી બજારમાં વેચવા જતો હોય, ઘણી જગ્યાએ રોડ ઉપર હાટલારી લઇને પણ શાકભાજી વેચતો હોય છે. આ શાકભાજી ઘણી કિંમતી વસ્તુ છે. ખેડૂત ખેતી કરે છે ત્યારે બાળકની જેમ છોડનો ઉછેર કરીને ઉત્પાદન કરતાં હોય ત્યારે ખેડૂતની કોઇ કદર કરતું નથી. ખેડૂતની કદર જો કોઇ કરતું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ખેડૂત જ્યારે શાકભાજી વેચતો હોય ત્યારે કોઇપણ માણસ શાકભાજી ખરીદવા જાય અને શાકભાજીની કિંમત પૂછે કે કોબી કેટલા રૂપિયાની છે ત્યારે ખેડૂત બોલે છે કે ૪૦ રૂપિયાની કિલોનો ભાવ છે. ત્યારે સામેનો માણસ એમ કહે કે ૩૦ રૂપિયાની કિલો આપવી છે? ત્યારે ખેડૂત કહે કે ના ૩૦ રૂપિયામાં શાકભાજી ના મળે. એ માણસ જ્યારે કપડાં ખરીદવા જાય, પેટ્રોલ ખરીદવા જાય ત્યાં તો ફિક્સ ભાવ છે. ઘણી વાર હોટલમાં પણ જમવા જતા હોય છે. ત્યાં ૪૦૦ રૂપિયાનું બિલ બને તો ૫૦૦ રૂપિયાની નોટ આપીને આવે છે. એ વખતે જો ખેડૂતને ૧૦૦ રૂપિયા આપ્યા હોત તો એમના આશીર્વાદ મળતાં. જમીન સંરક્ષણની વાત કરું તો અમારે ત્યાં ડુંગરાળ વિસ્તાર છે. ખાડા ટેકરાવાળી જમીન છે. ખેડૂત ખાતેદારને ખેત તલાવડી બનાવવી હોય, જમીન સમથળ કરવી હોય તો ખાતેદારના ખાતામાં જે રીતે કિસાન નિધિના નાણાં નાંખવામાં આવે છે એવી જ રીતે એમના ખાતામાં નાખવામાં આવે તો ખેત તલાવડી અને લેવલિંગ કરી ખેડૂત જાતે પોતાનું ખેતર સુધારી શકે. આજે કોંગ્રેસના મિત્રો નથી.

અધ્યક્ષશ્રી : તમને સારું નથી લાગતું?

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, સુનું સુનું લાગે છે પણ બાપડી કોંગ્રેસ તરીકે પાપડી બની ગઇ. કોંગ્રેસ ઊભું થવા ઘણું કરે છે પણ ઊભું થવાતું નથી. કારણ કે, આપણી વિકાસશીલ ભાજપ સરકારને ટક્કર લાગતી નથી. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું. જય હિંદ. જય ભારત.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, પશુપાલન, ગ્રામ ગૃહ નિર્માણ અને વાહન વ્યવહાર મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું. આમ તો કૃષિ એક એવો વ્યવસાય છે કે જ્યારે માનવ સંસ્કૃતિની શરૂઆત થઇ ત્યારે પાયામાં કૃષિ હતી. આપણે માનવ ઇતિહાસ જોઇશું તો ખ્યાલ આવશે કે મનુષ્ય જાતિ ફરતી રહેતી, શિકાર કરતી અને પોતાનું ગુજરાન ચલાવતી. એમાંથી એણે જોયું કે વનસ્પતીના બીજ પડે છે એમાંથી ફરીથી નવો છોડ થાય છે અને એમાંથી સેંકડો બીજ ઉત્પન્ન થાય છે. આપણે એનો ખોરાક તરીકે પણ ઉપયોગ કરી શકીએ છીએ. ત્યારપછી એણે ખેતી કરવાની શરૂઆત કરી. જ્યારે ખેતી કરવાની શરૂઆત કરી ત્યારે આવી ટેકનોલોજી નહોતી તો ખેતી કેવી રીતે કરવી? ખેતરને ગમે તે રીતે થોડું ખેડી નાંખવાનું. કારણ કે, એ વખતે ખેડૂતો પશુપાલનનો પણ ઉપયોગ નહોતા કરતાં અને પશુઓનો ખેતીમાં ઉપયોગ પણ નહોતો થતો. એ વખતે અનાજના દાણાનું છાંટણું કરતાં. જ્યાં સુધી આપણે આધુનિક ખેતી કરતાં ન થયા ત્યાં સુધી છાંટણું કરીને ખેતી કરતાં. ખેતીના કારણે જેનું રખડતું ભટકતું જીવન હતું એવો માનવી એક જગ્યાએ સ્થિર થયો અને ધીમે-ધીમે આપણે અહીં સુધી પહોંચી શક્યા છીએ એટલે જ આપણામાં એક કહેવત છે કે ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી. એ એટલા માટે છે કે ખેતી તમને પ્રકૃતિ સાથે જોડે છે. અહીંયા જે ખેડૂત અથવા ખેડૂત પુત્ર છે એને ખ્યાલ હશે કે સવારે સૂર્યોદય થતો હોય અને ખેતરમાં પાક લહેરાતો હોય અને જે મનની શાંતિ મળે એવી શાંતિ રોજગારી મેળવવા તમે બીજે ક્યાંય જશો તો નહિ મળે. એટલે એને ઉત્તમ કહી છે.

અધ્યક્ષશ્રી : એક જ દિવસે મળે જયારે પગાર હોય એ દિવસે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખેતીને એટલા માટે ઉત્તમ કહે છે. નોકરીને એટલા માટે કનિષ્ટ કહે છે કે નોકરીમાં વ્યકતિ છે એ પોતાનું ભવિષ્ય બીજાને ત્યાં વેચી નાંખતો હોય છે, એને ગમે તેટલો પગાર મળતો હશે તો પણ, એટલા માટે એને કનિષ્ટ કહેવામાં આવે છે. એટલા માટે જ ખેડૂત સુખી થાય તો વિશ્વ સુખી થશે. કારણ કે એ જે ઉત્પાદન કરશે એના લીધે આપણા ઉદરને પોષણ મળશે અને એટલે જ આપણા ગુજરાતના પનોતા પુત્ર અને આપણા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇએ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું જે ધ્યેય નક્કી કર્યું છે એના માટે આજે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર કામે લાગી છે. હમણાં જ કોઇએ વાત કરી કે સામે કોઇ નથી એટલે મજા આવતી નથી. આપણે વિચારશું કે પાક ધિરાણ તો એની અંદર રાજય સરકાર છે એ ઝીરો વ્યાજે તમને ૩ લાખ રૂપિયા સુધીની લોન આપે છે. એમના સમયની અંદર આપણે પાક ધિરાણ લેવા જતા તો ૧૪ ટકા વ્યાજ લેતા, ત્યારે એ લોકો ખેડૂતોની ચિંતા કરતા નહોતા.

આ વખતના બજેટની અંદર હમણાં મારા અગાઉના સભ્યશ્રીએ જે વાત કરી કે ખેડૂત પાકનું ઉત્પાદન કરે, એની પાસે પાક અઢળક થયો હોય પણ એની પાસે સંગ્રહ કરવાની શકિત ન હોય એટલે એ સસ્તા ભાવે અથવા તો એક સાથે જયારે બજારમાં માલ આવ્યો હોય ત્યારે સસ્તા ભાવે એ માલ વેચી નાંખવો પડતો હતો. ત્યારે જે ગોડાઉનની યોજના લઇને આવ્યા. તેના કારણે ખેડૂત છે એ પોતાનો માલનો સારો ભાવ મળે અને એ સારો ભાવ મળે ત્યાં સુધી ગોડાઉનમાં રાખી શકશે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિમાં આજે ખેડૂતોના ખાતામાં સીધા ૬ હજાર રૂપિયા એના જમા થઇ જાય છે. ટેકાના ભાવમાં પહેલાં, અહીંયાં ખેડૂતોના ટેકાના ભાવની વિરોધપક્ષના સભ્યશ્રીઓ જયારે વાત કરે, ત્યારે મેં જોયું છે કે વર્ષ ૧૯૭૦ની આજુબાજુમાં આજે પણ જો તમે ભાવ કઢાવો તો મગફળીનો ભાવ ૨૦ કિલોના માત્ર ૧૦ રૂપિયા અને ત્યારે એની કોઇ ચિંતા એ સરકાર કરતી નહીં, આજે તમારી ૧૦ રૂપિયાવાળી મગફળી ટેકાના ભાવથી રાજય સરકાર ૧ હજાર રૂપિયાના ભાવથી લે છે. એટલે ખેડૂતોની પાસે આપણી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ઉભી છે, આપણે જોશું અને આજે ગામડામાં નિકળશું તો અમારા વિસ્તારમાં બધા લોકો છે એ વાડી વિસ્તારમાં રહે છે, ફાર્મ હાઉસ કરીને રહે છે. આથી વર્ષ ૧૯૯૫ પહેલાં એમની એવી હાલત હતી કે એમની પાસે સાઇકલ લેવાના પૈસા નહોતા. આજે ઘરે ઘરમાં જેટલા લોકો હોય એટલી મોટરસાઇકલ સાથે સાથે ફોરવ્હિલ પણ ખેડૂતો પાસે છે. એ શેના માટે છે કે રાજય સરકારની ખેડૂતો માટેની યોગ્ય નીતિ છે એને લીધે આપણે ત્યાં સુધી પહોંચી શકયા છીએ. આઇ-ખેડૂત પોર્ટલથી એને ટ્રેકટરથી લઇને તાડપત્રી સુધીની બધી વસ્તુઓ છે એને રાહત દરે અને સબસિડીમાં મળે છે. ખેડૂતોને વિમા માટેની યોજના એ સિવાય આજે આપણે બિમાર પડી એ કે આપણી તબિયતમાં કાંઇ ગરબડ થાય તો આપણે અનેક ટેસ્ટ કરાવીને આપણને શું તકલીફ છે એ જોઇ શકીએ છીએ. ખેતીમાં આપણે સતત રીતે ઉત્પાદન લેતા હોય તેના પોષક તત્વો ખૂટી જાય પણ એના માટેની એ કોઇ ચિંતા ન કરતા. માનનીય નરેન્દ્રભાઇ અહીંયાં જયારે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે તેની પણ ચિંતા કરી અને સોઇલ હેલ્થ કાર્ડ એની યોજના દાખલ કરી અને એની અંદર વર્ષ ૨૦૧૬-૧૭માં ૯.૩૫ લાખ નમૂનાઓ લીધા, ૩૧ લાખ કરતાં વધારે ખેડૂતોને કાર્ડ આપ્યાં. વર્ષ ૨૦૧૭-૧૮માં ૮.૪૭ લાખ નમૂના લીધા અને ૪૩ લાખ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપ્યાં. વર્ષ ૨૦૧૮-૧૯ની અંદર ૮.૨૮ લાખ નમૂના લઇ અને ૪૪. ૪૧ લાખ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ કાઢી આપ્યાં.

ખેડૂતોને રાજય, જિલ્લા અને તાલુકા અને ગ્રામ લેવલ સુધી આજે વિશ્વભરની અંદર જે નવી નવી ટેકનોલોજી આવે છે, એમાં ખેતીના ઓજારો હોય, નવું બિયારણ હોય, કૃષિમાં અને પાકમાં જે અલગ અલગ રોગ આવે એને માટે પણ લોકોને માહિતી મળે, એના માટે થઇને એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી એટલે કે આત્મા દ્વારા આજે અમે, રાજય સરકાર ખેડૂતો

સુધી ત્યાં પહોંચી છે. વર્ષ ૨૦૦૫માં અમે પ્રાયોગિક ધોરણે અમલ શરૂ કરેલો, વર્ષ ૨૦૦૭–૦૮થી એને તમામ જિલ્લાઓમાં એની અમલવારી શરૂ કરેલી. આની અંદર ગામના ખેડૂતો, તેની જરૂરીયાત આધારિત પ્રવૃતિઓ હાથ ધરવા માટે ગ્રામ્ય કક્ષાએ જાય, જાહેર સંસ્થાઓ, ખાનગી સંસ્થાઓ, એન.જી.ઓ. પેરા સ્ટેશન બધા ભેગા થઇ અને ફાર્મ એક્ટેન્શન ગ્રૃપની ત્યાં રચના કરવામાં આવેલી. એની અંદર એક ગ્રૃપમાં ૧૧ થી ૧૫ ખેડૂતો હોય. એ ગૃપ જે હોય છે એને કૃષિ યુનિવર્સિટીની જે નવી નવી ટેકનોલોજી આવે, બિયારણ આવે, નવા સુધારા હોય તો એને માટે પણ એને લઇ જાય છે, ખેડૂતોને એના સિવાયની જુદા જુદા વિષયોની તાલીમ આપવામાં આવે છે. એના માટે પ્રેરણા પ્રવાસો માટે રાજયની અંદર અને રાજયની બહાર પણ કયાંય સારી રીતે જયાં ખેતી થતી હોય ત્યાં પણ ખેડૂતોને લઇ જવામાં આવે છે. નિર્દેશન સ્ટેશનની અંદર જે નવા બિયારણો થયા હોય તેનું વાવેતર કરવાનું. તેનું ઉત્પાદન કેટલું થયું તેના નિર્દેશન ખેડૂતો માટે કરવામાં આવે છે. કૃષિ મેળામાં પણ જે નિર્દેશન હોય છે તેમાં નવા ઓજારો, નવી ખેતીની પદ્ધતિઓ આ બધું ખેડૂતોને બતાવવામાં આવે છે. આમાં વર્ષ ૨૦૧૯–૨૦માં જે નાણાકીય લક્ષ્યાંક હતો રૂપિયા ૫૧૦૩ લાખની ગ્રાન્ટ મળેલી એમાંથી રૂપિયા ૪૬૪૪ લાખનો ખર્ચ કરી અને આ ગ્રાન્ટનો ૯૧ ટકા જેટલો ઉપયોગ કરવામાં આવેલો છે. એના દ્વારા જે ખેતીવાડી સંલગ્ન ખાતા તથા આત્મા યોજનાના અધિકારીઓ માટે કુલ ૧૮ તાલીમ વર્ગ યોજાયા હતા અને ૪૯૪ અધિકારીઓને તાલીમ આપવામાં આવેલી. ખેડૂતો માટે કૃષિ વિષયક જિલ્લામાં રાજય અને રાજય બહાર કુલ ૨૧૩૦ તાલીમ વર્ગોનું આયોજન કરી ૧૬૧૯૨૭ તાલીમાર્થીઓને આવરી લીધેલા છે. આ સિવાય નવીનતમ ટેકનોલોજીની જાણકારી આપવા માટે જિલ્લામાં, રાજયમાં અને રાજય બહાર કુલ ૫૮૫ કિસાન પ્રેરણા પ્રવાસ યોજીને કુલ ૫૦૧૯૯ ખેડૂતોને પણ તાલીમ આપવામાં આવેલી છે.

શ્રી આર.સી.ફળદુ **(**કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા કૃષિ, ગ્રામ વિકાસ વિભાગ અને વાહન વ્યવહાર વિભાગ ઉપર આ ગૃહના સન્માનનીય પંદર સભ્યશ્રીઓએ સમર્થનમાં ખૂબ સારી વાતો કરી છે અને ખૂબ બહુમૂલ્ય એવા સૂચનો પણ અમને કર્યા છે. આજે ગૃહમાં એક મહત્વની કામગીરી, કૃષિ વિભાગની ગુજરાતની અંદર થઇ રહી હોય, ધરતીપુત્રોની સેવા અહીંથી થતી હોય અને એવા વિભાગની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન જયારે થવાનું હોય ત્યારે આ રાજયના ખેડૂતોના દુર્ભાગ્ય ગણવું કે શું ગણવું? વિરોધપક્ષ આજે આવો કિંમતી સમય રાજકીય આટા પાટા ખેલવા માટે બહાર ખેલી રહ્યા છે અને અહીંયા એમનું કર્તવ્ય બજાવવામાંથી એ વિચલીત થયા છે. મારા બાલ્યકાળમાં હું જયારે પ્રાથમિક શિક્ષણમાં અભ્યાસ કરતો હતો એ વખતે આ સામાવાળા, અત્યારે હાજર નથી, પણ એમના પક્ષના લોકો શાસનમાં હતા. આપણને કયારેય કલ્પના ન થઇ શકે, ખેડૂતનો દીકરો કાળી મહેનત કરે, અઢાર અઢાર કલાક પોતાના ખેતરમાં પુરુષાર્થ કરે અને એ પુરુષાર્થ પછી જે ઇશ્વર એમને આપે એ લઇને એમને ઘરે જવાનું છે. આવી મહેનત કરનારા માણસ જયારે પોતાના ખેતરમાંથી ધન–ધાન્ય પેદા કરીને જગતના પટમાં મૂકતા હોય, જગતનું પેટ ભરતા હોય એવા ખેડૂતના પેટ ઉપર જયારે ઘા થાય ત્યારે ખેડૂતના દીકરાને એક પ્રાથમિક શાળામાં ભણતા દીકરાને કેટલી પીડા થાય તે મને આજે યાદ આવે છે. મારે બે–પાંચ વાત એ કરવી છે અને પછી મારા વિભાગની ચર્ચા શરૂ કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસે એ વખતે બાજરા ઉપર લેવી નાખી હતી, ખેડૂતનો દીકરો મહેનત કરે અને ખેતરમાં બાજરો પેદા થયો હોય અને સરકારને લેવી સ્વરૂપે જમા કરાવવો પડે. ખેડૂતના દીકરાને આનાથી બીજું દુર્ભાગ્ય કયું હોય? ખેડૂતે પોતાના ખેતરમાં બાજરો વાવ્યો હોય કે ન વાવ્યો હોય, ન વાવ્યો હોય તો બજારમાંથી લઇને સરકારનું તરભાણું ભરવાનું. આવો પરિપત્ર કોંગ્રેસની સરકારે બહાર પાડયો હતો. ખેડૂતના દીકરાએ ડાંગર વાવી હોય તો ઠીક છે કે સરકારને લેવી સ્વરૂપે જમા કરાવે. પણ પોતાના ખેતરમાં ડાંગર વાવી ન હોય અને બજારમાંથી લઇને સરકારને ભરવી પડે તેનાથી ખેડૂત માટે બીજી કમનસીબ બાબત કઇ હોય? આવા નિર્ણયો કોંગ્રેસની સરકાર વખતે લેવાતા હતા ત્યારે ધરતી પુત્રની નાભીમાંથી જે શબ્દો નીકળ્યા હતા તે મારે આજે આ ગૃહમાં કહેવા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હું નાનો હતો ત્યારે ખેતરે જતો હતો અને તે વખતે ડાંગર ખૂબ સારી પાકેલી હતી. દાદા અને બાપુજી ડાંગર લઇને ગાડામાં નીકળ્યા કે આપણે લેવી આપવાની એટલે મને એમ થાય કે લેવી એટલે શું હશે એ મને ખબર નહોતી. તે વખતે મારી ઉંમર ૧૩–૧૪ વર્ષની હશે એટલે આ સરકાર લેવી લઇ જાય છે એવી બહુ પછી ખબર પડી એ રાજમાં તે વખતે હતું એ વાત આપની સાચી છે.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે આ કોંગ્રેસનું ડીંડવાણું કહેવાતું હતું. વડીલો એમ કહેતા હતા કે કોંગ્રેસે શું આ ડીંડવાણું કાઢ્યું છે. એના ઉપરથી શબ્દો નીકળ્યા.

**''બેઠો દુનિયાનો દી, ખૂટયું ધાન તણું બી.**
**આવ્યું વેજીટેબલ ઘી, મોંઘાઇ જાય લોહી પી,**
**લેવાય ફીરતુની ફી, બન્યા સેવકજી. સેવકજી એટલે સેવામાં હતા એ.**
**દુઃખી દુબળાને ગાય એની ભાળ ન લેવાય,**
**વગે વાવણા તો થાય, ખેડૂત ખેતરમાં જાય.**
**ખેતી ખોટમાં જાય, ધાન પડીકે વેચાય,**
**પેટ રાંકને ન જાય. રોટી વિણપત જાય,**
**મતિ સૌની મુંઝાય, મોટા તુત ઉભા થાય, બોલે એ જ બે ખાય.**

આગળ જતાં એ ધરતી પુત્ર શું બોલે છે?

**ગયા સતીયુગના સત, ગયા શહેનશાહના તાજ,**
**ગયા રાજાઓના રાજ, વધ્યા બરફને શરબત,**
**કરે કાયમી અસર, દિને રાતની મહેનત,**
**કાંઇ ઘેલી કરી માત પિત ફાટી,**
**ખાવા મળે નહિ બાટી, ફેલાણી અેરાટી,**
**ગયા સેવકો ખાટી એને બંગલા લીધા બાટી.**
**વધી વધારાની રીત એમાં જુલમની જીત,**
**ઘરારથી લેવી જમા કરો, વધી જુલમની જીત,**
**હણ્યા પારકાને પ્રિત, થયા ચોરીમાં ચિત્ત**
**થયા ભણેલા ભીંત, ગાય ફિલ્મના ગીત ગાય ફિલ્મના ગીત.''**
**ભણેલા ભીંત થઇ ગયા હતા એ ફિલ્મના ગીત ગાય.**

ખેડૂતનો દીકરો પિડામાં સબડતો હતો અને કોંગ્રેસની સરકારો છે એ ખેડૂતને *(xxx) હતી એવે વખતે ભણેલા હતા એ ફિલ્મના ગીત ગાતા હતા.

અધ્યક્ષશ્રી : આ *(xxx) શબ્દ રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના સર્વોચ્ચ મંદિર સમા વિધાનસભા ગૃહમાં બેસનારા...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારી આપને વિનંતી છે, આ એમની લાગણી છે તે વિધાનસભાના રેકર્ડ ઉપર રહે.

અધ્યક્ષશ્રી : હું સચિવશ્રીને આદેશ આપું છું કે એમણે જે ગીત ગાયું, આખી જે વિગત છે, એમની જે વ્યથા છે, એ ઘાટા અક્ષરમાં છાપવાનું કહીશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના, ના એટલું નહિ સાહેબ, આપનું ટીવી ઉપર વિધાનસભાના દ્વારેથી આવે છે એમાં આખે આખું મૂકવું જોઇએ એવી અમારી બધાની લાગણી છે. લોકશાહીના ધબકારામાં પણ લેવડાવજો.

અધ્યક્ષશ્રી : લોકશાહીના ધબકારા જતાં રહ્યા છે, આવતી કાલમાં હું લેવડાવીશ.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના અમારા ત્રણેય વિભાગની માગણીઓ ઉપર જે માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે એને હું અંતઃકરણપૂર્વક આવકારું છું અને આપણો કૃષિ પ્રધાન દેશ છે. સામાન્ય રીતે એવું ઇકવેશન હોય છે કે જયારે કૃષિ વિકાસ દર વધુ હોય તો ઔદ્યોગિક વિકાસ દર નીચો હોય અને ઔદ્યોગિક વિકાસદર ઉંચો હોય તો કૃષિનો દર નીચે હોય છે. બે અઢી દાયકા પહેલા આવા તરાજુમાં વિકાસની પારાશીશી મંડાતી હતી. આજે અમારી ભાજપની સરકારે ખ્યાલ બદલાવી નાખ્યો છે. ગુજરાતમાં કૃષિ અને ઉદ્યોગ બંને ક્ષેત્રે એક સરખો વિકાસ થઇ રહ્યો છે. આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇનો મંત્ર છે કે ખેડૂત સમૃદ્ધ તો ગામડાં સમૃદ્ધ અને ગામડાં સમૃદ્ધ તો શહેરો અને આખુંય ગુજરાત સમૃદ્ધ. ગુજરાતના સરેરાશ ડબલ ડિઝિટના કૃષિ વકાસ દરના પાયામાં ખેડૂતોનો પરિશ્રમ, પુરુષાર્થ અને સરકારની પ્રોત્સાહક નીતિનો શુભગ સમન્વય છે. આપશ્રીના માધ્યમથી હું એકાદ બે તુલનાત્મક અભ્યાસ સાથે રાજયના કૃષિ વિકાસની પરિભાષા કહેવા માગું છું.

વર્ષ ૧૯૯૫-૯૬માં ગુજરાતનું કૃષિ ઉત્પાદન માત્ર ૧૩૪૯૧ કરોડ રૂપિયા હતું તેમાં આજે વધારો થઇને રૂપિયા ૧,૭૦,૦૦૦ કરોડે પહોંચ્યું છે. આપણા નાણામંત્રીશ્રીને મેં કહ્યું તો એમણે ના કહ્યું એમણે મારા માટે બાકી રાખ્યું હતું. મને કહેતા ગૌરવ થાય છે કે ખેડૂતના દીકરા તરીકે અને આજે કૃષિ મંત્રી તરીકે ખેડૂતવતી અવાજ મારા હૃદયમાંથી કાઢી રહ્યો છું. ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર વર્ષ ૧૯૯૫થી આવી અને વર્ષ ૧૯૯૮માં મેં શ્રી નીતિનભાઇને જળ સંપતિ મંત્રી તરીકે જોયા હતા અને શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ આપણા રાષ્ટ્રનું અમૂલ્ય ધન કહેવાય. એવા શ્રી સરદાર વલ્લભભાઇ પટેલના જીવનના ઉચ્ચ સંસ્કારોની પ્રેરણા લઇ અને એ વખતે ભારતીય જનતા પાર્ટીની સરકારે આ રાજયની અંદર જળ સંગ્રહના સાધનો ઊભા કરવા માટે સરદાર સહભાગી જળ સંચય યોજનાનો પ્રારંભ કર્યો હતો. એમના નેતૃત્વમાં ગુજરાતની અંદર પ્રારંભ ક્યાંયથી જો થયો હોય તો એ અમારા કાલાવડના નવાગામ ગામેથી શ્રી નીતિનભાઇની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. આ જળ સંગ્રહના સાધનોની એક આખી હારમાળા શરૂ થઇ. ચેકડેમોની, તળાવોની, નાની-મોટી સિંચાઇ યોજનાઓની અને એના કારણે આજે મને આનંદ થાય છે. મેં જે ચિત્ર વીસ વર્ષ પહેલાં જોયું હતું એ આજે ગુજરાતની અંદર કૃષિ ઉત્પાદન રૂપિયા ૧ લાખ, ૭૦ હજાર કરોડે પહોંચ્યું છે. તો આ તપશ્ચર્યાના કારણે, પુરુષાર્થ કર્યો છે. એકદર સમય સારણી પ્રમાણે કે, પાંચ વર્ષમાં શું શું કરવું છે એ બધું કર્યું અને એના કારણે આજે આ યાત્રા અહીંયા પહોંચી છે. વર્ષ ૧૯૮૦થી ત્રણ દાયકામાં રૂપિયા ૧,૨૦૦ કરોડના ટેકાના ભાવે ખરીદી થઇ હતી. ત્રણ દાયકામાં ત્રીસ વર્ષમાં અને છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકારમાં આપણા લાડીલા પ્રધાનમંત્રીશ્રી ત્યાં બેઠા છે, વર્ષ ૨૦૧૪ પછી ટેકાના ભાવે સમગ્ર દેશની અંદર ખેત જણસો ખરીદવાની પ્રક્રિયા શરૂ થઇ છે. પણ મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાતના ખેડૂતને પોતે પુરુષાર્થ કરીને જે પાક લઇને બજારમાં આવે છે અને ખુલ્લા બજારોની અંદર જ્યારે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એને ભાવ સંતોષકારક ન મળતા હોય એવા વખતે આ ભારત સરકાર આ ખેડૂતોને આર્થિક રીતે જે ઘસારો પડતો હોય એ ઘસારો પુરવા માટે ભારત સરકાર એક ભામાશા થઇને જ્યારે માર્કેટમાં ઉતરતી હોય, શ્રી નરેન્દ્રભાઇ મોદીને ઘણી ખમ્મા. હું તો ગુજરાતના લાખ્ખો ખેડૂતોવતી એમને ખૂબ ખૂબ વંદન કરું છું. એમણે આ ગુજરાતની અંદર છેલ્લા ત્રણ વર્ષમાં ૯,૬૪૦/-કરોડ રૂપિયાની ખેત જણસો આ ગુજરાતના આંગણેથી ખેડૂતોના ખેતરમાંથી માલ ખરીદ્યો છે. ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં આ પ્રકારના કેટલાક મહત્ત્વના પ્રકલ્પો લઇ અમારી સરકાર કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨માં ખેડૂતોની હાઉસ હોલ્ડ ઇનકમ રૂપિયા ૩૨,૦૦૦/- હતી. વર્ષ ૨૦૧૪-૧૫માં રૂપિયા ૧ લાખ, ૧૯ હજાર થઇ અને ચાલુ વર્ષના જે અંદાજો લગાવવામાં આવી રહ્યા છે એ જોઇએ તો એ ૨ લાખ, ૮ હજાર રૂપિયા જેવી થવાની છે. જ્યારે વર્ષ ૨૦૨૨ આવશે ત્યારે ખેડૂતોની હાઉસ હોલ્ડ ઇન્કમ રૂપિયા ૨ લાખ, ૯૩ હજારે પહોંચાડવાનો અમારી સરકારનો મક્કમ ઇરાદો છે. રાજ્ય સરકારની કૃષક પરિવાર તરફની નિષ્ઠા, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ જોગવાઇ જોતાં જ આપણને આ ફરક ધ્યાનમાં આવશે કે, આ સરકાર કઇ દિશામાં રાજ્યના ખેડૂતોને આગળ લઇ જવા માગે છે. સને ૧૯૯૪-૯૫માં બજેટની જોગવાઇ માત્ર ૩૯૪/- કરોડ રૂપિયાની હતી. જેની સામે વર્ષ ૨૦૨૦-૨૧માં બજેટ જોગવાઇ રૂપિયા ૭,૪૨૩/-કરોડ કરવામાં આવી છે. આજ સ્પષ્ટ બતાવે છે કે, રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતો માટે ખૂબ ગંભીરતાપૂર્વક આગળ વધી રહી છે. યુ.પી.એ. શાસન કાળમાં વર્ષ ૨૦૦૮માં માંડ ૧,૪૫૦/- કરોડ રૂપિયાની ખેડૂતોને દેવાંની નાબૂદી માટેની એમણે એ વખતે જાહેરાત કરેલી હતી. એ વખતે જે જાહેરાત કરી હતી માત્ર બારથી પંદર ટકા ખેડૂતોને એનો લાભ મળ્યો હતો અને એ પણ કેવા? ખેડૂતનો દીકરો એક વખત ખાનગી દેવું કરે કે સરકારી દેવું કરે, ખેડૂતનો દીકરો પરસેવો પાડનાર માણસ છે, એ સત્ય નિષ્ઠાથી બજારમાં પોતાનું નાક ન જાય એની ચિંતા કાયમ કરતો હોય છે અને એ સરકારી દેવું ભરવા માટે એ મહેનત કરતો હોય છે. પરંતુ દિવાળી આવ્યે એના બે આર્થિક છેડા ભેગા ન થતા હોય ત્યારે એ મૂંઝવણ અનુભવતો હોય છે. પરંતુ સરકારમાંથી એણે કરજ લીધેલ હોય એ કરજ ન ચૂકવવું એવી તો દાનત ક્યારેય ખેડૂતના દિકરાની હોય જ નહીં. તેમ છતાંય કેટલાક એવા લોકો હોય, સ્થાપિત પરિબળો એ આવા દેવાંનો લાભ લેતા હોય છે, બાકી પુરુષાર્થશીલ ખેડૂતનો દીકરો ક્યારેય કોઇ દેવું છે એ માથે લઇને જીવતો જ નથી હોતો.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે કે, જ્યાં ખેડૂતોને ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી છે એ ખેડૂતોને ભરવી પડતી નથી. અમે ખેડૂતોને સિંચાઇનું પાણી પૂરું પાડવા પાણીદાર કામ કર્યા છે. આજે ગુજરાતમાં ૮૫ લાખ હેક્ટરમાં ખરીફ અને ૪૦ લાખ હેક્ટર વિસ્તારમાં રવી પાકનું વાવેતર થાય છે. ઊનાળું વાવેતર પણ આ વર્ષે નોંધપાત્ર થવાનું છે. નર્મદા, સૌની, સુજલામ્ સુફલામ્ યોજનાઓ, આ બધી યોજનાઓ થકી આપણે ત્યાં પિયત વિસ્તાર છે એ ૭૦ લાખ હેક્ટર સુધી પહોંચ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૧.૭૦ લાખ ખેડૂતોએ ૧૮.૮૭ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઇ અપનાવી છે અને આપણા દેશના પ્રધાનમંત્રીજીનું સૂત્ર છે પર ડ્રોપ, મોર ક્રોપ. આ સૂત્રને આપણા ખેડૂતોએ ચરિતાર્થ કર્યું છે. આપણી સરકારને સહયોગ કર્યો છે અને પાણીનું મહત્ત્વ હવે આપણા ખેડૂત સમજતા થયા છે. નવી બાબત. ખેડૂતોના સમુહ દ્વારા સામુહિક પાણી સંગ્રહ માટે ભૂગર્ભ ટાંકાઓ બનાવવાની બાબત છે તેમાં હું નાણાં મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે આ નવી બાબતને પોતે ખેડૂત પુત્ર હોવાને નાતે સમજી અને આ યોજનાને આગળ વધારવા માટે અમને પ્રોત્સાહિત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ વીજ બિલના નામે વાતો થતી હતી. અમે આ વર્ષની અંદર ૭૭ કરોડ રૂપિયાનો વધારાનો બોજ ઉઠાવીને ૨ લાખ ધરતીપુત્રોને એક સમાન વીજદર એટલે કે પ્રતિ હોર્સ પાવર ૬૬૫ રૂપિયા જે લેવામાં આવતા હતા એ જે ઉત્તર ગુજરાતના ખેડૂતો ૨૫થી લઇને ૩૫ હોર્સ પાવરની ઇલેક્ટ્રીક મોટરો વાપરતા હોય એને વધારાના જે ચાર્જ ભરવા પડતા હતા એવા ખેડૂતોને પણ આ રાજ્યની બધા ખેડૂતોની એક સમાન રેખામાં લાવવા માટે અમારી સરકારે આ નિર્ણય લીધો છે. એ ખૂબ સારો નિર્ણય છે. તેના કારણે ખેડૂતોને પણ એક વાતનો સંતોષ થયો છે કે આ સરકાર સમાન નીતિથી બધા સાથે ન્યાય કરે છે. અગાઉ માત્ર ૧૫૦૦૦ પ્રતિ વર્ષના વીજ જોડાણો કોંગ્રેસની સરકારો વખતે આપવામાં આવતા હતા. અત્યારે શ્રી સૌરભભાઇ નથી. મને કહેતા ગૌરવ થાય છે કે છેલ્લા ૧૫-૧૭ વર્ષમાં દર વર્ષે ૧ લાખ વીજ જોડાણો ખેતીવાડીમાં અમે આપી રહ્યા છીએ. તેના કારણે આજે બેકલોગ બિલકુલ સાફ થઇ ગયો. હવે ખેડૂતનો દીકરો વીજ જોડાણ માગે તો તરત જ આપી શકીએ એ પ્રકારની ક્ષમતા આપણે કેળવી લીધી છે. રાજ્યના ખેડૂતોને ૬૭૦૦ કરોડ રૂપિયાની વીજ સબસિડી આ વર્ષમાં આપી. ભારતીય જનતા પાર્ટીની સરકાર વર્ષ ૧૯૯૫થી આવી. વર્ષ ૧૯૯૫થી થોડો ટાઇમ ડિસ્ટર્બ રહી, પરંતુ વર્ષ ૨૦૦૦ પછી સરકાર સતત સેવામાં રહી છે. ત્યારથી અત્યાર સુધીમાં મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતના ખેડૂતો પોતાના ખેતરોમાં જે વીજળી વાપરે છે એમાં એમને સહાય મળે, રાહત મળે એ માટે આજ દિવસ સુધીમાં ૨૦ વર્ષ સુધીમાં ૫૬,૦૦૦ કરોડ રૂપિયા વીજ સબસિડી સ્વરૂપે આપણી સરકારે આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનો હતો કે જ્યારે ગુજરાતનો ખેડૂત ખાતર માટે કલાકો સુધી લાઇનોમાં ઉભો રહેતો હતો. લાઇનોમાં તો ઉભો રહેતો હતો પણ કેટલીક વખત થોડીક અવ્યવસ્થા થાય તો પોલીસના દંડા પણ ખાવા પડતા હતા. એવી ખરાબ સ્થિતિ હતી અને બે-બે, ચાર-ચાર કલાક લાઇનમાં ઉભા રહ્યા પછી પણ તેના હાથમાં ખાતરની એક થેલી આવતી નહોતી એવા પણ દિવસો હતા. મને કહેતા ગૌરવ થાય છે કે જ્યારથી અમારી સરકાર આવી છે ત્યારથી એક પણ વખત

ખેડૂતના દીકરાને લાઇનમાં ઉભું રહેવું પડ્યું નથી. પર્યાપ્ત માત્રામાં જોઇએ એટલા રાસાયણિક ખાતરો એમને ઉપલબ્ધ કરાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કેટલીક આંકડાકીય વિગતો સન્માનનીય સભ્યો સમક્ષ આપશ્રીના માધ્યમથી મૂકવા માગું છું. વર્ષ ૧૯૯૫માં ખાદ્યપાક ઉત્પાદન ૪૧ લાખ મેટ્રિક ટન થતું હતું. વર્ષ ૨૦૧૯માં ૬૮ લાખ મેટ્રિક ટન સુધી આપણે પહોંચ્યા છીએ. એવી જ રીતે તેલિબિયાં ઉત્પાદનમાં વર્ષ ૧૯૯૫માં ૨૧.૫૬ લાખ મેટ્રિક ટન ઉત્પાદન હતું. આજે વર્ષ ૨૦૧૯માં ૩૭.૩૪ લાખ મેટ્રિક ટન સુધી પહોંચ્યું છે. એ જ રીતે કપાસ ઉત્પાદનમાં વર્ષ ૧૯૯૫માં ૨૨ લાખ ગાંસડી હતી. આજે સરેરાશ ૬૨ લાખથી ઉપર આપણે દર વર્ષે, નબળું થયું હોય તો ૬૨ લાખ નહીંતર ૧ કરોડ ગાંસડી ઉપર પહોંચ્યું છે. બાગાયતી પાકોમાં ૪.૮૦ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થતું હતું. જે આજે ૧૫.૮૪ લાખ હેક્ટર વિસ્તારની અંદર બાગાયતી પાકોનું વાવેતર થવા લાગ્યું છે. એવી જ રીતે ફળોના ઉત્પાદનમાં ૨૩.૨૬ લાખ મેટ્રિક ટન થતું હતું. મને આજે આનંદ છે કે ૯૨ લાખ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન આ વર્ષની અંદર થયું છે. એ જ રીતે ગુજરાતની મહેનત થવાના કારણે કેટલાક કૃષિ પાકોની અંદર આજે દેશમાં આપણો નંબર હવે આગળ આવવા માંડ્યો છે. એ વાત પણ હું આપશ્રીના માધ્યમથી સન્માનનીય સભ્યોની સામે રાખું છું. દિવેલાના વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં ગુજરાત સમગ્ર દેશમાં આજે પ્રથમ સ્થાને છે. કપાસ પાકના ઉત્પાદનમાં પ્રથમ અને ઉત્પાદકતામાં બીજા ક્રમે, મગફળી પાકના વાવેતર વિસ્તાર તથા ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. ફળ પાકો જેવા કે પપૈયા, લીંબુ અને ચીકુના વાવેતરમાં દેશમાં પ્રથમ સ્થાને છીએ. શાકભાજી પાકમાં ભીંડા ઉત્પાદનમાં દેશમાં પ્રથમ સ્થાને છીએ. જીરુ ઉત્પાદનમાં દેશમાં પ્રથમ સ્થાને છીએ અને વાવેતર વિસ્તારમાં દ્વિતીય સ્થાને છીએ. એ જ રીતે આદુ અને હળદર ઉત્પાદકતામાં દેશમાં પ્રથમ સ્થાને છીએ. કેળા ઉત્પાદનમાં અને ઉત્પાદકતામાં દેશમાં દ્વિતીય સ્થાને છીએ. દાડમના વાવેતર અને ઉત્પાદનમાં દ્વિતીય સ્થાને છીએ. બટાકાની ઉત્પાદકતામાં દેશમાં દ્વિતીય સ્થાને છીએ. ગીરની કેસર કેરી અને આપણા ભાલીયા ઘઉં, એને તો જીયોગ્રાફીકલ ઇન્ડીકેશન પ્રાપ્ત થયું છે. રાજયમાં ઇસબગુલનું પ્રોસેસીંગ અને નિકાસમાં દુનિયામાં આપણે અગ્રેસર છીએ. એ જ રીતે દરીયાઇ માછલી ઉત્પાદનમાં પણ આપણે અગ્રીમ હરોળમાં છીએ. દૂધ ઉત્પાદનમાં પણ દેશમાં અગ્રીમ હરોળમાં છીએ. આમ, આ બધું જ રાજય સરકારની ખેડૂતલક્ષી પ્રોત્સાહક નીતિઓના કારણે આ શકય બન્યું છે. આપત્તિના સમયે ગુજરાતના ખેડૂતોની પડખે અમારી સરકાર અડીખમ ઉભી છે. રાજયના ૫૬ લાખ ખેડૂતોને રૂપિયા ૩૭૯૫ કરોડનું ઐતિહાસિક આર્થિક પેકેજ અમારી સરકારે આપ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય નાણામંત્રીશ્રીને હું ગુજરાતના ખેડૂતોવતી વંદન કરું છું, અભિનંદન કરું છું. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિમાં વીતેલા વર્ષમાં ખેડૂતોને રૂપિયા ૬ હજાર લેખે ૩૨૧૫ કરોડ રૂપિયા ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકારે આપી છે એ માટે ગુજરાતના ખેડૂતોવતી દેશના પ્રધાનમંત્રીશ્રીને હું અભિનંદન કરું છું. ગુજરાતના ખેડૂતોવતી હું ખૂબ અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ખેડૂતનો દીકરો કાળી મહેનત કરતો હોય, પુરુષાર્થ કરતો હોય અને આપણે ઇશ્વરને પ્રાર્થના કરીએ કે ખેતી જોખમી ધંધો છે અને કામ કરતા અકસ્માતે કયારેય એનું મૃત્યુ ન થાય, પરંતુ જેનું જીવન છે એ ટૂંકું જીવન હોય અને આવી કોઇ આકસ્મિક ઘટના બની જાય તો એમની વિધવા છે એ રડતી રહેતી. એના માથે કોઇ આધાર નહોતો. ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારથી ગુજરાતમાં આવી એના પહેલા કોંગ્રેસના મિત્રો શાસનમાં હતા. એ વખતે ખેડૂતના દીકરા અકસ્માતમાં મૃત્યુ પામતા જ હતા, પરંતુ એમના વખતે સહાનુભૂતિ કે વિધવાના આંસુ લુછવા માટે કોઇ અભિગમ હતો જ નહીં. મને આનંદ છે કે અમારા લોકો સંવેદનશીલ છે. ખેડૂતનો દીકરો આ રીતે કયાંય મુશ્કેલીમાં મૂકાયો હોય તો એની પડખે ઉભું રહેવું એ અમારો રાજધર્મ અમે સમજીએ છીએ. ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતનો દીકરો કદાચ આ રીતે અકસ્માતે મૃત્યુ પામે તો અકસ્માત વીમા યોજના દાખલ કરી છે અને એના માધ્યમથી પહેલા એક લાખ રૂપિયા આપતા હતા આજે બે લાખ રૂપિયા આપીએ છીએ. એમના વતી પ્રીમીયમ પણ આપણી સરકાર ભરે છે. વાવણીથી લઇને કાપણી સુધીના તમામ સાધનોમાં ખેડૂતોને સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯–૨૦માં ઓજારોની સહાયના ધોરણોમાં ૫૬૭ ટકાનો વધારો કર્યો છે. અતિ આધુનિક ખેત ઓજારોની ખરીદી માટે છેલ્લા બે વર્ષમાં ૧.૦૭ લાખ ખેડૂતોને રૂ.૩૭૮ કરોડની સહાય ચૂકવી છે. ખેતી એ શ્રમ આધારીત વ્યવસાય છે અને એમાં ઓજારોનું ખૂબ મહત્ત્વ છે. સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોની કાર્યક્ષમતામાં વધારો કરવા, શ્રમમાં ઘટાડો કરવા તેમજ ખેતી કાર્યો સમયસર અને સરળતાથી કરવાના હેતુથી સ્માર્ટ સાધન સહાયતા આપવાની અમે નવી યોજના લાવ્યા છીએ. વર્ષ ૨૦૨૦–૨૧માં સ્માર્ટ હેન્ડ ટુલ કીટ ૨૦ હજાર ખેડૂતોને આપવાની નેમ છે. ટ્રેકટર તથા વિવિધ કૃષિ સાધનોની ખરીદીમાં સહાય માટે આ વર્ષે નાણામંત્રીશ્રીએ ભામાશા વૃત્તિના દર્શન કરાવ્યા છે. આ વર્ષે ૨૩૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. ખેડૂતોની લાગણી આખાએ ગુજરાતમાંથી ચારે બાજુથી આવતી હતી એ લાગણીને એમણે વાચા આપી છે એ માટે હું એમનો આભાર માનું છું. તા.૪–૯–૨૦૧૯ના રોજ ડો. સુભાષ પાલેકર આધારિત પ્રાકૃતિક કૃષિ માટે કાર્યશાળાનું આયોજન કર્યું હતું. ૭ હજાર ખેડૂતોને ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપવામાં આવ્યું. ગવર્નર સાહેબ પણ આ પ્રાકૃતિક શાળામાં ઉપસ્થિત રહ્યા. માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને આખી કેબિનેટ એમાં ઉપસ્થિત રહી હતી. ડિસેમ્બર ૨૦૧૯માં ૭ દિવસની કાર્યશાળા યોજવામાં આવી અને એમાં ૨૧,૮૬૧ ખેડૂતોને આ પ્રાકૃતિક ખેતીના સંદર્ભમાં શિબિરમાં માર્ગદર્શન આપવામાં આવ્યું. ૭ દિવસ માટે આખા ગુજરાતના ખેડૂતો, બધા જિલ્લા કેન્દ્રો ઉપર ક્યાંક ૮૦૦ તો ક્યાંક ૧ હજાર ખેડૂતો એકત્ર થયા હોય. ૭ દિવસ સુધી આ કૃષિ શિબિરમાં રહ્યા અને હવે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ જે પ્રકારે એનો પ્રભાવ વધતો જાય છે એના કારણે ખાદ્ય ચીજો ઉપર એના પ્રમાણ અને પ્રભાવ દેખાઇ રહ્યા છે. માનવીના આરોગ્ય ઉપર ગંભીર ખતરો ઉભો

થવાની પરિસ્થિતિ નિર્માણ થઇ છે ત્યારે આવા વાતાવરણમાંથી આ ખેતી જણસો છે, કહેવાનું તાત્પર્ય છે કે હવે પ્રાકૃતિક ખેતી તરફ દેશને વાળવા માટે આપણા પ્રધાનમંત્રીશ્રીએ આપણને પ્રેરણા કરી છે અને એ રીતે ડો. સુભાષ પાલેકર આધારિત આ પ્રાકૃતિક ખેતી દિશામાં હવે આપણે પ્રસ્થાન કરી રહ્યા છીએ. સંપૂર્ણ દેશી ગાયથી પ્રાકૃતિક ખેતી માટે ફરીથી હું નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું કે આ વાતને બળ આપવા માટે એમણે રૂપિયા ૯૦૦ની સહાય આપવાની એક નવી યોજના લાવ્યા છે. જે ખેડૂતનો દીકરો પોતાના આંગણે દેશી ગાય બાંધશે એને દર મહિને ૯૦૦ રૂપિયાની સહાય એના ખાણ-દાણ માટે રાજ્ય સરકાર આપશે. એ માટે રૂપિયા ૫૦ કરોડની જોગવાઇની નવી બાબત લઇને અમે આવ્યા છીએ. પ્રાકૃતિક ખેતી કરવા, ખેડૂતોને જીવામૃત બનાવવા માટે પ્રાકૃતિક કૃષિ કીટ બનાવવામાં આવી છે. પ્રત્યેક ખેડૂતને રૂપિયા ૧૩૫૦ની સહાય કીટ માટે આપવામાં આવશે. આ રીતે ૫૦ કરતા વધારે ગાયો ધરાવતી રજિસ્ટર્ડ પાંજરાપોળો, ગૌશાળાઓને જીવામૃત બનાવવા માટે માળખાકીય સુવિધાની યુનિટ કોસ્ટના ૫૦ ટકાની સહાયતા પણ આ વર્ષથી નવી યોજના લાગુ પાડવામાં આવી છે. રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂપિયા ૭૫૦ કરોડની જોગવાઇ કરેલ છે. દેશમાં પ્રથમ એવી ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂપિયા ૧૨ કરોડની જોગવાઇ કરેલ છે. રાજ્યના ખેડૂતોને ટૂંકી મુદતના પાક ધિરાણ માટે ભારત સરકાર તરફથી ૩ ટકા વ્યાજ સહાય અને રાજ્ય સરકાર દ્વારા ૪ ટકા વ્યાજ રાહત આપવામાં આવશે. જેના પરિણામે ખેડૂતોને શૂન્ય ટકા વ્યાજ દરથી ધિરાણ આપીએ છીએ અને તેના માટે રૂપિયા ૧ હજાર કરોડની જોગવાઇ આ વર્ષે કરેલ છે. ખેડૂતોની જણસીના વેચાણ માટે બજાર વ્યવસ્થા એ.પી.એમ.સી., મૂલ્ય વર્ધન એના માટે પણ અમારી સરકાર રાજ્યમાં ૨૨૪ માર્કેટીંગ યાર્ડ અને ૧૭૬ સબ યાર્ડ મળીને ૪૦૦ માર્કેટીંગ યાર્ડની અંદર ખેડૂતનો દીકરો પોતાના ખેતરની જણસી ઉત્પન્ન કરે છે એ આખી બજાર વ્યવસ્થામાં વેચાણ સારી રીતે થાય, સારા ભાવ પ્રાપ્ત થાય એ પ્રકારની બજાર નિયંત્રણ ઉપર અમારી સરકારનું ધ્યાન રહેતું હોય છે. એના કારણે ખેડૂતો આર્થિક રીતે સદ્ધરતાની દિશા તરફ આગળ વધી રહ્યા છે. કિસાન પરિવહન યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા બજેટમાં કૃષિ ઉત્પાદનોના પરિવહન માટે અને તે થકી ઉત્પાદનનું સારું મૂલ્ય મેળવવા માટે કિસાન ઉડાન અને કિસાન રેલ યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજનાને જોડતી કડી રૂપે ખેડૂત પોતાના ઉત્પાદનને સરળતાથી બજાર સુધી પહોંચાડી શકે અને સારું વળતર મેળવી શકે. ઇઝ ઓફ ડુઇંગ ફાર્મીંગ માટે પણ માનનીય નાણામંત્રીશ્રીએ અમારી પહેલમાં ખૂબ રિસ્પોન્સ કર્યો છે અને ૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ પહેલા વર્ષમાં કરી છે. જે થકી અંદાજિત ૫ હજાર લાભાર્થીઓને મધ્યમ સાઇઝના માલ પરિવહન વાહનો ખરીદવામાં સરકાર મદદ કરશે. લારીવાળા ભાઇઓ-બહેનો માટે આ સ્પેશિયલ આપણા નાણામંત્રીશ્રીના દિલમાંથી આ લાગણી ઉત્પન્ન થઇ. રોડ ઉપર વાહનમાં પસાર થતા હોય ત્યારે ઘણી વખત ભાઇઓ-બહેનો રોડ સાઇડ ઉપર લારી ગલ્લા લઇને પોતાની શાકભાજી અને ફળો વેચાણ કરતા હોય છે. ઉપર તડકો હોય અથવા વરસાદ પડતો હોય એમના દિલમાં ભાવના થઇ કે આવા લારી-ગલ્લામાં રોડના કાંઠે બેસીને જે લોકો પેટિયું રળી રહ્યાં છે એ આપણા ભાઇ ભાંડું છે એટલે એની ઉપર પણ આપણે ચિંતા કરવી જોઇએ. મોટી છત્રી આપવાની યોજના માનનીય નાણામંત્રીશ્રીએ કૃષિ વિભાગમાં અમને અપાવી છે માટે હું એમનો આભાર માનું છું. પહેલા વર્ષમાં ૬૦,૦૦૦ લોકોને આવી છત્રીઓ આપીને એક સુરક્ષાનું કવચ આપીને વરસાદ પડતો હોય તો એનો માલ પલળે નહીં, તડકો પડતો હોય તો માલ બગડે નહીં પોતે પણ છાંયડામાં રહે અને એનો માલ પણ છાંયડામાં રહે એવી નાણામંત્રીશ્રીએ આપણી ઉપર ચિંતા કરીને આપણા માટે ભામાશા બન્યા છે તેના માટે હું એમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેત પેદાશોના મૂલ્ય વર્ધન માટે વિવિધ યોજનાઓ અમલમાં છે. સામાન્ય ખેડૂતોને ૪૦ થી ૫૦ ટકા, આદિજાતિ વિસ્તારોમાં ૫૦ થી ૬૦ ટકા સુધીની સહાય આપવામાં આવશે. મૂલ્ય વર્ધન માટે જી.આઇ.ડી.સી. પેટર્ન ઉપર એસ્ટેટ ઊભા કરવા, એગ્રો એસ્ટેટરૂપે નવી યોજના કે જ્યાં શોર્ટીંગ, ગ્રેડીંગ, વોશિંગ, પ્રોસેસિંગ તથા કોલ્ડ સ્ટૉરેજ જેવી પાંચ બાબતો એગ્રો એસ્ટેટ કેમ્પસમાં પૂરી પાડવામાં આવે તે માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. હાલમાં રાજ્યમાં નવી ટેકનોલોજીના પાંચ સેન્ટર ઓફ એક્સેલન્સ ઊભા કરી દેવામાં આવ્યા છે અને પાંચ છે એ આવનારા વર્ષમાં ઊભું કરવા તરફનું આપણું આયોજન છે. હાલમાં રાજ્યમાં ૪૫૦થી વધુ કોલ્ડ સ્ટૉરેજમાં ૨૩ લાખ મેટ્રિક ટનથી વધુ માલ સંગ્રહ ક્ષમતા ધરાવે છે. મુખ્યમંત્રી પાક સંરક્ષણ યોજના ખેડૂતોના ખેતર પર આ એક મહત્ત્વની યોજના લઇને આવ્યા છીએ. ખેડૂત પોતાના ખેતરમાં માલ પેદા કરે, પરંતુ ઘરે રહેવા માટે બે રૂમ અને એક ઓસરી હોય તો પોતે પેદા કરેલો માલ છે એનો સુરક્ષિત રીતે સંગ્રહ ના થઇ શકે એવી કાયમ નાના અને મધ્યમ ખેડૂતોની ચિંતા રહેતી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ અમારી લાગણીને વાચા આપી છે અને ખેડૂત પોતાના ખેતરે સ્ટૉરેજ સ્ટ્રકચર નાનું એવું ગોડાઉન બનાવે જ્યાં પોતે ઉત્પન્ન કરેલો માલ પાંચ-પંદર દિવસ બજારો નીચા ચાલતા હોય, બજારો સારા ના હોય ત્યારે માલ સંગ્રહ કરીને સાચવી રાખવો હોય અને બજારો જ્યારે ઉંચકાય સારા ભાવો મળવાની આશાએ એને માલ સંગ્રહ કરવો હોય, ૨૫-૫૦ દિવસ એને રોકવો હોય તોએ રાખે ક્યાં? આ કાયમ ખેડૂતની ચિંતા હતી પણ માનનીય નાણામંત્રીશ્રી આમાં પણ અમારી ઉપર ખૂબ મોટું મન રાખીને નાણાકીય રીતે વર્ષા છે એવું કહેવું હોય તો ખોટું નથી. ખેડૂતોને ખેતર પર જરૂરિયાતના સમયે ઉત્પાદનને સાચવવા અને સંગ્રહ કરવાના હેતુથી મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના હેઠળ એક લાખ લાભાર્થીઓને ખેતર પર સ્ટૉરેજ સ્ટ્રકચર ઊભું કરવા સહાય આપવા રૂપિયા ૩૦૦ કરોડની નવી બાબતની જોગવાઇ કરવામાં આવી છે. વધુમાં આ સ્ટૉરેજ બનાવવા બિનખેતી કરવાની પણ કોઇ જરૂરિયાત રહેશે નહીં. આમ ગુજરાતના ખેડૂતોનો પરસેવો, સરકારની કૃષિલક્ષી પૂરક શક્તિ રંગ

લાવી છે અને દેશકાળમાં ઘણા બધા એવોર્ડના અધિકારી બન્યા છીએ. જેમાંની આ ઝાંખી આપ સૌની સમક્ષ માનનીય અધ્યક્ષશ્રીની અનુમતિથી હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડી ખાતાને વર્ષ ૨૦૧૮-૧૯ તેમજ ૨૦૧૯-૨૦માં જે એવોર્ડ પ્રાપ્ત થયા છે એ હું આપ સૌના માધ્યમથી ગૃહને જણાવું છું. પહેલો એવોર્ડ ડિજિટલ ઇન્ડિયા એવોર્ડ ઇન ઇમર્જીંગ ટેકનોલોજી, બીજો એવોર્ડ બેસ્ટ એગ્રીકલ્ચર તરીકે આપણને એવોર્ડ પ્રાપ્ત થયો છે. ત્રીજો એવોર્ડ ડિજિટલ પ્રોગ્રામ હેઠળ બિઝનેશ વર્લ્ડે એવોર્ડ આપ્યો છે. ચોથો એવોર્ડ એટલે સ્પોટ એવોર્ડ વર્ષ ૨૦૧૯માં આપણને પ્રાપ્ત થયો છે અને થોડા સમય પહેલા બેંગ્લોર ખાતે દેશના પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં ગુજરાતને કૃષિ કર્મણ એવોર્ડ એમ પાંચમો એવોર્ડ આપવામાં આવ્યો છે. હવે હું મારા હસ્તકના ગ્રામ વિકાસ વિભાગની ચર્ચા ઉપર આવું છું. જ્યારે જ્યારે ગામડાઓના વિકાસની વાત આવે ત્યારે આપણે સૌ પ્રથમ પરમ પૂજ્ય બાપુના વિચારોને યાદ કરીએ છીએ. બાપુ કહેતા કે ભારત તેના ગામડામાં વસે છે. ગામડાં સમૃદ્ધ તો દેશ સમૃદ્ધ. ભારતના લોક લાડીલા પ્રધાનમંત્રીશ્રીએ પણ સૂત્ર આપ્યું હતું કે '' સુવિધા શહેરની અને આત્મા ગામડાંનો. '' આદર્શ સ્થિતિનું નિર્માણ કરવાની દિશામાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ઝડપથી આગળ વધી રહી છે. સાર્વજનિક હિતોને પોષતી વ્યવસ્થા ઉભી થાય તે અમારો હેતુ છે. ગ્રામ વિસ્તારમાં ઘર વિહોણા પરિવારોને ઘર મળે, શૌચાલય વિહોણા પરિવારોને શૌચાલય મળે, લોકોને રોજગારીની તકો મળે, ખેતી માટે પૂરતું પાણી મળે અને ગ્રામ સ્તરે સ્વચ્છતાનો વ્યાપ વધે એવા શુભ આશયથી અમારો ગ્રામ વિકાસ વિભાગ કામ કરી રહ્યો છે. આ વર્ષ માટે ૨૦૨૦-૨૧માં રૂ.૩૫૨૦.૯૪ કરોડની જોગવાઇ કરીને આ સરકારની ગ્રામ્ય પ્રજાની સુખાકારી માટેની પ્રતિબદ્ધતાના દર્શન થાય છે. ઉત્તમથી સર્વોત્તમ ભણી ગુજરાતની યાત્રા, અમે ગુજરાતના પ્રત્યકે ગામડાંઓ અને ગ્રામજનોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે પ્રતિબદ્ધ છીએ. એક જમાનો હતો કે જયારે ગુજરાતનો ગ્રામ જન પ્રતિદિન વધુને વધુ ગરીબ બનતો જતો હતો. રહેવા માટે છત ન હતી. ત્રણ દાયકા પૂર્વે આપણા ભલાભોળા ગ્રામજનોને માત્ર વોટબેંક તરીકે જ જોવાતા હતા. માર્ગ પરિવહન વ્યવસ્થાનો અભાવ, શાળાઓમાં અપૂરતા ઓરડા, શૌચાલય અને પીવાના પાણીનો અભાવ, રોજગારીના સ્ત્રોતનો અભાવ વગેરે જેવા હતા ગ્રામજનોના હાલ. આ તમામ પરિસ્થિતિઓમાં ૩૬૦ ડીગ્રી આજે પરિવર્તન આવ્યું છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી અધિનિયમ હેઠળ અમારી સરકાર ગામડાંના પ્રત્યેક પરિવારને વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૧૦૦ દિવસની સવેતન રોજગારી પૂરી પાડે છે. મનરેગા યોજનામાં તબક્કાવાર ફેરફાર કરીને લોકઉપયોગી, અસરકારક અને પારદર્શક વ્યવસ્થા તથા વેતનમાં વધારો કરીને તેમાં પ્રાણ પૂરવાનું કામ આપણા દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. મને જણાવતા ગૌરવ થાય છે કે અમે આ વર્ષે ૨૦૧૯-૨૦માં આ રાજયના ૮ લાખ કુટુંબોને ૩૪૦.૯૫ લાખ માનવ દિનની રોજગારી ઉત્પન્ન કરી અને એમાં પણ ૧૫૪.૦૫ લાખ માનવ દિન મહિલાઓ માટે ઉત્પન્ન કરી. ૧૮.૧૭ લાખ માનવ દિન અનુસૂચિત જાતિ માટે અને ૧૩૭.૭૨ લાખ માનવ દિન આદિવાસી બાંધવ માટે અમે રોજગારી ઉત્પન્ન કરી છે. અમે વાતો નહીં, વાસ્તવિક કામ કરવાવાળા લોકો છીએ. મોસાળમાં જમણવાર હોય અને મા પીરસનારી હોય પછી પૂછવાનું શું હોય? ગુજરાતના સપૂતશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની નેશનલ રૂરલ લાઇવલીહૂડ મિશન દ્વારા આજીવીકા યોજનાનો આપણે અહીં ગુજરાત લાઇવલીહૂડ કંપની લી. થકી પરિણામલક્ષી અમલ કરી રહ્યા છીએ. આગામી વર્ષે મીની ફ્લોર રાઇસ મિલ મસાલા મિલ સ્વસહાય જૂથો માટે સપોર્ટ અને રિવોલ્વીંગ ફંડની વ્યવસ્થા એક નવી સેવા તરીકે અમે લાવી રહ્યા છીએ. આગામી વર્ષે રાજયની ગ્રામિણ અને શહેરી મહિલાઓના આર્થિક અને સામાજિક સશક્તિકરણ માટે મહિલા ઉત્કર્ષ યોજના અમલમાં મૂકવામાં આવનાર છે. આ યોજના હેઠળ રાજયની એક લાખ મહિલા સ્વસહાય જૂથોની રચના કરી અને ૧૦ લાખ મહિલાઓને એમાં આવરી લેવામાં આવનાર છે. ખેડૂતોને જેમ પાક ધિરાણ માટે ઝીરો ટકા વ્યાજથી લોન આપવામાં આવે છે તેમ આવા મહિલા સ્વસહાય જૂથોને અંકે રૂપિયા એક લાખથી વિના વ્યાજે અમે નવી ધિરાણ નીતિ લોન બેંક સહકારી મંડળીઓના માધ્યમથી આ મહત્વકાંક્ષી યોજનાનો અમલ કરવા માટે આગળ વધી રહ્યા છીએ. ગામડાંના ગરીબ પરિવારોને આવાસ આપવાના નામે અગાઉ થતી જાહેરાતોને અમે હકીકતમાં પલટાવી નાખી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત ગ્રામજનોનું પોતાના ઘરનું સ્વપ્નું આજે સાકાર થઇ રહ્યું છે. આ વર્ષે અમે ૮૫૦૦૦ ગ્રામિણ આવાસોનું નિર્માણ કરવા માટે રૂ.૧૦૯૯.૪૦ કરોડની માતબર રકમની જોગવાઇ કરી છે. રાજય સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભાર્થી પોતાનું મકાન સમયસર પૂરું કરે તો ૨૦,૦૦૦ રૂપિયાની વધારાની પ્રોત્સાહક સહાય માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ નવી પ્રોત્સાહક સહાય નીતિ જાહેર કરી છે. આગામી વર્ષથી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મહિલાઓની માન મર્યાદા જાળવવાના હેતુથી માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબની અમારી સંવેદનશીલ સરકારે દરેક આવાસમાં બાથરૂમની સુવિધા પૂરી પાડવા માટે રૂ.૫૦૦૦ વધારાની સહાય ચૂકવવા માટે રૂ.૫૦ કરોડની નવી જોગવાઇ કરેલી છે. સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સિદ્ધાંતને અમે સુપેરે ચરિતાર્થ કરવા ગુજરાતમાં મથામણ કરી રહ્યા છીએ. સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત ૩૭ લાખથી વધુ શૌચાલયોનું નિર્માણ કરી આખા ગુજરાતને ગ્રામીણ વિસ્તારમાં ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે ભારત સરકારની સુચના મુજબ રાજ્યમાં એક પણ શૌચાલય વિહોણું કુટુંબ રહી ન જાય તે માટે રાજ્યમાં પાત્રતા ધરાવતા બાકી ૪,૬૬,૫૦૬ લાભાર્થીઓને શૌચાલય સુવિધા પૂરી પાડવાનું આયોજન લઇને આવ્યા છીએ. આપણને એ વાતનો આનંદ છે કે જ્યારે ગુજરાતને સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૧૯ વેસ્ટર્ન રીજિયન કેટેગરીમાં પ્રથમ સ્થાન મળ્યું અને એ એવોર્ડથી રાજ્યને સન્માનિત કરવામાં આવ્યું, તે વખતે ૨જી ઓક્ટોબર ૨૦૧૯નો દિવસ હતો. પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મ દિવસે દેશના અન્ય રાજ્યની તુલનામાં ગુજરાતને

સ્વચ્છ રાજ્ય તરીકે એવોર્ડ પ્રાપ્ત થયો. વર્ષ ૨૦૧૫-૧૬માં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન અમલી બન્યો છે. તે અન્વયે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાના વોટરશેડ કમ્પોનન્ટમાં વિતેલા વર્ષમાં ૩,૦૯૫ એવા સ્ટ્રકચર નિર્માણ કર્યા કે જેમાં જળસંગ્રહની વિપૂલ પ્રમાણમાં શકયતા ધરાવતા વધારાના જળસંગ્રહની શક્યતા ઉભી થઇ. આ વર્ષે આ પ્રોગ્રામને આગળ વધારવા માટે રૂપિયા ૧૯૪.૮૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ એ જ બતાવે છે કે ગ્રામીણ ઉત્થાન કરવા માટે ગ્રામીણ જીવનને કેમ આગળ વધારી શકાય! ગામડાના માનવીના હાથમાં કેવી રીતે બળ પૂરું પાડી શકાય તે પ્રકારની પૂરક શક્તિ આપવાનું કામ અમારી સરકાર કરી રહી છે. શ્યામાપ્રસાદ મુખરજી રુર્બન મિશન યોજના અંતર્ગત ગુજરાતના ૧૬ ક્લસ્ટમાં કામગીરી કરવાની છે. જેમાંથી ૯ ક્લસ્ટર આદિવાસી ક્ષેત્રમાં છે અને ૭ ક્લસ્ટર છે એ સામાન્ય વિસ્તારની અંદર કામ કરવાના છીએ. ગ્રામીણ ક્ષેત્રની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી આજુબાજુના વિસ્તારમાં પ્રાણ પુરવાનું કામ અમારા વિભાગ દ્વારા કરવાનું છે. યુવકોના હાથમાં બળ પૂરું પાડવાનું કામ કરવાનું છે. આવતા વર્ષ માટે યુવાનોની શક્તિને રાષ્ટ્રના ઉત્થાનમાં જોડવા માટે રૂપિયા ૨૩૫.૬૦ કરોડની જોગવાઇ નવી શક્તિ સ્વરૂપે યુવાનોને તાકાત પૂરી પાડવા માટે થઇને લઇને આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું અમારા હસ્તકના વાહન વ્યવહારના પ્રભાગની ચર્ચા ઉપર આવું છું. વાહન વ્યવહાર વિભાગના બે આધારસ્તંભ એવા વાહન વ્યવહાર ખાતુ અને ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન છે. આ બંને એકમો વાહનોની નોંધણી, લાઇસન્સ, રોડ સલામતિ, જન સામાન્ય અને ગુજરાત રાજ્ય બહાર અવરજવરની એટલે કે પરિવહનની સેવાઓ વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. આપણા રાજ્યમાં વર્ષ ૧૯૯૬-૯૭માં ૩૭.૯૭ લાખ વાહનો નોંધાયેલા હતા. જેની સામે આજે ગુજરાતની પરિશ્રમશીલ જનતાના પુરુષાર્થ અને એના દ્વારા ગુજરાત રાજયમાં સમૃદ્ધીની હરણફાળ ભરીને દેશમાં વિકસિત રાજયનું ચિત્ર દર્શન ખડું થયું છે. આજે વાહનોની ૨.૬૫ કરોડની નોંધણી થઇ છે. એ જ ગુજરાતની સમૃદ્ધિના પ્રતિકની સાક્ષી પૂરે છે. કોઇપણ રાજ્યના વિકાસના પાયામાં તેની સુદઢ પરિવહન માળખું હોય છે. આપણે જાણીએ છીએ કે બે અઢી દાયકા પૂર્વે બિસ્માર માર્ગો, કથળેલું પરિવહન વ્યવસ્થાના કારણે ગુજરાતનો વિકાસ રુંધાતો રહ્યો હતો. અમે પરિવહન વ્યવસ્થાને વધુ મજબૂત અને પારદર્શક બનાવવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇના નેતૃત્વમાં અનેક નિર્ણયો કર્યા છે. કોઇને સ્વપ્નમાં વિચાર ન આવે એવો નિર્ણય એટલે કે ચેક પોસ્ટ નાબૂદીનો નિર્ણય કર્યો છે અને તેની તરત અમલવારી શરૂ કરી. રાજ્યની ૧૬ ચેક પોસ્ટ નાબૂદ કરી છે. જનતા ઉપર રાખેલ વિશ્વાસ અને જનતાએ અમારા ઉપર રાખેલ વિશ્વાસનું ઉત્તમ પરિણામ મળ્યું છે. ચેક પોસ્ટ નાબૂદ કરવા છતાં આ ૪ મહિનાની અંદર ૧૦૦ કરોડ રૂપિયાની આવક થઇ. ઓન લાઇન વેરો લોકો ભરે છે. આપણે એમની ઉપર વિશ્વાસ મૂક્યો. દેશભરના ટ્રાન્સપોર્ટ ઉપર વિશ્વાસ મૂક્યો. તો ઓનલાઇન વેરો ભરે છે. પ્રમાણિકતાથી કર ભરે છે અને મારું કહેવું છે કે છેલ્લા ૪ મહિનામાં રૂપિયા ૧૦૦ કરોડની આવક થઇ છે. તે પ્રમાણે ચેક પોસ્ટો ચાલતી હતી. તે પ્રમાણે ગયા વર્ષના આ ૪ મહિનાનો હિસાબ કરીએ તો ગયા વર્ષના ૪ મહિનાની તુલનામાં આ વર્ષે ૧૦.૫૧ ટકાનો વધારો થયો છે. ચેક પોસ્ટો ઉપર વાહનોની લાંબી લાંબી લાઇનો લાગતી હતી. ચેક પોસ્ટ બંધ થવાથી ટ્રાફિક જામ, પ્રદૂષણ, ભ્રષ્ટાચારને ગુજરાતમાંથી તિલાંજલિ મળી છે. શ્રી વિજયભાઇની દીર્ઘદષ્ટિના પરિણામે લીધેલા બીજા એક ઐતિહાસિક નિર્ણયથી આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને અવગત કરાવવા માગું છું. રાજ્યની ૩૬ આરટીઓ કચેરીઓના બદલે ગુજરાતની ૧૨૧ આઇટીઆઇ અને ૨૯ પોલીટેકનિક ઉપરથી લર્નિંગ લાઇસન્સની કામગીરી અમે શરૂ કરી છે. વર્ષોથી લોકોને લર્નિંગ લાઇસન્સ માટે જિલ્લા મથકે ધક્કા ખાવા પડતા હતા. તે સેવા તાલુકા કક્ષાએ અપાતાં જનતાને રાહત મળી છે. ફેબ્રુઆરી ૨૦૨૦ અંતિત આઇટીઆઇ અને પોલીટેકનિકોમાંથી ૧.૨૩ લાખ લર્નિંગ લાઇસન્સ ઇસ્યુ થયા છે. અમે અરજદારની હાજરી વગર ઓનલાઇન પૂરી પાડવામાં આવેલી વધારાની વાહન અને લાઇસન્સ સંબંધી નવી સાત સેવાઓ આપવાનો ઉપલમ શરૂ કર્યો છે. આમાં ડ્રાઇવિંગ લાઇસન્સ રીન્યુઅલ, ડુપ્લીકેટ લાઇસન્સ, લાઇસન્સ સંબંધી માહિતી અને વાહન સંબંધી સેવાઓ જેવી કે, વાહન લોનમુક્તિ, ડુપ્લીકેટ આરસી બુક વગેરે સંલગ્ન સેવાઓનો સમાવેશ થાય છે. ફેબ્રુઆરી ૨૦૨૦ અંતિત વાહનને લગતી સેવાની ૧.૪૦ લાખ મળેલ અરજીઓ પૈકી ૧.૨૨ લાખ અરજીઓનો અમે હકારાત્મક નિકાલ કર્યો છે. લાઇસન્સ સંબંધી ૨.૩૦ લાખ અરજીઓ પૈકી ૨.૦૭ લાખ અરજીઓનો હકારાત્મક નિવેડો લાવ્યા છીએ. વર્ષોથી ગુજરાતમાં મેમો આપવાની કામગીરી મેન્યુઅલી થતી હતી. જે હવે આ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન કરી ટોટલી ડીજીટાઇ કરી નાંખી છે. આજે પોઇન્ટ ઓફ સેલ એટલે કે પીઓએસ મશીન દ્વારા ઇ-ચલન બને છે. ઓનલાઇન ઇ-ચલન મેમોથી ગમે ત્યારે ગમે ત્યાં નાણાં ભરી શકાય છે. રાજ્યમાં અકસ્માતની સંખ્યામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૯.૧૮ ટકાનો ઘટાડો થયો છે. ગુજરાત રાજ્યમાં ૧૨૫ શહેરો હોય કે ૧૮ હજાર ઉપરાંત ગામડાં હોય, બેટ વિસ્તાર હોય કે જંગલ વિસ્તાર હોય, દુર્ગમ પહાડી વિસ્તાર હોય કે છેવાડાના ગામડાંના ઝૂંપડામાં રહેતો માનવી હોય ત્યાં અમારા એસ.ટી. નિગમ દ્વારા સમગ્ર રાજ્યના બધા જ વિસ્તારોની અંદર એસટી બસની અહર્નિશ સેવા પૂરી પડે તે માટે અમો જાગૃત છીએ. ગુજરાત રાજ્યની અંદર સુખી માણસ તો પોતાના પ્રાઇવેટ વાહન દ્વારા પોતાના ગંતવ્ય સ્થાને જવું હશે તો જઇ શકશે, પરંતુ સામાન્ય માનવી, ગરીબ માનવી, વિદ્યાર્થી, વૃદ્ધ લોકો, બાળકો, માતાઓ, બહેનો એક સ્થાનેથી બીજે સ્થાને જવું હોય તો તેમની પાસે એવી વ્યવસ્થા નથી કે પોતાના ખાનગી વાહનોથી યાતાયાત કરી શકે. આવા બધા જ ગુજરાતના નાગરિકો તે અમારો પરિવાર છે અને તેમની અગવડતા દૂર કરવી તે અમારું શ્રેષ્ઠ કર્તવ્ય બને છે. એટલા માટે જ અમારી નિગમની બસો દ્વારા ગુજરાતની અંદર ૯૯.૬૦ ટકા વિસ્તારને કવર કરીને સંપૂર્ણ રીતે લોકોને મુશ્કેલી ન પડે તે રીતે અમારા શિડ્યુલ ચલાવી રહ્યા છીએ. કદાચ દુર્ગમ વિસ્તારની અંદર ઉંડાણના

ગામડાની અંદર રહેનારા માનવીની સેવા કરવા જતાં આવક ઓછી મળશે પરંતુ અમે તો સેવાનું ક્ષેત્ર લઇને બેઠા છીએ. એસટી એ સરકાર માટે કમાવાનો વિભાગ નથી. પરંતુ માનવીની યાતાયાત માટે અગવડ ન પડે તે માટે ફક્ત સેવાના સ્વરૂપે, સેવાના યજ્ઞના સ્વરૂપે અમે આ કામ ચલાવી રહ્યા છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રજા ઉપયોગી નિર્ણય લઇને, જનહિત કાર્ય કરીને દિવાળીના દિવસોમાં વ્યક્તિ પોતાના સગાવ્હાલાંઓને મળવા અથવા તો જયાં રોજગારી મેળવી રહ્યો છે ત્યાંથી પોતાના વતનમાં જતો હોય ત્યારે સરકારી બસ શિડ્યુલની આટલી બધી વ્યવસ્થાઓ હોવા છતાં પણ એ દિવસોમાં યાતાયાતની સંખ્યા વધુ હોય છે, તે વખતે ગરીબ લોકોને પોતાના પરિવાર સુધી પહોંચવા માટે ખાનગી વાહનોની વ્યવસ્થા હોતી નથી. તેવા લોકોને ધ્યાનમાં રાખીને રાજ્યના મહાનગરો જેવા કે સુરત હોય કે અમદાવાદ હોય, વડોદરા હોય કે રાજકોટ હોય ત્યાંથી એકબીજા વિસ્તારોની અંદર આરામથી જઇ શકે તે માટે વધારાની બસ સેવાઓ પણ રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. એ માટે એકસ્ટ્રા સંચાલન દ્વારા એસટી પૂરી પાડવામાં આવે છે. અગાઉ સવાગણું ભાડું લેવામાં આવતું હતું તેના બદલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષે ખેડૂતોના હિતમાં સિંગલ ભાડાથી આ સેવા આપવાનો અને ગરીબ-મધ્યમ માણસની પડખે ઉભા રહેવાનો એક વધારાનો ઐતિહાસિક નિર્ણય અમારી સરકારે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થાય છે કે રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગરીબ અને મધ્યમ વર્ગના માનવીની અંદર પડેલી વ્યથાને પામીને ગરીબ માણસને પોતાના બાળકોના લગ્ન પ્રસંગે વાહન ભાડે લેવું હોય તો માર્કેટમાં મોંઘાભાવેથી વાહન ભાડે લેવું પડે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, દંડકશ્રીએ સવારથી જે લખીને આપ્યું છે એ મુજબ હવે પાંચ મિનિટ વધે છે અને હમણાં એમનો એક પત્ર આવ્યો છે કે હજુ માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇને બોલવાનું છે. તો એ શક્ય નથી. કેમ કે પાંચ જ મિનિટ મારી પાસે છે આમાં સમય વધે નહીં કેમ કે વિપક્ષ છે નહીં એટલે હું સંમતિ નહીં આપું. આપને બોલવું હોય તો આપ બોલી લો આપની પાસે હજુ બે મિનિટ છે કાં બે મિનિટ એમને બોલવા દો.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આમ અમારો એસ.ટી. વિભાગ રાત-દિવસ ગુજરાતની જનતાની સેવામાં છે. અમારા ત્રણેય વિભાગ ખેડૂત, ગ્રામિણ અને અમારી એસ.ટી.ની સેવાઓ અમારા ટ્રાન્સપોર્ટ વિભાગની સેવાઓ ગુજરાતની જનતાની અહર્નિશ સેવામાં અમે કામ કરી રહ્યા છીએ ત્યારે માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, અમારી ત્રણેય માગણીઓને અનુમોદન આપે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પશુપાલન વિભાગ એટલે કૃષિની સમકક્ષ એટલે આ એક પશુપાલન વ્યવસાય એવો છે કે એમાં મને દસથી પંદર મિનિટ આપો તો પણ મારા માટે અને આ વિભાગ માટે ઓછો કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન વિભાગની વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રની માગણી ક્રમાંક-૪, પશુપાલન અને ડેરી વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંગેની માગણીઓ લઇને હું સન્માનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. મારા વિભાગ વિશે લગભગ ૬ માનનીય સભ્યશ્રીઓએ ખૂબ વિસ્તૃત રીતે અમુક સૂચનો સાથે અને કેટલાક આ વિભાગ માટે ઉપયોગી હોય એવા સૂચનો સાથે સભાગૃહ સમક્ષ રજૂઆત કરી છે ત્યારે મારી માગણીઓને અનુમોદન આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કાપ દરખાસ્તો આવી નથી એટલે કાપ દરખાસ્તો મતદાન ઉપર લેવાની નથી માટે હું માગણીઓ મત માટે મૂકું છું.

**માગણી ક્રમાંક-૨, ૩, ૪, ૭૧ અને ૭૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૭.૫૮ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૮.૩.૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦**
**ફાલ્ગુન ૨૮, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### ખેડા જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત

*૨૭૧૧૮ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ**(મહેમદાવાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં સરકારની વિવિધ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત તળાવો ઊંડા કરવામાં વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૪૦૩ તળાવો

(૨)

| તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ |
| નડીયાદ | ૮.૫૩ | ૮.૩૭ |
| ખેડા | ૦.૦ | ૦.૦ |
| મહેમદાવાદ | ૦.૦ | ૦.૦ |
| કપડવંજ | ૧૩.૪૭ | ૬.૪૫ |
| ઠાસરા | ૩.૬૦ | ૦.૫૪ |
| કઠલાલ | ૦.૦ | ૦.૦ |
| ગળતેશ્વર | ૦.૦ | ૦.૦ |
| માતર | ૦.૦ | ૦.૦ |
| વસો | ૦.૦ | ૦.૦ |
| મહુધા | ૦.૬૭ | ૦.૦ |

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે મારા મત વિસ્તાર મહેમદાવાદ અને કપડવંજ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, આ તળાવો કોના દ્વારા ઉંડા કરવામાં આવ્યા, એમાં સંગ્રહશકિતમાં કેટલો વધારો થયો અને કેટલો ખર્ચ થયો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારની એક બહુ અગત્યની નીતિ રહી છે કે ગુજરાતમાં મોટા પ્રમાણમાં જળ સંચય કરવા માટેની વ્યવસ્થાઓ વધારવી, જૂના તળાવો ઉંડા કરવા, જરૂર પડે તો નવા તળાવો બનાવવા અને સાથે સાથે તળાવમાં જો પાણી આવવાના જે આવરા છે એ પૂરાઇ ના જાય અને જો પૂરાઇ ગયા હોય તો એને સાફ કરી અને બધું જ પાણી જયાં શકય હોય ત્યાં વધુને વધુ સંગ્રહ થાય, ભૂગર્ભમાં રીચાર્જ થાય અને ઉપરનું પાણી ખેડૂતોને, પશુપાલકોને ઉપયોગમાં આવે એ માટે અમારી સરકાર સતત કામ કરે છે અને એના ભાગરૂપે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અને સાથે સાથે સુજલામ્ સુફલામ્ યોજના જે અમે અમલમાં મૂકી છે એ સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા પાછલા બે વર્ષમાં આખા રાજયમાં ઝુંબેશ ઉપાડી, સંસ્થાઓ, સેવાભાવી સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, ધારાસભ્યશ્રીઓ બધાને પ્રોત્સાહન આપી અને ગામડામાં તળાવ ઉંડા કરવાનું કામ આપણે કરીએ છીએ. માનનીય અર્જુનસિંહે જે માહિતી માગી છે એ પ્રમાણે મહેમદાવાદ તાલુકામાં ૩૩ તળાવો વર્ષ ૨૦૧૮માં ઉંડા કરવામાં આવ્યા, ગયા વર્ષે ૨૯ તળાવ ઉંડા કરવામાં આવ્યા, કુલ ૬૨ તળાવ ઉંડા કરવામાં આવ્યા, એવી રીતે કપડવંજ વિસ્તારમાં વર્ષ ૨૦૧૮માં ૩૭ તળાવ ઉંડા કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૯માં ૧૭ તળાવ ઉંડા કરવામાં આવ્યા. એમ કપડવંજમાં પણ ૫૪ તળાવ ઉંડા કરવામાં આવ્યા. આ રીતે આપણે તળાવ ઉંડા કરીએ છીએ અને એમાં માટી બહાર નીકળે, કાંપ બહાર નીકળે એ ખેડૂતો પોતાના ખેતરમાં પાથરવા માટે લઇ જાય, ગામની અંદર નેળિયામાં પૂરાણ કરવું હોય, જાહેર સ્થળોમાં પૂરાણ કરવું હોય તો એ આ માટી વાપરે અને તળાવ ઉંડું થવાને કારણે, વર્ષ ૨૦૧૮માં જે તળાવ ઉંડા કર્યા એના કારણે ૩૪ એમ.સી.એફ.ટી. અને વર્ષ ૨૦૧૯માં ૩૬ એમ.સી.એફ.ટી. એમ બન્નેમાં થઇ

૭૦ એમ.સી.એફ.ટી. પાણીની સંગ્રહ શકિત આપણે વધારી છે. મને જણાવતા આનંદ થાય છે કે આ બધું જે આપણે કર્યું એ સરકારે લોકભાગીદારી, જુદી જુદી મોટી કંપનીઓ અથવા ટ્રસ્ટો એ બધાને આગળ કરીને કર્યું. એટલે મહેમદાવાદ અને કપડવંજમાં જે કામ થયું એનો કુલ ખર્ચ થયો રૂપિયા ૧૯ લાખ ૯૨ હજાર પણ એક પણ રૂપિયો સરકારે ખર્ચ કર્યો નથી, બધું જ કંપનીઓ અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરાવ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય ગોવિંદભાઇ, શ્રી નીતિનભાઇ સાહેબ હજી ઉભા છે, એ ઉભા છે છતાં તમે ચાર વખત હાથ કર્યો. મેં તમને હજી પૂછવાનું કીધું નથી. આપ બેસી જાવ. મંત્રીશ્રીનો જવાબ ચાલુ છે તેમાં હું તમને કેવી રીતે તક આપવાનો હતો? માનનીય ગોવિંદભાઇ...

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નડિયાદ અને ખેડા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા? આ તળાવો કોના દ્વારા ઉંડા કરવામાં આવ્યા, સંગ્રહશક્તિમાં કેટલો વધારો થયો અને એની પાછળ કેટલો ખર્ચ થયો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગોવિંદભાઇનો જે મત વિસ્તાર છે અને આજુબાજુનો વિસ્તાર છે એ પ્રમાણે નડિયાદ તાલુકામાં વર્ષ ૨૦૧૮માં ૫૭ તળાવો ઉંડા કરવામાં આવ્યા. વર્ષ ૨૦૧૯માં ૩૭ તળાવો ઉંડા કરવામાં આવ્યા. એમ ૯૪ તળાવો જે દંડકશ્રી પંકજભાઇનો પણ આ વિસ્તાર ગણાય ત્યાં ઉંડા કરવામાં આવ્યા. ખેડા તાલુકામાં વર્ષ ૨૦૧૮માં ૨૩ તળાવો અને વર્ષ ૨૦૧૯માં ૧૦ તળાવો ઉંડા કરવામાં આવ્યા અને એમ કરીને કુલ ૩૩ તળાવો બે વર્ષમાં ઉંડા કરવામાં આવ્યા. સંગ્રહશક્તિનો જે વધારો થયો એમાં વર્ષ ૨૦૧૮માં નડિયાદ તાલુકામાં ૪૧.૯૦ એમ.સી.એફ.ટી. અને વર્ષ ૨૦૧૯માં ૫૩.૨૦ એમ.સી.એફ.ટી. અને ખેડામાં વર્ષ ૨૦૧૮માં ૭૧.૨૦ એમ.સી.એફ.ટી. અને વર્ષ ૨૦૧૯માં ૨૭૮.૯૦ એમ.સી.એફ.ટી. જેટલી પાણી સંગ્રહ ક્ષમતા વધારવામાં આવી. નડિયાદ અને ખેડા તાલુકામાં ખર્ચ થયો એ ખર્ચ લોક ભાગીદારીથી કરવામાં આવ્યો અને મોટાભાગે ઓ.એન.જી.સી., નેશનલ હાઇ-વે ઓથોરિટી જેવી સંસ્થાઓ દ્વારા આ તળાવો ઉંડા કરવામાં આવ્યા.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત કયા કયા પ્રકારની કામગીરી કરવામાં આવી છે અને સરકારના કયા કયા વિભાગો એમાં સંકળાયેલા છે તથા સ્વૈચ્છિક સંસ્થાઓ, એન.જી.ઓ, ઉદ્યોગ ગૃહો વગેરેનો સહયોગ મેળવેલ છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી સુમનબેનની વાત સાચી છે. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે અમારી સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇનો એક લોક ભાગીદારોને સાથે જોડવાનો અભિગમ છે. આ કોરોના વાયરસ ન આવ્યો હોત તો એ આપણે ચાલુ કરવાના હતા પણ કોરોના વાયરસના કારણે આ વર્ષે ઝુંબેશ મુલતવી રાખી છે. ચોમાસામાં તળાવો ભરેલા હોય, ચોમાસાથી શિયાળા સુધી મોટા ભાગના તળાવો ભરેલા, અડધા ભરેલા હોય અને માટી ભીની હોય અને કાંપવાળી હોય એટલે ખોદી શકાય નહીં. ઉનાળામાં ગરમી પડે, પાણી પૂરેપૂરું શોષાઇ જાય એટલે સૂકા તળાવો ખોદવાનું આપણે ચાલુ કરીએ છીએ. માર્ચ મહિના પછી ચોમાસામાં વરસાદ આવે ત્યાં સુધી ૩ મહિના જેટલો સમય કામ થાય. એ પ્રમાણે લોક ભાગીદારીથી તળાવો ઉંડા કરવાનું કામ કરીએ છીએ. બીજું, એમણે કહ્યું એ મુજબ એકલા તળાવો ઉંડા નથી કરતા. અગાઉ કહ્યું એમાં ઉમેરો કરું તો આપણે ગામમાંથી પાણીના નિકાલ માટે કાંસ બનાવેલા છે. આ કાંસ રાજા-રજવાડા વખતના છે અને જૂના છે. કેટલીક નાની નાની નદીઓ પણ છે. ગામથી ૨-૫ કિલોમિટર જંગલમાંથી નીકળી સરકારી ખરાબામાંથી નીકળી નાની નદી ચાલતી હોય. ધીમે ધીમે મોટી નદીમાં ભળી જતી હોય. અનુભવે એવું જણાયું છે કે દાયકાઓ થઇ ગયા એની કોઇ સાફ-સફાઇ કે ખોદકામ ન થયા એવી નાની નદીઓ પુરાઇ ગઇ, છીછરી થઇ ગઇ એટલે જેવું પાણી આવે એટલે ગામમાં પાણી ઘુસી જાય. ગઇ કાલે વડોદરાનો પ્રશ્ન હતો એમ આખા રાજ્યમાં નાના મોટા પ્રશ્નો છે. ચોમાસામાં પુર આવે એટલે પાણી ભરાઇ જાય, લોકોને હાડમારી થાય. એના માટે પાણી નિકાલની વ્યવસ્થા જે છે એ ચોમાસામાં ડ્રેઇન ચોખ્ખી સાફ સફાઇ કરેલ હોય તો પાણી ઝડપથી નીકળી જાય. આપણે સુજલામ્ સુફલામમાં જે જૂની નદીઓ છે, જે સીલ્ટીંગ થઇ ગયેલી છે એને પણ ઉંડી કરવાનું કામ હાથ ઉપર લઇએ છીએ. ચોમાસાના પાણીના નિકાલ માટે જે કાંસ વગેરે છે એની સાફ-સફાઇની કામગીરી કરીએ છીએ. કોઇ નદી હોય, તળાવ હોય તો એની આજુબાજુ વૃક્ષારોપણ કરીએ છીએ કે જેથી માટીનું ધોવાણ ન થાય. આ બધું આપણા બધા વિભાગો, સિંચાઇ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, નર્મદા વિભાગ, પંચાયત વિભાગ, શિક્ષણ વિભાગ, દરેક વિભાગોનો સહયોગ લઇને આ કામ એક ઝુંબેશ તરીકે આખા રાજ્યમાં આપણે ચલાવીએ છીએ.

## બનાસકાંઠા જિલ્લામાં નવા તળાવો

*૨૭૧૦૯ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા તાલુકાઓ/ગામમાં નવા તળાવો બનાવવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાઓ/ગામમાં નવા તળાવો ને બદલે જળસંપત્તિ પ્રભાગ દ્વારા કુલ ૨૫૩ તળાવો ઉંડા કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) તળાવો ઉંડા કરવા અન્વયે ૨૭૨.૨૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત નવા તળાવ બનાવવાથી પાણીનો જથ્થો અને સિંચાઇ વિસ્તારમાં કુલ કેટલો વધારો થશે? | (૩) તળાવો ઉંડા કરવાથી ૫૭.૦૯ એમ.સી.એફ.ટી પાણીના જથ્થાનો સંગ્રહ વધશે તેમજ ૫૧૯ હેક્ટર વિસ્તારમાં પરોક્ષ રીતે સિંચાઇનો લાભ મળશે. |

શ્રી કિર્તીસિંહ પ્ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઊંડા કર્યા? તે અંગે કેટલો ખર્ચ થયો? અને કેટલી સંગ્રહ શક્તિ અને સિંચાઇ શક્તિમાં વધારો થયો? તેનો લેખિત જવાબ આપવામાં આવ્યો છે પણ માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ, કાંકરેજ તથા ભાભર તાલુકામાં તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા? તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો? તળાવો ઊંડા કરવાથી કેટલી સંગ્રહ શક્તિ તથા સિંચાઇ શક્તિમાં વધારો થયો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણો બનાસકાંઠા જિલ્લો અગત્યનો જિલ્લો છે. આમ, તો ભૂતકાળમાં દુષ્કાળગ્રસ્ત જિલ્લા તરીકે આ જિલ્લો જાણીતો હતો. પણ અમારી ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી માનનીય નરેન્દ્રભાઇ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે મોટા પ્રમાણમાં નર્મદાનું કામ બનાસકાંઠા જિલ્લાના મોટા ભાગના તાલુકા જે કમાન્ડ વિસ્તારમાં આવે છે તેનું બધું કામ પૂરું કર્યું. એ સિવાય સુજલામ્ સૂફલામ્ કેનાલ જે કડાણા બંધનું પાણી દરિયામાં નકામું વહી જતું હતું. એનો આખો લગભગ ૩૫૦ કિલોમિટર લાંબો કાંસ બનાવી લગભગ આઠેક જિલ્લામાં પસાર થતો કાંસ જે કડાણા ડેમથી શરૂ થઇને છેક બનાસકાંઠાના છેલ્લા રણ સુધીના વિસ્તારમાં એક કાંસ પણ બનાવ્યો. એમાં પણ પાણી આવે, નર્મદાનું પણ પાણી આવે એટલે બનાસકાંઠાનો પાણીનો મોટો પ્રશ્ન અમારી સરકારે હળવો કરી દીધો પણ એનાથી આપણે સંતોષ માનતા નથી. કારણ કે, માનનીય કિર્તીસિંહે જે પ્રશ્ન પૂછ્યો કે અમીરગઢ પર્વતાળ અને આદિવાસી વિસ્તાર છે અને ત્યાં નર્મદાનું કોઇ પાણી પહોંચી શકે તેવા ભૌગોલિક લેવલો નથી. એટલે સ્થાનિક નાની સિંચાઇને મહત્ત્વ આપવું એ રીતે અમે કામ કરીએ જ છીએ. અમીરગઢમાં ૮ તળાવો ઊંડા કર્યા. કાંકરેજમાં ૧૭ તળાવો ઊંડા કર્યા જે શ્રી કિર્તીસિંહનો વિસ્તાર છે ત્યાં નર્મદાનો પણ ભરપૂર લાભ મળે છે એટલે ખૂબ પ્રગતિશીલ વિસ્તાર બની ગયો છે. ભાભર પણ નર્મદાનો ખૂબ મોટો લાભ મેળવે છે છતાં પણ ત્યાં ૮ તળાવ ઊંડા કર્યા છે. આ બધાનો ત્રણેય તાલુકાનો ૨૪.૧૦ લાખ રૂપિયા ખર્ચ થયો છે અને સંગ્રહ શક્તિ પાંચ મિલિયન ઘનફીટ ત્રણેય તાલુકામાં વધારી છે.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લાના સૂઇ ગામ, પાલનપુર તથા થરાદ તાલુકાઓમાં તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કર્યા? અને તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો? અને તળાવો ઊંડા કરવાથી કેટલી સંગ્રહ શક્તિ તથા સિંચાઇ શક્તિમાં વધારો થયો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અજમલજી આપણા ખેરાલુના નવા ધારાસભ્ય છે એટલે એમને સ્વાભાવિક છે કે બનાસકાંઠા એમનો પાડોશી વિસ્તાર પાલનપુર, ખેરાલું પછી તરત આવે. માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કીધું એમ નર્મદાનો ઘણો લાભ બનાસકાંઠા જિલ્લાને મળ્યો છે પણ પાલનપુર, અમીરગઢ અને વડગામ આ બે-ત્રણ તાલુકા એવા છે કે જ્યાં એનો લાભ મળ્યો નથી. એટલે સૂઇ ગામમાં ૨૩ તળવો ઊંડા કર્યા. સૂઈ ગામને આપણે નર્મદાનો પૂરે પૂરો લાભ આપી શકીએ છીએ. પાલનપુરમાં ૨૦ તળાવ ઊંડા કર્યા. થરાદમાં ૩૧ તળાવ ઊંડા કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, આમાં મારે બધા જ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરવી છે કે તમે જેટલું સ્થાનિક કક્ષાએ પ્રોત્સાહન આપો. સરપંચો જેટલો રસ લે, ગામ જેટલો રસ લે. દા.ત. સરકાર જે.સી.બી. મૂકે, મફત ખોદી આપે અને ગામના ખેડૂતો ટ્રેક્ટર મૂકીને માટી લઇ જાય અને પોતાના ખેતરમાં એ ફળદ્રુપ કાંપ નાખે. તો ખેડૂતને પણ ફાયદો અને સરકારને ઓછા ખર્ચે તળાવ ઉંડા થઇ જાય તો લોક જાગૃતિ પણ આમાં ખૂબ અગત્યની છે. એ પ્રમાણે કુલ ૭૪ તળાવ આપણે ત્રણ તાલુકામાં ઉંડા કર્યા. એમાં ૭૫,૪૮,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો અને ૧૫.૪૯ એમ.સી.એફ.ટી. સંગ્રહ શક્તિ વધી એટલે પાણી વધુ સંગ્રહ થાય, વધુ રીચાર્જ થાય અને વધુ ફાયદો થાય.

## વડોદરા જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ

*૨૭૦૮૦ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે કેપિટલ સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૪૧૬ અરજીઓ |
| (૨)તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) રૂ.૨૪૩૭.૬૧ લાખ |

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માઇક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઇઝીસ એકમોની કેપિટલ સબસિડી યોજના શું છે? આ યોજના હેઠળ કેટલી રકમની કેપિટલ સબસિડી ચૂકવવામાં આવે છે અને આ સેકટર નીચે કેપિટલ સબસિડી યોજનાનો લાભ કયા કયા એકમોને મળવાપાત્ર છે? આ યોજનાની મંજૂરીની શરતો શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની નીતિ છે કે નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું. નાના ઉદ્યોગ, મધ્યમ ઉદ્યોગ માટે અનેક નીતિઓ બનાવવામાં આવી છે. એમાં એક કેપિટલ સબસિડીની નીતિ છે. આ કોઇપણ નાનો ઉદ્યોગની સ્થાપના થઇ હોય, આમાં બે ટાઇપ છે. એક, મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર સ્થાપના થઇ હોય અને બીજું, કોર્પોરેશનની બહાર સ્થાપના થઇ હોય. જે નાના, મધ્યમ ઉદ્યોગ છે એમને એના પ્લાન્ટ અને મશીનરીમાં જે રોકાણ કરે છે એ રોકાણ ઉપર એને કેપિટલ સબસિડી આપવામાં આવે છે એટલે ૫૦ લાખ રૂપિયા સુધીનું એનું રોકાણ હોય તો ૧૫ ટકા આપવામાં આવે છે મેકસિમમ અને રૂપિયા ૧૫ લાખની મર્યાદા છે. રૂપિયા ૫૦ લાખથી બે કરોડ હોય તો ૧૨ ટકા આપવામાં આવે છે અને રૂપિયા ૧૫ લાખની મર્યાદા છે. એવી જ રીતે રૂપિયા બે કરોડથી ૧૦ કરોડ હોય તો ૧૦ ટકા આપવામાં આવે છે અને એમાં પણ ૧૫ લાખની મર્યાદા છે. જો એ કોર્પોરેશનની બહાર કર્યું હોય તો રૂપિયા ૫૦ લાખની પ્લાન્ટ મશીનરીની અંદર ૨૦ ટકા સુધી રૂપિયા ૨૫ લાખની મર્યાદા છે. રૂપિયા ૫૦ લાખથી બે કરોડ હોય તો ૧૭ ટકા પ્લાન્ટ મશીનરી અને રૂપિયા ૨૫ લાખની મર્યાદા છે. રૂપિયા બે કરોડથી ૧૦ કરોડ હોય તો ૧૫ ટકા, રૂપિયા ૨૫ લાખની મર્યાદા છે. આમાં યુનિટોની જે વાત કરી એમાં એ લોકોએ પ્રોડકશન શરૂઆત જે સ્કીમની તારીખ છે. તા.૧–૪–૨૦૧૭થી તા.૩૧–૩–૨૦૧૯ અને અત્યારે ૬ મહિના એક્સસ્ટેન્ડ કર્યું છે. એની અંદર એમણે પ્રોડકશન સ્ટાર્ટ કરી નાખવું પડતું હોય છે. બીજું, સભ્યશ્રીએ પૂછ્યું કે કયા યુનિટોને મળતું હોય છે? તો આની અંદર જે યુનિટોને મળતું હોય છે એમાં ચાર ભાગો હોય છે. પહેલું, એક નવા યુનિટ હોય છે. નવું યુનિટ એટલે સંપૂર્ણપણે કોમર્શિયલ પ્રોડકશન આ સ્કીમના સમયની અંદર ચાલુ થાય છે એટલે નવો જ પ્લાન્ટ અને મશીનરી અને નવી જ ફેકટરી આખી ઉભી થઇ હોય છે. બીજું, જે હાલમાં યુનિટ હોય છે એ હાલમાં યુનિટ જે ચાલુ છે એને એકઝીસ્ટીંગ યુનિટ તરીકે ગણવામાં આવતા હોય છે. એક્સપાન્શન ડાયવર્સીફીકેશન એટલે હાલમાં ચાલતું યુનિટ એ ૫૦ ટકાથી વધુ મૂડી રોકાણ કરે અને એ ૫૦ ટકા મૂડી રોકાણ કરીને એ પ્રોડકશનમાં લાવે તો એને એક્સપાન્શન ડાયવર્સીફીકેશન ગણીને એને આની અંદર લેવામાં આવે છે અને ચોથું, મોર્ડનાઇઝેશન, મોર્ડનાઇઝેશન એટલે એ જ પ્રકારની પ્રોડકટ બનાવતું હોય પરંતુ પ્રોડકટની અંદર નવી મશીનરી લાવે છે, ઉત્પાદન વધારવા માટે નવી મશીનરી લાવે છે તો એની અંદર ૨૫ ટકા જો વધારો કરીને પ્રોડકશન લાવતું હોય તો એને મોર્ડનાઇઝેશન તરીકે ગણવામાં આવે છે એટલે આ બધા યુનિટોને એલીજીબલ ક્રાઇટ એરિયાની અંદર ગણવામાં આવે છે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમ.એસ.એમ.ઇ. એકમોની કેપિટલ સબસિડી યોજના હેઠળ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા યુનિટોમાં કેટલું મૂડીરોકાણ થયું? અને કેટલી રોજગારી ઉત્પન્ન થઇ છે?

શ્રી સૌરભ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આખા વડોદરાની અંદર વર્ષ ૨૦૧૮ની અંદર કુલ મૂડી રોકાણની વાત કરું તો ૨૯૩ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ થયું છે. કુલ ૧૯૭ યુનિટ છે અને કુલ ૨૨૬૦ લોકોને સીધી રોજગારી આપવામાં આવી છે. એ પ્રમાણે વર્ષ ૨૦૧૯ની વાત કરું. હું તાલુકાવાઇઝ વિગત નથી આપતો.

અધ્યક્ષશ્રી : આભાર તમારો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯ની અંદર રૂપિયા ૩૧૯ કરોડમાં ૨૭૪૫ લોકોને અને ૨૧૯ યુનિટ, આમ જોવા જઇએ તો આ બે વર્ષની અંદર આશરે કુલ ૪૦૦ યુનિટ ઉપર નાના મોટા ઉદ્યોગોને આની અંદર કેપિટલ સબસિડીનો લાભ આપવામાં આવ્યો છે.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ એમએસએમઇ એકમોની કેપિટલ સબસિડી યોજના હેઠળ આજે કેટલી અરજીઓ પડતર છે? બીજો સવાલ છેલ્લા ૨ વર્ષમાં કેટલી અરજીનો નામંજૂર થઇ? હમણાં જણાવ્યું તે પ્રમાણે જેટલા યુનિટોને સબસિડી આપી છે, એમાંથી કેટલા ચાલુ છે અને કેટલા બંધ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલની તારીખમાં જે અરજીઓ નામંજૂર થઇ છે એમાં વર્ષ ૨૦૧૮માં કુલ ૩૧ અરજીઓ નામંજૂર થઇ છે. વર્ષ ૨૦૧૯માં ૨૨ અરજીઓ નામંજૂર થઇ છે. નામંજૂર થવાનાં કારણોમાં એ લોકોએ પ્રોપર ડોક્યુમેન્ટ આપ્યા ન હોય, બીજી યોજનાની અંદર લાભ લીધો હોય એટલા માટે અરજી નામંજૂર થઇ હોય.

અધ્યક્ષશ્રી : પડતર અરજીઓ કેટલી એવું પૂછ્યું છે.

શ્રી સૌરભ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ૫૧ અરજીઓ પડતર છે. કુલ ૫ પ્રોસેસમાં છે. આમ કુલ ૫૬ અરજીઓ પડતર છે.

અધ્યક્ષશ્રી : યુનિટો કેટલા ચાલુ છે અને કેટલા બંધ છે તેવું પૂછેલ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૫ વર્ષ માટે યુનિટ ફરજિયાત ચાલુ હોય એને જ અમે સબસિડી આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : યુનિટ ચાલુ હોવા જોઇએ.

તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

*૨૭૧૫૪ **શ્રી રમેશભાઇ કટારા** (ફતેપુરા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાક મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૦૯ બિન–રહેણાક મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૨) રૂ.૧૨૦૨.૬૫ લાખ |

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૯–૨૦માં કુલ ૯ બિન રહેણાંક મકાનો કયા સ્થળે હાથ ધરવામાં આવેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજ્યમાં પોલીસ તંત્ર માટે રહેણાંક અને બિન રહેણાંક મકાનો બનાવવા માટેની આ રાજ્ય સરકારની અગ્રીમતા છે. મને જણાવતા આનંદ થાય છે કે આ વખતના બજેટમાં પણ માનનીય નાણામંત્રીશ્રી દ્વારા ગુજરાતના પોલીસના જવાનો, અધિકારીઓ માટે રહેણાંક અને બિન રહેણાંક મકાનો માટેની પૂરતી વ્યવસ્થા કરી છે અને તે સતત ચાલતી ભરતી પ્રક્રિયાના કારણે આગામી ૩ વર્ષમાં પણ રહેણાંકના ૧૩,૮૫૧ મકાનો બનાવવા માટેનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે અમદાવાદ જિલ્લાના કુલ ૯ બિન રહેણાંક મકાનો તો એના સંદર્ભમાં ૧ અસલાલી ખાતે ડી.વાય.એસ.પી. ઓફિસ રૂપિયા ૧૩૪ લાખમાં, સાણંદ જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન રૂપિયા ૨૮૦ લાખમાં, ધંધુકા ખાતે આઇ.બી. સેન્ટર–૧ રૂપિયા ૭૫ લાખમાં, ડી.વાય.એસ.પી. ઓફિસ ધંધુકામાં રૂપિયા ૧૫૩ લાખમાં, ધોળકામાં આઇ.બી. સબ સેન્ટર–૧ એ રૂપિયા ૬૩ લાખમાં અને એસ.આર.પી. જૂથ ૨૦ વિરમગામની અંદર એમટી સેક્શન રૂપિયા ૨૮૮ લાખમાં, ક્વાર્ટર ગાર્ડ ગન સ્ટોર અને ડિસ્પેન્સરી માટે ૩ અલગ અલગ નાના મકાનો રૂપિયા ૨૦૭.૬૮ લાખમાં. આમ, આ પ્રમાણે કુલ ૯ જેટલા બિન રહેણાંકના મકાનો બનાવવા માટેનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ:માનનીય અધ્યક્ષશ્રી, ૧૩૮૦૦ મકાનો બન્યા છે એ માગણી કરી હતી. જવાબમાં આવી ગયું.

**જામનગર જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

*૨૭૨૨૯ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૯ દરમ્યાન શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૭ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૭ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૩) ૯,૧૨૯ |
| (૪)તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? | (૪) ૯,૧૨૯ |

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૯ દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં કેટલા કાર્યક્રમો કરવામાં આવ્યા. મહાનગર પાલિકામાં કેટલા સેવાસેતુ કાર્યક્રમ કરવામાં આવેલ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર પ્રજાકીય નાના મોટો પ્રશ્નોનું સ્થળ ઉપર જ એના ઘરે જ નિકાલ થાય એ માટે આ સેવાસેતુ કાર્યક્રમ વર્ષ ૨૦૧૬માં શરૂ કર્યો અને પ્રથમ એની કામગીરી ગ્રામીણ વિસ્તારમાં શરૂ કરેલી. ગ્રામ્ય વિસ્તારમાં સફળતા મળી એને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૧૬થી આપણે શહેરી વિસ્તારમાં પણ આ આયોજન શરૂ કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીઓની જાણકારી માટે એક આંકડો આપવા માગીશ. અત્યાર સુધીમાં આખા રાજયમાં સેવાસેતુ કાર્યક્રમના પાંચ તબક્કા થયા છે. તેમાં આ પાંચેય તબક્કામાં કુલ ૧ કરોડ ૯૬ લાખ ૬૬ હજાર ૧૪૦ અરજીઓ આવી હતી એટલે કે લગભગ ૨ કરોડ જેટલી અરજીઓ આવી. આ ૨ કરોડ નાગરિકોએ પોતાના નાના મોટા કામો માટે આ સેવાસેતુ કાર્યક્રમમાં હાજરી આપી. તે વખતે અમારા અધિકારીઓ અને તંત્ર ત્યાં હાજર રહ્યું. આમાં અગત્યની વાત એ છે કે, ૧ કરોડ ૯૬ લાખ ૬૬ હજાર ૧૪૦ પૈકી ૧ કરોડ ૯૬ લાખ ૩૮ હજાર ૧૦૩ અરજીઓ એટલે કે ૯૯.૮૫ ટકા અરજીઓમાં સ્થળ ઉપર જ નિરાકરણ કરવામાં આવ્યું. એટલે સમજી લો કે આ કાર્યક્રમ અમારી સરકારે ચાલુ ન કર્યો હોત તો આ ૨ કરોડ લોકોને કોઇકને મામલતદારને ત્યાં જવું પડયું હોત, કોઇકને પ્રાંત અધિકારી પાસે જવું પડ્યું હોત, કોઇકને ટીડીઓ પાસે જવું પડ્યું

હોત, કોઇને પશુપાલન ખાતામાં જવું પડ્યું હોત, કોઇને ચીફ ઓફિસર પાસે જવું પડ્યું હોત, કોઇને મ્યુનિસિપલ કમિશનર પાસે જવું પડ્યું હોત. આમ કરીને ૫૭ જેટલી સેવાઓ અમે જે આ કાર્યક્રમમાં જોડી છે, તે ૫૭ સેવાઓ દરેક નાગરિકને ઘર આંગણે પ્રાપ્ત કરાવીએ છીએ. આ એનો મોટામાં મોટો ફાયદો છે. વિપક્ષના મિત્રો આજે નથી. એક વખત કોઇકે કહ્યું હતું કે, શા માટ આટલી બધી અરજીઓ આવે છે, તમે કાર્યક્રમ કરો છો તો હવે શું બાકી રહ્યું છે? ત્યારે મેં જવાબ આપ્યો હતો અને આજે તે જવાબ ફરી રીપીટ કરું છું. આમાં ઘણી જરૂરિયાતો નવી નવી ઉભી થતી જાય છે. જિંદગીમાં એકવાર એક વસ્તુ કરવી પડે એ જરૂરી નથી. તે વખતે મેં કહ્યું હતું કે, કોઇકને ત્યાં બાળકનો જન્મ થયો તો તેને જન્મનો દાખલો લેવો પડે. કોઇના ઘરમાં કોઇ વડીલનું મૃત્યુ થાય તો તેને મૃત્યુનો દાખલો લેવો પડે. કોઇને આવકનો દાખલો, કોઇને જાતિનો દાખલો લેવાનો હોય. આમ ૫૭ પ્રકારની જે સેવાઓ આમાં સાંકળી લીધી છે તેમાં મામલતદાર, સીટી સુપ્રિટેન્ડન્ટ અને ખેડૂતને લગતા કામ, એમાં કોઇએ આજે ૭/૧૨નો ઉતારો લીધો હોય અને ફરી તેને ૭/૧૨નો ઉતારો લેવો પડે. ગઇ સાલ કોઇ ખેડૂતે લોનનું સર્ટિફિકેટ લીધું હોય કે આ જમીન તારણમાં છે કે નહીં? આ સાલ તેને ફરી જરૂર પડે. એટલે આ સતત ચાલતી પ્રક્રિયા છે. ઘણા કામમાં એક વખત દાખલો લેવો પડતો હોય છે. ધારો કે મુખ્યમંત્રી આવાસ યોજનામાં મકાન આપી દીધું તો તે એકવાર આપવાનું હોય, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આપ્યું તો તે એકવાર આપવાનું થાય. આ કામ જે અમે લઇએ છીએ તે વારંવાર જરૂરિયાત પ્રમાણે આપણે તેનો લોકોને લાભ આપીએ છીએ. શહેરી વિસ્તારમાં માનનીય કેશુભાઇએ જે પ્રશ્ન પૂછયો તેમાં જામનગર જિલ્લામાં પણ આપણે સેવાઓ આપીએ છીએ. તે સેવાઓમાં જામનગર મહાનગરપાલિકા પણ આવરી લીધી છે. આપણે એ પણ કરીએ છીએ કે, મોટા શહેરોમાં એક જગ્યાએ આવો કાર્યક્રમ કરતા નથી. કારણકે બધા દૂર દૂર ન આવે. દાખલા તરીકે આપણું વડોદરા છે તો તેમાં એક જગ્યાએ આવો કાર્યક્રમ કરીએ તેવું નહીં. વડોદરામાં પણ વોર્ડવાઇઝ, ઝોનવાઇઝ આવા કાર્યક્રમો કરીએ છીએ. નાની નગરપાલિકાઓમાં પણ કરીએ છીએ. આમાં જામનગર મહાનગરપાલિકામાં–૧૬, કાલાવડમાં–૭, જામજોધપુરમાં–૭, ધ્રોલમાં–૭ અને સિક્કામાં ૭ કાર્યક્રમ કર્યા છે. આમ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં આવા કાર્યક્રમ કરીએ છીએ. ધ્રોલ કંઇ મોટું ટાઉન નથી તેમ છતાં આપણે ત્યાં કાર્યક્રમ કરીએ છીએ. આમ કરીને નાગરિકોને વગર ખર્ચે અને વગર સમય બગાડ્યે પ્રમાણિકતાથી, પારદર્શકતાથી મુખ્યમંત્રીનું જે વિઝન છે તેમાં સરકાર સેવા તો કરે છે પણ તે ઝડપથી અને પારદર્શકતા અને પ્રમાણિકતાથી કરવી જોઇએ. તે પ્રમાણે અમે સેવાસેતુમાં કામ કરીએ છીએ.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા એક પ્રશ્નનો જવાબ તો મળી ગયો પણ મારો બીજો પ્રશ્ન એ છે કે, આવી યોજના અગાઉની કોઇ સરકારમાં હતી કે કેમ?

અધ્યક્ષશ્રી : આવી કોઇ યોજના અગાઉની સરકારમાં, અગાઉની એટલે કંઇ પાછી તેવું કહેવું પડે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની એટલે કોંગ્રેસની આ અમારી સાદી અને સરળ વ્યાખ્યા છે. ભાજપની સરકાર વર્ષ ૧૯૯૫થી આવી ત્યારથી અમે આ પ્રકારે લોકોના ઘરે જઇ કામ કરવાનું શરૂ કર્યું છે. સરકાર તમારે દ્વાર, આપને દ્વાર એવો કાર્યક્રમ અમારી સરકારે અગાઉ ચલાવેલો. જેમ જેમ અનુભવ સારા થયા તેનું અમે ડીટેઇલીંગ કરીએ છીએ. સરકાર તમારે દ્વાર, આપને દ્વારા તે મોટા કાર્યક્રમ હતા. તેમાં હવે ડીટેઇલીંગ કરતા કરતા ૫૭ સેવાઓ અમે ઉમેરી છે અને શ્રી વિજયભાઇની સરકાર આવ્યા પછી એને વ્યાપક બનાવી છે. આપ જાણો છો અને સન્માનીય સભ્યશ્રીઓ પણ જાણે છે કે ડ્રાઇવીંગ લાયસન્સ લેવું એ પણ જરૂરી છે અને બધા હવે ડ્રાઇવીંગ લાયસન્સ મેળવે છે. અત્યાર સુધી ડ્રાઇવીંગ લાયસન્સ મેળવવા આર.ટી.ઓ. કચેરીએ જવું પડતું હતું અને વાર લાગતી હતી તો સેવા સેતુ કાર્યક્રમમાં આપણે એ પણ કરીએ છીએ. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ન હતી, કોંગ્રેસની સરકારમાં તો કશું હતું જ નહીં. એમાં તો લેવાનું જ હતું આપવાનું કશું હતું જ નહીં, અમારે આપવાનું જ ચાલે છે, પછી મુખ્યમંત્રી આવાસ યોજના હોય બીજી યોજના હોય, આપણી મા વાત્સલ્ય યોજના હોય તો એના કાર્ડ કઢાવવા એ બહુ અગત્યનું છે. જેના ખીસ્સામાં કાર્ડ હોય, એ કાર્ડ નથી એ ૫ લાખ રૂપિયાની ગેરન્ટી આરોગ્યની જાળવણી માટે છે, તો આ કાર્ડ પણ અમે કાઢી આપીએ છીએ. એટલે ભૂતકાળમાં આ બધું ન હતું એવું ઘણું આપણી સરકારે કર્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય ગૃહના સત્તાધારી પક્ષના તમામ ધારાસભ્યશ્રીઓને મારે પૂછવું છે કે, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ સેવા સેતુમાં જે આંકડો આપ્યો, એમાં કુલ કેટલા લોકો આવ્યા? એ આંકડો કેટલા જાણે છે? હાથ ઉંચો કરજો, હું પૂછીશ. માનનીય મંત્રીશ્રીઓમાંથી નહીં. માનનીય ધારાસભ્યશ્રીઓને પૂછું છું. માનનીય શ્રી અરવિંદભાઇ રાણા, બોલો આપ.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, ૧ કરોડ ૯૬ લાખ ૬૮ હજાર.

અધ્યક્ષશ્રી : તમારો જવાબ સાચો કહેવાય. માનનીય મંત્રીશ્રી, આપને પૂછવું છે મારે હવે કે સેવા સેતુ કાર્યક્રમમાં એક એક કામ માટે જાય સરકારી કચેરીએ એકવાર જાય કામ ન થાય, બીજી વાર જાય કામ ન થાય, ત્રીજી વાર ધક્કો થાય, દૂરથી આવતા હોય, તાલુકાની કચેરીમાં અને જિલ્લાની કચેરીમાં જવું પડે તો એક માણસને લગભગ ૩ થી ૪ દિવસ બગડે, ૫ દિવસ બગડે છતાં કામ થાય અને ન પણ થાય. સેવા સેતુના કાર્યક્રમથી કેટલા માનવ દિન બચ્યા હશે એ ગુજરાતનો બહુ જ મોટો કાર્યક્રમ અભિનંદનને પાત્ર છે. પ્રશ્ન ક્રમાંક–૮.

## વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ

*૨૭૦૭૭ **શ્રી કનુભાઇ દેસાઇ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે વ્યાજ સહાય યોજના હેઠળ વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૬૮ અરજીઓ |
| (૨) તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) રૂ.૨૨૧૫.૩૯ લાખ |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત જ્યારે સમગ્ર દેશનું વિકાસ માટેનું ગ્રોથ એન્જિન છે ત્યારે એના માટે સરકારની અનેક યોજનાઓ અને છેલ્લે માનનીય વિજયભાઇ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇની સરકારે જે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ ત્રણ વર્ષ માટે ઉત્પાદન કર્યા પછી પરમિશન લેવાની એ ઉદ્યોગો માટે ઘણી રાહતકારક છે. ત્યારે એમ.એસ.એમ.ઇ. યુનિટોને જે વ્યાજ સહાય આપવામાં આવે છે એ વ્યાજ સહાયની રકમ કેટલી છે અને એની અરજી કરવાની પ્રક્રીયા અને મંજૂરીની પ્રક્રીયા શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેમ કહ્યું કે આ યોજના નાના અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટેની છે. આની અંદર જે પ્રોસીઝરની વાત કરી એ કહું તો એમાં ઇન્ડસ્ટ્રીઝ કમિશનરે એક પ્લેટફોર્મ ડેવલપ કર્યું છે આઇ.એસ.ડી.પોર્ટલ ડેવલપ કર્યું છે એની અંદર ઓનલાઇન એપ્લીકેશન કરવી પડે છે અને આ જે ઓનલાઇન એપ્લીકેશન કરીએ છીએ એ બેન્કની જોડે જોડાયેલું છે એટલે બેન્કનું ડિસ્બર્સમેન્ટનું એક વર્ષ થયું હોય ત્યારથી એનાથી પહેલા આપણે એની અરજી કરવી પડતી હોય છે. એપ્લીકેશન ડી.આઇ.સી. સ્ક્રુટીનાઇઝ કરે છે અને બીજા બધા ડોક્યુમેન્ટ્સ મળ્યા પછી એને પ્રોવિઝનલ સેંકશન આપવામાં આવે છે અને પ્રોવિઝનલ સેંકશન ન હોય તો ક્વેરી પૂછવામાં આવે છે અને ક્વેરી પૂરી થઇ જાય પછી પ્રોવિઝનલ સેંકશન આપવામાં આવે છે અને એ પ્રોવિઝનલ સેંકશન આપ્યા પછી એ બધા ડોક્યુમેન્ટ સ્ક્રુટીનાઇઝ કરે, પ્રોડકશન પ્રોસિઝર એનો ઇન્સ્પેક્ટર એ ચેક કરે અને ઇન્સ્પેક્ટર ડોક્યુમેન્ટ્સથી લઇને ખર્ચથી લઇને કેટલી કેપિટલ એસેટ્સ ઉભી કરી છે, ટર્મલોન ક્યાંથી લીધી છે? આ બધું જોયા પછી જનરલ મેનેજર, ડી.આઇ.સી. એ એપ્રુઅલ કરતા હોય છે. બીજું, મૂડી રોકાણનો વિષય પુછ્યો તો મૂડી રોકાણની અંદર....

અધ્યક્ષશ્રી : વ્યાજ સહાય.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હા, વ્યાજ સહાયની જ વાત કરું છું. એમાં જે એમ્પ્લોયમેન્ટ આવ્યું છે અને ઇન્વેસ્ટમેન્ટ આવ્યું છે એ વર્ષ ૨૦૧૮ની અંદર ૨૩૮ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ આવ્યું છે અને કુલ ૨૩૮૬ લોકોને રોજગારી આપી છે, બીજા વર્ષમાં ૨૧૨ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ આવ્યું છે અને એમાં ૨૧૦૧ લોકોને સીધી રોજગારી મળી છે એ રીતે આ લાભો મળ્યા છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારો ખૂબ ટૂંકો પ્રશ્ન છે આપે કહ્યું તેમ, પણ મહાગુજરાત પછી ગુજરાત બન્યું અને આ પહેલીવાર આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપવાનું મન થાય કે એમ.એસ.એમ.ઇ.ને પહેલીવાર આ ગુજરાતના ઇતિહાસની અંદર પહેલા ફેક્ટરી ચાલુ કરી દેવાની પછી ત્રણ વરસમાં પરમિશન લેવાની, ખૂબ મોટી વાત છે આ મારો ટૂંકો પ્રશ્ન આપે કહ્યો તેમ એક જ છે કે આમાં કોઇ સ્પેસિફિક બેન્ક છે કે બધી જ બેન્કો છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની અંદર ખાસ કરીને આર.બી.આઇ. એ જે ગાઇડ લાઇન્સ આપી હોય, બેન્ક અને ફાઇનાન્સીયલ ઇન્સ્ટીટ્યૂશન્સ હોય એની પાસેથી આપણે લોન લેવી જરૂરી છે. કારણ કે લોન લેવાની પાછળનો હેતુ એ છે કે, બેન્કો પૈસા આપતા પહેલાં પ્રોજેકટની સંપૂર્ણપણે સ્ક્રૂટીની કરતા હોય છે અને પછી પૈસા આપતા હોય છે અને બેન્કને જ્યારે આપણે વ્યાજ સહાય આપતા હોઇએ ત્યારે આર.બી.આઇ.ની ગાઇડ લાઇન પ્રમાણે જે બેન્ક કે ફાઇનાન્સીયલ ઇન્સ્ટિટ્યૂટ પાસેથી લોન લીધેલી હોય એ લોકોને આપણે વ્યાજ સહાય આપીએ છીએ.

શ્રી ભરતભાઇ કી. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપી દીધેલો છે કેટલી મૂડીનું રોકાણ થયું તે અને કેટલી રોજગારી ઉત્પન્ન થઇ તે બન્નેનો જવાબ આવી ગયેલો છે.

**વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ**

*૨૭૦૯૧ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે વ્યાજ સહાય યોજના હેઠળ વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૬૮ અરજીઓ |

(૨) તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? (૨) રૂ.૨૨૧૫.૩૯ લાખ

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમ.એસ.એમ.ઇ.ની વ્યાખ્યા શું છે? અને ગુજરાત રાજ્યમાં એમ.એસ.એમ.ઇ.ના સેક્ટર માટે કઇ કઇ પ્રોત્સાહિત યોજના અમલમાં છે અને બીજો પ્રશ્ન એ છે કે, વલસાડ જિલ્લામાં છેલ્લા બે વરસમાં એમ.એસ.એમ.ઇ. એકમોની વ્યાજ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : માનનીય અરવિંદભાઇ, તમે તમારો પ્રશ્ન વાંચો જરા. પ્રશ્ન ક્રમાંક–૧૦માં પેટા પ્રશ્ન ક્રમાંક–૧ વાંચો, વાંચો, વિનંતી છે મારી.

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માઇક્રો, સ્મોલ, મિડિયમ એન્ટરપ્રાઇઝીસ..

અધ્યક્ષશ્રી : એમ.એસ.એમ.ઇ. પછી કૌંસમાં લખ્યું છે માઇક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઇઝીસ તમે એની વ્યાખ્યા પુછી એ તો તમારા પ્રશ્નમાં જ છે.

શ્રી સૌરભ પટેલ : એમણે વિગતવાર પુછી છે.

અધ્યક્ષશ્રી : એ આપો, એ બાકી જ છે.

શ્રી સૌરભ પટેલ : હું વિગતવાર આપું.

અધ્યક્ષશ્રી : એ વિગતવાર આપશે.

શ્રી સૌરભ પટેલ : સાહેબ, આમાં એમણે જે સ્પેસિફિક સવાલ પૂછ્યો છે કે ઉદ્યોગો કઇ કઇ જાતના હોય છે? હવે એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગ કોને કહેવાય એ વિશે માનનીય સભ્યશ્રીને માહિતી આપું તો...

અધ્યક્ષશ્રી : એવું નથી પૂછ્યું એમણે તો ખાલી વ્યાખ્યા પૂછેલી. એ તો આ પ્રશ્નમાં છે જ. માનનીય મંત્રીશ્રી બીજા પ્રશ્નનો જવાબ આપો. એ જરૂરી છે, બધાએ જાણવું જરૂરી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમ.એસ.એમ.ઇ.ની અંદર હાલની જે યોજનાઓ છે એ અનેક યોજનાઓની અંદર માઇક્રો, માઇક્રો એટલે પચ્ચીસ લાખ રૂપિયા સુધીના ઇન્વેસ્ટમેન્ટ પ્લાન્ટ અને મશીનરીમાં હોવું જોઇએ એને આપણે માઇક્રો કહીએ છીએ. સ્મોલ એટલે પચ્ચીસ લાખ રૂપિયાથી માંડીને પાંચ કરોડ રૂપિયા સુધીના મૂડી રોકાણ પ્લાન્ટ અને મશીનરીમાં હોવું જોઇએ અને મિડિયમ એમાં પાંચ કરોડ રૂપિયાથી દસ કરોડ રૂપિયાનું હોવું જોઇએ. આ મેન્યુફેક્ચર સેક્ટરની વ્યાખ્યા છે. સર્વિસ સેક્ટરની વ્યાખ્યા જુદી છે. સર્વિસ સેકટરની અંદર પ્લાન્ટ અને મશીનરી ઓછાં હોય, એના કારણે માઇક્રોની અંદર દસ લાખ રૂપિયા સુધીનું હોવું જોઇએ, સ્મોલની અંદર દસ લાખ રૂપિયાથી બે કરોડ રૂપિયા હોવું જોઇએ અને મિડિયમમાં બે કરોડ રૂપિયાથી પાંચ કરોડ રૂપિયા હોવું જોઇએ. આમ, માઇક્રો સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝીસના આવા ઉદ્યોગોને આ યોજનાઓ દ્વારા લાભ આપવામાં આવે છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, એમ.એસ.એમ.ઇ.ના એકમો માટે સહાયની જે યોજનાઓ છે એમાં કેન્દ્ર અને રાજ્ય બન્ને આ યોજનામાં સહાય આપે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની જો સહાય લીધી હોય તો એ લોકોને આની અંદર સહાય મળતી નથી.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, એમ.એસ.એમ.ઇ. અને સ્મોલ ઇન્ડસ્ટ્રીઝને ઇ.સી.ની પરવાનગી દિલ્હી લેવા જવું પડે છે. વર્ષ ૧૯૯૪ના નોટીફિકેશનમાં આવી પરવાનગી ગુજરાતથી મળતી હતી પણ વર્ષ ૨૦૦૬ના નોટીફિકેશનથી આપણે દિલ્હી જવું પડે છે. એમાં આપણા સમયનો બહુ વ્યય થાય છે ઘણા બધા ઉદ્યોગોમાં આનાથી વિલંબ થાય છે અને કેપિટલ સબસિડી મેળવવામાં પણ મુશ્કેલી પડે છે તો ફરીથી વર્ષ ૧૯૯૪ના નોટીફિકેશન પ્રમાણે સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું તપાસ કરી લઇશ કે આ કેન્દ્ર સરકારનો કાયદો છે કે રાજય સરકારનો કાયદો છે. જો રાજય સરકારનો કાયદો હશે તો વિભાગ જોડે બેસીને આનો ઉકેલ કઇ રીતે લાવી શકાય તેના માટે આપણે પ્રયત્ન કરીશું.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે એમએસએમઇ ઇન્ડસ્ટ્રીઝના નાના એન્જિનિયરીંગ યુનિટો હોય છે એક લેથ મશીન, બે લેથ મશીન નાના કારખાના આ બધા જ કારખાનેદારોને હેલ્થનું લાયસન્સ લેવાની જરૂર પડે છે. હવે એ લોજીક ખબર પડતી નથી કે હેલ્થનું લાયસન્સ શેના માટે જરૂરી છે ? જે એન્જિનિયરીંગ યુનિટો છે અથવા નવી દુકાનો છે તેને હેલ્થના લાયસન્સની કોઇ જરૂર નથી. હવે જયારે કોર્પોરેશનમાં રજૂઆત કરીએ છીએ ત્યારે એવું કહે છે કે આ ઇન્ડસ્ટ્રીઝ કમિશનરને પૂછો તો આનો નિકાલ કરવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ વિષય લેબર રીફોર્મ્સની અંદર બેઠક લીધી હતી. અમે ઘણું બધું વિચારી રહ્યા છીએ. કદાચ આવતા દિવસોમાં લેબર મંત્રીશ્રી આમાં ઇન્ડસ્ટ્રીઝ એક્ટની અંદર પોતે કાયદો લગાવશે. એટલે ઇન્ડસ્ટ્રીઝ એક્ટની અંદર કાયદા જયારે આવશે તે કાયદાના આધાર ઉપર ઘણી મોટી છૂટછાટો પણ મળશે અને એ છૂટછાટો મળવાના કારણે હવે આપણે લેવા જવું નહીં પડે. એટલે આપણે મર્યાદાની અંદર સુધારા લાવવાનું

વિચારીએ છીએ કે જેથી નાના મોટા ઉદ્યોગો હોય, નાનો મોટો વિષય હોય એ લોકોને આવી મંજૂરી લેવા જવું ના પડે એ પ્રમાણેની વિચારણા કરી રહ્યા છીએ.

શ્રી જગદીશ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એમએસએમઇની આ જે વ્યાખ્યા છે આ વ્યાખ્યાને આપણે કંઇ બદલ કરવા માગીએ છીએ કે કેમ ? બદલ એટલા માટે કે અત્યાર સુધી જે કન્વેન્સનલ મશીનોને આધારે પ્લાન્ટ એન્ડ મશીનરીનું જે ટોટલ ઇન્વેસ્ટમેન્ટ હતું તેના આધારિત આ વ્યાખ્યા હતી. હવે હાઇટિક જમાનો આવ્યો છે ખાલી ત્રણ કિલોનો નાનો એક કેમેરો હોય દા.ત. સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સ્કેનીંગ જે થયું તે રૂપિયા૮ કરોડનો કેમેરો છે તો તેને આપણે આનો લાભ આપી શકતા નથી. આવા અનેક ઉદ્યોગો ગુજરાતની અંદર આવી રહ્યા છે ત્યારે મને લાગે છે કે એમએસએમઇની વ્યાખ્યામાં બદલ કરવાની જરૂરિયાત છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત ખૂબ વાજબી છે કેન્દ્ર સરકારે Micro, Small, Medium Enterprise ની આખી વ્યાખ્યાને વિચારણા હેઠળ લીધેલી છે અને તે જયારે આવશે ત્યારે એ ગુજરાત સરકાર એ પ્રમાણે વિચાર કરીને આગળ વધશે.

### રાજકોટ જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ

*૨૭૦૭૯ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે કેપીટલ સહાય યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૫૩૬ અરજીઓ |
| (૨) તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) રૂ. ૧૧૫,૯૦,૮૯,૧૪૭ |

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં છેલ્લાં બે વર્ષથી એમએસએમઇ એકમોની કેપિટલ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી ? કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલા યુનિટોને સહાયની ચૂકવણી કરવામાં આવી ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાની અંદર વર્ષ ૨૦૧૮માં માઇક્રોની અંદર ૧૨૪૯ અરજી, સ્મોલની અંદર ૧૦૦૦, મિડિયમની અંદર ૪૩ અરજીઓ. એમ વર્ષ ૨૦૧૮ની અંદર ૧૨૯૨ અરજીઓ મળી હતી અને વર્ષ ૨૦૧૯ની અંદર માઇક્રોમાં ૨૨૪, સ્મોલની અંદર ૧૦૩૫, મિડિયમની અંદર ૨૮ એમ ૧૨૮૭ અરજીઓ મળી હતી. તેની અંદર મંજૂર કરી તો વર્ષ ૨૦૧૮ની અંદર માઇક્રોમાં ૧૪૮, સ્મોલમાં ૫૯૯, મિડિયમમાં ૯, ૭૫૬ કેપિટલ સબસિડીની અરજીઓ મંજૂર કરી. વર્ષ ૨૦૧૯ની અંદર માઇક્રોમાં ૧૨૭, સ્મોકલમાં ૬૩૮, મિડિયમમમાં ૧૫ એમ ૭૮૦ મંજૂર કરવામાં આવેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ જવાબમાં ખૂબ સમય બચાવો છો તમારો આભાર.

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એમએસએમઇ એકમોની કેપિટલ સબસિડી યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં યુનિટોમાં કેટલું મૂડીરોકાણ થયું તથા કેટલી રોજગારી ઉત્પન્ન થઇ ? મારો બીજો પ્રશ્ન એ છે કે, અનુસૂચિત જાતિ અને જનજાતિના સાહસિકો માટે એમએસએમઇ કેપિટલ સહાય યોજના હેઠળ કેટલી સહાય મળવાપાત્ર છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમના બીજા સવાલનો જવાબ હું પહેલા આપી દઉં અનુસૂચિત જાતિ, જનજાતિને આપણે આ એમએસએમઇમાં વધારે લાભ આપીએ છીએ. મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર હોય તો ૫૦ લાખ રૂપિયા સુધીની બેન્ક ટર્મ લોન હોય તો તેના ૨૦ ટકા મેકિસમમ એટલે રૂપિયા ૨૫ લાખ આપીએ છીએ, રૂપિયા ૫૦ લાખથી ૨ કરોડ હોય તો ૧૫ ટકાના રૂપિયા ૨૫ લાખ, રૂપિયા ૨ કરોડથી ૧૦ કરોડ હોય તો ૧૦ ટકાના રૂપિયા ૨૫ લાખ એટલે ૨૫ લાખ રૂપિયા સુધી કોર્પોરેશન એરીયાની અંદર. એવી રીતે મ્યુનિસિપલ કોર્પોરેશનનો બહારનો વિસ્તાર હોય તો ૫૦ લાખ રૂપિયા સુધીની લીધી હોય તો રૂપિયા ૩૫ લાખ રૂપિયા એટલે કે વધારેમાં વધારે ૨૫ ટકા, રૂપિયા ૫૦ લાખથી ૨ કરોડ હોય તો રૂપિયા ૩૫ લાખ એટલે કે ૨૦ ટકા અને રૂપિયા બે કરોડથી ૧૦ કરોડ સુધી લીધી હોય તો ૩૫ લાખ રૂપિયા સુધીનો લાભ આપીએ છીએ અને જે મૂડી રોકાણની એમણે વાત કરી, એમાં કુલ ૬૪૦ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ વર્ષ ૨૦૧૮માં થયું છે. રૂપિયા ૭૩૧ કરોડનું મૂડી રોકાણ વર્ષ ૨૦૧૯માં થયું છે એટલે કુલ એમ્પ્લોયમેન્ટ ૩૭૩૯ અને વર્ષ ૨૦૧૯માં ૫૨૮૨ એમ કરીને કુલ ૭૫૬ અને ૭૮૦ યુનિટ વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં આવેલા છે.

### બનાસકાંઠા જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ

*૨૭૦૯૩ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ)જણાવવા કૃપા કરશે કે.–

તારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે વ્યાજ સહાય યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૬૪ અરજીઓ |
| (૨) તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) રૂ. ૧૪૧૩.૬૮ લાખ |

શ્રી વિરેન્દ્રસિંહ બ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં એમ.એસ.એમ.ઇ. વ્યાજ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી અને એમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી? એમાં કેટલી સહાય ચૂકવવામાં આવી? બીજું કે, એમ.એસ.એમ.ઇ. વ્યાજ સહાય યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા યુનિટનું મૂડી રોકાણ થયું અને કેટલી રોજગારી ઉત્પન્ન થઇ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લામાં મિડિયમના ૨, માઇક્રો ૪૭ , સ્મોલ ૬૪ એમ કુલ ૧૧૩ અરજીઓ મળી છે. વર્ષ ૨૦૧૯માં મિડિયમની ૫, માઇક્રો ૩૨, સ્મૉલ ૫૪ એમ કુલ ૯૧ અરજીઓ મળી છે. વર્ષ ૨૦૧૮માં મિડિયમ ૧, માઇક્રો ૩૨, સ્મૉલ ૫૪ એમ કુલ ૮૭ અરજીઓ સેન્કશન કરી છે. વર્ષ ૨૦૧૯માં માઇક્રો ૩૦, સ્મૉલ ૪૭ એમ કુલ ૭૭ અરજીઓ સેન્કશન કરી છે અને જે મૂડી રોકાણ થયું છે એ વર્ષ ૨૦૧૮માં રૂપિયા ૯૨ કરોડ અને વર્ષ ૨૦૧૯માં રૂપિયા ૭૨ કરોડનું રોકાણ થયું છે. કુલ ૭૨૧ અને ૬૧૪ અનુક્રમે ૮૭ યુનિટ અને ૭૭ યુનિટ દ્વારા આપવામાં આવ્યું છે.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એમ.એસ.એમ.ઇ. અંતર્ગત જ્યારે ઉદ્યોગ સ્થપાઇ ગયો હોય અને પછી એમ્પ્લોયમેન્ટ એનો લાભ લેવા માટે એપ્લીકેશન કરે તો એમાં કોઇ ક્વૉલિફિકેશન ધ્યાનમાં લેવામાં આવે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમાં જે બેઝિક કન્ડીશન હોય છે એ કન્ડીશન એને fulfill કરવી પડતી હોય છે. એમાં મેં જે મૂળ વાત કરી કે નવું યુનિટ હોવું જોઇએ. હાલમાં યુનિટ ચાલુ હોય એને પણ આપવામાં આવે છે. કોઇ યુનિટે એક્સપાન્શન કર્યું હોય તો એને પણ આપવામાં આવે છે. મોર્ડનાઇઝેશન કર્યું હોય તો એને પણ આપવામાં આવે છે. પરંતુ સૌથી મહત્ત્વની વસ્તુ કે આર.બી.આઇ.એ જે બેંકની ગાઇડ લાઇન આપી હોય એ બેંકની ગાઇડ લાઇન દ્વારા એને લોન લેવી ફરજિયાત છે. લોન લીધા પછી એને અરજી પણ સમયસર કરવી પડતી હોય છે. પહેલાં ડિસ્બર્સમેન્ટની ડેટ બહુ મહત્ત્વની હોય છે. એક વર્ષ સુધી એને કોમર્શિયલ પ્રોડક્શન પણ શરૂ કરવું પડે છે અને પાંચ વર્ષ સુધી એને ફરજિયાત કોમર્શિયલ પ્રોડક્શન ચાલુ રાખે તો જે એને આ પ્રમાણેનો લાભ મળે છે.

અધ્યક્ષશ્રી : ડો.આશાબેન આપનો પ્રશ્ન શું હતો? ઊભા થઇને બોલો.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, એમાં શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં રાખવામાં આવે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એમણે ક્વૉલિફિકેશન શબ્દ વાપર્યો છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક લાયકાત નથી. કોઇ પણ વ્યક્તિ પ્લાન્ટ અને મશીનરીનું મૂડી રોકાણ કરે એ મૂડી રોકાણ ઉપર એ બેંક પાસેથી લોન લે તો બેંકની લોન ઉપર એ કેપિટલ સબસિડી, વ્યાજ સબસિડી એ બધી સબસિડી જે આપણે આ યોજનામાં આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : ક્વૉલિફિકેશનનું મહત્ત્વ નથી.

**અરવલ્લી જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત**

*૨૭૧૨૨ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અરવલ્લી જિલ્લામાં સરકાર ની વિવિધ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૧૮ માં કુલ ૨૦૩ તળાવો<br>વર્ષ ૨૦૧૯ માં કુલ ૧૯૫ તળાવો |
| (૨) ઉક્ત તળાવો ઊંડા કરવામાં વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ થયો? | (૨) |

| **તાલુકાનું નામ** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૧૮** | **વર્ષ ૨૦૧૯** |
| મોડાસા | ૫૨.૪૧ | ૭૮.૩૧ |
| માલપુર | ૪૯.૭૪ | ૯૬.૦૪ |
| ધનસુરા | ૨૩.૩૮ | ૨૭.૫૪ |

| | | |
|---|---|---|
| ભિલોડા | ૧૮.૦૩ | ૬૮.૫૮ |
| બાયડ | ૩૩.૪૧ | ૮.૮૯ |
| મેઘરજ | ૬૬.૨૪ | ૧૦૦.૬૭ |
| **કુલ** | **૨૪૩.૨૧** | **૩૮૦.૦૩** |

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અરવલ્લી જિલ્લામાં કુલ કેટલા હયાત તળાવ ઉંડા કરવામાં આવ્યા અને તાલુકાવાર હયાત તળાવની સંખ્યા કેટલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં મોડાસામાં ૭૭ તળાવ ઉંડા કર્યા. ધનસુરામાં ૪૦ તળાવ ઉંડા કર્યા. બાયડમાં ૬૦, મેઘરજમાં ૧૬૦ ઉંડા કર્યા.

અધ્યક્ષશ્રી : એમણે એવું પૂછયું જ નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, પૂછયું છે.

અધ્યક્ષશ્રીઃ એમણે એમ પૂછયું છે કે હયાત તળાવ કેટલા અને હયાત તળાવ ઉંડા, તાલુકાવાર કેટલા એમ કહ્યું છે. આ હયાત તળાવની જ વાત છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ઉંડા કરેલા જ કહું છું, સાહેબ. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ નવા પણ કર્યા હોય ને.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હયાતને જ આપણે ઉંડા કર્યાં છે. નવા તળાવો તો ભાગ્યે જ આપણે બનાવીએ છીએ. એટલા માટે કે તળાવ બનાવવા માટે મોટી જમીનનો વપરાશ આપણે કરવો પડે. જયાં મોટો ખરાબો હોય, ગામ સંમત હોય અને પાણીનો આવરો હોય ત્યાં આપણે નવા તળાવો કરીએ છીએ. ગયા વર્ષે આપણે સૌરાષ્ટ્રમાં કર્યાં હતાં.

અધ્યક્ષશ્રીઃ હયાતનો અર્થ હું એ સમજયો હતો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી. તળાવ ઉંડા કરવાં. બાયડમાં ૬૦, મેઘરજમાં–૧૬૧ પર્વતાળ વિસ્તાર છે અને સો ટકા આદિવાસી વિસ્તાર છે, ત્યાં પણ અમારી સરકાર લોકોને લાભ આપે છે. માલપુર તાલુકામાં પણ ૫૦ તળાવ ઉંડા કર્યાં. ભિલોડા તાલુકામાં ૧૩૩ તળાવો ઉંડા કર્યા આ પણ સો ટકા આદિજાતિ વિસ્તાર છે, પર્વતાળ અને વન વિસ્તાર છે તો બધાને અમારી સરકાર આ લાભ આપે છે.

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં હયાત તળાવને ઉંડા કરવાથી જળ સંગ્રહ છે એની ક્ષમતામાં કેટલો વધારો થયો, છેલ્લા બે વર્ષમાં હયાત તળાવો ઉંડા કરવાથી અરવલ્લિ જિલ્લાના તાલુકાવાર જળ સંગ્રહ ક્ષમતામાં  કેટલો વધારો થયો છે.

અધ્યક્ષશ્રીઃ તાલુકાવાર શું કરવા પૂછવું છે? આખું ટોટલ પૂછોને.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૬ તાલુકામાં તળાવ ઉંડા કર્યાં છે, એ તળાવમાં ૧૫ એમ.સી.એફ.ટી. પાણીની સંગ્રહ શકિત વધી છે. આમાં બે ફાયદા થાય છે. એક તો પાણીની સંગ્રહ શકિત વધે, તળાવ વારંવાર ઓવર ફલો થઇ ગામમાં પાણી પેસી જતું હોય તો ગામને નુકસાન થતું અટકે અને ત્રીજું, એમાંથી જે માટી અને કાંપ નિકળે એ ફળદ્રુપ કાંપ, કારણ કે વર્ષો સુધી સિલ્ટીંગ થયું હોય એટલે એમાં સારું ફર્ટિલાઇઝ થયો હોય એ કાંપ. એ ખેડૂતો ખેતરમાં નાંખે એટલે ખેતીવાડીને પણ ફાયદો થાય.

અધ્યક્ષશ્રીઃ વિવિધ લાભો છે.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે, અરવલ્લિ જિલ્લામાં આવેલ તળાવોથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળેલ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આપણા તળાવોમાંથી સીધી સિંચાઇ પણ થાય છે. ખેડૂતો એન્જિન વગેરે મૂકી ગામની જરૂરીયાત પ્રમાણે પાણી ઉપાડે છે. મોડાસા તાલુકામાં ૨૯૦૦ હેકટરમાં આ તળાવ ઉંડા કરવાથી લાભ થયો છે. ધનુસરા તાલુકામાં ૧૭૦૦ હેકટરમાં, બાયડ તાલુકામાં ૧૮૪૫માં, મેઘરજ તાલુકામાં ૨૮૦૦ હેકટરમાં, માલપુર તાલુકામાં ૧૪૮૮ હેકટરમાં અને ભિલોડા તાલુકામાં ૨૪૦૦ હેકટરમાં.

મને આ ગૃહને જણાવતાં એ પણ આનંદ થાય છે કે, સુજલામ્– સુફલામ્ પાઇપ લાઇનો કે અન્ય પાઇપ લાઇનો જયાં પસાર થતી હોય એ પાઇપ લાઇનની બન્ને બાજુ બે કિલોમીટરની મર્યાદામાં આવતાં તળાવો નર્મદાના પાણીથી સરકારના ખર્ચે પમ્પીંગ કરી આપણે જરૂરીયાત પ્રમાણે પાણીની ઉપલબ્ધતા પ્રમાણે ભરી આપીએ છીએ. એટલે ચોમાસાનું પાણી તો તળાવમાં ભરાય જ, પણ નર્મદાનું વધારાનું પાણી હોય સુજલામ્–સુફલામ્ પાઇપ લાઇનથી તો પણ બે કિલોમીટરની મર્યાદામાં આવતા તળાવો આપણે ભરીએ છીએ. એટલે ઘણા તળાવો તો બારે મહિના ભરેલા રહેતા થઇ ગયા તો ખૂબ મોટો ફાયદો ગામડાને થાય છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે, નવીન તળાવો નીમ કરવા માટે પ્રક્રિયા કઇ રીતે કરવામાં આવે છે? મારો બીજો પ્રશ્ન એવો છે કે ગૌચરની અંદર અને સરકારી ખરાબામાં માટી લેવાના કારણે અથવા તો કુદરતી રીતે ત્યાં ખાડા થયા હોય છે. મોટા તળાવનું સ્વરૂપ ધારણ કરેલ હોય છે. આ મોટા તળાવનું સ્વરૂપ જયારે ધારણ કર્યું હોય ત્યારે આ તળાવ ભરવા માટેની જે.(અંતરાય)

અધ્યક્ષશ્રીઃ વાત કરે છે. મેં આપને ઇશારો પણ કર્યો હતો કે આપ બે મિનિટ થોભી જાઓ. પ્રશ્ન ફરી કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ખરાબા અને ગૌચરની અંદર કેટલી જગ્યાએ, ઘણી જગ્યાએ વોટર બોડીઓ બનેલી હોય છે. ત્યાં આગળ ગામના લોકો માટી લઇ જવાના કારણે પણ બની હોય છે અને કુદરતી રીતે પણ બનેલી હોય છે. એટલે ચોમાસા દરમ્યાન ત્યાં પણ ભરાતું હોય છે તો આ જે પાણી ભરાય છે એ તળાવો છે એને પાઇપ લાઇનથી ભરવાનો કે ઉંડા કરવાનો પણ લાભ મળતો નથી, તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે જે વોટર બોડીઓ બની છે અને તળાવ ખાતે નીમ નથી થઇ. તો એને બીજા હક્કમાં પણ તળાવ તરીકે પ્રસ્થાપિત કરીને તેને ભરવા માટે અને તળાવ ખોદવા માટે વિનંતી છે.

અધ્યક્ષશ્રી : વિનંતી જ છે. પ્રશ્ન નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નીમ કરવા માટેનો પ્રશ્ન એમણે પૂછ્યો છે. તળાવો પરાપર્વથી બનેલા છે અને સરકારમાં રેવન્યુ રેકર્ડમાં એને નક્કી કરેલા છે અને સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે તળાવની જગ્યાનો ઉપયોગ કોઇ પણ બીજો આપણે કરી શકતા નથી. હયાત તળાવોને આપણે જાળવવા પડે. ઉંડા કરવા પડે અને તેનો લાભ લેવો પડે. બીજું, માનનીય ઋષિકેશભાઇનો પ્રશ્ન છે કે નવી સરકારી જગ્યાઓમાં નવા તળાવો ખોદવા. તો સરકારમાં ઘણા ગામોમાંથી માગણી અને રજૂઆત આવે છે અને કલેકટરો પાસે પણ આવે છે. પણ આની પ્રક્રિયા ખૂબ લાંબી છે. સમજી લો કે જેના ખેતર પાસે તળાવ બનતું હોય તેને ફાયદો થાય, પણ બીજા ગામ લોકોને અવર જવરમાં, બીજા કારણોસર વાહન વ્યવહારમાં નડતર રૂપ થતું હોય તો ઘણા વાંધા પણ લેતા હોય છે. એટલે તળાવ નવા બનાવવા એ લાંબી પ્રક્રિયા છે. એટલે બધા સંમત હોય, મોટી સરકારી પડતર જગ્યા હોય, પાણીનો આવરો હોય, ખાડો ખોદી દીધો એટલે તળાવ નથી બનતું કાયદેસરનું પાણીનું વહેણ હોય અને પાણી ભરાય તો જ ઉપયોગી છે નહીંતર તો ખાડો જ છે. એટલે એ પ્રમાણેનું કુદરતી તળાવ આપણે ભરીએ જ છીએ અને જયાં વ્યાજબી હોય ત્યાં નવા તળાવો બનાવવા માટેની કલેકટરો મંજૂરી આપે જ છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઋષિકેશભાઇ, કાંઇ સંતોષ નથી થયો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે આવી વોટર બોડીઓ એકચ્યુલી કોઇ રસ્તામાં નથી બની, ત્યાં પરંપરાગત..

અધ્યક્ષશ્રી : પ્રશ્ન છે કે વિનંતી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પણ છે અને વિનંતી પણ છે, બન્ને ભેગું છે. કારણ કે ત્યાં આગળ તળાવનું જ સ્વરૂપ જયારે લેવાઇ ગયું હોય અને બાજુમાંથી પાઇપ લાઇન પસાર થતી હોય અને કેનાલથી આપણે વધારાનું પાણી બાકીના લોકોને આપતા હોઇએ છીએ, તો મારી એટલી વિનંતી છે કે આ જે તળાવો વોટર બોડીઓ બની છે તેને બીજા હક્કમાં પણ તળાવ તરીકે પ્રસ્થાપિત કરી આપવામાં આવે તો ખૂબ મોટો લાભ થાય એવો છે. કારણ કે જળ સંગ્રહનું કામ આપણે કરીએ જ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનું સૂચન છે. પ્રશ્ન ક્રમાંક–૧૮.

### પોલીસ અધિકારી/કર્મચારી અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી

*૨૭૨૫૭ **શ્રી શૈલેષભાઇ મહેતા** (ડભોઇ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ રાજયના પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોની આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં પોલીસ અધિક્ષકશ્રી પશ્ચિમ રેલ્વે વડોદરા કચેરીના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે? | (૨) ૯૦૦ |

## તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ પશ્ચિમ રેલવે વડોદરામાં પોલીસ કુટુંબોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે એમાં કેટલા કર્મચારીઓ, બાળકો, મહિલાઓનો સમાવેશ થાય છે અને તેમાંથી કોઇને ગંભીર રોગ થયેલ છે કે કેમ? અને જો હા, તો તે માટે શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે ગુજરાતની પ્રજાની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે ટ્વેન્ટી ફોર બાય સેવન અવિરત કામ કરતા હોય તેવા પોલીસ કર્મચારી અને અધિકારીઓની તંદુરસ્તી માટે અને સ્વાસ્થ્ય માટે પણ તેના વેલ્ફરના આયોજનથી તેમની તબિયત અંગેની ચિંતા કરે છે. મેં અગાઉના પ્રશ્નમાં કહ્યું હતું કે આ પોલીસ કર્મચારીઓને રહેવા માટેના મકાન હોય કે આવી તનાવભરી પરિસ્થિતિની અંદર પોતાના ઘર–બારની ચિંતા કર્યા સિવાય એ પોલીસ અધિકારી/કર્મચારી ફરજ બજાવે છે. તેમની આરોગ્ય ચકાસણી માટે હેલ્થ કાર્ડ આપવામાં આવે છે અને જે ખાસ પ્રશ્ન પશ્ચિમ રેલવે વડોદરા માટેનો છે એમાં તબીબી ચકાસણી હેઠળ વર્ષ ૨૦૧૮માં ૩૩૮ અને વર્ષ ૨૦૧૯માં ૫૬૨ એમ કુલ ૯૦૦ જેટલા લોકોની ચકાસણી કરવામાં આવી છે અને સદનસીબે એમાંથી કોઇને પણ ગંભીર પ્રકારનો રોગ જાણવામાં આવ્યો નથી. એમનો બીજો પ્રશ્ન હતો કે આમાં કદાચ કોઇ ગંભીર પ્રકારની બિમારી હોય તો એને લોન આપવામાં આવે છે, બીજા વર્ષે ઝીરો ટકા, ત્રીજા વર્ષે પાંચ ટકા, અને જે લોકરક્ષક દળની અંદર કર્મચારીની ભરતી થાય છે, જેમ નાણાં વિભાગની મા–વાત્સલ્ય યોજનાની જેમ મા–કર્મયોગી યોજનાના માધ્યમથી લોક રક્ષક તરીકે એને સારવાર આપવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ વેલ્ફર માટે જે અગાઉ પાંચ કરોડ રૂપિયા હતા. એમાં વર્ષ ૨૦૨૦–૨૧માં વધારો કરીને રૂપિયા ૭ કરોડ કરવાનો નિર્ણય કર્યો છે. આમ વેલ્ફર એકટીવીટીના માધ્યમથી તેના આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### તાપી અને ડાંગ જિલ્લામાં મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાનો કમાન્ડ એરીયા

૨૮૪૦૨ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાનો કમાન્ડ એરીયા કેટલો છે, | (૧) ૩૮૨૦૦ હેક્ટર |
| (૨) ઉક્ત કમાન્ડ એરિયામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) કોઇ વધારો–ઘટાડો થયેલ નથી. |
| (૩) ઉક્ત કમાન્ડ એરિયામાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાનો કમાન્ડ એરીયા

૨૮૨૫૯ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાનો કમાન્ડ એરીયા | (૧) અરવલ્લી જિલ્લો ૪૧૫૯૫ હેક્ટર<br>સાબરકાંઠા જિલ્લો ૫૬૨૮૯ હેક્ટર |

કેટલો છે,

(૨) ઉક્ત કમાન્ડ એરિયામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો વધારો કે ઘટાડો થયો, અને — (૨) કોઇ વધારો–ઘટાડો થયેલ નથી.

(૩) ઉક્ત કમાન્ડ એરિયામાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાનો કમાન્ડ એરીયા**

૨૮૪૦૮ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાયબર ક્રાઇમના ઉકેલ માટે રાજ્યની ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરીમાં કયા પ્રકારની અદ્યતન ટેક્નોલોજીઓ વસાવવામાં આવેલ છે? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સાયબર ક્રાઇમના ઉકેલ માટે રાજ્યની ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરીમાં નીચે મુજબની અદ્યતન પ્રકારની ટેક્નોલોજીઓ વસાવવામાં આવેલ છે.<br>(૧) ડેમેજ થયેલ મોબાઇલ ફોનમાંથી ડેટા મેળવવા માટેની આધુનિક ટેક્નોલોજી<br>(૨) પાસવર્ડ રીકવરી માટેની ટેક્નોલોજી<br>(૩) ક્રિપ્ટોકરન્સીને લગતાં ગુન્હાના ઉકેલ માટેની ટેક્નોલોજી<br>(૪) મોબાઇલ ફોનના પૃથ્થકરણ માટેની સિસ્ટમ<br>(૫) વિવધ પ્રકારના કમ્પ્યુટર સ્ટૉરેજ ઉપકરણનું પૃથ્થકરણ કરવા માટેની ટેક્નોલોજી<br>(૬) વીડીયો તેમજ ઇમેજ એન્હેસમેન્ટ સિસ્ટમ |

---------

**કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે તાપી અને ડાંગ જિલ્લામાં ઈસમોને દંડ/સજા**

૨૮૪૦૫ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે છેલ્લા છ માસમાં તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ઈસમોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો અને કેટલા ઈસમોને કેટલી કેદની સજા કરવામાં આવી, અને | (૧) ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે તાપી અને ડાંગ જિલ્લામાં છેલ્લા છ માસમાં કોઇ પણ ઈસમોને દંડ/સજા કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર પાણી ખેંચવા માટે વપરાતા કેટલા સાધનો જપ્ત કરવામાં આવ્યા? | (૨) પાણી ખેંચવા માટે વપરાતા કોઇ પણ સાધનો તાપી અને ડાંગ જિલ્લામાંથી જપ્ત કરવામાં આવેલ નથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૨૭૧૪૯ **શ્રી કુબેરભાઇ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૧૦ બિન–રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું. |
| (૨)આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૨) રૂ.૧૬૫૦.૫૪ લાખ |

---------

**જામનગર જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૨૭૨૩૦ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૯ દરમ્યાન શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૭ |

(૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, — (૨) ૫૭

(૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને — (૩) ૯,૧૨૯

(૪)તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? — (૪) ૯,૧૨૯

---------

**છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં આત્મહત્યાનો પ્રયાસ**

૨૮૩૮૫ **શ્રી સુખરામભાઇ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા નાગરિકોએ આત્મહત્યા કરી અને કેટલાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો,

(૧)

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **આત્મહત્યા કરી** | **આત્મહત્યાનો પ્રયાસ** |
| છોટાઉદેપુર | ૭૭ | ૧૫ |
| દાહોદ | ૯૩ | ૨૩ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| **જિલ્લા** | **આત્મહત્યા કરી** | **આત્મહત્યાનો પ્રયાસ** |
| છોટાઉદેપુર | ૮૯ | ૧૧ |
| દાહોદ | ૭૪ | ૦૭ |

(૨) ઉક્ત બનાવો અન્વયે જિલ્લાવાર કેટલા ગુના પોલીસ દફતરે નોંધાયા, અને

(૨)

| **જિલ્લા** | **નોંધાયેલ ગુનાની સંખ્યા** |
|---|---|
| છોટાઉદેપુર | ૦૮ |
| દાહોદ | ૧૩ |

(૩) જિલ્લાવાર નોંધાયેલ ગુનાઓ પૈકી કેટલા ગુનાઓ ઉકેલાયા ? — (૩) તમામ

---------

**સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૨૭૨૩૧ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૯ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, — (૧) ૪૮

(૨) આ કાર્યક્રમમાં કેટલા તાલુકા આવરી લેવામાં આવ્યા, — (૨) ૮

(૩) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, — (૩) ૫૭

(૪) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, અને — (૪) ૮૫,૫૩૩

(૫)તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? — (૫) ૮૫,૫૩૩

---------

**ટાટા મોટર્સ લિ. દ્વારા નેનો કારનું ઉત્પાદન**

૨૮૨૬૧ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ટાટા મોટર્સ લી. દ્વારા કેટલી નેનો કારનું ઉત્પાદન કરવામાં આવ્યુ,

(૧)

| **ક્રમ** | **વર્ષ સમયગાળો** | **ઉત્પાદિત નેનો કારની સંખ્યા** |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | ૫૧૬ |

| | | |
|---|---|---|
| ૨ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | ૩૦૧ |

(૨) ટાટા માટર્સ લી. દ્વારા નેનો કારનું ઉત્પાદન ન કરવામાં આવતું હોઇ અથવા ન્યુનતમ કરવામાં આવતું હોવાની હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) ટાટા માટર્સ લી. દ્વારા નેનો કારનું ઉત્પાદન કરવામાં આવતું ન હોવાની અધિકૃત રીતે કોઇ જાણકારી સરકારને આપવામાં આવી નથી.

(૩) જો હા, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧-૧-૨૦૦૯ ના રિઝોલ્યુશનથી બનેલ હાઇ લેવલ કમીટીએ શી કાર્યવાહી કરી, અને

(૩) તા.૦૧-૦૧-૨૦૦૯ના ઠરાવથી નેનો પ્રોજેક્ટ ઝડપથી સ્થપાય તે માટે મોનીટરીંગ અને ઇન્પલીમેન્ટેશન સમિતિની રચના કરવામાં આવેલ. તા.૧૩-૦૪-૨૦૧૦ના રોજ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ હોઇ, સમિતિનો હેતુ ફળીભૂત થયેલ છે, તેથી, છેલ્લા બે વર્ષમાં કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી.

(૪) ટાટા મોટર્સ નેનો કાર બનાવવા આપેલ રાહતો પૈકી કેટલી રાહતો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પરત લેવામાં આવી?

(૪) ઠરાવની જોગવાઇ મુજબ ટાટા મોટર્સ લી.ને આપવામાં આવેલ લોન ૨૧માં વર્ષથી પરત લેવાની થતી હોઇ, હાલ રકમ પરત લેવાનો પ્રશ્ન થતો નથી.

---------

**જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં કાર્યરત દવાખાના**

૨૮૩૨૪ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખાણ-ખનીજ વિભાગના કેટલા દવાખાના/હોસ્પિટલ કાર્યરત છે,

(૨) ઉક્ત કાર્યરત દવાખાના/હોસ્પિટલ પૈકી તાલુકાવાર કેટલા બંધ કરવાની કાર્યવાહી ચાલુ છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દવાખાના/ હોસ્પિટલ બંધ ન કરવા અંગેની કેટલી અરજીઓ ઉક્ત વર્ષવાર મળી, અને

(૪) ઉક્ત મળેલ અરજીઓ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખાણ-ખનીજ વિભાગનું એક પણ દવાખાનું/હોસ્પિટલ કાર્યરત નથી.

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં જુગાર રમતા ઇસમો**

૨૮૩૯૩ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર જુગાર રમતા કેટલા ઇસમોને પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

**પત્રક-૧**

| **તા. ૦૧-૦૧-૨૦૧૮ થી તા. ૩૧-૧૨-૨૦૧૮** | |
|---|---|
| **જિલ્લા** | **પકડાયેલ ઇસમો** |
| નર્મદા | ૮૩૨ |
| છોટા ઉદેપુર | ૪૪૮ |
| **તા. ૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯** | |
| **જિલ્લા** | **પકડાયેલ ઇસમો** |
| નર્મદા | ૭૩૧ |
| છોટા ઉદેપુર | ૫૨૦ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા મોબાઇલ અને કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, અને

(૨) પત્રક-૨ મુજબ

**પત્રક-૨**

| **તા. ૦૧-૦૧-૨૦૧૮ થી તા. ૩૧-૧૨-૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **જપ્ત કરેલ મોબાઇલ** | **જપ્ત કરેલ વાહનો** |

| | | |
|---|---|---|
| નર્મદા | ૩૧૨ | ૮૩ |
| છોટા ઉદેપુર | ૧૧૩ | ૩૨ |
| **તા. ૦૧–૦૧–૨૦૧૯ થી તા. ૩૧–૧૨–૨૦૧૯** | | |
| **જિલ્લા** | **જપ્ત કરેલ મોબાઇલ** | **જપ્ત કરેલ વાહનો** |
| નર્મદા | ૨૨૨ | ૪૪ |
| છોટા ઉદેપુર | ૧૨૯ | ૪૭ |

(૩) ઉક્ત પકડવામાં આવેલ વાહનો અને મોબાઇલની કેટલી કિંમત ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર થાય છે?

(૩) પત્રક–૩ મુજબ

**પત્રક–૩**

| **તા. ૦૧–૦૧–૨૦૧૮ થી તા. ૩૧–૧૨–૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **મોબાઇલની કિંમત (રૂપિયા)** | **વાહનોની કિંમત (રૂપિયા)** |
| નર્મદા | ૩,૯૧,૫૦૦/– | ૪૭,૨૫,૦૦૦/– |
| છોટા ઉદેપુર | ૨,૪૧,૭૩૦/– | ૨૩,૭૩,૦૦૦/– |
| **તા. ૦૧–૦૧–૨૦૧૯ થી તા. ૩૧–૧૨–૨૦૧૯** | | |
| **જિલ્લા** | **મોબાઇલની કિંમત (રૂપિયા)** | **વાહનોની કિંમત (રૂપિયા)** |
| નર્મદા | ૨,૬૧,૫૦૦/– | ૧૩,૪૩,૦૦૦/– |
| છોટા ઉદેપુર | ૨,૬૩,૮૦૦/– | ૨૦,૯૩,૦૦૦/– |

---------

**અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ**

૨૭૦૯૦ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે કેપીટલ સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૦૭૦ અરજીઓ |
| (૨) તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) રૂ. ૧૧૭૧૮.૯૧ લાખ |

---------

**અમદાવાદ જિલ્લામાં નવા તળાવો બાબત**

૨૭૧૦૦ **શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા તાલુકાઓ/ગામમાં નવા તળાવો બનાવવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બે તાલુકાનાં ૩ ગામોમાં નવા તળાવો બનાવવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) તે અન્વયે રૂ. ૫૪.૩૭ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત નવા તળાવ બનાવવાથી પાણીનો જથ્થો અને સિંચાઇ વિસ્તારમાં કુલ કેટલો વધારો થશે? | (૩) ઉક્ત નવા તળાવો બનાવવાથી ૩.૫૬ મી.ઘનફુટ પાણીનો જથ્થો અને ૬૩ હેક્ટર સિંચાઇ વિસ્તારમાં વધારો થશે. |

---------

**આણંદ જિલ્લાના ખંભાત શહેર/તાલુકામાં ફાયરીંગમાં થયેલ મૃત્યુ**

૨૮૩૫૧ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લાના ખંભાત શહેર/તાલુકામાં પોલીસ | (૧) |

| **તા.૦૧–૦૨–૨૦૧૯ થી તા.૩૧–૦૧–૨૦૨૦** |
|---|

દ્વારા કરવામાં આવેલ ફાયરીંગમાં કેટલા લોકોના મૃત્યુ થયા અને કેટલા લોકો ઘાયલ થયા,

| **પોલીસ ફાયરીંગમાં મૃત્યુ થયેલ લોકોની સંખ્યા** | **પોલીસ ફાયરીંગમાં ઘાયલ થયેલ લોકોની સંખ્યા** |
|---|---|
| ૦ | ૦ |

(૨) પોલીસ દ્વારા કરવામાં આવેલ ઉક્ત ફાયરીંગમાં ફાયરીંગના આદેશ/હુકમ કઈ કક્ષાએથી આપવામાં આવેલ, અને

(૨) સી.આર.પી.સી. કલમ-૧૨૯ની જોગવાઈ મુજબ સક્ષમ અધિકારી દ્વારા.

(૩) ઉક્ત ફાયરીંગમાં કેટલી ગોળીઓ છોડવામાં આવેલ?

(૩) ઉક્ત ફાયરીંગમાં કુલ-૧૭ ગોળીઓ છોડવામાં આવેલ છે.

---------

**મોરબી જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ**

૨૭૦૭૧ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે વ્યાજ સહાય યોજના હેઠળ મોરબી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૫૫૩ અરજીઓ

(૨) તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું?

(૨) રૂ. ૬૮૧૫.૫૧ લાખ

---------

**પાલનપુર ખાતે સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ**

૨૯૫૯૧ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી ''રાજીવ આવાસ યોજના''ના આવાસો ઉભા કરી જાહેર નાણાંનો દૂરપયોગ કરવા બદલ છેલ્લા બે વર્ષમાં સરકારને કેટલી ફરિયાદો મળવા પામેલ છે,

(૧) ૬ (છ)

(૨)ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરીયાદ સંબંધે જવાબદારો સામે શાં પગલાં લીધાં,

(૨) હાલ સદરહુ બાબત સચિવશ્રી, મહેસૂલ વિભાગ (વિવાદ), અમદાવાદ સમક્ષ અર્ધન્યાયિક કાર્યવાહી સંદર્ભે પડતર છે.

(૩)પગલાં લેવાના બાકી હોય તો તેના શાં કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)ક્યાં સુધીમાં પગલાં લેવામાં આવનાર છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ**

૨૭૦૭૦ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે વ્યાજ સહાય યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧૬૪ અરજીઓ

(૨) તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું?

(૨) રૂ.૧૪૧૩.૬૮ લાખ

---------

**દાંતા અને અમીરગઢ તાલુકામાં ચેકડેમો ભરવા બાબત**

૨૮૨૪૦ **શ્રી કાન્તિભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં આવેલ ચેકડેમો, તળાવો, ડેમો પાઇપ લાઇનથી પાણી ઠાલવી ભરવા માટેની કોઈ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ચેકડેમો, તળાવો, ડેમોમાં પાઇપ લાઇનથી કેટલું પાણી નાંખવામાં આવ્યું, અને

(૩)ઉક્ત પાણી ઠાલવવા વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે આ વિસ્તાર ઉંચા લેવલે હોઈ તેમજ પાઇપ લાઇનથી પણ વધુ અંતરે આવેલ હોઈ, આ વિસ્તારમાં ચેકડેમો, તળાવો, ડેમો ભરવાનું કોઈ આયોજન શક્ય બનેલ નથી. તેથી છેલ્લા બે વર્ષમાં પાઇપ લાઇનથી ચેકડેમો, તળાવો, ડેમો ભરેલ ન હોઈ કોઈ ખર્ચ થયેલ નથી.

### પંચમહાલ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો

૨૭૧૪૫ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૯-૨૦માં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાક મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨)આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) કુલ-૧૦ બિન-રહેણાક મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) રૂ.૧૬૫૦.૫૪ લાખ

---------

### સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ

૨૭૨૬૩ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણીનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૫૩૨૧

---------

### સુરત જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ

૨૭૦૮૫ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે વ્યાજ સહાય યોજના હેઠળ સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ૬૦૯૨ અરજીઓ

(૨) રૂ.૧૮૧૦૭.૪૨ લાખ

---------

### પાટણ જિલ્લામાં તળાવો ભરવા માટે પાઇપ લાઇન

૨૮૨૫૦ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તળાવો ભરવા માટે નાંખવામાં આવેલ પાઇપ લાઇનથી બે કિ.મી.ની મર્યાદામાં જ તળાવો ભરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨)જો હા, તો ઉક્ત મર્યાદા ક્યારથી અમલમાં છે, અને

(૩) ઉક્ત મર્યાદામાં છેલ્લે ક્યારે કેટલો વધારો-

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૨૦-૧૦-૨૦૧૪ થી.

(૩) તા.૨૦-૧૦-૨૦૧૪ બાદ કોઈ વધારો-ઘટાડો

ઘટાડો કરવામાં આવ્યો ? કરવામાં આવેલ નથી.

---------

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકના બંદરો**

૨૮૩૩૦ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકના બંદરો તેમજ ખાનગી–ભાગીદારીના બંદરો પર ક્રુડઓઈલની હેરફેરના દર ઘટાડવાથી સરકારની આવકમાં ઘટાડો નોંધાયો છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મુન્દ્રા સહિતના ખાનગી બંદરોએ યાતાયાત થતા ક્રુડ ઓઈલના વાર્ફેજ દર અને વોટર ફ્રન્ટ રોયલ્ટી પેટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**લાજપોર મધ્યસ્થ જેલમાં કેદીઓને સલાહ અને સહાય**

૨૭૧૬૩ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાજપોર મધ્યસ્થ જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવેલ છે? | (૨) |

| કાયદાકીય સલાહ | કાયદાકીય સહાય |
|---|---|
| ૧૯૭૪૮ | ૧૩૯૬ |

---------

**કચ્છ જિલ્લામાં બોક્સાઈટ ખનીજમાંથી જીઓલાઈટ પ્રોડક્ટ**

૨૮૨૪૮ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં બોક્સાઈટ ખનીજમાંથી જીઓલાઈટ નામની પ્રોડક્ટ બનાવવાના કરાર થયા છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કરારો કોની સાથે ક્યારે થયેલા છે, | (૨) જી.એમ.ડી.સી. અને ક્રેડો મિનરલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તા.૨૧–૧૧–૨૦૧૧ના રોજ કરાર કરવામાં આવેલ છે. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જીઓલાઈટ ખનીજનું કેટલું ઉત્પાદન થયું, અને | (૩) ઉક્ત કરાર અન્વયે જીઓલાઈટ ખનીજનું ઉત્પાદન કરવામાં આવતું નથી પરંતુ કરાર અન્વયે બોક્સાઈટ ખનીજમાંથી પ્રોસેસ્ડ જીઓલાઈટ પ્રોડક્ટનું ઉત્પાદન કરવામાં આવે છે, જે નીચે મુજબ છે. |

| વર્ષ | ઉત્પાદન (મે. ટન) |
|---|---|
| ૨૦૧૮ | ૪૧૮૫.૫૦ |
| ૨૦૧૯ | ૬૪૪૧.૧૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) ઉક્ત ઉત્પાદિત જથ્થા પૈકી કેટલો જથ્થો નિકાસ કરવામાં આવ્યો ? | (૪) |

| વર્ષ | નિકાસ (મે. ટન) |
|---|---|
| ૨૦૧૮ | ૫ |
| ૨૦૧૯ | ૧૪૬ |

---------

## તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦

## અતારાંકિત પ્રશ્નો

### સાબરમતી જેલમાં કેદીઓના અકુદરતી મોત

૨૮૩૬૯ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૦૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં ક્યારે કેટલા કેદીઓના અકુદરતી મોત સાબરમતી જેલમાં થયા, | (૧) સાબરમતી જેલમાં તા.૨૬–૦૯–૨૦૧૯ અને તા.૦૩–૦૧–૨૦૨૦ના રોજ કુલઃ ૦૨ (બે) અકુદરતી મોત થયેલ છે. |
| (૨) ઉક્ત મોતના શા કારણો સામે આવ્યા, | (૨) તપાસ ચાલુ છે. |
| (૩) જેલમાં કેદીઓના અકુદરતી મોત અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા, અને | (૩)<br>કેદીઓને તેમના સ્કીલ મુજબ કામગીરીમાં વ્યસ્ત રાખી તણાવ દૂર કરવામાં આવે છે.<br>કેદીઓ પોતાના પરિવાર સાથે સંપર્કમાં રહી વાતચીત કરી શકે અને તણાવ મુક્ત રહી શકે તે માટે જેલમાં ટેલીફોન બુથની સુવિધા ઉભી કરવામાં આવેલ છે.<br>કેદીઓ તણાવમુક્ત રહે તે માટે સામાજિક સંસ્થાઓ દ્વારા જેલમાં સમયાંતરે આધ્યાત્મિક, ધાર્મિક, સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે.<br>NGO દ્વારા મેડીટેશન માટે યોગા, ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવે છે.<br>કેદીઓને મનોચિકિત્સક તબીબીની સેવાઓ પુરી પાડવામાં આવે છે.<br>આત્મહત્યા કરવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવા સાધનો લોક એન્ડ કી માં રાખવામાં આવે છે.<br>જેલમાં બેરેકની અંદર ઈલેક્ટ્રીક વાયર ફીટીંગ અન્ડર ગ્રાઉન્ડ કરવામાં આવેલ છે. સ્થાનિક ઝડપી સ્કોર્ડ દ્વારા બેરેકનું અવાર–નવાર ચેકીંગ કરવામાં આવે છે.<br>કેદીઓ ઉપર સતત વોચ રાખી શકાય તે માટે જેલમાં C.C.T.V. કેમેરા લગાડવામાં આવેલ છે.<br>જરૂરિયાત મંદ કેદીઓને લીગલ એઈડ ક્લિનીક દ્વારા કાનૂની સહાય પૂરી પાડવામાં આવે છે. |
| (૪) અકુદરતી મોત માટે જવાબદારો સામે શા પગલાં લીધાં? | (૪) પોલીસ તપાસ અને મેજીસ્ટ્રીયલ ઈન્કવાયરી ચાલુ હોઈ હાલમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ મહાનગરપાલિકાને ગ્રાન્ટ ચૂકવવા બાબત

૨૮૨૭૭ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ઓક્ટ્રોય નાબુદી બાદ નગરપાલિકાઓને ઓક્ટ્રોયની અવેજીમાં કેટલીક રકમ દર વર્ષે ઉત્તરોઉત્તર વધારા સાથે ચૂકવવાની નક્કી કરવામાં આવેલ, | (૧) રૂ.૨૩૩૭,૧૮,૧૦,૦૦૦/– |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકાને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવાની થાય છે, | (૨) (નીચેના કોષ્ટક મુજબ) |

| ક્રમ | વર્ષ | ચુકવવાપાત્ર રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | રૂ.૧૦૪૫,૮૦,૩૪,૫૮૩/– |
| ૨ | તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | રૂ.૧૦૪૫,૮૦,૩૪,૫૮૩/– |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩)ઉક્ત વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી, અને | (૩) પૂરેપૂરી રકમ ચૂકવેલ છે. |
| (૪)ઓછી ગ્રાન્ટ ચૂકવવામાં આવી હોય તો તેના કારણો શું છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કસરા–દાંતીવાડા પાઈપ લાઈન**

૨૮૨૩૭ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૨–૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કસરા–દાંતીવાડા પાઈપ લાઈનની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરીમાં ક્યા પ્રકારના કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા બાકી છે,

(૩) ઉક્ત કામગીરી સમય મર્યાદામાં ન કરેલ હોય તો જવાબદારો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કેમ, અને

(૪) ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) પથરેખા/લાભિત વિસ્તારો આખરી કરવા વિવિધ તાંત્રિક અભ્યાસો ચકાસણી હેઠળ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પથરેખાના આખરીકરણ બાદ જરૂરી મંજૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરી નાણાકીય ઉપલબ્ધિ અનુસાર પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સૌરાષ્ટ્રને પીવાનું પાણી પૂરું પાડતા પરિએજ સરોવરની સફાઈ**

૨૫૧૯૭ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સૌરાષ્ટ્રને પીવાનું પાણી પુરૂં પાડતા પરિએજ સરોવરમાં કાદવ–કીચડ, મૃત પશુઓનાં હાડકા, લીલ, કમ્મર કાકડીના થરે થર બાઝી જવાથી પાણી દૂર્ગંધ મારતું હોવાથી પીવા માટે હાનિકારક છે તે હકીકત સરકારનાં ધ્યાનમાં આવેલ છે કે કેમ, અને

(૨)જો હા, તો તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) પરિએજ સરોવરમાં પાણી પીવા માટે હાનિકારક છે તે હકીકત સરકારશ્રીના ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સૌની યોજનામાં મુળી, થાનગઢ, સાયલા અને ચોટીલાના ડેમો, તળાવો ભરવા બાબત**

૨૮૨૯૫ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ધોળીધજા ડેમ ખાતેથી લીફ્ટ કરી સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છને પીવા તથા તળાવો અને ડેમો ભરવાની સૌની યોજનામાં મુળી, થાનગઢ, સાયલા અને ચોટીલા તાલુકાઓના ક્યા ડેમો, તળાવોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત તાલુકાના ક્યા ડેમ, તળાવમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલું પાણી ભરવામાં આવ્યું, અને

(૩) ઉક્ત પાણી ભરવા અન્વયે કેટલી રકમનો

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | જળાશયનું નામ |
|---|---|---|
| ૧ | મુળી | વઢવાણ ભોગાવો–૧ |
| ૨ | થાનગઢ | –– |
| ૩ | સાયલા | લીંબડી ભોગાવો–૧ |
| ૪ | ચોટીલા | ત્રિવેણીઠાંગા અને મોરસલ |

પાઇપ લાઇનના સ્કાવર વાલ્વથી ૨ (બે) કિ.મી.ની મર્યાદામાં આવતાં અને ગ્રેવીટીથી ભરી શકાય તેવા તળાવો પાણીની ઉપલબ્ધિ અનુસાર ભરવામાં આવે છે.

(૨) આપવામાં આવેલ પાણીનો જથ્થો

| જળાશય | વર્ષ–૨૦૧૮ | વર્ષ–૨૦૧૯ |
|---|---|---|
| ત્રિવેણીઠાંગા | ૦.૦૦ (એમ.સી.એફ.ટી.) | ૩.૦૦ (એમ.સી.એફ.ટી.) |

| તળાવોની સંખ્યા | વર્ષ–૨૦૧૮ | વર્ષ–૨૦૧૯ |
|---|---|---|
| ૭ | ૧૪૦ (એમ.સી.એફ.ટી.) | ૨૬ (એમ.સી.એફ.ટી.) |

(૩) જે તે લીંક દ્વારા ઉપાડવામાં આવતા પાણીના કુલ

ખર્ચ થયો? | જથ્થા માટે લાઈટ બિલ ભરવામાં આવે છે. તેથી ડેમવાર અલગથી વિગતો રાખવામાં આવતી નથી.

**અમદાવાદ જિલ્લામાં નવા તળાવો બાબત**

૨૭૦૯૯ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા તાલુકામાં નવા તળાવો બનાવવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બે તાલુકામાં નવા તળાવો બનાવવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) તે અન્વયે કુલ ૫૪.૩૭ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત નવા તળાવ બનાવવાથી પાણીનો જથ્થો અને સિંચાઇ વિસ્તારમાં કુલ કેટલો વધારો થશે? | (૩) ઉક્ત નવા તળાવ બનાવવાથી ૩.૫૬ મી.ઘનફુટ પાણીનો જથ્થો અને ૬૩ હેક્ટર સિંચાઈ વિસ્તારમાં વધારો થશે. |

---------

**રાજકોટ જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ**

૨૭૦૮૪ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે કેપીટલ સહાય યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એમએસએમઈ (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૫૩૬ અરજીઓ. |
| (૨) તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) રૂ.૧૧૫,૯૦,૮૯,૧૪૭ |

---------

**ભાવનગર મહાનગરપાલિકાને ગ્રાન્ટ ચૂકવવા બાબત**

૨૮૩૪૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ઓક્ટ્રોય નાબુદી બાદ મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોયની અવેજીમાં કેટલીક રકમ દર વર્ષે ઉત્તરોઉત્તર વધારા સાથે ચૂકવવાની નક્કી કરવામાં આવેલ, | (૧) રૂ.૨૩૩૭,૧૮,૧૦,૦૦૦/– |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ભાવનગર મહાનગરપાલિકાને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવાની થાય છે, | (૨) |

| ક્રમ | વર્ષ | ચુકવવાપાત્ર રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | રૂ.૩૮,૨૮,૮૪,૮૪૦/– |
| ૨ | તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | રૂ.૩૮,૨૮,૮૪,૮૪૦/– |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી, અને | (૩) પૂરેપૂરી રકમ ચૂકવેલ છે. |
| (૪)ઓછી ગ્રાન્ટ ચૂકવવામાં આવી હોય તો તેના કારણો શું છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મોરબી શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે અરજીઓ**

૨૮૨૯૭ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૨૫૪૨ અરજીઓ મળી. |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરી, અને

(૨)

| પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ઘટક | અરજીઓ મંજૂર કરી | અરજીઓ નામંજૂર કરી |
|---|---|---|
| એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટ (એ.એચ.પી.) ઘટક | ૬૮૦ | ૧૫૧૬ |
| લાભાર્થીની આગેવાનીમાં બાંધકામ (બી.એલ.સી.) ઘટક | ૩૧૧ | ૩૫ |
| **કુલ** | **૯૯૧** | **૧૫૫૧** |

(૩) મંજૂર અરજીઓ પૈકી કેટલા મકાનો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવ્યા, અને

(૩) એ.એચ.પી. ઘટક હેઠળ બે વર્ષ અગાઉ આવાસોનું નિર્માણ કરી દેવામાં આવેલ હતું. આ આવાસો મંજૂર અરજીઓ અન્વયે કુલ ૬૮૦ લાભાર્થીઓને છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવેલ છે. જ્યારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈપણ નવા મકાનો બનાવવામાં આવેલ નથી અને બી.એલ.સી. ઘટક અંતર્ગત ૩૧૧ મંજૂર અરજીઓમાં આવાસોનું બાંધકામ લાભાર્થીઓ દ્વારા જાતે જ કરાતું હોઈ આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે.

(૪) બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૪) લાભાર્થીની આગેવાનીમાં બાંધકામ (બી.એલ.સી.) ઘટક હેઠળના બાકી રહેલ ૩૧૧ મકાનોનું બાંધકામ લાભાર્થી દ્વારા જાતે જ કરાતું હોઈ હાલની સ્થિતિએ આ મકાનો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે અને શક્ય તેટલું ઝડપથી લાભાર્થી દ્વારા મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવશે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં નવા તળાવો બાબત

૨૭૧૧૧ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા તાલુકાઓ/ગામમાં નવા તળાવો બનાવવામાં આવ્યા,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ-૪ તાલુકાનાં ૧૩ ગામોમાં નવા તળાવો બનાવવામાં આવ્યા.

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે કુલ ૪૮.૩૬ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત નવા તળાવ બનાવવાથી પાણીનો જથ્થો અને સિંચાઇ વિસ્તારમાં કુલ કેટલો વધારો થશે?

(૩) ઉક્ત નવા તળાવ બનાવવાથી ૨૩.૬૭ મી.ઘનફુટ પાણીનો જથ્થો અને ૭૩.૫ હેક્ટર સિંચાઈ વિસ્તારમાં વધારો થશે.

---------

## છોટા ઉદેપુર અને દાહોદ જિલ્લામાં ગુનાહિત કૃત્યો

૨૭૭૫૮ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા-ઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટા ઉદેપુર અને દાહોદ જિલ્લામાં દારૂ, ચોરી, લુંટ, ધાડ, બળાત્કાર અને અપહરણના પોલીસ સ્ટેશનવાર ગુનાઓ નોંધવા માટે કેટલી અરજીઓ મળી,

(૧) પત્રક-૧ મુજબ.

(૨) તે પૈકી વર્ષવાર, જિલ્લાવાર, પોલીસ સ્ટેશનવાર કેટલી એફ.આઈ.આર. કરવામાં આવી,

(૨) પત્રક-૨ મુજબ.

(૩)તે પૈકી કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા, અને

(૩) ૧૫

(૪) કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે?

(૪) ૦૬

**પત્રક-૧**

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લા** | **પોલીસ સ્ટેશન** | **દારૂ** | **ચોરી** | **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** | **અપહરણ** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| છોટાઉદપુર | સંખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| | કરાલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| દાહોદ | એલ.સી.બી. | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | લીમખેડા | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ |
| | સંજેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | | | | | | | |
| **જિલ્લા** | **પોલીસ સ્ટેશન** | **દારૂ** | **ચોરી** | **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** | **અપહરણ** |
| દાહોદ | એલ.સી.બી. | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | લીમખેડા | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ |
| | સંજેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |

(અન્ય પોલીસ સ્ટેશનની માહિતી શૂન્ય છે.)

**પત્રક-૨**

| **તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **પોલીસ સ્ટેશન** | **એફ.આઈ.આર.ની સંખ્યા** |
| છોટાઉદપુર | સંખેડા | ૧ |
| | કરાલી | ૧ |
| દાહોદ | એલ.સી.બી. | ૩ |
| | લીમખેડા | ૦ |
| | સંજેલી | ૨ |
| **તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯** | | |
| **જિલ્લા** | **પોલીસ સ્ટેશન** | **એફ.આઈ.આર.ની સંખ્યા** |
| દાહોદ | એલ.સી.બી. | ૩ |
| | લીમખેડા | ૪ |
| | સંજેલી | ૧ |

---------

**મહેસાણા જિલ્લામાં નવા તળાવો બાબત**

૨૭૦૯૮ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા તાલુકાઓ/ગામમાં નવા તળાવો બનાવવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત નવા તળાવ બનાવવાથી પાણીનો જથ્થો અને સિંચાઈ વિસ્તારમાં કુલ કેટલો વધારો થશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાઓ/ગામમાં નવા તળાવોના બદલે જળસંપત્તિ પ્રભાગ દ્વારા કુલ ૧૨૯ તળાવો ઉંડા કરવામાં આવેલ છે.

(૨) તળાવો ઉંડા કરવા અન્વયે કુલ ૨૦૪.૦૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) તળાવો ઉંડા કરવાથી ૩૦.૮૩ એમ.સી.એફ.ટી પાણીના જથ્થાનો સંગ્રહ વધશે તેમજ ૧૭૮ હેક્ટર વિસ્તારમાં પરોક્ષ રીતે સિંચાઈનો લાભ મળશે.

---------

**નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૨૭૧૬૦ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૯-૨૦માં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ કામો માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) કુલ-૦૩ બિન-રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) રૂ. ૧૯૫.૭૫ લાખ.

---------

ફાલ્ગુન ૨૮, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**વલસાડ જિલ્લામાં સબજેલ ન હોવા બાબત**

૨૮૨૬૭ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સબજેલ ન હોવાથી આરોપીઓને અન્ય જિલ્લામાં લઈ જવા પડે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા આરોપીઓને અન્ય કઈ જેલમાં લઈ જવામાં આવ્યા? | (૨) |

| જેલનું નામ | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ |
|---|---|---|
| લાજપોર મધ્યસ્થ જેલ | ૫૮૯ | ૪૩૯ |
| નવસારી સબ જેલ | ૪૩૦૦ | ૩૧૮૪ |

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં મોટી, મધ્યમ અને નાની સિંચાઈ યોજનાનો કમાન્ડ એરીયા**

૨૮૩૦૬ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં મોટી, મધ્યમ અને નાની સિંચાઈ યોજનાનો કમાન્ડ એરીયા કેટલો છે, | (૧) રાજકોટ – ૭૪૦૨૯ હેક્ટર<br>પોરબંદર – ૧૬૮૧૨ હેક્ટર |
| (૨) ઉક્ત કમાન્ડ એરીયામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) કોઈ વધારો કે ઘટાડો થયો નથી. |
| (૩) ઉક્ત કમાન્ડ એરીયામાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગર મહાનગરપાલિકાને ગ્રાન્ટ ચૂકવવા બાબત**

૨૮૨૬૫ **ડૉ.સી.જે.ચાવડા** (ગાંધીનગર–ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ઓક્ટ્રોય નાબુદી બાદ મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોયની અવેજીમાં કેટલીક રકમ દર વર્ષે ઉત્તરોઉત્તર વધારા સાથે ચૂકવવાની નક્કી કરવામાં આવેલ, | (૧) રૂ.૨૩૩૭,૧૮,૧૦,૦૦૦/– |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકાને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવાની થાય છે, | (૨) |

| ક્રમ | વર્ષ | ચુકવવાપાત્ર રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | રૂ.૧૫,૩૧,૫૪,૫૩૬/– |
| ૨ | તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | રૂ.૧૫,૩૧,૫૪,૫૩૬/– |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી, અને | (૩) પૂરેપૂરી રકમ ચૂકવેલ છે. |
| (૪)ઓછી ગ્રાન્ટ ચૂકવવામાં આવી હોય તો તેના કારણો શું છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ**

૨૭૦૮૨ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અન્વયે કેપિટલ સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૪૧૬ અરજીઓ

(૨) તે અન્વયે એકમોને કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું?

(૨) રૂ.૨૪૩૭.૬૧ લાખ

---------

### આણંદ જિલ્લાના ખંભાત શહેર/તાલુકામાં ફાયરીંગમાં થયેલ મૃત્યુ

૨૮૩૬૦ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં આણંદ જિલ્લાના ખંભાત શહેર/તાલુકામાં પોલીસ દ્વારા કરવામાં આવેલ ફાયરીંગમાં કેટલા લોકોના મૃત્યુ થયા અને કેટલા લોકો ઘાયલ થયા,

(૧)

| **તા.૦૧-૦૮-૨૦૧૯ થી તા.૩૧-૦૧-૨૦૨૦** | |
|---|---|
| **પોલીસ ફાયરીંગમાં મૃત્યુ થયેલ લોકોની સંખ્યા** | **પોલીસ ફાયરીંગમાં ઘાયલ થયેલ લોકોની સંખ્યા** |
| ૦ | ૦ |

(૨) ઉક્ત ફાયરીંગમાં નિર્દોષ નાગરિકોના મૃત્યુ થયાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ૨.

(૩) તે અન્વયે ક્યારે કોની સામે શું કાર્યવાહી કરી?

(૩) તપાસની કાર્યવાહી ચાલુ છે.

---------

### અમરેલી જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી

૨૯૫૮૮ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૨૦૧૭ અન્વયે અમરેલી જિલ્લામાં સાદી રેતીના કેટલા બ્લોક (ક્વોરીઝ) કેટલા જથ્થા માટે હરાજી કરવા જાહેરાત કરવામાં આવી, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૨૦૧૭ અન્વયે અમરેલી જિલ્લામાં સાદી રેતીના બ્લોક (ક્વોરીઝ)ના નીચેની વિગતેના જથ્થા માટે હરાજી કરવા જાહેરાત કરવામાં આવીઃ

| **અનુ. નં.** | **વર્ષ** | **બ્લોક્સની સંખ્યા** | **જથ્થો (મે. ટનમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૮ | શૂન્ય | શૂન્ય |
| ૨ | ૨૦૧૯ | ૧૭ | ૨૫,૨૦,૯૯૦ |
| | **કુલ** | **૧૭** | **૨૫,૨૦,૯૯૦** |

(૨) ઉક્ત હરાજીની કાર્યવાહી માટે બાહ્ય કઈ કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી?

(૨) ઉક્ત હરાજીની કાર્યવાહી માટે નીચેની વિગતોની બાહ્ય એજન્સીને રકમ ચૂકવવામાં આવીઃ

| **અનુ. નં.** | **એજન્સીનું નામ** | **ચૂકવેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | સંદેશ લીમીટેડ | ૦.૩૨ |
| ૨ | ધ ઈન્ડિયન એક્સપ્રેસ લી. | ૦.૦૯ |
| ૩ | પ્રાઈસ વોટર હાઉસ કુપર્સ પ્રા.લિ. | ૨.૪૬ |
| ૪ | ટાઈગર એડવર્ટાઈઝીંગ | ૦.૭૧ |
| | **કુલ** | **૩.૫૮** |

---------

### જામનગર મહાનગરપાલિકાને ગ્રાન્ટ ચૂકવવા બાબત

૨૮૩૦૯ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ઓક્ટ્રોય નાબુદી બાદ નગરપાલિકાઓને ઓક્ટ્રોયની અવેજીમાં કેટલીક રકમ દર વર્ષે ઉત્તરોઉત્તર વધારા સાથે ચૂકવવાની નક્કી કરવામાં આવેલ,

(૧) રૂ.૨૩૩૭,૧૮,૧૦,૦૦૦/-

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જામનગર મહાનગરપાલિકાને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવાની થાય છે,

(૨)

| ક્રમ | વર્ષ | ચુકવવાપાત્ર રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | રૂ.૩૬,૫૭,૨૦,૯૯૫/- |
| ૨ | તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | રૂ.૩૬,૫૭,૨૦,૯૯૫/- |

(૩) ઉક્ત વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી, અને

(૩) પૂરેપૂરી રકમ ચૂકવેલ છે.

(૪)ઓછી ગ્રાન્ટ ચૂકવવામાં આવી હોય તો તેના કારણો શું છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં દલિતો પર અત્યાચારના બનાવો**

૨૫૩૧૨ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર દલિતોના ખુન, તિરસ્કાર, આભડછેટ, મંદિરમાં પ્રવેશબંધી, અત્યાચાર, દલિત મહિલાઓ પર બળાત્કારના કેટલા બનાવો બન્યા,

(૧)

| જિલ્લા | ખુન | અત્યાચાર | બળાત્કાર |
|---|---|---|---|
| ગીર સોમનાથ | ૦૧ | ૯૧ | ૦૩ |
| જૂનાગઢ | ૦૩ | ૨૧૦ | ૧૦ |

તિરસ્કાર, આભડછેટ અને મંદિરમાં પ્રવેશબંધીનો એકપણ બનાવ નોંધાયેલ નથી.

(૨) ઉક્ત બનાવો પૈકી કેટલા બનાવો ઉકેલાયા અને કેટલા બનાવો ઉકેલવાના બાકી છે, અને

(૨) ઉક્ત તમામ બનાવો ઉકેલાયા છે.

(૩) દલિતો સાથે બનતા બનાવોમાં તુરંત કાર્યવાહી થાય તે માટે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) તુરંત જ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

---------

**કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે મોરબી અને બોટાદ જિલ્લામાં ઈસમોને દંડ/સજા**

૨૮૩૦૩ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે છેલ્લા છ માસમાં મોરબી અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ઈસમોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો અને કેટલા ઈસમોને કેટલી કેદની સજા કરવામાં આવી, અને

(૧) ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે મોરબી અને બોટાદ જિલ્લામાં છેલ્લા છ માસમાં કોઇ પણ ઈસમોને દંડ/સજા કરવામાં આવેલ નથી.

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર પાણી ખેંચવા માટે વપરાતા કેટલા સાધનો જપ્ત કરવામાં આવ્યા?

(૨) પાણી ખેંચવા માટે વપરાતા કોઇ પણ સાધનો મોરબી અને બોટાદ જિલ્લામાંથી જપ્ત કરવામાં આવેલ નથી.

---------

**અરવલ્લી જિલ્લામાં નવા તળાવો બાબત**

૨૭૧૦૬ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા તાલુકામાં નવા તળાવો બનાવવામાં આવ્યા,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બે તાલુકામાં નવા તળાવ બનાવવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે ૯.૯૨ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત નવા તળાવ બનાવવાથી પાણીનો જથ્થો અને સિંચાઇ વિસ્તારમાં કુલ કેટલો વધારો થશે?

(૩) ઉક્ત નવા તળાવો બનાવવાથી ૦.૫૬ મી.ઘનફુટ પાણીનો જથ્થો સંગ્રહ થયેલ છે અને કુલ ૨૦ હેક્ટર

વિસ્તારમાં સિંચાઇનો વધારો થયેલ છે.

---------

**પોલીસ અધિકારી/કર્મચારી અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી**

૨૭૨૭૩ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોની આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં પોલીસ અધિક્ષકશ્રી પશ્ચિમ રેલ્વે વડોદરા કચેરીના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે? | (૨) ૯૦૦ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં નવા તળાવો બાબત**

૨૭૧૧૨ **શ્રી હિતુ કનોડિયા** (ઇડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા તાલુકામાં નવા તળાવો બનાવવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ-૪ તાલુકામાં નવા તળાવો બનાવવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) તે અન્વયે રૂ. ૪૮.૩૬ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત નવા તળાવ બનાવવાથી પાણીનો જથ્થો અને સિંચાઇ વિસ્તારમાં કુલ કેટલો વધારો થશે? | (૩) ઉક્ત નવા તળાવો બનાવવાથી ૨૩.૬૭ મી.ઘનફુટ પાણીનો જથ્થો અને ૭૩.૫ હેક્ટર સિંચાઇ વિસ્તારમાં વધારો થશે. |

---------

**ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પીવાનું પાણી પુરૂં પાડવા બાબત**

૨૮૨૭૦ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પીવાનું પાણી પુરૂં પાડવાનું છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) સદર ટેન્ડર મંજૂર થયેથી |
| (૩) તે અન્વયે ગાંધીનગર શહેરના કયા વિસ્તારોને આવરી લેવામાં આવશે? | (૩) ગાંધીનગર મહાનગરપાલિકાનો સમગ્ર વિસ્તાર |

---------

**સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના સિંચાઇ ડેમો ભરવા બાબત**

૨૮૩૩૩ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના સિંચાઇ ડેમો પૂરી સંખ્યામાં ભરાયા નથી કે ભરવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે, | (૧) સૌની યોજના ત્રણ તબક્કામાં હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ તા. ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થયેલ છે. અને ૩૪ જળાશય ભરવામાં આવેલ છે. બીજા અને ત્રીજા તબક્કાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ડેમોમાં કેટલી જળરાશિ ઠાલવવામાં આવી, અને | (૨) ૩૪ જળાશયોમાં ૨૧૦૦૮ એમ.સી.એફ.ટી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પ્રાપ્ત | (૩) સૌની યોજના અંતર્ગત હયાત યોજનાઓમાં પુરક |

| | |
|---|---|
| થયેલ જળરાશિ વિતરણથી કેટલી આવક થઇ? | જથ્થા તરીકે પાણી આપવામાં આવતું હોવાથી વિતરણ કરવામાં આવેલ જળરાશિથી થયેલ આવકના હિસાબો જુદા રાખવા શક્ય નથી. |

---------

**કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ઈસમોને દંડ/સજા**

૨૮૨૪૫ **શ્રી શીવાભાઇ ભૂરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે છેલ્લા છ માસમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ઈસમોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો અને કેટલા ઈસમોને કેટલી કેદની સજા કરવામાં આવી, અને | (૧) કોઈ સજા કે દંડ કરેલ નથી. |
| (૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર પાણી ખેંચવા માટે વપરાતા કેટલા સાધનો જપ્ત કરવામાં આવ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૨૭૧૬૧ **શ્રી નરેશભાઇ પટેલ** (ગણદેવી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ–૦૩ બિન–રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, |
| (૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ.૧૯૫.૪૫ લાખ |

---------

**એફ.એસ.એલ દ્વારા નકલી નોટોના કેસોનું પૃથ્થકરણ**

૨૭૨૯૧ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં એફ.એસ.એલ દ્વારા નકલી ચલણી નોટોને લગતા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ દ્વારા આ પ્રકારના કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે? | (૨) રાજ્યની એફ.એસ.એલ દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નકલી ચલણી નોટોને લગતાં કુલ–૯૪ કેસોના ૫૪૨૨ નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

---------

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૨૭૨૬૨ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલી મહીલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે? | (૨) ૫૩૨૧ |

---------

**દાહોદ શહેરમાં છાબ તળાવ અને દુધીમતી નદીની સફાઈ માટેની ગ્રાન્ટ**

૨૮૩૭૮ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ શહેરમાં આવેલ છાબ તળાવ અને દુધીમતી નદીની સ્વચ્છતા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ શહેરમાં આવેલ છાબ તળાવ અને દુધીમતી નદીની સ્વચ્છતા માટે છેલ્લા બે વર્ષમાં છાબ તળાવ પ્રોજેક્ટને દાહોદ સ્માર્ટ સીટી અંતર્ગત લેવામાં આવેલ છે જ્યારે દુધીમતી નદીની સફાઈ માટે દાહોદ સ્માર્ટ સીટી અંતર્ગત કન્વર્જન્સમાં પ્રોજેક્ટ લેવામાં આવેલ છે. આમ કુલ રૂ.૧૭૫.૮૭ કરોડના કામો મંજુર કરવામાં આવ્યા છે. |
| (૨) તે પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી? | (૨) આ અંગે કુલ રૂ. ૧૧૦.૫૯ કરોડ + રૂ. ૬૫.૨૮ કરોડના એમ કુલ રૂ. ૧૭૫.૮૭ કરોડના કામોના વર્ક ઓર્ડર અપાયેલ છે અને વર્ષ ૨૦૧૮માં રૂ. ૦.૯૫ કરોડ અને વર્ષ ૨૦૧૯માં રૂ. ૫.૧૫ કરોડ ખર્ચ કરવામાં આવેલ છે. કામગીરીની પ્રગતિના આધારે તબક્કાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોઈ વણવપરાયેલ ગ્રાન્ટનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## કચ્છ જિલ્લામાં વિસ્તાર વિકાસ મંડળની રચનાની દરખાસ્તો

૨૮૨૨૮ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ રાપર, ભચાઉ, અંજાર, ગાંધીધામ, ભુજ શહેરી મંડળો અને નજીકમાં વિકાસ પામી રહેલ મુન્દ્રા વિસ્તાર માટે વિસ્તાર વિકાસ મંડળની રચના કરવા અંગે કલેક્ટર, ભૂજ પાસે કેટલી દરખાસ્તો પડતર છે, | (૧) શૂન્ય |
| (૨)ઉક્ત દરખાસ્તો ક્યારથી કયા કારણોસર પડતર છે, અને | (૨) લાગુ પડતુ નથી. |
| (૩) ઉક્ત પડતર દરખાસ્તોને ક્યાં સુધીમાં મંજૂરી આપવામાં આવશે? | (૩) લાગુ પડતુ નથી. |

---------

## અરવલ્લી જિલ્લામાં નવા તળાવો બાબત

૨૭૦૭૬ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા તાલુકાઓ/ગામમાં નવા તળાવો બનાવવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાઓ/ગામમાં નવા તળાવોના બદલે જળસંપત્તિ પ્રભાગ દ્વારા કુલ ૧૨૯ તળાવો ઉંડા કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) તળાવો ઉંડા કરવા અન્વયે કુલ ૨૦૪.૦૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત નવા તળાવ બનાવવાથી પાણીનો જથ્થો અને સિંચાઈ વિસ્તારમાં કુલ કેટલો વધારો થશે? | (૩) તળાવો ઉંડા કરવાથી ૩૦.૮૩ એમ.સી.એફ.ટી પાણીના જથ્થાનો સંગ્રહ વધશે તેમજ ૧૭૮ હેક્ટર વિસ્તારમાં પરોક્ષ રીતે સિંચાઈનો લાભ મળશે. |

---------

## એફ.એસ.એલ. દ્વારા નકલી નોટોના કેસોનું પૃથ્થકરણ

૨૭૨૯૦ **શ્રી વી.ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં એફ.એસ.એલ દ્વારા નકલી ચલણી નોટોને લગતા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી |

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા આ પ્રકારના કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે?

(૨) રાજ્યની એફ.એસ.એલ. દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નકલી ચલણી નોટોને લગતાં કુલ-૯૪ કેસોના ૫૪૨૨ નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે.

---------

**એફ.એસ.એલ દ્વારા નકલી નોટોના કેસોનું પૃથ્થકરણ**

૨૭૨૯૨ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં એફ.એસ.એલ દ્વારા નકલી ચલણી નોટોને લગતા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ દ્વારા આ પ્રકારના કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) રાજ્યની એફ.એસ.એલ દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નકલી ચલણી નોટોને લગતાં કુલ-૯૪ કેસોના ૫૪૨૨ નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે.

---------

**પાટણ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૨૭૧૧૬ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં સરકારની વિવિધ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત તળાવો ઉંડા કરવામાં વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) કુલ ૪૬૯ તળાવો ઉંડા કરેલ છે.

(૨)

| તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ |
| ચાણસ્મા | ૪૦.૧૧ | ૬૬.૯૧ |
| હારીજ | ૨૬.૭૦ | ૪૩.૫૯ |
| સમી | ૬૮.૧૨ | ૯૦.૬૨ |
| શંખેશ્વર | ૬૮.૯૮ | ૩૭.૪૮ |
| પાટણ | ૪૨.૩૧ | ૪૯.૪૩ |
| સરસ્વતી | ૨૪.૯૯ | ૯૦.૨૬ |
| રાધનપુર | ૨૬.૦૦ | ૯.૫૨ |
| સાંતલપુર | ૫૦.૯૧ | ૫૩.૨૭ |
| સિધ્ધપુર | ૧૫.૭૨ | ૧૨.૬૦ |

---------

**વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને સલાહ અને સહાય**

૨૭૧૬૭ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| કાયદાકીય સલાહ | કાયદાકીય સહાય |
|---|---|
| ૧૦૬૯ | ૨૫૭ |

---------

તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**સ્માર્ટ સીટી અન્વયે સુરત શહેરના વિકાસ માટે રકમ**

૨૮૪૦૪ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્માર્ટ સીટી અન્વયે સુરત શહેરના વિકાસ માટે કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી મળી,

(૨) મળેલ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી,

(૩) ઉક્ત ખર્ચનું મોનીટરીંગ કરવામાં આવે છે કે કેમ, અને

(૪) જો ના, તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની રકમ સુરત શહેરના સ્માર્ટ સીટી પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ છે.

(રૂ.કરોડમાં)

| વર્ષ | રકમ |
|---|---|
| તા.૦૧–૦૨–૨૦૧૮ થી તા.૩૧–૦૧–૨૦૧૯ | ૯૬.૦૦ |
| તા.૦૧–૦૨–૨૦૧૯ થી તા.૩૧–૦૧–૨૦૨૦ | ૯૮.૦૦ |
| **કુલ** | **૧૯૪.૦૦** |

(૨) ઉક્ત રકમ પૈકી પૂરી રકમ રૂ.૧૯૪.૦૦ કરોડનો ખર્ચ થયેલ છે. જેથી વણવપરાયેલ રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હાજી, મંજૂર થયેલા કામોના ખર્ચનું ટી.પી.આઈ., પી.એમ.સી., ઈન્ટર્નલ ઓડિટર તથા સ્ટેચ્યુટરી ઓડિટર દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે તથા રાજ્ય સરકાર દ્વારા પ્રોજેક્ટની પ્રગતિનું મોનીટરીંગ કરવામાં આવે છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પંચમહાલ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૨૭૧૫૮ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પોલીસ રહેણાકના કેટલા મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) કુલ–૩૮૦ રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) રૂ. ૭૦૭૯.૪૬ લાખ

---------

**નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૨૭૧૬૨ **શ્રી કનુભાઇ દેસાઇ** (પારડી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) કુલ–૦૩ બિન–રહેણાકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) રૂ.૧૯૫.૪૫ લાખ

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં આત્મહત્યાનો પ્રયાસ**

૨૮૪૦૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા નાગરિકોએ આત્મહત્યા કરી અને કેટલાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો,

**જવાબ**

(૧)

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **આત્મહત્યા** | **આત્મહત્યાનો પ્રયાસ** |
| નવસારી | ૨૦૬ | ૧૫૯ |

| વલસાડ | ૨૬૭ | ૨૮૪ |
|---|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| **જિલ્લા** | **આત્મહત્યા** | **આત્મહત્યાનો પ્રયાસ** |
| નવસારી | ૧૯૫ | ૧૯૨ |
| વલસાડ | ૨૯૦ | ૨૮૦ |

(૨) ઉક્ત બનાવો અન્વયે જિલ્લાવાર કેટલા ગુના પોલીસ દફતરે નોંધાયા, અને

(૨)

| **જિલ્લા** | **નોંધાયેલ ગુના** |
|---|---|
| નવસારી | ૦૫ |
| વલસાડ | ૧૯ |

(૩) જિલ્લાવાર નોંધાયેલ ગુનાઓ પૈકી કેટલા ગુનાઓ ઉકેલાયા ?

(૩) તમામ

---------

**સાબરમતી જેલમાં કેદીઓના અકુદરતી મોત**

૨૮૩૬૬ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૫-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં ક્યારે કેટલા કેદીઓના અકુદરતી મોત સાબરમતી જેલમાં થયા,

(૨) ઉક્ત મોતના શા કારણો સામે આવ્યા,

(૩) જેલમાં કેદીઓના અકુદરતી મોત અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૪) અકુદરતી મોત માટે જવાબદારો સામે શા પગલાં લીધાં?

**જવાબ**

(૧) સાબરમતી જેલમાં તા.૨૬-૦૯-૨૦૧૯ અને તા.૦૩-૦૧-૨૦૨૦ના રોજ કુલઃ ૦૨ (બે) અકુદરતી મોત થયેલ છે.

(૨) તપાસ ચાલુ છે.

(૩)

- કેદીઓને તેમના સ્કીલ મુજબ કામગીરીમાં વ્યસ્ત રાખી તણાવ દૂર કરવામાં આવે છે.
- કેદીઓ પોતાના પરિવાર સાથે સંપર્કમાં રહી વાતચીત કરી શકે અને તણાવ મુક્ત રહી શકે તે માટે જેલમાં ટેલીફોન બુથની સુવિધા ઉભી કરવામાં આવેલ છે.
- કેદીઓ તણાવમુક્ત રહે તે માટે સામાજિક સંસ્થાઓ દ્વારા જેલમાં સમયાંતરે આધ્યાત્મિક, ધાર્મિક, સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે.
- NGO દ્વારા મેડીટેશન માટે યોગા, ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવે છે.
- કેદીઓને મનોચિકિત્સક તબીબીની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- આત્મહત્યા કરવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવા સાધનો લોક એન્ડ કી માં રાખવામાં આવે છે.
- જેલમાં બેરેકની અંદર ઈલેક્ટ્રીક વાયર ફીટીંગ અન્ડર ગ્રાઉન્ડ કરવામાં આવેલ છે. સ્થાનિક ઝડપી સ્કોર્ડ દ્વારા બેરેકનું અવાર-નવાર ચેકીંગ કરવામાં આવે છે.
| *૪ | -- " -- | ૧૦૦ | રાજ્યમાં દુષ્કાળની વિગતોની વિશિષ્ટ નોંધ સરકારને સમયસર મોકલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઇ ભરવાડ |
| *૫ | -- " -- | ૧૦૦ | જમીન પ્રકરણમાં થતી વ્યાપક ગેરરીતિઓની તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત (જશપાલસિંહ પઢિયાર) |
| *૬ | -- " -- | ૧૦૦ | કલેક્ટર કચેરીઓમાં આપવામાં આવતા આમજનતાના આંદોલન અંગેના આવેદન પત્રો સરકારમાં સમયસર મોકલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી સંતોકબેન આરેઠીયા |
| *૭ | -- " -- | ૧૦૦ | જીલ્લા કલેક્ટર હસ્તકની મામલતદાર કચેરીની તાબામાં આવતી ગ્રામ ચાવડીના કર્મચારીઓ સમય કરતા મોડા આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા (ભીખાભાઇ જોષી) |
| *૮ | ૨૦૫૩- જિલ્લા વહીવટ<br>૦૯૩-જિલ્લા...વર્ગ<br>૦૧-કલેક્ટર કચેરીઓ<br>રૂ. ૨,૦૭,૬૭,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧<br>પાના નં. ૫૩ અને ૫૪ | ૧૦૦ | કલેક્ટર હસ્તકની કચેરીઓમાં તલાટીઓની ખાલી જગ્યાઓ સત્વરે ન ભરાતા આમજનતાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા (ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| *૯ | -- " -- | ૧૦૦ | મામલતદારોની ગેરહાજરી બાબતે તપાસ કરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (અશ્વિનભાઇ કોટવાલ) |

| | | | | |
|---|---|---|---|---|
| *૧૦ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ ચાવડીઓમાં ગામના મહેસૂલી વેરાની બાકી રકમની વસૂલાત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સુખરામભાઇ રાઠવા (જશુભાઇ પટેલ) |
| **માગણી નં. ૭૯** | | | | |
| *૧૧ | ૨૨૪૫–કુદરતી...રાહત<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૫,૦૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં ૨૧<br>પાના નં. ૧૧૧ અને ૧૧૨ | ૧૦૦ | અતિવૃષ્ટિ સમયે થતા નુકશાનના આંકડા સમયસર તૈયાર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદનજી ઠાકોર (ગેનીબેન ઠાકોર) |
| *૧૨ | _ _ " _ _ | ૧૦૦ | અતિવૃષ્ટિથી ખેડૂતોના પાકને થતા નુકશાન અંગેનું સર્વે કામ સમયસર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભરતજી ઠાકોર (કાન્તીભાઇ ખરાડી) |
| *૧૩ | _ _ " _ _ | ૧૦૦ | કુદરતી આફતો પછી પુન:નિર્માણ/ પુન:વસનની કામગીરી ઝડપથી પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સંજયભાઇ સોલંકી (અક્ષયકુમાર પટેલ) |
| *૧૪ | _ _ " _ _ | ૧૦૦ | લાંબા સમય સુધી ગામોમાં ભરાયેલા પૂર અને વરસાદના પાણીનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર (મોહનસિંહ રાઠવા) |
| *૧૫ | _ _ " _ _ | ૧૦૦ | કુદરતી આફતો અન્વયે રાજ્ય સરકાર તરફથી રાહત પેટે કેન્દ્ર સરકાર સમક્ષ નુકશાનની માંગણી સમયસર કરવામાં અને કેન્દ્ર સરકાર દ્વારા માંગણી કરતા ઓછી રકમ ફાળવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| *૧૬ | _ _ " _ _ | ૧૦૦ | દક્ષિણ ગુજરાતમાં પડેલ ભારે વરસાદના કારણે ઘરો–દુકાનો–મોલમાં ભરાયેલ પાણીથી થયેલ વ્યાપક નુકશાન સામે યોગ્ય વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં.૯૨** | | | | |
| *૧૭ | ૨૨૨૫– અનુસૂચિત...કલ્યાણ<br>૦૩–પછાત..કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૮,૭૦,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(ભાગ–૧)<br>પાના.નં– ૧૦ અને ૧૧ | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટે ફળવાતી રકમનો ઉપયોગ ખરેખર તે હેતુ માટે થયો છે કે કેમ તેની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ (બાબુભાઇ વાજા) |
| *૧૮ | ૨૨૨૫– અનુસૂચિત...કલ્યાણ<br>૦૩–પછાત..કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૮,૭૦,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(ભાગ–૧)<br>પાના.નં– ૧૦ અને ૧૧ | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટે કેટલા લાભાર્થીઓએ લાભ મેળવ્યો તેની વિગતો આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ (ગુલાબસિંહ રાજપૂત) |
| *૧૯ | _ _ " _ _ | ૧૦૦ | આર્થિક રીતે નબળા વર્ગના લોકોને આવકના દાખલા સમયસર સરળતાથી મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઇ પટેલ (રઘુભાઇ દેસાઇ) |
| *૨૦ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસના લાભાર્થીઓ માટે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર (હર્ષદકુમાર રીબડીયા) |
| *૨૧ | _ _ " _ _ | ૧૦૦ | પછાત વર્ગના બોર્ડ નિગમો માટે પૂરતી બજેટ જોગવાઇ કરી લાભાર્થીઓને જરૂરી સવલત આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઇ પરમાર (અનંતકુમાર પટેલ) |
| *૨૨ | _ _ " _ _ | ૧૦૦ | પછાત વર્ગોના માટેના કુમાર અને કન્યા | શ્રી વિક્રમભાઇ માડમ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | છાત્રાલયોની સંખ્યામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | (કીરીટકુમાર પટેલ) |
| *૨૩ | _ _ " _ _ | ૧૦૦ | જે તે તાલુકામાં પછાત વર્ગોની વસ્તી અનુસાર નાણાકીય સહાય પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ (લલીતભાઇ કગથરા, પ્રતાપ દુધાત) |
| *૨૪ | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ ૦૪–લઘુમતીઓનું કલ્યાણ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૪૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૪(ભાગ–૧) પાના.નં– ૨૫ અને ૨૬ | ૧૦૦ | લઘુમતી સમાજ માટે બજેટમાં ફાળવવામાં આવતી રકમમાં વધારો કરવા અને કેન્દ્ર સરકાર તરફથી મળતી રકમનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | લઘુમતી સમાજના યુવાનોને રોજગારીની પૂરતી તકો મળે તે માટેનું આયોજન કરવા અને તે અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| *૨૬ | _ _ " _ _ | ૧૦૦ | લઘુમતી સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટેની સહાયમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૨૭ | ૨૨૩૫–સામાજિક...કલ્યાણ ૦૨– સમાજ કલ્યાણ ૧૦૧–વિકલાંગોનું કલ્યાણ ૦૧–SSW-05 વિકલાંગ કલ્યાણ રૂ. ૧,૭૫,૧૧,૦૫,૦૦૦ અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧) પાના.નં– ૩૯ થી ૪૨ | ૧૦૦ | વિકલાંગોને સરકારી નોકરીઓમાં પૂરતી તક આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ (નિરંજન પટેલ) |
| *૨૮ | ૨૨૩૫–સામાજિક...કલ્યાણ ૦૨– સમાજ કલ્યાણ ૧૦૧–વિકલાંગોનું કલ્યાણ ૦૧–SSW-05 વિકલાંગ કલ્યાણ રૂ. ૧,૭૫,૧૧,૦૫,૦૦૦ અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧) પાના.નં– ૩૯ થી ૪૨ | ૧૦૦ | દિવ્યાંગો માટેની સંસ્થાઓમાં કર્મચારીઓની રદ કરાયેલ ભરતી પ્રક્રિયા અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બ્રિજેશ મેરજા (લલીત વસોયા) |
| *૨૯ | _ _ " _ _ | ૧૦૦ | દિવ્યાંગોને સ્વરોજગારી માટે જરૂરી શિક્ષણ તેમજ તાલીમની વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઇ બારૈયા (રાજેન્દ્રસિંહ પરમાર) |
| *૩૦ | _ _ " _ _ | ૧૦૦ | અગાઉ જાહેર થયા મુજબ દિવ્યાંગ વેલ્ફેર કમિશનની નિમણૂંક અંગેની જરૂરી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા (અંબરીષભાઇ ડેર) |
| *૩૧ | ૨૨૩૫–સામાજિક...કલ્યાણ ૦૨–સમાજ કલ્યાણ ૧૦૨–બાળ કલ્યાણ રૂ. ૯૭,૭૦,૭૪,૦૦૦ અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧) પાના.નં– ૪૫ થી ૪૯ | ૧૦૦ | ચિલ્ડ્રન હોમમાં વધતા જતા અપમૃત્યુના બનાવો નિવારવા જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા (ચિરાગભાઇ કાલરીયા) |
| *૩૨ | ૨૨૩૫– સામાજિક...કલ્યાણ ૦૨–સમાજ કલ્યાણ ૮૦૦–અન્ય ખર્ચ રૂ.૧૨,૪૦,૧૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧) પાના.નં– ૫૭ થી ૫૯ | ૧૦૦ | ભિક્ષુકોના પુન:વસન માટે થયેલ ખર્ચ તેમજ લાભાર્થીઓની સંખ્યા જેવી વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભાવેશભાઇ કટારા (ભગાભાઇ બારડ) |

| | | | | |
|---|---|---|---|---|
| *૩૩ | _ _ " _ _ | ૧૦૦ | વૃધ્ધો, અશક્તો અને નિરાધારોનું કલ્યાણ કરતી યોજનાઓનો વ્યાપ વધે તેવુ આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી સુનિલભાઇ ગામીત (ડૉ. અનિલ જોષિયારા) |
| | | **માગણી નં.૯૫** | | |
| *૩૪ | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ<br>૦૧– અનુસૂચિત...કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–સમાજ...કચેરી<br>રૂ.૮,૨૫,૮૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૨)<br>પાના.નં– ૮૩ અને ૮૪ | ૧૦૦ | દલિતો ઉપર થતા અત્યાચાર અટકાવવા માટે લોક જાગૃતિના કાર્યક્રમો રાખી સમાજમાં સદ્ભાવના વધે તેવી કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| *૩૫ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં દલિતોને પુરતી સુરક્ષા, આવાસો અને પાણી જેવી જરૂરી સવલતો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી |
| *૩૬ | _ _ " _ _ | ૧૦૦ | ગટર સફાઈ કામદારોના અપમૃત્યુ માટે જવાબદારો સામે સખ્ત પગલા લેવામાં તેમજ વળતરની રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર |
| *૩૭ | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ<br>૦૧– અનુસૂચિત...કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–સમાજ...કચેરી<br>રૂ.૮,૨૫,૮૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૨)<br>પાના.નં– ૮૩ અને ૮૪ | ૧૦૦ | દલિત પરિવારો અને સમાજના તમામ વર્ગો હળીમળીને રહે તેવુ આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનલાલ વાળા |
| *૩૮ | _ _ " _ _ | ૧૦૦ | દલિતોના આર્થિક વિકાસ માટે પૂરતી બજેટ જોગવાઇ કરવા છતાં ઘટતા જતા આર્થિક વિકાસ દર અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મુસડીયા (ઋત્વિકભાઇ મકવાણા) |
| ૩૯ | _ _ " _ _ | ૧૦૦ | દલિતો સાથે બનતા અત્યાચારના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જિગ્નેશકુમાર મેવાણી |

***આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્ત ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવત છે કે, **"જર, જમીન અને જોરું એ ત્રણ કજીયાનું છોરું"**. એમાં જમીન અંગે એ કજીયાનું છોરું ના રહે એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી અને મહેસૂલ વિભાગના અધિકારીઓ, સૌ સાથે મળીને મહેસૂલ વિભાગની કામગીરીને અદ્યતન ટેકનોલોજી, નવીન કાર્ય પ્રણાલિ થકી મહેસૂલ વ્યવસ્થાપન, સંવેદનશીલ, પારદર્શકતાથી અને ઝડપી વહીવટ બનાવેલ છે એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી અને મહેસૂલ વિભાગના અધિકારીઓને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

મહેસૂલ વિભાગની આગળ વાત કરતાં પહેલાં મારે થોડી સ્પષ્ટતા કરવી છે કે, આજના દૈનિક પેપરમાં અને મીડિયા મારફતે, હું ભા.જ.પ.માંથી કોંગ્રેસમાં જવાનો છું એવું નિવેદન, જૂઠ્ઠાણું *(xxx) આવ્યું છે. ત્યારે મારે સભાગૃહને..

અધ્યક્ષશ્રી : અહીંયા કોઇ છાપાનું નામ લેવાતું નથી. આ છાપાનું નામ કાઢી નાખવામાં આવે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, તેમ છતાં આપના મારફતે હું રક્ષણ માગું છું કે, જ્યારે અમે વિધાનસભામાં પ્રવેશ કરીએ, આ બાબતમાં ઇલેક્ટ્રિક મીડિયાવાળા હોય, પ્રિન્ટ મીડિયાવાળા હોય અમને ફોર્સ ના પાડી શકે અને મારે ઘરે પણ આ બાબતમાં આવીને, મેં ચોખ્ખી ના પાડી કે, હું આમાં કોઇ કોમેન્ટ કરવા માગતો નથી કે આમાં કોઇ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બાઇટ આપવા માગતો નથી. તેમ છતાં અહીંયા પ્રવેશ કર્યો તે વખતે મને ઘણા ઇલેક્ટ્રિક મીડિયાવાળા જે કોઇ મિત્રો હતા એમને કહ્યું કે, હું આની સ્પષ્ટતા વિધાનસભામાં કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, **"આવ નહીં, આદર નહીં, નહીં નયનો મેં નેહ, એને ઘેર શિદ જઇએ, ભલે કંચન વરસે મેહ"**. ઘણા વર્ષોની રાજકીય પ્રવૃત્તિના અનુસંધાનમાં અને સમયના અનુસંધાનમાં, અમે ભૂતકાળમાં ઘણા કૂદકા માર્યા પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારા પ્રમુખ માનનીય વાઘાણી સાહેબ, જ્યારે હું ભા.જ.પ.માં પ્રવેશ્યો તે વખતે ૨૫,૦૦૦ની પબ્લિક વચ્ચે મેં કહ્યું હતું કે, અત્યાર સુધી ઘણા કૂદકા માર્યા. કૂદકા એટલા માટે માર્યા કે પ્રજાના કામ કરવા માટે. આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય અને કામ નહીં થવાના કારણે ભૂતકાળમાં અમે પક્ષાપક્ષી કરી, નહીં કે અમારો કોઇ વ્યક્તિગત સ્વાર્થ અને આજે મારે આ કોઇ પેપરમાં લખ્યું એની વાત એટલા માટે કરું છું કે, મારી કોઇ અપેક્ષા નથી અને અપેક્ષા ન સંતોષાતા માનનીય શ્રી શંકરસિંહના માધ્યમથી, શ્રી સી.કે.રાઉલજી ભા.જ.પ.ની આ રાજ્યસભાની ચૂંટણીમાં મદદ કરવાના અનુસંધાનમાં જે વાત કરી છે એ તદ્દન પાયાવિહોણી છે. મેં માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ અને શ્રી વાઘાણી સમક્ષ અને ૨૫,૦૦૦ના મારા મત વિસ્તારના મતદારો સમક્ષ જાહેરમાં કહ્યું છે કે, હવે મારો છેલ્લો કૂદકો લાકડામાં હશે, એટલે સ્મશાનમાં. એટલે હવે કોઇ હું કૂદકા મારવાનો નથી અને જે કોઇએ આ વાત કરી છે એમને પણ હું સ્પષ્ટ કરવા માગું છું કે, આ વાત ફરીથી ના કરે અને મને ખોટી રીતે હેરાન ના કરે અને ૨૬મી તારીખે જે રાજ્યસભાની ચૂંટણી છે ત્યાં સુધી ના કરે. મને કહેતાં આનંદ થાય છે કે, છેલ્લા બે વર્ષમાં મારા વિસ્તારની અંદર લગભગ કુલ રૂપિયા ૬૬૨/- કરોડ, ૨૪૯/-કરોડ મધ્યમ સિંચાઇ યોજનાના અનુસંધાનમાં, રૂપિયા ૨૧૫/-કરોડ હાઇ કેનાલના, રૂપિયા ૮૮/-કરોડ મારા ફોર લેનના રસ્તા અને રૂપિયા ૧૧૦/- કરોડના અંડર બ્રિજ અને ઓવર બ્રિજ. આટલી બધી કામગીરી થતી હોય તો મારે કાંઇ કોંગ્રેસમાં, આ તો સાહેબ ઊઠતી પેઢી છે. એટલે ઊઠતી પેઢીમાં કોઇ કર્મચારી નોકરીએ ના જાય. એટલે ફરીથી આજે હું સ્પષ્ટતા કરું છું કે, હું કોઇ કોંગ્રેસમાં જવાનો નથી અને કોંગ્રેસને મત આપવાનો નથી અને હું ભા.જ.પ.માં છું અને ભા.જ.પ.માં જ રહીશ. આજે મને ભા.જ.પ.માં જે પ્રતિષ્ઠા મળી છે, એવી ભૂતકાળમાં કોઇ પક્ષમાં મને પ્રતિષ્ઠા મળી નહતી. આજે આપ સાહેબ જોઇ શકો છો કે,

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ આખી વાત મીડિયાને બહાર આપી દેવી હતી, એમાં વાંધો નથી. અહીં પણ તમને પરવાનગી એટલે આપું છું કે, તમારી મૂંઝવણ છે.

શ્રી સી. કે. રાઉલજી : સાહેબ, આપને વિનંતી કરું છું કે, દસ મિનિટ પહેલાં હતી હવે છ મિનિટ કરી છે પણ બીજી દસ મિનિટ આપજો, સાહેબ.

અધ્યક્ષશ્રી : આપી, આપી. દંડકશ્રી સમજ પડે છે ને? મેં આપ્યું છે તમને લખીને.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે, મારે હકીકત કહેવાની હતી અને એમાં હું આપને કહીશ કે, ઝી મીડિયાવાળા, મંતવ્યવાળા અને વી ટી.વી.વાળા, મેં એમને વિનંતી કરી કે, તમે મારી સાથે બાઇટ લેવાનો પ્રયત્ન ના કરશો. મારે વિધાનસભામાં બોલવાનું છે અને મારી વિનંતીને માન આપીને મીડિયાવાળા બધા પાછા ગયા એ બદલ હું એમને અભિનંદન આપું છું. કારણ કે, લોકશાહીનો ચોથો પાયો આ પત્રકારો છે, એમને પણ અમારે સાચવવા પડે. કારણ કે, અમે પ્રમાણિકપણે અમારી જે કાંઇ મુશ્કેલી છે એ અમે તમને જણાવીએ અને એમને જણાવીએ. એટલે મારી પત્રકાર મિત્રોને, ઇલેક્ટ્રિક મીડિયા હોય, પ્રિન્ટ મીડિયા હોય, અમે જેવા છીએ તેવા તમે લખશો તો અમને સુધરવાની તક મળશે પણ ખોટું લખવાથી અમારી રાજકીય કારકિર્દીને જોખમ આવે. અમે અહીં અપેક્ષાના અનુસંધાનમાં નથી આવ્યા, સાહેબ. ભૂતકાળમાં શ્રી ચિમનભાઇની સરકારમાં હું સિવિલ સપ્લાય, વોટર સપ્લાય મિનિસ્ટર હતો. ભૂતકાળમાં વાહન વ્યવહારનો મને સ્વતંત્ર હવાલો હતો, આર. એન્ડ બી. નો કેબિનેટ મંત્રી હતો અને રહી ચૂક્યો છું. મને કોઇ અપેક્ષા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી હવે વિષય ઉપર આવો.

શ્રી સી. કે. રાઉલજી: માનનીય અધ્યક્ષશ્રી, આમાં એવું છે કે અપેક્ષા સંતોષાતી નથી એટલા માટે મારે તેની સ્પષ્ટતા કરવી પડે. હું મોવડી મંડળને વિનંતી કરું છું કે મારા કરતા સિનિયર માણસ હોય એમની જે કંઇ અપેક્ષાઓ હોય, કામની હોય, બીજી જે કંઇ હોય. નહીં તો આપણી કોંગ્રેસ જેવી દશા ન થાય એ પણ આપણે વિચારવું પડશે. કારણ કે હકીકતમાં સિનિયર માણસો છે. જે લોકોની અપેક્ષા વિકાસના કામોની હોય એ સરકારના મંત્રીઓ સાંભળે છે અને કામ કરે છે. મારો પોતાનો જીવતો જાગતો દાખલો છે. આજે મને કહેતા આનંદ થશે કે મારો પુનઃ વસવાટનો ૪૦ વર્ષનો પ્રશ્ન. આ જમીનની બાબતનો જ છે. પાનમ, હડફ, કબુતરી ડેમ. બધા પત્રકારો મને કહે કે સાહેબ, જયારે શ્રી સી.કે. રાઉલજી વિધાનસભામાં ઉભા થાય તો હડફ, કબુતરી ડેમના અસરગ્રસ્તોની વાત થાય જ. કેટલાય વખતથી આ વાત કરતો હતો એનો આજે સુખદ અંત, એટલે કહેવાનો મતલબ શું કે ૧૦૫૮ હેકટર જમીન અને ૧૨૧ કરોડ રૂપિયા નવા પ્લાન્ટેશનના અનુસંધાને..

અધ્યક્ષશ્રી : પ્રશ્નનો અંત કે પ્રશ્નનો ઉકેલ?

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નનો ઉકેલ આવી ગયો. એટલે આ પક્ષના અનુસંધાનમાં કે પેલા પક્ષમાં. ૨૦ વર્ષથી હું વિધાનસભામાં આ પ્રશ્નનું સોલ્યુશન કરતો હતો. પ્રશ્ન જટિલ હતો. કારણ કે રીઝર્વ ફોરેસ્ટમાંથી ડીફોરેસ્ટ કરવા માટે છેક સી.ઇ.સી. અને સુપ્રીમ કોર્ટની એપ્રુવલ હોય તો જ રીઝર્વ ફોરેસ્ટમાંથી ડીફોરેસ્ટ થાય. એટલે તેના અનુસંધાનમાં આજે ડીફોરેસ્ટની કાર્યવાહી પતી ગઇ છે. હવે નોટિફીકેશન બહાર પાડે એટલે તરત જ જે કોઇ અસરગ્રસ્તો છે તેને સનદો મળશે. એ કામગીરી પણ આ સરકારમાં, ભાજપમાં આવ્યા પછી ૪૭૫ જેટલા અસરગ્રસ્તોની કામગીરી પણ ટૂંક સમયમાં પૂરી થઇ અને

સનદો આપવામાં આવશે. આવું કામ ભારતીય જનતા પાર્ટીમાં અને સરકારમાં થતું હોય તો બીજો તો કોઇ વિચાર હોઇ જ ન શકે. અપેક્ષાઓ તો કોઇ પણ વ્યક્તિને ઘણી બધી હોય, મરે ત્યાં સુધી અપેક્ષા હોય પણ તેની પણ લિમિટ હોય. એટલે મને તો સંતોષ છે. મારા મત વિસ્તારના બધા જ મતદારો ખુશ છે. હું તો એમ કહું છું કે મારી આ રૂપિયા ૨૪૯ કરોડની યોજનાની વહીવટી મંજૂરી પણ ટૂંક સમયમાં મળી જશે. તો માનનીય મુખ્યમંત્રીના હસ્તે તેનું ઉદ્‌ઘાટન પણ કરવાનો છું. આવા બધા પ્રયત્નથી આપણે આ પાર્ટીની અંદર આગળ ચાલી રહ્યા છીએ ત્યારે મારે મહેસૂલ પરની વાત એટલા માટે કરવી છે કે મહેસૂલ વિભાગની અંદર આઇ.ઓ.આર.એ. ૨.૦. આ જે સિસ્ટમથી જમીનને લગતી કોઇ પણ બાબત હોય. ટૂંકમાં ખેડૂતના અનુસંધાનમાં પણ એટલો ફાયદો છે અને વિદેશમાં રહેતા ભારતીયોને પણ પોતાની જમીન જો હિંદુસ્તાનમાં ગુજરાતમાં કે કોઇ પણ જિલ્લામાં હોય તો એ પોતાની જમીનનું ક્ષેત્રફળ કેટલું છે, કોનું નામ છે એ બધી વિગત આ સિસ્ટમથી જાણી શકાય છે. ૭/૧૨માં સુધારાના હુકમ છે તે જાણી શકાય છે. હક્કપત્રકની નોંધ પણ જાણી શકાય છે. આ સિસ્ટમથી ઘણા બધા ખેડૂતોને અને ઘણા બધા ભારતવાસીઓ જે વિદેશમાં રહે છે તેમને ખૂબ જ ફાયદો થયો છે. પહેલાંના વખતની અંદર એટલે ટૂંક સમય પહેલાંની વાત કરું તો એન.એ. અને પ્રિમિયમના અનુસંધાનમાં, હવે એક જ અરજીમાં એન.એ. અને પ્રિમિયમ છે તેનો નિકાલ થાય છે. મારે એટલા માટે કહેવું છે કે આ મહેસૂલ વિભાગ ખરેખર ખૂબ અગત્યનો વિભાગ છે. મહેસૂલ વિભાગની અંદર વારસાઇની નોંધથી માંડીને વેચાણ નોંધ, માપણી, જમીન સંપાદન, પુનઃવસવાટ અને મિલકતોના દસ્તાવેજની નોંધણી પણ આ વિભાગ દ્વારા થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની ઔદ્યોગિક, શૈક્ષણિક અને વેપાર ક્ષેત્રની ઝડપથી પ્રગતિ કરવા માટે મહેસૂલ વિભાગે ધોલેરા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે રાજ્યના લોકોની સગવડ માટે અને ઔદ્યોગિક વિકાસ થાય એ હેતુથી અમદાવાદ જિલ્લાના ધોલેરા મુકામે ૧૫૦૨ હેકટર જમીન એક રૂપિયાના ટોકને ફાળવી છે. રાજકોટ ગ્રીનફિલ્ડ એરપોર્ટ તેના માટે ૧૦૩૩ હેકટરની ફાળવણી કરવામાં આવી છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ–એઇમ્સ માટે ૨૦૦ એકર જમીન રાજકોટ ખાતે ફાળવવામાં આવેલ છે. વડોદરા રેલ્વે યુનિવર્સિટી માટે ૩૧ હેકટર ૩૮ મીટર ૭૫ સેન્ટીમીટર ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ અને ઉચ્ચ ટેકનિકલ શિક્ષણને ઉત્તેજન આપવા માટે ફાળવવામાં આવેલ છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કીલ ગાંધીનગર ખાતે ૨૦ એકર જમીન ફાળવી છે. આ રાજ્ય સરકારે શહેરોમાં જે ઝૂંપડપટ્ટી છે તે નાબૂદ કરવા માટે આ વર્ષે લગભગ ૪,૨૬,૯૦૦ હેકટર જમીન મફત આપવામાં આવી છે. આ એટલા માટે કે માનનીય પ્રધાનમંત્રી આવાસ અને માનનીય મુખ્યમંત્રી ગૃહ આવાસ આ યોજનાને સફળ બનાવવા માટે રાજ્ય સરકાર ખૂબ કટિબદ્ધ છે. મહેસૂલી કર્મચારીઓ માટે ટ્રેનીંગ મોડયુલ એની પણ આ સરકારે જોગવાઇ કરી છે કે જેથી કરીને મહેસૂલી કર્મચારીઓ સારી રીતે પ્રજાના કામ કરી શકે અને વહીવટ સારો કરી શકે એના માટે ટ્રેનીંગ મોડયુલની પણ રચના કરી છે એની પણ નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે. મહિલાઓ માટે પણ આ સરકાર, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વખતમાં મહિલા સશક્તિકરણના નામે સ્થાવર મિલકતના દસ્તાવેજમાં નોંધણી ફીમાં માફી અંગે કહેતા મને આનંદ થશે કે આ જાહેરનામાના અમલથી તા.૧૧–૬–૨૦૦૪થી તા.૩૦–૧૧–૨૦૧૯ લગભગ ૨૪,૭૯,૯૬૧ મહિલાઓને ૨૩,૨૯,૬૨૪ દસ્તાવેજોમાં રૂપિયા ૧૫૬૩ કરોડ જેટલી માફી આપવામાં આવી છે. આ કંઇ નાનીસૂની વાત નથી. મહિલાઓના ઉત્કર્ષ માટે ચિંતા કરતી આ સરકારને ખૂબ અભિનંદન આપું છું અને વધારે વાત એટલા માટે કરું છું કે મોડેલ કચેરી કે જે સબ રજિસ્ટ્રારમાં મિલકતોના દસ્તાવેજો થાય છે એની જાળવણી માટે અને એને આધુનિક બનાવવા માટે લગભગ રાજયના ૮ જિલ્લાઓમાં ૧૧ સબ રજિસ્ટ્રારની મોડેલ કચેરીઓ બનાવવા માટે નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦માં રૂપિયા ૬,૧૨,૬૫,૦૦૦ની મંજૂરીથી આ કામ ચાલુ સાલે કરવામાં આવશે. મહેસૂલ વિભાગની અંદર અછત, વાવાઝોડું, ભારે વરસાદ વગેરેની કામગીરી બહુ કઠીન હોય છે. મને કહેતા આનંદ થશે કે ગયા વખતે વાયુ નામનું વાવાઝોડું જયારે ગુજરાતમાં પ્રવેશવાનું હતું ત્યારે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને રાજયના તમામ મંત્રીશ્રીઓ અને મહેસૂલ વિભાગના અધિકારીઓની તાકીદે બેઠક બોલાવી અને ગુજરાતની પ્રજાને સાંત્વના આપવા માટે અને ગુજરાતની પ્રજાના સ્વબચાવ માટે, વ્યવસ્થા માટે અને એ વાવાઝોડાની સામે ઝઝૂમવાના ભાગરૂપે બચાવની કામગીરી માટે એન.ડી.આર.એફ.ની ૪૭ ટીમો એસ.ડી.આર.એફ.ની ૧૧ ટીમો, આર્મીની ૧૩ ટીમો અને બી.એસ.એફ.ની ૧૪ ટીમો અને બે ટીમ જેમાં ૩૦૦ મરીન કમાન્ડો તૈયાર હતા, એ વખતે ૧૦ જિલ્લામાં ૭૫ તાલુકાના ૧૯૧ ગામો અને ૨,૭૮,૪૫૬ લોકોને ૨૩૦૭ આશ્રય સ્થળોની અંદર એમને રાખવામાં આવ્યા હતા. એમના ફૂડ પેકેટથી માંડીને બધી વ્યવસ્થા કરીને એમને કોઇ તકલીફ ના પડે એ માટે રાજ્ય સરકારે સગવડ કરી હતી એટલે રાજ્ય સરકાર, મહેસૂલ વિભાગના અધિકારીઓ સાથે મળીને પ્રજાના સારા કામ કરે છે. આજે જે દસ્તાવેજ થાય છે એમાં પણ જેના પૈસા પૂરા મળી ગયા હોય એ પણ સબ–રજિસ્ટ્રાર પૂછે છે, એનું ક્ષેત્રફળ કેટલું છે, જમીન કેવી છે આ બધી વિગતો નોટીંગના અનુસંધાનમાં થાય છે એટલે એમાં ભવિષ્યમાં કોઇ ગેરરીતિ ના થાય એવી રાજ્ય સરકાર જયારે કામગીરી કરે છે ત્યારે આ માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને સૌ સર્વાનુમતે સ્વીકારે એવી પ્રાર્થના.

અધ્યક્ષશ્રી : આપને છ મિનિટ ફાળવેલી, આપને આઠ મિનિટ વધારે આપી છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા, સામાજિક સુરક્ષા અને કલ્યાણની જે માગણી નં. ૯૨ લઇને આવ્યા છે તેને સમર્થન કરવા અને મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એટલે પંડિત દિનદયાળજીના સિદ્ધાંતો અને આદર્શોને વરેલી

સરકાર, ગરીબો માટે કામ કરતી સરકાર, ગરીબો માટે ગરીબ કલ્યાણ મેળા અને સેવાસેતુ, જ્યાં છેવાડાના માનવી છે ત્યાં સુધી સરકારની યોજનાઓ પહોંચે એ માટે સરકાર ખૂબ જાગૃત છે ત્યારે આ સરકાર જે ગરીબો માટે કામ કરી રહી છે તેમાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ૬૦થી ૭૯ વર્ષની ઉંમરના વૃદ્ધોને ગરીબી રેખાની યાદીમાં ૦ થી ૨૦ના સ્કોરમાં નામ નોંધાવેલ હોય એવા કુટુંબના સભ્યોને માસિક રૂપિયા ૭૫૦ અને ૮૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા વૃદ્ધોને માસિક રૂપિયા ૧૦૦૦ સહાય ચૂકવવામાં આવે છે. ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯–૨૦માં ફેબ્રુઆરી–૨૦૨૦ના અંત સુધીમાં કુલ ૭ લાખ ૯૦ હજાર ૮૬૦ લાભાર્થીઓને રૂપિયા ૫૮૧.૨૩ કરોડની સહાય ડી.બી.ટી.ના ધોરણે ચૂકવવામાં આવેલ છે. એ ઉપરાંત નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના અને ૨૧ વર્ષનો પુત્ર ન હોય તેવા અરજદારોની વાર્ષિક આવક ગ્રામ્ય લેવલે રૂપિયા ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂપિયા ૧.૫૦ લાખ કરતા ઓછી હોય એવા અરજદારોને માસિક રૂપિયા ૭૫૦ની સહાય ચૂકવવામાં આવે છે. રાજ્ય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯–૨૦માં ફેબ્રુઆરી–૨૦૨૦ના અંત સુધીમાં કુલ ૧ લાખ ૬ હજાર ૭૧૪ લાભાર્થીઓને રૂપિયા ૭૭.૪૬ કરોડની સહાય ડી.બી.ટી.ના ધોરણે ચૂકવવામાં આવેલ છે. રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ ભારત સરકારે નક્કી કરેલ ધોરણો મુજબ ગરીબી રેખાથી ૦ થી ૨૦ના સ્કોરમાં આવતા કુટુંબોનો સમાવેશ થતો હોય તેવા કમાનાર વ્યક્તિનું જો મૃત્યુ થાય તો તેને એક વખત રૂપિયા ૨૦ હજાર સુધીની સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૧૯–૨૦માં ફેબ્રુઆરી–૨૦૨૦ સુધીમાં કુલ આવા ૬૫૫૦ લાભાર્થીઓને રૂપિયા ૧૨.૮૦ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. ગરીબ લોકો હોય એના માટે એસ.ટી.માં મફત મુસાફરીની યોજનામાં જેમને ૪૦ ટકા કે વધુ દિવ્યાંગતા ધરાવતા હોય એવા દિવ્યાંગ વ્યક્તિઓને અભ્યાસ માટે, સારવાર માટે, નોકરી–ધંધા માટે કે અન્ય સામાજિક કામે બહાર જવાનું હોય તો સરકારની વાહન વ્યવહાર વિભાગની યોજના મારફતે મફત પાસ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯–૨૦ના ફેબ્રુઆરી–૨૦૨૦ સુધીમાં કુલ ૨ લાખ ૫૪ હજાર ૬૩૧ લાભાર્થીઓને રૂપિયા ૩૪.૬૫ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. આમ, આ સરકાર ગરીબો માટેનું કામ કરી રહી છે. આ પહેલાની સરકાર એમ કહેતી હતી કે આ ગરીબોની સરકાર છે. પણ એમણે ગરીબોની કોઇ સેવા કરેલ નહીં. ગરીબો પણ એમ કહેતા કે આધી રોટી ખાયેંગે, લેકીન કોંગ્રેસ કો લાયેંગે. કોંગ્રેસ સમજતી હતી કે ગરીબો જો આર્થિક રીતે સદ્ધર થશે, ભણી–ગણીને સુખી થશે તો અમને મત આપશે નહીં. એટલે ગરીબોના કોઇ કામો કર્યા નથી. પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓના લાભો પહોંચે એ રીતે કામો કરી રહી છે. એના માટે સરકારની સારામાં સારી યોજના હોય તો સેવાસેતુ યોજના છે. આ સેવાસેતુ મારફતે લાભાર્થીઓને ઘેર બેઠા સરકારની યોજનાઓનો લાભ મળે છે અને હમણાં પ્રશ્નમાં પણ સાંભળ્યું કે શહેરી વિસ્તારના ગરીબો માટેના ૫૭ જેટલા લાભો એમના ઘર સુધી પહોંચાડવામાં આવે છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણી નં. ૯૫ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે હું અનુસૂચિત જાતિ પેટા યોજના વિશે વાત કરી રહી છું ત્યારે આપના માધ્યમથી વિરોધપક્ષના કેટલાક સભ્યોને મારે અમુક વાતો કરવાની હતી. પરંતુ દુઃખ સાથે કહીશ કે જ્યારે અનુસૂચિત જાતિની પેટા યોજના વિશે વાત થઇ રહી છે અને ગૃહમાં વિરોધપક્ષ દ્વારા અનેક વખત જાણે એ લોકો જ આ અનુસૂચિત જાતિ માટે કાર્ય કરતા હોય અને ચિંતા કરતા હોય એ પ્રકારનું દ્રશ્ય ઉભું કરતા હોય છે અને ઘણી વખત અનુસૂચિત જાતિના લોકો માટે વોક આઉટ કરીને પણ પ્રદર્શન કરતા હોય છે. પરંતુ જ્યારે (અંતરાય)...

અધ્યક્ષશ્રી : એ એમનો અધિકાર છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ લોકશાહીના મંદિરમાં અનુસૂચિત જાતિના લોકો માટે વાત થઇ રહી છે ત્યારે એ લોકો ત્રણ દિવસથી લોકશાહીના મંદિરથી બહાર છે. આપણો દેશ જ્યારથી આઝાદ થયો ત્યારથી ખૂબ લાંબા સમય સુધી કોંગ્રેસની સરકારે આપણા દેશ ઉપર અને ગુજરાત ઉપર પણ રાજ કર્યું હતું અને નેતૃત્ત્વ કર્યું હતું. પરંતુ આ સમાજ માટે, અનુસૂચિત જાતિના લોકો માટે કોંગ્રેસ જ્યારે નેતૃત્વમાં હતી ત્યારે ક્યારેય પણ ચિંતા કરી નહતી, એ સમાજ ત્યાંને ત્યાં જ હતો. પરંતુ અભિનંદન આપું આ ભારતીય જનતા પાર્ટીની સરકારને કે વર્ષ ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની સરકાર નેતૃત્ત્વ કરી રહી છે ત્યારે આ સમાજ માટે, શિક્ષણ માટેની વાત હોય, આર્થિક ઉત્થાન માટેની વાત હોય, અનેક યોજનાઓ થકી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અનુસૂચિત જાતિના લોકો માટે કાર્યરત છે. ડો.બાબાસાહેબે પણ આ સમાજને અનેક શ્લોગન આપ્યા છે, અનેક વાત કહી છે ત્યારે સર્વ પ્રથમ વાત શિક્ષિત બનવા માટેની કહી છે ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે શિક્ષણ માટેની અનેક અલગ અલગ યોજનાઓ થકી બાળક પ્રાથમિક શાળામાં હોય તો શિષ્યવૃત્તિની યોજના, કન્યા કેળવણીના ઉત્તેજન માટે સરસ્વતી સાધના સાઇકલ યોજના, એક થી આઠમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ત્રણ જોડી ગણવેશ ખરીદવા માટેની પણ યોજના, વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને શિક્ષણની ગુણવત્તા માટે પ્રોત્સાહક યોજના, કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહેતા હોય તો એના માટે ભોજનની પણ વ્યવસ્થા, મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમ.ફીલ અને પી.એચ.ડી. માટે શિષ્યવૃત્તિની યોજના, કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે લોનની સહાય, ડોક્ટર આંબેડકર વિદેશ અભ્યાસ માટે પણ લોન સહાય યોજના.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મારે કહેવું છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં રૂપિયા ૧૪૬.૦૩ કરોડનો ખર્ચ કરીને ૧૧૨૦ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે આ સરકારે લોન આપી છે અને એમના આર્થિક રીતે નબળા અને ગરીબ પરિવારના સપના પૂરા કરવાનું કાર્ય કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે શિક્ષણની વાત હોય તો સાથે સાથે રહેવા માટે પણ અલગ અલગ છાત્રાલયની યોજના થકી રહેવાની સગવડ પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. એમાં આંબેડકર સરકારી છાત્રાલય હોય, આશ્રમશાળા હોય, આદર્શ નિવાસી શાળા હોય, સમરસ છાત્રાલયો એમ અનેક છાત્રાલયોની યોજના થકી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અનુસૂચિત જાતિના અનેક બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે એ માટે આ સરકાર કાર્યરત છે. જ્યારે બાળકો શિક્ષણ કાર્ય પૂર્ણ કરી લે ત્યાર પછી એનો જે ઉદ્દેશ હોય તો એ રોજગારી મેળવવાનો હોય છે. હું ગૌરવ સાથે કહીશ કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર શિક્ષણ માટે સહાય અપાવ્યા પછી એમને રોજગારી મેળવવા માટે પણ માનવ ગરિમા યોજના હોય, ડોક્ટર અને વકિલને તાલીમ માટે લોન સહાયની યોજના હોય, નાના વ્યવસાય અને ધંધા માટે દુકાન ખરીદવી હોય તો એના માટે પણ લોન આપવામાં આવે છે. એમ અલગ અલગ પ્રકારની યોજનાઓ થકી આર્થિક ઉત્થાન માટેનું કાર્ય આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. આ સંવેદનશીલ સરકારે શિક્ષણ માટે સહાય આપી, રોજગારી માટે પણ સહાય આપીને ગૌરવ સાથે કહું તો જ્યારે લગ્નની વાત આવે તો કુંવરબાઇનું મામેરૂ હોય, સાત ફેરા સમૂહ લગ્ન યોજના હોય આ યોજનાઓ થકી પણ અનુસૂચિત જાતિના લોકો માટે એક સહાય આપવાનું કાર્ય આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલાથી ના અટકતા આ સંવેદનશીલ સરકાર જ્યારે કોઇ આર્થિક રીતે નબળા પરિવારમાં ના કરે ભગવાન અને કોઇનું મૃત્યુ પણ થાય તો રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના અંતર્ગત પાંચ હજાર રૂપિયા મરણોત્તર ક્રિયા માટે પણ આ સંવેદનશીલ સરકાર આપે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જીવનના અલગ અલગ તબકકામાં એ શિક્ષણનું હોય, એ રોજગારીનું હોય, એ જીવનના નવા બંધારણ કે લગ્નમાં જોડાવાની વાત હોય, અનેક પ્રકારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અનુસૂચિત જાતિના લોકોના માતાપિતા બનીને, પાલક માતાપિતા બનીને સહાય કરે છે એના માટે હું ભારતીય જનતા પાર્ટીનો ખૂબ ખૂબ આભાર પણ વ્યકત કરું છું. છેલ્લે ખાલી એટલું જ કહેવા માગું છું કે રીલીજીયન ઇઝ ફોર મેન નોટ મેન ફોર રીલીજીયન. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કેટલાક લોકો ફકતને ફકત જાતિ, જાતિને લડાવવા માટે કોંગ્રેસ સરકાર જયારથી આ દેશ આઝાદ થયો ત્યારથી આ કાર્ય કરતી આવી છે અને અત્યારે પણ કરી રહી છે. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારે આ અનુસૂચિત જાતિના લોકો માટે અનેક કાર્યબદ્ધ યોજનાઓ થકી કાર્ય કરી રહી છે ત્યારે મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું, સમર્થન આપું છું.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વર્ષ ૨૦૨૦-૨૧ની અનુદાન માટેની માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભા.જ.પ. સરકાર ગરીબોના આંસુ લુછવાનું કામ કરતી હોય ત્યારે હું મારા મત વિસ્તાર દહેગામ તાલુકાની વાત કરું. રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હોય, નિરાધાર વૃદ્ધ માટેની યોજના હોય કે નિરાધાર વિધવા સહાયની યોજના હોય. આ દ્વારા દહેગામ તાલુકામાં ૬૧૦૨ લાભાર્થીઓને આનો લાભ મેં અપાવ્યો છે. એસ.ટી.માં મફત મુસાફરીની યોજના હોય, દિવ્યાંગોને શિષ્યવૃત્તિની યોજના હોય, દિવ્યાંગ સાધન સહાય યોજના હોય, દિવ્યાંગના લગ્ન સહાયની યોજના માટે આ સરકાર એક લાખ રૂપિયા ચૂકવે છે. ઇન્દીરા ગાંધી નેશનલ ડીસએબીલીટી, પેન્શન અને સંત સુરદાસ સહાય યોજનામાં છેલ્લા ૧૦ વર્ષથી સહાય ચૂકવવામાં આવે છે. શેરો પોઝીટીવ ઇલનેસ યોજનામાં છેલ્લા ૧૦ વર્ષથી સહાય ચૂકવવામાં આવે છે. પાલક માતાપિતા યોજનાનો હેતુ માબાપ વગરના અનાથ બાળકોને પાલક પિતાને સારસંભાળ સોંપી તેઓના વિકાસ અને ઘડતર થઇ શકે તે માટે માસિક રૂપિયા ૩૦૦૦ ચૂકવવામાં આવે છે અને છેલ્લા ૧૦ વર્ષથી આ યોજના ચાલે છે. કેદી સહાય યોજના હેઠળ છેલ્લા ૧૦ વર્ષથી લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવે છે. ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેકશન યોજનામાં પણ સહાય ચૂકવવામાં આવે છે. ગરીબ કલ્યાણ મેળામાં રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૩૮ ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવેલા. જેમાં દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ ૧૬૨૫ લાભાર્થીને સહાય ચૂકવવામાં આવી. દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં કુલ ૧૪૯ લાભાર્થીઓને આમાં સહાય ચૂકવવામાં આવી. સામાજિક સુરક્ષા અને કલ્યાણ વિભાગ દ્વારા અનેક ગરીબલક્ષી યોજનાઓમાં અમારી સરકાર સહાય ચૂકવે છે. માનનીય મંત્રીશ્રી વર્ષ ૨૦૨૦-૨૧ના અનુદાનની માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

ડો.નીમાબેન ભા. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે માગણી મૂકાઇ છે એમાં મહેસૂલ વિભાગ જિલ્લા વહીવટીતંત્ર અને કુદરતી આફતો વિશેની જે માગણીઓ છે એની વાત કરવા માગું છું. મારો જિલ્લો ખૂબ મોટો છે. વન થર્ડ ગુજરાત છે અને આવડા મોટા જિલ્લાનું જિલ્લા વહીવટી તંત્રએ સંકલન કરવું અને એમાં પણ કુદરતી આફતોનો જે હંમેશા ભોગ બનતો હોય છે એવો આ જિલ્લો અને એ જિલ્લાને જે રીતે પાળી પોષીને મોટો કર્યો એમાં હું ખરેખર શ્રી નરેન્દ્રભાઇને તો અભિનંદન આપું જ છું. કારણ કે જ્યારે મુખ્યમંત્રી બન્યા ત્યારે પહેલું કામ તેમણે આ ભૂકંપ પીડિત વિસ્તારની સેવા કરી અને જે એમણે આયોજન કર્યું. મેં પહેલા કહ્યું હતું કે ૮૯ વાર તેઓ કચ્છની અંદર આવ્યા અને કચ્છને આજે ધમધમતું કરીને વિશ્વના નકશામાં સ્થાન આપ્યું. એટલા માટે મહેનત કરી એ માટે જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. કચ્છના લોકો જેટલો ઉપકાર માને એટલો ઓછો છે. પેઢીઓની પેઢીઓ યાદ કરશે અને ઇતિહાસની અંદર પાના લખાઇ જશે એવી કામગીરી થઇ છે, ત્યારે હું એટલા જ અભિનંદન જિલ્લા વહિવટી તંત્રને પણ આપું છું, એટલા જ અભિનંદન અધિકારીઓને આપું છું, કારણ કે

ભૂકંપ વખતે જોયું હતું કે અધિકારીઓ તંબુની અંદર રહીને કામ કરતાં હતાં. જે જે પ્રમાણે સૂચનાઓ મળતી હતી, તે પ્રમાણે આયોજન ગોઠવતા હતા. અમે તો સૂચનો કરીએ, મિનિસ્ટરો પણ સૂચનો કરે, વાત કરે, પણ સાઈડિંગ ઓથોરિટી આયોજન બનાવવું, પ્લાનિંગ બનાવવું એ બધા જ કામ અધિકારીના હોય છે. એમણે મહેનત કરી હતી, એને ક્યારેય ઈતિહાસ ભૂલશે નહીં. અત્યારે અમારા કચ્છ જિલ્લામાં..

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી સૂચન ન કરે, મંત્રીશ્રી આદેશ કરે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, અનેક વાવાઝોડાઓ અને અનેક કુદરતી આફતો આવે છે, ત્યારે હમણાં જ તાજેતરમાં જે રીતે દુષ્કાળ થયો. કચ્છ અને બનાસકાંઠા એ બધા વિસ્તારોમાં વારંવાર દુષ્કાળ આ બધા પ્રશ્નો આવતા હોય છે. એવા સમયે અતિવૃષ્ટિના પ્રશ્નો આવતા હોય એવા સમયે આયોજન થાય છે, એની અંદર હમણાં અમે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર તરીકે જે રીતે મેનેજમેન્ટ થયું અને સંવેદનશીલ સરકાર કોને કહેવાય એનો દાખલો પૂરો પાડ્યો હોય તો આ વખતે નજરે નિહાળ્યું છે. એની અંદર જે રીતે પાંજરાપોળ અને ગૌશાળામાં પશુઓનો નીભાવ થતો હતો. કેટલ કેમ્પો કરીને ૨,૯૦,૦૦૦ જેટલા પશુઓને આપણે રાહત પૂરી પાડીને એમને બચાવ્યા. એ જ રીતે ટોટલ ૫,૭૨,૪૧૬ પશોઓનો નીભાવ રાજ્ય સરકારે કર્યો. ૮૦૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ રાજ્ય સરકારે કર્યો. અહીંયા મારું સૂચન પણ છે. કચ્છ જિલ્લો મોટો છે, ત્યારે એક કલેક્ટર અને વહીવટી તંત્ર આખા જિલ્લામાં પહોંચવું, રાપરની બોર્ડરથી માંડી લખપત સુધી આ બાજુ વિઘાટક બોર્ડર સુધી ૪૦૦ કિ.મી. જેવો ફરતો વિસ્તાર થાય. બહુ અઘરું કામ છે. જિલ્લા પોલીસની અંદર ૨ એસ.પી. મૂક્યા. એવી જ રીતે ૨ કલેક્ટર મૂકીને વહીવટી તંત્ર પણ ડબલ કરવું જોઇએ. બહુ અઘરું છે. કુદરતી આફત સામે લડવાનું છે. અનેક પ્રશ્નો છે. એવું મારું સૂચન છે. બીજું સૂચન જમીન સંપાદન અંગેનું છે. આની અંદર રાજ્ય સરકારે ખૂબ સુધારા કર્યા છે અને ખૂબ સારી કામગીરી કરી છે. પ્રજાને શું જોઇએ છે, પ્રજાની શું લાગણી છે. આજે નાનકડું બાપ દાદાનું ઘર હોય તો લગાવ હોય. લોકોને પોતાની જમીન માટે લગાવ હોય છે. એ જમીનને સંપાદન કરવું એ બહુ અઘરો વિષય હતો. પણ રાજ્ય સરકારે દબાણ કે પ્રેસરરાઇઝ નથી કર્યું. જોહુકમી નથી કરી. એ લોકોની સાથે બેસીને, મિટિંગ કરીને શું જોઇએ છે, શું માગણી છે, શા માટે એમની જમીન સંપાદન કરીએ છીએ. કેટલા લોકોને ફાયદો થવાનો છે. બધી ચર્ચા અનેકવાર કરી અને આપણે એના સોલ્યુસન ઉપર આવ્યા, ત્યારે રાજ્ય સરકારે ૪ ગણો ભાવ એ જમીન સંપાદનનો નક્કી કર્યો છે. બહુ મોટી વાત છે. આટલું બધું કોઇ સરકાર કરે એ કલ્પના ન કરી શકે. એ સંવેદનશીલ સરકારનો એક નમૂનો છે. હું કહીશ કે જમીન સંપાદન ધારા હેઠળ ફાજલ થયેલ જમીનમાંથી બે વર્ષ દરમ્યાન ૩૬૯ લાભાર્થીઓને ૧૬૬૮ એકર જમીનની ફાળવણી કરી. એ જ પ્રમાણે જમીન સંપાદનમાં તા.૧૫-૫-૨૦૧૬ના રોજ સરળ અમલીકરણ માટે જમીન સંપાદન અધિનિયમનો અમલ કર્યો અને તે જ પ્રમાણે ખેડૂતોને યોગ્ય વળતર મળે તે માટે શહેરી વિસ્તારની વ્યાખ્યામાંથી શહેરી વિસ્તાર વિકાસ મંડળના વિસ્તારોને રદ કરવામાં આવ્યા. જેના પરિણામે ખેડૂતોને સંપાદિત થયેલી જમીનના ચાર ગણા ભાવ મળ્યા છે. ખેડૂતોને સમયસર અને વ્યાજબી વળતર મળે, કબજો લેવાના પ્રસંગે અંદાજિત વળતરના ૮૦ ટકા એડવાન્સ પેમેન્ટ થાય, સમિતિ એવોર્ડના કિસ્સામાં વધારાની ૨૫ ટકા પ્રોત્સાહક રકમ બજાર કિંમત ઉપર આકર્ષક વ્યાજબી વળતર આપ્યું, ગ્રામ્ય વિસ્તારમાં જંત્રી અથવા તો બજાર કિંમત બેમાંથી જે વધુ હોય તેના ચાર ગણા પૈસા આપ્યા છે. એ જ રીતે શહેરી વિસ્તારના જંત્રી અથવા બજાર કિંમત બેમાંથી જે વધુ હોય તેના બે ગણા વધારે પૈસા આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, તે રીતે આજે જમીન સંપાદનમાં બે વિષયો આવે છે. તેમાં એક વિકાસનો અને બીજો નર્મદાનો. વિકાસમાં બ્રિજ બનાવવો હોય અથવા બીજા કામો હોય તો તેની અંદર જમીન સંપાદન કરવી પડે, તેવી જ રીતે જે નર્મદાના કામો છે તેની અંદર જમીન સંપાદનના વિષયો ખૂબ અઘરા હતા. સરકારની કટિબદ્ધતા હતી અને સંકલ્પ હતો કે નર્મદાના સિંચાઇના પાણી છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવા છે એટલા માટે બધા નિયમોમાં ફેરફાર કરીને, લોકા સાથે બેસીને ચર્ચા કરીને સોલ્યુશન કાઢ્યું છે. આજે હું કહીશ અમારા કચ્છમાં ૧૭ કિલોમિટર જેટલો જમીન સંપાદનનો પ્રશ્ન બાકી છે. હું ખૂબ સરસ વાત કરવા માગું છું કે, મારા વિસ્તારની અંદર જે ખેડૂતો છે તેમણે સામેથી આના માટે મિટિંગો કરી છે. ત્યાં ખારીપટ જમીન છે. જો નર્મદાનું પાણી પહોંચશે તો જ તે વિસ્તાર નવપલ્લવિત થશે. એટલા માટે ત્યાંના ખેડૂતોએ મિટિંગ કરીને ઠરાવ કર્યો છે કે, અમારી જે જમીન આવતી હોય તે અમે સંપાદન કરી આપવા તૈયાર છીએ. આ બધા નિર્ણય સાથે સરકારમાં પણ વાત કરી છે. આમાં મારું સૂચન છે કે, આના માટે કચ્છની અંદર કેમ્પેઇન કરવામાં આવે તો આ જમીન સંપાદનનો દુધઇ બ્રાન્ચ કેનાલનો વિષય છે તે ઝડપથી થઇ શકે તેમ છે. એટલે આ કેમ્પેઇન કરીને કરી દઇએ તો દુધઇ બ્રાન્ચ કેનાલ બની જાય તો અમારા આખા ભુજ અને નખત્રાણા સુધીનો બધો જ વિસ્તાર નવપલ્લવિત થઇ જાય, બધા તળાવો ભરાઇ જાય. આવા અનેક વિષયો કર્યા છે તેમાં ખાસ અભિનંદન સેવાસેતુના કાર્યક્રમને આપીશ. જે રીતે ૨ કરોડ જેટલા, ૧ કરોડ અને ૮૬ લાખ ઉપરના કેસોના સોલ્યુશન કર્યા છે. લોકો ધક્કા ખાતા હતા તેમ છતાં કોઇ કામ થતા ન હતા. આજે લોકો એટલા બધા આશીર્વાદ આપે છે અને છેલ્લે એટલું જ કહી દઇશ...

અધ્યક્ષશ્રી : ના, હજુ છે. બોલશો તો વાંધો નથી. માનનીય નીમાબેન મારે એક વાત કહેવી હતી. આપે જે ભૂકંપની વાત કરી ત્યારે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે વડોદરાની અમારી જે ટીમ આવી હતી જેમણે સાત દિવસ રોકાઇને કામ કર્યું છે. રાત્રે ઉંઘતા હોય અને ઉંઘમાં ભૂકંપ આવે તે પણ અમે અનુભવ્યું છે. એ કંપારી અમે જોઇ છે, હાથ છૂટો હોય, પગ છૂટો હોય અને જે રીતે બધા જ રાજકીય કાર્યકર્તાઓ અને સામાજિક કાર્યકર્તાઓ હતા. બીજી વાત સેવાસેતુના કાર્યક્રમની કરી. તે

વખતે શ્રી વાસણભાઇ આહીર મારી સાથે હતા. એક દૂરદરાજના ગામડામાં મારે જવાનું થયેલું અને એ લોકો એટલા આશીર્વાદ આપતા હતા. મેં વાસ્તવમાં મારી નજરે જોયેલું છે એટલે મને થયું આપની વાતને કચ્છની બાબતમાં સમર્થન કરું.

ડો. નીમાબેન ભા. આચાર્ય : જી સર, થેન્ક યુ. એટલે બહુ બધા લોકોએ કામ કર્યું. એટલે અંતની અંદર એટલું જ કહીશ કે સરકારે જે રીતે સંવેદનશીલતા બતાવી, જે રીતે ગુજરાતને ભ્રષ્ટાચારમુક્ત કરવાનો એજન્ડા નક્કી કર્યો છે તેની અંદર મહેસૂલની અંદર કાયદા બનાવી ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે તે ખૂબ સરસ છે. ખાસ કરીને બિનખેતી અને પ્રિમિયમની અરજી કરવાનું ઓનલાઇન કર્યું છે, તેનાથી લોકોમાં ખૂબ રાહત થઇ છે. તેમાં આપણે ભ્રષ્ટાચાર અટકાવી શક્યા છીએ. ભ્રષ્ટાચાર અટકાવવા માટે ઇ–ગવર્નન્સથી સીએમ ડેશ સુધીના કાર્યક્રમો કર્યા છે અને મને વિશ્વાસ છે કે, જે એજન્ડા લઇને ભારતીય જનતા પાર્ટી ચાલી રહી છે, સરકાર જે એજન્ડા લઇને ચાલી રહી છે તે ચોક્કસ સફળ થશે. કારણ કે જે નક્કી થાય છે, ભાજપના કાર્યકર્તાઓથી માંડીને નેતાઓ જે વાત કરે છે તે વાત હંમેશા પૂરી થાય છે. તેમાં ખૂબ મહેનત કરીને કામ થાય છે. અધિકારીઓ સાથે ચિંતન બેઠક કરીને, તેમના પણ અભિપ્રાયો લઇને આપણે કામ કરી રહ્યા છીએ. ત્યારે છેલ્લી વાત કરી દઇશ કે, ભાજપાએ એમ કહ્યું છે કે, સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ. આ સૌના વિશ્વાસની વાત છે. તેમાં સૌને સાથે રાખીને કામ કરી રહ્યા છીએ ત્યારે આ જે માગણીઓ માનનીય મંત્રીશ્રી લાવ્યા છે તેમાં મારું સમર્થન આપીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નીમાબેન આપે કચ્છની વાત કરી એટલે મારું હૃદય દ્રવી ઉઠ્યું. કેમ કે ભૂકંપ વખતની વાત મને યાદ છે કારણ કે, આમાં અધિકારીની વાત પણ આવે છે અને તમે અધિકારીની નિષ્ઠાની પણ વાત કરી, અત્યારે મારી ઓફીસમાં એક અધિકારી છે કે એ ભૂકંપ વખતે એમનો દીકરો ગુજરી ગયો તેમ છતાં એ બાબતને બાજુએ રાખીને તેઓ સતત કામમાં પરોવાયેલા રહ્યા એ અધિકારીઓએ જે તે વખતે જે કામ કર્યું છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં હું મારી વાત કરવા અહીંયા ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે હું મહેસૂલ વિભાગ અને કુદરતી આફતો અંગેની વાત કરવા ઉભી થઇ છું ત્યારે મને આનંદ થાય છે કે, ગુજરાતના મહેસૂલ વિભાગે ટેકનોલોજી સાથે વ્યવસ્થા જોડીને અશક્યને શક્ય બનાવ્યું છે. વહીવટનો મુખ્ય આધાર મહેસૂલ વિભાગનું તંત્ર છે, મહેસૂલની પ્રક્રીયા લોકહિત માટે હોય છે. લોકો કાયદાથી ત્રાહીમામ ન થાય પરંતુ કાયદાને માન–સન્માન આપે એવું સરળીકરણ આ વિભાગે કર્યું છે. ટેકનોલોજીયુક્ત વ્યવસ્થા લાવવામાં ગુજરાતે દેશનું દિશા દર્શન કર્યું છે. ભૂતકાળમાં જમીનને લગતા કોઇ પણ કામ હોય તો લોકોને સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા, લોકોના જે પણ કામ હતા એમાં વર્ષો અને મહિનાઓ લાગી જતા હતા, છતાં પણ એમના કામો થતા ન હતા. પણ આ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે આ બધી સમસ્યાની પર જઇને ઓન લાઇન ટેકનોલોજીની પદ્ધતિથી આજે તમે જોયું હશે કે તુરત જ એમાં ઘણા બધા કામો થઇ રહ્યા છે. મહેસૂલી સેવાઓમાં અદ્યતન ટેકનોલોજીના વિનિયોગ અને હવે ફેઇસલેસ સિસ્ટમથી પણ ઓન લાઇન એપ્રુઅલની પહેલ કરી છે એ ખૂબ જ સરાહનીય છે. સરળીકરણની વિકાસની નવી ઉંચાઇઓ સર કરીને લોકશાહી શાસનમાં અમલદારશાહી, લાલફીતાશાહી ખતમ કરી પારદર્શી નિર્ણાયક અને ત્વરિત ઝડપી નિર્ણય દ્વારા સરકારે પ્રત્યેક માનવીને અનુભૂતિ કરાવી છે. આ સરકાર લોકોના હિતો માટે લોકોની સુખાકારી માટે જરૂર જણાયે કાયદાઓમાં સુધારા, કાયદા બદલવા માટે ઓર્ડીનન્સ લાવવા પણ ખુલ્લા મને તૈયાર છે. રાજય સરકારે ૮ જેટલા જૂના જડ કાયદાઓમાં બદલાવ લાવીને લોકો માટે પારદર્શક અને જવાબદેહ વ્યવસ્થા વિકસાવી છે. એમાં મહેસલી કાયદાઓમાં એન.એ. ઓન લાઇન, આઇ.ઓરા.ટુ, જમીન રેકોર્ડ ઓન લાઇન, સાત બારના ઉતારા ઓન લાઇન જેવી લોકોને સીધી સ્પર્શતી સેવાઓ હોય એમાં સરળીકરણ કરીને એક નવો માર્ગ ચીંધ્યો છે. જમીનને લગતી સેવાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે આ ઓન લાઇન સુવિધા ચોક્કસ અસરકારક થઇ રહી છે. મહેસલ વિભાગ એક એવો વિભાગ છે કે સરકારના અન્ય વિભાગ સહીત રાજયના તમામ નાગરિકોને પણ એની જરૂર પડતી હોય છે. ત્યારે તમામ ક્ષેત્રોમાં વિકાસ કરવો હોય, પ્રોજેકટનું નિર્માણ કરવું હોય તો મહેસૂલ વિભાગ દ્વારા મંજૂરીઓ મેળવવી પડતી હોય છે ત્યારે મહેસૂલ વિભાગ ટેકનોલોજીના માધ્યમથી લોકોને ઝડપી સેવાઓ પૂરી પાડવામાં ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે કુદરતી આફતની હમણાં ડો.નીમાબેન વાત કરતા હતા ત્યારે મારે થોડીક સુરત શહેરની પણ વાત કરવી છે. સુરત શહેરમાં દર ચાર વર્ષે એકાદ વાર તાપી નદીમાં પુર આવતા હતા અને લોકોને ડર રહેતો કે આ ચાર વર્ષમાં આ વરસ પુરનું વર્ષ છે ત્યારે એવો ડર રહેતો કે હવે શું થશે? ત્યારે પુર લાસ્ટ ટાઇમ જયારે વર્ષ ૨૦૦૬માં આવ્યું હતું ત્યારે ખૂબ જ તારાજી સર્જાઇ હતી અને એમાં ખૂબ જ જાનહાનિ થઇ હતી અને માલમત્તાને ખૂબ જ નુકસાન પણ થયેલ હતું અને ખાસ કરીને રાંદેર, અડાજણ, કતારગામ, વેડરોડ વગેરે વિસ્તારમાં ખૂબ જ તારાજી સર્જાઇ હતી. પણ આજે મને આનંદ છે કે આવી ઘટનાઓ બનતી હોય ત્યારે સરકાર ખૂબ જ ઝડપથી કામગીરી કરતી હોય છે અને ત્યારના આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના દેશના વડાપ્રધાનશ્રી પોતે ત્યાં આવીને પાંચ–પાંચ ફૂટ પાણીમાં નાવમાં બેસીને ગંભીર પરિસ્થિતમાં પણ રાઉન્ડ મારીને લોકોના જાનની સલામતીની ચિંતા કરી હતી. આમ, આવી ચિંતા અમારી સરકાર કરી રહી છે. ત્યારે શ્રી મોદી સાહેબે પણ એટલું બધું કામ કર્યું હતું અને ઝડપથી તંત્રને સજાગ કર્યું હતું અને ત્યારપછી આ પુર આવવાના કારણો શોધી અને એની સમસ્યાનો ઉકેલ લાવવાનું કામ કરેલ છે, આજે મને આનંદ છે કે, વર્ષ ૨૦૦૬ પછી આજે વર્ષ ૨૦૨૦

છે ત્યાં સુધી ભગવાનની દયા અને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારની કામગીરી છે તેને કારણે હજી સુધી પુર આવ્યું નથી. બીજી વાત કરીએ તો ખાડી પુરની પણ સમસ્યા ચોમાસામાં ઉદ્ભવતી હોય છે ત્યારે પણ સરકાર અમારી ચિંતા કરતી હોય છે. એસ.એમ.સી. ને સાથે રાખીને ખાડી પુર કેમ આવે છે તેના કારણો શોધીને પણ આજે દરેક વિસ્તારમાં જે બારે બાર વિધાનસભા મત વિસ્તાર છે એમાં જે જે વિસ્તારમાંથી ખાડી પસાર થઇ રહી હોય એની ચારેય બાજુ દિવાલનું એટલે કે પ્રોટેક્શન વોલનું નિર્માણ કર્યું છે. આજે આ ખાડીઓમાં વર્ષ ૨૦૧૩ પછી પુર આવ્યું નથી અને વર્ષ ૨૦૧૩માં જ્યારે પુર આવ્યું હતું ત્યારે અમારા વિસ્તારમાં ખૂબ જ તારાજી સર્જાઇ હતી. કારણ કે ત્યાં સ્લમ અને સામાન્ય કક્ષાનો વિસ્તાર છે. એટલા માટે નીચાણ ભાગવાળો વિસ્તાર હોવાથી ત્યાં ખૂબ જ પાણી ભરાઇ રહેતું હતું ત્યારે અમે ખડેપગે ઉભા રહીને પણ આ જે ઝુંપડપટ્ટી વિસ્તાર હતો, નીચાણવાળા વિસ્તારમાં ફરીને લોકોને બહાર કાઢ્યા હતા. ત્યારપછી કારણો શોધીને પ્રોટેક્શન વોલનું ત્યાં નિર્માણ કર્યું છે અને સરકારને અભિનંદન આપું છું કે એના માટે ઘણી બધી ગ્રાન્ટ સરકારે ફાળવી આપી છે. તો આવી રીતે ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે અને તે ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર પણ છે.

એનાથી પણ આગળ જઇને જ્યારે મહેસૂલ વિભાગમાં દરેક પ્રકારની કામગીરી સરકાર કરતી હોય છે ત્યારે મને જણાવતા આનંદ થાય છે કે મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં સરકાર સામાન્યમાં સામાન્ય ગરીબ, વંચિત, પીડિત, શોષિત, ખેડૂત સૌની અપેક્ષાઓ સંતોષાય એવા સરળ વહીવટની દિશામાં હજી પણ નવતર કદમ ઉઠાવવા તરફ આગળ વધી રહી છે. ગુજરાતને વિકાસના રોલ મોડેલ તરીકે દેશ દુનિયામાં પ્રસ્થાપિત થવા માટે આ મહેસૂલ વિભાગે ક્રાંતિકારી નિર્ણયો લીધા છે. મહેસૂલ વિભાગ ટેકનોલોજીયુક્ત આયામો સર કરી નવું સિમા ચિહ્નરૂપ બન્યું છે. એક સમય એવો હતો કે રાજ્યની મહેસૂલ પ્રક્રિયામાં તુમાર, અભિપ્રાય શબ્દોની ભરમાર હતી. પણ મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ શબ્દોને ભૂતકાળ બનાવીને મહેસૂલી પ્રક્રિયા અત્યંત સરળ બનાવી છે. પોલિસી, પ્રોસિઝર, પેપરવર્ક અને હ્યુમન રિસોર્સ રિફોર્મને પરિણામલક્ષી બનાવવા કરેલી અપીલને મહેસૂલી વિભાગે સુનિશ્ચિત કરીને કામગીરી ઝડપી, સરળ અને લોકાભિમુખ કરી છે. મહેસૂલી પ્રક્રિયા અત્યંત સરળ અને પારદર્શી બનાવવાનો અમારો ધ્યેય છે. અમારી સરકારનો આ ધ્યેય રાજ્યના નાગરિકોના આંગણીના ટેરવે કામ થાય એવો ટેકનોલોજીયુક્ત આ મહેસૂલ વિભાગ થઇ રહ્યો છે ત્યારે આવનારા દિવસોમાં આપણો વિભાગ ખૂબ જ કામ કરી રહ્યો છે. સાથે સાથે આ માટે અરજદારને ક્યાંય પણ ધક્કા ખાવા નહિ પડે, બિનખેતી પરવાનગી હોય, હેતુફેરની પરવાનગી હોય, વારસાઇ નોંધ હોય, સુધારા હુકમ માટેની અરજી હોય, ઔદ્યોગિક હેતુ માટેની અરજી હોય, જમીન ખરીદવા માટેની પરવાનગી હોય, બિનખેતી પ્રિમિયમ સાથે બિનખેતી પરવાનગી, ખેડૂત ખાતેદારની ખરાઇ હોય આવી સંખ્યાબંધ સેવાઓને ઓનલાઇન ઉપલબ્ધ કરાવી છે. આવી તમામ કામગીરી અમારી સરકાર કરી રહી છે. ખરેખર બધા જ વિસ્તાર ગુજરાતમાંથી જોવા જાય દરેક ક્ષેત્રમાં, દરેક જિલ્લાઓમાં તો ગુજરાતનો ખૂબ જ વિકાસ થઇ રહ્યો છે. એટલે જ આજે સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર જેવી મહાનગરપાલિકાઓ છે એના જે સીટી વિસ્તાર છે એમાં ખૂબ જ ઝડપી વિકાસ અહીંયા અમારી સરકાર કરી રહી છે અને વધુમાં વધુ ગ્રાન્ટ ફાળવીને ત્યાં વિકાસ થાય એ માટેના મોટા આયોજનો કરી રહેલ છે. મને આનંદ છે કે સુરત શહેરમાં આવનારા દિવસોમાં મેટ્રો રેલનું કામ ચાલી રહ્યું છે. અહીંયા અમદાવાદમાં તો આવી ગઇ છે પણ સુરત શહેરમાં અત્યારે મેટ્રો રેલનું કામ ચાલી રહ્યું છે તે ઝડપથી કાર્યરત થશે. વધુમાં સુરત શહેરમાં ડાયમંડ બુર્સ પણ આવી રહેલ છે. ટેક્સટાઇલ્સ, ડાયમંડ બુર્સ વગેરે અહીંયા સુરતમાં છે. ડાયમંડ બુર્સ આવવાથી હજારો લોકોને કામ મળશે. એવી રીતે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કામગીરી કરી છે આવનાર દિવસોમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મહેસૂલ વિભાગ અમારા શ્રી કૌશિકભાઇ પટેલ સાચવી રહ્યા છે તો એમને પણ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને તમે આ વિભાગને ખૂબ ઉત્તરોત્તર આગળ લઇ જાઓ એવી હું શુભેચ્છા આપું છું.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં રૂપિયા ૪૩૨૧ કરોડની જોગવાઇ લઇને આવ્યા છે તેને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું વર્ષ ૧૯૮૭માં સામાજિક ન્યાય સમિતિનો ચેરમેન હતો તે વખતે મારું નામ બીપીએલ યાદીમાં હતું અને મારા ઘરે કાચા નળિયાવાળુ મકાન હતું. સંડાસ પણ નહોતું અને બહેનો માટે નહાવા માટે કોઇ બાથરૂમ પણ તે વખતે નહોતું. તે વખતે સરકાર ખાલી રૂપિયા ૬ હજાર આપતી હતી તેમાં રૂપિયા ૩ હજારની લોન અને રૂપિયા ૩ હજારની સહાય એ મકાન માટે આપતા હતા. અત્યારે અમારી ભાજપની સરકાર આવ્યા પછી દોઢ લાખ રૂપિયા અને શહેરોમાં મકાન બનાવવા માટેની સહાય રૂપિયા ત્રણ લાખ આ સરકાર આપે છે. કોંગ્રેસવાળા કહેતા હતા કે તમે બજેટમાં કંઇ આપતા નથી. વર્ષ ૧૯૯૧માં રૂપિયા ૨૨ કરોડનું બજેટ હતું. અમારું ૪૩૨૧ કરોડ રૂપિયાનું બજેટ છે. તો શ્રી નૌશાદ સોલંકી એમ કહે છે કે દલિતોને કશું આપતા નથી. તો દલિતોને તમે શું આપતા હતા ? તમે કશું જ આપ્યુ નથી. બહાર સંડાસ જવા માટે થઇને જાજરૂ પણ બનાવી આપેલ નહોતું. બહેનો બિચાડી સંડાસમાં જાય તો આ તરફ પુરુષો બેઠાં હોય અને આ બાજુ તળાવની પાળે સ્ત્રીઓ બેઠી હોય એટલે લોકોને શરમ આવતી હતી એટલે એવા કામો આ કોંગ્રેસની સરકારે કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજું એ કહેવા માગું છું કે અત્યાર સુધી દલિત ભાઇઓના મહોલ્લામાં જાય તો કોંગ્રેસનો ઉમેદવાર કોઇ દિવસ મતનું કહેવા માટે થઇને આવતો નહોતો. એ *(xxx), દરબાર આવે એટલે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ મહોલ્લામાં પણ આવે નહીં અને કહે કે આ લ્યો ચવાણાનું પડીકું તમે વહેંચી આપજો અને વોટ બધાય આપજો. પણ દલિત ભાઇઓને ખબર પડી છે કે અત્યાર સુધી આપણે કોંગ્રેસને જ વોટ આપ્યા છે એટલે હવે જિંદગીમાં પણ કોંગ્રેસને વોટ ના આપાય એવું અમે બધાય સમજી ગયા છીએ. આ અમારી સરકારની યોજના જોઇ કુંવરબાઇનું મામેરૂં કોઇ દિવસ કોંગ્રેસવાળાએ ૧૦ રૂપિયા પણ આપ્યા હોય તો કહે! અમારી ભાજપની સરકાર આવ્યા પછી ગરીબોને બિચારાને દેવું કરવું પડતું હતું તે દેવું મુકત કર્યું છે અને ભાજપ સરકારે તેમનો ઉદ્ધાર કર્યો છે. મારા ગામની અંદર એક પટેલ અનુસૂચિત જાતિના હતા અને તેમને ટી.બી. થયો અને તેને ચાર વીઘા જમીન વેચવી પડી. જમીન ૨૫૦૦ રૂપિયામાં વેચી અને ટી.બી.ની દવા કરી. એટલે અમારા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી આયુષ્યમાન ભારત તેમાં પાંચ લાખ રૂપિયાની દવા મફત અને રૂપિયા પાંચ લાખનો વીમો કુદરતી મરે તો પણ રૂપિયા પાંચ લાખ મળે. શ્રી નીતિનભાઇ, અમારા દલિત ભાઇઓના બાથરૂમ બાકી છે તે બાથરૂમ બનાવી આપશો. તો આ સરકારે બાથરૂમ માટે નવી યોજના કરી છે એટલે આ શ્રી નીતિનભાઇનો ખૂબ ખૂબ આભાર. એટલે આવી તો નાની નાની બાબતોમાં લોકો એમ કહે છે કે, શ્રી નીતિનભાઇ તો કોમવાદી છે. બાપા, એ કોમવાદી નથી પણ શ્રી નીતિનભાઇ જે કરે છે તે કોઇ કરતું નથી એટલે કોંગ્રેસવાળા કંઇક સમજો. અમારા દલિત ભાઇઓ એમ કહે છે કે, શ્રી નીતિનભાઇ કોમવાદી છે પણ શ્રી નીતિનભાઇને કોમવાદી તમે કેવી રીતે જાણો છો ? તમારી જે યોજના હોય તે યોજનાને પૂરેપૂરી ગણે છે. મારા ઘરની અંદર વીજળી બિલકુલ નહોતી. અમે દીવો કરીને જીવતા હતા અને નળિયા માટીના અમારા મકાન હતા. ચુવા થાય, ત્યાં આગળ ખાટલા પડયા હોય. એમાં માંકડ પડે અને ગરમ ગરમ પાણી કરીને ત્યાં રેડતા જાય તે જુવા મરી જાય, માંકડ મરી જાય અને અત્યારે કોંગ્રેસનો હાથ સાફ થઇ ગયો છે. તે કોંગ્રેસ પણ ગઇ અને માંકડ પણ ગયા. એટલે હું તો મારા દલિત ભાઇઓને કહું છું કે અમારી ભાજપની સરકાર છે, સારી રીતે કામ કરે છે તમે બધા અપનાવો અને કોંગ્રેસમાં બિલકુલ જશો નહીં. અમુક લોકો શ્રી નૌશાદ સોલંકી કહે કે અમને નોખો કાયદો આપી દો તો નોખો કાયદો શું કામ ?*(xxx) ભાઇઓને અત્યારે,

અધ્યક્ષશ્રી : *(xxx)શબ્દ નહીં વાપરવાનો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : સાહેબ, વાલ્મીકી સમાજને કહ્યું કે ચાલો અમારી સરકારે અત્યાર સુધી જે કામ કર્યું છે એવું કોઇએ કામ કર્યું નથી. હું વર્ષ ૧૯૮૬થી તાલુકા પંચાયતમાં રહેલો, જયાં તલાટીઓનો પગાર થાય એટલે રોકડા પૈસા. પેલો કારકુન બેઠો હોય તેની જોડે બેસી રહું. તે કહે તારે પૈસા લેવા હોય તો મને અડધા પૈસા આપવા પડશે. એટલે રોકડા પૈસા આપતા હતા એટલે તેમાંથી કાપી લે એટલે આવા કોંગ્રેસના વહીવટ હતા. પ્રમુખ બેઠાં હોય તે થોડા ઘણા લઇ જાય, કોંગ્રેસના કાર્યકરો લઇ જાય એટલે તેમાંથી ભાગ પડાવી જાય. એટલે અત્યાર સુધી તો રોકડા પૈસા આપતા. જ્યારે શિષ્યવૃત્તિ આપવાની આવે ત્યારે એ વખતે ૫૦ રૂપિયા આપતા હતા. એમાંથી ૧૦ રૂપિયાની માસ્તર પાવતી ફાડી આપે અને ૪૦ રૂપિયા ઘરે લઇ જાય. એ વખતે માનવ ગરિમા યોજના જેવી ગરીબો માટેની યોજના હતી. એમાં ૫૦૦ રૂપિયા રોકડા આપતા હતા. એનો ચેક જે આપે એ ૧૦૦ રૂપિયા દલાલ લઇ જાય, ૨૦૦ રૂપિયા સાહેબને આપે અને ૩૦૦ રૂપિયા ઘરે લઇને જાય. અમારી ભાજપની સરકાર આવ્યા પછી બધું ઓન લાઇન થઇ ગયું. શિષ્યવૃત્તિ પણ ઓન લાઇન મળે. તરત જ પૈસા ખાતામાં જમા થઇ જાય. માનનીય ફળદુ સાહેબ ગરીબો માટે ૧૦૦૦ રૂપિયા જવા આવવાના અને ૧૦૦ રૂપિયા સાથે લાવવાના એમ ૨,૦૦૦ રૂપિયામાં એસ.ટી.ની સુવિધા કરી આપી. પછી કેટલી સુવિધા સરકાર કરી આપે! હવે એમના બૈરાં(વહુ) લાવવાના બાકી રહ્યા છે. હવે હું કોંગ્રેસવાળાને કહું કે એમના બૈરા(વહુ) લાવી આપો તો અમારા *(xxx) કોંગ્રેસવાળાને વૉટ આપે.

અધ્યક્ષશ્રી : માનનીય કરશનભાઇ હજી કાંઇ કહેવું હોય તો કહો. આપણે ચૂંટાઇને બીજાં ક્યાં-ક્યાં કામ કર્યાં એ કહેવું હોય તો કહો હું સાંભળવા રાજી છું.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં કોઇ ગરીબો રેશનીંગ કાર્ડ નહોતા ધરાવતા. એ વખતે એક વ્યકિત હોય તો એમને ૩૦ રૂપિયા આપતા હતા અને પતિ-પત્ની હોય તો એમને ૫૦ રૂપિયા આપતા હતા. આપણી ભાજપની સરકારે ૧૨,૫૦૦ રૂપિયા કર્યા. એ લોકો તો ૨૧ વર્ષનો છોકરો થાય એટલે બંધ કરી દેતા હતા અને અમે તો છોકરો હોય કે ના હોય એને ૧૨,૫૦૦ રૂપિયા આપીએ છીએ. એ કાયમ ચાલુ રહે. આ અમારી ભાજપની સરકાર છે. ભાજપ ગરીબોના કામ કરે છે અને કરતી રહેશે અને કોંગ્રેસ જીંદગીભર નહિ આવે એવું હું કહું છું.

અધ્યક્ષશ્રી : જ્યોતિષ ભાખવાનું કામ અમારું એ તમે ક્યાં લઇ લીધું!

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કરશનકાકાએ એમના જાત અનુભવ, એમની વ્યથાની જે રીતે વાતચીત કરી એ એક વડીલ તરીકે અમને પણ સારી રસપ્રદ માહિતી મળી છે કે વર્તમાન સમય શું છે અને

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભૂતકાળમાં શું થતું હતું. હું માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે જિલ્લા વહીવટી, કુદરતી આફતો અને રાહતો અંગેની માગણીઓ ૭૮ અને ૭૯ લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે વિભાગની જમીનની માગણીઓ છે એમાં આપણે સૌ જાણીએ છીએ કે સર્વાંગી વિકાસ માટે એક મહત્ત્વનું પરિબળ છે. મહેસૂલ વિભાગ દ્વારા સમગ્ર સરકારના અલગ-અલગ વિભાગોની જે આનુષાંગિક જરૂરિયાત હોય છે તેને અસરકારક રીતે જમીન પૂરી પાડવામાં મદદરૂપ બને છે. ગુજરાત સરકારના જે ક્રાંતિકારી મહેસૂલ અંગેના જે સુધારા થયા છે એમાં અમને જે માહિતી મળી છે અને શ્રી કરશનકાકાએ કીધું એ પ્રમાણે મને લાગે છે કે છેલ્લા દશકામાં મહેસૂલ વિભાગે જે સુધારા કર્યા છે અને એનું અમલીકરણ કર્યું છે એનાથી રાજ્યનું મહેસૂલ, વ્યવસ્થાપન, ત્વરિતતા, સંવેદનશીલતા અને જાગરૂકતા, પારદર્શકતાથી કામ કરનારો એક મોટો વિભાગ તરીકે બહાર ઊભરી આવ્યો છે. બે વિભાગમાં હું મારી વાત રજૂ કરવા માગું છું. હું પણ એક મહાનગરમાંથી આવું છું. ગઇકાલે પણ શહેરી વિકાસ વિભાગની ચર્ચા ચાલતી હતી. શહેરીકરણ વધી ગયું છે, ઔદ્યોગિકીકરણ વધી ગયું છે એના કારણે શહેરોમાં ખૂબ લોકો વધી ગયા છે. ભૂતકાળમાં શહેરથી દૂરના વિસ્તારોમાં ઘણી બધી સોસાયટીઓ સૂચિત સોસાયટીઓ હતી. ક્યાંક બાંધકામો થઇ ગયા. ક્યાંક કાગળો અને પૂરતી વિગતોની પૂર્તતા નહોતી થતી અને આ મારા મહાનગરમાં પૂર્વ વિસ્તારમાં એક મોટી સમસ્યા થઇ હતી. આ જ સભાગૃહમાં બેઠેલા મારા સાથીઓ આદરણીય શ્રી જગદીશભાઇ હોય, શ્રી જગદીશભાઇ પટેલ હોય, શ્રી વલ્લભકાકા, અમારા પૂર્વ ધારાસભ્યશ્રી એચ.એસ.પટેલે વારંવાર માનનીય મહેસૂલ મંત્રીને રજૂઆતો કરી. ઘણા બધા બાંધકામો થઇ ગયા છે પણ એ નિયમિત થતાં નથી. હું આભાર માનું છું માનનીય મુખ્યમંત્રી, માનનીય નીતિનભાઇ અને આદરણીય મહેસૂલ મંત્રીનો કે એમણે સૂચિત સોસાયટીના સળગતા પ્રશ્નનું એક સુંદર નિરાકરણ લાવ્યા છે. આપણે જાણીએ છીએ કે એક મકાન ભૂતકાળમાં વડલાઓએ બનાવી દીધું હોય અને કાગળોની પૂર્તતા ન થતી હોય ત્યારે લટકતી તલવાર હોય છે. માણસ જ્યારે સાંજે કામ ધંધેથી ઘરે આવે ત્યારે એને ખબર હોય કે આ ઘર એનું પોતાનું તો છે પણ એની પાસે જરૂરિયાત મુજબની પુરતી માહિતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મકાન વેચવું હોય તો કોઇ એને લેનાર મળતું નહોતું. સમસ્યા ત્યાં થતી હતી કે કોઇકને મકાન બનાવવું હોય તો લોન નહોતી મળતી. એ કાગળોની પૂર્તતાના અભાવે જે સમસ્યઓનું નિરાકરણ લાવી અને પૂર્વની પટ્ટી અને બીજા મહાનગરોમાં આ પ્રકારની સમસ્યાનું નિરાકરણ સરકાર લાવી છે તેના માટે સરકારને હું હ્દયપૂર્વકના અભિનંદન આપું છું. એ માત્ર એક અરજદારનું નિરાકરણ કરતા નથી, એક અરજદાર જયારે આખા એના પરિવાર અને એના સ્વજન, કદાચ એનો દિકરો કે દિકરી એની ભાવિ પેઢી જે મિલકત આપીને જવાનું છે એ સૂચિત સોસાયટીઓના બાંધકામ જયારે રેગ્યુલરાઇઝ કર્યાં છે એ કરવા માટે વિભાગે જે મદદ કરી છે, એ ખૂબ પ્રસંશનીય છે. મને કહેતાં એ વાતનો પણ આનંદ થાય છે કે આદરણીય વલ્લભકાકાનું પણ નામ દીધું. શ્રી વલ્લભકાકા પોતે અને પૂર્વના અમારા સૌ સાથી ધારાસભ્યોએ માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે આ મહાનગરમાં મહેસૂલ મંત્રીશ્રીની સાથે સનદો આપવા માટે, પૂર્વ વિસ્તારના જે લોકોના મકાનો અને બાંધકામો રેગ્યુલર કર્યાં છે એની સનદો આપવા માટે જાહેરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી અમારી ટીમ સાથે આવ્યા. ત્યારે હું કર્ણાવતી મહાનગરના એ તમામ પ્રજાજનોવતી હું એમનો આભાર માનું છું. આમાં સમસ્યા કયાં થતી હતી આદરણીય અધ્યક્ષ મહોદય, આ નાના મિલકત ધારકો એમના મિલકતના હક્કો, એનો રેકોર્ડ અને રેકોર્ડ ઓફ રાઇટસ નામ કમી થઇ જતા હતા. આ મિલકતના દાવેદારોને આ કાયદાનો લાભ જે બહોળા પ્રમાણમાં મળે એ બહુહેતુક એનો હેતુ હતો. આના માટે જરૂરી નાણાં ભરવામાં સવલત રહે, તે માટે આદરણીય અધ્યક્ષશ્રી, ૯૦ દિવસની મુદત હતી. હું આ સન્માનનીય સભાગૃહ અને મહેસૂલ મંત્રીશ્રીનો આભાર એટલા માટે માનું છું કે આ જમીન મહેસૂલ અધિનિયમ-૧૯૭૯નું જે સુધારા વિધેયક ૨૦૧૯માં વિધાનસભામાં જેતે સર્વ સંમતિથી પસાર થયું હતું. એમાં એક મુદત હતી, નાણાં ભરવાની ૯૦ દિવસ હતી, એમાં સુધારા સાથે એ મુદતને વધારીને ૩૬૫ દિવસ મુદત કરી અને આ મહાનગરમાં રહેતા નાના-મોટા પરિવારોને જે નાણાકીય સમસ્યાઓ ન થાય અથવા એને ચાર હપ્તામાં, ચાર ઇન્સ્ટોલમેન્ટમાં પણ એ રકમ ભરી શકે, એવી સુંદર સુવિધા કરી આપવા બદલ હું વિભાગનો અને સૌનો આભાર માનું છું. આનો ઉદ્દેશ આપણે જોવા જઇશું તો સૂચિત સોસાયટીમાં તો રાજય સરકારે જે પરિવર્તન કરી આ વિસ્તારોની જમીનોને નિયમિત કરવી પડે. એનો જે કાયદામાં સંબંધિત એક રિલેવન્ટ જે પિરિયડ હતો, મેં કહ્યું એમ એમાં સમય ગાળો વધારી આપ્યો છે. આ સુધારાનો અમલ કરવાથી પરિવર્તિય વિસ્તારોમાં નાના ક્ષેત્રફળવાળા મિલકત ધારકો હવે આગામી દિવસોમાં પોતાની મિલકત, કોઇકને આપી શકશે, વેચી શકશે, પોતાના પૂરા દસ્તાવેજો પ્રોપર્ટી કાર્ડમાં પણ ઝડપથી નામ આવી શકે એના માટે આ જન હિતકારી નિર્ણય થયો છે.

હું આ વિશેની થોડીક આંકડાકીય માહિતી આપું તો આ જન હિતકારી નિર્ણયના કારણે ટૂંકા ગાળામાં અમારા આ મહાનગરની અંદર ૬૭૫થી વધારે સોસાયટીઓમાં લગભગ ૬૨,૨૦૦ જેટલા મકાનોને રેગ્યુલરાઇઝ કર્યા છે અને તેને કાયદેસરતાનો હક્ક આપ્યો છે. આ ૬૨,૨૦૦ મિલકતો એ ભૂતકાળમાં જે અપ્રમાણિત હતી એને પ્રમાણિત કરી અને વિસ્તારની અને એમાં રહેતા લોકોને સુવિધા પૂરી પાડી છે.

આ સૂચિત સોસાયટી સિવાય બીજો પણ એક આ જિલ્લા વહીવટી વિભાગે જે સારામાં સારો નિર્ણયો કર્યો છે, એમાં અશાંત ધારાની પણ અહીંયાં ઘણી બધી ચર્ચા થઇ છે. આ અશાંત ધારો એ એવો કાયદો છે કે હું પણ મહાનગરમાંથી આવું છું, આપ પણ સાહેબ મહાનગરના જવાબદાર પદાધિકારી છો, મને એવી ખબર છે અને આપ સૌ જાણો છો કે આ સમસ્યા આખી એક ઇન-બેલેન્સવાળી સમસ્યા છે. ગુજરાતની આ સરકારે અત્યારે આપણે જોઇએ તો ગુજરાતના મુખ્ય શહેરો- અમદાવાદ,

સુરત, વડોદરા, ગોધરા, વેજલપુર, પંચમહાલ, ખંભાત, આણંદ અને હિંમતનગર જેવા શેહેરોમાં આવી નાની–મોટી સમસ્યા એક ઘર કરી ગઇ છે. એને અધિનિયમથી આ કોઇ વિસ્તારમાં કદાચ એક વસતિ વધવાથી હુલ્લડની તીવ્રતા અને ટોળાઓની હિંસા એ પ્રકારની એક ભયભીતતા પેદા થતી હોય છે. તેની આ જાહેરનામામાંથી અમુક સમય ગાળા માટે અશાંત વિસ્તાર જાહેર કરવાની એક મહત્ત્વની જોગવાઇ લઇને પણ આ સરકાર આવી છે. હજુ આ વિધાનસભાનું ગૃહ ચાલુ છે, સન્માનનીય સભાગૃહના સૌ સભ્યશ્રીઓને ખબર છે કે ચાલુ વિધાનસભામાં પણ જ્યાં જરૂરી હતી ત્યાં માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મહેસૂલ અને માનનીય ગૃહ મંત્રીશ્રીએ સુરતના એ વિસ્તારમાં, અમારા સુરતના સૌ સાથીઓની (અંતરાય) ખંભાતમાં એનો અમલ કર્યો છે અને સુરતમાં પણ એનો અમલ કરવા જઇ રહ્યા છે.

આ સમસ્યા એટલા માટે ઉદ્ભવતી હતી કે હું પણ એ મહાનગરમાંથી આવું છું, મેં કહ્યું ત્યારે એક વિસ્તારમાં વસતિનું ઇન–બેલેન્સ થવાથી જે નાની–મોટી સમસ્યાઓ થતી હતી. માત્ર સમસ્યા જ નહોતી થતી પણ અમુક કિસ્સામાં તેનાથી ઉલટું શું થતું હતું કે, કોઇ મહોલ્લામાં કોઇ વ્યક્તિ પૈસાની જરૂરિયાતવાળી હોય તે વ્યક્તિનો સંપર્ક કરી અમુક કોમના લોકો એ મિલકત પચાવી લેતા હતા, એની રહેણી કરણી એનું ખાનપાન એના કારણે પણ ખૂબ મોટી સંખ્યામાં ઇનબેલેન્સ થવાથી એ સુધારા કાયદો જે સૂચિત અશાંતધારો લઇને આવ્યા છે તેને માટે પણ હું અભિનંદન આપું છું. આ જિલ્લા વહીવટી વિભાગ તરફથી આ બે મુખ્ય વિભાગ માટે મને યોગ્ય તક મળી છે અને આ જે માગણીઓ લઇને માનનીય મહેસૂલ મંત્રી આવ્યા છે એમાં મારું સમર્થન અને સૂર પૂરાવું છું.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર ૯૫ લઇને આવ્યા છે એમાં મારા સમર્થન સાથે મારો સૂર પૂરાવું છું. આ સરકાર ગરીબ, શોષિત, પિડીત, છેવાડાના માનવીના ઉત્થાન માટેની ચિંતા કરવાવાળી સરકાર છે. ભારતીય જનતા પાર્ટીના જનસંઘના સ્થાપક અને તેના પ્રથમ પ્રમુખ પંડિત દિનદયાલજી ઉપાધ્યાયે કહ્યું હતું કે સમાજના આખરી પગથીયા પર બેઠેલો વ્યક્તિ એ આપણા માટે ભગવાન છે અને તેની પુજા કરવી જોઇએ. છેવાડાના માનવીના જીવનમાં અંધારૂં દૂર કરીને તેના જીવનમાં પ્રકાશ પ્રસરાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર કરી રહી છે. અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની અનેક યોજનાઓ આજે અમલમાં છે. સમાજના યુવાનોને સારું શિક્ષણ મળી રહે તેના માટેની યોજનાઓ હોય, સારું આર્થિક ઉપાર્જન કરી શકે તેના માટે આર્થિક ઉત્કર્ષ માટેની યોજનાઓ છે. સમાજના લોકોનું સારું સ્વાસ્થ્ય રહે તે માટે આરોગ્યની યોજનાઓ છે, આંબેડકર આવાસ યોજના સરકારે અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૬૩ સરકારી છાત્રાલયો ચાલે છે. જેમાં ૪૯૯૪ લાભાર્થીઓ લાભ લઇ રહ્યા છીએ. કોમર્શિયલ પાયલોટની અગાઉ પણ વાત થઇ છે. પરંતુ મારે માનનીય મંત્રીશ્રીને અને આ સરકારને પણ અભિનંદન આપવા છે કે રૂપિયા ૨૦ લાખની સહાય હતી તેમાં વધારો કરીને રૂપિયા ૨૫ લાખની કરવામાં આવી છે. વંદે, સંતો, મહંતો, મહાપુરુષોના નામે અલગ અલગ વિવિધ યોજનાઓ દ્વારા આ સરકાર દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને આ સમાજનું જીવન ધોરણ ઉંચું લાવવા બદલ હું અભિનંદન પાઠવું છું. આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિના કારણે ખેલ મહાકુંભ દ્વારા આ સરીતા ગાયકવાડે સમાજનું, ગુજરાતનું અને ભારતનું નામ રોશન કર્યું છે. એ જ પ્રમાણે જે.ઇ.ઇ.ની એકઝામ હોય, ગુજકેટની એકઝામ હોય, નીટની એકઝામ હોય, સેપ્ટની એકઝામ હોય, આવી ઓલ ઇન્ડિયા લેવલની એકઝામમાં પૂર્વ તૈયારીરૂપે આ સરકાર આવા લાભાર્થીને ૨૦ હજાર રૂપિયા આપીને તેને પ્રોત્સાહન આપે છે અને આજ દિન સુધી આવા ૨૪૮ વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો છે. જનતાના પ્રાણ પ્રશ્નો અહીંયા વિધાનસભામાં ઉઠાવવાના બદલે જયપુરની ફાઇવ સ્ટાર રીસોર્ટમાં સ્વીમીંગ પુલમાં કૂદકા મારીને આ કોંગ્રેસે દલિતોનો માત્ર વોટ બેંક માટે જ ઉપયોગ કર્યો છે અને તેના અધિકારોથી વંચિત રાખવા માટે ફાઇવ સ્ટાર રીસોર્ટનો ઉપયોગ કોંગ્રેસે કર્યો છે. ડો. આંબેડકર છાત્રાલય ધોરણ ૧૧ થી ૧૨ અને ઉચ્ચ અભ્યાસ માટે રહેવા જમવા માટેની ૮૦ છાત્રાલયો છે. કુમારોની ૪૮ છાત્રાલયો છે અને કન્યાઓ માટે ૩૨ છે. કુલ ૫૩૪૦ વિદ્યાર્થીઓ તેનો લાભ લઇ રહ્યા છે. સ્વામી વિવેકાનંદના નામથી સમરસ છાત્રાલયો પણ ચાલે છે. આ છાત્રાલયોમાં રહેવા જમવા સાથે આધુનિક સુખ સુવિધાવાળી આ છાત્રાલયો બાંધવામાં આવી છે. જેમાં અન્ય સમાજના વિદ્યાર્થીઓ આ છાત્રાલયમાં સાથે રહીને ભણી ગણી શકે છે. આ છાત્રાલયોના માધ્યમથી મને અમારી પાર્ટીની પંચનિષ્ઠા યાદ આવે છે. સાંસ્કૃતિક રાષ્ટ્રાવાદને પ્રોત્સાહન આપતું આ એક ઉત્તમ ઉદાહરણ છે. આ છાત્રાલયો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, આણંદ, ભુજ, જામનગર અને હિંમતનગર ખાતે ચાલે છે.

હું ખેતીની વાત કરું તો ભૂમિવિહિન ખેડૂતોને અમારી સરકારે સાંથણીની જમીન આપી છે. એની સુધારણા માટે ૩૦ હજાર રૂપિયાની સહાય આપે છે અને જો જમીન ખરીદવી હોય તો એકથી બે લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. કોઇ ગરીબ અનુસૂચિત જાતિનો હોય અને એ જો બોર બનાવવા માગે તો એની પણ સહાય આપવામાં આવે છે. વીજળી માટેની સહાય, જી.આઇ.ડી.સી.માં પ્લોટ અને મશીનરી ઉપર સબસિડી આપવામાં આવે છે.

આઝાદ પાકિસ્તાનના પ્રથમ કાયદા પ્રધાનશ્રી જગન્નાથસિંહ હતા. એમણે પાકિસ્તાન જતા પહેલા ભારતના દલિતોને કહ્યું હતું કે તમે પણ પાકિસ્તાન આવો. પરંતુ એમનો મોહભંગ થયો અને માત્ર બે વર્ષની અંદર તેમણે કાયદા પ્રધાન તરીકે રાજીનામું આપ્યું અને ભારત પાછા આવ્યા.

એ જ રીતે સીએએની વાત કરીએ તો કાશ્મિરની અંદર આજે ૩ લાખ દલિતો વસી રહ્યા છે. કલમ ૩૭૦ દૂર કરવાના લીધે કાશ્મિરમાં વસતા દલિતને અનામત અને અન્ય લાભો મળવાના છે.

તા. ૧૮મી માર્ચ, ૨૦૨૦

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

અંતમાં વાત કરું તો ઉત્તમથી સર્વોત્તમ મંત્ર સાથે કામ કરતી આ સરકારનું લક્ષ્ય છે.

''અમારે જયોતિ બનીને જલવું છે તેલ બનીને બળવું છે,
છેવાડાના માનવીને વિકાસ માટે અડગ થઇને લડવું છે.''

શ્રી ભીખાભાઇ ર. બારૈયા(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક–૯ર લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

સામાજિક સુરક્ષા અને એમના કલ્યાણ માટેની મારે થોડી વાતો કહેવી છે. રાજયમાં વસતા તમામ સમાજોનો સર્વાંગી વિકાસ થાય એ માટે આ રાજ્ય સરકાર અત્યારે કામ કરી રહી છે. સમાજનો વિકાસ થાય રાજયનો સર્વાંગી વિકાસ થાય એ રીતે સંવેદનશીલ સરકાર કામ કરી રહી છે ત્યારે સમાજના તમામ નાગરિકોને પણ વિકાસની તક મળે તે માટે રાજ્ય સરકાર અનેક પ્રકારની પ્રજાલક્ષી યોજનાઓ અને એના લાભો છેવાડાના માનવી સુધી પહોંચતા કર્યા છે. ગુજરાતમાં છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર બની છે ત્યારથી ગરીબ માણસોની ચિંતા કરી છે. એના સુધી સરકારની વિવિધ યોજનાઓના લાભો મળ્યા છે. આ સરકાર ગરીબ પ્રજાલક્ષી સંવેદનશીલ સરકાર ગરીબો તેમજ પિડિતો અને વંચિતો માટે તેમના કલ્યાણ માટે એમને પૂરક મદદ કરવા માટે ૪૩૨૧ કરોડ રૂપિયાની આ બજેટમાં જોગવાઇ કરીને વિવિધ પ્રકારની યોજનાઓ થકી ગરીબ અને છેવાડાના પરિવારો સુધી વિવિધ લાભો મળતા થાય એવા હેતુથી આ સરકાર કાર્ય કરી રહી છે. અમારા શ્રી કરસનકાકા વ્યથા કહેતા હતા. અમે જયારે નાના હતા ત્યારે અગાઉની સરકારે એવું સૂત્ર રજૂ કર્યું હતું એ હું સાંભળતો હતો. ગરીબી હટાવો દેશ બચાવો. પરંતુ આ ગરીબી હટાવવા માટે એમણે એક પણ ગરીબલક્ષી યોજના અગાઉની સરકારોએ જાહેર કરી નહોતી. એમના પાંચ વર્ષ પૂરા થાય અને વળી બીજું સૂત્ર રજૂ કરતાં હતા એ પણ અમે સાંભળતા હતા. એ સૂત્ર એ હતું કે રોટી, કપડાં અને મકાન. દેશ આઝાદ થયા પછી ૫૦ વર્ષ સુધી કોઇને રોટી ન મળી કોઇને કપડાં ન મળ્યા કે કોઇને મકાન ન મળ્યા એવું અગાઉની સરકારોએ કામ કરેલ હતું. અમારા શ્રી કરસનકાકાની વ્યથા સાચી હતી. ગરીબો માટે કોઇ ગરીબલક્ષી યોજનાઓ નહોતી એ ગરીબ પરિવારો પોતાના બાળકોને ભણાવી પણ નહોતા શકતા અને એ બાળક પાસે બાળ મજૂરી કરાવીને ગુજરાન ચલાવતા હતા ત્યારે હાલની સરકાર ગરીબ પરિવારો માટે ખૂબ ચિંતા કરીને પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને શિષ્યવૃતિ, ગણવેશ સહાય માટે ૫૭૫ કરોડ રૂપિયાની આ બજેટમાં જોગવાઇ કરી છે. એના માટે આ રાજ્ય સરકારને અભિનંદન પાઠવું છું. ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને સરકાર શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય ચૂકવે છે. છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને ભોજન પેટે માસિક ૧,૫૦૦/–રૂપિયા પણ આ સરકાર ચૂકવે છે. ધોરણ–૯માં ગરીબ પરિવારની દીકરી અભ્યાસ કરતી હોય એ કન્યાઓને વિનામૂલ્યે સાયકલ પણ સરકાર વિતરણ કરે છે. જેના હિસાબે ગરીબ પરિવારની દીકરીઓ આજે ભણતી થઇ છે અને એમના સમાજમાં ગૌરવ પ્રાપ્ત કરતી થઇ છે.

આવી જ સરકારની અનેક યોજનાઓ મારફતે જેવી કે, સાત ફેરા સમૂહ લગ્ન યોજના, ગરીબ પરિવારના યુગલની મર્યાદામાં ૧૨,૦૦૦/– રૂપિયા આ રાજ્ય સરકાર ચૂકવે છે. ગરીબ પરિવારના સભ્યોને રહેવાના મકાન માટે પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના મારફતે દર વર્ષે ત્રણ હજાર મકાનો આ રાજ્ય સરકાર બનાવી આપે છે અને ગરીબ પરિવારો માટે રૂપિયા ૧૪૨/– કરોડની આ બજેટમાં જોગવાઇ કરી છે. રાજ્ય સરકાર પાલક માતા–પિતા યોજના મારફતે જે અનાથ બાળક હોય કે જેના માતા–પિતા હયાત નથી અથવા પિતાનું અવસાન થયું હોય અને એની માતાએ પુન:લગ્ન કર્યા હોય એવા નિરાધાર જે ઝીરોથી અઢાર વર્ષની વય ધરાવતા બાળકો માટે માસિક રૂપિયા ત્રણ હજાર ચૂકવીને આવા ૧૬,૦૦૦ જેટલા લાભાર્થીઓ માટે રૂપિયા ૫૦/– કરોડની આ બજેટમાં જોગવાઇ કરી છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિકાસ માટે આ રાજ્ય સરકારે આઠ નિગમોની રચના કરી છે. જેમાં સરકાર સીધા આ નિગમોના ધિરાણ માટે લોન આપવામાં આવે છે. નાના મોટા વ્યવસાય કરી શકે તેવા હેતુથી રૂપિયા ૧૦૦/–કરોડ આ આઠ નિગમોને ફાળવ્યા છે. લઘુમતિ સમુદાયો માટે પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય વિકાસ માટે લઘુમતી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટે રૂપિયા ૫૦/– કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આવી રીતે ગરીબલક્ષી યોજનાઓ થકી ગરીબીનું સ્તર ઘટ્યું છે, દરેક સમાજોનો વિકાસ થયો છે માટે આ રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

**શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી** (વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના બજેટના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના મારા મત વિસ્તાર વડગામના એક સરીપડા ગામે આર્મીના એક જવાનને, જે અનુસૂચિત જાતિમાંથી આવે છે, ઘોડે સવારી કરવા દેવામાં ન આવી, એને વરઘોડા પરથી ઉતારી દેવામાં આવ્યો. આર્મીનો જવાન છે સાહેબ, આ દેશ માટે છાતી પર ગોળી ખાવાની તૈયારી સાથે એ માણસ સરહદ ઉપર ઊભો છે. પણ એ જ્યારે પોતાના લગ્ન પ્રસંગે ઘોડા ઉપર ચઢે છે ત્યારે ભર બજારમાં, છડેચોક એને ઘોડા પરથી ઉતારી દેવામાં આવે છે. આના મૂળમાં જે જાતિવાદી માનસ કામ કરે છે, જે અસ્પૃશ્યતાનો ભાવ લોકોના મનમાં અને હૃદયમાં પડેલો છે એ જે કામ કરે છે એને ખતમ કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના બજેટમાં એક રૂપિયો નથી. ઇન્ફ્રાસ્ટ્રચરલ ડેવલપમેન્ટ જુદી વસ્તુ છે. મોલ, મલ્ટિપ્લેક્સ, શોપિંગ સેન્ટર અને ફ્લાય ઓવર બનવા એ એક વસ્તુ છે અને જાતિવાદી માનસ બદલાવવું અસ્પૃશ્યતાનો ખાતમો થવો એ જુદી વસ્તુ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો મૂળ આશય સોશિયલ જસ્ટીસને સામાજિક ન્યાયને સુનિશ્ચિત કરવાનો હોવો જોઇએ. આપના માધ્યમથી આ ગૃહમાં રાજ્યની સરકારને ગુજરાતના ૪૮ લાખ દલિતોવતી બે

હાથ જોડીને રિક્વેસ્ટ કરું છું કે, તમે આ ૧૪મી એપ્રિલે ડો. બાબાસાહેબ આંબેડકરની જયંતીના દિવસ નિમિત્તે ૧૫મી ઓગસ્ટે ગુજરાતના કયા ૧૫ ગામોમાંથી અસ્પૃશ્યતાની નાબૂદી કરશો? એવા ૧૫ ગામોની યાદી જાહેર કરો. જો રાજ્યની સરકાર અસ્પૃશ્યતાની નાબૂદી માટે કોઇ જ કેમ્પેઇન કે ડ્રાઇવ ચલાવતી ના હોય તો એનો મતલબ એ થયો કે, જાતિ વ્યવસ્થામાંથી જે અસ્પૃશ્યતા વર્ષોથી, દાયકાઓથી, સૈકાઓથી ચાલતી આવે છે એને ક્યાંકને ક્યાંક આપણે જીવતી રાખવા માગીએ છીએ. ફરી એકવાર સત્તા પક્ષને હું વિનંતી કરું છું, સંપૂર્ણ વિનંતીના સૂરમાં કહું છું કે કોઇ પણ ૧૫ ગામ, એમની મરજીના, રાજ્ય સરકાર પોતાની પસંદગીના, પોતાની મરજીના એવા ૧૫ ગામ પસંદ કરે જ્યાં આજે પણ અસ્પૃશ્યતા છે અને ૧૫મી ઓગસ્ટ પહેલાં ત્યાંથી આભડછેટ દૂર કરીને બતાવે. હું મારા સ્થાન ઉપર ઉભો રહીને રાજ્ય સરકાર પાસેથી આની કમિટમેન્ટ માગું છું.

અધ્યક્ષશ્રી : બીજું, આગળ પ્રવચન કરો.

શ્રી જીજ્ઞેશકુમાર ન. મેવાણી : સાહેબ, મારો મૌન રહેવાનો અને જવાબ માગવાનો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીજ્ઞેશભાઇ, મૌન રહેવાનો તમારો અધિકાર ખરો, સાંભળો.

શ્રી જીજ્ઞેશકુમાર ન. મેવાણી : હું આગળ વધું છું, એટલી ટિપ્પણી સાથે કે..

અધ્યક્ષશ્રી : એ તો મંત્રી જ્યારે આ વિષય પર બોલશે ને ત્યારે જવાબ આવશે, ત્યારે તમારે બેસવું પડશે.

શ્રી જીજ્ઞેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાતને આગળ લઇ જતાં પહેલાં મારી ટિપ્પણી છે કે *(xxx) એની વે, આપના માધ્યમથી બીજો મુદ્દો આપ સમક્ષ રજૂ કરવા માગું છું કે..

અધ્યક્ષશ્રી : આપે જે કહ્યું ને કે *(xxx) આ મારા અધિકારની કોઇ ટિપ્પણી ન થઇ શકે એટલે એ કાઢી નાખવામાં આવે છે. આગળ બોલો.

શ્રી જીજ્ઞેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, બીજું, લગભગ આ ગૃહમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના બજેટના સંદર્ભમાં હું ત્રીજી વખત આ મુદ્દો ઉપસ્થિત કરી રહ્યો છું. આપણે ચંદ્રયાન-૨ છોડ્યું. ચંદ્રયાન-૩ પણ આ દેશ છોડવાની તૈયારીમાં છે. સફાઇ કર્મીએ ગટરમાં ઉતરીને મરવું ન પડે એના માટે આ બજેટમાં શું છે? કેરળમાં રોબોટ શોધાઇ ચૂક્યો છે. દિલ્હીની સરકારે એવા સાધનો વસાવ્યા છે તો ગુજરાતની સરકાર રૂપિયા ૨ લાખ ૧૭ કરોડના બજેટમાંથી ગરીબોમાં પણ ગરીબ દલિતોમાં પણ દલિત એવો વાલ્મિકી સમાજનો એક પણ સફાઇ કામદાર હવે ગટરમાં ઉતરીને ન મરે તેના માટેનું મશીન આપણે ન વસાવી શકીએ? આટલા નાણાં આ રાજ્યની સરકારના બજેટમાં ન હોઇ શકે? ફરી એકવાર આ બાબતે રીક્વેસ્ટ કરવા માગું છું કે આ બજેટમાં નથી, કશો વાંધો નહીં, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી એનાઉન્સમેન્ટ કરે કે નેક્સ્ટ બજેટમાં અમે ચોક્કસ આ માટેના નાણાં ફાળવીશું. આટલી મારી રીક્વેસ્ટ છે. ત્રીજી વાત ભારતની અંદર જે idea of social justice તેનો એક integral part છે અનામતની પોલિસી. આપણે જોયું કે ગાંધીનગરમાં ૭૦ દિવસથી વધારે દિવસ સુધી એલ.આર.ડી.ની બહેનોએ તા.૧-૮-૨૦૧૮ના એક unconstitutional ઠરાવની વિરુદ્ધમાં સતત આંદોલન કર્યું. તેનું હમણાં થોડા દિવસ પહેલાં રીઝલ્ટ જાહેર થયું. સાહેબ, રીઝલ્ટ જાહેર થતાં પૂર્વે રાજ્યની સરકારે એવી બાંયધરી આપી હતી કે તમારા આંદોલનના પગલે આ ઠરાવ હાઇકોર્ટમાં ચેલેન્જ થયો છે. એટલે એનો આખરી ન્યાય-નિર્ણય એ તો હાઇકોર્ટ નક્કી કરશે. પણ એ ન્યાય નિર્ણય થાય ત્યાં સુધી જ્યાં સુધી એલ.આર.ડી.ની ભરતીને સંબંધ છે, આ ઠરાવ અમે લાગુ નહીં કરીએ. એ છતાં એ પ્રમાણેનું રીઝલ્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૨૫૬૬ દલિત, આદિવાસી, ઓ.બી.સી. બહેનોને *(xxx) થયો છે. હું રાજ્યની સરકાર પાસે..

અધ્યક્ષશ્રી : ન્યાય નથી થયો. *(xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી જીજ્ઞેશકુમાર ન. મેવાણી : ન્યાય નથી થયો. હું રાજ્યની સરકારને ત્રીજી રીકવેસ્ટ કરું કે નવેસરથી આ રીઝલ્ટ જાહેર કરે. એ સુનિશ્ચિત કરીને કે આરક્ષણની નીતિ એ પૂર્ણપણે લાગુ થાય.

સાહેબ, બીજો એક મહત્વનો મુદ્દો કે જે એસ.સી., એસ.ટી. sub-plan Act નું વિધેયક આવ્યું હતું તેનો મૂળ આશય શું હતો? આપણે ચર્ચા કરી કે દલિત અને આદિવાસી સમુદાયના નાણાં એક તો બજેટમાં વસતિના proportionમાં ખર્ચાતા નથી. ગુજરાતમાં દલિત અને આદિવાસીની વસતિ ૨૨ ટકા છે. રૂપિયા ૨ લાખ ૧૭ હજાર કરોડના બજેટમાંથી જે ૪૫ હજાર કરોડ જેટલી રકમ ફળવાવી જોઇએ એ ફળવાતી નથી અને જે પણ ટૂંકી રકમ ફળવાય છે એ બીજાં કામોમાં ખર્ચાઇ જાય છે. આ ન થાય ફક્ત એટલી ડિમાન્ડ એ વિધેયક દ્વારા કરવામાં આવેલી. આજે હું બજેટમાં જોઉં છું. લઘુમતિ સમાજ માટે રૂપિયા ૫૦ કરોડ ફાળવ્યા છે. સાહેબ, આપણે દાવો કરીએ છીએ, સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને રૂપિયા ૨ લાખ ૧૭ હજાર કરોડના બજેટમાંથી ૧૦ ટકા એ લગભગ રૂપિયા ૨૨ હજાર કરોડ થાય. તેનો એક ટકો રૂપિયા ૨૨૦૦ કરોડ થાય, તેનો અડધો ટકો રૂપિયા ૧૧૫૦ કરોડ થાય. અડધાનો અડધો ટકો એ રૂપિયા ૫૦૦ કરોડ થાય અને આખા ૧૦ ટકા તમે લઘુમતિ સમાજ માટે ફાળવો છો, રૂપિયા ૫૦ કરોડ. લઘુમતિનો મતલબ ફક્ત મુસ્લિમ નથી. તેમાં પારસી, બુદ્ધિષ્ઠ, જૈન, શીખ, ઇસાઇ બધા આવી જાય. મુખ્યમંત્રી જે સમુદાયમાંથી છે એ અને છતાં લઘુમતિ માટે રૂપિયા ૫૦ કરોડ. આ તમારી કન્સર્ન છે? આ તમારો સૌનો સાથ સૌનો વિકાસ છે? તમે સૌના વિશ્વાસની અપેક્ષા રાખો છો પણ સૌનો સાથ, સૌનો વિકાસના તમારા મોડલમાં ક્યાંકને ક્યાંક એવી ફિલીંગ છે કે દલિત, આદિવાસી અને માઇનોરિટીઝની બાદબાકી કરવામાં

---

*માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આવી છે. આજે એટ્રોસિટી એક્ટના Statewide implementation and monitoring માટે એક સ્ટેટ મોનીટરીંગ કમિટિની મિટિંગ વર્ષમાં બે વાર મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને થાય. મુખ્યમંત્રી સાહેબના અધ્યક્ષસ્થાને થતી આ મિટિંગમાં અમારી લડાઇ દલિત અને આદિવાસી, વંચિત વર્ગોની લડાઇ exclusionની સામેની છે કે અમને exclude ન કરો. આ મિટિંગમાં ધારાસભ્ય તરીકે મને સત્તાવાર સ્થાન મળવું જોઇએ. મને પોતાને exclude કરી દીધો. I am not invited in the meeting which is completely illegal, which is against the Act. બનાસકાંઠા જિલ્લાના કેટલાક જજ દ્વારા એ પ્રમાણેના જજમેન્ટ આપવામાં આવ્યા કે એટ્રોસિટીના કેસીસ જો સાબિત ન થાય તો victim પાસેથી નાણાં પાછા વસૂલો. એક્ટમાં કોઇ જોગવાઇ નથી. એ છતાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ એ નાણાં પાછા પડાવવામાં આવે. એ પણ કોઇ સંજોગોમાં ચાલી ન શકે.

અધ્યક્ષશ્રી : સમાપન કરો, રીસેસનો સમય થયો છે. વાકય પૂર્ણ કરો.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, પૂર્ણાહુતિ વખતે ફરી એક જ મારી રાજ્યની સરકારને વિનંતી છે કે કોઇપણ સંજોગોમાં આવતા બજેટમાં અસ્પૃશ્યતાની નાબૂદી માટેની જોગવાઇ થવી જોઇએ અને સફાઇ કામદાર ગટરમાં ઉતરીને ના મરે એ જોગવાઇ થવી જોઇએ અને એલ.આર.ડી.ની બહેનોને ન થયેલા ન્યાયને  તાબડતોબ યોગ્ય રીઝલ્ટ દ્વારા એને સુધારી લો.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ  બપોરના ૨–૩૦ થી ૩–૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી હિતુ કનોડિયા**(ઇડર): માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સાહેબ જે માગણી ક્રમાંક ૯૫ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. આમ તો કડીના માનનીય ધારાસભ્યશ્રી કરસનકાકાએ જે રીતે ગ્રાઉન્ડ ઝીરો લેવલ અને પ્રેકટીકલ વાતો કરી હોય એના પછી મને નથી લાગતું કે કોઇ કંઇ એનાથી વિશેષ વાતો કરી શકે છે! કેમ કે આટલા વર્ષોની વાત એમણે ખૂબ સરળતાથી, સુંદર એકદમ એમની પોતાની સ્પેશિયલ ભાષામાં જે વાત કરી છે એ ખૂબ સરાહનીય છે. એમની આગવી શૈલીમાં અને ખૂબ સુંદર રીતે સમજમાં આવે એ રીતે વાત કરી છે.

અધ્યક્ષશ્રી : આ બધું મારે કહેવું જોઇએ ત્યારે એ તમે કહો છો.

શ્રી હિતુ કનોડિયા : સોરી સર. હું મારા થોડા વિચારો રજૂ કરું છું. Right now the global fear is Corona. Corona virus is going on. It is fight between virus and vaccine. What is going to win ? Virus or vaccine ? It is global fear.

અધ્યક્ષશ્રી : Vaccine is still not invented.

શ્રી હિતુ કનોડિયા : Yes, it is. હવે એવી રીતે આ જે વાયરસ છે એન વેકસીન છે એ જલદીમાં જલદી મળે. વેકસીન અંગે મને લાગે છે કે કદાચ યુ.એસ.એ. કંઇક ગોત્યું છે

અધ્યક્ષશ્રી : Trial and error ......

શ્રી હિતુ કનોડિયા : Trial and error is going on.

અધ્યક્ષશ્રી : એ તો મચ્છર કરડી જાય એ કવીનાઇનની દવા આપે છે અને બીજી પણ એક દવા છે, નામ નથી બોલવું.

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આવી રીતે વાઇરસ લાગવો એ બહુ ઇઝી થઇ જાય છે સર, if you touch someone, if you sit with someone, you are going to be infected. પણ વેકસીન શોધાઇને એની ટ્રીટમેંટ એ બહુ ડીફીકલ્ટ છે. આ જે વેકસીનની ટ્રીટમેંટ હોય છે એ પણ અમુક proportionમાં જ એના ઇન્જેકશન હોય છે કે જેથી તમે એના રોગનું નિરાકરણ કરી શકો છો. એ અમુક માત્રામાં જ આપવાનું હોય છે. આ જે વેકસીન હોય છે એ સમાજના લેવલે, સામાજિક રીતે જયારે જોતા હોવ છો, ત્યારે હું અનુસૂચિત જાતિમાંથી આવું છું સાહેબ, વર્ષો જૂની વાત, અસ્પૃશ્યતા આ તે બધા ઘણા વર્ષોથી ચાલતું હતું હવે એને ધીરે ધીરે માંડ માંડ કેવી રીતે એને મુખ્ય ધારા, જે ઉચ્ચ વર્ગો હોય છે એમાં તમે કેવી રીતે લાવી શકો છો એ માટે ડો.બાબાસાહેબે અને ઘણા બધા લીડરોએ જે રીતે મહેનત કરી કરીને કયાંક થોડુંક એને બીજા લોકો સાથે સરસ રીતે સ્મૂધલી કામ થઇ શકે, ભારતીય જનતા પાર્ટીની સરકારે મહેનત કરીને ધીરે ધીરે દલિત સમાજને ઉપર લાવ્યા હતા ત્યાં થોડા વર્ષોથી એવા દૂષણો આવી ગયા, અમુક લોકો એવા આવી ગયા, કોંગ્રેસની સરકારે પણ એવું કામ કર્યું કે જેમાં માંડ માંડ દલિત સમાજ થોડો આગળ આવી રહ્યો હતો એને એક એવો વાઇરસ આપી દીધો છે કે એ લોકોને પાછા આઇસોલેશનમાં મૂકવા પડે એવી પરિસ્થિતિ સર્જાઇ છે એટલે હું એ કહેવા માગું છું કે જે કામ ધીરે ધીરે શાંતિથી થતા હોય, જે છેવાડાના સમાજો, છેવાડાના લોકો હોય એ લોકોને શાંતિથી સરસ રીતે આપણે સમજાવીને નહીં કે ગેરમાર્ગે દોરીને, નહીં કે ભડકાવીને એ લોકોને અલગ કરી દઇએ, આઇસોલેશનમાં મૂકી દઇએ, આ જે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એ અનુસૂચિત જાતિના લોકો માટે, છેવાડાના લોકો માટે, એસ.સી., એસ.ટી., બધા જ લોકો માટે ખૂબ વિચારીને જે અઢળક યોજનાઓ કરતી હોય છે એ એક એક યોજનાઓ વિશે બહેનશ્રી માલતીબહેને કીધું, શ્રી કરસનકાકાએ પણ કીધું, આ લોકોએ

ફાલ્ગુન ૨૮, ૧૯૪૧ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

જે ઘણી બધી યોજનાઓ જે કીધી છે એમાંની અમુક બીજી યોજના પણ છે જે વિશે હું ધ્યાન દોરવા માગીશ કે સામાજિક લેવલે એક બીજી યોજના પણ છે કે જે બેરીયર તોડી શકે એમ છે અને એ છે આંતરજ્ઞાતિય લગ્ન. inter-caste marriages - this is also one of very good thing which can connect. બીજા સમાજોને સાથે જોડી શકે છે અને આ જે બેરીયર છે એને કેવી રીતે આપણે ઓળંગી શકીએ છીએ! એવી ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાયની વાત છે. અનુસૂચિત જાતિ અને હિન્દુ ધર્મ પાળતા અનુસૂચિત જાતિ સિવાયના અન્ય વ્યક્તિ વચ્ચે ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજના હેઠળ આંતરજ્ઞાતીય લગ્નને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૦૦-૨૦૦૧થી યુગલ દીઠ રૂપિયા ૨૫ હજારના રાષ્ટ્રીય બચતપત્રો અને ૨૫ હજાર રૂપિયા ઘરવખરીના સાધનો ખરીદવા માટે એમ કુલ રૂપિયા ૫૦ હજારની સહાય આપવામાં આવતી હતી. વર્ષ ૨૦૧૭-૧૮થી આ સહાયમાં વધારો કરીને રૂપિયા ૧ લાખ કરવામાં આવ્યો છે. જેમાં રૂપિયા ૫૦ હજારના રાષ્ટ્રીય બચતપત્રો અને ૫૦ હજાર રૂપિયા ઘરવખરીનો સામાન ખરીદવા આપવામાં આવે છે. આની કોઇ વાર્ષિક આવક મર્યાદા નથી. વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં આના માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે જે સરાહનીય છે. છેલ્લા ૧૦ વર્ષમાં રૂપિયા ૨૭.૨૨ કરોડનો ખર્ચ કરી કુલ ૫૩૦૯ લાભાર્થીઓને આનો લાભ આપવામાં આવેલ છે. ભોજન બિલ સહાયની વાત કરું તો કોલેજ છાત્રાલયમાં રહીને પોસ્ટ ગ્રેજ્યુએશન કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા માસિક ૧૨૦૦ રૂપિયા ભોજન સહાય આપવામાં આવે છે. આના માટે વાર્ષિક આવક મર્યાદા રૂપિયા ૪.૫૦ લાખ છે. વર્ષ ૨૦૨૦-૨૧થી આમાં વધારો કરીને ૧૫૦૦ રૂપિયા કરી દેવામાં આવેલ છે. આવી રીતે છેલ્લા ૧૦ વર્ષમાં રૂપિયા ૨૬.૧૦ કરોડનો ખર્ચ કરી ૨૭,૬૬૩ વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય આપવામાં આવી છે. શિષ્યવૃત્તિની વાત થતી હોય છે. અનુસૂચિત જાતિ માટે શિષ્યવૃત્તિની યોજનામાં આવક મર્યાદા રાખવામાં આવી છે એમાં હું વિનંતી કરવા માગીશ કે એમાં જો થોડો વધારો થાય, રૂપિયા ૪.૫૦ લાખ છે એમાં વધારો થાય તો વધારે સારું રહેશે. *(xxx)

અધ્યક્ષશ્રી : જે હાજર ન હોય એનું નામ નહીં લઇએ.

શ્રી હિતુ કનોડિયા : હમણાં ભાઇશ્રી હતા એ બોલી ગયા. એમના વિચારોમાં ક્યારેય તાલમેલ થતો નથી. એક વાત એમણે કરી હતી કે આપણા જે વાલ્મિકી સમાજના લોકો કે જેઓ ગટરમાં કામ કરતા હોય છે એમાં અદ્યતન કંઇક એવું થઇ શકે એ વાત સાથે હું થોડો સહમત થઉં છું. એ કરવું આપણા માટે અને સરકાર માટે સારું રહેશે. બીજી ઘણી બધી યોજનાઓ છે. ઘણી બધી વાતો છે. હું એક વાત મૂકવા માગીશ કે પ્રિ-એસ.એસ.સી. અને પોસ્ટ-એસ.એસ.સી.ની શિષ્યવૃત્તિની યોજનામાં છેલ્લા ૧૦ વર્ષમાં રૂપિયા ૧૭૯૯.૦૩ કરોડનો ખર્ચ કરી ૩૬ લાખ ૯૦ હજાર ૯૯૬ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ છે. કોમર્શિયલ પાયલટ તાલીમ લોન યોજના એ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલટ તાલીમ માટે રૂપિયા ૨૫ લાખની લોન ૪ ટકાના વ્યાજના દરે આપવામાં આવે છે. આમાં આવક મર્યાદા નથી. છેલ્લા ૧૦ વર્ષમાં રૂપિયા ૧૦.૧૫ કરોડનો ખર્ચ કરીને ૪૭ તાલીમાર્થીઓને લોન આપી છે. આ સમાજના દીકરા-દીકરીઓનું આકાશમાં પ્લેન ઉડાડવાનું એમનું સ્વપ્ન સિદ્ધ કરી શકે એવી આ સરસ યોજના છે. આખરે એટલું કહેવા માગું છું કે, કોંગ્રેસના મિત્રો બહુ આક્ષેપો કરતા હોય છે અને એના જવાબો આ સભાગૃહમાં આપવામાં આવ્યા છે. પણ હું કહેવા માગીશ કે 'પૈર કી મોચ ઔર છોટી સોચ, હમે આગે બઢને નહીં દેતી. અપના મજહબ ઉંચા ઔર ગૈરો કા ઓછા, યે સોચ હમે ઇન્સાન બનને નહીં દેતી.' સૌથી પહેલા ઇન્સાન બનવાની જરૂર છે. આપણે માનવી બનીએ, માનવતા સમજીએ, દરેક સમાજને સાથે લઇને ચાલવાની વિચારધારા ભારતીય જનતા પાર્ટીની છે. આ સરકારના શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને તમામ મંત્રીશ્રીઓ આ જ વિચારધારાથી આગળ વધી રહ્યા છે એમાં સહભાગી બનીએ. ફરી એકવાર રિપીટ કરું છું કે સરકારની જેટલી પણ યોજનાઓ છે એ માત્રને માત્ર આપણા છેવાડાના માણસોના એકે એક સમાજ, જે વંચિત સમાજ છે એ લોકો સુધી પહોંચાડી શકીશું તો જ આપણે આગળ વધી શકીશું. ખૂબ ખૂબ આભાર.

શ્રી લાખાભાઇ સાગઠિયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૯૫ લઇને આવ્યા છે તેમને મારું સમર્થન કરું છું અને મારા વિચારો સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં ઘણી બધી યોજનાઓ ચાલે છે તેની હું વાત કરું તો કુંવરબાઇનું મામેરૂ યોજનાને યાદ કરીએ ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રી નરસિંહ મહેતા યાદ આવે છે કે જેમાં શ્રી નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઇનું મામેરૂ ભગવાન શ્રીકૃષ્ણએ પૂર્યું હતું એની આપણને સૌને ખબર છે અને કુંવરબાઇના લગ્ન વખતે એમની સાસુએ કુંવરબાઇને મામેરૂ લઇ આવવાનું એક લાંબુ લિસ્ટ હાથમાં આપ્યું અને કુંવરબાઇ ખૂબ રડ્યાં અને રડતાં રડતાં તેઓ તેમના પિતાશ્રી પાસે આવ્યા ત્યારે શ્રી નરસિંહ મહેતા એક જ વાક્ય બોલ્યાં કે મારો શ્રી કૃષ્ણ બેઠો છે પછી શાને ચિંતા! ભગવાન દ્વારકાધીશે ખરેખર લિસ્ટમાં લખેલી બધી જ વસ્તુઓ તેમના આંગણે પહોંચાડી અને જૂનાગઢ જિલ્લાના તળાજા ગામના પ્રખર ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાની દીકરી નામે કુંવરબાઇના લગ્ન પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણે ભરપૂર મામેરૂ ભરેલ તે વાતથી આપણે સૌ સુવિદિત છીએ. તે જ પ્રમાણે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કે જે વર્ષ ૧૯૯૫થી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત ગરીબ કન્યાઓના લગ્ન પ્રસંગે કુંવરબાઇનું મામેરૂ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

યોજના હેઠળ આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુસર આ કુંવરબાઇનું મામેરૂ યોજના અમલમાં મૂકેલ છે. જે અનુસૂચિત જાતિના ગરીબ પરિવારોની દીકરી જે મોટી થઇને પરણાવવાલાયક થાય ત્યારે ગરીબ મા–બાપની ચિંતા વધી જતી હોય છે અને મા–બાપને દેવું કરીને પણ દીકરીઓના પ્રસંગો કાઢવા પડે છે. આવા ગરીબ પરિવારોને તેમની દીકરીઓના લગ્ન પ્રસંગે સરકારે કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ સહાય કરવાનું આયોજન કરેલ છે. વર્ષ ૧૯૯૫થી અનુસૂચિત જાતિની કન્યાઓના લગ્ન પ્રસંગે તેમને આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુસર કુંવરબાઇનું મામેરૂ યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના હેઠળ રૂપિયા ૫,૦૦૦/–ની સહાય આપવામાં આવતી હતી. આ યોજનામાં વર્ષ ૨૦૧૩થી વધારો કરીને રૂપિયા ૧૦,૦૦૦/–ની સહાય તથા વર્ષ ૨૦૧૪–૧૫થી એક દીકરીના બદલે બે દીકરી સુધી સહાય આપવાનો નિર્ણય આ સરકારે કરેલ છે. આ યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં આવક મર્યાદા રૂપિયા ૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તારમાં રૂપિયા ૧,૫૦,૦૦૦/–ની છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના માટે વર્ષ ૨૦૨૦–૨૧ના બજેટમાં રૂપિયા ૧૦ કરોડની પણ જોગવાઇ કરવામાં આવી છે તે માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું અને છેલ્લા ૧૦ વર્ષમાં ૬૯,૨૩૩ કન્યાઓને રૂપિયા ૫૩.૬૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. તેવી જ રીતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ચાલતી માઇ રમાબાઇ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્નની વાત કરું તો અનુસૂચિત જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી છે એવા પરિવારો પણ દેખાદેખીથી પોતાની દીકરા અને દીકરીના લગ્ન પ્રસંગે બિનજરૂરી ખર્ચા કરતા હોય છે અને પરિણામે આવા પરિવારો દેવામાં ડૂબી જતા હોય છે અને દલિત સમાજમાં પણ છેલ્લા ઘણા વર્ષોથી જબરજસ્ત પરિવર્તન આવ્યું છે. અનેક સામાજિક સંસ્થાઓ સમૂહ લગ્નોનું આયોજન કરવા આગળ આવી છે. એક જ સ્થળે મોટી સંખ્યામાં સમૂહ લગ્ન ગોઠવાય છે અને એમાં દાન–ફાળા માટે અનેક સંસ્થાઓ આયોજન કરતી હોય છે. આ સરકારે આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે પણ યોજનાઓ બનાવી છે. તેનું નામ પણ માઇ રમાબાઇ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્ન યોજના રાખવામાં આવ્યું છે. આ યોજનામાં શરૂઆતમાં સમૂહ લગ્નમાં જોડાનાર યુગલોને પ્રોત્સાહિત કરવા રૂપિયા ૫૦૦૦ના બોન્ડ આપવામાં આવતા હતા અને સમૂહ લગ્નનું આયોજન કરનાર સંસ્થાને યુગલદીઠ રૂપિયા ૧૦૦૦ લેખે અને વધુમાં વધુ રૂપિયા ૨૫,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવતી હતી. વર્ષ ૨૦૧૨–૧૩થી એમાં બમણો વધારો કરીને રૂપિયા ૫૦૦૦ને બદલે રૂપિયા ૧૦,૦૦૦ યુગલદીઠ સહાય અને આયોજન કરનારને રૂપિયા ૧૦૦૦ને બદલે રૂપિયા ૨૦૦૦ પ્રમાણે વધુમાં વધુ રૂપિયા ૫૦૦૦૦ આર્થિક સહાય આપવાનું આયોજન નક્કી કરેલું છે. આ યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં આવક મર્યાદા રૂપિયા ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં રૂપિયા ૧,૫૦,૦૦૦ છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦–૨૧ના બજેટમાં રૂપિયા ૧૦,૦૦૦ સહાયમાં રૂપિયા ૨૦૦૦નો વધારો કરી રૂપિયા ૧૨,૦૦૦ કરવામાં આવ્યા છે અને સમૂહ લગ્નનું આયોજન કરનાર આયોજક સંસ્થાને યુગલદીઠ ચૂકવવામાં આવતા રૂપિયા ૨૦૦૦ને બદલે એમાં પણ રૂપિયા ૧૦૦૦નો વધારો કરી અને રૂપિયા ૩૦૦૦ કરવામાં આવ્યો છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૦–૨૧ના બજેટમાં અનુસૂચિત જાતિ માટે રૂપિયા ૨.૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૧૫૭૧૩ યુગલોને રૂપિયા ૧૬.૬૭ કરોડની સહાય આપવામાં આવેલી છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ૨૨ વર્ષથી ગરીબ મા બાપના આશીર્વાદથી લોકોની સેવા કરી રહી છે. અમારી સરકાર કે જે મા ના પેટમાં બાળક હોય ત્યારથી જન્મ સુધી, જન્મથી યુવાની અને યુવાનીથી વૃદ્ધ અને વૃદ્ધથી મૃત્યુ સુધી અમારી સરકાર તેમની પડખે ઉભી રહી છે. જે સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર છે એમના નામથી હરિશ્ચંદ્ર અંત્યેષ્ઠી મરણોત્તર ક્રિયા કે કોઇનું મૃત્યુ થયું હોય તો પણ સરકાર ૫૦૦૦ રૂપિયાની સહાય અંતિમ ક્રિયા માટે આપે છે. મારો મત વિસ્તાર રૂડા વિસ્તારમાં છે. તેમાં અમારા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના લોકોને પોતાનો પ્લોટ હોય કે પોતાનું જુનું મકાન હોય એમાં રૂડા થકી રૂપિયા સાડા ત્રણ લાખની સહાય આપવામાં આવે છે અને જે ગ્રામ્ય વિસ્તાર છે એમાં દોઢ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. આવી ઘણી બધી જે યોજનાઓ છે. તેમાં અત્યારે સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર માગણી નં. ૯૫ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નં. ૯૨ અને ૯૫ લઇને આવ્યો છું. આજના દિવસે ૧૮મી માર્ચ, ૧૯૨૨ના રોજ મહાત્મા ગાંધીજીએ અસહકારની ચળવળ દરમિયાન અંગ્રેજ સરકારે તેમની ઉપર કેસ ચલાવ્યો હતો અને મહાત્મા ગાંધીજીએ દેશવાસીઓની સ્વતંત્રતા માટે કારાવાસ વેઠ્યો હતો. અત્યારે વિશ્વમાં ભારતના નામનો ડંકો વાગી રહ્યો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દુરંદેશી અને સુશાસનના વખાણ આજે વિશ્વની મહાસત્તાઓ કરી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખશ્રી ડોનાલ્ડ ટ્રમ્પ પણ ગુજરાતની ધરતી ઉપર આવીને આ વિકાસ ગાથાના વખાણ કરી ગયા. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રયાસોથી આજે ભારત વિશ્વગુરુ બનવા તરફ અગ્રેસર છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના અથાગ પ્રયત્નોને જોઇ મને કહેવાનું મન થાય કે,

"પ્રાતઃ હો કી રાત હો, ન સાથ હો, ન સંગ હો,
સૂર્ય સે બડે ચલો, ચંદ્ર સે બડે ચલો,
વીર તુમ બડે ચલો, વીર તુમ બડે ચલો".

આજે આ માગણીમાં લગભગ ૯ જેટલા સભ્યશ્રીઓએ ભાગ લીધો. સભ્યશ્રી શંભુજી ઠાકોર કે જેમણે ગરીબોની ઉપયોગી યોજના વિષે આ સભાગૃહ સમક્ષ માર્ગદર્શન પૂરું પાડ્યું. ત્યારબાદ શ્રીમતી માલતીબેન કે જેમણે અનુસૂચિત પેટા

યોજનાની વાત કરી, શિક્ષણ, શિષ્યવૃત્તિ, ગણવેશની વાત, છાત્રાલય, ભોજન બિલ, પાયલોટના વિદ્યાર્થી માટેની તાલીમ, વિદેશ અભ્યાસ લોન, સમરસ છાત્રાલય, આર્થિક ઉત્થાનની વાત કરી, કુંવરબાઇનું મામેરું યોજના, સાત ફેરા સમૂહ લગ્ન યોજના, રાજા હરિશ્ચન્દ્ર મરણોત્તર સહાય યોજનાની વાત કરી, એવી રીતે શ્રી બલરાજસિંહભાઇએ એમના વિસ્તાર દહેગામની વાત કરી. એમણે દિવ્યાંગો માટેની વાત કરી. એસ.ટી.માં મફત મુસાફરીની, સંત સુરદાસ યોજના, પાલક માતા પિતા યોજના એવી અનેક યોજનાઓની વાત કરી. શ્રી કરશનભાઇએ પણ વાત કરી અને એમણે વર્ષ ૧૯૮૭થી લઇને આજ દિન સુધીની વાત કરી કે ભૂતકાળની સરકાર કઇ રીતે કામ કરતી હતી. હાલની વર્તમાન ભાજપની સરકાર માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબની સરકાર, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબની આગેવાનીમાં આ સરકાર કેવી રીતે કામ કરી રહી છે. શ્રી પ્રદીપભાઇએ વાત કરી કે છેવાડાના માનવીને જીવનમાં અંધારૂં દૂર કરી ભાજપ જે રીતે પ્રકાશ પાથરવાનું કામ કરે છે તેની વાત કરી. શ્રી ભીખાભાઇ બારૈયાએ વિવિધ યોજનાની વાત કરી. કોંગ્રેસે તેના સમયમાં ગરીબી હટાવો, દેશ બચાવો જેવું સૂત્ર આપ્યું હતું. ત્યારપછી રોટી, કપડા ઓર મકાનનું સૂત્ર આપ્યું હતું. એ પ્રમાણે એમણે આજની આ માગણીમાં અનુમોદન અને સમર્થન આપ્યું છે. શ્રી હિતુભાઇ કનોડિયા, શ્રી લાખાભાઇ સાગઠિયા ડો.બાબાસાહેબ આંબેડકર તમામ સમાજને મુખ્ય ધારામાં લાવવાના પ્રયત્નો ભાજપની સરકાર કરી રહી છે. એ અંગેની વાત કરી. શ્રી લાખાભાઇ સાગઠિયાએ પણ શ્રીકૃષ્ણ ભગવાન, શ્રી નરસિંહ મહેતા, કુંવરબાઇનું મામેરું એવી ઘણી બધી અનેક યોજનાની વાત કરી. અપક્ષ ધારાસભ્યશ્રી જિગ્નેશભાઇએ પણ આમાં ભાગ લીધો. એમણે અસ્પૃશ્યતા નિવારણ અંગેની રજૂઆત કરી. હું આપને કહી શકું તેમ છું કે આ રાજ્યમાં સમરસ છાત્રાલયો, એટ્રોસિટી એક્ટની કડક અમલવારી, મધ્યાહન ભોજનની યોજના, આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાથી સમરસતા જાળવવામાં આવે છે. અસ્પૃશ્યતા નિવારવા અંગેની શિબિરો કરવા માટે આ સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં પૂરતી જોગવાઇઓ કરી છે. એમણે બીજી એક વાત બનાસકાંઠા જિલ્લાની ડિસ્ટ્રિક્ટ કોર્ટ મારફતે કરવામાં આવેલ આદેશ અન્વયે એટ્રોસિટી સહાયનાં નાણાં પરત લેવાં અંગેની વાત કરી. આ બાબત અત્યારે સબજ્યુડીશ મેટર છે. સરકારશ્રી દ્વારા આવાં નાણાં પરત ખેંચવા બાબતનો કોઇ સ્વીકાર કરેલ નથી. એમના દ્વારા લોકરક્ષક દળની ભરતીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની બહેનોને અન્યાય બાબતે રજૂઆત કરી. આપના દ્વારા હું ઉકત બાબતે આંદોલનકારીઓ સાથે ભાજપની સરકાર માનનીય શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર અને શ્રી નીતિનભાઇ સાહેબ, ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહની આગેવાનીમાં આ સરકાર સાથે આંદોલનકારીઓએ ખૂબ સુખદ સમાધાન કરીને આંદોલનનો અંત આવ્યો છે અને આપના દ્વારા સમગ્ર સભાગૃહને જણાવું કે સરકારશ્રીએ જાહેરાતમાં દર્શાવેલ જગ્યા કરતા આ જગ્યામાં વધારો કરેલ છે અને તેમ છતાં આ બાબત સબજ્યુડીસ મેટર છે એટલે હું તેની વિશેષ વાત કરતો નથી. સફાઇ કામદાર વિશેની માનનીય સભ્યશ્રી જિજ્ઞેશભાઇએ વાત કરી તો તેમાં કહું તો, મહાનગરપાલિકા અને નગરપાલિકામાં કામ કરતા સફાઇ કામદારોને ગટરના સફાઇ સાધનો ખરીદવા માટે રૂ.૧૫ લાખની લોન ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા આપવામાં આવે છે. ચાલુ વર્ષે છ જેટલા અરજદારોએ તેનો લાભ પણ લીધો છે અને ચાલુ વર્ષે પણ તેમાં જોગવાઇ કરવામાં આવી છે. તેમણે આભડછેટ વિશેની વાત કરી. સેન્ટર ફોર એન્વાયરમેન્ટ પ્લાનિંગ ટેકનોલોજી એટલે કે મારા વિભાગની તેમાં વાત કરું તો તા.૨૨-૩-૨૦૧૭થી સેપ્ટ સંસ્થા દ્વારા ગુજરાતના પાંચ જિલ્લામાં સરવે કરવામાં આવ્યે છે. સેપ્ટ દ્વારા પાંચ જિલ્લાના ગામોમાં શિક્ષણ પ્રણાલી, આરોગ્ય, રોજગારી, વ્યવસાય, રીતરિવાજો તથા પેઢીગત થયેલ પરિવર્તનો તથા સામાજિક સાંસ્કૃતિક બાબતોની વિસ્તૃત છણાવટ કરેલ છે. જે સરવે થયો તેમાં એકંદરે ગુજરાત રાજ્યમાં સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળેલ છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરે જે સમાનતા તથા સ્વતંત્રતાના સિદ્ધાંત પર રચાયેલ સમાજનું સપનું જોયું હતું તે સપનાને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર પરિપૂર્ણ કરવા માટે હંમેશા અગ્રેસર રહી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તે અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ, લઘુમતિઓ, બિનઅનામત વર્ગો, દિવ્યાંગ, નિરાધાર, વૃદ્ધ અને થર્ડ જેન્ડર જેવા ૮૦ ટકાથી વધુ વસતિની ઇચ્છાઓ અને અપેક્ષાઓનો અરીસો છે. તેમની અપેક્ષાઓને આપની પરવાનગી સાથે હું વ્યક્ત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગ હેઠળની અનુસૂચિત જાતિ કલ્યાણ માટે રૂ.૧૦૯૪ કરોડ સહિતની અનુસૂચિત જાતિ પેટા યોજના એસ.સી., એસ.ટી. માટે રૂ.૫૩૯૩ કરોડ ૧૨ લાખ, આર્થિક પછાત વર્ગો, લઘુમતિઓ, વિચરતી વિમુક્ત જાતિઓ સહિત બક્ષીપંચ જાતિઓ તથા આર્થિક નબળા વર્ગોના કલ્યાણ માટે રૂ.૧૯૩૭ કરોડ ૧૯ લાખ, સમાજ સુરક્ષા માટે રૂ.૧૨૮૧ કરોડ ૩૧ લાખ, વિભાગના રૂ.૮ કરોડ ૨૧ લાખ મળી કુલ રૂ.૪૩૨૦ કરોડ ૫૩ લાખની માગણીઓ લઇને ઉપસ્થિત થયો છું. જે ગત વર્ષના બજેટ કરતાં રૂપિયા ૧૦૮ કરોડ ૯૨ લાખ જેટલી વધારે છે. મને કહેવાનું મન થાય છે કે, ''**સપને કા પહલા લેટર એસ હોતા હૈ, લેકીન અગર એસ કો નિકાલ દો તો અપને રહ જાતે હૈ, ઔર અગર અપને સાથ હો તો સબ સપને પૂરે જરૂર હોતે હૈ.**'' માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચિંધેલ રાહ અને સેવેલ સપના સાકાર થાય તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ઉદાર મન રાખી વંચિતોના વિકાસ અર્થે ગત વર્ષ કરતાં રૂપિયા ૧૦૮ કરોડ ૯૨ લાખની વધુ નાણાકીય ફાળવણી કરીને આ તમામ વર્ગો માટે રૂપિયા ૪૩૨૦ કરોડ ૫૩ લાખની જોગવાઇ કરી છે. જે વંચિતોના વિકાસના ક્ષેત્રને અમારી સરકારે આપેલ અગ્રતા દર્શાવે છે. આદરણીય શ્રી નીતિનભાઇ પટેલે કુલ રૂપિયા ૨ લાખ ૧૭ હજાર ૨૮૭ કરોડનું બજેટ રજૂ કર્યું છે. જેમાં અનુસૂચિત જાતિ પેટા

યોજના એસ.સી., એસ.ટી. માટે રૂપિયા ૫૩૯૩ કરોડ ૧૨ લાખની જોગવાઇ કરી છે. જે મેં અગાઉ કહ્યું તેમ અગાઉના વર્ષો કરતાં વધુ જોગવાઇ છે. જે બદલ હું નાણામંત્રી અને મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક સમરસતા સાથે સામાજિક ન્યાયનું સમગ્ર દેશમાં કોઇ શ્રેષ્ઠ ઉદાહરણ હોય તો તે ગુજરાતમાં છે. ગુજરાતમાં ૯ સ્થળોએ બનેલા ૧૮ જેટલા સમરસ છાત્રાલય કે જેમાં કુમાર અને કન્યાઓ મળી કુલ ૧૨૫૦૦ વિદ્યાર્થીઓ માટે અદ્યતન સુવિધાવાળા છાત્રાલયો બનાવ્યા છે અને જેમાં તમામ જ્ઞાતિના વિદ્યાર્થીઓ એક સાથે હળીમળીને રહે છે. હું અનુસૂચિત જાતિ, વિકસતી જાતી અને સમાજ સુરક્ષાની કેટલીક મહત્વની બાબતો આ સન્માનીય ગૃહના ધ્યાને મૂકવા માગું છું. શૈક્ષણિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિની રૂપિયા ૬૬૬.૦૪ કરોડ અને વિકસતી જાતિની રૂપિયા ૧૦૪૨.૦૧ કરોડ મળી કુલ રૂપિયા ૧૭૦૮.૦૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આર્થિક ઉત્કર્ષની યોજનાઓ માટે અનુસૂચિત જાતિની રૂપિયા ૧૦૩.૩૯ કરોડ અને વિકસતી જાતિની રૂપિયા ૧૪૩.૬૯ કરોડ મળી કુલ રૂપિયા ૨૪૭.૦૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આરોગ્ય, વસવાટ અને અન્ય સામાજિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિની રૂપિયા ૧૧૭.૫૦ કરોડ અને વિકસતી જાતિની રૂપિયા ૨૧૪.૦૧ કરોડ મળી કુલ રૂપિયા ૩૩૧.૫૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિચરતી વિમુક્ત જાતિઓ માટે રૂપિયા ૧૧૪.૪૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. લઘુમતિ વિકાસની વિવિધ યોજનાઓ માટે બજેટમાં રૂપિયા ૫૦ કરોડ નહીં પણ રૂપિયા ૧૦૪.૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બિન અનામત વર્ગો માટે રૂપિયા ૫૦૭.૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને વર્ષ ૨૦૨૦-૨૧ના આયોજનની વાત કરું તો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં અનુસૂચિત જાતિના બાળકોને ખાનગી શાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં ૧ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળતી ન હતી. જેની રજૂઆત કરતા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા અંદાજે અનુસૂચિત જાતિના ૪.૬૫ લાખ અને વિકસતી જાતીના ૪૦ લાખ વિદ્યાર્થીઓને પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના ૩.૮૦ લાખ અને વિકસતી જાતિના ૩૫ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવા બજેટમાં રૂપિયા ૫૮૯.૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને સરસ્વતી સાધના યોજના હેઠળ ધોરણ ૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની ૨૨૫૦૦ અને વિકસતી જાતિની અંદાજે ૧.૬૦ લાખ કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવામાં આવશે અને જેના માટે બજેટમાં રૂપિયા ૮૦.૫૦ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટ્યુશન માટે સહાય આપવા આ બજેટમાં રૂપિયા ૩.૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિદેશ ઉચ્ચ અભ્યાસ માટેની લોન યોજનામાં વર્ષ ૨૦૨૦-૨૧માં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને રૂપિયા ૧૫ લાખની લોન આપવા માટે બજેટમાં રૂપિયા ૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું દરેકને ઘરનું ઘર મળે તેવું સ્વપ્ન છે અને તેને સાકાર કરવા માટે શરુ કરવામાં આવેલ ડો. આંબેડકર આવાસ યોજના, મેં ગયા વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબને રજૂઆત કરી હતી કે, તમામ આવાસ યોજનામાં વડાપ્રધાન આવાસ યોજનામાં રૂપિયા ૧.૨૦ લાખની સહાય મળે છે જ્યારે આ ડો. આંબેડકર આવાસ યોજનામાં અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં અગાઉ જે રૂપિયા ૭૦ હજારની સહાય મળતી હતી અને ગત વર્ષની અમારી રજૂઆત ધ્યાને લઇને એમાં પણ ૧.૨૦ લાખ રૂપિયા કરીને આમ આ યોજનામાં સુધારો કર્યો છે. ત્યારે ડો.આંબેડકર આવાસ યોજનામાં અનુસૂચિત જાતિના ૨૯૦૦ લાભાર્થીઓ માટે રૂપિયા ૩૪ કરોડ ૮૫ લાખ અને પંડિત દિનદયાળ આવાસ યોજનામાં વિકસતી જાતિના ૧૬૮૩૦ લાભાર્થીઓને મકાન બાંધવા માટે સહાય આપવા રૂપિયા ૧૪૨ કરોડ ૩૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. કુંવરબાઇનું મામેરૂં યોજનાની વાત કરું તો અનુસૂચિત જાતિની ૧૦૦૦૦ અને વિકસતી જાતિની ૨૫૦૦૦ દીકરીઓ મળીને કુલ ૩૫૦૦૦ દીકરીઓના મામેરાની સહાય માટે રૂપિયા ૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સાત ફેરા સમૂહ લગ્ન યોજનામાં અનુસૂચિત જાતિની ૧,૭૫૦ અને વિકસતી જાતિની ૪,૬૫૦ મળી કુલ ૬,૪૦૦ યુગલોને રૂપિયા ૧૨,૦૦૦ની તારીખ ૧-૪-૨૦૨૦થી, પહેલાં આ દીકરીઓને દસ હજાર રૂપિયા આપવામાં આવતા હતા જ્યારે નવી જોગવાઇમાં ૨૦૦૦ રૂપિયાનો વધારો કરીને એના દસ હજાર રૂપિયાના બાર હજાર રૂપિયા કર્યા છે અને કોઇ સંસ્થા આ સમૂહ લગ્નનું આયોજન કરે તો પહેલાં એમને ૨૫ની સંખ્યામાં માત્ર બે હજાર રૂપિયા અને વધુમાં વધુ ૫૦,૦૦૦ રૂપિયાની સહાય કરવામાં આવતી હતી અને હવેથી ૨૦૦૦ની જગ્યાએ ૩૦૦૦ અને ૨૫ જોડા હોય, ૩૦ જોડા હોય કે ૫૦ જોડા હોય જેટલા જોડા હોય તેટલાને ૩૦૦૦ રૂપિયા પ્રમાણે જે કોઇ સંસ્થાઓ સમૂહ લગ્ન કરાવતી હોય તેમને પણ આપવામાં આવશે.

સમાજમાં સામાજિક સમરસતા જળવાઇ રહે તે માટે ડોકટર સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના શરૂ કરવામાં આવેલ છે. સામાજિક સમરસતા જળવાઇ રહે અને તે માટે આંતરજ્ઞાતિય લગ્ન સહાયમાં એક હજાર યુગલોને સહાય આપવા માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. મૃત્યુ બાદ પણ સન્માન સાથે અંતિમ ક્રિયા કરવા માટે શરૂ કરવામાં આવેલ માનનીય લાખાભાઇ સાગઠીયાએ એમના પ્રવચનમાં ઉલ્લેખ પણ કર્યો એવા સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના ગરીબ વર્ગના અનુસૂચિત જાતિના ૧૪૦૦૦ કુટુંબની વ્યકિતને મરણ પ્રસંગે કફન કાઠી માટે સહાય આપવા બજેટમાં ૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત

અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમની વ્યક્તિલક્ષી ધિરાણ યોજના માટે પણ ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦-૨૧ની નવી બાબતોની વાત કરું તો અનુસૂચિત જાતિના ખાનગી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧થી ૮ના કુમારો અને ધોરણ ૧થી ૫ની કન્યાઓને ૫૦૦ રૂપિયા અને ધોરણ ૬થી ૮ની કન્યાઓને ૭૫૦ રૂપિયા શિષ્યવૃત્તિ અને આ તમામ કુમાર, કન્યાઓને ૬૦૦ રૂપિયા ગણવેશ સહાય આપવામાં આવશે. પાલનપુર અને લીમડીના સરકારી કુમાર છાત્રાલયના બાંધકામ માટે રૂપિયા ૩ કરોડ ૫૦ લાખની પણ જોગવાઇ કરવામાં આવી છે. મુંદ્રા, પોરબંદર, દયાપર, ખમીસણા ખાતે આદર્શ નિવાસી શાળામાં અદ્યતન સુવિધાવાળા મકાન બાંધવા માટે રૂપિયા ૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ અહીંયા ઉપસ્થિત છે ત્યારે બોટાદ ખાતે જિલ્લા કક્ષાનું ડોકટર આંબેડકર ભવન બનાવવા માટે રૂપિયા ૧ કરોડ ૬૧ લાખની જોગવાઇ પણ કરવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૨૮ અને અગરિયા જાતિની ૫ આદર્શ નિવાસી શાળાઓ માટે ધોરણ ૧૨ના વર્ગો શરૂ કરવા માટે પણ બજેટમાં વધારાના રૂપિયા ૭ કરોડ ૫ લાખ ફાળવવામાં આવ્યા છે. માઇ રમાબાઇ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્ન સહાય યોજનામાં ભાગ લેનાર યુગલને મેં અગાઉ કહ્યું તેમ દસ હજારથી વધારીને બાર હજાર રૂપિયા અને સંસ્થાને યુગલ દીઠ બે હજારના બદલે રૂપિયા ત્રણ હજાર સહાય આપવામાં આવશે અને જેમાં જે ૨૫ યુગલોની મર્યાદા હતી તે મર્યાદા પણ દૂર કરવામાં આવી છે. કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહેતાં અનુસૂચિત જાતિના અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને વિચરતી વિમુકત જાતિના મેડિકલ અને એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભોજન દીઠ સહાય તરીકે રૂપિયા ૧૨૦૦થી વધારીને ૧૫૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૨૮ને અગરિયા જાતિની ૫ આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને બુટ મોજા ખરીદીની મર્યાદા જે રૂપિયા ૨૦૦ હતી તેમાં ૨૦૦ રૂપિયાનો વધારો કરીને ૪૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. મારા વિભાગે છેલ્લા દસ વર્ષમાં સમાજમાં નબળા, પછાત, અનુસૂચિત જાતિ, લઘુમતિઓ, વૃદ્ધો, નિરાધારો, દિવ્યાંગો અને નિરાધાર બાળકોના કલ્યાણ, રક્ષણ અને વિકાસ માટે જે કામ કર્યું છે તેની કેટલીક મહત્વની સિદ્ધિઓ આપની અનુમતિથી હું આ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના પછાત અને નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે વિદેશમાં ઉચ્ચ અભ્યાસની લોન માટે ૧૫ લાખ સુધીની લોન આપવામાં આવે છે અને તેમાં ૧૩૨૦ અને વિકસતિ જાતિના ૧૩૫૨ મળી એમ કુલ ૨૬૭૨ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૮૪ કરોડ ૨૮ લાખની લોન પણ આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની ૫૦ હજાર દિકરીઓ અને વિકસતિ જાતિની ૬૯૨૩૩ મળી કુલ ૧ લાખ ૧૯ હજાર ૨૩૩ દિકરીઓના મામેરા માટે રૂપિયા ૯૮ કરોડ ૬૧ લાખની સહાય પણ ચૂકવવામાં આવી છે. લોકશાહીના મૂલ્યોને વરેલી અમારી આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં હર-હંમેશ લોકો જ કેન્દ્રના સ્થાને હોય છે. લોકો અને લોકો માટે અમારી સરકાર છે. સરકારના તમામ વિભાગોની જોગવાઇઓ સ્વભાવિક રીતે જ લોકો માટે હોય છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સમાજના વંચિતો અને છેવાડાના નાગરિકો સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા છે અને એટલા માટે અમારા વિભાગના શીરે ખૂબ મોટી જવાબદારી રહેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમને સંપૂર્ણ સંતોષ છે કે અમને સોંપવામાં આવેલી આ મહત્ત્વપૂર્ણ જવાબદારી નિભાવવાના પ્રયત્નોમાં અમને સંપૂર્ણ સફળતા મળી રહી છે અને અમને મળતી આ સફળતાઓ અમારા આત્મવિશ્વાસમાં સતત વધારો કર્યો છે અને સમાજના વંચિતોની સેવા કરવાના અમારા સંકલ્પને વધુ દ્રઢ બનાવ્યો છે. સૌના અથાગ પ્રયાસો અને યોગ્ય અમલીકરણના લીધે ગત વર્ષની બજેટ જોગવાઇના ઉત્તમ પરિણામો મેળવી શકયા છીએ. આ સન્માનનીય ગૃહમાં આજે મારા બજેટના ભાષણ દરમિયાન આ આદરણીય ગૃહ દ્વારા જે રજૂઆતો કરી છે અને જે સૂચનો કર્યા છે ત્યારે હું એટલું કહીશ,

''डर मुझे भी लगा था फासला देखकर पर मैं बढता गया रास्ता देखकर
खुद ब खुद मेरे नजदीक मंजिल आती गई, खुद मंजिल आती गई
मेरे पास, मंजिल मेरा हौसला देखकर ।।''

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અને મેળવેલ સિદ્ધિઓને ધ્યાને લઇને મૂકવામાં આવેલ માગણીઓને આ સભાગૃહન સર્વાનુમતે મંજૂર કરે એવી આપના માધ્યમથી હું માનનીય તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર: માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું સન્માનનીય મહેસૂલ મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, મારા સંતરામપુર વિધાનસભાનું એક વાઘડિયા નંદારી ગામ છે. એમાં કમ્પ્યુટરાઇઝ રેકર્ડ, ૭/૧૨ અને ૮ ઓનલાઇન ૧૨૪ સરવે નંબર છે.

અધ્યક્ષશ્રી : આપણે પ્રશ્નો અલગ-અલગ લઇશું. મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થઇ જાય પછી લઇશું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૪ નંબરો છે. એમાં ઓનલાઇન ૭/૧૨ના જે કામ છે એ બાકી છે. આ કામે ઇ-ધરાની વેબસાઇટ પર ૭/૧૨ અને નંબર - ૬ના પાનિયા ઓનલાઇન કરવા માટે મારી માગણી છે. સ્ટેટ

મોનિટરીંગ લેન્ડ સોફ્ટવેરનું જે ઇન્સ્ટ્રુમેન્ટ આપ્યું હતું એમાં ૧૨૪ નંબરની ઓફલાઇનની ચકાસણી થઇ ગઇ છે પણ ઓનલાઇન બાકી છે. એના કારણે આખું વાઘડિયા નંદારી ગામ છે એને સરકારી લાભો આપી શકતા નથી. ખેડૂત સન્માન નિધિમાં પણ આખું ગામ બાકાત રહ્યું.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રોફેસર, આ પ્રશ્ન મહેસૂલનો છે અને એ પછી આવશે. અત્યારે મંત્રીશ્રીનું પ્રવચન બાકી છે. અત્યારે માનનીય ઇશ્વરભાઇને કોઇ પ્રશ્ન પૂછવો હોય તો પૂછો.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઇશ્વરભાઇએ જે માગણી મૂકી એમાં મને કેટલીક જગ્યાએ રીસ્પોન્ડ કર્યો એના રીસ્પોન્સમાં મારે ત્રણ મુદ્દા કહેવા છે.

અધ્યક્ષશ્રી : ના મુદ્દા નહિ પ્રશ્ન હોય તો કહો.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : હા પ્રશ્ન છે. પહેલાં તો એમણે કહ્યું કે.... (અધ્યક્ષશ્રીએ વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : ના પ્રશ્ન કહો. એમણે શું કીધું એ નહિ.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો જ છે કે શું આપના વિભાગ દ્વારા તા.૨૭/૧૨/૨૦૧૯ના પત્રથી નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણને એવી સૂચના આપવામાં આવેલી છે કે એટ્રોસીટી કેસ નં – ૩૪/૨૦૧૮ના કિસ્સામાં મહેશભાઇ દાનાભાઇ પરમાર v s રાવળ ચંદુભાઇ કેશાભાઇના એટ્રોસીટીના કેસમાં એટ્રોસીટીઝ એક્ટમાં જોગવાઇ ન હોવા છતાં એડિશનલ સેશન્સ કોર્ટમાં રૂ.૨૫,૦૦૦/– જમા કરાવવા અને બીજું કે ૧૫ ઓગસ્ટ પૂર્વે ગુજરાતમાં જે ગામોમાં અસ્પૃશ્યતા આજે પણ ચાલુ છે એવા કોઇ પણ ૧૫ ગામોમાંથી અસ્પૃશ્યતા દૂર કરવા માગો છો કે કેમ? અને છેલ્લો સવાલ કે સફાઇ કર્મીએ ગટરમાં ઉતરીને ના મરવું પડે એ માટે તમે બજેટમાં શું જોગવાઇ કરવા માગો છો અને એના માટેનું કોઇ એડિશનલ બજેટ લાવવાની તૈયાર ખરી કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમના ત્રણ પ્રશ્ન છે એ એમનું સૂચન છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આપના માધ્યમથી અનેકવાર એવી ચિંતા કરવામાં આવી છે કે સભ્યશ્રી દ્વારા સોશિયલ મીડિયા પર વિડિયો મૂકવામાં આવે છે. હમણાં જ શ્રી જીગ્નેશભાઇ ગૃહમાં કહેતા હતા અને મેં જોયું તો એમણે રવિવારે આ ગૃહની અંદર થયેલી ચર્ચા અને પોતાનું સ્ટેટસ ફેસબુકમાં મૂકેલું છે.

અધ્યક્ષશ્રી : વિડિયો મૂક્યો છે?

શ્રી હર્ષ ર. સંઘવી : હા, સર.

અધ્યક્ષશ્રી : ગૃહનો વિડિયો મૂક્યો છે?

શ્રી હર્ષ ર. સંઘવી : હા, માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : એમણે બોલેલો વિડિયો?

શ્રી હર્ષ ર. સંઘવી : હા, માનનીય અધ્યક્ષશ્રી, એમનો બોલેલો વિડિયો. તો આ પ્રકારે જો રેગ્યુલર થતું હોય તો એમની ઉપર કોઇ પગલાં લેવામાં આવશે કે નહિ?

અધ્યક્ષશ્રી : મને નહિ પૂછવાનું. મંત્રીશ્રીનો પ્રશ્ન હતો. તમારે જાણકારી આપવી હોય તો તમે લેખિતમાં ફરિયાદ કરજો.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમારી સરકાર દિવ્યાંગ પરિવાર માટે ખૂબ સારું કામ કરે છે. મારા વિસ્તારમાં વર્ષ ૧૯૯૦થી એક અંધ કલ્યાણ કેન્દ્ર આવેલું છે અને એના મંત્રી તરીકે મેં જવાબદારી સંભાળી છે. અમારી આ સંસ્થામાં ૧૦૦ જેટલી દીકરીઓ વસવાટ કરે છે. એમને ઉચ્ચ અભ્યાસ અને અનેક જાતની ટ્રેઇનિંગ અમે આપીએ છીએ. મેં લગભગ વર્ષ ૨૦૧૩માં અમારી આ સંસ્થાને ગ્રાન્ટેડ સંસ્થા તરીકે એટલે કે હોસ્ટેલની મંજૂરી માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની ભલામણ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇની ભલામણ અને માનનીય ઇશ્વરભાઇ સાહેબની ભલામણથી છેલ્લા બે વર્ષથી પત્ર મોકલ્યા છે. તો આ સંસ્થાને એ ગ્રાન્ટેડ તરીકે મંજૂરી આપવા માગે છે કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમનું ગ્રાન્ટેડ કરવા અંગેની જે કાંઇ રજૂઆત છે એ એમનું સૂચન છે અને વહેલામાં વહેલી તકે એમાં નિર્ણય કરીશું.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ(મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા મહેસૂલ વિભાગની વાત કરું તે પહેલાં દેશના લાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ, રાજ્યના મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ અને આદરણીય નીતિનભાઇએ કોરોના વિશે જે અપિલ કરી છે, આપણે બધા સૌ આ અપિલને ગુજરાતમાં ઘરે–ઘરે અને વ્યકિત–વ્યકિત સુધી પહોંચાડીએ, કોરોનાથી ડરીએ નહીં, પણ સાવચેતી જરૂરી છે, આ અપિલ ઘેર–ઘેર સુધી આપણે પહોંચાડીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મહેસૂલ વિભાગમાં ચાર જેટલા અમારી પાર્ટીના ધારાસભ્યશ્રીઓએ એમના પ્રવચનમાં સરકારે કરેલી કામગીરીની સત્ય હકીકતની વાત કરી છે. આંકડાકીય માહિતી પણ આપી છે. એટલે કોઇ પણ જાતની વધુ વાત કર્યા કરતાં જે સત્ય કર્યું છે સરકારે એની વાત કરી છે. ચારેય ધારાસભ્યશ્રીઓ એમાં સર્વશ્રી સી.કે.રાઉલજી, શ્રી રાકેશભાઇ, શ્રીમતી સંગીતાબેન અને ડો. નીમાબેન અને મારા સાથી મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ એ

ધારાસભ્યશ્રીઓ પણ સરકારની સાચી કામગીરીની વાત કરી છે. સૌનો હું આભાર માનું છું, સરકાર વતી કે સરકારની સાચી વાત કરી છે.

કેટલાક મહેસૂલ વિભાગના સૂચનો આવ્યાં છે, જેમ ડો.નીમાબેને વાત કરી, કચ્છમાં મેં પૂછયું કે ભૂતકાળમાં પણ આ વિષય ચર્ચાયો હતો. એમણે કચ્છમાં આટલો મોટો જિલ્લો છે તો એને કેવી રીતે પહોંચી વળાય એની વાત કરી છે. બીજા ધારાસભ્યશ્રીઓએ પણ સુધારણાની વાત કરી છે, ચોક્કસ વિશ્વાસ અપાવું છું કે જે કાંઇ સુધારણાની બાબત હશે તો શ્રી વિજયભાઇના નેતૃત્વવાળી આ સરકાર તેનો તુરંત અમલ કરે છે. હાઉસમાં જેને પણ મોકો મળ્યો નથી એ તમામ ધારાસભ્યશ્રીઓને વખતો વખત હું કહેતો આવ્યો છું કે સરકારની કોઇ પણ બાબતમાં લોકોના માટે કંઇક કરવું હોય તો ગમે ત્યારે ઓફિસમાં આવીને કહી શકો છો, હાઉસમાં મોકો મળે ત્યારે તો કહો જ પણ જયારે જયારે મોકો મળે ત્યારે ગેરરીતિની બાબત હોય, પ્રશ્ન દ્વારા આવતી હોય તો પણ વેલકમ, એના દ્વારા કયારે પણ કરો તો આ સરકાર કયારેય ગેરરીતિ થવાવાળી ચીજને છોડશે નહીં એ વિશ્વાસ અપાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, **ચલો જલાયે દિપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ.** શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇના નેતૃત્વમાં સરકારના તમામ વિભાગો ઝડપી, સરળ, લોકાભિમુખ વહીવટ કરી રહ્યા છે. મહેસૂલ વિભાગ પણ એમાંથી બાકાત નથી. જયાં જયાં જરૂર લાગ્યું ત્યાં માહિતી મળતી  હોય છે એમ સુધારા કરતા રહીએ છીએ. કયાંય કેટલા ખર્ચા આવ્યા, સંવેદનશીલ સરકાર દ્વારા વધુ બજેટ ફળવાય અને ખર્ચાય પણ આ ખર્ચના રૂપિયાનો સદુપયોગ થાય, એ પણ સરકારી ચિંતા હોય, એ ચિંતા અમે કરી રહ્યા છીએ ફકત વાપરવાના નહીં પણ યોગ્ય જગ્યાએ વપરાય આ પણ સરકારનું મોટું કામ છે.

ભૂતકાળમાં ઘણા રૂપિયા વપરાયા હતા, પણ લોકો સુધી પહોંચ્યા નથી, એ કયાં ગયા, આજે પણ ગુજરાતની પ્રજા એ લોકોને પૂછે છે. કયાં ગયા એ પૈસા? એટલે બજેટ ફાળવવું, એ તો એક વાત છે એ તો સારું જ છે વિકાસ માટે બજેટ ફાળવાય પણ એ નાણાં પણ વ્યવસ્થિત રીતે, ગેરરીતિ વગર વપરાય એ પણ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, **એક ઇચ્છા છે કુછ નહીં બદલતા, એક નિર્ણય સે થોડા કુછ બદલતા હૈ, લેકિન એક નિશ્ચિય છે સબકુછ બદલ શકતા હૈ.** માનનીય વિજયભાઇના નેતૃત્વમાં નિશ્ચયવાળી સરકાર બેઠી છે એટલે બદલાવ દેખાયો છે.

અધ્યક્ષશ્રી : શ્રી નીતિનભાઇ પછી આપ અને માનનીય ઇશ્વરભાઇ બધા કવિતા કરતા થઇ ગયા.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંઘના સ્વયંસેવક છીએ એટલે વર્ષોથી કરીએ છીએ. મારો કહેવાનો મતલબ આમાં મહેસૂલ વિભાગ પણ પાછળ નથી. અમે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૪૪૩૨.૭૩ કરોડનું બજેટ લઇને આવ્યા છીએ. વર્ષ ૨૦૧૭-૧૮માં રૂપિયા ૩ હજાર કરોડનું બજેટ હતું. આજે રૂપિયા ૪૪૦૦ કરોડ, એટલે બે-ત્રણ વર્ષના ગાળામાં ૧૫૦૦ કરોડ રૂપિયાનું વધારાનું બજેટ લઇને આ મહેસૂલ વિભાગ આવ્યો છે. એના માટે માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇ બન્નેને અભિનંદન આપું છું. અમને બજેટમાં કોઇ નવી આઇટમમાં ના નથી પાડી. એટલે જેટલું જોઇએ એટલું બજેટ મહેસૂલ વિભાગમાં આપ્યું છે. એટલે મુખ્યમંત્રીશ્રીનો અને નાણાં મંત્રીશ્રી બન્નેનો હું આભાર માનું છું. ઘણા બધા નવા ધારાસભ્યશ્રીઓ હશે, મહેસૂલ શબ્દ સોળમી સદીમાં સૌથી પહેલીવાર ટોડરમલે આપ્યો હતો. પછી વર્ષ ૧૯૧૩માં એન્ડરસન, બ્રિટિશ શાસનમાં, એમણે સુધારા વધારા કર્યા, આજે પણ એન્ડરસને એ સુધારા કર્યા પછી ૬, ૭, ૧૨, ૮, સુધારા સાથે આટલા વર્ષો પછી પણ આ દેશમાં તેનો અમલ છે. આ વિભાગની આ તાકાત છે. એ મહેસૂલ, એ પાનીયા એ આજે પણ અસ્તિત્વમાં છે. સુધારા વધારા થતા રહે છે પણ આજે પણ એ અસ્તિત્વમાં છે. મહેસૂલ વિભાગ એટલે કાયદાઓ, કલમો, પેટા કલમો, જી.આર., પરિપત્રો, સૂચનાઓ, કેટલું બધું? અને તેનો વ્યાપ કેટલો, સરપંચથી સી. એમ. સુધી, સરપંચથી કોઇ વાત ચાલુ થાય તો સી. એમ. સાહેબ અને કેબિનેટ સુધી જાય. કોઇ બાબત તલાટીથી ચાલુ થાય તો સી. એમ. સુધી જાય. આટલો મોટો આ વિભાગનો વ્યાપ અને કલેકટરના કન્ટ્રોલમાં, એટલે કેટલીકવાર એવું પણ કહેવાતું કે મહેસૂલ વિભાગ મધર ડિપાર્ટમેન્ટ છે. એવા શબ્દો પણ વપરાયા છે. આ મધર ડિપાર્ટમેન્ટ છે એવું પણ ચર્ચામાં આવતું હોય છે. ૩ શબ્દો મહેસૂલ વિભાગમાં વર્ષોથી પ્રચલિત હતા. એક ફાઇલ, એક ટાઇમ, એટલે ધક્કા અને ત્રીજું અભિપ્રાય, આજે ગૌરવ સાથે કહી શકીએ એમ છીએ કે શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇના નેતૃત્વમાં ફાઇલ, એના માટે ઘણું કર્યું છે. ધક્કા, ટેકનોલોજીને એ બધું એના માટે. હમણાં અમારા એ.સી.એસ. એ બે ત્રણ મહિના પહેલા સિનિયર અધિકારીઓને સૂચના આપી છે કે તમને કરવાના કાયદાકીય પાવર છે, તો ફાઇલો ઉપર ગાંધીનગર અભિપ્રાય શેના માટે માગો છો? અભિપ્રાય આપો. અમે સૂચના આપી છે કે તમને કાયદાકીય પાવર આપ્યા છે તેનો ઉપયોગ કરીને ન્યાયી કાર્યવાહી કરો.

અધ્યક્ષશ્રી : માથે નથી લેવા માગતા એટલે અભિપ્રાય માગે છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,  એટલે કાયદાકીય પાવર્સ છે એનો ઉપયોગ કરો અને તમે લોકોના કામ કરો. જયારે અમે બધા સાથે કામ કરતા હતા ત્યારે અમારા સૌના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી બે વાત હંમેશા કહેતા હતા કે, ફાઇલને લાઇવ બનાવો, એ ફાઇલ કોઇકની જીવનની અગત્યતા છે. એને જીવંત રાખો. આ ફાઇલો કયાંક અટકી જાય છે, એટલે ફાઇલને લાઇવ બનાવો, અમારી સરકારના નેતૃત્વમાં ફાઇલ જીવંત રહે, લોકોનું કામ કેમ જલદી થાય એ પણ અમને માર્ગદર્શન આપતા હતા. બીજી બાબત આદરણીય શ્રી નરેન્દ્રભાઇ કહેતા હતા એ કે મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ, સરકારી હસ્તક્ષેપ ઓછામાં ઓછો થાય અને સિસ્ટમથી લોકોના કામ થાય એવું આયોજન કરો. આ બધી બાબતો ધ્યાને લઇને અમારા વિભાગ દ્વારા રી-ફોર્મ્સ, પોલિસી રી-ફોર્મ્સ એટલે નીતિઓ. બદલાવ કર્યા છે, સુધારા કર્યા છે. નવી

લાવ્યા છીએ. એટલે પોલિસી રીફોર્મ, પ્રોસિઝર રીફોર્મ એટલે પ્રોસિઝરની અંદર જે કંઇ રૂકાવટો હતી એનું પણ રીફોર્મ કરવું. પેપર વર્ક રીફોર્મ, મારી વાતમાં પછી આવશે કે પેપર ઘણું બધું કાઢી નાખ્યું છે, હવે ઓન લાઇન કરેલ છે. કોઇ માનનીય સભ્યશ્રીએ ઓન લાઇનનો ઉલ્લેખ કર્યો કે ઓન લાઇનમાં ઘણી બધી બાબતો થાય છે. એટલે પેપર વર્ક રીફોર્મ, હ્યુમન રીસોર્સ એટલે માનવ ધનમાં રીસોર્સ, ઓછા માનવ ધનમાં સરળતાથી વધારે કેમ કામ થાય એનું પણ રીફોર્મ કરીને આગળ વધ્યા છીએ એટલે ટેકનોલોજીનો અમારા વિભાગે વધુમાં વધુ ઉપયોગ કરેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીનને લગતા મૂળભૂત સૌથી જરૂરી પૂરાવા, ગામ નમૂનો નંબર ૭(૧૨)ના ૮ કરોડ પેપર અમે ઓન લાઇન કર્યા છે એનું વેરિફિકેશન કરેલું છે. અવારનવાર પેપરો ખોવાઇ ગયા છે, પેપરો ફાટી ગયા છે, પેપરો મળતા નથી આ બધું હવે અમારા કમાન્ડમાં આવી ગયું છે. કમ્પ્યુટર સિસ્ટમની અંદર બધું ઓન લાઇન રેકર્ડ કરી દીધેલ છે એટલે આ બધી જે મુસીબતો થતી હતી એમાંથી લોકોને પરેશાની ઘટી જશે. ૨.૪૩ કરોડ હસ્ત લિખિત હક્કપત્રક ગામ નમૂના નંબર–૬ની નોંધો ઓન લાઇન કરી નાખી છે. દસ લાખ મહેસૂલી કેસોની વિગતો ઓન લાઇન કરી છે.

એન. એ. બિન ખેતી એ ગુજરાતમાં ચર્ચાનો વિષય હતો કે બે બે વર્ષ સુધી બિન ખેતી ન થાય. ગુજરાત જેવા વિકસીત રાજયમાં ધંધા માટે, રોજગાર માટે, શાળાઓ માટે, હોસ્પિટલો માટે, સેવાભાવી સંસ્થાઓ માટે ખેતીથી બિન ખેતી કરવી હોય તો એ જલદી ન થાય તો વર્ષો સુધી એમના ફંડ વણવપરાયેલા પડી રહે છે. એટલે બિન ખેતી દોઢ બે વર્ષ થતા હતા એ બિન ખેતીની સિસ્ટમ અમે બદલી નાખી છે. અભિપ્રાય બાદ પહેલા ઓફ લાઇન હતી. એમાં દસ જેટલી કચેરીઓનો અભિપ્રાય અને ૧૭ ટેબલ પર અરજીની પ્રોસેસ થતી હતી. ત્યારબાદ બિન ખેતીની પરવાનગી મળતી હતી એટલે એમાં સમય ખૂબ જ જતો હતો. અમે આ આખી સિસ્ટમ બદલી નાખી છે. આજે અમારી પાસે એવા દાખલા છે કે દસ પંદર દિવસની અંદર બિન ખેતી પરવાનગી મળી ગઇ હોય. કયાંક ટેકનિકલ બાબતો હશે, રેકર્ડ આધારિત રેવન્યુ ડિપાર્ટમેન્ટ રેકોર્ડ સાચા જૂઠા હોય છે એટલે કયાંક ટાઇમ લાગતો હશે પરંતુ જયાં સુધી મોટા પ્રશ્નોનો સવાલ છે ત્યાં અમે સોલ્યુશન લાવવાનો પ્રયત્નો થઇ ગયો છે. સ્પેસિફિકેશન હશે હજુ પણ મોડું થતું હશે પણ બાય એન્ડ લાર્જ એન.એ.ના પ્રિમિયમ ઝડપથી લોકોને મળે છે. ખેતી બિન ખેતી પરવાનગી પ્રિમિયમ, બિન ખેતી કરાવેલ જમીનનો અન્ય હેતુ માટે ઉપયોગ, બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પરપઝ, બિન ખેતી પરવાનગી, બોના ફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પરપઝ માટે ખેતીની જમીન ખરીદવાની પરવાનગી. ઇ–ધરામાં વારસાઇ કરવા માટે અરજી કરવી, આવી ૨૪ જેટલી સેવાઓ તબક્કાવાર ઓન લાઇન કરવામાં આવી છે. ઓન લાઇન એટલું જ નહિ પરંતુ ૨૪માંથી ૨૦ ફેસલેસ કરી છે એટલે તમારે અધિકારી પાસે હવે જવાનું નથી. એટલે એના પ્રત્યક્ષ ટેબલ ઉપર પણ જવાનું નથી. ઓન લાઇન અરજી કરવાની છે એના નિયમ અનુસાર એનો નિકાલ થશે. જિલ્લામાં આ સિસ્ટમ ભૂતકાળમાં હતી, આ આખી સિસ્ટમ અમે ગાંધીનગરમાં લાવ્યા છીએ. ગાંધીનગરમાં આઠ કાયદાકીય જાણકાર અધિકારીઓ પી.એસ.ઓ. ગાંધીનગરમાં બેઠા છે. કોઇપણ રાજયની અરજી કયા સ્ક્રુટીની ઓફિસર પાસે જશે એ એને ખબર નથી અને સ્ક્રુટીની ઓફિસરને કોની અરજી છે એ ખબર નથી. આટલી ટ્રાન્સપરન્સીની વાત આ અરજીઓમાં થશે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આઇયુઓઆરએ ઇન્ટીગ્રેટેડ ઓન લાઇન રેવન્યુ એપ્લીકેશન. ધારાસભ્યશ્રીઓ મહાત્મા મંદિર આવ્યા હશે મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં આ એક કાર્યક્રમ કર્યો હતો. એટલે ઘણી બધી આઇટમો આ સિસ્ટમમાં લઇ અને મેં કહ્યું એમ પેપર લેસ, ઓન લાઇન સિસ્ટમનો આ નમૂનો "IORA" એ જ રીતે અમે કર્યો છે. એક જ અરજીથી પ્રિમિયમ, ખેડૂત ખાતેદાર ખરાઇ ઓન લાઇન, સાત બારમાં સુધારા ઓન લાઇન, એક જ ક્લીક પર પાણી પત્રક, સાત બાર આ બધું ઉપલબ્ધ છે. હક્ક પત્રકની નોંધો, જંત્રી, મહેસૂલ કેસોની વિગતો, સિવિલ કેસોની વિગતો, મિલકત વેરાની વિગતો આ બધું ઓન લાઇન. એટલે જે મેં કહ્યું એમ નક્કી કર્યું છે, જે અમે નિશ્ચય કર્યો છે કે, ધક્કા ખાવા ના પડે, ફાઇલો ફેંદવી ના પડે અને ખોટા ખોટા અભિપ્રાયો નહીં એટલે આ બધું ઓન લાઇન લોકોથી ચાલું થયું છે. (અંતરાય) મેં અધ્યક્ષ સાહેબને વિનંતી કરી છે, દસ મિનિટ આપશે.

અધ્યક્ષશ્રી : મહેસૂલ ૧૫.૫૦ કલાકે શરૂ થયું છે, ૪.૫૦ વાગ્યે પૂરું થશે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે હું આંકડામાં નહીં પડું પણ મુખ્ય મુખ્ય બાબત જે છે એમાં ઇ–સ્ટેમ્પિંગની વાત બધાને ખબર છે. આખી ઇ–સ્ટેમ્પિંગની આખી પ્રોસીજર આપણે ઓન લાઇન ટેકનોલોજી કરી નાખી. એટલે એમાં જે વર્ષો વર્ષો સુધી જે જ્યુડિશિયલ ફિઝિકલ સ્ટેમ્પની અંદર પણ જૂના સ્ટેમ્પોમાં એનો ભ્રષ્ટાચાર થાય, સ્ટેમ્પના કાળાબજાર બોલાય આ બધી વ્યવસ્થા હતી. આનાથી એ બધી વ્યવસ્થા ખતમ થશે અને એમાં કોઇને કાંઇ કહેવાનો અવકાશ નહીં રહે. ભૂતકાળમાં જે સ્ટેમ્પિંગની વ્યવસ્થા હતી એના કરતા પણ વધુ લોકો દ્વારા આ કામગીરી, માનનીય અધ્યક્ષશ્રી, સી. એમ. ડેસ્ક બોર્ડ, હું તો માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી કરીશ કે, સી. એમ. ડેસ્ક બોર્ડ જેમણે ના જોયું હોય એ એમના બંગલે જે બનાવ્યું છે એ જોવા જજો. દેશમાં પહેલું...

અધ્યક્ષશ્રી : આપે લઇ જવા પડે બધા ને. જોવા જજો એમ ના કહી દેવાય. મંત્રીશ્રી લઇ જાય.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : હા, વ્યવસ્થા કરીશું. એમને નાસ્તા સાથે જમાડીને પછી બતાવીશું.

અધ્યક્ષશ્રી : હા, એ જે કરવું હોય એ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : એટલે એ આખા દરેક વિભાગની, એમાં મહેસૂલ વિભાગ પણ આવી જાય. ત્રણ હજાર જેટલી...

અધ્યક્ષશ્રી : ખરેખર કેટલા માનનીય ધારાસભ્યોએ જોયું નથી ? છ–સાત જણા છે. બાકી બધા એ જોયું છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જઇ આવે તો સારું છે. તો સાથે સાથે ગાંધીનગરમાં જન સેવા કેન્દ્ર બનાવ્યું છે મોડલ, એ પણ જોઇ આવજો, એ પણ જોવા જેવું છે, ગાંધીનગર નજીક છે. એવું જન સેવા કેન્દ્ર આખા ગુજરાતમાં અમે બનાવી રહ્યા છીએ. મુખ્ય બાબત વહીવટની સાથે સાથે મહેસૂલ વિભાગ સરકારનું આવકનું મોટુ સાધન છે, જી.એસ.ટી. પછી બીજા નંબરનો વિભાગ. આ વર્ષે બાર હજાર કરોડ રૂપિયા આવકના અમે ઉઘરાવી આપવાના છીએ. દેશમાં સૌથી ઓછી સ્ટેમ્પ ડ્યૂટી આપણે ત્યાં છે ૪.૯ ટકા, સૌથી ઓછી. પાંચ ટકાથી ઓછી બીજા કોઇ રાજ્યોમાં નથી. એમાં પણ મહિલાઓ માટે એક ટકો રજીસ્ટ્રેશન ફી માફ. એનો કેટલો બધો લાભ લીધો છે, ધારાસભ્યોએ આંકડા આપ્યા છે એટલે હું આંકડામાં નથી જતો. લગભગ ૧,૫૦૦/– કરોડ રૂપિયાના બહેનોના નામે દસ્તાવેજો થયા. એટલે સરકારે બહેનોની પાછળ ૧,૫૦૦/– કરોડ જેટલો લાભ એમને આપ્યો.

અધ્યક્ષશ્રી : સ્ત્રી સશક્તિકરણ કર્યું.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પછી રિ–સરવે કર્યું એ પણ એક અગત્યનું કામ ગુજરાતમાં રિ–સરવે, આ યોજનામાં, ઘણી ફરિયાદો હશે પણ રિ–સરવેનું જે કામ થઇ રહ્યું છે, આખા ગુજરાતની ખાનગી જમીનો, સરકારી જમીનો, સરકારના તળાવો, સરકારના વોંકળા, સરકારના રસ્તાઓ આ ક્યાં શું છે? નેવું વર્ષ પહેલાં મપાયા છે અને એ પણ સાંકળથી. એટલે એ બધું લેટેસ્ટ પદ્ધતિથી માપવાનું કામ ચાલી રહ્યું છે. આજે ચોક્કસ એમ કહી શકાય કે, એંશી ટકાએ અમે પહોંચ્યા છીએ, વીસ ટકા બાકી છે. એમાં કેટલીક ફરિયાદો, સૂચનો અમને આવે છે. જ્યારે આ કામ પૂરું થશે ત્યારે ગુજરાત આખા દેશની અંદર જમીનોની બાબતમાં પર્ફેક્ટ કે આટલી જમીન સરકારની છે, આ આની છે એવો રેકોર્ડ ઉભો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૭/૧૨માં જો કોઇ ધારાસભ્યએ જોયું હશે. તમને તમારી જમીનનો નકશો મળે છે. ૬ મહિનાથી. ૭/૧૨ના ઉતારામાં તમારી જમીન ગોળ છે, લંબગોળ છે, ચોરસ છે, ઉતારા સાથે આપીએ છીએ. એટલે એને પોતાને ખબર પડી જાય કે અમારી જમીન કેવી છે. આપીએ જ છીએ.

અધ્યક્ષશ્રી : એમને તો ખબર જ છે કે આપણે આપીએ છીએ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો છે. એના દ્વારા આ કામગીરી થઇ રહી છે. સૂચિત સોસાયટીની ઘણી બધી વાત થઇ છે. સામાન્ય મધ્યમ વર્ગના લોકો જીવનમાં એકવાર મકાન બનાવી શકે. ભૂલ એમની નથી. ભૂલ ઓર્ગેનાઇઝરની છે. તેણે એન.એ.ની પરમિશન ન લીધી. તેણે પૈસા ન ભર્યા એટલે મધ્યમ વર્ગનો માણસ રૂપિયા ૨૦–૨૫ લાખનું મકાન લીધું એ મકાન તેના નામે નથી. આપણે તેને કરી આપવાનો નિર્ણય લીધો.

માનનીય અધ્યક્ષશ્રી, અછત એ અમારા વિભાગનું મોટું કામ. વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધી કુદરતે પણ ગુજરાતની સરકાર અને પ્રજાની પરીક્ષા કરી. વર્ષ ૨૦૧૭માં બનાસકાંઠા, મહેસાણામાં પુષ્કળ પાણી આવ્યું. મુખ્યમંત્રીએ આખું સચિવાલય ત્યાં બનાવ્યું. તેમનો જન્મદિવસ હતો, ત્યાં રહ્યા. ત્યારથી શરૂ થયું. વર્ષ ૨૦૧૮ના અંતમાં અછત. ૯૬ જેટલા તાલુકાઓમાં અછત. અછત ગઇ તો અતિવૃષ્ટિ. અતિવૃષ્ટિનો સામનો કર્યો, લોકોને સહાય આપી તો કમોસમી વરસાદ. કમોસમી વરસાદ પૂરો થયો તો તીડ આવ્યા. છેલ્લા બે વર્ષથી એસ.ડી.આર.એફ.ની ચર્ચા થાય છે એ આજે ગૌરવ સાથે કહી શકું તેમ છું કે સંવેદનશીલ સરકારનું મોટામાં મોટું ઉદાહરણ. આ વખતની કુદરતી આફતમાં રાજ્ય સરકારે પોતાના બજેટમાંથી ભારત સરકારના જે નિયમ અનુસાર પૈસા મળતા હતા તેના સિવાય બે ગણા વધારે પેસા રાજ્ય સરકારે ખર્ચ્યા છે. દેશમાં આટલા વર્ષોમાં કદાચ કોઇ રાજ્ય સરકારે નહીં ખર્ચ્યા હોય એટલા પેકેજો આપ્યા છે. હું આંકડામાં જતો નથી. આંકડા બધાને ખબર છે. છેલ્લા જે પેકેજો કર્યા. ગુજરાત વિકસિત રાજ્ય છે. અનેક પ્રોજેક્ટો આપણે ત્યાં આવે છે. જલ્દી જમીન ફાળવીએ, સંપાદન કરીએ તો પ્રોજેક્ટ જલ્દી આવે એ પણ આંકડાકીય માહિતી આપી છે. ઘણી પોલિસીઓ કરી છે. રીન્યુઅલ એનર્જી પોલિસી, ઉદ્યોગનો દરજ્જો આપવાની પોલિસી, મત્સ્ય ઉછેરની પોલિસી જેમાં રોજગાર પ્રાપ્ત થાય એની પણ પોલિસી બનાવી છે. એટલે અમારા વિભાગ દ્વારા..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સાચું કહું? છેલ્લા ત્રણ દિવસથી ડોકું આમનું આમ રહે છે ને તો દુઃખી ગયું છે. આ બાજુ થતું જ નથી.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તમે આ બધાને બેસવા ન દીધા. નહીંતર તો બોલવામાં પણ મજા આવત. એટલે માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગમાં મેં કહ્યું એમ ઘણી બધી વાતો કહી શકાય પણ બે–ચાર વાતો જે પ્રશ્નમાં આવી. એક ગૌચરની ચર્ચા થઇ હતી. ગૌચરની ચર્ચામાં રાજ્ય સરકારે એક પણ ઇંચ ગૌચર ઓછું કર્યું નથી. ઉપરાંત ૧૦ વર્ષમાં રાજ્ય સરકારે ૧૨.૭૨ કરોડ ચોરસ મીટર ગૌચર વધાર્યું છે. એટલે ગૌચરની જે ચર્ચા કરતા હતા, ઓછું તો કર્યું નથી પણ વધાર્યું છે. દબાણની વાત કર્યા વગર..

અધ્યક્ષશ્રી : હું નાનો હતો ને, મંત્રીશ્રી, તો પપ્પા પાસે ખર્ચના પૈસા માગીએ એટલે પરચૂરણ આપે. હિસાબ જ ખબર ન પડે કે શું આપ્યું! તમે આ ૧૨.૭૨ કરોડ ચોરસમીટર કહ્યા, તેના કરતાં તેને વર્ગ કિલોમીટરમાં કહો તો પણ થોડી સમજ પડે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હા, પણ ઘટાડ્યું નથી, વધાર્યું છે. એ મુદ્દો ખ્યાલમાં આવી ગયો. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી બાબતો કહી શકાય. ધારાસભ્યશ્રીઓ ઘણા વર્ષોથી છે. એટલે કહેવાનો મતલબ ઝડપી, સરળ, લોકાભિમુખ, ગેરરીતિઓ રોકીને લોકોને વહેલો લાભ કેમ મળે એ મુખ્ય ઉદ્દેશ અમારી સરકાર અને મહેસૂલ વિભાગનો

છે. દબાણની ચર્ચા કર્યા વગર મહેસૂલ વિભાગની ચર્ચા અશક્ય છે. દબાણ એટલે સરકારી જમીનનું દબાણ દૂર કરવાનું કામ અમારા વિભાગનું છે. સરકારી દબાણ ખરું પણ વૈચારિક દબાણ પણ આ દેશમાં કેટલાય વર્ષોથી ચાલે છે. વૈચારીક દબાણ એટલે ગુજરાતની પ્રજાએ તો ગુજરાતમાં વર્ષ ૨૦૦૧થી આ વૈચારીક દબાણ દૂર કરવા માંડ્યું છે. છેલ્લી બે લોકસભામાં ૨૬-૨૬ સીટ આપી અને એ વૈચારિક દબાણ દૂર કર્યું છે. આવનારી વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં જે થોડું દબાણ છે એ પણ પ્રજા દૂર કરવાની છે એટલે દબાણ દૂર કર્યા વગર મહેસૂલના પ્રશ્નોનો અંત આવે નહીં. અમે ૩૫૦૦ જેટલી ડેપ્યુટી કલેકટર, મામલતદાર વગેરેની ડાયરેકટ નવી ભરતી કરી છે. ૩૫૦૦-૩૬૦૦ નવી નોકરીઓ ઉભી કરીને નવા કર્મચારીઓ લીધા છે એટલે આ વિભાગ દ્વારા જે કંઇ કામગીરી થઇ છે, ધારાસભ્યશ્રીના પોતાના જિલ્લામાં ધ્યાનમાં છે. હજુ પણ માનનીય ધારાસભ્યશ્રીઓને એટલી વિનંતી છે કે કોઇપણ બાબત તમારા ધ્યાનમાં આવે, ગેરરીતિ કરવા બાબતની હોય કે કોઇ સુધારણા કરવાની હોય, વિધાનસભાના ફલોર દ્વારા આવે તો પણ ધન્યવાદ છે. ના આવે તો પણ અમારા ઓફીસના માધ્યમથી, પણ આ સરકારને સરળતાથી કામ કરવા માટે આવશ્યક જે કંઇ તમારા ધ્યાનમાં બાબત હોય એ અંગે ચોકકસ તમે અમારું ધ્યાન દોરજો. અમે એને ગંભીરતાથી લઇશું અને અમારી વિનંતી છે કે આ મહેસૂલ વિભાગની માગણીમાં આપ સૌ સર્વાનુમતે મને સહકાર આપો.

અધ્યક્ષશ્રી : ચાર જ જણાને પ્રશ્ન પૂછવા દઇશ.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા મત વિસ્તારની અંદર શહેરથી લોકો આવીને પોલ્ટ્રી ફાર્મ બનાવતા હોય છે. એ માટે એન.એ. કરાવવાનું હોતું નથી અને થ્રી ફેઝ કનેકશન એમને મળી જાય છે. બીજો એક વિષય એવો છે કે વર્ષોથી નાના ગામતળો છે, એમાં એક બાપને ચાર દીકરા હોય તો એને બાજુમાં એનું પોતાનું ખેતર હોય તો એમાં એને ઘર બનાવ્યા પછી કનેકશન લેવાનું હોય છે તો મહેસૂલ મંત્રીશ્રીને કહુ છું કે એમાં ગામતળમાં થોડો વધારો થાય તો એમને ઝડપથી કનેકશન મળે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, જવાબ તરત જ આપી દો એટલે એ યાદ રાખવાનું મટે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે ગામતળની વાત કરી છે, મને એકઝેટ ખ્યાલ નથી પણ ગઇ સાલ દરેક ગામને ગામતળ વધારવા માટેનો પરિપત્ર કરી દીધો છે. એમને જોઇતું ગામતળ તાત્કાલિક મળી શકશે એવો નિર્ણય થઇ ગયો છે. પોલ્ટ્રી ફાર્મની વાત કરી મારી પાસે એકઝેટ વિગત નથી, એમને હું પછી આપીશ.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, અભિનંદન કે જે સૂચિત સોસાયટીનો કાયદો લાવ્યા એના કારણે શહેરી વિસ્તારોમાં ખૂબ ફાયદો થયો છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે ટી.પી. ફાઇનલ નથી થઇ એ પહેલા જયાં રહેણાંકના વિસ્તારો બન્યા છે અને ત્યાં આગળ ટી.પી. ફાઇનલ થયા પછી આપણે રિઝર્વેશન પ્લોટ મૂકયા છે તો વર્ષોથી જે લોકો રહે છે એમને લાભ આપી શકતા નથી અને એના કારણે ત્યાં આપણે પ્રાથમિક સુવિધા પણ આપી શકતા નથી. એમ.પી., એમ.એલ.એ., કાઉન્સીલરોના બજેટ પણ આપી શકતા નથી તો એ સોસાયટીઓને આપ સૂચિતમાં લેવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલ જે નિયમો પ્રમાણે લગભગ ૮૦૦ જેટલી સોસાયટીઓ છે જે નિયમોમાં આવે છે એને પરમિશન આપીએ છીએ, આ અમારા ધ્યાનમાં ટી.પી. પડ્યા પહેલાંની છે. સરકાર ચોક્કસ એમના માટે સહાનુભૂતિપૂર્વક નિર્ણય કરશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું, આ ઘણા બધા એમ.એલ.એ.નો પણ એક જ પ્રશ્ન છે ...

અધ્યક્ષશ્રી : બધા વતી તમે પૂછો છોને?

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : ના, ના.

અધ્યક્ષશ્રી : તો આપ બીજાની વાત શું કરવા કરો છો? આપ આપની વાત કરો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રી-સરવેનો પ્રશ્ન કલેકટર લેવલે સોલ થતો જ નથી. એ કોયડો ઉકેલાયા વગરનો રહે છે, ધારાસભ્યો માટે ખરેખર એ પરિસ્થિતિ બહુ અઘરી હોય છે. કારણ કે ઘણા સમયથી લીંગરીંગ થાય છે અને એ જે ખેડૂતો છે એ ધક્કા ખાઇ ખાઇને થાકે છે. આપણી સરકારનું આ કામગીરી માટે ખૂબ ખરાબ દેખાય છે. બીજી એક વાત એ છે કે રી-સરવેમાં વાંધા અરજીઓ આવે છે એ ક્રમ અનુસાર લેવાય, વહેલા તે પહેલાના ધોરણે લો તો વધુ સારું. કારણ કે આમાં નીચેના ક્રમવાળાને પહેલો લેવાઇ જાય છે અને જે પહેલા આવ્યા હોય છે એ રહી જાય છે તો એમાં આટલો એક ઓર્ડર થાય અને છેલ્લી એક વાત કે જયાં જયાં ઓથોરીટી બની છે, ધારો કે ભરૂચમાં એક નવી ઓથોરીટી બની છે, પણ અમારી પાસે એના ટી.પી. સર્વેયર ન હોવાને કારણે એ ઓથોરિટીનો ફાયદો પ્રજાજનોને મળતો નથી તો અમને વહેલી તકે સર્વેયર મળી જાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે ત્રણ વાત કરી એમાં એક તો સર્વેયરની જગ્યા બાબતે જોવડાવીને તાત્કાલિક જગ્યા ભરાવી દઇશું. અત્યારે ક્યાંક સ્પેશિયલ માગણી આવતી હોય છે તો અમે અદલા-બદલી કરીને પણ વ્યવસ્થા કરીએ છીએ પણ આમાં જોવડાવી લઇએ અને જગ્યા ખાલી ન રહે એની ચિંતા કરીશું. એમણે વહેલા તે પહેલાના ધોરણની વાત કરી છે તો ચોક્કસ જેની અરજી પહેલા આવી હશે એને ન્યાય પહેલા મળે એ માટેનો પરિપત્ર ચોક્કસ આજે જ અમે કરી દઇશું. બીજી એક રિસરવેની બાબત એવી છે કે આ માટે બહુ મોટું કામ ગુજરાતમાં થઇ રહ્યું છે. આપણે કેવી રીતે કર્યું

એ જોવા ૧૭ રાજ્યો આવ્યા છે. મેં મારા પ્રવચનમાં કહ્યું છે કે ૮૦ ટકા સુધી પહોંચ્યા છીએ. ૨૦ ટકામાં ફરિયાદો છે. એટલે વહેલા તે પહેલા એટેન્ડ કરીશું. જ્યાં સ્ટાફ નથી ત્યાં સ્ટાફ મૂકી દઇશું. એક ઉદાહરણ આપીશ કે જે એજન્સીઓએ કામ કર્યું હતું અને આપણા ધ્યાનમાં આવ્યું તો એને ૬૦ ટકા પેમેન્ટ ચૂકવ્યું હતું. આપણે ૪૦ ટકા પેમેન્ટ રોકી દીધું અને ના પાડી દીધી છે. આ ૧૨–૧૩ વર્ષથી ચાલતો પ્રશ્ન છે. આપણે નજીક પહોંચ્યા છીએ અને હું વિશ્વાસ અપાવવા માગું છું કે કોઇ ખેડૂતની એક ઇંચ પણ જગ્યા જશે નહીં. એની પોતાની છે એમાં એને ન્યાય મળશે.

અધ્યક્ષશ્રી : આ સી.એ.એ. જેવું છે. કોઇની નહીં જાય એમ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : એવું આમાં નથી. આપ કહેતા હોય તો ૧૨ હજાર ગામની અંદર પ્રમોલ્ગેશન આવ્યું.

અધ્યક્ષશ્રી : મેં આપની વાતને સમર્થન આપ્યું. જેવું સી.એ.એ.માં કહેવાય છે કે કોઇની નાગરિકતા નહીં જાય એમ આપ કહો છો કે કોઇ ખેડૂતની એક ઇંચ જમીન નહીં જાય.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : હા, જેની પોતાની હક્કની માલિકીની જમીન છે, ભલે એ નકશામાં, રિસરવેમાં ખોટી આવી હોય તો પણ એને ન્યાય અપાવીશું.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પૂછવા માગું છું કે, વર્તમાન સમયમાં અશાંત ધારો જે છે એમાં ગયા જુલાઇ માસના સત્રમાં જે એમેન્ડમેન્ટ, નવા સુધારા આપણે લાવ્યા એ સુધારા ક્યારથી લાગુ પડશે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વિધાનસભામાં માનનીય ભુપેન્દ્રસિંહજીને ચાર્જ આપ્યો હતો એ વખતે અશાંત ધારામાં કેટલાક સુધારા આપણે કર્યા હતા. આ રાજ્ય સરકાર ચોક્કસ માને છે કે અશાંત ધારાનો ચુસ્તપણે રાજ્યમાં અમલ થવો જોઇએ. ચાર દિવસ પહેલા મારા પ્રવચનમાં મેં વાત કરી હતી. એમાં જે સુધારા કર્યા છે એ સુધારા બિલ આજે ભારત સરકારમાં છે અને લાસ્ટ સ્ટેજે ચર્ચામાં છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલમાં ખૂબ જ સારી રીતે વ્યવસ્થાઓ આપણે ઉભી કરીએ પણ એમાં એક ક્વેરીની પદ્ધત્તિ છે. તમારી ફાઇલ મૂકાય અને ઉપર જાય એટલે ત્યાંથી ક્વેરી કરે એટલે પછી નીચે આવે. વળી પાછી ઉપર જાય અને વળી પાછી ક્વેરી થઇને નીચે આવે.

અધ્યક્ષશ્રી : એક એક ક્વેરી કાઢીને મોકલે. એક સાથે ન કાઢે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : હા, હું એનો દાખલો આપું કે અમારે ત્યાં દૂધ સંઘ છે એણે ત્રણ વર્ષથી જમીન માગેલી છે. ત્રણ વર્ષથી એની ક્વેરી હજી પૂરી થઇ નથી. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આ ક્વેરી પદ્ધતિ નીકળે એના માટેની કોઇ સિસ્ટમ આપણે ગોઠવવી જોઇએ.

અધ્યક્ષશ્રી : એક જ વખતમાં બધી ક્વેરી ન કાઢે તો એ અધિકારીને દંડ કરવો પડે તો બધું સરખું થાય.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ટેકનોલોજીની વ્યવસ્થા છેલ્લા એકાદ વર્ષમાં થઇ છે. એના શું પરિણામ, શું લાભ, શું સુધારવું એ બધું ચાલે છે. પણ શ્રી બાબુભાઇ સાહેબના જવાબમાં જણાવું તો મેં મારા પ્રવચનમાં જણાવ્યું હતું કે પી.એસ.ઓ. ૮ જેટલા અધિકારીઓ ગાંધીનગર ખાતે સ્ક્રૂટિની કરશે. એમાં બધું આવે છે એટલે એમાં સમજપૂર્વક સુધારા કરતા રહ્યા છીએ. હવે અરજી કરનારને જ ખબર નહીં હોય કે મારી સ્ક્રૂટિની કોણ કરવાનું છે! સ્ક્રૂટિની કરનારને ખબર નહીં હોય કે હું આ કોની કરી રહ્યો છું! તેમ છતાં ક્યાંક આવી નાની મોટી ફરિયાદો હશે પણ નજીકના ભવિષ્યમાં આનું સોલ્યુશન લાવવાની અમારી તૈયારી છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બે વસ્તુ છે. એક તો સૂચિત સોસાયટીઓ રાજકોટમાં ૨૯૮ જેટલી છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એના માટેની ઝડપ, કોઇ સમય મર્યાદા નક્કી થાય કે આટલા સમયમાં કાર્ય પૂરું થાય તો એનો અંત આવે. બીજી વાત એ છે કે કોઇ જન્મજાત ખેડૂત હોય અને વીલથી એને જમીન મળી હોય એ વેચે ત્યારે ૧૦ ટકા પ્રિમિયમ વસુલ કરવા માટેની વાત આવે છે તો એમાં ખેડૂતનો દોષ હોતો નથી. કોઇ વિલથી એને જમીન પ્રાપ્ત થઇ હોય તો પાછળથી ૨૦–૨૫–૩૦ વર્ષે જ્યારે જમીન વેચે ત્યારે આંબો માગે છે તો આ અંગે કોઇ સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સુચિત સોસાયટીની વાત કરી એટલે જેમ જેમ આ નિર્ણય લીધો એમાં જેમ જેમ સુધારવાની જરૂરિયા ઉભી થાય એમ કરીએ છીએ. એક વખતે સુધારો એવો કર્યો કે ૬ મહિનાની મુદત હતી એ વધારીને એક વર્ષની કરી આપેલી. પૈસા ભરવામાં એક સાથે ભરવામાં તકલીફ પડતી હતી. એમાં આપણે ચાર હપ્તા કરી દીધા. હવે શ્રી ગોવિંદભાઇ સાહેબે ઝડપ લાવવાની વાત કરી એની અમે ચિંતા કરીએ છીએ અને જેણે અરજી કરી છે એના કેસમાં ઝડપ આવે એનું મિકેનીઝમ અમે ચોક્કસ ગોઠવીશું. બીજી વાત એમણે વિલની કરી એ આપ સાહેબ જાણો છો કે ટેકનીકલ વિષય છે વિલથી ખેડૂત બને, ના બને, ગુજરાતની અંદર બિનખેડૂત ખેતીની જમીન લઇ શકતો નથી આ કાયદો અસ્તિત્ત્વમાં છે. એટલે વિલથી બન્યો ના બન્યો આ બધી ટેકનીકલ બાબતો છે. આમાં કેસ ટુ કેસ શું નિર્ણય થઇ શકે? એમાં પણ ઝડપ કરીને હા કે ના એટલું અમે કરી શકીએ.

અધ્યક્ષશ્રી : સાચું વસિતયનામું હોય તો એને કોઇ મિલકત મેળવતા રોકી શકે નહીં.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, ભુજની અંદર વૈશ્વિક કક્ષાનું ભૂજિયા ડુંગર ઉપર સ્મૃત્તિવન બની રહ્યું છે જે આપણા વડાપ્રધાનનો ડ્રીમ પ્રોજેક્ટ છે. આની સામે સરકારી ટાવરમાં ૫૦૦ જેટલા આવાસો ગેરકાયદેસર બની ગયા

છે. મને એમ લાગે છે કે જ્યારે વૈશ્વિક કક્ષાનું આવું સ્થળ બની રહ્યું હોય એ સમયે જે ૫૦૦ જણા છે તે બધાને આવાસ બનાવીને આપણે ત્યાંથી શિફ્ટ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની જે યોજનાઓ છે એની અંદર સમાવેશ કરીને અને સરકારી જમીન ઉપર ઇલલિગલ હશે તો તાત્કાલિક પગલાં લઇને ખસેડી દઇશું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૭/૧૨ની અંદર ઘણા બધા ભળતા નામો હોય છે અને અત્યારે હાલ શહેરી વિસ્તારની અંદર એવી એક ટોળકી ઊભી થઇ છે કે જે ભળતા નામના પાન કાર્ડ અને આધાર કાર્ડ ગોતીને એની અંદર ફોટો બદલીને જમીનના દસ્તાવેજ કરી દે છે તો એવી બાબતમાં સરકાર શું પગલાં લેવા માગે છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે આ વિધાનસભામાં નવો કાયદો લઇને આવીએ છીએ.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના આદિવાસી સમાજના પ્રશ્નો છે એમાં વાગોડિયા અને અંબારી ગામ છે, એમાં ૭/૧૨ની ઓન લાઇન નકલો મળે એ પ્રમાણેની માગણી છે. આજ દિન સુધી એટલે કે ઓન લાઇન થયું ત્યારથી આ લોકોને આપણે સુવિધા આપી શકતા નથી. એક આખું ગામ બાકી છે. બીજો મુદ્દો એ છે કે ભીમસર ગામ છે ત્યાં કડાણા જળાશય બન્યું ત્યારે સિંચાઇ વિભાગે માટી કામ માટે જમીન સંપાદન કરી ત્યાં ખેડૂતો ખેડે છે બધું જ કરે છે એ જમીન રિગ્રાન્ટ કરવામાં આવે એવી મારી માગણી છે અને ત્રીજો અતિ સંવેદનશીલ મુદ્દો એ છે કે વર્ષ ૧૯૯૭માં ગુજરાતમાં આપણા તાલુકા અને જિલ્લાનું વિભાજન થયું એમાં અમારા સંતરામપુર તાલુકાના ૩૯૯ ગામો હતા એમાં કડાણા તાલુકો બન્યો અને સંતરામપર તાલુકો બન્યો એના પછી નાની વરેઠ, મોટી વરેઠ અને કાનાવાડા એવા ગામ છે એ આજે નથી સંતરામપુર તાલુકામાં કે નથી કડાણા તાલુકામાં. વર્ષ ૧૯૯૭થી એ ગામોમાં જન્મ–મરણની નોંધણી આજે પણ થતી નથી એ મારા સમાજ માટેની ગંભીર બાબત છે અને વિશેષમાં આપણે મતદાર બનાવ્યા છે, આધાર કાર્ડ આપ્યું છે, ચૂંટણી કાર્ડ આપ્યા છે, રેશન કાર્ડ પણ આપ્યા છે પણ એ મહેસૂલી ગામ ના હોવાના કારણે એ ગામનો વિદ્યાર્થી ભણીને વિદ્યાર્થી ૧૨મું પાસ થાય ત્યારે ૭૩(એએ)ની એન્ટ્રી ના હોવાના કારણે જાતિનો દાખલો પણ આપી શકતા નથી. આ ગંભીર બાબત છે એટલે એ ગામોનો સમાવેશ જે તાલુકામાં થતો હોય ત્યાં કરવામાં આવે એવી મારી માગણી છે. બીજો પ્રશ્ન એ છે કે, ૨૫૮ ખાતેદારો કડાણા જળાશયમાં ડૂબાણમાં ગયા ૩૨૨૦ પરિવારોમાંથી ૧૯૬૨ પરિવારોનું વિસ્થાપન જે તે સમયે ૨૦૦–૩૦૦ રૂપિયા આપીને કોંગ્રેસની સરકારે કર્યું હતું પણ એમાંથી ૨૫૮ ખાતેદારો આજની તારીખે જમીન વિહોણા છે જેને જમીન આપી શક્યા નથી. આટલા વર્ષો થઇ ગયા પછી ૨૫૮ ખાતેદારો જંગલોમાં જતા રહ્યાં. જે બેટ બની ગયા એમાં વસવાટ કરીને જીવે છે. આપણે જમીન બીજે આપી શક્યા નથી એવા લોકોના ત્યાં વિદ્યાર્થીઓ ભણે છે. તેમને ૧૨ ધોરણ પાસ કર્યા પછી પણ આપણે એને આદિવાસીનો દાખલો ન આપી શકવાને કારણે વિદ્યાર્થીઓને રોજગાર પણ આપી શકતા નથી. આ ગંભીર બાબત છે એટલે મંત્રીશ્રીને વિનંતી છે કે આનો સુચારુ ઉકેલ લાવે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગંભીર બાબત મને લખીને આપશે એટલે ગંભીરતાથી ધ્યાને લઇશું.

અધ્યક્ષશ્રી : લખીને આપી દેજો. માનનીય મુકેશભાઇ, હું તમને પૂછવાની પરવાનગી આપવાનો નથી એટલા માટે કે તમે કાયમ બહુ વાતો કરો છો. એટલે વિચારુ છું પૂછવા દેવું કે કેમ? માનનીય જગદીશભાઇ.

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી માહિતી માગું છું મને ખબર નથી કે આ ઇન્ફર્મેશન મગાય કે નહીં પણ ઘણા સમયથી હું એક શબ્દ સાંભળું છું. કારણ કે નવો નવો ધારાસભ્ય છું કે મારી જમીન ઘસાઇ ગઇ તો આ ઘસાઇ ગઇ એટલે શું? આ વધારે કાયદાના કારણે થાય છે કે કાયદો નહીં હોવાને કારણે થાય છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જગદીશભાઇએ સાંભળ્યું હશે ઘસાઇ ગઇ એટલે ખરેખર કોઇ જેન્યુઇન માણસ ન હોય અને એણે લઇ લીધી હોય કે એવી ભાષામાં વાપરે છે જતી રહી પણ એ ટાઇપનો પણ કાયદો લાવી રહ્યા છીએ કે ઘસાઇ ન જાય.

અધ્યક્ષશ્રી : ભાઇ, અહીં તો ધારાસભ્યો ઘસાઇ જાય છે. ચાલો હવે કોઇ નહીં. છેલ્લો પ્રશ્ન શ્રી રાઉલજી, બહુ થઇ ગયું.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૨૨૭ તાલુકા મથકે મામલતદાર ઓફિસમાં જે ઇ–ધરા કેન્દ્ર છે એ ઇ–ધરા કેન્દ્રની અંદર જે ઓપરેટરો છે એ કરાર આધારિત છે અને કરાર આધારિત હોવાને કારણે એમની પોતાની જવાબદારી ફીક્સ થતી ન હોવાને કારણે ઘણી વખત ઓપરેટર તરીકે એ નોંધે છે. એ વારસાઇની એન્ટ્રી હોય, વેચાણની એન્ટ્રી હોય, હક્કની એન્ટ્રી હોય એમાં ક્ષેત્રફળમાં પણ ઘણી વખત ફેરફાર હોવાને કારણે સુધારા હુકમો ઘણા બધા ભૂતકાળમાં કરવા પડયા હતા અને આજે પણ થાય છે તો આવા ઓપરેટરોને કાયમી કરવા માગે છે કે કેમ? બીજી વસ્તુ એ કે રીસરવે થયા પછી મૂળ માપણીને ધ્યાને રાખીને એની દુરસ્તી કરવા માગે છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સી. કે. રાઉલજીએ જે બાબતની વાત કરી છે એક તો કરાર આધારિત હોય એવા લોકોની જવાબદારી શું ફીક્સ થાય એ અમે કરી શકીએ, પણ કાયમી આપવાની વાત છે એમાં જી.એ.ડી. અને બધા અલગ વિભાગની પણ કન્સલ્ટેશન લઇને કરવું પડે. પણ કરાર આધારિત અમે રાખ્યા હોય એની શું જવાબદારી છે

એ જોવડાવી અને જવાબદારી ફીકસ થાય એ ચોક્કસ કરી શકીએ. બીજી એમણે રીસરવેની વાત કરી છે. મેં કીધું એમ કે હવે અમે અમારી ૨-૩ વસ્તુમાં આખા વિભાગનું ધ્યાન કેન્દ્રિત કરવાના છીએ. એમાંની એક બાબત રીસરવે છે. જેમાં વહેલામાં વહેલી ગુજરાતની અંદર બધી જે ખાનગી કે સરકારી મિલકતો છે એનું ચોક્કસ માપ અને નકશા તૈયાર થાય એ માટે અમે ઝડપથી કાર્યવાહી હાથમાં લેવાના છીએ.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે મારા મહેમદાવાદ તાલુકામાં અને મારી વિધાનસભામાં કુલ ૧૮ ગામો અને એક શહેર એ ઔડામાં આવે છે. તો મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ટી.પી.ઓની નિમણૂક થયા પછી એ ટી.પી. ફાઇનલ કેટલા સમયમાં થાય? વર્ષોથી અમારો એક પ્રશ્ન છે. બીજો એક પ્રશ્ન છે કે વર્ષોથી ઝોન ફેરફાર અમારો થયો નથી. એગ્રીકલ્ચર ઝોન હોવાને કારણે વિકાસ થતો નથી, તો ટુંક સમયમાં કંઇક ઝોન ફેરફાર થાય એવી મારી વિનંતી છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે વિભાગ શહેરી વિકાસ અને એ બધા ભેગા થઇને કરતા હોય છે. ટાઉન પ્લાનીંગ ઓફિસ એટલે ટી.પી. વિષય એમનો આવે. એનું સજેશન શું થઇ શકે?

અધ્યક્ષશ્રી : સજેશન બીજા વિભાગને મોકલજો. સાથે બેસીને ચર્ચા થાય. શ્રી સેવકભાઇ,

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમારા ખાનપુર તાલુકામાં મારો મત વિસ્તાર છે ત્યાં એક મૈયાપુર પંચાયત છે અને એક મુડાવડ પંચાયત છે એનો ૧૫ થી ૨૦ વર્ષથી રેકર્ડ બળી ગયો છે. એટલે આજની તારીખમાં આપણે કંઇ લેવા જઇએ કે કોઇ લોન લેવી હોય તો પાછલો રેકર્ડ મળતો નથી. એટલે ત્યાં જમીન એન.એ. કરાવીને રહેવું હોય તો એને મુશ્કેલી પડે છે કે રેકર્ડ કંઇ આવતો નથી. તો આમાં શું કરવું જોઇએ? અને બીજો પશ્ન એ છે કે મારો લુણાવાડા તાલુકો પહેલા ગ્રામ્ય વિસ્તાર હતો અને પછી અત્યારે જિલ્લાનું મુખ્ય મથક થયું છે. તો જેમ શ્રી અર્જુનસિંહે પૂછયું તેમ મારો ઝોનનો વિસ્તાર છે. તો ગ્રામ્ય વિસ્તારમાં લોકો રહેઠાણના મકાન કરે છે તો ગ્રીન બેલ્ટ હટાવીને આગળ લઇ જવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન..

અધ્યક્ષશ્રી : આટલા બધા ન હોય. રૂબરૂ મળજો. લખાવી દો.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને મારું એક સૂચન છે કે અમારું સુરત એમાં વરાછા વિસ્તારમાં ૧૮ થી ૨૦ લાખ લોકો વસે છે.

અધ્યક્ષશ્રી : તમારા એકલાનું નથી આપણું કહો.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : એમાં આવકના દાખલા માટે એક જ સેન્ટર છે અને રોજ આ સમસ્યા રહે છે, તો બે સેન્ટર વધારે આપવા માટેની વિનંતી છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : એમનું સૂચન છે. જોવડાવીશું અને લોકોને તકલીફ ન પડે તેવું આયોજન કરીશું.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને મારું સૂચન છે કે ખાસ કરીને ટોચ મર્યાદામાં જમીન ખાલસા થઇ ગઇ હોય અને સરકાર હસ્તક થઇ જાય. એ જમીન ખેતીના હેતુ માટે આપવામાં આવે છે. પરંતુ દક્ષિણ ગુજરાતની અંદર ૧૦ થી ૧૨ લાખ હળપતિ લોકો છે. આજે પણ જમીન વિહોણા છે, ઘર બાંધવા માટે લોકો ફાંફા મારે છે. એને રેસિડેન્શિયલ હેતુ માટે કરવામાં આવે તો આ કાયમી પ્રશ્ન આ સમાજ માટે દૂર થઇ શકે તેમ છે.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૭૮, ૭૯, ૯૨ અને ૯૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૩૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૯મી, માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા.૧૯મી માર્ચ, ૨૦૨૦
તારાંકિત પ્રશ્નો

# ગુજરાત વિધાનસભા
## ગુરુવાર, તા.૧૯મી માર્ચ, ૨૦૨૦
## ફાલ્ગુન ૨૯, ૧૯૪૧ શાકે
## સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
## અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો
### અમરેલી જિલ્લામાં બાળકોની આરોગ્ય તપાસ

*૨૭૩૭૧ **શ્રી કાંતિભાઇ બલર** (સુરત–ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૩,૫૬,૩૨૫ |
| ૨૦૧૯ | ૩,૫૪,૮૧૯ |
| **કુલ** | **૭,૧૧,૧૪૪** |

(૨)

| વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૨૮૯ | ૮૫ | ૬૧ |
| ૨૦૧૯ | ૨૮૪ | ૯૧ | ૫૯ |
| **કુલ** | **૫૭૩** | **૧૭૬** | **૧૨૦** |

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મુલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

શ્રી કાંતીભાઈ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ક્યારથી શરૂ કરવામાં આવેલ છે. તેનો મુખ્ય હેતુ શું છે અને આ કાર્યક્રમ શાળાઓમાં ક્યારથી હાથ ધરાય છે?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના બાળકો, વિદ્યાર્થીઓના આરોગ્યની જાળવણી કરવા માટે ભારતીય જનતા પાર્ટીની અમારી સરકાર દ્વારા પ્રાથમિક તબક્કે નાના પાયે વર્ષ ૧૯૯૮માં આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ તબક્કાવાર જેમ જેમ સમય વિતતો ગયો એ પ્રમાણે આના જે લાભો દેખાયા, ઉપયોગિતા દેખાઇ, એના કારણે રાજ્ય સરકારે એને ખૂબ સઘન સ્વરૂપ આપ્યું. કાર્યક્રમને વ્યાપક બનાવ્યો અને આજે તો ગુજરાતની સ્કૂલોમાં ભણતા તમામ, આંગણવાડીથી માંડીને સ્કૂલો સુધીના બધા જ બાળકોના આરોગ્યની તપાસણીના કાર્યક્રમો અમે કરીએ છીએ. માનનીય કાંતિભાઇએ પૂછ્યું કે હેતુ શું છે? હેતુ પણ ખૂબ દૂરંદેશીવાળો છે. શાળામાં બાળક ભણતો હોય, નાનું બાળક હોય, ગામડામાં રહેતા હોય અને મા–બાપ ઓછું ભણેલા અથવા અશિક્ષિત હોય અને બાળકને કોઇ રોગ હોય, આંખના ચશ્માના નંબર હોય, દાંતમાં તકલીફ હોય, હૃદયની કે કિડનીની તકલીફ હોય પણ બાળક કશું સમજે નહીં અને કહી શકે નહીં. એને ખબર ન પડે. સ્કૂલે જાય અને ઘેર પાછું આવે. રમતા રમતા મેદાનમાં દોડતા બીજા બાળકો સાથે થાકી જતું હોય, શ્વાસ ચડતો હોય તો પણ બાળકને અને એના મા–બાપને ખબર ન પડે. પણ એ થોડું મોટું થાય અને બિમારી વધતી જાય એવું ન થાય એ માટે દરેક બાળકની ચકાસણી કરવાનું આ કાર્યક્રમ હેઠળ આવરી લીધું છે. સ્કૂલે સ્કૂલે, ગામે ગામ જઇ એકે એક બાળકની વિવિધ રીતે તપાસ કરવામાં આવે છે. એમાં કોઇપણ બાળક બિમાર કે અસ્વસ્થ જણાય તો એની સારવાર સઘન રીતે ગમે તેટલો ખર્ચ થાય એ અમારી સરકાર દ્વારા કરવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, શાળા આરોગ્ય કાર્યક્રમમાં સુપર સ્પેશિયાલિટી સારવાર માટે કઇ કઇ હોસ્પિટલો જોડાયેલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મોટાભાગના બાળકોને સી.એચ.સી. સેન્ટરોમાં પ્રાથમિક સારવાર આપવાની થાય. ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં પણ જરૂર પડે, કોઇને એપેન્ડિક્સની તકલીફ હોય તો ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અથવા સર્જન હોય ત્યાં સારવાર કરાવી ઓપરેશન કરાવીએ. બીજી હાડકાની નાની મોટી ખોડ–ખાપણ હોય તો એની પણ આપણે સારવાર કરાવીએ છીએ. પરંતુ હૃદયરોગ, કિડની અને કેન્સર આ ત્રણ ગંભીર પ્રકારના રોગો છે એટલે માનનીય દેવાભાઇએ પૂછ્યું એ પ્રમાણે આપણે રાજ્યની હોસ્પિટલોમાં ખાનગી તો ઘણી છે પણ સરકારની પોતાની આખા દેશમાં જેને પ્રતિષ્ઠા મળેલ છે એવી આપણી યુ.એન.મહેતા કાર્ડિયોલોજી માટે, કેન્સર હોસ્પિટલ અને કિડની હોસ્પિટલ જે સ્વ.એચ.એલ.ત્રિવેદી સાહેબે શરૂ કરેલ અને હવે તો યુનિવર્સિટી સુધી આપણે એને પહોંચાડી છે. ત્યાં દર્દીઓ એટલે કે બાળકોને વારાફરતી અમે મોકલી આપીએ છીએ. ત્યાં ડોકટરોને સૂચના છે કે જેવી જેની જરૂરિયાત એ પ્રમાણે પ્રાયોરિટી આપવાની. કોઇકને બ–ત્રણ મહિને ઓપરેશન થાય એવું ચાલે એમ હોય તો કોઇકને તાત્કાલિક કરવાની જરૂર હોય તો એને પ્રાયોરિટી આપીએ. આ વાત હું એટલા માટે કહું છું કે ગઇ વખતે એક માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો હતો કે ત્યાં વેઇટિંગ લિસ્ટ હોય એ વાત સાચી છે. આખા રાજ્યમાં કાર્યક્રમ થાય અને સમજી લો કે ૧૦૦૦ બાળકોને હૃદય રોગની સારવાર આપવી છે, ૫૦૦ બાળકોને કીડનીની સારવાર આપવાની છે તો ચાલુ દર્દી સહિત આનો ઉમેરો થતો હોય છે. એટલે એમાં જે પ્રમાણેની જરૂરિયાત હોય, કોઇને તાકીદની જરૂરિયાત હોય, ઇમરજન્સી હોય એની પહેલા ઓપરેશનમાં સારવાર કરીએ બાકીનાને ટાઇમ ફાળવીએ છીએ એ પ્રમાણે સારવાર કરીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં ઉંમરની કે આવક મર્યાદાઓ છે કે કેમ? બીજું, શાળાએ ના જતાં બાળકોને આ લાભ આપવામાં આવે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે એટલું ઝીણવટભર્યું આયોજન કર્યું છે કે, ઉંમરમાં તો જે શાળામાં ભણતા હોય કોઇ મોટી ઉંમરે શાળામાં દાખલ થયું હોય એવા એને સંજોગો હોય, કોઇ વારંવાર બિમાર પડતો હોય અને વધુને વધુ ભણવાનું ચાલુ રાખવાનું હોય, હાજરી ઓછી આપી શકતા હોય અને ઉંમર વધી હોય તો જે પણ બાળક હોય એને ૦ થી ૬ જે આંગણવાડીના બાળકો છે એ બધાને આવરી લઇએ છીએ. ૧થી ૧૨માં અભ્યાસ કરતા સરકારી ગ્રાન્ટ ઇન એઇડ, ખાનગી કોઇ પણ જાતની શાળાના વિદ્યાર્થીઓને આપણે આવરી લઇએ છીએ. આપણે ત્યાં સંસ્કૃત્તિ પ્રમાણે છે. ગુરુકૂળમાં પણ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તો ગુરુકૂળમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જે ગ્રાન્ટેબલ પણ નથી અને સરકારી પણ નથી એમને પણ આપણે આવરી લઇએ છીએ અને મદ્રેસામાં રહીને અભ્યાસ કરતા હોય એ વિદ્યાર્થીઓને પણ આવરી લઇએ છીએ. કોઇ પણ રીતે ક્યાંય પણ અભ્યાસ કરતા હોય એ વિદ્યાર્થીઓને ઉંમરની મર્યાદા સિવાય ફક્ત એક જ એનું ધોરણ છે કે બાળક અભ્યાસ કરતો હોવો જોઇએ, વિદ્યાર્થી હોવો જોઇએ એ પ્રમાણે બાળકોની સારવાર કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : આવકનું પૂછેલું પણ બાળકની આવક જ ના હોય એટલે એ પ્રશ્ન લાગુ પડતો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છતાં જાણકારી માટે કહું કે આવકનું આમાં કોઇ ધોરણ નથી. સમજી લો કે સુખી ઘરનો છોકરો પણ ગ્રાન્ટ ઇન એઇડ સ્કૂલમાં ભણતો હોય પછી ભલે એની આવક ૫૦ લાખ રૂપિયા હોય તો પણ બાળક છે, વિદ્યાર્થી છે માટે એની સારવાર મફત એ રીતે આપણું ધોરણ છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ આવી ગયો છે.

### રાજકોટ મહાનગરપાલિકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો

*૨૭૩૭૦ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ પૂર્વ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) કોઇ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ રાજકોટ મહાનગરપાલિકામાં કઇ કઇ જગ્યાએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અરવિંદ રૈયાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે રાજ્ય સરકાર દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાનો મુખ્ય ધ્યેય શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ભૂતકાળની થોડી વિગત આપીશ કારણ કે આ ભૂતકાળ સાથે જોડાયેલો વિષય છે.

અધ્યક્ષશ્રી : મુખ્ય ધ્યેય પૂછેલું છે.

## તા.૧૯મી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મુખ્ય ધ્યેય જ કહું છું. આરોગ્ય વિભાગની કામગીરી મોટાભાગે ગ્રામ્ય વિસ્તારને આવરી લેવાની પહેલા હતી. પહેલા પેટા આરોગ્ય કેન્દ્ર, પી.એચ.સી., સી.એચ.સી., ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ અને કોઇ પણ વિસ્તારના દર્દી આવે તો સિવિલ હોસ્પિટલ જે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર આવા મહાનગરોમાં છે. બધા જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ છે. પરંતુ રાજ્યની અંદર જેમ શહેરીકરણ વધતું ગયું, શહેરોની વસ્તી વધતી ગઇ. આજે ગુજરાતની ૪૫ ટકા વસ્તી એ નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં રહે છે. ભૂતકાળમાં ૩૦,૦૦૦ની વસ્તીએ પી.એચ.સી. હોય પણ શહેરીની વસ્તી ૧૦ લાખ હોય તો અમારી આરોગ્યની વિસ્તારવાઇઝ કોઇ સેવાઓ નહતી. સિવિલ હોસ્પિટલ અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં હતી પણ વોર્ડવાઇઝ અથવા તો વસ્તીદીઠ આરોગ્ય વિભાગની કોઇ સેવા ગુજરાત સરકાર આપતી ન હતી. ભૂતકાળમાં નગરપાલિકાની કેપેસિટી ન હતી પણ જે તે મહાનગરપાલિકામાં કોઇ પણ નાની મોટી હોસ્પિટલ હોય, દા.ત. અમદાવાદમાં એલ.જી. હોસ્પિટલ, બીજી બે–ત્રણ હોસ્પિટલ, આંખની હોસ્પિટલ કોર્પોરેશન પોતાના બજેટમાંથી ચલાવતું હતું. પણ રાજ્ય સરકારનો એમાં કોઇ ફાળો નહોતો અને લાખોની જનતાને કોઇ આરોગ્યની સુવિધા નહોતી મળતી પછી એ રસીકરણનો કાર્યક્રમ હોય, કુટુંબ નિયોજનનો કાર્યક્રમ હોય, પોષક આહાર આપવા માટેનો કાર્યક્રમ હોય, સગર્ભા માતાની તપાસ કરવા માટેનો કાર્યક્રમ હોય તો મોટા શહેરો તો રહી જ જતા હતા. ૫૦૦ની વસ્તીના ગામમાં અમારો આરોગ્ય વર્કર જાય પણ ૫૦ લાખના અમદાવાદમાં ન જાય, ૬૦ લાખના અમદાવાદમાં ન જાય એટલે અમે શહેરી વિકાસ વિભાગના સહયોગથી કોર્પોરેશનો, નગરપાલિકાઓ જગ્યા ફાળવે અને બાકીનું બાંધકામ, ઇન્ફ્રાસ્ટ્રકચર, સાધન સામગ્રી, ડોકટર, પેરા મેડિકલ મહેકમ એ બધું રાજ્ય સરકાર પૂરું પાડે, આરોગ્ય વિભાગ પૂરું પાડે. એ પ્રમાણે શહેરોને આવરી લઇને આરોગ્યની સેવાઓ આપણે ચાલુ કરી દીધી છે. એટલે હવે અમદાવાદમાં દા.ત. રાણીપમાં કોઇ બિમાર પડે તો એને સિવિલ હોસ્પિટલ જવાની જરૂર નથી કે સોલા સિવિલ જવાની જરૂર નથી. એ રાણીપના અમારા સી.એચ.સી.માં જાય તો ત્યાં એની સારવાર થઇ જાય. એવી રીતે સુરત, વડોદરા, અમદાવાદ બધે કરી દીધું છે અને મારે આભાર માનવો છે શહેરી વિકાસ વિભાગનો, કોર્પોરેશનોનો અને મેયરશ્રીઓનો કે એમણે પણ સુંદર જગ્યાઓ, બિલ્ડીંગો અમને ફાળવ્યા અને અમે ત્યાં કામ કર્યું. મેં રાજકોટ, અમદાવાદ, સુરત ઘણા આવા આરોગ્ય કેન્દ્રોના ઉદ્‌ઘાટનો કર્યા. એટલા સુંદર બિલ્ડીંગો અને વ્યવસ્થા આપણે બનાવી છે કે શહેરમાં પણ આંતરિક વિસ્તારમાં આવી સુવિધાઓ પૂરી પડે કે કોઇપણ વ્યક્તિ આરોગ્યની સેવા લીધા વગર બાકી ન રહે અને ઘર આંગણે નજીકમાં એને આરોગ્યની સારવાર મળે એ હેતુથી શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો અમે ચાલુ કર્યા છે.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહાનગર ખાતે મંજૂર કરવામાં આવેલા શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ગુજરાત સરકારનો નાણાકીય રોલ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, થોડા સમય સુધી તો ભારત સરકારની જે યોજના છે એમાં આપણે ઉચ્ચક મહેનતાણાથી કામ કરતા કર્મચારીઓ લેતા હતા પણ હવે આપણે આખી યોજના રાજ્ય વ્યાપી કરી છે. રાજ્યનો બધો ખર્ચો આરોગ્ય વિભાગ, ગુજરાત સરકાર ઉપાડે છે. એટલે હવે જે વ્યવસ્થા થાય એમાં ભારત સરકારની એન.આર.એચ.એમ. યોજના છે એનો સહયોગ મળતો હોય એ લઇએ છીએ. એ ગ્રાન્ટનો ઉપયોગ કરીએ છીએ બાકી બધું બજેટ આપણું છે પણ ખર્ચની ચિંતા અમે કરતા નથી, નાગરિકના આરોગ્યની જાળવણી એ અમારું પ્રથમ લક્ષ્ય છે.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રેફરલ સંદર્ભ સેવા સારવાર શું છે? તેમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય છે? તે કયાં પૂરી પાડવામાં આવે છે? રાજકોટ મહાનગરપાલિકામાં શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે બાંધકામ અંગેની છેલ્લી પરિસ્થિતિ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ મહાનગરપાલિકામાં એક, કોઠારીયા ખાતે સી.એચ.સી.ની કામગીરી કરી રહ્યા છીએ. મંજૂર થયું છે. બીજામાં, કોર્પોરેશન અને સરકાર બંને નવું બીજું સ્થળ બનાવવા માટે પણ સ્થળ નક્કી કરવાની કાર્યવાહી અમે કરી રહ્યા છીએ. માનનીય ગીતાબાએ જે બીજો પ્રશ્ન પૂછ્યો એમાં કોર્પોરેશન અમને જે જગ્યા ફાળવે એની સ્થળ સ્થિતિ પ્રમાણે અમે એની ડિઝાઇન, આઉટલેટ પ્લોટીંગની સાઇઝ પ્રમાણે નક્કી કરીએ છીએ. કોઇ બિલ્ડીંગમાં અમને આપે તો પણ અમે લઇએ છીએ અને સ્વતંત્ર બિલ્ડીંગ બનાવવાનું થાય તો પણ રાજ્ય સરકાર બનાવે છે એટલે વ્યવસ્થા બધી આપીએ છીએ.

### અમદાવાદ મહાનગરપાલિકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો

*૨૭૩૬૪ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ મહાનગરપાલિકામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) કોઇ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકામાં કઈ કઈ જગ્યાએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## તારાંકિત પ્રશ્નો

શ્રી બલરામ ખુ. થાવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજય સરકાર દ્ધારા શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાનો મુખ્ય ઉદ્ધેશ શું? શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે વસ્તીના ધારાધોરણ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, ધ્યેય તો મેં વિસ્તૃત રીતે આગળ બધી માહિતી બધા સભ્યશ્રીઓને આપી છે. અત્યારે શરૂઆતમાં અમે વસ્તીનું ધોરણ એવું રાખ્યું છે કે આપણા અમદાવાદમાં પાંચ લાખની વસ્તીએ એક સી.એચ.સી. બનાવવું અને બાકીના જે મહાનગરો છે. સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢ એમાં ૨.૫ લાખની વસતિએ એક સી.એચ.સી. સેન્ટર બનાવવું. આ સિવાય શહેરમાં મોટી વ્યવસ્થા ઉપલબ્ધ છે જ. દરેક પ્રકારની સ્પેશિયાલિટી હોસ્પિટલ, સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ આ તો બધુ ખરું, એના ઉપરાંત આ વધારાની સેવા ઉમેરીએ છીએ.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરપાલિકા ખાતે મંજૂર કરવામાં આવેલ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં ગુજરાત સરકારશ્રીનો નાણાકીય હિસ્સો શું છે? અમદાવાદ મહાનગરપાલિકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં બાંધકામ અંગેની છેલ્લી પરિસ્થિતિ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખર્ચ અંગની વિગતો આપું કે મોટા ભાગનો ખર્ચ અત્યારે આપણા રાજ્યના બજેટમાંથી કરીએ છીએ. ભારત સરકારની કોઇપણ આરોગ્ય વિભાગની યોજનામાં રાજ્યની ગ્રાન્ટ આપતી હોય અને એનું મેચિંગ થતું હોય ત્યાં લાભ લઇએ છીએ. આપણું ફંડ ઓછું વપરાય અને ભારત સરકારનું વપરાય એ રીતનું આયોજન છે. બીજું, શ્રી પ્રદીપભાઇએ પૂછ્યું અમદાવાદમાં ૧૨ સી.એચ.સી. મંજૂર કર્યા છે. આ ૧૨ પૈકી ૭ સી.એચ.સી.ની અંદર સેવા ચાલુ થઇ ચૂકી છે. ૪ સી.એચ.સી.નું બાંધકામ ચાલી રહ્યું છે. ૧ સી.એચ.સી.ની હજુ જગ્યા પસંદ કરવાની કાર્યવાહી ચાલે છે. અમદાવાદમાં આટલું બધું છતાં અમારી ૧૨ સી.એચ.સી. ઉમેરીએ છીએ. અમદાવાદની જનતાને દરેક જગ્યાએ સેવા મળશે. બીજું, જણાવતા મને આનંદ થાય છે કે આ વખતના બજેટમાં આપણે રાજ્ય સરકારની અને અમારા આરોગ્ય વિભાગે બજેટ ચર્ચા કરતી વખતે મુખ્યમંત્રીશ્રીની લાગણી હતી અને મેં બજેટ પ્રવચનમાં કહ્યું છે કે હજુ પણ શહેરમાં, ગીચ વિસ્તાર, ઝુંપડપટ્ટી હોય, ગરીબ મધ્યમ વર્ગના મહેનતું લોકો રહેતા હોય એમને ઘર બેઠા આરોગ્યની પ્રાથમિક સેવા જેવી કે તાવ, ઝાડા, ઉલ્ટી, સગર્ભા બહેનોની તપાસ, રસીકરણ આવી બધી સેવા વધુને વધુ નજીકથી મળે એ માટે અર્બન હેલ્થ સેન્ટરો પણ આ વખતનાં બજેટમાં મંજૂર કર્યાં છે. એની ડિઝાઇન, સ્થળ પસંદગી એ બધું આરોગ્ય વિભાગ અને મહાનગરપાલિકા એમાં અત્યારે મહાનગરપાલિકામાં કરીએ છીએ. મહાનગરના આરોગ્ય વિભાગના કમિશનર એ આની બધી વ્યવસ્થા કેવી રીતે ગોઠવવી તે અંગેની ગાઇડ લાઇન અત્યારે કરી રહ્યા છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું કે શહેરી વિસ્તારની અંદર ચાલુ વર્ષના બજેટની અંદર ૧૦,૦૦૦ની વસતિએ એક નવું અર્બન હેલ્થ સેન્ટરની યોજના મૂકી છે, એ બદલ સરકારનો આભાર માનું છું. મારો પ્રશ્ન એવો છે કે અમદાવાદ મહાનગરપાલિકાની અંદર શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કેટલું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે? બીજો પ્રશ્ન સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સુપર સ્પેશિયાલિટી ડોક્ટરની સેવા આપવામાં આવે છે કે કેમ? ત્રીજો પ્રશ્ન આરોગ્ય કેન્દ્રમાં શહેરી વિસ્તારમાં ઘણા બધા વિસ્તારમાં મજૂર કક્ષાના લોકો રહે છે. સમય સવારે ૯–૦૦થી ૧૨–૦૦નો હોય છે. તો સાંજનો ૫–૦૦થી ૭–૦૦નો કરવામાં આવે તો આ લોકો ખૂબ મોટા પ્રમાણમાં લાભ લે એવી મારી સરકારને વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અરવિંદભાઇએ છેલ્લો પ્રશ્ન પૂછ્યો તેની સ્પષ્ટતા વિગતવાર આપું. બજેટમાં જોગવાઇ કરી છે, એમાં મજૂર વિસ્તાર, ગરીબ વિસ્તાર, ગીચ વસતિવાળો વિસ્તાર એમાં એક પી.એચ.સી. કક્ષાનું દવાખાનું ચાલુ કરવાના છીએ. એનો સમય અગાઉ કહ્યું તેમ તે અંગે વિચારણા કરી રહ્યા છીએ. એની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી છે. ક્યારે કરવો, કેટલો કરવો, શું, કેવું રાખવું એનો લગભગ સમય શ્રી અરવિંદભાઇએ કહ્યું તેમ સાંજે રાખવા વિચારીએ છીએ. સવારે મજૂરો ધંધે ગયા હોય, નોકરીએ ગયા હોય અને સાંજે પાછા આવે તો બાળકો કે તેમના માતા પિતાને સારવાર મેળવવી હોય કે કોઇને બતાવવું હોય તો ક્લિનિક માટે સાંજનો ટાઇમ રાખવો એવો વિચાર કરીએ છીએ. લગભગ એ દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મહેકમનો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો તો જે રીતે શહેરોમાં શહેરી વિકાસ વિસ્તાર સિવાય આખા રાજયમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે અને એનું જે મહેકમ છે એ જ પેટર્ન પર આ મહેકમ રાખીએ છીએ અને એમાં મેડિકલ ઓફીસરની જગ્યા, ગાઇનેક, પિડિયાટ્રિશિયન, એક્સ–રે ટેકનિશિયન, સિનિયર ક્લાર્ક, સ્ટાફ નર્સ, પટાવાળા, વોર્ડ બોય, આયા, વોચમેન અને સ્લીપર આમ આખું મહેકમ જેમ ગ્રામ્ય વિસ્તારના સી.એચ.સી.માં તાલુકા મથકે હોય છે એવું જ અહીંયા રાખીશું.

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જણાવશે કે, અમુક રાજયમાં મહોલ્લા ક્લિનીક બહુ વખણાયા છે તો એની તુલનાએ ગુજરાતમાં જે પી.એચ.સી. અને સી.એચ.સી. છે તો એની વચ્ચે તફાવત શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કિશોરભાઇએ જે પ્રશ્ન કર્યો એ એક શહેર પૂરતો પ્રશ્ન છે. હું રાજયનું નામ નહીં આપું કેમ કે કોઇની ટીકા કરવી કે કોઇના વિશે કોમેન્ટ કરવી એ આપણો વિષય નથી પણ ગુજરાત એ

૬.૩૦ કરોડની વસતિ ધરાવતું અને ખૂબ વિશાળ ભૌગોલિક ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે. છેક મહારાષ્ટ્રની બોર્ડરથી માંડી કચ્છ સુધીનો વિસ્તાર અને પાકિસ્તાન બોર્ડર જ્યાં લાગુ પડે છે અને આ બાજુ અંબાજીથી શરુ કરી ભગવાન સોમનાથ અને દ્વારકાધીશ જ્યાં બિરાજમાન છે એ વિસ્તાર દરિયા કિનારાનો આવો મોટો ગુજરાતનો પ્રદેશ છે. આ કોઇ એક શહેરમાં ચાલુ કરવું હોય તો એ કરી શકાય. કારણ કે સમજો કે કોઇ રાજ્ય ફકત એક શહેરમાં સમેટાઇ જતું હોય અને દોઢેક કરોડની કે જે વસતિ હોય એ આવી જતી હોય અને સો ટકા શહેરી વિસ્તાર હોય એના માટે જુદી રીતે વ્યવસ્થા કરી શકાય, હોઇ શકે પણ આપણું ગુજરાત મેં કહ્યું તેમ ડુંગરાઓ, છૂટાછવાયા આદિવાસી ગામો, પર્વતાળ વિસ્તાર, નદીઓ, પુલો એવી રીતે કચ્છના રણનો કાલે જ અમારા એક સભ્યશ્રીએ કહ્યું હતું કે કચ્છ એટલે ગુજરાતનો એક ખૂબ મોટો ભૌગોલિક વિસ્તાર ધરાવતો વિસ્તાર અને આપે કહ્યું તેમ આપે મુલાકાત લીધી છે અને આપણો દરિયા કિનારો ૧૬૦૦ કિલોમીટરનો એમ આવા વિસ્તારમાં કોઇ એક જુદી પેટર્ન ઉપર ન થઇ શકે. આપણી ગુજરાતની જે પદ્ધતિ છે, પેટા આરોગ્ય કેન્દ્ર, પી.એચ.સી., સી.એચ.સી., ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલો, સ્પેશિયાલિટી હોસ્પિટલો, આપણી હોસ્પિટલો એટલી બધી પ્રખ્યાત છે કે, જે રાજયની ચર્ચા ચાલે છે એ રાજયના લોકો આપણે ત્યાં સારવાર માટે આવે છે. પડોશી રાજયો રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ એના દર્દીઓ આપણે ત્યાં સારવાર માટે આવે છે. ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળથી પણ દર્દીઓ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવા આપણે ત્યાં આવે છે અને મને આનંદ છે કે વિદેશીઓ અને એન.આર.આઇ. પણ મોટા ઓપરેશન કરાવવા આપણા ગુજરાતમાં આવે છે. એટલે ગુજરાતની કોઇની સાથે સરખામણી કરવાનું હોય નહીં. કેમ કે બીજા આપણામાંથી શીખે છે, બીજા આપણામાંથી અપનાવે છે અને આપણી સફળતા જોઇ બીજા ઉપયોગ કરે છે. એટલે ગુજરાતની વસતિની દૃષ્ટિએ આપણું મોડેલ બરાબર છે એને વધુ મજબૂત અને વધુ સુદ્રઢ કરી વધુ વ્યાપક કરવા અમે પ્રયત્ન કરીએ છીએ.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું કે અમદાવાદ જેવા મહાનગરમાં પાંચ લાખની વસતિએ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર કર્યા છે અને એમણે એમ પણ કહ્યું છે કે ૧૨ સ્થાનો નક્કી કર્યા છે. તો મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, અમદાવાદ શહેર ખૂબ વિશાળ શહેર છે ત્યારે જો એ ૧૨ સ્થાનના લોકેશનો કઇ જગ્યાએ કર્યા છે એ જાણવા મળે તો અમદાવાદ શહેરના ધારાસભ્યોની જાણમાં રહે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી રાકેશભાઇની વાત સાચી છે. હું એ પણ કહેવા માગું છું કે, હું જ્યારે વર્ષ ૧૯૯૫માં પહેલીવાર ભાજપની સરકાર ગુજરાતમાં બની માનનીય કેશુભાઇ પટેલના નેતૃત્વમાં ત્યારથી આરોગ્ય મંત્રી તરીકે જવાબદારી સંભાળતો આવ્યો છું. મને યાદ છે કે, અમદાવાદના અમારા બધા જ માનનીય ધારાસભ્યશ્રીઓ શહેરના દર્દીઓને વધુ લાભ મળે તે માટે સતત કામ કરે છે અને ફોલઅપ કરી નવી યોજનાઓનો લાભ મેળવે છે. માનનીય પ્રદિપસિંહજી આપણા રાજયના ગૃહ મંત્રી એમનો વિસ્તાર ગ્રામ્ય વિસ્તાર આવે છે. સીંગરવા ગામ છે એ અમદાવાદની શહેરની હદની બહાર હતું. પહેલા પણ ગ્રામ્ય વિસ્તાર હતો, અમદાવાદનો ગ્રામ્ય વિસ્તાર એમાં પાંચ લાખની વસતિ રહેતી હતી. પણ કોઇ વ્યવસ્થા આરોગ્યની નહોતી, તો શ્રી પ્રદિપસિંહની લાગણી, માગણી અને બધાની રજૂઆતને ધ્યાનમાં રાખીને સિંગરવામાં અત્યારે એટલી મોટી હોસ્પિટલ છેલ્લા પાંચ સાત વરસથી આપણે કાર્યરત કરી દીધી છે, ત્યાં સેંકડોની ઓ.પી.ડી. સારવાર, ઓપરેશન બધું થાય છે. એમ શહેરોમાં પણ આ ધારાસભ્યશ્રીઓની લાગણી પ્રમાણે આપણે સી.એચ.સી. પી.એચ.સી. બધા મંજૂર કર્યા, કોર્પોરેશન વિસ્તારમાં અર્બન હેલ્થ સેન્ટર કોર્પોરેશને કર્યા એટલે શ્રી રાકેશભાઇનો જે પ્રશ્ન છે એમાં એક નરોડા–મૂઠીયા, વસ્ત્રાલ, બહેરામપુરા, સરખેજ, ચાંદખેડા, સાબરમતી, રખિયાલ, ગોમતીપુર, દાણીલીમડા, વટવા, દાણીલીમડા–ફૈજનગર કે જ્યાં મોટાભાગે મુસ્લિમ સમાજની વસતિ રહે છે આ અમે પસંદ કરી ચાલુ કરી દીધા છે. સાત તો ચાલુ થઇ ગયા છે, ત્રણના બાંધકામ મેં કહ્યું તેમ ચાલુ છે, હવે એક જ જગ્યા પસંદ કરવાની પ્રક્રિયા કોર્પોરેશનની સંકલનમાં અત્યારે ચાલી રહી છે, મેં નામ આપ્યા, હું આભાર માનું શ્રી રાકેશભાઇનો કે આ નામો જાણવા માગ્યા, એટલા માટે કે આ બધા વિસ્તાર આપણે જોયા, એ બધા જાણે છે, આ બધા ગરીબ, મધ્યમ વર્ગના, મજૂર વર્ગના વિસ્તારો છે. આમાં અમદાવાદના પશ્ચિમ વિસ્તાર કે જે સુખી વિસ્તાર છે એમાંનું કોઇપણ સેન્ટર નથી, મારે આભાર માનવો જોઇએ શ્રી અરવિંદભાઇનો કે એમના રાણીપમાં કોર્પોરેશનનું એક સુંદર દવાખાનું–હોસ્પિટલ વરસોથી ચાલે છે, એનું ઉદ્ઘાટન પણ મેં કર્યું છે. એ પણ ખૂબ સેવા આપે છે. એમ ગરીબ મધ્યમ વર્ગને સારવાર આપવા અમારી સરકાર કટિબદ્ધ છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા સાહેબને વિનંતી કરવી છે કે નિકોલની જો પસંદગી કરવામાં આવે તો નરોડા અને દસક્રોઇના ગામડાઓ એનો લાભ લઇ શકે. નિકોલ વોર્ડ દોઢ લાખની વસતિ ધરાવતો બહુ મોટો વિસ્તાર છે તો મારી લાગણી છે કે ત્યાં પસંદગી કરવામાં આવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઇનું સૂચન અમે નોંધીએ છીએ અને આ જે નક્કી કર્યા છે એના નજીકના વિસ્તારમાં આવતું ન હોય અને એમની માગણી દૂરના વિસ્તારની હશે જ્યાં વધુ લાભ આપી શકાય તેમ હશે તો ચોક્કસ એના ઉપર અમે વિચારણા કરીશું.

**વડોદરા મહાનગરપાલિકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

*૨૭૩૬૮ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક | (૧) કોઇ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં |

વર્ષમાં વડોદરા મહાનગરપાલિકામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા, અને — આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ વડોદરા મહાનગરપાલિકામાં કઈ કઈ જગ્યાએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા? — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રીમતી મનિષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વડોદરા મહાનગરપાલિકા શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે બાંધકામ અંગેની છેલ્લી પરિસ્થિતિ શું છે અને મારે એ પણ જાણવું છે કે જ્યારે કોરોના વાયરસનું જે એપેડેમિક ફેલાયેલ છે અને આપણી રાજ્ય સરકાર ખૂબ સારા પગલાં લઇ રહી છે તો કોઇ વડોદરા શહેરમાં કે અન્ય મહાનગરપાલિકામાં જો એના સિમ્ટમ્સ જોવા મળે તો પી.એચ.સી., સી.એચ.સી. દ્વારા કોઇ ગાઇડ લાઇન મૂકવામાં આવી છે કે કેમ? તેમજ કોઇ આઇસોલેશન વોર્ડ દરેક શહેરમાં સ્થાપિત કરવામાં આવ્યા છે કે નહિ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય થોડોક જુદો છે પણ અગત્યનો છે, સમય, સંજોગ પ્રમાણે એની માહિતી આપણે મેળવવી જરૂરી છે. અગાઉ પણ વિધાનસભામાં આ ચર્ચા થયેલી છે કે ઇન્ટરનેશનલ ફ્લાઇટ આપણે ત્યાં અમદાવાદ અને સુરતમાં આવે છે. પ્રથમ તબક્કામાં એટલે કે મહિના પહેલાં જ્યારે શરૂઆત થઇ ત્યારે ભારત સરકારની ગાઇડ લાઇન પ્રમાણે આપણે અમદાવાદ એરપોર્ટ કે સુરત એરપોર્ટ ઉપર જે પેસેન્જરો પરદેશથી આવીને ઉતરે એમની તપાસણી આપણે કરતા હતા. જેમ જેમ આ રોગનો વ્યાપ વધતો ગયો, એની ડેન્સીટી વધતી ગઇ એ પ્રમાણે ભારત સરકાર રોજે રોજ નવીને નવી ગાઇડ લાઇન આપ્યે જાય છે, સુધારે જાય છે, જરૂરિયાત અનુસાર કરે છે. છેલ્લામાં છેલ્લી જે ભારત સરકારની ગાઇડ લાઇન છે ગઇકાલ રાતની જ વાત કરું તો ભારત સરકારે જે નવી માર્ગદર્શક સૂચનાઓ આપી છે એમાં એરપોર્ટ ઉપર કોઇપણ વ્યક્તિ પરદેશથી આવે, પહેલાં થોડાક દેશ હતા પછી એમાં દેશ ઉમેર્યા, હવે કોઇપણ દેશમાંથી આવે, આમ તો આપણે બધા જાણીએ જ છીએ કે, વિદેશની ઘણી ફ્લાઇટો ભારત સરકારે અત્યાર પૂરતી સસ્પેન્ડ કરી દીધેલી છે. વિદેશથી કોઇ આવા વધુ અસરગ્રસ્ત દેશો છે ત્યાંથી ફ્લાઇટો અહીં આવતી નથી પણ જ્યાં ભારતીય નાગરિકો ફસાઇ ગયા હોય, ભારતીય નાગરિકો રહેતા હોય, શિક્ષણ, ધંધો કે ફરવા ગયા હોય કે કોઇપણ કારણસર ગયા હોય તો એમને સ્પેશિયલ લાવવા માટે ભારત સરકાર અત્યારે પ્લેન મોકલે છે અને એ પ્લેનમાં એ લોકોને લાવે છે અને એ પ્રમાણે કરીએ છીએ. કાલની જે ગાઇડ લાઇન આવી. તેમને એરપોર્ટ ઉપર તપાસવાના કે તેમને કોઇ પણ જાતનું પ્રાથમિક લક્ષણ પણ ના જણાય તેમને તેમના ઘરે જવા દેવાના. કોઇનામાં સહેજ પણ શરદી, તાવ, ઉધરસ જેવું બિલકુલ પ્રાથમિક તબક્કાનું જણાય તો તેમને ૨૪ કલાક આપણે અલગ રાખવાના. તેના માટે હોટલની વ્યવસ્થા આપણા ગુજરાત સરકારના ખર્ચે આપણે કરી છે. એટલા માટે કરી છે કે તેમને જુદા રાખવા પડે, કોઇ બીજા દર્દીઓ કે કોઇ બીજો મેડિકલ સ્ટાફ તેમને મળી ના શકે અને ફક્ત ઓબ્ઝર્વેશન કરવાનું છે. ૨૪ કલાક ત્યાં રાખીએ અને આ ૨૪ કલાકમાં વધારાના બીજા કોઇ લક્ષણો ના જણાય તો એ વ્યકિતને તેના ઘરે જવા દેવાની પણ ઘરે જાય તો પણ ૧૪ દિવસ સુધી તેને ફરજિયાત ઘરમાં જ રહેવાનું જે તે જિલ્લાના અમારા આરોગ્ય અધિકારીઓ, ડોકટરો તેના ઘરની મુલાકાત લઇ રોજ તેનું ફોલોઅપ કરે, તેની તપાસ કરે, તેનામાં કોઇ વધારાના લક્ષણો ઉભા થતા નથી તેનું ચેકીંગ કરે અને ૧૪ દિવસ પછી કોઇ લક્ષણ ના જણાતા તો પછી સ્વતંત્ર રીતે આપણે તેને મુકત કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મેં ગઇ કાલે જ અમારા અગ્ર સચિવ, આરોગ્ય સચિવને સૂચના આપી છે કે આવા લોકો આપણે ત્યાં બહુ આવે છે એટલે તેમને જુદા તારવવા એક રાજયવાળાએ અહીંયા સિક્કા માર્યા છે તે પેપરોમાં આપણે જોયું છે પણ આપણે એવું કરવું નથી. મેં એમ કહ્યું છે કે અલગ કલરની પ્લાસ્ટીકની કે કોઇ પણ મટીરીયલનું એક કડું તેને પહેરાવી દેવાનું એટલે તે ખબર પડે કે આ કલરનું કડું પહેરેલી વ્યકિત આ મિડિયાના મિત્રો તેમાં સહકાર આપવાના છે મને વિશ્વાસ છે કે પ્રસિદ્ધિ મળવાની છે કે આ કલરનું કડું પહેર્યું હોય એ વ્યકિત બજારમાં, જાહેરમાં, સમાજમાં ના ફરવો જોઇએ. જયાં સુધી તેનો ૧૪ દિવસનો સમય પૂરો ના થાય અને જો કદાચ કોઇને લક્ષણ જણાય તો જ તેને હોસ્પિટલાઇઝ આઇસોલેશનમાં દાખલ કરવાના અને તેની સારવાર કરવાની એમ ત્રણ તબક્કાની ચકાસણી અત્યારે ચાલી રહી છે. તેમાં બધા જ વિસ્તારો આવી ગયા બહારથી આવતા પણ આવી ગયા અને કોઇ પણ રીતે આવતા આવી ગયા તે આપણે અત્યારે કરી રહ્યાં છીએ.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા મહાનગરપાલિકામાં આ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કેટલુ મહેકમ મંજૂર થયુ છે ? અને બીજું કે ગુજરાતને જયારે એઇમ્સ મળી ત્યારે અમને એ વચન આપવામાં આવ્યુ હતું કે વડોદરા એસએસજીને આ રીતે સુધારણા કરીને સારું એવું ભંડોળ આપવામાં આવશે. તો આ માટે થઇને એઇમ્સ જેવી સુવિધા અમને સયાજીમાં આપવા માગો છો કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇ જાણતા જ હશે કે આ વખતના બજેટમાં વડોદરામાં એક નવું બાળ આરોગ્ય કેન્દ્ર જે પ્રસુતા માતા અને નવજાત શીશુની સારવાર કરવા માટે લગભગ ૧૬૦ કરોડ રૂપિયાનું નવું આખું બિલ્ડીંગ, ઇન્ફ્રાસ્ટ્રકચર મહેકમ સહિતનું કામ આપણે મંજૂર કર્યું છે એટલે તે અલગ થવાનું છે. બીજું, શહેરી વિસ્તારોમાં જે અર્બન સેન્ટરો છે, મહાનગરોમાં તેમાં વડોદરામાં પણ મહેકમ તો અમદાવાદમાં અને આખ રાજયમાં એક જ પ્રકારનું રહેવાનું પણ વડોદરામાં તા.૧૫-૧૨-૨૦૧૯ના રોજ આ મહેકમની ભરતી કરવા માટેની પરીક્ષા લેવાઇ ચૂકી છે અને તેની ચકાસણી વગેરે ચાલી રહી છે તે સિલેકટ થશે તેમના ઓર્ડર વ્યવસ્થામાં કામ કરવા માટે એપ્રિલની શરૂઆતમાં કે આજુબાજુ આપણે સમય પ્રમાણે આપી દઇશું.

## તા.૧૯મી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, એસએસજી હોસ્પિટલ તો વડોદરામાં છે, ગોત્રી હોસ્પિટલ પણ છે તે સીટીની વચ્ચે આવે છે. એના સિવાય આપણે શહેરી આરોગ્ય કેન્દ્ર પણ પ્રસ્થાપિત કરેલા છે પણ ખાસ કરીને શહેરી આરોગ્ય કેન્દ્રમાં સામાન્ય રોગોની તપાસ કરવામાં આવે અને તેમનું નિદાન કરીને તેમને દવાઓ આપવામાં આવતી હોય છે પણ ઘણા બધા દર્દીઓ એવા હોય છે કે જેમને બ્લડ ટેસ્ટ કરવાનું હોય કે સોનોગ્રાફી કરવાની હોય તો તેનો ઘસારો સીધો એસએસજી હોસ્પિટલ અને ગોત્રી હોસ્પિટલ ઉપર જતો હોય છે એટલે આવા સામૂહિક કેન્દ્રામાં આવું કોઇ આયોજન કરવામાં આવશે કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સીમાબેનનું સૂચન છે. મેં અગાઉ કહ્યું એમ તબક્કાવાર ક્રમાનુસાર આરોગ્ય સુવિધાને અમે વધારતા જઇએ જ છીએ, સુદ્રઢ કરતા જઇએ છીએ. જે નવી સાધન–સામગ્રી, ટેકનોલોજીનો વિકાસ થાય એ પણ આપણે કરીએ છીએ અને સમય પ્રમાણે એનો પણ ઉમેરો કરતા રહીશું.

**ભાવનગર મહાનગરપાલિકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

*૨૭૩૬૧ **શ્રી પ્રવિણભાઇ ઘોઘારી** (કરંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર મહાનગરપાલિકામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) કોઇ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ભાવનગર મહાનગરપાલિકામાં કઈ કઈ જગ્યાએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મને પ્રશ્ન – જમાં મળી ગયો છે પણ સાથે–સાથે હું જાણવા માગું છું કે સુરતમાં અત્યારે કેટલા આરોગ્ય કેન્દ્રો છે અને હાલમાં કેટલા કાર્યરત છે અને કોઇ નવા આરોગ્ય કેન્દ્રો બનાવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો મૂળ પ્રશ્ન ભાવનગર મહાનગરપાલિકાને લગતો છે. એમણે સુરતનો પ્રશ્ન પૂછ્યો છે તો સુરતમાં તો કોર્પોરેશને ઘણા બનાવ્યા છે. અમે ઉદ્‌ઘાટન પણ કર્યા છે. તમે મેડિકલ કૉલેજ પણ ચલાવો છો. સરકારી આર્યુર્વેદિક હૉસ્પિટલ પણ છે. સિવિલ હૉસ્પિટલ પણ છે. એનું અપગ્રેડેશન પણ આપણે કરી રહ્યા છીએ. કિડની ઇન્સ્ટિટ્યૂટ દ્વારા કિડની હૉસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ, હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા હાર્ટ હોસ્પિટલનું પણ અપગ્રેડશન આપણે ભારત સરકારના સહયોગથી અંદાજે ૨૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમના ખર્ચે ફક્ત સુરતમાં કરી રહ્યા છીએ અને આ બધો લાભ નાગરિકોને મળવાનો છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પ્રશ્નોત્તરી પછી જ પોઇન્ટ ઓફ ઓર્ડર લેવામાં આવે છે. આપે રુલિંગ પણ આપી દીધું છે અને ખૂબ સારું રુલિંગ આપ્યું છે. પણ આજે પ્રશ્નોત્તરી દરમિયાન અમારા બધા જ સભ્યો વિચાર કરે છે કે આપ પણ મૌન વ્રતમાં છો. કંઇ વાત પણ થતી નથી. કોઇ જાતનું માર્ગદર્શન પણ આપતા નથી.

અધ્યક્ષશ્રી : તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર સાચો છે. આજે નો કોમેન્ટ ડે રાખ્યો છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કોરોના બાબતે આદરણીય પ્રધાનમંત્રીજીએ જે કાંઇ પગલાં ઉઠાવ્યા છે એ ખૂબ સરાહનીય છે. હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. અત્યારે શ્રી નીતિનભાઇ સાહેબે જે વાત કરી એને પણ હું બિરદાવું છું. ગઇ કાલે રાત્રે જ સુરતમાં દુબઇથી ફ્લાઇટ આવી એમાં એમણે કહ્યું એમ અક્ષરશ: પાલન થયું છે. કાળજી રાખવામાં આવી છે પણ જે પ્રમાણે વિદેશથી આવતી ફ્લાઇટો બાબતે કાળજી રાખવામાં આવે છે એ રીતે આવનાર દિવસોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ગયેલા લોકો આવે છે તો એવું એમના માટે આયોજન છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો સુરતની માહિતી મારી પાસે આવી ગઇ છે. અમારા અધિકારીઓએ આપી છે. સુરતમાં ૧૧ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે અને એ કાર્યરત થયેલ છે અને અમદાવાદમાં ૧૨, વડોદરામાં ૮, જૂનાગઢમાં ૧, જામનગરમાં ૩, રાજકોટમાં ૨, ભાવનગરમાં ૩ એમ કુલ ૪૦ મહાનગરપાલિકાના ૪૦ સામૂહિક આરોગ્ય કેન્દ્રો શહેરી વિસ્તારના મંજૂર કર્યા છે અને ૮૨૫ જેટલું મહેકમ કાર્યરત થશે. બીજો શ્રી પુર્ણેશભાઇનો જે પ્રશ્ન છે એ બહુ ગંભીર પ્રશ્ન છે. હું હંમેશા સભ્યોની વાતને ગંભીરતાથી જે લેતો હોઉં છું આપને પણ ખ્યાલ છે.

અધ્યક્ષશ્રી : હું નહિ બોલું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ના બોલો પણ સાંભળો તો ખરા! આ જાણકારી મેં આપના ધ્યાન ઉપર મૂકી. રાજસ્થાનના માનનીય મુખ્યમંત્રીશ્રી અશોક ગેહલોતને ગુજરાતના ધારાસભ્યોની કાળજી રાખવા માટે પત્ર લખ્યો હતો અને એમણે પણ twit કરી અને આ બાબતની નોંધ લીધી છે એટલે તેઓ ત્યાં એ બધાની કાળજી રાખી રહ્યા છે. હું એટલા માટે સ્પષ્ટતા કરવા માગું છું કે, એકલા ધારાસભ્યશ્રીઓની જ કાળજી આ સરકાર રાખતી નથી. પરદેશમાં વિદ્યાર્થીઓ

હોય, ફિલિપિન્સમાં હોય, ફિલિપિન્સથી મલેશિયા આવી ચૂકયા હોય. મલેશિયાથી અહીંયાં આવવું હોય, આજે સવારે જ અમદાવાદના એક વિદ્યાર્થીનો મારા પર ફોન આવ્યો કે ફિલિપિન્સમાં એ એકલો રહી ગયો છે. હવે તેને ત્યાંથી અહીં આવા મળ્યું નથી, બીજા એક ભાઇનો ત્યાંથી ફોન આવ્યો કે ત્યાં વિદ્યાર્થી તરીકે એકલો જ છે એને કોઇ વ્યવસ્થા મળી નથી, મેં કહ્યું છે કે આપણા મુખ્ય સચિવશ્રી દ્વારા વિદેશ મંત્રાલયનો સંપર્ક કરી, જેટલા ગુજરાતીઓ એ પછી શિક્ષણ માટે, નોકરી – ઘંઘા માટે કે ફરવા માટે ગયા હોય, કોઇ પણ હેતુથી ગયા હોય, પોતાના બાળકો રહેતા હોય તો ત્યાં પણ ગયા હોય, એ બઘાને સલામત અને સારી રીતે ગુજરાતમાં પાછા લાવવા એ અમે એકદમ ગંભીરતાથી કરી રહ્યા છીએ. એટલે એકલા ઘારાસભ્યશ્રીઓ માટે નહીં, બઘા માટે કરીએ છીએ. એ સાહેબ મારી આપને સ્પષ્ટતા છે.

**સુરત જિલ્લામાં જર્જરિત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

*૨૭૪૯૦ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત–પશ્ચિમ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) ૧૩૪.૬૫ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૩૦૧ નંગ વીજ થાંભલા બદલવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૫૬.૮૩ લાખનો ખર્ચ થયેલ છે. |

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અઘ્યક્ષશ્રી, તા.૩૧–૧૨– ૨૦૧૯ના રોજ સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ કેટલા ફિડર બદલવામાં આવ્યા. કેટલા ખેડૂતોને ફાયદો થયો અને કેટલી હાઇટેન્શન લાઇન હજુ બાકી છે કે જેને અન્ડર ગ્રાઉન્ડ કરવાની છે, એ કૃપા કરી જણાવશો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અઘ્યક્ષશ્રી, સાગર ખેડૂ યોજના ઓલપાડ અને ચોર્યાસીથી બે તાલુકામાં સુરતની અંદર એનું કામ ચાલી રહ્યું છે, જે માનનીય સભ્યશ્રીએ વાત કરી અત્યારે આ યોજનાની અંદર આપણે કંડકટર્સ બદલીએ છીએ. એટલે હવામાન અને વાતાવરણ ખરાબ હોય તેના કારણે જે ભેજ લાગી જાય એના કારણે ખૂબ મોટા પ્રમાણમાં જે કામગીરી થઇ છે, આ બન્ને તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૧૩૪ કિલોમીટરની લાઇનો કુલ ૪૪ લાખ રૂપિયાના ખર્ચે બદલવામાં આવી છે. જે થાંભલાઓ અને બઘું રિપલેસમેન્ટ ૩૦૧ થાંભલાઓ કુલ ૧૨ લાખ રૂપિયાના ખર્ચે બદલવામાં આવ્યા છે, એટલે કુલ ૫૬ લાખ રૂપિયા ખર્ચો કર્યો છે. એમણે જે ફિડર્સની વાત કરી, આપણે ખૂબ મોટા પ્રમાણની અંદર ફિડર બાયફરગેશન જે બે તાલુકા નાના છે એનો વિસ્તાર લાંબો હોય તો આપણે ફિડર બાયફરગેશનની યોજનાઓ લીઘી છે, આ બજેટમાં પણ લીઘી છે. જયાં જયાં જરૂર પડશે ત્યાં આપણે ફિડર બાયફરગેશન કરીશું એના કારણે આપણે ચોક્કસ વઘારે સારી ગુણવત્તાવાળી વિજળી મળે એ પ્રમાણેના આપણા પ્રયાસો રહેશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ કોરોજીવ વાયર જયારે થઇ જતા હોય, ઇન્ડસ્ટ્રીઝ હોય અને એસિટિક ફયુમ પર જતા હોય, ઘણા લાંબા અંતરે ગામોની અંદર આ કોરોસિવનેસ જોવા મળે છે, ઉનાળા પછી જે ચોમાસું આવે અને જયારે પવન ફૂંકાય છે ત્યારે ઘણા બઘા વાયર કોરોસિવનેસને લીઘે તૂટી પડે છે. ખેતરની અંદર પાકને પણ નુકસાન કરે છે અને લાઇટ પણ ગામને મળતી નથી. તો માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આવા કોરોસિવનેસ વિસ્તારના વાયરોને બદલવા આપ માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી એ વાત સાચી છે. અત્યારે જે વપરાય છે તે ઓલ એલ્યુમિનિયમ કંડકટર વપરાતા હોઇ એને આપણે રિપ્લેસ કરીને એલ્યુમિનિયમ એલોય કંડકટર ઓર એરિયલ બંચ કંડકટર ઓર ઇન્સ્યુલેટેડ કંડકટર આ ત્રણેય જયારે રિપ્લેસ કરીએ છીએ ત્યારે એનો ખર્ચ બહુ મોટો હોય છે. એટલે બજેટની જોગવાઇ પ્રમાણે જે વિસ્તારોમાં આપણે લેતા જઇએ છીએ, ઘીમે–ઘીમે હવે ઘણા વિસ્તાર એવા છે કે જયાં ઉદ્યોગના વિસ્તારો હોય અને એની અંદર આ આવતું હોય તો ચોક્કસ પ્રમાણે એના ટ્રિપિંગના વઘારે થાય છે અને ઉદ્યોગના પ્રોડકશન પણ એના કારણે ઘટતું હોય છે. આપણે ઇન્ડસ્ટ્રિઝ ડિપાર્ટમેન્ટ સાથે પણ યોજના રાખીએ છીએ. કદાચ એસોસિએશનો થોડા પૈસા આપે અને આપણે થોડા પૈસા આપીએ તો આખા વિસ્તારમાં આપણે બદલી શકીએ છીએ. એટલે ઘીમે–ઘીમે આ સંપૂર્ણપણે જે દરિયાકાંઠાના વિસ્તારોમાં આ થઇ રહ્યું છે એને રાજય સરકારે જુદી જુદી યોજના દ્વારા બદલવાનું કામ હાથમાં લીઘું છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અઘ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાગર ખેડૂ યોજના હેઠળ કરવામાં આવેલ કામગીરીના કારણે સુરત જિલ્લાના કયા તાલુકાઓમાં કોઇ ફાયદા થયેલ છે કે કેમ? અને હા, તો કેવા પ્રકારના થયા છે, એ માહિતી આપવા માનનીય મંત્રીશ્રી કૃપા કરે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અઘ્યક્ષશ્રી, હું દાખલો આપું કે જે તાલુકા છે એમાં સૌથી મોટું ટ્રિપિંગ હતું. હવે પહેલાં ટ્રિપિંગનો ૭૪૫૫ નો આંકડો હતો આ બઘું ભેગું કરીને. હવે આ બદલીને સીઘું ચાર હજાર થઇ ગયું એટલે એક જ વર્ષમાં ખૂબ મોટા પ્રમાણમાં ટ્રીપીંગ ઘટી ગયા, એટલે જયારે આને સંપૂર્ણપણે કરીશું ત્યારે આ ચાર હજારનો આંકડો પણ એકદમ ઘટી જશે. એવી રીતે વારેઘડીએ લાઇન ફોલ્ટ આવતો હતો એ પણ અડઘો થઇ ગયો, સાડા ત્રણ હજારના સોળસો થઇ ગયા. ટ્રાન્સફોર્મર

ફેઇલ્યોર જે ૨૨ ટકા આવતું હતું તે ઘટીને ૪ ટકા થઇ ગયું. એટલે આ બધા લાભો ચોકકસપણે આ સાગરખેડૂ યોજનામાં કામગીરી કરવાના કારણે થાય છે. એટલે જેમ જેમ બધું બદલાશે ત્યારે આમાં ખૂબ મોટો લાભ થશે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મારો ચોર્યાસી તાલુકો છે એમાં કાંઠા વિસ્તાર આવેલો છે. એટલે એમાં ઘણા ખરા એવા વાયરો છે કે જે કટાઇ ગયા છે અને ગયા વર્ષે એ વાયરો તૂટીને પડવાને લીધે ૯ લોકોના મૃત્યુ થયા છે, એટલે તાત્કાલિક એને ચેન્જ કરવા માગો છો કે કેમ? અને બે થાંભલા વચ્ચેનું જે ડિસ્ટન્સ છે એ પણ ખૂબ વધારે છે. જેના લીધે એકદમ વાયરો નીચે આવી ગયા છે તો તેને બદલવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની જે ચોર્યાસી તાલુકાની વાત છે તેમાં એમની લાગણી હું સમજું છું. એ મને લાઇનો આપશે કે આટલી આટલી લાઇનો તાત્કાલિક બદલી નાંખો, તો હું સો ટકા ખાતરી આપું છું કે એમની જેટલી લાઇનો કહેશે તે હું બધી બદલી આપીશ.

**નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

*૨૭૩૫૬ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૧)

| વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| તા.૦૧–૦૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮ | ૧૨,૬૯૫ |
| તા.૦૧–૦૧–૧૯ થી તા.૩૧–૧૨–૧૯ | ૧૨,૬૦૧ |
| **કુલ** | **૨૫,૨૯૬** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| તા.૦૧–૦૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮ | ૨,૫૩,૯૦,૦૦૦ |
| તા.૦૧–૦૧–૧૯ થી તા.૩૧–૧૨–૧૯ | ૨,૫૨,૦૨,૦૦૦ |
| **કુલ** | **૫,૦૫,૯૨,૦૦૦** |

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, કસ્તુરબા પોષણ સહાય યોજનાનો ઉદ્દેશ શું છે અને લાભાર્થીની પાત્રતા શું છે અને આ યોજના કયારથી અમલમાં આવી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સગર્ભા માતાઓની તંદુરસ્તી સારી રહે અને એ જે બાળકને જન્મ આપે એ બાળક પણ સ્વસ્થ અને તંદુરસ્ત રહે એવા શુભ આશયથી માનનીય નરેન્દ્રભાઇ મોદીજી જયારે આ રાજયના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે વર્ષ ૨૦૧૨માં ગુજરાત સરકાર દ્વારા કસ્તુરબા પોષણ સહાય યોજનાની શરૂઆત કરવામાં આવેલી. માનનીય અભેસિંહભાઇએ આ યોજનાના હેતુ અંગેનો જે પ્રશ્ન પૂછયો તે ખૂબ અગત્યનો છે. ગુજરાતમં દર વર્ષે સગર્ભા માતાઓ લગભગ ૧૨ લાખ જેટલા બાળકોને જન્મ આપે છે. આ બાર લાખ જન્મ આપનારી માતાઓની આરોગ્ય વિભાગ અને મહિલા બાળ કલ્યાણ વિભાગ બન્ને પાસે નોંધણી થાય એ જરૂરી છે. નોંધણી હોય તો જ એ માતાની એના ઘરે જઇ અમારા આરોગ્ય કર્મચારીઓ એની દેખરેખ રાખી શકે, એને પોષક આહાર આપી શકે એ બધી કાળજી રખાય. એટલે રજિસ્ટ્રેશન કરવાનું પ્રોત્સાહન મળે એ માટે વર્ષ ૨૦૧૨માં આ યોજના શરૂ કરી, સહાય આપવા માટેના આ યોજનાના ૩ તબક્કા છે. સગર્ભા માતાને પ્રેગ્નન્સીના પહેલા છ મહિના થાય એટલે રજિસ્ટ્રેશન કરાવે તો રજિસ્ટ્રેશન કરાવે એટલે ૨૦૦૦ રૂપિયા રાજય સરકાર તરફથી એમને ફાળવવામાં આવે છે, એટલે રજિસ્ટ્રેશન કરાવવાનું પ્રોત્સાહન મળે. આ યોજના બી.પી.એલ. લાભાર્થીઓ માટે છે. એ પછી હમણાં ભારત સરકારે એ. પી. એલ. ને પણ આવરી લીધા છે. પણ હું આજે આપણી આ યોજનાની જ વાત કરીશ. બી. પી. એલ. માતા પ્રેગ્નન્ટ થાય અને રજિસ્ટ્રેશન કરાવે તો બે હજાર રૂપિયા એમના ખાતામાં ડાયરેકટ જમા કરાવી દઇએ છીએ. એ પછી બીજો તબક્કો, આ માતા સરકારી દવાખાનામાં અથવા કોઇ પણ ગ્રાન્ટ–ઇન–એઇડ હોસ્પિટલમાં અથવા કોઇ પણ હોસ્પિટલમાં જો પ્રસૂતિ કરાવે તો બીજા તબક્કાના બે હજાર રૂપિયા આપણે એને ફરી એમના ખાતામાં જમા કરાવીએ છીએ. આનો હેતુ પણ એ છે કે હોસ્પિટલની ડિલીવરીની સંખ્યા વધે અને અત્યારે લગભગ આપણે સફળતાપૂર્વક ૯૮–૯૯ ટકા ડિલીવરી હોસ્પિટલ ડિલીવરી સુધી પહોંચી ચૂકયા છીએ. હવે ઘેર દાયણ મારફત ડિલીવરી કરાવવી એવું ગુજરાતમાં કોઇ જગ્યાએ રહ્યું નથી. એને પ્રોત્સાહિત કરવાનું, હોસ્પિટલમાં ડિલિવરી કરાવવાનું એના માટે બે હજાર રૂપિયા પ્રોત્સાહન આપીએ છીએ. ત્રીજો તબક્કો બાળકે જન્મ લીધા પછી નવ મહિના અને બાર મહિના પૂર્ણ કરે એટલે જુદી જુદી રસીઓ આપવાની હોય

છે. એમાં કુલ પાંચ પ્રકારની રસીઓ આપવાની કાળજી રાખવામાં આવે છે. પહેલા બી.સી.જી.ની રસી, પોલીયોના ટીંપા–દોઢ મહિને, અઢી મહિને અને સાડા ત્રણ મહિને પાવાના હોય છે. Pentavalent vaccine આપવાની છે. ફરી પાછા પોલીયોના ટીંપા અને નવમા મહિને એને measles rubella ની રસી આપવામાં આવે છે. આ બધી રસી સરકાર તરફથી વિના મૂલ્યે આપવામાં આવે છે. આ પાંચે પાંચ રસી બાળકને અપાઇ જાય એટલે બીજા બે હજાર રૂપિયા ગુજરાત સરકાર તરફથી માતાના ખાતામાં જમા કરાવીએ છીએ. આમ કુલ છ હજાર રૂપિયા કસ્તુરબા પોષણ સહાય અંતર્ગત બાળક અને માતાના પોષણ માટે એના રસીકરણ અને હોસ્પિટલમાં ડિલિવરી કરવાના પ્રોત્સાહનરૂપે આપવાનું આ યોજનામાં છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત સન ૨૦૧૯–૨૦ દરમિયાન કુલ કેટલા લાભાર્થીઓને કુલ કેટલી રકમનું વિતરણ કરવામાં આવ્યું?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારથી સરકારે યોજના ચાલુ કરી ત્યારથી મારી પાસે આંકડા ઉપલબ્ધ છે. એ પ્રમાણે ૨૧,૩૮,૫૦૨ કેસોમાં આપણે ૪૭૧ કરોડ રૂપિયાની છ–છ હજાર રૂપિયા લેખે સહાય સીધા માતાના ખાતામાં જમા થઇ જાય એ રીતે ચૂકવવામાં આવ્યા છે. ગરીબ માતાઓ અને બાળકોના સારા આરોગ્ય માટે, એના રસીકરણ માટે અને હોસ્પિટલમાં ડિલિવરી માટે પ્રોત્સાહન મળે એટલા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા આપવામાં આવે છે.

## મહીસાગર જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણો

*૨૭૪૭૪ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૭૦૮ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૭૦૬.૦૯ લાખનો ખર્ચ થયો. |

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહીસાગર જિલ્લામાં કેટલા તાલુકાઓનો ટ્રાયબલમાં સમાવેશ થયેલો છે. એમાં છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વર્ષવાર કેટલા તાલુકામાં કૃષિ વિષયક જોડાણો આપવામાં આવ્યા છે અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લામાં કુલ કડાણા અને સંતરામપુર એમ બે તાલુકાનો સમાવેશ થાય છે. માનનીય સભ્યશ્રીએ કૃષિ વિષયક વીજ જોડાણની વાત કરી એમાં સન ૨૦૧૮માં કડાણામાં ૧૬૯ વીજ જોડાણ રૂપિયા ૧ કરોડ ૭૫ લાખના ખર્ચે આપવામાં આવેલ છે. એ જ રીતે સંતરામપુર તાલુકામાં ૧૪૭ વીજ જોડાણ ૧ કરોડ ૧૩ લાખ રૂપિયાના ખર્ચે આપવામાં આવેલ છે. આ રીતે સન ૨૦૧૮માં કુલ ૩૧૬ વીજ કનેકશનો રૂપિયા ૨ કરોડ ૮૯ લાખના ખર્ચે આપવામાં આવ્યા છે. એ જ રીતે સન ૨૦૧૯માં કડાણામાં ૨૨૪ વીજ કનેકશનો માટે ૨ કરોડ ૪૫ લાખ રૂપિયા તથા સંતરામપુરમાં ૧૬૮ વીજ કનેકશનો માટે ૧ કરોડ ૭૧ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. આમ, કુલ જોઇએ તો કુલ કનેકશનો ૩૯૨ આપવામાં આવ્યા, એની સામે ૪ કરોડ ૧૭ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ બંને તાલુકામાં બેય વર્ષનો સરવાળો કરીએ તો કુલ ૭૦૮ કનેકશનો સામે ૭ કરોડ ૬ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા જાહેર કરેલ હોર્સ પાવર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતો માટે જાહેર કરેલ વીજ દર શું છે અને એની સામે ખેડૂતો પાસેથી શું વીજ દર ભરપાઇ કરવાનો થાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે વીજળી દર રેગ્યુલેટરી કમિશન નક્કી કરે છે. હોર્સ પાવરનો દર ૨૦૦ રૂપિયા પર મન્થ કરેલો છે. એટલે ૨૪૦૦ રૂપિયા પર એચ.પી. પર ઇયર દરેક ખેડૂતે ચૂકવવાનો હોય છે. પણ સરકારશ્રીએ વર્ષોથી ખેડૂતોનો કોઇ ભાવ વધારો કરેલો નથી. પહેલા હતો એમાં પણ થોડો લાભ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ હમણાં જ આપ્યો છે. આજની તારીખે પર એચ.પી. પર ઇયર લેવામાં આવે છે. કોઇ જાતનો એની અંદર વધારો ન કરેલ હોવાના કારણે રાજ્ય સરકાર જે સબસિડી આપે છે એ ૧,૭૩૫/–રૂપિયા પર એચ.પી. પર ઇયર સબસિડી આપે છે. આ સબસિડી સંપૂર્ણ રીતે રાજ્ય સરકારના પોતાના બજેટમાંથી આપવામાં આવે છે એટલે ખેડૂતોને આનો લાભ મળે છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ કૃષિ વિષયક વીજ જોડાણ ૭૦૮ આપ્યા એ બદલ ઊર્જા મંત્રીશ્રીનો અને સરકારનો આભાર માનું છું. સાથે સાથે મારા મત વિસ્તારના કડાણા તાલુકામાં તલવાડાનું એક જેસવા પેટા ફળિયું છે અને મુનપુરનું પાંડોરનું અંધારી જે ગામ છે એમાં જ્યોતિ ગ્રામ કે અન્ય કોઇ યોજનામાં ઘર વપરાશ માટે લાભાર્થીઓને લાઇટ મળેલ નથી તો એ આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સંપૂણપણે વિગત આપશે, આમ તો જ્યોતિ ગ્રામ યોજના ગામતળની બહાર આપતા નથી. પરંતુ સામૂહિક રીતે અધિકારીઓને હું મોકલીશ, એની વીડીયોગ્રાફી, ફોટોગ્રાફી કરાવડાવીશ અને કેવી રીતે અને કેટલા જણા રહે છે એ તપાસ કરાવડાવીશ અને જો યોગ્ય લાગશે અને નોર્મ્સની અંદર આપણે જો ફીટ કરી શકીએ તો ગામતળ બહાર હશે તો પણ આપણે આપીશું.

## તા.૧૯મી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, મહીસાગર જિલ્લામાં આદિજાતિ વિસ્તારના ખેડૂતો માટે નવીન કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા કઇ યોજના અમલમાં છે અને આ યોજના હેઠળ એક કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે સરેરાશ કેટલો ખર્ચ થાય?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી ખર્ચની, તો દોઢ લાખ રૂપિયા જેવો ખર્ચો થતો હોય છે. પરંતુ આપણે આજની તારીખમાં જે નોર્મલ ખેડૂતો હોય એની પાસેથી જે ચાર્જ લઇએ છીએ એના કરતાં આપણે અહીંયા ઓછો લઇએ છીએ અને લોકોને લાભ આપીએ છીએ. આ બંને તાલુકાના ખેડૂતો પાસેથી આપણે ફિક્સ ચાર્જ ન લેવાના કારણે દા.ત. પાંચ હોર્સ પાવરની મોટર હોય તો, નોર્મલ ખેડૂતો હોય તો એણે રૂપિયા ૭,૮૫૫/- ચૂકવવાના હોય છે અને અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિના હોય એને રૂપિયા ૧,૩૫૫/- ચૂકવવાના હોય છે. એટલે રૂપિયા ૬,૫૦૦/- રૂપિયાનો લાભ આપણે ખાલી પાંચ એચ.પી.માં આપીએ છીએ. દસ એચ.પી.માં જોવા જઇએ તો રૂપિયા ૧૨,૦૦૦/-નો લાભ આપીએ છીએ. આમ, ફિક્સ ચાર્જ ન ભરવાના કારણે આ વિસ્તારના ખેડૂતોને આ ટ્રાયબલ એરિયા સબ પ્લાન સ્કીમ છે એના દ્વારા લાભ આપવામાં આવે છે.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કડાણા અને સંતરામપુર તાલુકામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણની કેટલી અરજીઓ પડતર છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, આજની તારીખમાં વર્ષ ૨૦૧૮ની એક પણ અરજી પેન્ડિંગ નથી. વર્ષ ૨૦૧૯ની વાત કરીએ તો કડાણામાં ૧૬૭ અને સંતરામપુરમાં ૧૬૪ એમ કુલ ૩૩૧ અરજીઓ જે પેન્ડિંગ છે. એમાંથી ડિસેમ્બર, ૨૦૧૯ એટલે બે મહિના પહેલાંની ૪૯ છે, ૭ અરજી, ૧૧ અરજી અને ૯ અરજી એમ દરેક મહિનાની જોવા જઇએ તો એ છેલ્લા પાંચ-છ મહિનાની જ આ બે તાલુકાની પેન્ડિંગ છે. એટલે આ ૩૩૧ અરજીઓ હમણાં જ નવી આવેલી છે. આપણે એને પણ ટૂંક સમયમાં એસ્ટિમેટ આપવાનું કહીશું, પેમેન્ટ આપવાનું કહીશું. આવતા મહિનાઓની અંદર એનો પણ નંબર લાગે અને એનું પણ કામ આપણે સંપૂર્ણપણે પૂર્ણ કરીશું.

### અમરેલી જિલ્લામાં બાળકોની આરોગ્ય તપાસ

*૨૭૩૭૨ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૮ | ૩,૫૬,૩૨૫ |
| ૨૦૧૯ | ૩,૫૪,૮૧૯ |
| **કુલ** | **૭,૧૧,૧૪૪** |

(૨)

| વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૨૮૯ | ૮૫ | ૬૧ |
| ૨૦૧૯ | ૨૮૪ | ૯૧ | ૫૯ |
| **કુલ** | **૫૭૩** | **૧૭૬** | **૧૨૦** |

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકો માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મુલ્યે સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઇન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મને એક નંબરના પ્રશ્નમાં મળી ગયો છે. મારો બીજો પ્રશ્ન આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાવરકુંડલા તાલુકામાં કેટલી શાળાઓની અંદર આરોગ્ય તપાસણી કાર્યક્રમ થયો અને કેટલા બાળકોની તપાસણી થઈ?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં જે કહ્યું હતું એ પ્રમાણે આખા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓ, તમામ માધ્યમિક શાળાઓ, ગુરુકુળો, મદ્રેસાઓ, ભણતા અને ન ભણતા સહિતના તમામ બાળકોની આપણે આરોગ્ય ચકાસણી કરાવીએ છીએ. લગભગ એક કરોડ કરતાં વધુ બાળકોની અમારો આરોગ્ય વિભાગ તપાસ કરે છે.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ભાવનગર જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં ગાયનેક ડોક્ટર અને સોનોગ્રાફીની સુવિધા

૨૮૫૩૦ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલા કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો પર ગાયનેક ડોક્ટર અને સોનોગ્રાફી મશીન ઉપલબ્ધ છે અને કેટલામાં ઉપલબ્ધ નથી, અને

(૨) આવા કેન્દ્રોમાં ક્યાં સુધી ગાયનેક ડોક્ટર અને સોનોગ્રાફી મશીન ઉપલબ્ધ કરાવવામાં આવશે?

**જવાબ**

(૧)
- તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ–૧૩ સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલ છે તે પૈકી પાંચ (૫) સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ગાયનેક ડોક્ટર ઉપલબ્ધ છે.
- સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે સોનોગ્રાફી મશીન ફાળવવામાં આવતાં નથી.

(૨)
- ગાયનેકોલોજીસ્ટ વર્ગ–૧ની કુલ–૨૭૪ ખાલી જગ્યાઓ ભરવા માટે તા.૨૯–૧૧–૨૦૧૯ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી આપવામાં આવેલ છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરી શકાશે.
- ગાયનેકોલોજીસ્ટ વર્ગ–૧ની જગ્યા ભરવા માટે દર સોમવારે વોક–ઇન–ઇન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર દ્વારા સરકારી મેડીકલ કોલેજોમાંથી એમ.ડી.પૂર્ણ કરેલ ઉમેદવારોને ત્રણ વર્ષ માટે બોન્ડેડ ગાયનેકોલોજીસ્ટ વર્ગ–૧ તરીકે નિમણૂક આપવાની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

### અન્ય રાજ્યોને કરાર મુજબ આપવામાં આવેલ વીજળી

૨૮૦૦૧ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ નર્મદા યોજના દ્વારા ઉત્પન્ન થતી વિજળી, કરાર મુજબ અન્ય રાજ્યોને આપવાની થાય છે તે રાજ્યોનો હિસ્સો કેટલો છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત હિસ્સા અન્વયે કયા રાજ્યને કેટલી વિજળી આપેલ છે?

**જવાબ**

(૧) મધ્યપ્રદેશ – ૫૭%
મહારાષ્ટ્ર – ૨૭%
ગુજરાત – ૧૬%

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત હિસ્સા અન્વયે મધ્યપ્રદેશ રાજ્યને ૨૩૬.૦૪ કરોડ વીજ યુનિટ, મહારાષ્ટ્ર રાજ્યને ૧૧૧.૮૧ કરોડ વીજ યુનિટ અને ગુજરાત રાજ્યને ૬૬.૨૬ કરોડ વીજ યુનિટ વિજળી અપાયેલ છે.

---------

### રાજુલા તાલુકાના સ્ટેટ હાઇવેનું નવીનીકરણ

૨૮૫૨૭ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ સ્થિતિએ અમરેલી

**જવાબ**

(૧) ચારનાળાથી જાફરાબાદ રસ્તાનું નવીનીકરણ વર્ષ

જિલ્લાના રાજુલા તાલુકાના ચારનાળા થી જાફરાબાદ અને રાજુલા થી બાઢડા સુધીના સ્ટેટ હાઈવે રોડનું નવીનીકરણ છેલ્લે ક્યારે કરવામાં આવેલ છે,

(૨) લાંબા સમયથી નવીનીકરણ ન થયું હોય તો નવીનીકરણ કરવા સરકારમાં કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત બંને રસ્તાઓનું નવીનીકરણ કેટલા ખર્ચે કરવામાં આવશે?

૨૦૧૩–૧૪માં અને રાજુલાથી બાઢડા રસ્તાનું નવીનીકરણ વર્ષ ૨૦૧૧–૧૨માં કરવામાં આવેલ છે.

(૨) અને (૩)

રાજુલા બાઢડા રસ્તાના ચારમાર્ગીયકરણનાં કામને સૈધ્ધાંતિક મંજૂરી આપેલ છે તે પૈકી પ્રથમ તબક્કામાં સ્ટ્રકચર્સને ચારમાર્ગીયકરણ કરવાનાં ટેન્ડર હાલ મંજૂરીમાં છે. હાલ ચારનાળા જાફરાબાદ રસ્તો વાહનવ્યવહાર યોગ્ય છે. નવીનીકરણની કામગીરી છેલ્લે ડામર કામ કર્યાના વર્ષની સાથે સાથે રસ્તાની સપાટી, ટ્રાફિકનું ભારણ, ભૌગોલિક પરિસ્થિતિ જેવી તાંત્રિક જરૂરિયાત અને નાણાકીય ઉપલબ્ધતાને પણ ધ્યાને લઈ વિચારણાં કરવામાં આવશે.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કરેલ દરોડા**

૨૮૪૨૨ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કેટલા દરોડા/ઈન્સ્પેક્શન બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત દરોડા/ઈન્સ્પેક્શનમાં કઈ ગેરકાનૂની પ્રવૃત્તિ/વેચાણ જોવા મળ્યા, અને

(૩) તે અન્વયે જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | જિલ્લાનું નામ | |
|---|---|---|
| | બનાસકાંઠા | કચ્છ |
| તા.૧–૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮ | ૦૯ | ૦૫ |
| તા.૧–૧–૧૯ થી | ૧૦ | ૦૮ |

(૨) ઉક્ત દરોડા/ઈન્સ્પેક્શનમાં નીચે મુજબ ગેરકાનૂની પ્રવૃત્તિ/વેચાણ જોવા મળ્યાઃ

**બનાસકાંઠા :**

ઉક્ત દરોડા/ઈન્સ્પેક્શનમાં COTPA Act 2003 ની કલમ ૬(અ) મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉમરની વ્યક્તિને તમાકુનું વેચાણ એ દંડનીય ગુનો બને છે તેવુ બોર્ડ દુકાનદાર દ્વારા લગાવેલ નહોતું.

**કચ્છ :**

શાળાની આસપાસ ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ અને તમાકુની અન્ય બનાવટનું વેચાણ કરતા હતા ઉપરાંત આ દુકાનદારો તમાકુ અને તમાકુની અન્ય બનાવટોનું છૂટક વેચાણ શાળાની સામે જ કરતા હતા.

(૩)

(૧) બનાસકાંઠા જિલ્લામાં તે અન્વયે જવાબદારો સામે નિયમોનુસાર દંડ વસૂલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૨) કચ્છ જિલ્લામાં તે અન્વયે જવાબદારો સામે કુલ–રૂ.૨૫,૦૨૦/– નો દંડ કરવામાં આવેલ છે.

**દાહોદ જિલ્લામાં ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લુના નોંધાયેલ દર્દીઓ**

૨૮૫૬૩ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લુના કેટલા દર્દીઓ નોંધાયા,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં નોંધાયેલ દર્દીઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ડેન્ગ્યુ | સ્વાઈન ફ્લુ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૫૬૬ | ૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૨ | દેવગઢબારીયા | ૨૫ | ૩ |
| ૩ | ધાનપુર | ૭ | ૧ |
| ૪ | ફતેપુરા | ૫ | ૨ |
| ૫ | ગરબાડા | ૪૦ | ૨ |
| ૬ | લીમખેડા | ૪૫ | ૩ |
| ૭ | સંજેલી | ૭ | ૨ |
| ૮ | ઝાલોદ | ૫૧ | ૨ |
| | **કુલ** | **૭૪૬** | **૨૯** |

(૨) તે પૈકી વર્ષવાર, તાલુકાવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૨) તે પૈકી કોઇ પણ દર્દીનું મૃત્યુ થયેલ નથી.

(૩) ઉક્ત રોગોને અંકુશમાં લેવા શું કાર્યવાહી કરવામાં આવી?

(૩)

**ડેન્ગ્યુ :**

- જિલ્લા કક્ષાની હોસ્પિટલ તથા ક્ષેત્રિય કક્ષાએ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસોની શોધખોળ અને નિદાન માટે લેબોરેટરી પરીક્ષણ અને યોગ્ય સારવારની વ્યવસ્થા.
- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

**સ્વાઈન ફ્લૂ :**

- ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે કેટેગરી અનુસાર રોગના દર્દીનું સર્વેલન્સ અને નિદાન.
- આઇસોલેશન વોર્ડ તૈયાર કરી રોગના દર્દીની સારવાર.

---------

## ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેન્સર, એઈડ્સ, ક્ષયના નોંધાયેલ કેસો

*૨૮૫૧૩ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેન્સર, એઈડ્સ, ક્ષયના કેટલા કેસ નોંધાયા,

(૧)

| જિલ્લાનું નામ | વર્ષ | નોંધાયેલ કેસો | | |
|---|---|---|---|---|
| | | કેન્સર | એઈડ્સ | ક્ષય |
| ગીર સોમનાથ | ૨૦૧૮ | ૪૮ | ૫૪ | ૨૦૨૦ |
| | ૨૦૧૯ | ૬૧ | ૫૬ | ૧૭૮૧ |
| દેવભૂમિ | ૨૦૧૮ | ૩૨ | ૪૨ | ૮૯૧ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર, રોગવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા,

(૨)

| જિલ્લાનું નામ | વર્ષ | મૃત્યુ પામેલ દર્દીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | કેન્સર | એઈડ્સ | ક્ષય |
| ગીર સોમનાથ | ૨૦૧૮ | ૧ | ૧૧ | ૧૩૯ |
| | ૨૦૧૯ | ૨ | ૪ | ૧૨૪ |
| દેવભૂમિ | ૨૦૧૮ | ૧ | ૨ | ૪૯ |

(૩) મૃત્યુ થયેલ દર્દીઓમાં કેટલા સ્ત્રી અને કેટલા પુરુષો છે, અને

(૩)

| જિલ્લાનું નામ | વર્ષ | મૃત્યુ પામેલ દર્દીઓ પૈકી સ્ત્રી અને પુરુષની સંખ્યા |
|---|---|---|

તા.૧૯મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

| | | કેન્સર | | એઈડ્સ | | ક્ષય | |
|---|---|---|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. |
| ગીર સોમનાથ | ૨૦૧૮ | ૦ | ૧ | ૧૦ | ૧ | ૨૩ | ૧૧૬ |
| | ૨૦૧૯ | ૧ | ૧ | ૩ | ૧ | ૨૬ | ૯૮ |
| દેવભૂમિ દ્વારકા | ૨૦૧૮ | ૧ | ૦ | ૦ | ૨ | ૭ | ૪૨ |
| | ૨૦૧૯ | ૧ | ૨ | ૦ | ૫ | ૧૦ | ૩૩ |

(૪)ઉક્ત રોગોને અટકાવવા શું કાર્યવાહી કરવામાં આવી? (૪) પત્રક–અ મુજબ

**પત્રક–અ**

**રોગોને અટકાવવા માટે કરેલ કાર્યવાહીની વિગતોઃ–**

**કેન્સરઃ**

- કેન્સર રોગ અંગે વિવિધ માધ્યમો દ્વારા જનજાગૃતિ અંગે પ્રચાર–પ્રસાર
- કેન્સર રોગ માટે રાજ્યની તમામ સરકારી જિલ્લા હોસ્પિટલો, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો તથા કેન્સર હોસ્પિટલો ખાતે નિઃશુલ્ક તપાસ
- રાજ્ય સરકારશ્રીએ નિયુક્ત કરેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો ખાતે રૂા.૫.૦૦ લાખ સુધીની આવકવાળાને મા યોજના તથા મા વાત્સલ્ય યોજનાનાં કાર્ડ ધારક માટે કેસલેસ સારવાર ઉપલબ્ધ.
- આયુષ્યમાન ભારત યોજના હેઠળ જરૂરિયાતમંદ લાભાર્થી દર્દીઓ માટે કેશલેશ સારવાર ઉપલબ્ધ.

**એઈડ્સઃ**

- ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ દ્વારા રાજ્યમાં એચ.આઈ.વી./એઈડ્સના અટકાવ તથા નિયંત્રણ માટે કેન્દ્ર સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (નાકો), નવી દિલ્હીની નાણાકીય તથા તકનિકી સહાયથી નેશનલ એઈડ્સ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન પ્રોગ્રામ (એન.એ.સી.પી.) અમલીકરણમાં છે.
- સદર પ્રોગ્રામ હેઠળ રાજ્યમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો સુધી એચ.આઈ.વી./ એઈડ્સની વિના મૂલ્ય તપાસ તથા સારવાર સુવિધા ઉપલબ્ધ છે.
- ગુજરાત સરકાર દ્વારા જતન પ્રોજેક્ટ હેઠળ એ.આર.ટી. સેન્ટરો ખાતે દવા લેવા આવતા દર્દીઓને આવવા–જવાનું ભાડું આપવામાં આવે છે.
- ગુજરાત સરકાર દ્વારા વર્ષઃ૨૦૨૦–૨૧ થી એચ.આઈ.વી. ના દર્દીઓ દવાને વળગી રહે તે હેતુથી ૯ જિલ્લાઓમાં નવા સાર–સંભાળ કેન્દ્રો (કેર અને સપોર્ટ સેન્ટર) સ્થાપિત કરવામાં આવશે.
- નાકો, નવી દિલ્હીની નવી માર્ગદર્શિકા મુજબ 'ટેસ્ટ એન્ડ ટ્રીટ' પોલિસી અનુસાર દરેક એચ.આઈ.વી. પોઝિટિવ વ્યક્તિની સારવાર–એન્ટી રિટ્રો વાયરલ થેરાપી (એ.આર.ટી.) ચાલુ કરવામાં આવે છે.
- જોખમી વર્તણૂક ધરાવતા સમુદાય (હાઈ રિસ્ક ગ્રુપ–એચ.આર.જી.)માં તથા તેમના દ્વારા સામાન્ય જનતામાં એચ.આઈ.વી./એઈડ્સના અટકાવ માટે બિન–સરકારી સંસ્થાઓ દ્વારા લક્ષિત જૂથ દરમિયાનગીરી કાર્યક્રમ અંતર્ગત કોર જૂથ (દેહવિક્રયના વ્યવસાય સાથે સંકળાયેલા બહેનો–FSW, સજાતીય સંબંધ ધરાવતા પુરુષો–MSM, હિજડા–TG અને સોંય/સિરીંજથી નશો કરનારા–IDU) તેમજ બ્રિજ જૂથો (સ્થાનાંતરીત કામદારો–માઈગ્રન્ટસ અને ટ્રકર્સ) સમુદાયમાં જોખમી વર્તણૂકની તરાહમાં ફેરફાર કરી તેઓને જરૂરી સેવાઓ (કાઉંસેલીંગ, કોન્ડોમ વિતરણ, વર્તન પરિવર્તનનું સાહિત્ય વગેરે) ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- માતાપિતાથી બાળકમાં સંક્રમિત થતા એચ.આઈ.વી. ચેપની અટકાયત હેતુ પ્રિવેન્શન ઓફ પેરન્ટ ટુ ચાઈલ્ડ ટ્રાન્શમિશન (PPTCT) પ્રોગ્રામ અંતર્ગત તમામ સગર્ભા મહિલાઓનું HIV પરીક્ષણ કરવામાં આવે છે.
- જાતિય રોગ પ્રસાર નિયંત્રણ માટે રાજ્યમાં મેડિકલ કોલેજ તથા જિલ્લા સ્તરની હોસ્પિટલોમાં સુરક્ષા ક્લિનિક કાર્યરત છે.

**ક્ષય**

- બે અઠવાડીયા કરતાં વધુ સમયથી ઉધરસ આવતી હોઈ તેવા દર્દીઓની તાત્કાલીક બે ગળફાની તપાસ કરી નિદાન કરવામાં આવે છે.
- જો તપાસમાં ક્ષયરોગ માલુમ પડે તો તાત્કાલિક નિયમિત સારવાર ઉપર મૂકી રોગ મુકત કરવામાં આવે છે જેથી અન્ય વ્યક્તિને ચેપ લગાડે નહીં.
- ક્ષયરોગનું નિદાન અને સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે.

- ક્ષયરોગના દર્દીઓના સંપર્કમાં આવનાર વ્યક્તિનું જરૂર જણાય તો તાત્કાલીક પરિક્ષણ કરવામાં આવે છે તથા તેની સાથે રહેતાં ૬ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને વજન પ્રમાણે ક્ષયરોગ ન થાય તે માટે ૬ માસ માટે આઈસોનાઈઝાઈડ નામની દવા આપવામાં આવે છે.
- ગૃહ મુલાકાત લઈ ક્ષયરોગનાં ઝડપી નિદાન માટે સર્વેક્ષણ કરવામાં આવે છે.
- જન જાગૃતિ માટે વિવિધ માધ્યમો દ્વારા પ્રચાર–પ્રસાર કરવામાં આવે છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં રસ્તાઓની મંજૂરી બાબત**

૨૮૫૭૨ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓનું કામ પૂર્ણ થયું, કેટલાનું કામ પ્રગતિમાં છે, અને કેટલાનું કામ શરૂ થયેલ નથી, અને

(૩) ઉક્ત પ્રગતિ હેઠળના કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ અગાઉ છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કરવાપાત્ર તમામ કામો મંજૂર થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં કોલસા આધારિત પાવર પ્લાન્ટની ક્ષમતા**

૨૮૪૬૮ **શ્રી શૈલેષભાઈ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કોલસા આધારિત કેટલી ક્ષમતાના કેટલા પાવર પ્લાન્ટ આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્લાન્ટના કેટલા યુનિટો કાર્યરત અને કેટલા યુનિટો બંધ હાલતમાં છે, અને

(૩) ઉક્ત કયા પ્લાન્ટના કેટલા યુનિટો કયા કારણસર બંધ હાલતમાં છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વિજ ઉત્પાદન કંપની, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ. હસ્તક કુલ ૪(ચાર) કોલસા આધારિત વીજ મથકો છે, તેની ઉત્પાદન ક્ષમતાની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વીજ મથકનું નામ | વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) |
|---|---|---|
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૧૧૦ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૨૨૭૦ |
| ૪ | સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ બધા જ વિજ મથકો કાર્યરત છે.

(૩) ઉક્ત સ્થિતિએ બધા જ વીજ મથકો કાર્યરત છે. આમ છતાં ક્યારેક વિવિધ કારણોસર જેવા કે તકનીકી સમારકામ, ઓછી વીજમાંગ, બળતણ ઉપલબ્ધ ન હોવું અને મેરિટ ઓર્ડર અંતર્ગત પ્રાથમિકતા જો ન મળતી હોય તો તત્પૂરતા હંગામી સમય દરમ્યાન વિજ એકમોમાંથી ઉત્પાદન મેળવવામાં આવતું નથી.

સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર (SLDC) દ્વારા વીજ નિયમન આયોગના ''મેરીટ ઓર્ડર'' રેગ્યુલેશનને અનુસરીને સૌથી સસ્તા બળતણ ખર્ચ ધરાવતા વીજ મથક પાસેથી વીજ ખરીદી કરવાની રહે છે. આથી, વીજ મથક વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં જો તેના પરથી પેદા થતી વીજળી ''મેરીટ ઓર્ડર'' માં આવતી હોય તો જ વીજ ઉત્પાદન કરવામાં આવે છે.

આમ, સામાન્ય સંજોગોમાં ઉપરોક્ત વીજ મથકો કાર્યરત છે.

---------

**જૂનાગઢ મેડિકલ કોલેજ ખાતે મંજૂર મહેકમ**

૨૮૫૧૦ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, જૂનાગઢ ખાતે સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,<br>(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) અને (૨) *પત્રક સામેલ છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) ઉક્ત ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**થાનગઢના સેનેટરી ઉદ્યોગને જીએસટીમાં રાહત આપવા બાબત**

૨૮૪૭૯ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં આવેલ સેનેટરી પોટ બનાવવાના ઉદ્યોગમાં બનતી રૂ.૫૦૦થી ઓછી સેનેટરી આઈટમને જીએસટીના ૧૮ ટકાના સ્લેબમાંથી ઘટાડો કરવા રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર કે જીએસટી કાઉન્સીલ સમક્ષ તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) પ્રસ્તુત બાબતે તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી કોઈ દરખાસ્ત કેન્દ્ર સરકાર કે જીએસટી કાઉન્સીલ સમક્ષ કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દેડીયાપાડા તાલુકાના રસ્તાના કામને મંજૂર કરવા બાબત**

૨૭૩૨૭ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના ગડી બેબાર રસ્તાના કામને મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) ૬.૧૦ કિ.મી. ની લંબાઈ માટે રૂ. ૫૮૨.૦૦ લાખ. |

---------

**આણંદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં જર્જરીત સ્ટાફ ક્વાટર્સ**

૨૮૫૪૨ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ક્વાટર્સ જર્જરીત હાલતમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ક્વાટર્સ નવા બનાવવામાં આવ્યા, | (૨) ૨૨ (બાવીસ) |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા ક્વાટર્સ નવા બનાવવાના બાકી છે, અને<br>(૪) તે ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | (૩) અને (૪) ૪(ચાર) ક્વાટર્સ નવા મંજૂર કરેલ છે. તે સહિત બાકીના સ્ટાફ ક્વાટર્સ જરૂરિયાત મુજબ બનાવવામાં આવશે. |

**ભાવનગર મહાનગરપાલિકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૨૭૩૬૨ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર મહાનગરપાલિકામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ભાવનગર મહાનગરપાલિકામાં કઈ કઈ જગ્યાએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) કોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર જિલ્લામાં તાલુકાવાર વીજ કનેક્શન આપવા બાબત**

૨૮૪૯૮ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા નેસ તથા કેટલા ગામોમાં જ્યોતિગ્રામ હેઠળ વીજ કનેક્શન આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા નેસ અને ગામોમાં ઉક્ત યોજના હેઠળ વીજ કનેક્શન આપવાના બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧)

| તાલુકા | ગામની સંખ્યા | નેસની સંખ્યા |
|---|---|---|
| જામજોધપુર | ૬૮ | ૧૩ |
| લાલપુર | ૭૪ | ૨ |
| કાલાવડ | ૯૮ | ૦ |
| ધ્રોલ | ૪૧ | ૦ |
| જોડીયા | ૩૭ | ૦ |
| જામનગર | ૧૦૦ | ૨ |

(૨)

| તાલુકા | વીજ કનેક્શન આપવાના બાકી હોય તેવા ગામની સંખ્યા | પડતર અરજીઓ |
|---|---|---|
| જામજોધપુર | ૧૩ | ૩૬ |
| લાલપુર | ૧૩ | ૪૯ |
| કાલાવડ | ૧૫ | ૫૭ |
| ધ્રોલ | ૧ | ૧૦ |
| જોડીયા | ૪ | ૧૧ |
| જામનગર | ૩૪ | ૪૬૮ |

(૩) વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનુ આયોજન કરવામાં આવતુ હોય છે. આમ, વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાકીય પરિબળ મહત્વનું હોઈ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

---------

**ગાંધીનગર જિલ્લામાં નર્મદા યોજના**

૨૭૩૯૭ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજનામાં ગાંધીનગર જિલ્લાના કેટલા હેક્ટર વિસ્તારનો સમાવેશ થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વિસ્તારમાં

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજનામાં ગાંધીનગર જિલ્લાના કુલ ૧૨,૬૬૬ હેક્ટર વિસ્તારનો સમાવેશ થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તમામ ૧૨,૬૬૬ હેક્ટરમાં

| | |
|---|---|
| નહેરોનું કામ પૂર્ણ થયેલ છે? | પ્રશાખા સુધી અને કુલ ૧૨,૪૧૯ હેક્ટર વિસ્તારમાં પ્રપ્રશાખા સુધી નહેરોનું કામ પૂર્ણ થયેલ છે. |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કરેલ દરોડા**

૨૮૪૯૪ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કેટલા દરોડા/ઈન્સ્પેક્શન જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| વર્ષ | જિલ્લાનું નામ | |
|---|---|---|
| | જામનગર | દેવભૂમિ દ્વારકા |
| તા.૧–૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮ | ૨૧ | ૦૪ |
| તા.૧–૧–૧૯ થી તા.૩૧– | ૧૭ | ૦૧ |

(૨) ઉક્ત દરોડા/ઈન્સ્પેક્શનમાં કઈ ગેરકાનૂની પ્રવૃત્તિ/વેચાણ જોવા મળ્યા, અને

(૨) ઉક્ત દરોડા/ઈન્સ્પેક્શનમાં નીચે મુજબ ગેરકાનૂની પ્રવૃત્તિ/વેચાણ જોવા મળ્યાઃ

**જામનગરઃ**

ઉક્ત દરોડા/ઈન્સ્પેક્શનમાં COTPA-2003 (સિગારેટસ એન્ડ અધર ટૉબેકો પ્રોડક્ટ એક્ટ–૨૦૦૩) ની કલમ ૪ (જાહેર જગ્યા પર ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ) હેઠળ ઉક્ત જગ્યા પર ધુમ્રપાન કરતા જોવા મળેલ હતા અને કલમ ૬(અ) મુજબ ૧૮ વર્ષ થી ઓછી ઉંમરની વ્યક્તિને તમાકુનું વેચાણ એ દંડનીય ગુનો છે. તેવુ બોર્ડ દુકાનદાર દ્વારા લગાવેલ ન હતુ ઉક્ત બન્ને કલમનો ભંગ થયેલ જોવા મળેલ.

**દેવભૂમિ દ્વારકાઃ**

તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૬(અ) અને (બ) ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ ન કરવા અંગેનું બોર્ડ લગાવેલ નહોતું. શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુનું વેચાણ થતું જોવા મળેલ.

(૩) તે અન્વયે જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) (૧) જામનગર જિલ્લામાં તે અન્વયે જવાબદારો સામે કુલ–રૂ.૭૬,૨૫૫/– નો દંડ કરવામાં આવેલ છે.
(૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તે અન્વયે જવાબદારો સામે કુલ–રૂ.૧૮,૯૦૦/– નો દંડ કરવામાં આવેલ છે.

**કડી તાલુકાની માઈનોર–૨ નહેરના કામ**

૨૭૩૯૯ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાના કડી તાલુકાની દેવગઢ માઈનોરના બાંધકામના કામો પૂર્ણ થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ગામોને સિંચાઈનો લાભ મળેલ છે? | (૨) દેવગઢ માઈનોર થકી કડી તાલુકાના કાસ્વા ગામના ૬૪૨ એકર જેટલા પિયત વિસ્તારને સિંચાઈનો લાભ મળેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ખાસ અંતભૂત યોજના હેઠળ વીજ જોડાણ**

૨૭૩૩૨ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૭૫૯ વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૩૦.૧૬ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**રાજ્યમાં ગેસ આધારિત પાવર પ્લાન્ટ**

૨૮૪૫૩ **ડો.સી.જે.ચાવડા** (ગાંધીનગર-ઉત્તર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ગેસ આધારિત કેટલી ક્ષમતાના કેટલા પાવર પ્લાન્ટ આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્લાન્ટ કાર્યરત અને કેટલા બંધ હાલતમાં છે, અને

(૩) ઉક્ત પ્લાન્ટ ક્યારથી બંધ છે અને બંધ રહેવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય સરકાર હસ્તકના ગેસ આધારિત પાવર પ્લાન્ટની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | ગેસ આધારિત પાવર પ્લાન્ટનું નામ | વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) |
|---|---|---|
| ૧ | ધુવારણ ગેસ આધારિત પાવર પ્લાન્ટ | ૫૯૫ |
| ૨ | ઉતરાણ ગેસ આધારિત પાવર પ્લાન્ટ | ૩૭૫ |
| ૩ | જીએસપીસી પીપાવાવ પાવર કંપની લિમિટેડ | ૭૦૨.૮૬ |
| ૪ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લિમિટેડ | ૫૦૭ |
| ૫ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ (સ્ટેજ-૧) | ૧૪૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તમામ પ્લાન્ટ કાર્યરત છે.

(૩) ઉક્ત સ્થિતિએ બધા જ વીજ મથકો કાર્યરત છે. આમ છતાં ક્યારેક વિવિધ કારણોસર જેવા કે તકનીકી સમારકામ, ઓછી વીજમાંગ, બળતણ ઉપલબ્ધ ન હોવું અને મેરિટ ઓર્ડર અંતર્ગત પ્રાથમિકતા જો ન મળતી હોય તો તત્પૂરતા હંગામી સમય દરમ્યાન વિજ એકમોમાંથી ઉત્પાદન મેળવવામાં આવતું નથી.

સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર (SLDC) દ્વારા વીજ નિયમન આયોગના ''મેરીટ ઓર્ડર'' રેગ્યુલેશનને અનુસરીને સૌથી સસ્તા બળતણ ખર્ચ ધરાવતા વીજ મથક પાસેથી વીજ ખરીદી કરવાની રહે છે. આથી, વીજ મથક વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં જો તેના પરથી પેદા થતી વીજળી ''મેરીટ ઓર્ડર'' માં આવતી હોય તો જ વીજ ઉત્પાદન કરવામાં આવે છે.

આમ, સામાન્ય સંજોગોમાં ઉપરોક્ત વીજ મથકો કાર્યરત છે.

---------

**ખેડા અને વલસાડ જિલ્લામાં કેન્સર, એઈડ્સ, ક્ષયના નોંધાયેલ કેસો**

૨૮૫૫૫ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેન્સર, એઈડ્સ, ક્ષયના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર રોગવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા,

**જવાબ**

(૧)

| વર્ષ | ખેડા | | | વલસાડ | | |
|---|---|---|---|---|---|---|
| | કેન્સર | એઈડ્સ | ક્ષય | કેન્સર | એઈડ્સ | ક્ષય |
| ૨૦૧૮ | ૯૫૭ | ૪૧૩ | ૫૪૫૦ | ૧૬૯ | ૨૬૪ | ૩૪૯૧ |

(૨)

| વર્ષ | ખેડા | | | વલસાડ | | |
|---|---|---|---|---|---|---|
| | કેન્સર | એઈડ્સ | ક્ષય | કેન્સર | એઈડ્સ | ક્ષય |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૦૧૮ | ૪૫ | ૪૪ | ૩૫૮ | ૧૨ | ૩૨ | ૧૦૬ |
| ૨૦૧૯ | ૩૯ | ૩૩ | ૨૪૭ | ૧૬ | ૧૬ | ૬૮ |

(૩) મૃત્યુ થયેલ દર્દીઓમાં કેટલા સ્ત્રી અને કેટલા પુરુષો છે, અને

(૩)

| દર્દીની વિગત | ખેડા | | | વલસાડ | | |
|---|---|---|---|---|---|---|
| | **કેન્સર** | **એઈડ્સ** | **ક્ષય** | **કેન્સર** | **એઈડ્સ** | **ક્ષય** |
| સ્ત્રી | ૨૬ | ૨૪ | ૧૫૩ | ૧૩ | ૧૧ | ૧૩૮ |

(૪) ઉક્ત રોગોને અટકાવવા શું કાર્યવાહી કરવામાં આવી?

(૪) આ અંગેનું **પત્રક–અ** આ સાથે સામેલ છે.

**પત્રક–અ**

**રોગોને અટકાવવા માટે કરેલ કાર્યવાહીની વિગતોઃ–**

**કેન્સરઃ**

- કેન્સર રોગ અંગે વિવિધ માધ્યમો દ્વારા જનજાગૃતિ અંગે પ્રચાર–પ્રસાર
- કેન્સર રોગ માટે રાજ્યની તમામ સરકારી જિલ્લા હોસ્પિટલો, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો તથા કેન્સર હોસ્પિટલો ખાતે નિઃશુલ્ક તપાસ
- રાજ્ય સરકારશ્રીએ નિયુક્ત કરેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો ખાતે રૂ.૫.૦૦ લાખ સુધીની આવકવાળાને મા યોજના તથા મા વાત્સલ્ય યોજનાનાં કાર્ડ ધારક માટે કેસલેસ સારવાર ઉપલબ્ધ.
- આયુષ્યમાન ભારત યોજના હેઠળ જરૂરિયાતમંદ લાભાર્થી દર્દીઓ માટે કેશલેશ સારવાર ઉપલબ્ધ.

**એઈડ્સઃ**

- ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ દ્વારા રાજ્યમાં એચ.આઈ.વી./એઈડ્સના અટકાવ તથા નિયંત્રણ માટે કેન્દ્ર સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (નાકો), નવી દિલ્હીની નાણાકીય તથા તકનિકી સહાયથી નેશનલ એઈડ્સ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન પ્રોગ્રામ (એન.એ.સી.પી.) અમલીકરણમાં છે.
- સદર પ્રોગ્રામ હેઠળ રાજ્યમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો સુધી એચ.આઈ.વી./ એઈડ્સની વિના મૂલ્ય તપાસ તથા સારવાર સુવિધા ઉપલબ્ધ છે.
- ગુજરાત સરકાર દ્વારા જતન પ્રોજેક્ટ હેઠળ એ.આર.ટી. સેન્ટરો ખાતે દવા લેવા આવતા દર્દીઓને આવવા–જવાનું ભાડું આપવામાં આવે છે.
- ગુજરાત સરકાર દ્વારા વર્ષઃ૨૦૨૦–૨૧ થી એચ.આઈ.વી. ના દર્દીઓ દવાને વળગી રહે તે હેતુથી ૯ જિલ્લાઓમાં નવા સાર–સંભાળ કેન્દ્રો (કેર અને સપોર્ટ સેન્ટર) સ્થાપિત કરવામાં આવશે.
- નાકો, નવી દિલ્હીની નવી માર્ગદર્શિકા મુજબ 'ટેસ્ટ એન્ડ ટ્રીટ' પોલિસી અનુસાર દરેક એચ.આઈ.વી. પોઝિટિવ વ્યક્તિની સારવાર–એન્ટી રિટ્રો વાયરલ થેરાપી (એ.આર.ટી.) ચાલુ કરવામાં આવે છે.
- જોખમી વર્તણૂક ધરાવતા સમુદાય (હાઈ રિસ્ક ગ્રુપ–એચ.આર.જી.)માં તથા તેમના દ્વારા સામાન્ય જનતામાં એચ.આઈ.વી./એઈડ્સના અટકાવ માટે બિન–સરકારી સંસ્થાઓ દ્વારા લક્ષિત જૂથ દરમિયાનગીરી કાર્યક્રમ અંતર્ગત કોર જૂથ (દેહવિક્રયના વ્યવસાય સાથે સંકળાયેલા બહેનો–FSW, સજાતીય સંબંધ ધરાવતા પુરુષો–MSM, હિજડા–TG અને સોંય/સિરીંજથી નશો કરનારા–IDU) તેમજ બ્રિજ જૂથો (સ્થાનાંતરીત કામદારો–માઈગ્રન્ટસ અને ટ્રકર્સ) સમુદાયમાં જોખમી વર્તણૂકની તરાહમાં ફેરફાર કરી તેઓને જરૂરી સેવાઓ (કાઉંસેલીંગ, કોન્ડોમ વિતરણ, વર્તન પરિવર્તનનું સાહિત્ય વગેરે) ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- માતાપિતાથી બાળકમાં સંક્રમિત થતા એચ.આઈ.વી. ચેપની અટકાયત હેતુ પ્રિવેન્શન ઓફ પેરન્ટ ટુ ચાઈલ્ડ ટ્રાન્શમિશન (PPTCT) પ્રોગ્રામ અંતર્ગત તમામ સગર્ભા મહિલાઓનું HIV પરીક્ષણ કરવામાં આવે છે.
- જાતિય રોગ પ્રસાર નિયંત્રણ માટે રાજ્યમાં મેડિકલ કોલેજ તથા જિલ્લા સ્તરની હોસ્પિટલોમાં સુરક્ષા ક્લિનિક કાર્યરત છે.

**ક્ષય**

- બે અઠવાડીયા કરતાં વધુ સમયથી ઉધરસ આવતી હોઈ તેવા દર્દીઓની તાત્કાલીક બે ગળફાની તપાસ કરી નિદાન કરવામાં આવે છે.
- જો તપાસમાં ક્ષયરોગ માલુમ પડે તો તાત્કાલિક નિયમિત સારવાર ઉપર મૂકી રોગ મુકત કરવામાં આવે છે જેથી અન્ય વ્યક્તિને ચેપ લગાડે નહીં.
- ક્ષયરોગનું નિદાન અને સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે.

- ક્ષયરોગના દર્દીઓના સંપર્કમાં આવનાર વ્યક્તિનું જરૂર જણાય તો તાત્કાલીક પરિક્ષણ કરવામાં આવે છે તથા તેની સાથે રહેતાં ૬ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને વજન પ્રમાણે ક્ષયરોગ ન થાય તે માટે ૬ માસ માટે આઈસોનાઈઝાઈડ નામની દવા આપવામાં આવે છે.
- ગૃહ મુલાકાત લઈ ક્ષયરોગનાં ઝડપી નિદાન માટે સર્વેક્ષણ કરવામાં આવે છે.
- જન જાગૃતિ માટે વિવિધ માધ્યમો દ્વારા પ્રચાર–પ્રસાર કરવામાં આવે છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં નર્મદા યોજના બાબત**

૨૭૪૮૪ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજનામાં ગાંધીનગર જિલ્લાના કેટલા હેક્ટર વિસ્તારનો સમાવેશ થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વિસ્તારમાં નહેરોનું કામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજનામાં ગાંધીનગર જિલ્લાના કુલ ૧૨,૬૬૬ હેક્ટર વિસ્તારનો સમાવેશ થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તમામ ૧૨,૬૬૬ હેક્ટરમાં પ્રશાખા સુધી અને કુલ ૧૨,૪૧૯ હેક્ટર વિસ્તારમાં પ્રપ્રશાખા સુધી નહેરોનું કામ પૂર્ણ થયેલ છે.

---------

**નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કર્મચારીઓને બોનસ પેટે મળેલ રકમ**

૨૮૪૨૮ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કામ કરતાં કરાર આધારિત કર્મચારીઓ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને લોયલ્ટી બોનસ પેટે કેટલી રકમ મળેલ છે, અને

(૨) તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ક્યા હેતુસર ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) લોયલ્ટી બોનસ પેટે મળેલ રકમ (રૂ.લાખમાં)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૮ | ૩.૧૦૩૪.૯૦ |
| વર્ષ ૨૦૧૯ | શૂન્ય |
| **કુલ** | **૩.૧૦૩૪.૯૦** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના ગડી બેબાર રસ્તાના કામને મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) ૬.૧૦ કિ.મી. ની લંબાઈ માટે રૂા. ૫૮૨.૦૦ લાખ. |

---------

**અમદાવાદની યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી ખાતે નવીનીકરણ/વિસ્તરણની યોજના**

૨૭૪૪૯ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદમાં યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચના નવીનીકરણ/વિસ્તરણની કોઈ યોજના છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) નવા બિલ્ડીંગનું બાંધકામ પૂર્ણ થયેલ છે. |
| (૩) આ યોજના માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે? | (૩) છેલ્લા એક વર્ષમાં રૂ.૭૨.૯૦ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |

---------

**ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં બાકી વીજ બિલની સંપૂર્ણ માફી યોજના**

૨૮૫૮૪ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ઘરવપરાશ, ધંધાકીય તેમજ ખેતીવાડી હેતુના વીજ જોડાણોની લેણી નીકળતી રકમ ભરપાઈ કરવા માટે એક વખતની સંપૂર્ણ માફી યોજના જાહેર કરેલ છે તે હકીકત સાચી છે,

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૧૨–૧૦–૨૦૧૭ના ઠરાવથી રાજ્યના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણોવાળા ગ્રાહકો/બિન ગ્રાહકોના બાકી લ્હેણાની વસૂલાત માટેની 'માફી યોજના–૨૦૧૭' જાહેર કરવામાં આવેલ હતી, જે તા.૧૯/૦૨/૨૦૧૯ ના ઠરાવથી 'એક વખતની માફી યોજના–૨૦૧૭' મુજબ સુધારેલ હતી જેને તા.૩૧/૦૫/૨૦૧૯ સુધી વધુમાં વધુ ગ્રાહકો/બિન ગ્રાહકો લાભ લઈ શકે તે માટે લંબાવવામાં આવી હતી.

(૨) જો હા, તો તે અન્વયે છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલા વ્યક્તિઓ/એકમો/ખેડૂતોના કેટલી રકમના વીજ બિલ માફ કરવામાં આવ્યા,

(૨)

| જિલ્લો | વ્યક્તિઓ/એકમો/ખેડૂતો | વીજ બિલ માફીની રકમ |
|---|---|---|
| ભરૂચ | ૧૬૯૩૬ | ૩.૧૯૦૧.૯૦ લાખ |
| છોટાઉદેપુર | ૬૩૪૮ | ૩.૪૧૧.૧૦ લાખ |

(૩) વીજ બિલની લેણી નીકળતી રકમ અંગે નામદાર કોર્ટમાં પડતર કેસો અને પડતર દરખાસ્તોવાળા કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) વીજ બિલની લેણી નીકળતી રકમ અંગે નામદાર કોર્ટમાં પડતર કેસોના કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ હતી, પરંતુ પડતર દરખાસ્તોવાળા કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ નથી.

(૪) જો ના, તો તેના કારણો શું છે?

(૪) રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓએ વીજ બિલના બાકી લ્હેણાની વસૂલાત અંગે ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ કરી હુકમનામા મેળવેલ હોવાથી, પડતર દરખાસ્તોવાળા કિસ્સાઓનો સદર યોજનામાં સમાવેશ કરવામાં આવેલ ન હતો.

---------

**વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૨૭૩૯૧ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૧)

| વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| તા.૧–૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮ | ૧૦,૧૬૮ |
| તા.૧–૧–૧૯ થી તા.૩૧–૧૨–૧૯ | ૧૪,૪૮૦ |
| **કુલ** | **૨૪,૬૪૮** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| તા.૧–૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮ | ૨,૦૩,૩૬,૦૦૦ |
| તા.૧–૧–૧૯ થી તા.૩૧–૧૨–૧૯ | ૨,૮૯,૬૦,૦૦૦ |
| **કુલ** | **૪,૯૨,૯૬,૦૦૦** |

---------

**રાજકોટ અને મોરબી જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં બાળરોગ નિષ્ણાંતો**

૨૮૪૯૧ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં બાળરોગ નિષ્ણાત ડોકટરોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મંજૂર મહેકમ

| જિલ્લાનું નામ | નામ | સંખ્યા | સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|---|---|---|
| રાજકોટ | હોસ્પિટલો | ૭ | બાળરોગ નિષ્ણાંત | ૧૬ |
| મોરબી | હોસ્પિટલો | ૩ | બાળરોગ નિષ્ણાંત | ૩ |

- રાજકોટ અને મોરબી જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રો/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે બાળરોગ નિષ્ણાંત વર્ગ–૧ની જગ્યાઓ મંજૂર થયેલ નથી.

(૨) તે પૈકી ઉક્ત હોસ્પિટલ અને કેન્દ્રોવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને મોરબીના મહેકમની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | નામ | સંખ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| રાજકોટ | હોસ્પિટલો | ૭ | ૧૦ | ૬ |
| મોરબી | હોસ્પિટલો | ૩ | ૩ | ૦ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩)

- બાળરોગ નિષ્ણાંત વર્ગ–૧ની કુલ–૧૩૧ ખાલી જગ્યાઓ ભરવા માટે તા.૨૪–૧૨–૨૦૧૯ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી

આપવામાં આવેલ છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરી શકાશે.

- બાળરોગ નિષ્ણાંત, વર્ગ–૧ની ખાલી જગ્યા ભરવા માટે દર સોમવારે વોક–ઈન–ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર દ્વારા સરકારી મેડીકલ કોલેજોમાંથી એમ.ડી. પૂર્ણ કરેલ ઉમેદવારોને ત્રણ વર્ષ માટે બોન્ડેડ બાળરોગ નિષ્ણાંત, વર્ગ–૧ તરીકે નિમણૂક આપવાની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**વડોદરા તાલુકામાં ઢાઢર નદી પર પુલ બાંધવા બાબત**

૨૭૩૨૦ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના વડોદરા તાલુકાના ઉટીયાથી ઈટોલા પાદર રોડ પર ઢાઢર નદી પર પુલ બનાવવાનું કામ મંજૂર કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે? | (૨) રૂ.૩૦૦.૦૦ લાખ. |

---------

**ધાનપુર તાલુકાની પાનમ નદી પરના તૂટી ગયેલ પુલ બાબત**

૨૮૫૬૭ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નલદા ગામે પાનમ નદી પરનો પુલ તૂટી ગયેલ છે તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો ઉક્ત પુલ ક્યારથી તૂટી ગયેલ છે, અને<br>(૩) ક્યાં સુધીમાં કેટલા ખર્ચે બનાવવામાં આવશે ? | (૧), (૨) અને (૩) ધાનપુર તાલુકાના નલદા ગામે પાનમ નદી પર આવેલ હયાત ડીપને વરસાદ/પુરમાં નુકસાન થયેલ, જેને મરામત કરેલ છે અને હાલમાં વાહન વ્યવહાર ચાલુ છે. |

---------

**નસવાડી તાલુકાની મેન નદી પર પુલ બનાવવા બાબત**

૨૭૪૬૮ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના રાયપુર ખુશાલપુરા રસ્તા પર મેન નદી પર પુલ બનાવવાનું કામ મંજૂર કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે? | (૨) રૂા. ૫૦૦.૦૦ લાખ. |

---------

**મોરબી જિલ્લામાં કેનાલોના નેટવર્ક બાબત**

૨૮૪૮૨ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર નર્મદાની કયા પ્રકારની કેટલી કેનાલોના નેટવર્કનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલું બાકી છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર નર્મદાની પૂર્ણ થયેલ અને બાકી કેનાલોના નેટવર્કની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | નહેરનો પ્રકાર | શાખાની લંબાઈ કિમીમાં | | |
|---|---|---|---|---|---|
| | | | કુલ | પૂર્ણ | બાકી |
| મોરબી | હળવદ | શાખા | ૧૦૮.૮૯૦ | ૧૦૮.૮૯૦ | ૦ |
| | | વિશાખા | ૧૧૩.૦૭૦ | ૧૦૮.૭૮૦ | ૪.૨૯૦ |
| | | પ્રશાખા | ૪૭૫.૮૮૦ | ૩૦૪.૩૧૦ | ૧૭૧.૫૮૦ |
| | | પ્રપ્રશાખા | ૧૫૫૮.૯૬૦ | ૮૧૩.૦૩૦ | ૭૪૫.૯૩૦ |
| | | | | | |
| | મોરબી | શાખા | ૪૮.૯૯૦ | ૪૮.૯૯૦ | ૦ |
| | | વિશાખા | ૬૪.૨૩૦ | ૫૬.૫૬૦ | ૭.૬૭૦ |
| | | પ્રશાખા | ૨૨૭.૪૧૦ | ૧૩૪.૮૭૦ | ૯૨.૫૪૦ |
| | | પ્રપ્રશાખા | ૮૨૩.૩૯૦ | ૪૨૩.૪૬૦ | ૩૯૯.૯૩૦ |
| | | | | | |
| | માળીયા | શાખા | ૩૫.૯૩૦ | ૩૫.૯૩૦ | ૦ |
| | | વિશાખા | ૪૩.૬૨૦ | ૩૨.૪૯૦ | ૧૧.૧૩૦ |
| | | પ્રશાખા | ૧૨૩.૩૧૦ | ૪૭.૧૮૦ | ૭૬.૧૩૦ |

(૨) ઉક્ત પૂર્ણ થયેલ કામો પૈકી કેટલી કેનાલોમાં પાણી છોડવામાં આવે છે અને કેટલી કેનાલોમાં કયા કારણોસર પાણી છોડવામાં આવતું નથી, અને

(૨) ઉક્ત પૂર્ણ થયેલ કામો પૈકી કેનાલોમાં છોડવામાં આવતા પાણીની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | પાણી છોડવામાં આવતું હોય તેની લંબાઈ કિમીમાં | | | |
|---|---|---|---|---|---|
| | | શાખા | વિશાખા | પ્રશાખા | પ્રપ્રશાખા |
| મોરબી | હળવદ | ૧૦૮.૮૯૦ | ૮૬.૧૮૬ | ૨૧૨.૯૦૧ | ૪૯૨.૩૪૪ |
| | મોરબી | ૪૮.૯૯૦ | ૫૬.૫૬૧ | ૧૩૪.૮૭૦ | ૨૪૬.૧૩૯ |
| | માળીયા | ૩૫.૯૩૦ | ૩૨.૪૯૮ | ૪૭.૧૮૩ | ૧૧૦.૧૨૦ |

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | પાણી છોડવામાં આવતું ન હોય તેની લંબાઈ કિમીમાં | | | |
|---|---|---|---|---|---|
| | | શાખા | વિશાખા | પ્રશાખા | પ્રપ્રશાખા |
| મોરબી | હળવદ | ૦ | ૨૨.૫૯૪ | ૯૧.૪૦૯ | ૩૨૦.૬૮૬ |
| | મોરબી | ૦ | ૦ | ૦ | ૧૭૭.૩૨૧ |
| | માળીયા | ૦ | ૦ | ૦ | ૩૯.૦૭૦ |

પાણી છોડવામાં આવતું નથી તેના મુખ્ય કારણો:

૧. વિશાખા નહેરોમાં જમીન સંપાદન, ખેડૂતોના વિરોધ જેવા કે લાઈનદોરી બદલવાની માંગણી કે વધારાના નાળાની માંગણીને કારણે બાંધકામ ન થવાથી પાણી વહેવડાવી શકાતું નથી.

૨. ઉપરોક્ત વિશાખા નહેરોમાં બાંધકામ બાકી હોવાના કારણે પાણી વહેવડાવી શકાતું ન હોઈ તેમાંથી નીકળતી પ્રશાખા નહેરમાં પણ પાણી વહેવડાવી શકાતું નથી.

૩. ઉપરોક્ત વિશાખા કે પ્રશાખા નહેરોમાં સળંગ લંબાઈમાં પાણી વહેવડાવી શકાતું ન હોઈ તેમાંથી નીકળતી પ્રપ્રશાખા નહેરમાં પણ

(૩) ઉક્ત કેનાલોના બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) ઉક્ત કેનાલોના બાકી કામ વર્ષ ૨૦૨૦-૨૧માં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**અમદાવાદની યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી ખાતે નવીનીકરણ/વિસ્તરણની યોજના**

૨૭૪૪૮ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રિજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદમાં યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચના નવીનીકરણ / વિસ્તરણની કોઈ યોજના છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) નવા બિલ્ડીંગનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

(૩) આ યોજના માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે?

(૩) છેલ્લા એક વર્ષમાં રૂ.૭૨.૯૦ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

**રાજ્યોમાં લિગ્નાઈટ આધારિત પાવર પ્લાન્ટ**

૨૮૪૩૮ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં લિગ્નાઈટ આધારિત કેટલી ક્ષમતાના કેટલા પાવર પ્લાન્ટ આવેલા છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય સરકાર હસ્તકના લિગ્નાઇટ આધારિત પાવર પ્લાન્ટની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | લિગ્નાઈટ આધારિત પાવર પ્લાન્ટનું નામ | વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) |
|---|---|---|
| ૧ | કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ |
| ૨ | ભાવનગર લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ | ૫૦૦ |
| ૪ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન | ૨૫૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્લાન્ટ કાર્યરત અને કેટલા બંધ હાલતમાં છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તમામ પ્લાન્ટ કાર્યરત છે.

(૩) ઉક્ત પ્લાન્ટ ક્યારથી બંધ છે અને બંધ રહેવાના કારણો શું છે?

(૩) ઉક્ત સ્થિતિએ બધા જ વીજ મથકો કાર્યરત છે. આમ છતાં ક્યારેક વિવિધ કારણોસર જેવા કે તકનીકી સમારકામ, ઓછી વીજમાંગ, બળતણ ઉપલબ્ધ ન હોવું અને મેરિટ ઓર્ડર અંતર્ગત પ્રાથમિકતા જો ન મળતી હોય તો તત્પૂરતા હંગામી સમય દરમ્યાન વિજ એકમોમાંથી ઉત્પાદન મેળવવાના આવતું નથી.

સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર (SLDC) દ્વારા વીજ નિયમન આયોગના ''મેરીટ ઓર્ડર'' રેગ્યુલેશનને અનુસરીને સૌથી સસ્તા બળતણ ખર્ચ ધરાવતા વીજ મથક પાસેથી વીજ ખરીદી કરવાની રહે છે. આથી, વીજ મથક વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં જો તેના પરથી પેદા થતી વીજળી ''મેરીટ ઓર્ડર'' માં આવતી હોય તો જ વીજ ઉત્પાદન કરવામાં આવે છે.

આમ, સામાન્ય સંજોગોમાં ઉપરોક્ત વીજ મથકો કાર્યરત છે.

---------

**તાપી અને નર્મદા જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં બાળરોગ નિષ્ણાંતો**

૨૮૫૯૩ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ તાપી અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં બાળરોગ નિષ્ણાત ડોકટરોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મંજૂર મહેકમ

| જિલ્લાનું નામ | નામ | સંખ્યા | સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|---|---|---|
| તાપી | હોસ્પિટલો | ૨ | બાળરોગ નિષ્ણાંત | ૩ |
| | સા.આ.કેન્દ્રો | ૪ | બાળરોગ નિષ્ણાંત | ૪ |
| નર્મદા | હોસ્પિટલો | ૩ | બાળરોગ નિષ્ણાંત | ૪ |
| | સા.આ.કેન્દ્રો | ૨ | બાળરોગ નિષ્ણાંત | ૨ |

- તાપી અને નર્મદા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે બાળરોગ નિષ્ણાંત વર્ગ–૧ની જગ્યાઓ મંજૂર

(૨) તે પૈકી ઉક્ત હોસ્પિટલ અને કેન્દ્રોવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ તાપી અને નર્મદાના મહેકમની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | નામ | સંખ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| તાપી | હોસ્પિટલો | ૨ | ૩ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | સા.આ.કેન્દ્રો | ૪ | ૩ | ૧ |
| નર્મદા | હોસ્પિટલો | ૩ | ૨ | ૨ |
| | સા.આ.કેન્દ્રો | ૨ | ૧ | ૧ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩)
- બાળરોગ નિષ્ણાંત વર્ગ–૧ની કુલ–૧૩૧ ખાલી જગ્યાઓ ભરવા માટે તા.૨૪–૧૨–૨૦૧૯ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી આપવામાં આવેલ છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરી શકાશે.
- બાળરોગ નિષ્ણાંત, વર્ગ–૧ની ખાલી જગ્યા ભરવા માટે દર સોમવારે વોક–ઈન–ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર દ્વારા સરકારી મેડીકલ કોલેજોમાંથી એમ.ડી. પૂર્ણ કરેલ ઉમેદવારોને ત્રણ વર્ષ માટે બોન્ડેડ બાળરોગ નિષ્ણાંત, વર્ગ–૧ તરીકે નિમણૂક આપવાની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**નર્મદા નદી પર ઓવર બ્રિજ અને રેલ્વે બ્રિજ બનાવવા બાબત**

૨૮૫૭૮ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કરજણ તાલુકામાંથી પસાર થતી નર્મદા નદી પર મોટીકોરલ પાસે ઓવર બ્રિજ અને રેલ્વે બ્રિજ બનાવી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડવાની કેટલી રજૂઆત / માંગણી છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને

(૨) તે અન્વયે ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) કોઈ રજૂઆત મળેલ નથી. હાલમાં કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

---------

**સુરત મહાનગરપાલિકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૨૭૩૬૫ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત–ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત મહાનગરપાલિકામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ સુરત મહાનગરપાલિકામાં કઈ કઈ જગ્યાએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) કોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભાવનગર અને આણંદ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં બાળરોગ નિષ્ણાંતો**

૨૮૫૩૧ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં બાળરોગ નિષ્ણાત ડોકટરોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મંજૂર મહેકમ

| જિલ્લાનું નામ | નામ | સંખ્યા | સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|---|---|---|
| ભાવનગર | હોસ્પિટલો | ૩ | બાળરોગ નિષ્ણાંત | ૧૧ |
| આણંદ | હોસ્પિટલો | ૨ | બાળરોગ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ણાંત | |

- ભાવનગર અને આણંદ જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રો /પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે બાળરોગ નિષ્ણાંત વર્ગ–૧ની જગ્યાઓ મંજૂર થયેલ નથી.

(૨) તે પૈકી ઉક્ત હોસ્પિટલ અને કેન્દ્રોવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર અને આણંદના મહેકમની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | નામ | સંખ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ભાવનગર | હોસ્પિટલો | ૩ | ૪ | ૭ |
| આણંદ | હોસ્પિટલો | ૨ | ૨ | ૦ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩)

- બાળરોગ નિષ્ણાંત વર્ગ–૧ની કુલ–૧૩૧ ખાલી જગ્યાઓ ભરવા માટે તા.૨૪–૧૨–૨૦૧૯ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી આપવામાં આવેલ છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરી શકાશે.
- બાળરોગ નિષ્ણાંત, વર્ગ–૧ની ખાલી જગ્યા ભરવા માટે દર સોમવારે વોક–ઈન–ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર દ્વારા સરકારી મેડીકલ કોલેજોમાંથી એમ.ડી. પૂર્ણ કરેલ ઉમેદવારોને ત્રણ વર્ષ માટે બોન્ડેડ બાળરોગ નિષ્ણાંત, વર્ગ–૧ તરીકે નિમણૂક આપવાની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**દાહોદ જિલ્લામાં કૃષિ વિષયક વિજ જોડાણો**

૨૮૫૬૪ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧)

| દાહોદ જિલ્લાના તાલુકા | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ |
| દાહોદ | ૨૧૦ | ૧૫૫ |
| લીમખેડા | ૩૭૧ | ૧૨૧ |
| ઝાલોદ | ૨૫૫ | ૧૮૪ |
| ફતેપુરા | ૨૭૪ | ૩૪૪ |
| ગરબાડા | ૧૨૭ | ૧૨૪ |
| ધાનપુર | ૧૭૫ | ૧૩૬ |
| દે'બારીયા | ૪૮૨ | ૩૩૪ |
| સંજેલી | ૬૭ | ૫૭ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી વીજ જોડાણો આપવામાં આવ્યા અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ૧૩૨૨ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા અને ૨૦૯૦ અરજીઓ પડતર છે.

(૩) પડતર અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરી વીજ જોડાણ આપવામાં આવશે?

(૩) ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ

વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનુ આયોજન કરવામાં આવતું હોય છે. આમ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાકીય પરિબળ મહત્વનુ હોઇ તમામ બાબતો ધ્યાને લઇ બનતી ત્વરાએ વીજ જોડાણ આપવામાં આવશે.

---------

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કરેલ દરોડા**

૨૮૫૧૪ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કેટલા દરોડા/ ઈન્સ્પેક્શન ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| વર્ષ | જિલ્લાનું નામ | |
|---|---|---|
| | ગીર સોમનાથ | અમરેલી |
| તા.૧-૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | ૧૦ | ૦૧ |
| તા.૧-૧-૧૯ થી | ૦૭ | ૦૧ |

(૨) ઉક્ત દરોડા/ઇન્સ્પેક્શનમાં કઇ ગેરકાનૂની પ્રવૃત્તિ/વેચાણ જોવા મળ્યા, અને

(૨) ઉક્ત દરોડા/ઇન્સ્પેક્શનમાં નીચે મુજબ ગેરકાનૂની પ્રવૃત્તિ/વેચાણ જોવા મળ્યાઃ

**ગીર સોમનાથઃ**

COTPA ૨૦૦૩ અન્વયેની કલમ ૪ અંતર્ગત જાહેર સ્થળે ધુમ્રપાન, કલમ ૬ (અ) ૧૮ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિ દ્વારા તમાકુ આપવી કે વહેંચવી ગુન્હો છે તેવું બોર્ડ પાનના ગલ્લે પ્રદર્શીત કરેલ જણાયેલ ન હતું. કલમ ૬(બ) શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુની વેચાણ પર પ્રતિબંધનું ઉલ્લંઘન જોવા મળેલ અને કલમ ૭ ચિત્રાત્મક આરોગ્ય વિષયક ચેતવણી વગર તમાકુની બનાવટો જોવા મળેલ.

**અમરેલીઃ**

ઉક્ત દરોડા/ ઇન્સ્પેકશનમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ ની કલમ-૪ (જાહેર સ્થળે ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ) અને કલમ-૬ (અ) ૧૮ વર્ષથી ઓછી ઉમરની વ્યક્તિને તમાકુની બનાવટો વેચવા કે તેના દ્વારા વેચાણ કરવા પર પ્રતિબંધ અને કલમ-૬ (બ) શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની બનાવટો વેચવા પર પ્રતિબંધનાં ઉલ્લંઘન જેવી ગેરકાનૂની પ્રવૃતિ/વેચાણ જોવા મળેલ છે.

(૩) તે અન્વયે જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ગીર સોમનાથ જિલ્લામાં તે અન્વયે જવાબદારો સામે નિયમાનુસાર દંડ વસૂલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે અને અમરેલી જિલ્લામાં તે અન્વયે કુલ-૪૧ જવાબદારો સામે કુલ રૂ. ૬,૩૫૦/- નો દંડ કરવામાં આવેલ છે.

**બોડેલી તાલુકામાં રસ્તાના કામની મંજૂરી બાબત**

૨૭૩૫૭ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) હા, જી.

વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના કુંદનપુર વસાહત (પ્રેમનગરથી કડાછલા) રસ્તાના કામને મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

(૨) ૪.૦૦ કિ.મી.ની લંબાઈ માટે રૂા.૨૮૦.૦૦ લાખ.

---------

**નસવાડી તાલુકાની મેન નદી પર પુલ બનાવવા બાબત**

૨૭૪૬૯ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના રાયપુર ખુશાલપુર રસ્તા પર મેન નદી પર પુલ બનાવવાનું કામ મંજૂર કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે?

(૨) રૂ.૫૦૦.૦૦ લાખ.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૨૮૫૭૩ **શ્રી સુખરામભાઇ રાઠવા** (જેતપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ક્યા સ્થળે સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે,

(૧) પત્રક સામેલ છે.

**પત્રક**

તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આવેલ તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક

| **ક્રમ નં.** | **તાલુકાનું નામ** | **અ.નં.** | **સા.આ.કે.નું નામ** |
|---|---|---|---|
| ૧ | બોડેલી | ૧ | બોડેલી |
| | | ૨ | જબુગામ |
| ૨ | છોટાઉદેપુર | ૩ | તેજગઢ |
| | | ૪ | ઝોઝ |
| ૩ | જેતપુરપાવી | ૫ | જેતપુરપાવી |
| | | ૬ | કડવાલ |
| ૪ | ક્વાંટ | ૭ | ક્વાંટ |
| | | ૮ | પાનવડ |
| | | ૯ | રંગપુર (ક્વાંટ) |
| ૫ | નસવાડી | ૧૦ | ગઢબોરીયાદ |
| | | ૧૧ | નસવાડી |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત સામૂહિક આરોગ્ય કેન્દ્રના સ્થળ ફેરફાર અંગે કેટલી રજૂઆત/માંગણી કે દરખાસ્ત સરકારને મળી, અને

(૨) એક દરખાસ્ત મળેલ છે.

(૩) તે અન્વયે ક્યારે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) સામૂહિક આરોગ્ય કેન્દ્ર રંગપુર (ક્વાંટ)ને યથા સ્થળે રાખવામાં આવેલ છે.

---------

**અમદાવાદની કીડની હોસ્પિટલમાં મંજૂર થયેલ જગ્યાઓ**

૨૮૪૬૯ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલ કીડની હોસ્પિટલમાં ડાયરેક્ટર, નેફ્રોલોજીસ્ટ, યુરોલોજીસ્ટની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર |
|---|---|
| ડાયરેક્ટર | ૦૧ |
| નેફ્રોલોજીસ્ટ | ૧૫ |
| યુરોલોજીસ્ટ | ૧૧ |
| **કુલ** | **૨૭** |

(૨) તે પૈકી કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| ડાયરેક્ટર | ૦૧ | ૦૦ |
| નેફ્રોલોજીસ્ટ | ૦૬ | ૦૯ |
| યુરોલોજીસ્ટ | ૦૬ | ૦૫ |
| **કુલ** | **૧૩** | **૧૪** |

(૩) ખાલી જગ્યા ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકૂળતા તેમજ જરૂરિયાત મુજબ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયે જગ્યાઓ બનતી ત્વરાએ ભરી શકાશે.

---------

**જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં અકસ્માતમાં ઘાયલ વ્યક્તિઓને સહાય**

૨૮૫૧૧ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થનારને રૂ.૫૦,૦૦૦ સુધીની સારવાર આપવા અન્વયે જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ઘાયલ વ્યક્તિઓને સહાય ચૂકવવામાં આવી,

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ |
|---|---|---|
| જૂનાગઢ | ૧૩૩ | ૨૦૭ |
| ગીર-સોમનાથ | ૩૭ | ૬૭ |
| **કુલ** | **૧૭૦** | **૨૭૪** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા વ્યક્તિઓને આવી સહાય ચૂકવવાની બાકી છે, તેના કારણો શાં છે,

(૨) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ |
|---|---|---|
| જૂનાગઢ | ૦૦ | ૦૦ |
| ગીર-સોમનાથ | ૨૧ | ૦૦ |
| **કુલ** | **૨૧** | **૦૦** |

અપૂરતા દસ્તાવેજો રજૂ કરેલ હોઇ સહાય ચૂકવવામાં આવેલ નથી.

(૩)ક્યાં સુધીમાં આ સહાય ચૂકવવામાં આવશે, અને

(૩)પૂરતા દસ્તાવેજો રજૂ થયેથી સહાય ચૂકવવામાં આવશે.

(૪)ઉક્ત સહાય કેટલા દિવસમાં ચૂકવવાની જોગવાઇ છે?

(૪)કામકાજના ૩૦ દિવસમાં સહાય ચૂકવવાની જોગવાઇ છે.

**થાનગઢમાં સેનેટરી ઉત્પાદક એકમોને વીજ શુલ્ક માફી**

૨૮૪૮૦ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં આવેલ સેનેટરી આઇટમો બનાવતા યુનિટોને વીજ શુલ્ક માફી આપવામાં આવે છે કે કેમ,

(૧) હા, જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા યુનિટોને કેટલી રકમની વીજ શુલ્ક માફી આપવામાં આવી, અને

(૨)

| જિલ્લોઃ સુરેન્દ્રનગર<br>તાલુકોઃ થાનગઢ | | |
|---|---|---|
| **વર્ષ** | **માફી આપવામાં આવેલ એકમની સંખ્યા** | **અપાયેલ વીજકર માફીની રકમ (રૂ.)** |
| તા.૦૧-૦૧-૨૦૧૮ | ૧૩ | ૪૪,૫૭,૩૨૪.૫૩ |

| | | |
|---|---|---|
| થી<br>તા. ૩૧-૧૨-૨૦૧૮ | | |
| તા.૦૧-૦૧-૨૦૧૯<br>થી<br>તા. ૩૧-૧૨-૨૦૧૯ | ૧૭ | ૬૨,૬૩,૩૪૭.૩૧ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા યુનિટોને વીજ શુલ્ક માફી આપવાની બાકી છે, તે ક્યાં સુધીમાં આપવામાં આવશે?

(૩) મળેલ અરજીઓ પૈકી સને-૨૦૧૮ની ૧ અરજી અને ૨૦૧૯ ની ૭ અરજી મળી કુલ-૮ યુનિટોને વીજ શુલ્કમાં માફી આપવાની બાકી છે. જે પૈકી ૪ યુનિટોની અરજીઓ કચેરી ખાતે પડતર છે જેનો નિકાલ સત્વરે કરવામાં આવશે. તેમજ ૪ યુનિટોની અરજી અંગે અરજદાર દ્વારા સંપૂર્ણ પૂર્તતા મળ્યેથી અરજીનો નિકાલ સત્વરે કરવામાં આવશે.

---------

**ભરૂચ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૨૭૪૮૭ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૨૪૯.૪૯ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૧૧૧૯ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) રૂ. ૧૩૨.૩૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના હેઠળ હોસ્પિટલ**

૨૮૫૪૩ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના હેઠળ આણંદ જિલ્લામાં કેટલી હોસ્પિટલ નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી કેટલી ખાનગી અને કેટલી સરકારી હોસ્પિટલો છે?

**જવાબ**

(૧) આયુષ્માન ભારત યોજના અમલમાં આવતા તા. ૦૧-૧૦-૨૦૧૮ થી આ યોજના બંધ કરવામાં આવેલ છે. આથી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના હેઠળ એકપણ હોસ્પિટલ નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભરૂચ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૨૭૪૮૬ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૨૪૯.૪૯ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૧૧૧૯ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) રૂ. ૧૩૨.૩૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાકી વીજ બિલની સંપૂર્ણ માફી યોજના**

૨૮૪૯૫ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ઘરવપરાશ, ધંધાકીય તેમજ ખેતીવાડી હેતુના વીજ જોડાણોની લેણી નીકળતી રકમ ભરપાઈ કરવા માટે એક વખતની સંપૂર્ણ માફી યોજના જાહેર કરેલ

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૧૨-૧૦-૨૦૧૭ના ઠરાવ થી રાજ્યના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણોવાળા ગ્રાહકો/બિન ગ્રાહકોના બાકી લ્હેણાની વસૂલાત માટેની ‘માફી યોજના-૨૦૧૭’ જાહેર કરવામાં આવેલ હતી, જે

છે તે હકીકત સાચી છે,

તા.૧૯-૦૨-૨૦૧૯ ના ઠરાવથી 'એક વખતની માફી યોજના-૨૦૧૭' મુજબ સુધારેલ હતી જેને તા.૩૧-૦૫-૨૦૧૯ સુધી વધુમાં વધુ ગ્રાહકો/બિન ગ્રાહકો લાભ લઈ શકે તે માટે લંબાવવામાં આવી હતી.

(૨) જો હા, તો તે અન્વયે છેલ્લા એક વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા વ્યક્તિઓ/ એકમો/ખેડૂતોના કેટલી રકમના વીજ બિલ માફ કરવામાં આવ્યા,

(૨)

| જિલ્લો | વ્યક્તિઓ/એકમો/ખેડૂતો | વીજ બિલ માફીની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| જામનગર | ૧૨૮૬૪ | ૧૯૧૫.૫૨ |
| દેવભૂમિ દ્વારકા | ૬૬૧૮ | ૧૧૦૦.૭૩ |

(૩) વીજ બિલની લેણી નીકળતી રકમ અંગે નામદાર કોર્ટમાં પડતર કેસો અને પડતર દરખાસ્તોવાળા કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) વીજ બિલની લેણી નીકળતી રકમ અંગે નામદાર કોર્ટમાં પડતર કેસોના કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ હતી, પરંતુ પડતર દરખાસ્તો વાળા કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ નથી.

(૪) જો ના, તો તેના કારણો શું છે?

(૪) રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓએ વીજ બિલના બાકી લ્હેણાની વસૂલાત અંગે ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ કરી હુકમનામા મેળવેલ હોવાથી, પડતર દરખાસ્તોવાળા કિસ્સાઓનો સદર યોજનામાં સમાવેશ કરવામાં આવેલ ન હતો.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કેન્સર, એઈડ્સ, ક્ષયના નોંધાયેલ કેસો**

૨૮૪૫૪ **ડો. સી.જે.ચાવડા** (ગાંધીનગર-ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેન્સર, એઈડ્સ, ક્ષયના કેટલા કેસ નોંધાયા,

(૧)

| વર્ષ | ગાંધીનગર | | | મહેસાણા | | |
|---|---|---|---|---|---|---|
| | કેન્સર | એઈડ્સ | ક્ષય | કેન્સર | એઈડ્સ | ક્ષય |
| ૨૦૧૮ | ૯૬૯ | ૨૪૩ | ૩૭૫૦ | ૯૪૮ | ૨૦૮ | ૭૩૮૦ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર, રોગવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા,

(૨)

| વર્ષ | ગાંધીનગર | | | મહેસાણા | | |
|---|---|---|---|---|---|---|
| | કેન્સર | એઈડ્સ | ક્ષય | કેન્સર | એઈડ્સ | ક્ષય |
| ૨૦૧૮ | ૬૨ | ૩૯ | ૧૮૭ | ૫૨ | ૧૪ | ૨૮૮ |

(૩) મૃત્યુ થયેલ દર્દીઓમાં કેટલા સ્ત્રી અને કેટલા પૂરુંષો છે, અને

(૩)

| દર્દીની વિગત | ગાંધીનગર | | | મહેસાણા | | |
|---|---|---|---|---|---|---|
| | કેન્સર | એઈડ્સ | ક્ષય | કેન્સર | એઈડ્સ | ક્ષય |
| સ્ત્રી | ૫૪ | ૧૮ | ૧૦૫ | ૫૬ | ૮ | ૧૫૧ |

(૪)ઉક્ત રોગોને અટકાવવા શું કાર્યવાહી કરવામાં આવી?

(૪) આ અંગેનું પત્રક-અ આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

**રોગોને અટકાવવા માટે કરેલ કાર્યવાહીની વિગતોઃ-**

**કેન્સરઃ**

- કેન્સર રોગ અંગે વિવિધ માધ્યમો દ્વારા જનજાગૃતિ અંગે પ્રચાર-પ્રસાર
- કેન્સર રોગ માટે રાજ્યની તમામ સરકારી જિલ્લા હોસ્પિટલો, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો તથા કેન્સર હોસ્પિટલો ખાતે નિઃશુલ્ક તપાસ
- રાજ્ય સરકારશ્રીએ નિયુક્ત કરેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો ખાતે રૂા.૫.૦૦ લાખ સુધીની આવકવાળાને મા યોજના તથા મા વાત્સલ્ય યોજનાનાં કાર્ડ ધારક માટે કેસલેસ સારવાર ઉપલબ્ધ.
- આયુષ્માન ભારત યોજના હેઠળ જરૂરિયાતમંદ લાભાર્થી દર્દીઓ માટે કેશલેશ સારવાર ઉપલબ્ધ.

**એઈડ્સઃ**

તા.૧૯મી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

- ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ દ્વારા રાજ્યમાં એચ.આઈ.વી./એઈડ્સના અટકાવ તથા નિયંત્રણ માટે કેન્દ્ર સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (નાકો), નવી દિલ્હીની નાણાકીય તથા તકનિકી સહાયથી નેશનલ એઈડ્સ એન્ડ કંટ્રોલ પ્રિવેન્શન પ્રોગ્રામ (એન.એ.સી.પી.) અમલીકરણમાં છે.
- સદર પ્રોગ્રામ હેઠળ રાજ્યમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો સુધી એચ.આઈ.વી./એઈડ્સની વિના મૂલ્ય તપાસ તથા સારવાર સુવિધા ઉપલબ્ધ છે.
- ગુજરાત સરકાર દ્વારા જતન પ્રોજેક્ટ હેઠળ એ.આર.ટી. સેન્ટરો ખાતે દવા લેવા આવતા દર્દીઓને આવવા–જવાનું ભાડું આપવામાં આવે છે.
- ગુજરાત સરકાર દ્વારા વર્ષઃ૨૦૨૦–૨૧ થી એચ.આઈ.વી. ના દર્દીઓ દવાને વળગી રહે તે હેતુથી ૯ જિલ્લાઓમાં નવા સાર–સંભાળ કેન્દ્રો (કેર અને સપોર્ટ સેન્ટર) સ્થાપિત કરવામાં આવશે.
- નાકો, નવી દિલ્હીની નવી માર્ગદર્શિકા મુજબ 'ટેસ્ટ એન્ડ ટ્રીટ' પોલિસી અનુસાર દરેક એચ.આઈ.વી. પોઝિટિવ વ્યક્તિની સારવાર–એન્ટી રિટ્રો વાયરલ થેરાપી (એ.આર.ટી.) ચાલુ કરવામાં આવે છે.
- જોખમી વર્તણૂક ધરાવતા સમુદાય (હાઈ રિસ્ક ગ્રુપ–એચ.આર.જી.)માં તથા તેમના દ્વારા સામાન્ય જનતામાં એચ.આઈ.વી./એઈડ્સના અટકાવ માટે બિન–સરકારી સંસ્થાઓ દ્વારા લક્ષિત જૂથ દરમિયાનગીરી કાર્યક્રમ અંતર્ગત કોર જૂથ (દેહવિક્રયના વ્યવસાય સાથે સંકળાયેલા બહેનો–FSW, સજાતીય સંબંધ ધરાવતા પુરષો–MSM, હિજડા–TG અને સોંય/સિરીંજથી નશો કરનારા–IDU) તેમજ બ્રિજ જૂથો (સ્થાનાંતરીત કામદારો–માઈગ્રન્ટસ અને ટ્રકર્સ) સમુદાયમાં જોખમી વર્તણૂકની તરાહમાં ફેરફાર કરી તેઓને જરૂરી સેવાઓ (કાઉંસેલીંગ, કોન્ડોમ વિતરણ, વર્તન પરિવર્તનનું સાહિત્ય વગેરે) ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- માતાપિતાથી બાળકમાં સંક્રમિત થતા એચ.આઈ.વી. ચેપની અટકાયત હેતુ પ્રિવેન્શન ઓફ પેરન્ટ ટુ ચાઈલ્ડ ટ્રાન્શમિશન (PPTCT) પ્રોગ્રામ અંતર્ગત તમામ સગર્ભા મહિલાઓનું HIV પરીક્ષણ કરવામાં આવે છે.
- જાતિય રોગ પ્રસાર નિયંત્રણ માટે રાજ્યમાં મેડિકલ કોલેજ તથા જિલ્લા સ્તરની હોસ્પિટલોમાં સુરક્ષા ક્લિનિક કાર્યરત છે.

**ક્ષય**

- બે અઠવાડીયા કરતાં વધુ સમયથી ઉધરસ આવતી હોઈ તેવા દર્દીઓની તાત્કાલીક બે ગળફાની તપાસ કરી નિદાન કરવામાં આવે છે.
- જો તપાસમાં ક્ષયરોગ માલુલ પડે તો તાત્કાલિક નિયમિત સારવાર ઉપર મૂકી રોગ મુકત કરવામાં આવે છે જેથી અન્ય વ્યક્તિને ચેપ લગાડે નહીં.
- ક્ષયરોગનું નિદાન અને સારવાર વિના મૂલ્યે કરવામાં આવે છે.
- ક્ષયરોગના દર્દીઓના સંપર્કમાં આવનાર વ્યક્તિનું જરૂર જણાય તો તાત્કાલીક પરિક્ષણ કરવામાં આવે છે તથા તેની સાથે રહેતાં ૬ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને વજન પ્રમાણે ક્ષયરોગ ન થાય તે માટે ૬ માસ માટે આઈસોનાઈઝાઈડ નામની દવા આપવામાં આવે છે.
- ગૃહ મુલાકાત લઈ ક્ષયરોગનાં ઝડપી નિદાન માટે સર્વેક્ષણ કરવામાં આવે છે.
- જન જાગૃતિ માટે વિવિધ માધ્યમો દ્વારા પ્રચાર–પ્રસાર કરવામાં આવે છે.

---------

**બનાસકાંઠા અને મહીસાગર જિલ્લામાં બાકી વીજ બિલની સંપૂર્ણ માફી યોજના**

૨૮૪૨૯ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ઘરવપરાશ, ધંધાકીય તેમજ ખેતીવાડી હેતુના વીજ જોડાણોની લેણી નીકળતી રકમ ભરપાઈ કરવા માટે એક વખતની સંપૂર્ણ માફી યોજના જાહેર કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૧૨–૧૦–૨૦૧૭ના ઠરાવ થી રાજ્યના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણોવાળા ગ્રાહકો/બિન ગ્રાહકોના બાકી લ્હેણાની વસૂલાત માટેની 'માફી યોજના–૨૦૧૭' જાહેર કરવામાં આવેલ હતી, જે તા.૧૯/૨/૨૦૧૯ ના ઠરાવથી 'એક વખતની માફી યોજના–૨૦૧૭' મુજબ સુધારેલ હતી જેને તા.૩૧/૫/૨૦૧૯ સુધી વધુમાં વધુ ગ્રાહકો/બિન ગ્રાહકો લાભ લઈ શકે તે માટે લંબાવવામાં આવી હતી.

(૨)

| જિલ્લો | વ્યક્તિઓ/એકમો/ | વીજ બિલ માફીની |
|---|---|---|

વ્યક્તિઓ/એકમો/ ખેડૂતોના કેટલી રકમના વીજ બિલ માફ કરવામાં આવ્યા,

| | ખેડૂતો | રકમ |
|---|---|---|
| બનાસકાંઠા | ૧૦૭૧૨ | ૩.૩૨૪.૫૫ લાખ |
| મહીસાગર | ૯૬૦૭ | ૩.૬૦૯.૩૩ લાખ |

(૩) વીજ બિલની લેણી નીકળતી રકમ અંગે નામદાર કોર્ટમાં પડતર કેસો અને પડતર દરખાસ્તોવાળા કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) વીજ બિલની લેણી નીકળતી રકમ અંગે નામદાર કોર્ટમાં પડતર કેસોના કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ હતી, પરંતુ પડતર દરખાસ્તો વાળા કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ નથી.

(૪) જો ના, તો તેના કારણો શું છે?

(૪) રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓએ વીજ બિલના બાકી લ્હેણાની વસૂલાત અંગે ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ કરી હુકમનામા મેળવેલ હોવાથી, પડતર દરખાસ્તોવાળા કિસ્સાઓનો સદર યોજનામાં સમાવેશ કરવામાં આવેલ ન હતો.

---------

**રાજકોટ મહાનગરપાલિકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૨૭૩૬૯ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા, અને

(૨)ઉક્ત સ્થિતિએ રાજકોટ મહાનગરપાલિકામાં કઈ કઈ જગ્યાએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) કોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા અને આણંદ જિલ્લામાં તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કરેલ દરોડા**

૨૮૫૭૬ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કેટલા દરોડા/ ઈન્સ્પેક્શન વડોદરા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| વર્ષ | જિલ્લાનું નામ | |
|---|---|---|
| | **વડોદરા** | **આણંદ** |
| તા.૧–૧–૧૮ થી તા.૩૧–૧૨–૧૮ | ૪૭ | ૧૩ |
| તા.૧–૧–૧૯ થી | ૩૫ | ૪૦ |

(૨) ઉક્ત દરોડા/ઈન્સ્પેક્શનમાં કઈ ગેરકાનૂની પ્રવૃત્તિ/વેચાણ જોવા મળ્યા, અને

(૨) ઉક્ત દરોડા/ઈન્સ્પેક્શનમાં નીચે મુજબ ગેરકાનૂની પ્રવૃત્તિ/વેચાણ જોવા મળ્યાઃ

**વડોદરા :**

(૧) COTPA–૨૦૦૩ (સિગારેટસ એન્ડ અધર ટોબેકો પ્રોડોકટ એકટ–૨૦૦૩)ની કલમ–૬(બ) અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની બનાવટો વેચતા જોવા મળ્યા.

(૨) COTPA–૨૦૦૩ (સિગારેટસ એન્ડ અધર ટોબેકો પ્રોડોકટ એકટ–૨૦૦૩)ની કલમ–૪ મુજબ જાહેર સ્થળોએ ધુમ્રપાન કરતા ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવી.

(૩) કલમ–૬(અ) મુજબ ૧૮ વર્ષથી નીચેની વયના વ્યકિતને તમાકુ ઉત્પાદન વેચવું ગુનો બને છે તે મુજબના બોર્ડ દુકાન પર દર્શાવેલ ન હતા તેમની સામે કાર્યવાહી કરવામાં આવેલ છે.

**આણંદ :**

દરોડા દરમ્યાન કાયદા અનુસાર જે દુકાનમાં તમાકુ કે તમાકુની બનાવટનું વેચાણ થતું હોય ત્યાં COTPA-2003 (સિગારેટસ એન્ડ અધર ટોબેકો પ્રોડોકટ એકટ-૨૦૦૩) ની કલમ-૬ (અ) મુજબ બોર્ડ લગાવેલ ન હતા. કલમ-૬(બ) મુજબ શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં આવેલ વિસ્તારમાં તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ જોવા મળ્યું, અને કલમ-૪ મુજબ જાહેર જગ્યાઓ પર ધુમ્રપાન જોવા મળ્યું.

(૩) તે અન્વયે જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩)
(૧) વડોદરા જિલ્લામાં તે અન્વયે જવાબદારો સામે કુલ રૂ.૨,૨૦,૫૯૦/- નો દંડ કરવામાં આવેલ છે.
(૨) આણંદ જિલ્લામાં તે અન્વયે જવાબદારો સામે નિયમાનુસાર દંડ વસૂલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં સેલ્સ ટેક્ષ/વેટની વસૂલાત બાબત**

૨૮૫૧૯ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં પાયોનીયર/પ્રેસીજીયસ સ્ટેટસ અન્વયે સેલ્સ ટેકસ/વેટની વિલંબિત ચૂકવણીનો લાભ લેનાર એકમો પાસેથી વસૂલાત બાકી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એક કરોડથી વધુ રકમના કરવેરા ભરવાના બાકી હોય તેવા એકમો કેટલા છે, અને | (૨) ૫ (પાંચ) |
| (૩) ઉક્ત એકમો પાસેથી ઉક્ત કરવેરા વસૂલવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી ? | (૩) ઉક્ત ૫ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મૂલ્યવર્ધિત કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૨૭૪૦૫ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૧)

| **વર્ષ** | **લાભાર્થીઓની સંખ્યા** |
|---|---|
| તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | ૧૨,૬૯૫ |
| તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | ૧૨,૬૦૧ |
| **કુલ** | **૨૫,૨૯૬** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ** |
|---|---|
| તા.૦૧-૦૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | ૨,૫૩,૯૦,૦૦૦ |
| તા.૦૧-૦૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ | ૨,૫૨,૦૨,૦૦૦ |
| **કુલ** | **૫,૦૫,૯૨,૦૦૦** |

---------

**ગાંધીનગર અને સુરત જિલ્લામાં તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કરેલ દરોડા**

૨૮૪૫૭ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કેટલા દરોડા/ ઈન્સ્પેક્શન ગાંધીનગર અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કરવામાં આવ્યા,

(૧)

| વર્ષ | જિલ્લાનું નામ | |
|---|---|---|
| | ગાંધીનગર | સુરત |
| તા.૧-૧-૧૮ થી તા.૩૧-૧૨-૧૮ | ૧૪૩ | ૧૨ |
| તા.૧-૧-૧૯ થી | ૫૨ | ૧૪ |

(૨) ઉક્ત દરોડા/ઈન્સ્પેક્શનમાં કઈ ગેરકાનૂની પ્રવૃત્તિ/વેચાણ જોવા મળ્યા, અને

(૨) ઉક્ત દરોડા/ઈન્સ્પેક્શનમાં નીચે મુજબ ગેરકાનૂની પ્રવૃત્તિ/વેચાણ જોવા મળ્યાઃ

**ગાંધીનગર :**

(૧) ઉક્ત દરોડા/ઈન્સ્પેકશનમાં તમાકુની બનાવટો જેવી કે પાન-મસાલા, બીડી-સિગારેટ અને ગુટખાનું ગેરકાનૂની વેચાણ કરતાં જોવા મળ્યા અને સરકારશ્રીના નિયમ મુજબ ૨x૧ ની સાઈઝનું ચેતવણી માટેનું બોર્ડ ડિસ્પ્લે કરેલ ન હતું.

**સુરત :**

- જાહેર સ્થળે ધુમ્રપાન કરતા વ્યકિતઓ જોવા મળ્યા.
- નિયત નમૂના કરતા મોટા અને તમાકુની બનાવટોની પ્રત્યક્ષ અને પરોક્ષ જાહેરાત કરતા હોય તેવા બોર્ડ જોવા મળ્યા.
- તમાકું નિયંત્રણ ધારો-૨૦૦૩ની કલમ-૬-અ મુજબ નિયત નમૂનાનું બોર્ડ મૂક્યા વગર વેચાણ કરતા જોવા મળ્યા.
- ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યકિત તમાકુનું વેચાણ કરતાં જોવા મળ્યા.
- શૈક્ષણિક સંસ્થાઓની ચારે દિશાના ૧૦૦ વારના વિસ્તારમાં તમાકુ વેચતા દુકાનદારો જોવા મળ્યા.
- તમાકુની બનાવટોના બંને તરફ આરોગ્ય વિષયક ચિત્રાત્મક ચેતવણી ન હોય તેવી તમાકુની બનાવટો જોવા મળી.

(૩) તે અન્વયે જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩)
(૧) ગાંધીનગર જિલ્લામાં તે અન્વયે જવાબદારો સામે નિયમાનુસાર દંડ વસૂલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.
(૨) સુરત જિલ્લામાં તે અન્વયે જવાબદારો સામે કુલ રૂ.૧૦,૬૩,૭૯૦/- નો દંડ કરવામાં આવેલ છે.

---------

## કચ્છ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો

૨૭૪૦૨ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૧) ૧૩૫ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) તે માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૩૩૨.૬૪ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## ભિલોડા અને મેઘરજ તાલુકાના ડામર થયા વગરના રસ્તાઓ

૩૦૦૧૯ **ડો. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧-૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાના ડામર થયા વગરના સાત વર્ષથી ઉપરના પ્લાન અને દસ વર્ષથી ઉપરના નોન-પ્લાન રસ્તાઓ કેટલા છે,

(૧) ૪૭-રસ્તાઓ.

(૨) આ રસ્તાઓનું સરકારની નીતિ પ્રમાણે સમયસર ડામર ન થવાના કારણો શાં છે, અને

(૨) રસ્તાની હયાત ડામર સપાટી ધ્યાને લઈ ડામર કામ કરવામાં આવે છે.

(૩) આ રસ્તાઓનું ક્યાં સુધીમાં ડામર કામ થશે ?

(૩) મંજૂર થયેલ ૩ રસ્તાઓ પર બનતી ત્વરાએ ડામર કામ કરવામાં આવશે અને બાકીના રસ્તાઓની મંજૂર કરવાની દરખાસ્ત વિચારણા હેઠળ છે.

---------

**સુરત જિલ્લામાં જર્જરીત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૨૭૪૨૨ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૧) ૧૩૪.૬૫ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૩૦૧ નંગ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૫૬.૮૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**જી.એસ.ટી.ના વળતરની બાકી વસૂલાત**

૨૭૯૫૨ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત સરકારને તેના જી.એસ.ટી.ના વળતરના બાકી લહેણાપેટે કેન્દ્ર સરકારે મળવાપાત્ર કેટલા લહેણા સામે વર્ષવાર, કેટલી રકમ ચૂકવી,

(૧)

| સમય | વળતરના મળવા પાત્ર લહેણા (રૂ.કરોડમાં) | ચૂકવેલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૦૧-૦૨-૨૦૧૮ થી ૩૧-૧૨-૨૦૧૯ | ૧૧૪૭૪.૭૦ | ૧૧૨૧૨.૦૫ |
| ૦૧-૦૨-૨૦૧૯ થી ૩૧-૦૧-૨૦૨૦ | ૧૪૪૫૧.૫૯ | ૧૩૬૬૩.૨૦ |

(૨) બાકી નીકળતા લહેણા માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારમાં ક્યારે ક્યારે રજૂઆતો કરી, અને

(૨) જે તે સમયે મળવાપાત્ર વળતર સંદર્ભે નવેમ્બર ૨૫, ૨૦૧૯ના રોજ ભારત સરકારના રેવન્યુ સેક્રેટરીને તથા માર્ચ ૨૭, ૨૦૧૯ના રોજ ભારત સરકારના નાણાંમંત્રીશ્રીને પત્ર પાઠવવામાં આવેલ.

(૩) કેન્દ્ર સરકારે તેનો શુ પ્રતિભાવ આપ્યો?

(૩) ભારત સરકાર તરફથી વખતો-વખત કોમ્પેન્સેશનનો હપ્તો ચૂકવવામાં આવેલ છે.

---------

**સુરત જિલ્લામાં જર્જરીત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૨૭૪૮૯ **શ્રી અરવિંદ રાણા** (સુરત-પૂર્વ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૧) ૧૩૪.૬૫ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૩૦૧ નંગ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૫૬.૮૩ લાખનો ખર્ચ થયેલ છે.

## જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કેન્સર, એઈડ્સ, ક્ષયના નોંધાયેલ કેસો

૨૮૫૦૭ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેન્સર, એઈડ્સ, ક્ષયના કેટલા કેસ નોંધાયા,

(૧)

| **જિલ્લાનું નામ** | **વર્ષ** | **નોંધાયેલ કેસો** | | |
|---|---|---|---|---|
| | | **કેન્સર** | **એઈડ્સ** | **ક્ષય** |
| જૂનાગઢ | ૨૦૧૮ | ૧૮૬ | ૧૬૨ | ૧૫૮૯ |
| | ૨૦૧૯ | ૧૬૦ | ૧૫૦ | ૧૫૫૧ |
| પોરબંદર | ૨૦૧૮ | ૨૦૨ | ૬૮ | ૬૧૭ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર રોગવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા?

(૨)

| **જિલ્લાનું નામ** | **વર્ષ** | **મૃત્યુ પામેલ દર્દીઓની સંખ્યા** | | |
|---|---|---|---|---|
| | | **કેન્સર** | **એઈડ્સ** | **ક્ષય** |
| જૂનાગઢ | ૨૦૧૮ | ૧૧ | ૧૨ | ૯૭ |
| | ૨૦૧૯ | ૧૯ | ૧૦ | ૮૫ |
| પોરબંદર | ૨૦૧૮ | ૨૧ | ૧૪ | ૫૬ |

(૩) મૃત્યુ થયેલ દર્દીઓમાં કેટલા સ્ત્રી અને કેટલા પુરુષો છે, અને

(૩)

| **જિલ્લાનું નામ** | **વર્ષ** | **મૃત્યુ પામેલ દર્દીઓ પૈકી સ્ત્રી અને પુરુષની સંખ્યા** | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **કેન્સર** | | **એઈડ્સ** | | **ક્ષય** | |
| | | **સ્ત્રી** | **પુ.** | **સ્ત્રી** | **પુ.** | **સ્ત્રી** | **પુ.** |
| જૂનાગઢ | ૨૦૧૮ | ૨ | ૯ | ૯ | ૩ | ૨૧ | ૭૬ |
| | ૨૦૧૯ | ૨ | ૧૭ | ૭ | ૩ | ૧૮ | ૬૭ |
| પોરબંદર | ૨૦૧૮ | ૩ | ૧૮ | ૩ | ૧૧ | ૧૦ | ૪૬ |
| | ૨૦૧૯ | ૫ | ૧૪ | ૩ | ૯ | ૧૩ | ૨૯ |

(૪)ઉક્ત રોગોને અટકાવવા શું કાર્યવાહી કરવામાં આવી?

(૪) પત્રક–અ મુજબ

**પત્રક–અ**

**રોગોને અટકાવવા માટે કરેલ કાર્યવાહીની વિગતોઃ–**

**કેન્સરઃ**

- કેન્સર રોગ અંગે વિવિધ માધ્યમો દ્વારા જનજાગૃતિ અંગે પ્રચાર–પ્રસાર
- કેન્સર રોગ માટે રાજ્યની તમામ સરકારી જિલ્લા હોસ્પિટલો, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો તથા કેન્સર હોસ્પિટલો ખાતે નિઃશુલ્ક તપાસ
- રાજ્ય સરકારશ્રીએ નિયુક્ત કરેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો ખાતે રૂ.૫.૦૦ લાખ સુધીની આવકવાળાને મા યોજના તથા મા વાત્સલ્ય યોજનાનાં કાર્ડ ધારક માટે કેસલેસ સારવાર ઉપલબ્ધ.
- આયુષ્યમાન ભારત યોજના હેઠળ જરૂરિયાતમંદ લાભાર્થી દર્દીઓ માટે કેશલેશ સારવાર ઉપલબ્ધ.

**એઈડ્સઃ**

- ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ દ્વારા રાજ્યમાં એચ.આઈ.વી./એઈડ્સના અટકાવ તથા નિયંત્રણ માટે કેન્દ્ર સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (નાકો), નવી દિલ્હીની નાણાકીય તથા તકનિકી સહાયથી નેશનલ એઈડ્સ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન પ્રોગ્રામ (એન.એ.સી.પી.) અમલીકરણમાં છે.
- સદર પ્રોગ્રામ હેઠળ રાજ્યમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો સુધી એચ.આઈ.વી./ એઈડ્સની વિના મૂલ્ય તપાસ તથા સારવાર સુવિધા ઉપલબ્ધ છે.
- ગુજરાત સરકાર દ્વારા જતન પ્રોજેક્ટ હેઠળ એ.આર.ટી. સેન્ટરો ખાતે દવા લેવા આવતા દર્દીઓને આવવા–જવાનું ભાડું આપવામાં આવે છે.
- ગુજરાત સરકાર દ્વારા વર્ષઃ૨૦૨૦–૨૧ થી એચ.આઈ.વી. ના દર્દીઓ દવાને વળગી રહે તે હેતુથી ૯ જિલ્લાઓમાં નવા સાર–સંભાળ કેન્દ્રો (કેર અને સપોર્ટ સેન્ટર) સ્થાપિત કરવામાં આવશે.
- નાકો, નવી દિલ્હીની નવી માર્ગદર્શિકા મુજબ 'ટેસ્ટ એન્ડ ટ્રીટ' પોલિસી અનુસાર દરેક એચ.આઈ.વી. પોઝિટિવ વ્યક્તિની સારવાર–એન્ટી રિટ્રો વાયરલ થેરાપી (એ.આર.ટી.) ચાલુ કરવામાં આવે છે.
- જોખમી વર્તણૂક ધરાવતા સમુદાય (હાઈ રિસ્ક ગ્રુપ–એચ.આર.જી.)માં તથા તેમના દ્વારા સામાન્ય જનતામાં એચ.આઈ.વી./એઈડ્સના અટકાવ માટે બિન–સરકારી સંસ્થાઓ દ્વારા લક્ષિત જૂથ દરમિયાનગીરી કાર્યક્રમ અંતર્ગત કોર જૂથ (દેહવિક્રયના વ્યવસાય સાથે સંકળાયેલા બહેનો–FSW, સજાતીય સંબંધ ધરાવતા પુરુષો–MSM, હિજડા–TG અને સોંય/સિરીંજથી નશો કરનારા–IDU) તેમજ બ્રિજ જૂથો (સ્થાનાંતરીત કામદારો–માઈગ્રન્ટસ અને ટ્રકર્સ) સમુદાયમાં જોખમી વર્તણૂકની તરાહમાં ફેરફાર કરી તેઓને જરૂરી સેવાઓ (કાઉંસેલીંગ, કોન્ડોમ વિતરણ, વર્તન પરિવર્તનનું સાહિત્ય વગેરે) ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

## તા.૧૯મી માર્ચ, ૨૦૨૦
## અતારાંકિત પ્રશ્નો

- માતાપિતાથી બાળકમાં સંક્રમિત થતા એચ.આઈ.વી. ચેપની અટકાયત હેતુ પ્રિવેન્શન ઓફ પેરન્ટ ટુ ચાઈલ્ડ ટ્રાન્શમિશન (PPTCT) પ્રોગ્રામ અંતર્ગત તમામ સગર્ભા મહિલાઓનું HIV પરીક્ષણ કરવામાં આવે છે.
- જાતિય રોગ પ્રસાર નિયંત્રણ માટે રાજ્યમાં મેડિકલ કોલેજ તથા જિલ્લા સ્તરની હોસ્પિટલોમાં સુરક્ષા ક્લિનિક કાર્યરત છે.

**ક્ષય**

- બે અઠવાડીયા કરતાં વધુ સમયથી ઉધરસ આવતી હોઈ તેવા દર્દીઓની તાત્કાલીક બે ગળફાની તપાસ કરી નિદાન કરવામાં આવે છે.
- જો તપાસમાં ક્ષયરોગ માલુલ પડે તો તાત્કાલિક નિયમિત સારવાર ઉપર મૂકી રોગ મુકત કરવામાં આવે છે જેથી અન્ય વ્યક્તિને ચેપ લગાડે નહીં.
- ક્ષયરોગનું નિદાન અને સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે.
- ક્ષયરોગના દર્દીઓના સંપર્કમાં આવનાર વ્યક્તિનું જરૂર જણાય તો તાત્કાલીક પરિક્ષણ કરવામાં આવે છે તથા તેની સાથે રહેતાં ૬ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને વજન પ્રમાણે ક્ષયરોગ ન થાય તે માટે ૬ માસ માટે આઈસોનાઈઝાઈડ નામની દવા આપવામાં આવે છે.
- ગૃહ મુલાકાત લઈ ક્ષયરોગનાં ઝડપી નિદાન માટે સર્વેક્ષણ કરવામાં આવે છે.
- જન જાગૃતિ માટે વિવિધ માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે.

---------

### જામ જોધપુર તાલુકાના રોડ પહોળા કરવા બાબત

૨૭૩૭૮ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર-ગ્રામ્ય) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના વીરપુર-ભોજાબેડી-લલોઈ-સખપર-શેઢવડાળા રોડને પહોળા કરવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હાલની સ્થિતિએ મંજૂર થયેલ છે. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) ૧૨.૦૦ કિમી લંબાઈ માટે રૂ.૬૦૦.૦૦ લાખ. |

---------

### અમદાવાદ અને સુરત શહેર/જિલ્લામાં ડોક્ટરોને આપેલ નિમણૂક

૨૮૪૬૬ **શ્રી ગ્યાસુદીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરત શહેર/જિલ્લામાં સરકારી કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ કેટલા ડોક્ટરોને નિમણૂક આપવામાં આવી, | (૧) અને (૨) **પત્રક-૧** આ સાથે સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલા ડોક્ટરો ફરજ પર હાજર થયા અને કેટલા ડોક્ટરો હાજર ન થયા, | |
| (૩) હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસુલી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને | (૩) **પત્રક-૨** આ સાથે સામેલ છે. |
| (૪) ઉક્ત બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શી કાર્યવાહી કરી? | (૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

**પત્રક-૧**

**તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરત શહેર/જિલ્લામાં જિલ્લાવાર સરકારી કોલેજોમાંથી ડોક્ટરોને આપેલ નિમણૂકોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | | | વર્ષ ૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | હાજર ન થયેલ ડોક્ટર | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | હાજર ન થયેલ ડોક્ટર |
| ૧ | અમદાવાદ (શહેર) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | અમદાવાદ (ગ્રામ્ય) | ૧૩ | ૩ | ૧૦ | ૨ | ૧ | ૧ |
| ૩ | સુરત (શહેર) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સુરત (ગ્રામ્ય) | ૩૩ | ૩ | ૩૦ | ૩૦ | ૬ | ૨૪ |
| | **કુલ** | **૪૬** | **૬** | **૪૦** | **૩૨** | **૭** | **૨૫** |

**પત્રક-૨**

| હાજર ન થયા હોય તેવા ડોક્ટરોની બોન્ડની વસૂલાતની વિગત દર્શાવતું પત્રક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | | | વર્ષ ૨૦૧૯ | | |
| | | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડોક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડોક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) |
| ૧ | અમદાવાદ (શહેર) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | અમદાવાદ (ગ્રામ્ય) | ૨ | ૩૦૦૦૦૦ | ૧૨૦૦૦૦૦ | ૦ | ૦ | ૫૦૦૦૦૦ |
| ૩ | સુરત (શહેર) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સુરત (ગ્રામ્ય) | ૮ | ૧૨૦૦૦૦૦ | ૩૩૦૦૦૦૦ | ૩ | ૧૫૦૦૦૦૦ | ૧૦૫૦૦૦૦૦ |
| | **કુલ** | **૧૦** | **૧૫૦૦૦૦૦** | **૪૫૦૦૦૦૦** | **૩** | **૧૫૦૦૦૦૦** | **૧૧૦૦૦૦૦૦** |

---------

## મોરબી અને આણંદ જિલ્લામાં બાકી વીજ બિલની સંપૂર્ણ માફી યોજના

૨૮૪૮૯ **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ઘરવપરાશ, ધંધાકીય તેમજ ખેતીવાડી હેતુના વીજ જોડાણોની લેણી નીકળતી રકમ ભરપાઈ કરવા માટે એક વખતની સંપૂર્ણ માફી યોજના જાહેર કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે છેલ્લા બે વર્ષમાં મોરબી અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા વ્યક્તિઓ/એકમો/ ખેડૂતોના કેટલી રકમના વીજ બિલ માફ કરવામાં આવ્યા,

(૩) વીજ બિલની લેણી નીકળતી રકમ અંગે નામદાર કોર્ટમાં પડતર કેસો અને પડતર દરખાસ્તોવાળા કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૪) જો ના, તો તેના કારણો શું છે?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૧૨–૧૦–૨૦૧૭ના ઠરાવ થી રાજ્યના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણોવાળા ગ્રાહકો/બિન ગ્રાહકોના બાકી લ્હેણાની વસૂલાત માટેની 'માફી યોજના–૨૦૧૭' જાહેર કરવામાં આવેલ હતી, જે તા.૧૯–૦૨–૨૦૧૯ના ઠરાવથી 'એક વખતની માફી યોજના–૨૦૧૭' મુજબ સુધારેલ હતી જેને તા.૩૧–૦૫–૨૦૧૯ સુધી વધુમાં વધુ ગ્રાહકો/બિન ગ્રાહકો લાભ લઈ શકે તે માટે લંબાવવામાં આવી હતી.

(૨)

| જિલ્લો | વ્યક્તિઓ/એકમો/ ખેડૂતો | વીજબિલ માફીની રકમ |
|---|---|---|
| મોરબી | ૯૦૭૦ | રૂ. ૧૦૩૫.૦૨ લાખ |
| આણંદ | ૩૪૩૪ | રૂ. ૨૬૯.૪૪ લાખ |

(૩) વીજ બિલની લેણી નીકળતી રકમ અંગે નામદાર કોર્ટમાં પડતર કેસોના કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ હતી, પરંતુ પડતર દરખાસ્તો વાળા કિસ્સાઓમાં ઉક્ત યોજના લાગુ કરવામાં આવેલ નથી.

(૪) રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓએ વીજ બિલના બાકી લ્હેણાની વસૂલાત અંગે ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ કરી હુકમનામા મેળવેલ હોવાથી, પડતર દરખાસ્તોવાળા કિસ્સાઓનો સદર યોજનામાં સમાવેશ કરવામાં આવેલ ન હતો.

---------

## રાજ્ય સરકારનું જાહેર દેવું

૨૮૫૩૭ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

(૨) ઉક્ત દેવું ઘટાડવા છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં,

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ (સુ.અ) | ૨,૪૦,૬૫૨ |

શ્રી જવાહરભાઇ ચાવડા (પ્રવાસન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી બચુભાઇ મ. ખાબડ (રાજ્ય કક્ષાના ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબો

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૪-૧૫નો ઓડિટ અહેવાલ

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (રાજ્ય કક્ષાના કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૪-૧૫નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ફાલ્ગુન ૨૯, ૧૯૪૧ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રીમતી વિભાવરીબેન દવે (રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૧૪-૧૫ના વાર્ષિક હિસાબો

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૧૪-૧૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ઉદ્યોગ અને ખાણ વિભાગના જાહેરનામા

શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગના સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ અધિનિયમ અન્વયેના,

તા.૧૮/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક: જીઆઇડીસી/ઇએસટી/લો/એએમડી/૧૬, તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

## શ્રમ અને રોજગાર વિભાગ, કાયદા વિભાગ

### શ્રમ અને રોજગાર વિભાગ

### માગણી ક્રમાંક-૫૭

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૯,૯૬,૫૦,૬૭,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૭૨,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૫૭ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઇ માનનીય સભ્યશ્રી હાજર ન હોઇ કાપ દરખાસ્તો રજૂ થયેલ નથી.**

### કાયદા વિભાગ

### માગણી ક્રમાંક- ૬૦

શ્રી **<#Mi** પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્યકક્ષાના કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાય તંત્રનો વહીવટ સેવાને લગતી કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯,૯૫,૪૬,૬૪,૦૦૦ /-ની માગણી ક્રમાંક-૬૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૬૦ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત આપનાર કોઇ સભ્યશ્રી હાજર ન હોઇ કાપદરખાસ્તો રજૂ થયેલ નથી.**

**સન ૨૦૨૦-૨૦૨૧**ના વર્ષના કરેલ અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી **ગુરુવાર, તા.૧૯-૦૩-૨૦૨૦ (સાતમો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

## તા.૧૯મી માર્ચ, ૨૦૨૦
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

| શ્રમ અને રોજગાર વિભાગ<br>**માગણી નં. ૫૭** | | | | |
|---|---|---|---|---|
| *૧ | ૨૨૩૦– શ્રમ...વિકાસ<br>૦૧– શ્રમ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૩,૯૫,૩૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫, પાના નં.૬ થી ૮ | ૧૦૦ | લઘુતમ વેતન ધારાનો સખ્તાઈથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર (સુખરામભાઈ રાઠવા) |
| *૨ | _ _ " _ _ | ૧૦૦ | શ્રમજીવી વર્ગોનું થતું શોષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જિગ્નેશકુમાર મેવાણી |
| *૩ | _ _ " _ _ | ૧૦૦ | શ્રમ આયુક્તની કામગીરીને સંગીન બનાવવામાં તેમજ જરૂરી સ્ટાફ ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (પુનમભાઈ પરમાર) |
| *૪ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં કામ કરતા નિયમિત કર્મચારીઓનું સરેરાશ વેતન ખૂબ જ ઓછું છે તે વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઈ બારડ (ચંદનજી ઠાકોર) |
| *૫ | **_ _ " _ _** | **૧૦૦** | **શ્રમ આયોગની નબળી કામગીરીથી શ્રમિકોના પ્રશ્નો સત્વરે હલ કરવામાં તંત્રની નિષ્ફળતા** | **શ્રી સંજયભાઈ સોલંકી (મોહનલાલ વાળા)** |
| *૬ | **_ _ " _ _** | ૧૦૦ | ગ્રામ શ્રમ આયુક્તમાં પુરતો સ્ટાફ આપવા અને વધુ નાણા ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા (ગેનીબેન ઠાકોર) |
| *૭ | ૨૨૩૦– શ્રમ...વિકાસ<br>૦૧– શ્રમ<br>૧૦૨– કામકાજની...સલામતી<br>રૂ. ૪૩,૦૫,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પાના નં.૧૧ થી ૧૪ | ૧૦૦ | કારખાના ધારાના નિયમોના ભંગના કેસોની સંખ્યામાં થતો વધારો અટકાવવા તેમજ પડતર કેસોના નિકાલ માટે યોગ્ય આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ (હર્ષદકુમાર રીબડીયા) |
| *૮ | _ _ " _ _ | ૧૦૦ | કામદારોની સલામતી માટે યોગ્ય પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત |
| *૯ | _ _ " _ _ | ૧૦૦ | કારખાનાઓમાં સલામતીના સાધનોના અભાવે વધતા જતા અકસ્માતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશુભાઈ પટેલ (ગ્યાસુદ્દીન શેખ) |
| *૧૦ | ૨૨૩૦– શ્રમ...વિકાસ<br>૦૧– શ્રમ<br>૧૦૨– કામકાજની...સલામતી<br>રૂ. ૪૩,૦૫,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પાના નં.૧૧ થી ૧૪ | ૧૦૦ | કારખાનાઓમાં નિયમિત ચેકીંગ કરીને વધતા જતા અકસ્માતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિમલભાઈ ચુડાસમા (નિરંજન પટેલ) |
| *૧૧ | _ _ " _ _ | ૧૦૦ | બોઈલરોની નિયમિત ચકાસણીના અભાવે બોઈલરો ફાટવાના વધતા જતા બનાવો સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ (ડૉ. અનિલ જોષિયારા) |
| *૧૨ | _ _ " _ _ | ૧૦૦ | ઔદ્યોગિક એકમમાં નિયમાનુસાર ફાયર સેફ્ટીની તેમજ ફર્સ્ટ એઈડ બોક્સની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુનિલભાઈ ગામીત (ચંદ્રિકાબેન બારીયા) |
| *૧૩ | ૨૨૩૦– શ્રમ...વિકાસ<br>૦૧– શ્રમ<br>૧૦૩– સામાન્ય...કલ્યાણ<br>રૂ. ૩૨,૯૮,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૧૫ થી ૧૮ | ૧૦૦ | રાજ્યના શ્રમિકોને સામાજિક સુરક્ષાનો લાભ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અક્ષયકુમાર પટેલ (ગુલાબસિંહ રાજપૂત) |
| *૧૪ | **_ _ " _ _** | ૧૦૦ | શ્રમિકોના સામાજિક સુરક્ષા અને અધિકારોના રક્ષણ માટે નાણાકીય જોગવાઈમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ (ભરતજી ઠાકોર) |
| *૧૫ | ૨૨૩૦– શ્રમ...વિકાસ<br>૦૧– શ્રમ<br>૧૧૧– મજૂરોની...સુરક્ષા<br>રૂ. ૧,૨૪,૪૩,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૧૯ અને ૨૦ | ૧૦૦ | શ્રમિકો માટે બાંધકામ સેસની રકમમાંથી બનાવાયેલ આવાસો અંગેની માહિતી પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેશકુમાર ગોહિલ (અંબરીષભાઈ ડેર) |
| *૧૬ | _ _ " _ _ | ૧૦૦ | શ્રમિકોની નોંધણીની યોગ્ય ચકાસણી કરી જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ચિરાગભાઈ કાલરીયા (વજેસિંગભાઈ પણદા, |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | કાન્તીભાઈ ખરાડી) |
| *૧૭ | — — " — — | ૧૦૦ | રાજ્યમાં બાંધકામ પ્રવૃત્તિથી મળતી સેસની રકમ કામદારોના હિતમાં વાપરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભીખાભાઈ જોષી (નથાભાઈ પટેલ) |
| *૧૮ | ૨૨૩૦–શ્રમ...વિકાસ<br>૦૨–રોજગાર સેવાઓ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૨૯,૬૬,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૨૨ થી ૨૪ | ૧૦૦ | રાજ્યમાં વધતી જતી બેરોજગારોની સંખ્યા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઈ ઠુમ્મર (રાજેન્દ્રસિંહ પરમાર) |
| *૧૯ | — — " — — | ૧૦૦ | ઉદ્યોગોમાં ૮૫ ટકા સ્થાનિકોને નોકરીમાં રાખવાના શ્રમ અને રોજગાર વિભાગનો પરિપત્ર હોવા છતાં તેનું પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (ડૉ. સી.જે.ચાવડા) |
| *૨૦ | — — " — — | ૧૦૦ | બેરોજગારોની સંખ્યા વધતી જતી હોવા છતાં સરકારી કચેરીઓમાં ખાલી જગ્યાઓ ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ |
| *૨૧ | ૨૨૩૦–શ્રમ...વિકાસ<br>૦૨–રોજગાર સેવાઓ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૨૯,૬૬,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૨૨ થી ૨૪ | ૧૦૦ | નિવૃત્ત કર્મચારીઓને નોકરીમાં રાખવાની નીતિથી બેરોજગાર યુવાનોની સંખ્યા વધતી જાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બળદેવજી ઠાકોર (પુનાભાઈ ગામીત) |
| *૨૨ | — — " — — | ૧૦૦ | રાજ્યમાં લેખિત કરાર કે કોન્ટ્રાક્ટ વિના કામ કરતા કર્મીઓની ભરતી નિમણૂંકપત્રો કે અન્ય લેખિત કરારથી કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શીવાભાઈ ભુરીયા (કાન્તિભાઈ પરમાર) |
| *૨૩ | — — " — — | ૧૦૦ | બેરોજગારીના સાચા આંકડાઓ રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાળાભાઈ ડાભી (લલીતભાઈ કગથરા) |
| *૨૪ | — — " — — | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઈ માડમ (બાબુભાઈ વાજા) |
| *૨૫ | — — " — — | ૧૦૦ | રાજ્યમાં કેન્દ્ર સરકારની જુદી જુદી ભરતીઓમાં રાજ્યના જ યુવાનોને સ્થાન મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા (પ્રવિણભાઈ મુસડીયા) |
| *૨૬ | — — " — — | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલ બેરોજગારોને જ્યાં સુધી રોજગારી ન મળે ત્યાં સુધી બેરોજગારી ભથ્થુ આપવામાં તંત્રની તંત્રની નિષ્ફળતા | શ્રી લલીત વસોયા (ઋત્વિકભાઈ મકવાણા) |
| *૨૭ | ૨૨૩૦– શ્રમ...વિકાસ<br>૦૩– તાલીમ<br>૧૦૧– ઔદ્યોગિક...સંસ્થા<br>રૂ.૪,૮૩,૧૯,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૨૯ થી ૩૩ | ૧૦૦ | આઈ.ટી.આઈ.ના અભ્યાસક્રમમાં જુદા જુદા કોર્ષના તાલીમબધ્ધ શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા (નૌશાદ સોલંકી) |
| *૨૮ | — — " — — | ૧૦૦ | આઈ.ટી.આઈ. પાસ કરી બહાર આવતા યુવાનોને રોજગારીની તકો મળતી નથી જેથી આઈ.ટી.આઈ.માં દાખલ થવાનો ઉત્સાહ નબળો પડતો જાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભાવેશભાઈ કટારા (કનુભાઈ બારૈયા) |
| *૨૯ | — — " — — | ૧૦૦ | સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં આધુનિક ટેકનોલોજી મુજબના તેમજ ઉદ્યોગોને જરૂરિયાત મુજબના કોર્ષ ચલાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જશપાલસિંહ પઢિયાર (કાંતિભાઈ સોઢાપરમાર) |
| | | કાયદા વિભાગ<br>**માગણી નં. ૬૦** | | |
| *૩૦ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫–સિવિલ...કોર્ટ<br>૦૧–જિલ્લા...જજ<br>રૂ.૨,૬૬,૨૮,૭૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૧૩ અને ૧૪ | ૧૦૦ | સેસન્સ કોર્ટોમાં જજોની ખાલી જગ્યાઓ ભરવા તેમજ કેસોનો ભરાવો થયો છે તેનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| *૩૧ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫–સિવિલ...કોર્ટ<br>૦૧–જિલ્લા...જજ<br>રૂ.૨,૬૬,૨૮,૭૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૧૩ અને ૧૪ | ૧૦૦ | વારંવાર વકીલો દ્વારા મુદતો પડાતી હોવાથી કેસોનો નિકાલ સત્વરે થતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ<br>(ઇમરાન ખેડાવાલા) |
| *૩૨ | --,,-- | ૧૦૦ | વારંવાર મુદત માંગતા વકીલો તેમજ સમન્સ બજાવ્યા પછી પણ વારંવાર ગેરહાજર રહેતા ઇસમોના કેસો એકતરફી ચલાવી કેસોનો ઝડપી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ |
| *૩૩ | --,,-- | ૧૦૦ | કોર્ટના ચુકાદા પછી અરજદારોને ચુકાદાની નકલ સત્વરે મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાખાભાઈ ભરવાડ |
| *૩૪ | ૨૦૧૪– ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫–સિવિલ...કોર્ટ<br>૦૬–ફેમીલી કોર્ટ<br>રૂ.૩૫,૮૩,૧૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૨૨ અને ૨૩ | ૧૦૦ | ફેમીલી કોર્ટમાં જજોની સંખ્યા વધારી કેસોનો નિકાલ સત્વરે થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રઘુભાઈ દેસાઈ<br>(સંતોકબેન આરેઠીયા) |
| *૩૫ | ૨૦૧૪– ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૮– ફોજદારી કોર્ટ<br>૦૧–અદાલતી મેજિસ્ટ્રેટ<br>રૂ. ૩૩,૭૯,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૨૭ અને ૨૮ | ૧૦૦ | ફોજદારી કોર્ટોમાં વારંવાર મુદતો પડતા અને સમન્સ બજાવવા છતાં વ્યક્તિઓ હાજર રહેતા નથી તેમની સામે સખ્તાઈથી કાર્યવાહી કરી કેસોનો ઝડપી નિકાલ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અજીતસિંહ ચૌહાણ<br>(આનંદભાઈ ચૌધરી) |
| *૩૬ | --,,-- | ૧૦૦ | વકીલોને કોર્ટમાં બેસવાની પુરતી સુવિધાઓ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા<br>(મહમદજાવીદ પીરજાદા) |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

**અધ્યક્ષશ્રીઃ** હવે રજૂ થયેલ માગણીઓ ઉપર ચર્ચા શરૂ કરવામાં આવશે.

**શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(**ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગાર માગણી નં. ૫૭ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં આજે સૌથી વધુ રોજગારી આપતું કોઇ રાજય હોય તો એ ગુજરાત છે અને તે માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ અને આ વિભાગના માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. આ વિભાગે અનેક નવતર પ્રયોગ, નવા અભિગમ કરી વધુમાં વધુ રોજગારી કેવી રીતે મળે એના પોઝીટીવ એટીટયુડ સાથે હંમેશા આ વિભાગ કામ કરતો આવ્યો છે. આજે ઇન્ડિયા એ ફીફથ સ્ટ્રોંગેસ્ટ ઇકોનોમી છે ત્યારે હું એમ કહીશ કે એમાં ગુજરાતનો ખૂબ સારો રોલ છે અને એમાં આ વિભાગે મોટો ભાગ ભજવ્યો છે, આજે એમ કહી શકાય કે India is the youngest country in the world with population of 56 crores under the age of 25. એમાં પણ જો આપણે બાળકો ગણીએ ૧૦ વર્ષથી લઇને ૧૯ વર્ષ સુધીના ૨૩ કરોડ બાળકો છે. કોઇપણ દેશ પાસે એના ૩૦ વર્ષ બહુ મહત્ત્વના હોય છે અને એ યુવાવર્ષ હોય છે. ચાઇના આજે સેકન્ડ સ્ટ્રોંગેસ્ટ ઇકોનોમી છે તો એનું કારણ એ છે કે એની પાસે અત્યાર સુધી યંગ વર્ક હોર્સ પાવર હતો અને તે માટે થઇને એ second strongest economy in the world બન્યું. આ દેશના માનનીય વડાપ્રધાનશ્રીએ આહ્વાન કર્યું છે કે એમણે ફાઇવ ટ્રીલીયન ઇકોનોમીને જોવી છે. તો ફાઇવ ટ્રીલીયન ઇકોનોમીને માટે હું એવું કહીશ કે આપણી પાસે યુવાધન, વર્ક હોર્સ પાવર હોવું જોઇએ અને આજની સ્થિતિએ when the world is aging, countries including Europe, China and Japan ત્યારે એક ઇન્ડિયા જ એક દેશ એવો છે કે જેની પાસે વર્ક હોર્સ પાવર છે, જેની પાસે યંગ ડાઇનેમીક વર્ક એઇજ પોપ્યુલેશન છે અને એના આધારે જ આપણે આગળ વધી રહ્યા છીએ અને આ વિભાગે જે કામગીરી કરી છે એ ખૂબ સરાહનીય છે. આજે આપણા યુવાનો, સ્કીલ્ડ લોકો આ દેશની અંદર છે અને વિદેશમાં પણ છે અને ગુજરાતમાં પણ છે. આ વિભાગે સારી કામગીરી કરી છે ત્યારે પહેલું તો એ કહીશ કે આપણે જે રોજગાર મેળા કર્યા, આખા ભારતભરના લોકો અન્ય રાજયોમાંથી આપણો રોજગાર મેળો જોવા આવે છે કે કયું મોડયુલ છે? કેવી રીતે રોજગારી પ્રાપ્ત થાય છે એ જોવા બધા જ સ્ટેટના લોકો અહીં આવીને આ મોડેલને સ્ટડી કરે છે, આ આપણા માટે આ કાર્ય ખૂબ અભિનંદનને પાત્ર છે. મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના માટે મારે મુખ્યમંત્રીશ્રીને હૃદયથી અભિનંદન આપવા પડે. કારણ કે હું તો એવા જિલ્લામાંથી આવું છું કે જયાં બધા જ તાલુકાની અંદર ઉદ્યોગો છે. આ ઉદ્યોગો છે ત્યારે એના કામદારને રોજગારી મળે એનું મહત્ત્વ શું છે એ આપણને સમજાય છે. કોઇપણ સ્કીલ્ડ લેબર હોય, કાં તો એણે આઇ.ટી.આઇ. કર્યું હોય અથવા ડિપ્લોમા કર્યું હોય અથવા બેચરલર થયો હોય, પણ જયારે એ પહેલી વખત ઉદ્યોગમાં જાય છે ત્યારે એને ફ્રેસર તરીકે

જોવામાં આવે છે ત્યારે એપ્રેન્ટીસશીપ યોજના એવી છે કે જેમાં ૧૧ મહિનાની અંદર એને ટ્રેનીંગ મળે છે, જયારે એને નોકરી મળે ત્યારે એ ચોક્કસ કહી શકે કે હું આ પ્રકારની ટ્રેનીંગ લઇને આવ્યો છું. આ પ્રકારની એપ્રેન્ટીસશીપ આ કંપનીમાં હું કરીને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને જણાવતા આનંદ થાય છે કે આ વર્ષનો લક્ષ્યાંક ૧ લાખ જેટલા યુવાનોને એપ્રેન્ટિસશીપ યોજનામાં જોડવા વિભાગનો અભિગમ છે. આ માટે હું હૃદયપૂર્વકના અભિનંદન માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિભાગને આપું છું. આ વિભાગ આવો સરસ અભિગમ અપનાવી ૧ લાખ યુવાનોને એપ્રેન્ટિસશીપ યોજનામાં જોડશે. આજે આ રોજગારી પ્રાપ્ત થઇ રહી છે એમાં ઔદ્યોગિક શાંતિનો ખૂબ મોટો રોલ છે. હું કહેવા માગીશ કે આની સાથે ઔદ્યોગિક શાંતિ, ગુડ ગવર્નન્સ, સ્ટેબલ ગવર્નન્સ, આપણી નવી નીતિઓ, પ્રો-એક્ટિવ ગવર્નન્સ, લો એન્ડ ઓર્ડર આ બધા પરિબળો આપણને મદદરૂપ થાય છે ત્યારે ઔદ્યોગિક શાંતિ પણ ભાગ ભજવે છે. ૪૦ હજાર ઇન્ડસ્ટ્રીયલ યુનિટો આપણે ત્યાં નોંધાયેલા છે, ફેક્ટરીઓ નોંધાયેલી છે. એમાં હજારો અને લાખો કામદારો કામ કરે છે. પણ એ કામ ક્યારે કરે છે? અહીં કોઇ યુનિયનબાજી નથી, કોઇ સ્ટ્રાઇક નથી, કોઇ ગુંડાગીરી નથી. એવું કહી શકાય કે શ્રમ અને રોજગાર વિભાગની હકારાત્મક નીતિના કારણે હડતાલનું પ્રમાણ ખૂબ ઓછું છે. તેનાથી આપણને ખૂબ મોટો ફાયદો થયો છે. ગુમાસ્તા ધારામાં સરકારે ખૂબ સરસ ફેરફારો કર્યા છે. આજે જોઇએ તો મ્યુનિસિપલ વિસ્તારમાં નેશનલ હાઇ-વે પર, રેલ્વે પ્લેટફોર્મ પર, એસ.ટી. ડેપો, પેટ્રોલ પંપો પર આવેલી દુકાનો ૨૪ કલાક ખુલ્લી રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સાથે સાથે નગરપાલિકા વિસ્તારમાં અને સ્ટેટ હાઇ-વે પર આવેલ દુકાનો અને સંસ્થાઓ સવારે ૬ થી રાત્રે ૨ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની છૂટ આપી છે. દુકાનોની સાથે સાથે અન્ય સંસ્થાઓ પણ ૩૬૫ દિવસ ખુલ્લી રાખવા અને પાળીમાં ચલાવવાના પોઝિટીવ એટિટ્યૂડ સાથેની છૂટછાટ આ વિભાગે આપી છે. મેં વર્ક હોર્સ પાવરની વાત કરી તો એની સાથે સાથે ટ્રેનિંગ પણ છે. કારીગરને તાલીમ યોજના સી.ટી.એસ.નો પણ બહુ મોટો ભાગ છે. મહિલાઓને તાલીમની સુવિધા, સ્ટાઇપેન્ડ આપવાની યોજના છે. વિદ્યા સહાય યોજના છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ, ભારત સરકારે સૌ પ્રથમવાર ગુજરાત રાજ્યની ૧૯ આઇ.ટી.આઇ.ને આ ટી.ઓ.ટી. સેન્ટર કરવાની મંજૂરી આપી છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના છે. આ બહુ મહત્વનું છે. આપણે ત્યાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ છે, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી છે, એવી જ રીતે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કીલ ખોલવાનો આ રાજ્ય સરકારે જે અભિગમ લીધો છે એને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. એમાં એવું થશે કે ગુજરાત રાજ્યની આઇ.આઇ.એસ.ની સ્થાપના ગુજરાત તેમજ ભારતભરના યુવાનો કૌશલ્ય અને કુશળ કારીગરી થકી દેશ અને વિદેશમાં રોજગારી માટે પગભર થશે. જેટલું ફેમસ આઇ.આઇ.એમ. છે, આઇ.આઇ.ટી. છે એટલું જ ફેમસ આ આઇ.આઇ.એસ. થવાનું છે. પી.પી.પી.ની સ્કીમ હેઠળ અન્ય યોજનાઓ છે. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસની પણ યોજનાઓ છે. મને જણાવતા આનંદ થાય છે કે રોજગાર કચેરી દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦માં ૨ લાખ ૮૫ હજાર ૭૨૪ ઉમેદવારોને રોજગારી પૂરી પાડી છે અને જોબફેર દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦માં ૧ લાખ ૬૩ હજાર ૧૯૫ ઉમેદવારોને રોજગારી પૂરી પાડી છે. આ સાબિત કરે છે કે પ્રો-એક્ટિવ ગવર્નન્સ આ વિભાગનો અભિગમ છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે.

**શ્રી શંભુજી ચે. ઠાકોર**(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી ન્યાય તંત્ર માટેની માગણી નં. ૬૦ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક વિકસિત રાજ્ય છે. ગુજરાતમાં ખૂબ વિકાસ થયો છે. વિકાસ ક્યારે થાય કે જ્યારે કાયદો અને ન્યાય તંત્ર સુદ્રઢ રીતે કામ કરે તો એ રાજ્યનો વિકાસ ઝડપથી થાય. ગુજરાત કાયદો અને ન્યાયતંત્રમાં ખૂબ આગળ છે ત્યારે મેં વર્ષ ૧૯૭૭માં વકિલાતની શરૂઆત કરી હતી. એ વખતે કલોલમાં વકિલાત શરૂ કરી અને કલોલથી વિજાપુર, માણસા, કડી, પાટણ કે વિસનગર જોઇએ તો ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કોર્ટના મકાનો ગાયકવાડ વખતના હતા. નીચે કોર્ટ ચાલતી હોય અને ઉપર લોકો જતા હોય તો એનો અવાજ નીચે કોર્ટમાં આવે એવા મકાનો હતા અને અમે ગાંધીનગર કોર્ટની માગણી કરી અને વર્ષ ૧૯૭૮માં અમને કોર્ટ આપવામાં આવી અને વર્ષ ૨૦૦૩ સુધી અમોને કોર્ટનું મકાન એ વખતની સરકારે ફાળવી આપ્યું નહીં પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે પથિકાશ્રમની બાજુમાં એક કોર્ટનું સુંદર મકાન આપ્યું. ન્યાયતંત્ર માટે અમે વકિલો બેસતા ત્યારે એમ કહેતા હતા કે સરકાર ન્યાયતંત્ર માટે પુરતું ધ્યાન આપતી નથી આવી લાગણી હતી. અમે અવારનવાર આંદોલન કરીએ તો પણ મકાનો મળતા નહતા. ભારતીય જનતા પાર્ટીની સરકાર વખતથી ઇન્ફ્રાસ્ટ્રકચર કોર્ટોના બિલ્ડિંગ જોઇએ તો એટલા સરસ બિલ્ડિંગો અને જજો માટેની જગ્યા, લીટીગન્સ રૂમ, જજોનો સ્ટાફ આ બધા માટે સરકારે ખૂબ ચિંતા કરી છે ત્યારે વર્ષ ૨૦૦૩-૦૪માં કાયદા વિભાગનું બજેટ રૂપિયા ૧૪૯.૧૯ કરોડ હતું. છેલ્લા ૧૦ વર્ષમાં તેમાં વધારો કરીને વર્ષ ૨૦૧૬-૧૭માં રૂપિયા ૧૭૨૩.૭૫ કરોડ અને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૧૬૮૧ કરોડનું બજેટ ફાળવ્યું હતું. કાયદા વિભાગની કામગીરી એટલે કે નવા મકાનો બનાવવા માટે નામદાર હાઇકોર્ટ સાથે વિચાર વિમર્શ કરીને મકાનો માટેની ગ્રાન્ટ, એમાં જજીસની નિમણૂકો કરવી અને એમાં જે ઇન્ફ્રાસ્ટ્રકચર જોઇએ એ પૂરું પાડવું એની સાથે સાથે આપણા ૨૬ જિલ્લા હતા. એમાં ૭ જિલ્લા નવા બન્યા એટલે ત્યાં પણ ન્યાયિક જિલ્લાઓ માટે કોર્ટોની રચના કરવાની હોય, એના માટે કોર્ટ બિલ્ડિંગો, જજીસ અને સ્ટાફ માટેની સગવડ અને અમે એ વખતે કલોલથી જ્યારે સિનિયર ડિવિઝનનું કામ હોય તો છેક મહેસાણા જવું પડતું હતું. નાની નાની બાબતોમાં તાલુકાની કોર્ટ અને પછી સિનિયર ડિવિઝન કોર્ટ તાલુકા કક્ષાએ નહતી ત્યારે મહેસાણા જતા હતા. ગાંધીનગર કોર્ટ થયા પછી સિનિયર ડિવિઝનનું કામ હોય તો અમે છેક અમદાવાદ વટીને નારોલ જતા હતા

પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઘર આંગણે સરળ અને સસ્તો ન્યાય મળી રહે તે માટે દરેક તાલુકા કક્ષાએ સિનિયર ડિવિઝન કોર્ટો અને આસિસ્ટન્ટ કોર્ટો આપવાથી પબ્લિકને સસ્તો ન્યાય મળે, ઝડપી ન્યાય મળે એ માટેની યોજનાઓ દરેક તાલુકા મથકે સિવિલ કોર્ટોની રચના કરવામાં આવી છે. તાલુકા કક્ષાએ સેસન્સ કોર્ટ અને ડિસ્ટ્રિક્ટ કોર્ટની રચના. ગુજરાતમાં વિકાસ ખૂબ થયો એટલે વેપાર ઉદ્યોગ ખૂબ આવ્યા એના માટે ઔદ્યોગિક અદાલતો. એક કરોડથી વધુ કિંમતના દાવા હોય તો એ ઔદ્યોગિક અદાલતમાં જાય અને એના માટે અમદાવાદ, રાજકોટ અને વડોદરા ખાતે આ ઔદ્યોગિક અદાલતોની સ્થાપના કરવામાં આવી. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશથી આટલો બધો વિકાસ ગુજરાતનો થયો છે ત્યારે એની સાથે સાથે આપણા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે એટ્રોસિટી કોર્ટોની પણ રચના કરવામાં આવી અને એમને સસ્તો અને ઝડપી ન્યાય મળે એ માટે આ કોર્ટોની રચના થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણા સમાજનો વિકાસ થઇ ગયો છે ત્યારે સમાજમાં કાયદાની જાગૃત્તિ આવે એની સાથે સાથે સમાજના પ્રશ્નો પણ ઘણા ઊભા થયા એના માટે ફેમિલી કોર્ટની રચના અને મહિલા સશક્તિકરણ માટે દરેક જિલ્લામાં ફેમિલી કોર્ટ માટે અને મહિલા કોર્ટ માટે જે મહિલાઓ નોકરી કરતી હોય, એમને ઓફિસે જવાનું હોય અને એમને કોર્ટમાં જવાનું હોય તો ઓફિસમાં રજા મૂકીને કોર્ટમાં જવું પડતું હતું એ મુશ્કેલી નિવારવા માટે સરકાર દ્વારા મોર્નિંગ અને ઇવનિંગ કોર્ટની રચના કરવામાં આવી. જેથી મહિલાઓ નોકરી–ધંધો કરીને શાંતિથી કોર્ટમાં જાય એ પ્રકારની રચના કરી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(**રાજ્ય કક્ષાના કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંભુજીભાઇ પોતે એડવોકેટ હોવાના કારણે બહુ અસરકારક રીતે કાયદા વિભાગના બજેટ ઉપર વાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું કહેવું છે કે ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૩૫ મુજબ રાજ્યની તાબાની અદાલતો ઉપર નિયંત્રણ નામદાર હાઇકોર્ટનું હોય છે. એટલે સમગ્ર આખું ન્યાયતંત્ર એ નામદાર હાઇકોર્ટના આદેશ પ્રમાણે કામ કરતા હોઇએ છીએ. પરંતુ કોઇપણ રાજ્યની પ્રગતિના વિકાસનો આધાર તે રાજ્યની શાંતિ, સલામતિ અને સુરક્ષા ઉપર હોય છે. પણ શાંતિ, સલામતિ અને સુરક્ષાનો આધાર એ રાજ્યની ન્યાયિક અને કોર્ટોની વ્યવસ્થા ઉપર હોય છે. કેમ કે સમાજમાં ગુના બનવાના એવું નથી પરંતુ ગુના બન્યા પછી એ ગુનેગારને એ સિવિલ ગુનો હોય, ક્રિમિનલ ગુનો હોય કે અન્ય પ્રકારનો ગુનો હોય એને જો કન્વીકશન થાય તો સમાજમાં એની અસર થાય. એ ગુનેગાર ફરી ગુનો ન કરે અને સમાજ પણ આવા ગુનાથી દૂર રહેવા માટે પ્રયત્ન કરે. એટલે એકલું પોલીસ તંત્ર કે એકલો ગૃહ વિભાગ નહીં પરંતુ રાજ્યની શાંતિ, સલામતિનો આધાર એ કાયદા વિભાગ ઉપર પણ રહેલો છે અને એના કારણે આજે આપણું ગુજરાત દેશ અને દુનિયામાં પ્રથમ નંબરનું રાજ્ય હોય અને ગુજરાતની કયાંય ચર્ચા થતી હોય તો ગુજરાતની શાંતિ, સલામતિ, સુરક્ષાની ચર્ચા થાય છે. એના કારણે દેશ અને દુનિયાના ઉદ્યોગકારો ગુજરાતની ધરતી ઉપર પોતાના ઉદ્યોગો સ્થાપવા માટે આવે છે અને એના કારણે આજે ગુજરાતની અંદર રોજગારી છે. રોજગારીના કારણે ગુજરાતમાં સમૃદ્ધિ છે અને સમૃદ્ધિને કારણે આજે ગુજરાત એ દેશ અને દુનિયાની અંદર પ્રથમ નંબરનું રાજ્ય છે. જયારે દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી જયારે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૪માં એમણે અન્ય વિભાગોની સાથે કાયદા વિભાગને મહત્વ આપ્યું અને મહત્ત્વ આપીને આદરણીય શંભુજીએ કહ્યું તેમ વર્ષ ૨૦૦૪માં બજેટ રૂપિયા ૧૪૦ કરોડ હતું. આજે એમાં ૧૨૦૦ ટકાનો વધારો કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે કાયદા વિભાગનું બજેટ રૂપિયા ૧૬૮૧ કરોડ આપવા માટેનો નિર્ણય લીધો છે. માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા અમારા કેબિનેટ મિનિસ્ટરના માર્ગદર્શન હેઠળ અમે રાજયની અંદર કાયદા વિભાગની કામગીરી કરી રહ્યા છીએ. આખા વિભાગની સઘન વ્યવસ્થા માટે સૌથી અગત્યની ત્રણ વસ્તુ હોય. એક, કોર્ટનું ઇન્ફ્રાસ્ટ્રકચર, બીજું, કોર્ટનો મેનપાવર અને ત્રીજું, એ સ્કીલ અપગ્રેડેશન. ઇન્ફ્રાસ્ટ્રકચર માટે આખા રાજયની અંદર જે બિલ્ડીંગો બની છે અને એ બિલ્ડીંગના આધાર ઉપર આજે સુપ્રીમ કોર્ટમાં પણ તા.૫–૧૨–૨૦૧૮માં ડો. સી.જે. સાહેબની બેંચે જે મલિક વઝર સુલતાન વર્સીસ યુ.પી.એસ.સી.ના ચૂકાદાની અંદર નોંધ્યું છે કે ગુજરાતની અંદર ન્યાયિક વ્યવસ્થા માટેનું ઇન્ફ્રાસ્ટ્રકચર એ સેટીસ્ફેક્ટરી લેવલનું છે. મને લાગે છે કે આ એક ઉત્તમ પ્રકારનો નમુનો છે અને બીજું, જયારે નામદાર હાઇકોર્ટમાં હમણાં જ માનનીય ભુપેન્દ્રસિંહજી સાથે અમે એક કાર્યક્રમમાં ગયા હતા અને જે શહેરમાંથી આપ આવો છો એ વડોદરા મહાનગરની કોર્ટ જયાં એક જમાનાના પ્રાઇમ લોકેશન ઉપર પોલીવેકસીનેશન સેન્ટર હતું. આજે અન્ય રાજયની હાઇકોર્ટ કરતા પણ વિશાળ કેમ્પસ અને વિશાળ બિલ્ડીંગ ધરાવતું બન્યું હોય તો વડોદરા મહાનગરની અંદર બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેન પાવરની વાત કરું તો આખા રાજયની અંદર તમામે તમામ તાલુકાઓ એક, જોટાણાની અંદર મકાન લેવાની પ્રક્રિયા ચાલુ છે. બાકી ૨૪૯ તાલુકાઓની અંદર સિવિલ કોર્ટ શરૂ કરવામાં આવી છે અને હાઇકોર્ટથી માંડીને જે.એમ.એફ.સી. સુધી આખા રાજયમાં ૧૦૪૬ કોર્ટ છે. એમાં ૧૨૨૨૧ જેટલો મેન પાવર છે અને હમણાં જ ગત વર્ષે રાજય સરકાર દ્વારા ૩૭૪ જેટલા એ.પી.પી.ની નિમણૂક કરવામાં આવી છે. હું બીજો ઉલ્લેખ કરવા માગું છું. માનનીય નરેન્દ્રભાઇ મોદી આપણા મુખ્યમંત્રી હતા ત્યારે એમણે રાજયની અંદર જોયું કે તમે જે ઝડપથી કોર્ટની બિલ્ડીંગ કરશો, જે ઝડપથી તમે જજીસની ભરતી કરશો, એ ઝડપથી તમારે મેન પાવર પણ સ્કીલ અપગ્રેડેશન આવશ્યક છે. એટલા માટે એમણે જી.એન.એલ.યુ. લો યુનિવર્સિટી બનાવી અને આજે આપણી લો યુનિવર્સિટીના માધ્યમથી સ્કીલ અપગ્રેડ થયેલો મેનપાવર આપણને મળે છે અને સ્કીલ અપગ્રેડેશનને પણ આપણે એટલું જ મહત્ત્વ આપ્યું. હાઇકોર્ટની અંદર જયુડિશિયલ એકેડેમી બની એ એકેડેમીની અંદર રાજય સરકારે રૂપિયા ૧૫૦ કરોડ કરતા વધારે રૂપિયા આપ્યા છે અને જયુડિશિયલ એકેડેમી અને લો

યુનિવર્સિટીના માધ્યમથી આપણે સ્કીલ અપગ્રેડેશન માટે કામ કરી રહ્યા છીએ. આપે વર્ષો સુધી વકીલાત કરી છે અને આપની પણ લાગણી હતી. માનનીય ભુપેન્દ્રસિંહજીએ એ લાગણીના આધાર ઉપર બાર કાઉન્સિલ સાથે રાજ્યના ૭૫,૦૦૦ કરતા વધારે વકીલો જે જોડાયેલા હતા. એ આપની સમક્ષ આવ્યા અને રાજ્ય સરકારે એના વેલ્ફર ફંડ માટે સરકારની તિજોરીમાંથી ૫ કરોડ રૂપિયા આપવાનું આ વખતના બજેટની અંદર નક્કી કર્યું એ આપના પ્રયાસોના કારણે આ શક્ય બન્યું છે. ભૂતકાળની અંદર બાર કાઉન્સિલના માધ્યમથી રૂપિયા ૨.૨૨ કરોડના ખર્ચે ઇ–લાઇબ્રેરી આપી હતી. એના કારણે આ એડવોકેટ પોતાની જાતને અપગ્રેડ કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઉદ્યોગ મંત્રી હતા એ વખતનું પુસ્તક છે. એમાં ફેઇઝ ઓફ ઇન્ડિયન સ્ટ્રેટેજીમાં એમણે બહુ સ્પષ્ટ લખેલું છે કે ન્યાય અને ન્યાયાલયની અગત્યતા આ દેશની અંદર સૌથી અગત્યની છે. એના આધાર ઉપર આ રાજ્ય સરકારે અગત્યતા આપી છે. આપણે સૌ જાણીએ છીએ કે દેશની અંદર અનેક વખત વિશિષ્ટ પ્રકારની પરિસ્થિતિઓ ઉભી થઇ હોય છે. પરંતુ એ વિશિષ્ટ પ્રકારની પરિસ્થિતિ વચ્ચે દેશને બચાવવા માટેનું કામ કરતું હોય તો દશનું ન્યાય તંત્ર કરતું હોય છે. ભગવાન શ્રી રામચંદ્રજીના જન્મ સ્થાન અંગે દેશના કરોડો લોકોની શ્રદ્ધા અને આસ્થા સંકળાયેલી હતી. એ વખતે યુ.પી.એ. સરકારે કહ્યું અમે ભગવાન રામનું અસ્તિત્વ છે એવું માનતા નથી. એવા વખતે કરોડો લોકોની આસ્થા સંકળાયેલી છે એવા ભગવાન રામચંદ્રજીના જન્મ સ્થાન અંગેનો ચૂકાદો જો કોઇએ આપ્યો હોય તો એ સર્વોચ્ચ અદાલતે આપ્યો છે. આ જ પ્રમાણે જ્યારે કોઇ મહિલાના અધિકાર માટેની વાત હોય, મહિલા અધિકારો માટે જ્યારે લડતી, લડતી સુપ્રીમ કોર્ટ સુધી જાય અને સુપ્રીમ કોર્ટ કહે કે તીન તલાકના માધ્યમથી મહિલાઓનું શોષણ થાય છે તે વખતે ચૂકાદો આપ્યો હોય તો સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. આમ, આપણે સૌ જાણીએ છીએ કે કટોકટીનું સામ્રાજ્ય આખા દેશમાં હતું. નાગરિકોના સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારોનું હનન થતું હતું તે વખતે એડીએમ જબલપુર વિ. શિવકાંત શુકલા વર્ષ ૧૯૭૬માં સુપ્રીમ કોર્ટે જે ચૂકાદો આપ્યો છે. એ કેસના ચૂકાદાને નામદાર કોર્ટે ફેરવી નાખેલ હતો અને આ ચૂકાદામાં નામદાર કોર્ટે નોંધેલ પ્રજાની નિર્ભયતા આપવી એ કોઇપણ સરકારનું પ્રથમ કર્તવ્ય છે. આ પ્રમાણેના અનેક ચૂકાદાના માધ્યમથી દેશની અંદર દેશના ૧૨૫ કરોડ લોકોની રક્ષા કરવાનું કામ નામદાર ન્યાયતંત્ર કરે છે. અમે સૌ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ પંડીત દીનદયાલની વિચારધારાને વરેલા લોકો છીએ. પંડીત દીનદયાલજીની વિચારધારા એટલે અંત્યોદય અને અંત્યોદય એટલે સમાજમાં છેલ્લી હરોળમાં રહેલા વ્યક્તિની ચિંતા કરવી. કોઇ અરજદાર, કોઇ લીટીગન્ટ્સ ન્યાય મંદિરના બાંકડા ઉપર બેસીને પોતાનો નંબર કયારે આવશે? પોતાને ચૂકાદામાં ન્યાય મળશે કે નહિ મળે? એ આશા, અપેક્ષાથી મંદિરમાં જેમ શ્રદ્ધાથી જાય, તેમ ન્યાય મંદિરમાં શ્રદ્ધાથી જતો હોય તો એની શ્રદ્ધાનું જતન કરવાનું કામ રાજ્ય સરકારે ન્યાય તંત્રના પરામર્શમાં કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, "સર્વ જન હિતાય, સર્વ જન સુખાય". એ અમારો સંકલ્પ છે. આ સંકલ્પના આધાર ઉપર એને ચરિતાર્થ કરવા માટે અમે માનીએ છીએ કે જસ્ટીસ ડીલેઇડ ઇઝ જસ્ટીસ ડીનાઇડ. સમયસર ન મળતો ન્યાય એ અન્યાય બરાબર છે. કોઇપણ ગરીબને ઘર આંગણે સસ્તો અને ઝડપી ન્યાય મળે, માત્ર તારીખો ઉપર તારીખો નહિ, પરંતુ એની આસ્થા અને આશા જળવાઇ રહે એ કામ કરવા માટે આ બજેટમાં અમે વધારો કર્યો છે. કન્વિક્શન રેટ વધે એટલા માટે ગૃહ વિભાગના સંપર્કમાં રહીને ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુસનની નિમણૂક કરવામાં આવી છે. ચાલુ વર્ષે આ બજેટમાં ધોળકા કોર્ટ અને કપડવંજ એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને રાજ્યની અંદર એનડીપીએસની એક કોર્ટનો આ વર્ષે વધારો કરવામાં આવેલ છે. ગત વર્ષે નામદાર હાઇકોર્ટમાં ગવર્નમેન્ટ પ્લીડરની ઓફિસ, કાયદા ભવન રૂપિયા ૩૦ કરોડના ખર્ચે કર્યું. અમદાવાદ, બાવળા, જેસર ગોંડલ ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના લોકાર્પણ કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે, હમણાં રાજકોટમાં માનનીય ચીફ જસ્ટીસ ઓફ ગુજરાત હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટના જજ શ્રી એમ.આર.શાહ, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય કેબિનેટ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી આ બધાની ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે નવી જિલ્લા કોર્ટનું ભૂમિપૂજન કર્યું છે. આ રૂપિયા ૫ કરોડ જે આપના પ્રયત્નથી બાર કાઉન્સીલને મળી રહ્યા છે એના માધ્યમથી ન કરે નારાયણ અને કોઇ વકીલનું આકસ્મિક મૃત્યુ થાય તો એના કુટુંબીજનોને મરણોત્તર સહાયમાં વધારો થાય, એ એડવોકેટને માંદગી સહાયમાં વધારો થાય અને ઉપરાંત આ પ્રમાણે બાર કાઉન્સીલ પણ અસરકારકતાથી કામ કરી શકે. સુપ્રીમ કોર્ટે ઇન્ફ્રાસ્ટ્રકચરની અને જે મેં પણ અગાઉ વાત કરી તેમ આગામી દિવસોમાં પણ રાજ્યની જુદી જુદી કોર્ટોની બિલ્ડીંગમાં સુધારો કરી રહ્યા છીએ. Right of persons with disability act વર્ષ ૨૦૧૬ માનનીય પ્રધાનમંત્રીશ્રીએ દિવ્યાંગોની ચિંતા કરી અને કોઇ દિવ્યાંગ જ્યારે કોઇ ન્યાય મંદિર ન્યાય માટે આવે તો એને કોઇ પણ પ્રકારની અસુવિધા ન થાય એટલા માટે વ્યવસ્થા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, જે મેં ડાયરેકટર ઓફ પ્રોસિક્યુશનની વાત કરી એ પોલીસને પુરાવા એકત્રિકરણમાં મદદ કરશે, ઇન્વેસ્ટીગેશન એજન્સી અને પ્રોસિક્યુશન એજન્સી વચ્ચે સંકલન થાય અને સમયસર ચાર્જશીટ થાય એ જરૂરી છે. કોર્ટો ઘણી હતી પરંતુ નામદાર હાઇકોર્ટમાં એક મેટરના કારણે લાંબા સમયથી આપણે આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસિક્યુટરની નિમણૂક નહોતા કરી શકયા, એ ૩૭૪ જેટલી નિમણૂકો કરી છે. કોર્ટોની સાથે સાથે એનો સપોર્ટીંગ સ્ટાફમાં પણ વધારો કરવામાં આવ્યો છે. મેં અગાઉ કહ્યું તેમ આજથી પાંચ વર્ષ પહેલા રાજયમાં ૯૧૯ કોર્ટ હતી પરંતુ સતત પાંચ વર્ષ સુધી એમાં વધારો કરીને આપણે ૧૦૪૬ કોર્ટો સુધી પહોંચ્યા છીએ અને રાજયમાં ૧૨૨૨૧ જેટલું મેન પાવર પણ ઉપલબ્ધ કરાવ્યું છે.

## તા.૧૯મી માર્ચ, ૨૦૨૦

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વિવિધ પ્રકારની કોર્ટો હોય છે એટલે એના નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કોર્ટ, સી.બી.આઇ.ની કોર્ટ, એન.ડી.બી.એસ.ની કોર્ટ, ડીસએબિલિટીની કોર્ટ. આમ, આવશ્યકતા પડે ત્યારે એ પ્રમાણેની વધારાની કોર્ટો પણ સ્પેશિયલ કરી છે. રાજયની અંદર બીજું કર્યું છે કે, તાલુકા કક્ષાએ જે એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટો બની એને કારણે જે માણસને પોતાના જિલ્લાના સ્થાન સુધી જવું પડતું હતું એને હવે તાલુકા કક્ષાએ એ સુવિધા મળતા આખું ટ્રાન્સપોર્ટેશન અટકશે, એનો દિવસ બચશે, એનો ખર્ચ બચશે અને એના કારણે એને પણ ફાયદો થશે. પોલીસ તંત્રને આરોપીઓના પ્રોડકશન માટે લાંબા અંતર સુધી જવું પડતું હતું એ જવું નહીં પડે. એ જ પ્રમાણે તાલુકા કોર્ટમાં અમે રૂપિયા ૨૫ લાખની મર્યાદા સુધીના દાવાઓ કન્સીડર કર્યા છે અને એ આ પાવર્સ આપવાના કારણે લોકોને ખૂબ ઉપયોગી થશે. ગુજરાત એક ઔદ્યોગિક રીતે આગળ વધતું રાજય છે અને ગુજરાતની અંદર જ્યારે આટલું બધું ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ છે, ગુજરાતમાં સો ટકા આજે કોઇ એવી હડતાલોના કારણે ઔદ્યોગિક અશાંતિ ઉભી થઇ નથી. પરંતુ મજૂર અદાલતના માધ્યમથી મજૂરોના હક્કોનું જતન કરવું એ આપણી ફરજ છે અને એટલા માટે મજૂર અદાલત અને આદ્યોગિક અદાલતને પણ રાજય સરકારે પ્રાયોરીટી આપી છે અને આ મજૂર અદાલતમાં જયારે જયારે નવા એમેન્ડમેન્ટ થાય એનો અમલ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાનમંત્રીશ્રીએ જે કર્યું એમાં એમણે મોટા જિલ્લામાંથી નાના જિલ્લા કર્યા. એ નાના જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ કોર્ટ બને અને એ નાના જિલ્લાની અંદર ઉપરાંત એડિશનલ કોર્ટો બની અને એના કારણે બહુ આપણને ફાયદો થયો છે. એક ફેમિલી કોર્ટોનો નિર્ણય બહુ સારી રીતે થયો છે. રાજયમાં અત્યાર સુધી કુલ ૩૮ જેટલી ફેમિલી કોર્ટ કાર્યરત છે. આ ફેમિલી કોર્ટમાં જ્યારે કોઇ બહેન પોતાના પારિવારીક પ્રશ્નોના કારણે, ન્યાય માટે ૨૫ વરસની ઉંમરથી જતી હોય અને ૩૫ વર્ષે એનો ચૂકાદો આવે ત્યારે એની જવાની ખતમ થઇ ગઇ હોય, એના પહેરવા–ઓઢવાના દાગીના એ કોર્ટના લોકરમાં પડ્યા હોય અને સમાજ એને એક અલગ પ્રકારથી જોતો હોય. ત્યારે એની વ્યથા જો કોઇએ અનુભવી હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે અનુભવી છે અને એની વ્યથાને અનુલક્ષીને ૩૮ જેટલી ફેમિલી કોર્ટો કરી છે. આ ઉપરાંત બાળકોના કસ્ટડીના કેસો હોય કે ડાઇવોર્સના કેસો હોય, ફેમિલી ડીસ્પ્યુટના સમાધાન દ્વારા પણ ફેમિલી કોર્ટમાં વધારો થાય એ જરૂરી હતું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કોઇપણ જગ્યાએ નાની બાળકી ઉપર દુષ્કર્મ થાય અથવા દુષ્કર્મની કોઇપણ ઘટના અખબારોના માધ્યમથી આપણા ધ્યાન પર આવે ત્યારે આપણા સૌનું હૈયું કાંપી જતું હોય છે, આ રાજ્ય સરકારે પણ નક્કી કર્યું છે કે આવા દુષ્કર્મ કરવાવાળા લોકોને ઝડપથી એને સજા થાય એટલા માટે આખા રાજ્યની અંદર પોસ્કો કોર્ટસ અને સ્પેશિયલ કોર્ટ નીમી છે. અત્યાર સુધીમાં જે સાત આઠ ગુનાઓ બન્યા હતા. એમાં અઠવા લાઇન્સની અંદર નાની બાળકી ઉપર જે દુષ્કર્મ થયું હતું એમાં વીસ વરસની કેદ, ડીંડોલીની અંદર પાંચ વરસની બાળકી ઉપર દુષ્કર્મ થયું હતું એમાં છેલ્લા શ્વાસ સુધીની કેદ, લિંબાયત પોલીસ સ્ટેશનમાં ત્રણ વરસની બાળકી ઉપર થયું હતું, એમાં આરોપીને ફાંસીની સજા. ઢુંઢરની અંદર જે ગાંભોઇ પોલીસ સ્ટેશનમાં થયું હતું એમાં વીસ વરસની કેદ થઇ છે. હમણાં એક અઠવાડિયા પહેલાં તાજેતરમાં ચૂકાદો આવ્યો છે. રાજકોટમાં ત્રણ વરસની બાળકી ઉપર દુષ્કર્મ થયું એનો કેસ એક જ વરસમાં ચાલી ગયો અને આ કેસ આખે આખો ચાલ્યો. એમાં ડી.એન.એ.ના ફાઇન્ડીંગ્સ ઉપરથી આપણે કન્વીક્ટ કર્યા અને એના આધાર ઉપર એને ફાંસીની સજા અપાવવામાં આપણે સફળ રહ્યા છીએ. આ રાજ્ય સરકાર માને છે કે દુષ્કર્મ કરવાવાળાઓને વહેલામાં વહેલી તકે જેલના હવાલે કરીને એને ફાંસીના માંચડે લટકાવવા જોઇએ એ રાજ્ય સરકારની કટિબદ્ધતા છે. જમાનો બદલાયો છે. ટેકનોલોજીનો જમાનો છે અને ટેકનોલોજીના જમાનામાં આપને તો ખ્યાલ છે કે એટલી બધી બ્રિફ્સના કાગળિયા હોય અને એનું ડીજીટલાઇઝેશનના માધ્યમથી નિર્ણય લઇને રાજ્યની અંદર ડીજીટલાઇઝેશન કરોડો ડોક્યુમેન્ટ્સનું આપણે કરાવ્યું છે અને આજે બધું ઓનલાઇન થવાના કારણે પોતાના ગામડામાં બેઠેલો માણસ પોતાની મુદત ક્યારે છે? પોતાનો ચૂકાદો આવ્યો છે કે નહિ? કોર્ટમાં જવાની જરૂર છે કે નહિ? એ બધું એના મોબાઇલના સ્ક્રીન ઉપરથી જોઇ શકે છે, મને લાગે છે કે આ આપણે ક્રાંતિ કરી હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. મને જણાવતા આનંદ થાય છે કે આજે તમામ ડિસ્ટ્રિક્ટ કોર્ટની અંદર સીસીટીવી કેમેરા છે અને એ કેમેરા એવી રીતે લગાવવામાં આવ્યા છે કે એ આખે આખા જિલ્લાના, તાલુકાનું ઇન્ટીગ્રેશન નામદાર હાઇકોર્ટ સાથે હોય. એટલે એના કારણે આપણા મનમાં જે ભાવ હતો કે આપણે ત્યાં કેસોનું ઝડપથી ડિસ્પોઝલ થાય એ આપણી અગત્યતા હતી અને એ કોર્ટરૂમની પવિત્રતા જળવાય તે આપણે સીસીટીવીના માધ્યમથી કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, નહિ કોઇની હાર, નહિ કોઇની જીત, લોકઅદાલત એ ઉત્તમ વ્યવસ્થા છે. એને પણ આપણે અગ્રિમતા આપીને એના માટે પણ જોગવાઇ કરી છે. રાજ્યના ચૌદ જિલ્લાના મિડીયેશન સેન્ટર અને એના માધ્યમથી આપણે પ્રયાસ કર્યા છે. આ ઉપરાંત અમારું ચેરીટી કમિશનરનું તંત્ર, ૧૫,૦૦૦ જેટલી બિનતકરારી નોંધોનું નિવારણ લાવ્યા છીએ અને આગામી દિવસોમાં ચેરીટી કમિશનરની કચેરીમાં પણ ડીજીટલાઇઝેશનન કરીશું. આગામી વરસોમાં અમે અમારી આ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની અને અમારું જે જી.એન.એલ.યુ. છે એના માધ્યમથી એમાં સ્ટીલ અપગ્રેડેશન કરીને, રાજ્યની પ્રજાનું અમારું સૂત્ર છે, સૌનો સાથ સૌનો વિકાસ, સૌના વિશ્વાસની સાથે સૌને ન્યાય મળે એના માટે અમારી સરકારની કટિબદ્ધતા અમે પૂર્ણ કરીશું એટલે હું સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ માગણીઓને મંજૂર કરવામાં આવે.

ફાલ્ગુન ૨૯, ૧૯૪૧ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

**શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર**(શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની રૂપિયા ૧,૪૬૦.૫૫ કરોડની બજેટની માગણી લઇને સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલે પણ રોજગાર મેળાઓ વિશે ઘણી બધી વાત કરી. એપ્રેન્ટીસશીપ યોજના વિશે પણ વાત કરી. ઔદ્યોગિક, શાંતિ અને સલામતી આ રાજ્યમાં જળવાય છે એના વિશે પણ આપણને માહિતગાર કર્યા અને શોપ્સ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ એટલે કે ૨૪ કલાક દુકાનો ખુલ્લી રાખવા માટે જે સરકારે કામ કર્યું છે એના માટે પણ એમણે ઘણી બધી ચર્ચાઓ કરી. રાજ્યના સર્વાંગી વિકાસમાં ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ પૂરું પાડવામાં શ્રમ અને રોજગાર વિભાગનું એક મહત્ત્વનું પ્રદાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં સૌના જીવનમાં શ્રમ અને કૌશલ્યનું મહત્ત્વ છે અને આ બન્ને મારા વિભાગની અગત્યની જવાબદારી છે. વ્યકિત થકી સમાજ અને સમાજ થકી રાષ્ટ્ર બને છે. મારા શ્રમ અને રોજગાર વિભાગના શીરે આ વ્યકિત ઘડવાની જવાબદારી છે. રાષ્ટ્રના નાગરિકોને, કાર્યકુશળ યુવાનોને ગૌરવપૂર્ણ રોજગારીની તકો ઉભી કરવા એ અમારી પ્રાથમિક જવાબદારી છે અને એટલા જ માટે આ રાજયમાં દેશના યુવાનોને કૌશલ્યલક્ષી શિક્ષણ મળી રહે અને યુવાનો કૌશલ્ય ક્ષેત્રે આગળ વધી અને આ દેશનું નામ રોશન કરે તે હેતુથી કૌશલ્ય સમર્પિત શૈક્ષણિક સંસ્થા બનાવવાનો વિચાર આવ્યો અને રાજયના તાલીમાર્થીઓને નવીનતમ ટેકનોલોજી અને ઉપકરણો સાથે વિશ્વકક્ષાની સર્વશ્રેષ્ઠ તાલીમ અને શિક્ષણ મળી રહે તે હેતુથી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી જેવી વિશ્વ પ્રસિદ્ધ સંસ્થાઓને અનુરૂપ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ નામની સંસ્થા એ ગુજરાત રાજયમાં ગાંધીનગર ખાતે સરકાર દ્વારા ૨૦ એકર જમીન ફાળવવામાં આવી અને મને જણાવતા આનંદ થાય છે કે, આ સંસ્થા માટે આ દેશના આદરણીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહના હાથે આપણે તેનું ખાતમુહૂર્ત પણ આપણે કરાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવા પાછળનો ધ્યેય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત હાલની કૌશલ્ય સંસ્થાઓ પાસેથી શ્રેષ્ઠ પદ્ધતિ મુજબનું વિશ્વ સ્તરીય કૌશલ્ય અને તાલીમ કેન્દ્ર બનાવવાનું છે. આ સંસ્થા એ વિશ્વની પ્રસિદ્ધ કૌશલ્ય સંસ્થા તરીકે નામના મેળવેલ કે જેમાં વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજી અને ઉપકરણો સાથે વિશ્વ કક્ષાની સર્વશ્રેષ્ઠ તાલીમ અને શિક્ષણ આ સંસ્થા મારફત મળી રહેવાનું છે. ભારત સરકારના નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ધોરણો મુજબ ગુજરાત રાજય માટે પણ ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન બનાવવાની જરૂરિયાત ઉભી થતા આ અંગેના શીડ ફંડ માટે રૂપિયા ૧૦૦ કરોડના શીડ માટેની જરૂરિયાત રહી છે અને તે માટે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રૂપિયા ૩૦ કરોડની શેર ઇકિવટી ઉભી કરવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્કિલ ઇન્ડિયા મિશનના ભાગરૂપે ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય દ્વારા flagship યોજના તરીકે શરૂ કરાયેલી પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના PMKY-2 અંતર્ગત ૪૭૯૦૦ જેટલા તાલીમાર્થીઓની નોંધણી થયેલી છે. જેમાં ૨૬૬૯૩ તાલીમાર્થીઓ સફળતાપૂર્વક આની અંદર પાસ થયેલા છે. આ રાજયમાં એક સંકલ્પ પ્રોજેકટ પણ મૂકવામાં આવી રહ્યો છે. રાજયમાં આવેલા વિવિધ જિલ્લાઓમાં ઉદ્યોગોને કૌશલ્યયુકત માનવબળ રહે તે હેતુસર ઉદ્યોગોને જરૂરિયાત મુજબ કૌશલ્યનો વિગતવાર અભ્યાસ કરવા અને તાલીમની ગુણવત્તા સુધારવા સંકલ્પ પ્રોજેકટ ભારત સરકારના Ministry of Skill Development and Entrepreneurship દ્વારા આની વિશ્વ બેન્કના સમર્થનથી વર્ષ ૨૦૧૯-૨૦માં શરૂઆત કરવામાં આવેલ. ભારત સરકારના સ્કિલ ડેવલપમેન્ટ મંત્રાલય દ્વારા જીલ્લા કક્ષાએ સ્કિલ ઇકો સિસ્ટમને મજબૂત કરવા માટે Mahatma Gandhi National Fellowship નામનો નવિન પ્રોગ્રામ પણ શરૂ કરેલ તે અંતર્ગત ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૭૫ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે. તે પૈકી આપણા ગુજરાત રાજયના ૧૫ જિલ્લાઓ પસંદ થયેલ. આ જિલ્લાઓ ખાતે Fellowshipમાં પસંદગી પામેલા ૧૫ વ્યકિતઓ એટલે કે આ જે ૧૫ જિલ્લાઓનો પ્લાન્ટ બનશે તેની અંદર આઇઆઇએમ બેંગ્લોરના ૧૫ લોકો બે વર્ષ સુધી ગુજરાતના ૧૫ જિલ્લાઓમાં રહીને આ ટેકનોલોજીને આગળ વધારવા માટે આપણને તેમાંથી કઇ રીતે વધારે સફળતા મળે તેના માટે કામ કરવાની દિશામાં આગળ વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા ૧૨ જિલ્લાઓના skill development plan તૈયાર પણ થઇ ગયા છે અને Ministry of Skill Development and Entrepreneurship મારફત આપણે તેમને મોકલી પણ આપ્યા અને જે ૧૨ પ્લાન તૈયાર થઇને મોકલ્યા છે તેમાં સર્વશ્રેષ્ઠ એ કચ્છ-ભુજ જિલ્લાનો સર્વશ્રેષ્ઠ પ્લાન તરીકે તેને માન્યતા પણ મળી છે. ચાલુ વર્ષે પ્રોજેકટમાં રાજયમાં skill activityનું સંકલન કરવા, આઇ.ટી. પોર્ટલ પણ બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લેબર માર્કેટ સ્ટડી માટે એજન્સી નિમવા માટેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્સી તરીકે એજન્સી પસંદગીની કાર્યવાહી આખરી તબક્કામાં છે. પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ ખાતે દિવ્યાંગો માટેની ઔદ્યોગિક તાલીમ સંસ્થાને સેન્ટર ઓફ એક્સીલેશન તરીકે વિકસાવવા ડિપાર્ટમેન્ટ ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ, યુ.કે.ના સહયોગથી કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. સંકલ્પ પ્રોજેકટમાં સૂચારું અમલીકરણ માટે તમામ રાજયના જિલ્લાઓમાં ડિસ્ટ્રીકટ સ્કીલ કમિટિની રચના કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને કરવામાં આવી છે. આપણે જાણીએ છીએ કે કૌશલ્યવર્ધન કેન્દ્રો

યોજના થકી વર્ષ ૨૦૧૧થી ટૂંકાગાળાના કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૧૯,૧૪,૦૯૨ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. જેમાં ૧૨,૪૬,૩૦૪ મહિલા લાભાર્થીઓને આ ટૂંકાગાળાના કોર્સની તાલીમ આપવામાં આવી છે અને એ ટૂંકાગાળાના કોર્સનું GCVT મારફત સર્ટિફિકેશન પણ કરવામાં આવ્યું છે. તેમજ હાલ આ યોજના અંતર્ગત ૪૦૦૦ તાલીમાર્થીઓ તાલીમ પણ લઇ રહ્યા છે. રાષ્ટ્રના યુવાનોને વર્તમાન સમય મુજબના કૌશલ્યની તાલીમ આપવાની મહત્ત્વપૂર્ણ કામગીરી અમારા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. ટેકનોલોજીના વિકાસની સાથે–સાથે બદલાતી જતી કુશળ માનવબળની જરૂરિયાતને પહોંચી વળવા માટે પણ અમારા વિભાગ દ્વારા સતત ચિંતનશીલ રહીને અદ્યતન અભ્યાસક્રમો તૈયાર કરવાની અને આવા અભ્યાસક્રમો અત્યંત અસરકારક રીતે લાભાર્થીઓ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય મારો વિભાગ કરી રહ્યો છે. આ રાજ્યમાં જ્યારે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે એમના મનમાં પણ એક વિચાર આવ્યો હતો કે આ રાજ્યમાં દરેક તાલુકા મથકે એક આઇ.ટી.આઇ. ફરજિયાતપણે હોવી જોઇએ અને એમના સ્વપ્નને આગળ લઇ જવા માટે અમારી સરકાર કામ કરવાની દિશામાં આગળ વધી રહી છે. અત્યારે ૨૫૧ તાલુકાઓ આ રાજ્યમાં કામ કરી રહ્યા છે અને અમારી સરકારી આઇ.ટી.આઇ. એમના વિચારને વધારે આગળ લઇ જવા માટે ૨૮૭ જેટલી સરકારી આઇ.ટી.આઇ. આ દિશામાં કામ કરી રહી છે. પ્રતિ વર્ષે આશરે દોઢ લાખ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવતી હતી અને રાજ્યના આર્થિક વિકાસમાં આપણે સહભાગી થઇ રહ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, કારીગર તાલીમ યોજના અંતર્ગત છેલ્લા ૧૦ વર્ષમાં આદરણીય નરેન્દ્રભાઇનું સપનું સાકાર કરવા માટે ૧૪૦ સરકારી આઇ.ટી.આઇ. અને આશરે ૮૪,૫૧૨ બેઠકોનો વધારો કરેલ. જેના કારણે હાલમાં ૨૮૭ સરકારી આઇ.ટી.આઇ.માં ૧,૮૧,૦૦૦ કરતાં પણ વધારે બેઠકો એમાં મંજૂર કરવામાં આવી છે. રાજ્યની બહેનોની પણ પાછીપાની ન રહે એટલા માટે અમારી આ ૨૮૭ સરકારી આઇ.ટી.આઇ.માંથી ૨૫ સરકારી આઇ.ટી.આઇ.માં માત્ર મહિલાઓને તાલીમ આપવાનું કામ પણ અમે કરી રહ્યા છીએ. સરકારી તેમજ ગ્રાન્ટેડ સંસ્થાઓમાં તાલીમ મેળવતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, દિવ્યાંગ તેમજ મહિલા તાલીમાર્થીઓને ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે. સરકારી તેમજ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં તાલીમાર્થીઓને પ્રતિ માસ સંસ્થાકીય સ્ટાઇપેન્ડ અથવા સમાજ કલ્યાણ વિભાગ દ્વારા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના તાલીમાર્થીઓને પ્રતિ માસ ૪૦૦ રૂપિયા તેમજ જનરલ કેટેગરીના તાલીમાર્થીઓને રૂ.૨૦૦ જેટલું સ્ટાઇપેન્ડ પણ આપવામાં આવી રહ્યું છે. રાજ્યની ૨૮૭ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે હાલમાં ત્રણ વર્ષ કે તેથી ઓછા સમયથી ફરજ બજાવતાં ૬૦૦થી વધુ તેમજ નવી ભરતી થનાર ૨૩૦૦થી વધુ સુપરવાઇઝર ઇન્સ્ટિટ્યૂટ તાલીમાર્થીઓને ગુણવત્તાસભર પ્રેક્ટીકલ તાલીમ આપી શકીએ તે માટે ૧૯ ઇન્સ્ટિટ્યૂટ ફોર ટ્રેઇનીંગ સંસ્થાઓ ખાતે તાલીમ આપવામાં આવશે. હાલમાં ૧૫૦ સુપરવાઇઝર ઇન્સ્ટિટ્યૂટને આ તાલીમ આપવામાં આવી રહી છે. ભારત સરકાર દ્વારા વિશ્વબેંકની સહાયથી એક સ્ટ્રાઇક પ્રોજેક્ટ અંતર્ગત ૧૦૦ ટકા નાણાકીય સહાય આપવામાં આવનાર છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમાર્થીઓને ગુણવત્તાયુક્ત તાલીમ મળી રહે એ માટે તાલીમની સુધારણાલક્ષી કાર્યવાહી, તાલીમ શિક્ષકોને તાલીમ આપવી, એપ્રેન્ટીસની તાલીમને સંગીન બનાવવી અને તાલીમી ક્ષમતામાં વધારો કરવાનો થાય છે. આ પ્રોજેક્ટ અન્વયે પ્રથમ તબક્કામાં રાજ્યની ૨૪ સરકારી તથા ૬ ખાનગી મળી કુલ ૩૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આવરી લેવામાં આવી છે. સદરહુ સંસ્થાઓ આ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજીત ૪૫ કરોડ રૂપિયા જેટલું ફંડ ભારત સરકાર તરફથી આપણને મળનાર છે. રાજ્યની કુલ ૨૮૭ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ પૈકી ૧૭૧ સંસ્થાઓને પબ્લિક પ્રાઇવેટ પાર્ટનર યોજના હેઠળ આવરી લઇને અત્યંત આધુનિક નવી મશીનરી સાથેની તાલીમ અપાવી શકાય, એ માટેના પ્રયાસો અમે કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા એક સભ્યશ્રીએ એપ્રેન્ટિસશીપ યોજનાની વાત કરી, પણ મારી પાસે સમય મર્યાદિત હોવાથી હું એ વાત ટૂંકમાં આપ સૌના અને સન્માનનીય સભાગૃહના ધ્યાન પર મૂકવા માગીશ. ભારત સરકાર માફત આ એપ્રેન્ટિસશીપ યોજના અમલમાં મૂકવામાં આવેલી. એમાં ૧૫૦૦ રૂપિયાની મર્યાદામાં ભારત સરકાર દ્વારા આ એપ્રન્ટિસશીપ યોજનામાં મદદ કરવામાં આવતી હતી. આનો વધુ વ્યાપ વધારવા માટે સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના એ ગુજરાત રાજ્યમાં દાખલ થઇ. અમારી આ મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર ભારત દેશમાં એના આજે વખાણ થઇ રહ્યાં છે. એવી મુખ્યમંત્રીશ્રીએ આ યોજના અમલમાં મૂકી છે. ૧૫૦૦ ઉપરાંત માનનીય મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટિસશીપ યોજના અંતર્ગત વધારાના ભારત સરકારના ૧૫૦૦ ઉપરાંત ગ્રેજ્યુએટ તાલીમાર્થી દીઠ ૩ હજાર રૂપિયા, ડિપ્લોમા તાલીમાર્થી દીઠ ૨ હજાર રૂપિયા, ડિપ્લોમાથી નીચેની કક્ષાના તાલીમાર્થી હોય તો એને વધારાના ૧૫૦૦ રૂપિયા આપીને આ યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે. એટલા માટે જ પહેલા વર્ષે...

**અધ્યક્ષશ્રી** : આજે કશું નહીં બોલવાનું રાખ્યું છેને એટલે.

**શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર** : ૭૭ હજાર કરતાં વધારે એપ્રેન્ટિસ પહેલા વર્ષે આપણને વધારે મળ્યા. ગયા વર્ષે આપણે ૪૫ હજાર એપ્રેન્ટિસને આની અંદર તાલીમ આપી શકયા હતા. ચાલુ સાલે પણ અમે ૧ લાખ એપ્રેન્ટિસની ભરતી થાય એના માટેના પ્રયાસો અમારી સરકાર મારફત કરવામાં આવી રહ્યા છે. એના માટે ચાલુ અને નવી બાબત તરીકે ૯૨ કરોડ રૂપિયાની જોગવાઇ પણ રાજ્ય સરકાર મારફત કરવામાં આવી રહી છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ પોતાના મકાનમાં કાર્યરત થાય એનસીવીટી મારફત આઇ.આઇ.ટી બધા જ ટ્રેડનું એફિલેશન મળે તે હેતુથી કુકરમુંડા, પ્રતાપનગર કુલ બે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના નવીન મકાનોનું બાંધકામ તથા એની માળખાકીય સુવિધાઓ પૂરી કરવા માટે નવી બાબત તરીકે સન ૨૦૨૦–૨૧માં રૂપિયા ૫૦ કરોડ અને ચાલુ બાબત તરીકે રૂ.૧૩૨ કરોડ મળીને રૂપિયા ૧૮૨ કરોડની બજેટની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જીઆઇઝેડ, એ જર્મનીના સહયોગથી રાજય સરકાર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ચાલતા વ્યવસાયના લેથ તેમજ વર્કશોપના આંતરરાષ્ટ્રીય કક્ષાના અપગ્રેડશન માટે હાઇટેક સાધનો, મશીનરી વસાવવા તથા તાલીમ માટેની જરૂરી સુવિધા ઉભી કરવા, તાલીમી સાહિત્ય તૈયાર કરવા રૂ.૫૧ કરોડની જોગવાઇ કરેલ છે. જીઆઇઝેડ એ જર્મન સરકારની નોડલ એજન્સી છે. જે લાંબા સમયથી ટેકનિકલ વ્યવસાયલક્ષી શિક્ષણ અને તાલીમ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની એ અગ્રણી સંસ્થા છે. આપણા તાલીમાર્થીઓને તાલીમ મળે એટલા માટે આ તાલીમાર્થીઓને સિલેબસ આધારિત વ્યવસાયલક્ષી તેમજ ગુણવત્તાયુકત પ્રાયોગિક તાલીમ આપવા માટે જરૂરી ફર્નિચર, ટુલ્સ તેમજ ઇકવિપમેન્ટ પૂરા પાડવા માટે ૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલી છે અને આ કચેરીની નિયંત્રણ હેઠળની સંસ્થાઓ સુપરવાઇઝરની ખાલી જગ્યાઓ ભરવા માટે ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર હતું, અમારે ઇન્સ્ટ્રકટરની જરૂરિયાત હતી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ વાત મૂકી તો અમારું ૧૦ વર્ષનું કેલેન્ડર હતું તેમ છતાં પણ એક વર્ષમાં ૨૩૬૭ ઇન્સ્ટ્રકટર ભરવા માટેની અમને મંજૂરી આપી. આથી આ તબકે માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં રોજગારીની વાત એમણે કરી અને સમગ્ર દેશમાં સૌથી વધારે રોજગારી આપતું એ ગુજરાત રાજય બન્યું છે. એટલા માટે દેશના બીજા રાજયો પણ ગુજરાત જે રીતે રોજગારી આપે છે તે રીતે એ લોકો પણ રોજગારી આપવામાં આગળ વધી રહ્યા છે. સંરક્ષણદળોમાં ગુજરાતના લોકો જોડાય એના માટે અમારા વિભાગ મારફતે ૩૦ દિવસની નિવાસી તાલીમ આપીએ છીએ અને રહેવાનો અને જમવાનો ખર્ચ અને અમારા નિષ્ણાતો મારફતે એમને તાલીમ આપીએ છીએ. આ તાલીમના કારણે દશ વર્ષમાં ૫૬ લશ્કરી ભરતી મેળાઓ અમે કરાવી શકયા અને આ તાલીમના કારણે ૧૬,૫૯૮ દસ વર્ષમાં ભારતના સંરક્ષણ દળમાં આપણે સામેલ કરાવી શકયા.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે બાંધકામ શ્રમિક બોર્ડ અમારા વિભાગમાં આવે છે અને એમાં અનેક પ્રકારની યોજનાઓમાં આપણે હંમેશા નાના અને ગરીબ શ્રમિકોને મદદરૂપ થઇ રહ્યા છીએ. શિક્ષણ સહાય હોય, આકસ્મિક મૃત્યુ સહાય હોય, અંત્યેષ્ઠી સહાય હોય, પ્રસૂતિ સહાય હોય, આવી યોજનાઓ માટે રૂપિયા ૧૧૫.૬૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમારી શ્રમિક અન્નપૂર્ણા યોજના, આ શ્રમિક અન્નપૂર્ણા યોજના વર્ષ ૨૦૧૭–૧૮થી શરૂ કરવામાં આવી અને આ યોજનાની અંદર માત્ર ૧૦ રૂપિયામાં શ્રમિકોને સારું અને સાત્વિક ભોજન મળે તેવો પ્રયાસ અમે કરી રહ્યા છીએ. તેના માટે આ વર્ષે પણ બીજી રૂપિયા ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. બીજી યોજના સ્થળાંતર કરતા બાંધકામ શ્રમિકોના બાળકોને હોસ્ટેલની સુવિધા મળે એટલા માટે દાહોદ, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં રૂપિયા ૮ કરોડની જોગવાઇ કરી અને ડી.ડી.ઓ.ના હવાલે ફાળવીને ત્યાં આગળ હોસ્ટેલની સુવિધા ઉભી કરવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. આ વર્ષમાં પણ તેના માટે બીજી રૂપિયા ૨૦ કરોડની નવી જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ બીજી આરોગ્ય ધન્વંતરી રથ યોજના છે. આ રાજયમાં આરોગ્ય ધન્વંતરી રથ મારફત મોટા પ્રમાણમાં ગરીબ માણસોની સેવા કરવામાં આવે છે. હાલ ૩૪ આરોગ્ય ધન્વંતરી રથ રાજયમાં છે અને નવા બજેટમાં બીજા ૧૬ રથની મંજૂરી આપવામાં આવેલી છે અને તેના માટે પણ ખૂબ મોટી રૂપિયા ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બાંધકામ શ્રમિકોના બાળકો માટે શિક્ષણ સહાય માટે રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બાંધકામ શ્રમિકો મકાન ખરીદે, બેંકમાંથી લોન ઉપાડે તો એમને વ્યાજનું વધારાનું ભારણ ન થાય એટલા માટે પહેલીવાર આપણે વ્યાજ સહાય યોજના દાખલ કરી છે અને પાંચ વર્ષ સુધી દર વર્ષે વીસ હજાર રૂપિયા એમના ખાતામાં નાંખીને એક લાખ રૂપિયાની વ્યાજ સહાયની મદદ કરવા માટે એક કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. બીજી રીતે જોવા જઇએ તો બાંધકામ શ્રમિકોને પ્રસૂતિ સહાય એ ખૂબ અગત્યની યોજના છે. પહેલા અમારી મહિલા શ્રમિક બાંધકામ શ્રમિક હોય તો તેને ૭૫૦૦ રૂપિયા પ્રસૂતિ વખતે આપતા હતા. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉદાર નીતિને ધ્યાનમાં લઇને અને એમની સંવેદનશીલતાને ધ્યાનમાં લઇને ૭૫૦૦ રૂપિયા તો આપવાના જ, પરંતુ પ્રસૂતિ પહેલાના બે મહિના અને પ્રસૂતિ બાદના બીજા બે મહિના એમ દર મહિનાના પાંચ હજાર રૂપિયા લેખે બીજા વીસ હજાર રૂપિયા, એટલે કે કુલ ૨૭,૫૦૦ રૂપિયા બે પ્રસૂતિ સુધી આપી શકીશું. એવી જ બીજી યોજના, મોટા શહેરોમાં મોટા પ્રમાણમાં બાંધકામ શ્રમિકો રહેતા હોય છે. કડીયા નાકા ઉપર જતા હોય ત્યારે એમને આવવા જવાનો દર મહિને પંદરસોથી બે હજાર રૂપિયા જેવો મોટો ખર્ચ થતો હોય છે. એટલા માટે આવા બાંધકામ શ્રમિકો માટે પહેલીવાર આ બજેટમાં પરિવહન યોજના મૂકવામાં આવી છે. એમને અમે વાર્ષિક પાસ આપીશું અને એના માટે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરોની અંદર જયાં બસની વ્યવસ્થા છે ત્યાં વાર્ષિક પાસ સાત હજાર રૂપિયામાં આપીશું. માત્ર વીસ ટકા જ એમણે આપવાના અને આખા વર્ષ સુધી શહેરમાં જયાં કામે જવું હોય ત્યાં જઇ શકે તેના માટે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આ રીતે આવા બાંધકામ શ્રમિકોને મદદરૂપ થવા માટે આ વિભાગમાં કામ કરવામાં આવી રહ્યું છે.

તા.૧૯મી માર્ચ, ૨૦૨૦

બિન–સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, ઘણું બધું કહેવાનું છે પરંતુ સમયના કારણે હું કેટલીક બાબતો કહી શકું તેમ નથી. પરંતુ ઔદ્યોગિક સાહસ સાથે જે લોકો ઉદ્યોગોમાં કામ કરતા હોય તેના માટે બે ત્રણ બાબતો સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર એટલા માટે મૂકવા માગું છું કે જયારે ઔદ્યોગિક સલામતીમાં, જે લોકો કારખાનામાં કામ કરતા હોય અને અકસ્માતે કયાંક મૃત્યુ થાય તો છેલ્લા નાણાકીય વર્ષમાં આવા ૧૯૨ મૃતકોના વારસદારોને ૬,૧૨,૧૫,૪૯૨ રૂપિયાનું વળતર રહેમરાહે ચૂકવવામાં આવ્યું અને કાયદેસર રીતે ૧૪,૧૧,૧૫,૩૦૯ રૂપિયા જેવું ચૂકવણું અકસ્માતના કિસ્સામાં ચૂકવવામાં આવ્યું છે. કયાંક કોઇ વેતન ઓછું ચૂકવતા હોય, એવી ફરિયાદ અમને મળે તો એવા એકમોની અંદર ૫૭૦૪ શ્રમયોગીઓને રૂપિયા ૬ કરોડ ૧૦ લાખનું વધારાનું વેતન પણ એમને ચૂકવવામાં આવ્યું છે. બોનસ ચૂકવણીની ફરિયાદ હોય તેવા ૬ લાખ ૧૮ હજાર શ્રમયોગીઓને રૂપિયા ૮૧૭.૨૩ કરોડની રકમ બોનસ પેટે પણ ચૂકવવામાં આવી છે. કયાંક ગ્રેજયુએટીની ફરિયાદ મળતી હોય, તેવા વખતે પણ ૧૫૬૬ શ્રમયોગીઓને ગ્રેજયુએટીરૂપે રૂપિયા ૧૫.૨૯ કરોડની માતબર રકમ અમારા વિભાગ મારફત શ્રમયોગીઓને કયાંય મુસીબત ન પડે એના માટે ચૂકવવામાં આવી છે. આ રીતે વિશાળ કામ કરવા માટે અમારો વિભાગ ચાલી રહ્યો છે ત્યારે સન્માનનીય સભાગૃહને વિનંતી કરું કે અમારી માગણી મંજૂર કરે.

**માગણી ક્રમાંક– ૫૭ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**(વિરામ બપોરના ૨–૦૧થી ૩–૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.**

## બિન–સરકારી સંકલ્પો

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રી બ્રિજેશ મેરજા.. (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી હાજર નથી. નેકસ્ટ.

**પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને પ્રોત્સાહિત કરી ખેડૂતોમાં જાગૃતિ લાવવા અંગે.**

**શ્રી જગદીશ વિશ્વકર્મા**(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

''હરિત ક્રાંતિ અને રાસાયણિક ખેતીને કારણે જમીન તથા પાકની ગુણવત્તા બગડે છે અને ખોરાકમાં ઝેરી તત્વોનું પ્રમાણ વધે છે. સાથો સાથ બિયારણ, પાણી અને પર્યાવરણ દૂષિત થાય છે. જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા પર અસર થતા ઉત્પાદન ખર્ચમાં પણ વધારો થાય છે. આ બધા પરિબળોની વિપરીત અસર પર્યાવરણ, માનવી અને પ્રાણીઓના સ્વાસ્થ્ય પર થાય છે.

ઘનિષ્ટ પાક ઉત્પાદનની પદ્ધતિઓને કારણે ખેત ઉત્પાદન ઝેરી તત્ત્વોના અંશોવાળું થવાથી મનુષ્યની રોગપ્રતિકારક શક્તિ ઘટી છે અને અસાધ્ય રોગોના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. જમીનને ફરી ફળદ્રુપ બનાવી, ઓછા ખર્ચે તંદુરસ્ત પાક ઉત્પાદન મેળવવા પ્રાકૃતિક ખેતી જ વિકલ્પ માત્ર છે.

જમીન અને પર્યાવરણને કોઇપણ પ્રકારના નુકસાન વગર પ્રકૃતિના મુળભૂત સિદ્ધાંતો આધારિત અને દેશી ગાયના ગોબર–ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે થતી ખેતી એટલે જ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ. આ પદ્ધતિથી જમીનની ભેજસંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે તેટલું જ નહીં પાણી અને વીજળીની પણ નોંધપાત્ર બચત થાય છે. પાકમાં રોગ અને જીવાતોનું નિયતંત્ર પણ થાય છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી પર્યાવરણની જાળવણી અને માનવીના સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન થાય છે.

રાજ્ય સરકારે પણ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને પ્રોત્સાહન આપવા અનેક પગલાં લીધેલ છે ત્યારે રાજ્યમાં ખેડૂતો વધુને વધુ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ તરફ વળે તે માટે ખેડૂતોમાં વ્યાપક જાગૃતિ લાવવા અસરકારક પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : હા વાંચો, ના વાંચે તો ય ચાલે. વાંચવાનું કમ્પલસરી નથી. ક્યારેક સમય બચાવવો જોઇએ.

**શ્રી જગદીશ વિશ્વકર્મા** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ગુજરાત જ નહીં, દેશ નહીં, ભારત નહીં પણ સમગ્ર વિશ્વને જ્યારે એક ચિંતા સતાવી રહી છે, રાસાયણિક ખેતી. જે લોકો ઝડપી ઉત્પાદન મેળવવા માટે, વધુ ઉત્પાદન મેળવવવા, પાકને મોટો કરવા માટે જે રીતે રાસાયણિક ખેતીના ઉપદ્રવની સમગ્ર વિશ્વને ચિંતા ખૂબ સતાવી રહી છે, ત્યારે આ સંકલ્પ લઇને મારે આવવું પડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં હું ખાસ એવું કહેવા માગીશ કે, સરકાર પણ આમાં ચોક્કસ ચિંતિત છે. દેશના વડાપ્રધાનશ્રી પણ ચિંતિત છે અને આપણા મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત પણ આ પ્રાકૃતિક ખેતીના હિમાયતી છે. એટલે હું ચોક્કસ કહીશ કે, અત્યારે રાસાયણિક ખેતી છે એ જમીનની ફળદ્રુપતા જે રીતે બગાડી રહી છે એની તિવ્રતા એટલી વધી છે કે, એના કારણે જમીનો ખરાબ થાય છે. આપણું પાણી ખરાબ થઇ રહ્યું છે, આપણું પર્યાવરણ પણ ખરાબ થઇ રહ્યું છે. એના કારણે જે રોગો થઇ રહ્યા છે, એ રોગો પણ આપણને દેખાતા નથી પણ એના પરિણામો ખૂબ મોટા આપણને જોવા મળી રહ્યા છે. એક નાનું ઉદાહરણ આપીએ તો ધારો કે, કપાસની ખેતીમાં આજે ડાયકોફોલ અને ટ્રાયક્લોનોર નામની જે દવા વપરાય છે, એના કારણે કેન્સર થાય છે. હવે આપણને એમ થાય કે, કપાસની અંદર કેમ દવા નાખીએ છીએ? કપાસ તો ક્યાંય ખાવામાં આવતો નથી. કપાસમાં પણ દવા વપરાય છે. જ્યારે દવા છાંટીએ છીએ અને ખેતરમાં જ્યારે પિયત માટે જઇએ છીએ

ત્યારે એ વાતાવરણમાં આ દવા ફેલાય છે અને શ્વાસોશ્વાસમાં પણ આ દવાની અસર થાય છે. જે જમીનમાં આ દવા ઉતરે છે એના કારણે આપણા પેટાળના પાણીના વહેણમાં પણ આ દવા ખૂબ ખરાબ રીતે પ્રસરી રહી છે અને એના કારણે ખૂબ ખતરનાક રોગો થાય છે. આપણા જ જૂનાગઢની બાજુમાં એક ગામ છે, મંત્રીશ્રીના ધ્યાને મૂકવા માગું છું કે, એ એક જ ગામમાં ૩૫૦ કરતાં પણ વધારે કેસો ત્યાં થયેલા છે.

આપણા દેશના પંજાબ રાજ્યના ભટિંડાની અંદર એક ગામ છે. ત્યાંથી આખી સ્પેશિયલ કેન્સરની ટ્રેન ઉપડે છે, એ ટ્રેન પછી બિકાનેર આવે છે. દર અઠવાડિયે આખી ટ્રેન ઉપડે અને આખી ટ્રેન "કેન્સર ટ્રેન" તરીકે ઓળખાઇ રહી છે. એટલે આ પણ દેશ માટે ખૂબ ચિંતાનો વિષય છે. એટલે માનનીય મંત્રીશ્રીને મારી લાગણી છે કે, જો આપણે પ્રાકૃતિક ખેતી તરફ આગળ નહીં વધીએ તો આગામી દિવસોમાં, જ્યારે આખું વિશ્વ વિચારી રહ્યું છે ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે, સમગ્ર વિશ્વમાં પ્રાકૃતિક ખેતી માટે આપણા સિક્કીમ રાજ્યએ પ્રયાસ કર્યો છે. આખું સિક્કીમ રાજ્ય પ્રાકૃતિક ખેતી કરી રહ્યું છે.

રાસાયણિક ખેતીના કારણે મનુષ્ય, પ્રાણીઓના શરીર પર કેન્સર સિવાય બીજી બધી જે આડ અસરો જોવા મળે છે. જે રસાયણો અંતસ્ત્રાવમાં અસંતુલન પેદા કરે છે, જે નુકસાન પહોંચાડે છે. એ પ્રજનન શક્તિને પણ નુકસાન પહોંચાડે છે, એનાથી ઘણા બધા ડી.ટી.પી. જેવા જંતુનાશક આનુવાંશિક વિક્ષેપ પાડી, જે બાળકો જન્મે છે એ પણ ખોડ ખાંપણવાળા બાળકો જન્મે છે. આપણને એમ થાય કે, આ બાળક કેમ ખોડ ખાંપણવાળું જન્મ્યું હશે ? ભગવાને એને કેમ આવું દર્દ આપ્યું હશે? આજકાલ આપણે જે શાકભાજી–ફ્રૂટ્સ ખાઇ રહ્યા છીએ, આપણને દેખાય છે કે, ચેરી ખૂબ લાલ છે. પણ ચેરી તૈયાર થયા પછી પણ એના ઉપર લોકો કલર નાંખી રહ્યા છે. આ બધી વસ્તુઓ એટલી બધી જીવલેણ થઇ રહી છે કે, આપણા માટે ભવિષ્યમાં ખૂબ ઘાતક સાબિત થવાની છે. જે કિટકોની દવા સહન કરવાની પ્રતિરોધક શક્તિ છે એ લાંબા ગાળે વધતી જાય છે. એના કારણે આ દવાઓ છાંટવાથી પાણી પણ વધારે જોઇએ છે. એટલે તેના કારણે પાણીની ઘટ થઇ રહી છે, પાણીના તળ નીચે જઇ રહ્યા છે. આ પણ એક ખૂબ મોટી ચિંતાનો વિષય છે. યુરિયા અને બીજાં રસાયણોના થર જામી જાય છે. એના કારણે ત્રણ મહિના પછી જ્યારે નવો પાક લઇએ તો નવો પાક લીધા પછી પણ એ દવાની અસર તો ઓલરેડી એની અંદર છે જ. ગમે તેટલો ગવાર પીલીએ કે બીજી કોઇ પણ વસ્તુ કરીએ છતાં પણ આ ખૂબ ચિંતાનો વિષય છે. મારી વિનંતી છે કે મને એક–બે મિનિટ વધારે આપો. જે રાસાયણિક ખેતીનો આપણો વિકલ્પ છે અને આ વખતે મંત્રીશ્રીએ પણ બજેટમાં કહ્યું છે. લગભગ ૮૯૩ જેટલી દવાખો વપરાઇ રહી છે. એટલે માનનીય મંત્રીશ્રીને મારી લાગણી છે કે આના પર આખા ગુજરાતમાં એવો બાન લાવવો જોઇએ કે એક પણ પ્રકારની રાસાયણિક દવા ગુજરાતમાં વેચાય નહીં. આવું શરૂ થઇ ગયું છે. સિક્કીમમાં શરૂ થઇ ગયું છે. હિમાચલ પ્રદેશમાં પ્રયાસ કર્યા છે. ઘણા બધા રાજ્યોએ પ્રયાસ કર્યા છે કે એમની બધી જમીનોમાં માત્ર ઓર્ગેનિક ખેતી થાય.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત કરું કે એક વીઘામાં આપણે ઘઉં પકવવા હોય, એક વીઘામાં ૭૫૦ કિલો ઘઉં થાય છે. એક કિલો ઘઉં પકવવા હોય તો ૧૩૫૦ લીટર પાણી જોઇએ. એક વીઘાની અંદર ચોખા પકવવા હોય તો ૬૫૦ કિલો ચોખા થાય, તેમાં એક કિલો ચોખામાં ૨૫૦૦ લીટર પાણી જાય, એક વીઘામાં ૩૫૦થી ૪૦૦ કિલો બટાકા થાય. એક કિલો બટાકા પાછળ ૨૯૦ લીટર પાણી વપરાય. એક કિલો બ્રેડમાં ૧૬૦૮ લીટર પાણી વપરાય છે. એક કિલો ટામેટાંમાં ૨૧૪ લીટર પાણીનો વપરાશ થાય. ૧ કિલો ડુંગળી માટે ૧૭૦ લીટર પાણીનો વપરાશ થાય. એક કિલો નોનવેજ પકાવવું હોય તો ૪૩૨૫ લીટર. આ આંકડા હાઉસ સમક્ષ એટલા માટે મૂકું છું કે જો આપણે ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ વિકસાવીએ અને ફરજિયાતપણે તેને લાગુ કરીએ અને ફરજિયાતપણે ઓર્ગેનિક ખેતી કરીએ તો પાણીનો વપરાશ ચોક્કસ બચશે. સાથે સાથે આપણે જે વીજળીમાં સબસિડી આપવા પાછળ ખર્ચ કરીએ છીએ, જે બોરમાં પાણીના તળ નીચા જઇ રહ્યા છે. હવે આપણે આધુનિક રીતે અને ઓર્ગેનિક રીતે જો ખેતી નહીં કરીએ, માત્રને માત્ર વિધાનસભાની ચર્ચાઓમાં આ બધું પડ્યું રહેશે. આના માટે આપણે ઠોસ નિર્ણયો લેવા પડશે અને પાણીનો વપરાશ પણ ઓછો થશે. આપણી સરકાર જ્યારે ખેડૂતોના પડખે ઉભી રહી છે ત્યારે આ વખતે રાજ્યના ૫૬ લાખ ખેડૂતોને લગભગ રૂપિયા ૩૭૯૫ કરોડનું માનનીય મંત્રીશ્રીએ બજેટ આપ્યું છે તેના માટે માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સાથે સાથે આનંદ તો એ થાય છે કે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોના પડખે અડીખમ ઉભી રહી છે ત્યારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિમાં પણ ૬૦૦૦ રૂપિયા દર વર્ષે આપવા, એમાં પણ દરેક ખેડૂતને ખૂબ સારો એવો લાભ આપ્યો છે. પ્રાકૃતિક ખેતી માટે આ વખતે સરકારે જે નિર્ણય લીધો કે જે લોકો દેશી ગાય પાળતા હોય તેના ખાતરમાંથી પ્રાકૃતિક ખેતી કરે તો એવા દરેક ફાર્મરને ગાય દીઠ ૯૦૦ રૂપિયા આપવાનું, માનનીય મંત્રીશ્રીને અને સરકારને લાખ લાખ અભિનંદન પાઠવું છું કે આ એક નવો ચીલો ચાલુ કર્યો છે. કદાચ હિંદુસ્તાનની કોઇ સરકારે આવો ચીલો ચાલુ નહીં કર્યો હોય. માનનીય મંત્રીશ્રી અને એમનો વિભાગ જે લાગણીસભર રીતે કામગીરી કરી રહેલ છે અને મને વિશ્વાસ છે કે આગામી દિવસોમાં આપણે ઓર્ગેનિક ખેતી તરફ જઇશું ત્યારે બનાસકાંઠામાં જ્યારે તીડ આવ્યા તે વખતે પણ રૂપિયા ૩૨ કરોડ જેટલી મોટી સહાય આપવામાં આવી. બીજાં કોઇ રાજ્યોમાં આવી આકસ્મિક આવી પડતી આપત્તિમાં ખેડૂતોના માથે ભારણ ન થાય, ખેડૂતોને ખેતી માટે પ્રોત્સાહન થાય, મને આજે એક બીજી બાબત મૂકતાં થોડું દુઃખ થાય છે કે ગુજરાતના ખેડૂતોને ગુજરાતનો ખેતીનો કર્મચારી મળતો નથી. તો હું માનનીય મંત્રીશ્રીને કહીશ કે કેમ ગુજરાતમાં ગુજરાતનો કર્મચારી મળતો નથી? બહારના રાજ્યોના બિહારના, યુ.પી.ના કર્મચારીઓ બટાકા નીંદવા માટે, ઘઉં લેવા માટે આવે છે. તો આના માટે આપણે ચોક્કસ પોલિસી બનાવવી જોઇએ કે આપણે ત્યાંના જે ખેતમજૂરો છે તેને શું પ્રોત્સાહન આપીએ તો

આપણા ખેડૂતોને સહાયરૂપ થાય અને જે એક વીઘો, બે વીઘો જે નાના નાના ટૂકડાવાળા છે તો આ લોકો માટે એક બલ્ક કરીને કોન્ટ્રાક્ટ પદ્ધતિ કરીએ તો પણ આવનારા દિવસોમાં આપણા ખેડૂતો જીવંત રહેશે. ધારો કે જે જગ્યાએ ચણા થાય છે. ધારો કે ડીસામાં બટાકા પાકે છે તો મેકીન્સ નામની કંપની મહેસાણામાં આવી છે. ડીસાના બટાકાનું જે પ્રોડક્શન થાય એ બધી મેકીન્સ ખરીદે છે. એવી રીતે દરેક ઝોનવાઇઝ જે જગ્યાએ જે પાકની ઉપજ થાય છે એ જગ્યાએ તેની ફાયનલ પ્રોડક્ટ બને તો આપણા ખેડૂતોને જે ભાવ આપવાની સમસ્યા છે, આપણે જે ટેકાના ભાવ આપવા પડે છે. ખેડૂતોને જે ભાવ મળતા નથી. મને ચોક્કસ વિશ્વાસ છે કે આવું પ્લાનીંગથી જો આપણે ખેતીવાડી કરીએ, ગુજરાત રાજયની જે જી.ડી.પી. છે એમાં લગભગ ૨૦ ટકા ફાળો એગ્રીકલ્ચરનો છે. હું થોડાક બીજા આકડા રજૂ કરું છું કે સ્વીટઝરલેન્ડ, ડેનમાર્ક, સ્વીડન, યુ.કે., જર્મની, ફ્રાન્સ, કેનેડા, નોર્વે, ચીન આ બધા દેશોએ ઓર્ગેનિક ફૂડ વાપરવાનું ચાલુ કર્યું છે. સાથે સાથે દેશની જે જમીનો કહેવાય દા.ત. બાંગ્લાદેશમાં ૫૯ ટકા લેન્ડ એગ્રીકલ્ચર લેન્ડ છે, ડેન્માર્કમાં ૫૮ ટકા છે, યુક્રેનમાં ૫૬ ટકા છે, મોલસ્માામાં ૫૫ ટકા છે, ભારતમાં ૫૨.૮ ટકા એગ્રીકલ્ચર લેન્ડ છે, બાકીના દેશોની અંદર માત્ર ૨૦ ટકા એગ્રીકલ્ચર લેન્ડ છે તો આપણા માટે જો ઓર્ગેનીક ખેતી આપણે ચાલુ કરીશું તો આપણા ખેડૂતો માટે મોટામાં મોટો સ્કોપ એક્સપોર્ટમાં વધવાનો છે તો મારે માનનીય મંત્રીશ્રીને લાગણીસભર ભારપૂર્વક કહેવું છે કે આપણે જો આ રીતે આપણા ખેડૂતો માટે સગવડ ઉભી કરીશું, દરેક રીજીયન વાઇઝ, ઝોન વાઇઝ, આપણે એક સરવે કરાવવો જોઇએ કે કપાસ કયાં સારો ઉગી રહ્યો છે તો એ રીજીયનમાં માત્ર કપાસ ઉદ્યોગને ડેવલપ કરીએ, ચણા કયાં ઉગી રહ્યા છે? ઘઉ કયાં ઉગી રહ્યા છે? આવી દરેક બાબતોને જો ઝોનવાઇઝ આપણે ખેડૂતોને ડેવલપ કરીશું તો મને ચોક્કસ વિશ્વાસ છે કે પ્રાકૃતિક ખેતી તરફ આપણને સફળતા મળશે અને સરકાર જે વિચારી રહી છે અને આખા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જે પ્રાકૃતિક ખેતી તરફ વિચારે છે અને સિક્કીમની જેમ વર્ષ ૨૦૧૩ પછી ઇન્ડિયામાં ખૂબ ગ્રોથ વધ્યો છે, જયારથી આપણી સરકાર આવી ત્યારથી ઓર્ગેનિક ખેતી તરફ આપણા દેશના વડાપ્રધાનશ્રીનું વિઝન રહ્યું છે જેથી મને આશા છે કે આ જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યો છું એમાં માનનીય મંત્રીશ્રી પોઝીટીવ રહી આ સંકલ્પને સ્વીકારે એવી મારી હ્રદયપૂર્વકની માનનીય ધારાસભ્યશ્રીઓ વતી મારી લાગણી છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા ખૂબ જ સરસ મજાનો સંકલ્પ લઇને આવ્યા છે એમને હું અભિનંદન આપું છું. અભિનંદન એટલા માટે આપું છું કે આમાં ફરીથી પ્રકૃતિ તરફ જવાની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલીસ વર્ષ પાછળ ભૂતકાળમાં તમે જાવ તો ત્યારે સો એ સો ટકા ખેતી છે એ પ્રાકૃતિક ખેતી જ થતી હતી પણ ત્યારે મુશ્કેલી એ થતી હતી કે આજે જે સંસાધનો છે, વીજળીની સગવડતા, એનાથી પૂરતું પાણી એ બધું ત્યારે હતું નહીં. ત્યારે કોસથી પાણી પીવડાવવું પડતું હતું. પ્રકૃતિની જયારે વાત કરીએ તો સવારે કોસ ચાલતો હોય, એના પૈડાની ગરેડીનો સુંદર મજાનો અવાજ આવતો હોય. આજે બધાને તબિયત અંગે ચિંતા છે એટલે બધા સવારમાં રોડ ઉપર દોડતા હોય, ત્યારે ખેડૂત સવારે આઠ વાગે કામ શરૂ કરીને સાંજે છ વાગ્યા સુધી કોસ હાંકતો હોય, એને કયાંય કસરત કરવા માટેની જરૂર પણ ન પડતી અને હાર્ટ એટેક જેવા રોગો પણ નહોતા. આ રીતે આપણે પ્રાકૃતિક ખેતી કરતા. માનવ મનની જે વિચિત્રતા છે એમાં આપણે જોઇશું તો પહેલા પ્રકૃતિને નુકસાન કરવું અને પછી એને સુધારવા માટેના પ્રયાસો કરવા. આજે પહેલા દિવસે દિવસે જંગલ કપાણા અને આજે પછી આપણે જંગલ વાવવાની પ્રવૃત્તિ કરીએ છીએ. વનસ્પતિમાં એટલી તાકાત છે, પ્રકૃતિમાં એટલી તાકાત છે કે જો તમે વનસ્પતિ અથવા ઝાડ કાપવાના બંધ કરો તો દસ વર્ષમાં ગુજરાતનો એક પણ છેડો એવો ના રહે કે જયાં વનસ્પતિ અથવા ઝાડ ના હોય. એવું જ પ્રકૃતિમાં છે કે તે વખતે આપણે જે અન્ન સંકટ હતું એટલે ધીમે ધીમે કરીને ઉત્પાદન વધારવા માટે આપણે રાસાયણિક ખાતર વાપર્યા અને સાથે સાથે કીટકનાશક દવાઓ, જંતુનાશક દવાઓનો પણ ઉપયોગ કર્યો. ત્યારે આપણે જે ખેતી કરતા હતા એમાં મને ખ્યાલ છે કે એમાં પાકની અંદર ઇયળ આવે તો કાબર, ચકલા એની જાતે આવે, અઠવાડિયામાં ઇયળોને વીણીને નાશ કરતા, પ્રકૃતિની જે આખી સિસ્ટમ છે એ સિસ્ટમને આપણે ખોરવી નાખી છે એટલે જયારે આપણે જંતુનાશક દવા છાંટીએ છીએ ત્યારે જે હાનીકારક કીટકો છે એ પ્રકૃતિ માટે હાનિકારક નથી પણ આપણા સ્વાર્થ માટે હાનિકારક છે એને આપણે મારીએ છીએ ત્યારે એની સાથે સાથે ઉપયોગી જે કીટકો છે એને આપણે મારી નાખીએ છીએ. જંતુનાશક દવા અને જે રાસાયણિક ખાતર નાખીએ છીએ એમાં જે નાઇટ્રોજન હોય છે એની જે બીજી અસર છે એ પીવાના પાણી સાથે પણ ભળે છે. આપણે જે પાણી પીએ એમાં નાઇટ્રોજન આવે એના લીધે અનેક પ્રકારના રોગો પણ થાય છે. જંતુનાશક દવાઓ છે એના લીધે અનેક પ્રકારના રોગો થાય છે. WH Oના આંકડા કેન્સર બાબતના છે એ આપીશ કે આવતા દિવસોમાં ૧૦ વ્યક્તિમાંથી ૧ વ્યક્તિને કેન્સર હશે અને કેન્સરગ્રસ્ત ૧૫ હશે એમાં એક વ્યક્તિનું મૃત્યુ થશે. છેલ્લા પાંચ વર્ષમાં આપણા દેશમાં ૨૨ લાખ કરતા પણ વધારે કેન્સરગ્રસ્ત લોકો થયા હતા એમાંથી ૭ લાખ ૮૪ હજાર ૮૦૦ મૃત્યુ પામ્યા છે. નેચરોપેથીના જાણકારો કહે છે કે વર્ષ ૨૦૩૦ સુધીમાં અત્યારે જે વસ્તુ ચાલે છે એ ચાલુ રહી તો દર વર્ષે ૧૭ લાખ કરતા વધારે લોકો કેન્સરગ્રસ્ત થશે. એ જ રીતે હાર્ટ એટેકનું પ્રમાણ આપણે અત્યારે જોઇશું અને પહેલાનું જોઇશું તો વધ્યું છે એનું કારણ હાનિકારક દ્રવ્યોનું પ્રમાણ વધારે લઇએ છીએ. પ્રકૃત્તિથી આપણે દૂર ગયા છીએ અને આપણે પ્રાકૃતિક ખેતી કરતા નથી. આપણે જે રાસાયણિક ખેતી કરીએ છીએ એમાં હાઇબ્રિડ બિયારણ, જંતુનાશક દવાઓ, મજૂરી, વીજળી, સિંચાઇ, ડિઝલ આ બધું દિવસે દિવસે મોંઘુ થતું જાય છે. આના કારણે ખર્ચ વધે છે અને જ્યારે નબળું વર્ષ આવે અને વરસાદ ઓછો થાય અથવા અતિવૃષ્ટિ થાય ત્યારે ખેડૂતને પૂરતી રોજગારી મળતી નથી. રોજગારી ન મળે એટલે એ શહેરમાં આવે અને શહેરમાં

આવે ત્યારે ગામડા ભંગાય છે અને શહેરમાં સખ્યા વધે છે એના લીધે એના માટેના રહેઠાણ, પાણી, વીજળી, ટ્રાફિકની સમસ્યા, રોજગારી અને પર્યાવરણના પ્રશ્નો ઉભા થાય છે. શહેરમાં આવ્યા પછી પૂરતી રોજગારી ન મળે એના લીધે લૂંટફાટ અને કાયદાકીય પ્રશ્નો પણ ઉભા થાય છે. રાસાયણિક ખાતર છે એ આપણી જમીનને નિર્જીવ કરી નાખે છે. સાથોસાથ જે કિટકો દલિયા છે, ડ્રેગન ફ્લાય છે, રાયસો છે, અળશિયા છે એનો આ દવા નાશ કરે છે. અળશિયા એ પ્રકૃતિનો એક અજાયબ જીવ છે. કુદરતે એને એવી શક્તિ આપેલી છે કે ખેડૂત ખેતરમાં કામ કરતો હોય અને અળશિયાને ખેતીનું કોઇ ઓજાર લાગી જાય અને એના જેટલા પણ કટકા થાય એ બધા કટકા જીવિત થઇ અને ખેતરમાં પોતાનું કામ કરતા રહે છે. એ સતત ખાધે રાખે છે. જમીનની અંદર ૧૫ ફુટ સુધી જાય છે અને એની અંદર જે કેમિકલ ઝરે છે એના લીધે એક સીધી ચેનલ જેવું થઇ જાય છે. વરસાદી પાણી પડે અને એ ૧૫ ફુટ જેટલુ ઉંડુ જાય અને જમીનના તળ આવે ત્યારે ખેડૂતને પણ ફાયદો કરે છે અને ખેતરના જે જંતુ હોય એને પણ એ ખાઇ જાય છે અને એના લીધે એની વિષ્ટા જે નીકળે છે એ વિષ્ટા છે એ છોડના મૂળની આજુબાજુ જમા થાય છે. એની આપણે તપાસ કરીએ, એનું કેમિકલ એનાલિસિસ કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે બાકીની જમીન કરતા એમાં ૬ ગણો ચૂનો વધારે હોય છે, ૭ ગણો વધારે નાઇટ્રોજન હોય છે, ૮ ગણો વધારે મેગ્નેશિયમ હોય છે, ૯ ગણો વધારે ફોસ્ફેટ હોય છે, ૧૦ ગણો વધારે ગંધક હોય છે, ૧૧ ગણો વધારે પોટાશ હોય છે. આ બધા ઘટકો છે એ ખેતીના પાક માટે ખૂબ જ ઉપયોગી છે અને એના લીધે આપણા પાકનો પણ વધારો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે મધમાખી છે એ એક દિવસની અંદર એક હજાર કરતા વધારે ફુલોની મુલાકાત લે છે. નર ફુલની જે પરાગરજ છે એ માદા ફુલ સુધી પહોંચાડે છે. એના લીધે પાકનું ઉત્પાદન વધારે થાય છે. આજે અમેરિકાના કેલિફોર્નિયામાં કે જ્યાં બદામનું ઉત્પાદન વધારે થાય છે ત્યાં આજે મધમાખીની જનસંખ્યા ઓછી થઇ છે એના કારણે અમેરિકા ચિંતામાં પડ્યું છે કે આ મધમાખી ઓછી થવાના કારણો શું? આમને આમ જો મધમાખી ઓછી થતી રહેશે તો આવતા દિવસોમાં બદામનું ઉત્પાદન છે એ ઘટશે. એના માટે પણ એ ચિંતિત છે. આ સિવાય લીલા તડતડિયાના બચ્ચા અને સફેદ માખી એના માટે પણ દળિયા નામની ઇયળ છે એ પોચા જીવો હોય એને એ ખાઇ જાય છે. આ રીતે જંતુનાશકો છે એ મિત્ર કિટકોને પણ મારી નાખે છે અને એના લીધે ઘણી બધી સમસ્યાઓ ઉભી થાય છે. આપણે જો પ્રાકૃતિક ખેતી તરફ જવું હશે તો શહેરી વિકાસને પણ સાથે જોડવું પડશે. આપણે સેન્દ્રિય ખાતર જોઇશે એના માટે શહેરની અંદર જે કચરો ભેગો થાય એના માટેની વ્યવસ્થા કરીને સેન્દ્રિય ખાતર ભેગું કરવું પડે. એસ.ટી.પી.ની અંદર જે કચરો ભેગો થાય એને ખાતરમાં પરિવર્તિત કરીને શહેરી વિકાસ અને કૃષિ બન્નેને જોડીશું તો હું માનું છું કે સેન્દ્રિય ખાતર પૂરું પડશે. હું એટલા માટે કહું છું કે, અમારું ગામ બોખીરિયા પોરબંદર શહેરની બાજુમાં છે મેં જે શરૂઆતમાં વાત કરી ત્યારે ખેડૂત એક માણસ એવો રાખતો કે જે સવારે બળદગાડું લઇને સિટિમાં જતો અને ત્યાં જે કચરો મજૂરોએ વાળેલો હોય એ ગાડામાં ભરીને આવતા એનું ખેતરમાં કોહવાણ કરે એટલે તેનાથી બે કામ થતા એક તો ખેડૂતને સૈન્દ્રિય ખાતર મળતું અને બીજું શહેર છે એ કોઇપણ જાતના ખર્ચ સિવાય સાફ થતું. આવું બધું આપણે કરીશું તો હું માનું છું કે આપણે પ્રાકૃતિક ખેતી તરફ જઇ શકીશું.

અધ્યક્ષશ્રી : આદરણીય જગદીશભાઇએ કેન્સરની વાત કરી એટલે મારી પાસે એ બધું લખી રાખું છું. ભારતની અંદર કેન્સરથી પીડિત લોકોની સંખ્યા ૨૫ લાખ છે અને દર વર્ષે કેન્સરના નવા દર્દી ૭ લાખ ઉમેરાય છે એની ગંભીર ચિંતા કરવી જ પડશે. પ્રો. કુબેરભાઇ ડીંડોર.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર (સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા બિનસરકારી સંકલ્પ પ્રાકૃત્તિક ખેતીને પ્રોત્સાહન આપવા અંગે. પ્રાકૃત્તિક ખેતી એક વિકલ્પ વર્ષ ૨૦૨૦–૨૧ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી ભારતીય સંસ્કૃત્તિ કૃષિ અને ઋષિની સંસ્કૃત્તિ છે. આપણો ભારત દેશ કૃષિ પ્રધાન દેશ છે. ૭૦ ટકા લોકો કૃષિ પર આધારિત છે અને કૃષિ સાથે જોડાયેલા છે. આજે માણસ પોતાના સ્વાર્થ માટે અને ભૌતિક સુખ–સુવિધા સંપન્ન વધારવા માટે રાસાયણિક ખાતર ઉપયોગ કરી આપણી પ્રાકૃત્તિક ખેતી જે આપણા બાપ–દાદા કરતા હતા એનાથી આપણે વિમુક્ત થયા છીએ એમાં પાછા વાળવા આપણા ગુજરાત રાજ્યના મહામહીમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી પણ ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ જઇને ખેડૂતને પ્રાકૃત્તિક ખેતી કરવા માટે પ્રોત્સાહન આપી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃત્તિક ખેતી એટલે પ્રકૃત્તિમાં રહીને ખેતી કરવી એવું પણ કહી શકાય. ઘણા સમયથી આપણા ખેડૂતભાઇઓ રાસાયણિક ખાતરો અને રાસાયણિક દવાઓનો ઉપયોગ કરે છે. આજે આપણી જમીન, પાકો, બિયારણ, પાણી અને પર્યાવરણ આ રસાયણોના ઉપયોગથી દુષિત થયા છે. આપણે પાકોનું ઉત્પાદન લઇએ છીએ તે પાકોની ગુણવત્તા બગડી છે. અત્યારે દિવસેને દિવસે જે ખોરાક આપણે લઇ રહ્યા છીએ એમાં ઝેરી તત્ત્વોનું પ્રમાણ વધવાથી નવા રોગો વધ્યાં છે. પ્રકૃત્તિમાં રહેલા પ્રાણીઓ ઉપર તેની વિપરિત અસર થઇ રહી છે અને એનું આર્થિક નુકસાન આપણે પણ ભોગવી રહ્યા છીએ. હમણાં મારા સંતરામપુરમાં દેહગામ જોડે ખેતરમાં એક કાકા બટાકાનું વાવેતર કરી રહ્યાં હતાં ત્યાં મેં ગાડી ઊભી રાખીને જઇને પૂછ્યું કે, કાકા, શાની ખેતી કરી છે? એમણે કહ્યું કે, પાંચ વિઘામાં બટાકા વાવ્યા છે. મેં પૂછ્યું કે, શરૂઆતથી અંત સુધીમાં બટાકામાં તમે ખાતર કેટલું નાખો છો? તો કાકાએ મને જવાબ આપ્યો કે, હું એક વિઘામાં બે બોરી ડી.એ.પી. ખાતર, બે બોરી સલ્ફેટ, એક યુરિયા, એક પોટાશ અને ચાર થેલી સૈન્દ્રિય ખાતર એમ કરીને ૯ થેલી ખાતરનો ઉપયોગ એક વિઘા બટાકાના ખેતરમાં ખેડૂત કરે છે. ઉત્પાદન ૫૦૦ મણ બટાકાનું થયું છે. મેં કહ્યું કે, આથી આગળ આપણા બાપ–દાદાઓ પ્રાકૃત્તિક ખેતી અથવા સૈન્દ્રિય

છાણિયું ખાતર નાંખીને ખેતી કરતા હતા તો કેટલું ઉત્પાદન થાય? તો કહે ૨૫૦ મણ થાય. એટલે આ જે મેં વાત કરી એ ઉત્પાદન વધારવા અને વધુ ઇન્કમ મેળવવાના મોહમાં આ જમીન છે એમાં આપણે ઝેર નાંખી રહ્યાં છીએ. એટલે આજે આપણે દરરોજ થાળીમાં ઝેર લઇ રહ્યાં છીએ. આપણે પશુપાલન કરીએ છીએ એમાં પણ પશુઓને ચારો આપીએ છીએ એમાં પણ યુરિયા ખાતર નાખીને ઘાસનું ઉત્પાદન કરે છે અને ત્રીજા, ચોથા, સાતમા દિવસે કાપીને પશુઓને ખવડાવે છે એમાં પણ એ ઘાસના માધ્યમથી પશુઓની અંદર યુરિયા જવાથી દૂધના માર્ગે આપણે લઇએ છીએ. દૂધમાં પણ ૨૨ ટકા યુરિયા છે એવું વૈજ્ઞાનિકો કહે છે. એટલે આજે પશુપાલન કરતા મિત્રો છે એમને પણ સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરીને ઘાસચારો ઉગાડવો જોઇએ એવી મારી વિનંતી છે. સાથે સાથે આપણે પ્રાકૃત્તિક ખેતીમાં જીવ, જળ અને પર્યાવરણને કોઇ પણ પ્રકારનું નુકસાન થતું નથી અને સાથે સાથે સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત પાક ઉત્પાદન મેળવવા માટે ખેડૂતોને સરળ અને ખર્ચ વગરની ખેતી પદ્ધતિ અપનાવવા માટે પ્રાકૃત્તિક ખેતી ઉપલબ્ધ છે. ઝીરો બજેટની આ ખેતી છે. પ્રાકૃત્તિક ખેતીના ચાર મુખ્ય આધાર સ્તંભ છે. જીવામૃત, આચ્છાદન, બાસ્પા અને બીજામૃત. ચાલુ વર્ષે આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને વિશેષ કરીને શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નીતિનભાઇ પટેલ સાહેબે જે બજેટ આપ્યું છે. એમાં પણ રાજય સરકારે એક નિર્ણય કર્યો છે કે હવે આપણા ગુજરાતમાં જે ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળશે અને જે ખેતી કરશે એમને એક મહિનાના ૯૦૦ રૂપિયા પ્રોત્સાહન આપવાની વાત કરી છે. વર્ષના રૂપિયા ૧૦,૮૦૦ વાર્ષિક સહાય આપવાની વાત પણ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. આ વર્ષે આપણી સરકારે પહેલીવાર પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહન માટે ૫૦,૦૦૦ ખેડૂતોને આવરી લઇને રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ જે કરવામાં આવી છે એમને હું અભિનંદન આપું છું. આ જે બીજામૃત છે દેશી ગાયના છાણ મુત્ર દ્વારા બનાવેલ જીવામૃત, ઘનજીવામૃત, નિર્માસ, અગ્ન્યાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, દશપર્ણીઅર્ધનો ઉપયોગ કરીને જમીનની ફળદ્રુપતા વધારવા માટે, પર્યાવરણ સુધારવા માટે આપણે આ ખેતી કરવી પડે છે. સાથે સાથે એમાં એક બીજું આચ્છાદન પ્રાકૃતિક ખેતી માટે મહત્ત્વનું ઘટક છે. આ પાકના અવશેષોને ભૂમિની સપાટી ઉપર પાથરવાની ક્રિયાને આચ્છાદન પડવાસ કહે છે. આજે આપણે જે ખેતી કરીએ છીએ. આપણે એમાં હળ ચલાવીએ છીએ, ટ્રેક્ટર ચલાવીએ છીએ, પાણી પીવડાવીએ છીએ, ખાતર નાંખીએ છીએ, બધું કરીએ છીએ પણ આ જંગલો જે છે એ જંગલોમાં સમયસર કોઇ ત્યાં પાણી પીવડાવતું નથી, કોઇ એની માવજત કરતા નથી તેમ છતાં એ પ્રકૃતિને અનુરૂપ સમયે સમયે વસંત ઋતુ પણ ખીલે છે, વૃક્ષોના પત્તા પણ નીચે ખરી જાય છે અને આચ્છાદનના રૂપમાં પથરાય છે. આ ધરતી માતા છે એની નીચે જલાવરણ છે અને જલાવરણ છે એ સતત વરાળ ઉત્પન્ન કરે છે. ૨૪ કલાક આપણી ધરતી છે એ વરાળ ઉત્પન્ન કરે છે અને એનું બાષ્પીભવન જે થાય છે એ જંગલોમાં પત્તાની નીચે બાષ્પીભવન થવાથી ૨૪ કલાક ભેજનો સંગ્રહ થાય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય નીમાબેન, બેસી જ રહો. માનનીય ડો. આશાબેન, (અંતરાય) એ થઇ ગયા એક વાર તો પણ બીજી વાર ન થાય એટલે. હવે જઇ શકાય આપને.

ડો. ડો. આશાબેન પટેલ(ઊંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, હાલની તાતી જરૂરિયાત એટલે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવું અને એ બિન સરકારી સંકલ્પ માનનીય સભ્યશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા લઇને આવ્યા છે એમાં મારો સૂર રજું કરું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અથર્વ વેદમાં કહ્યું છે તે પ્રમાણે "માતા ભૂમિઃ, પુત્રો અહં પૃથિવ્યા" એટલે કે ધરતી આપણી માતા છે અને આપણે તેના સંતાનો છીએ અને સાંસ્કૃતિક વ્યવસાયનો દરજ્જો પણ કૃષિને મળેલો છે ત્યારે ૫૦૦૦ વર્ષ પહેલા યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા આપણી આ ગાય આધારિત ખેતી એટલે કે પ્રાકૃતિક ખેતી કરવામાં આવતી હતી અને એટલા માટે કૃષ્ણને હું આજના પ્રથમ કૃષિ વૈજ્ઞાનિક ગણાવું છું અને ભારત એ સોનાની ચીડીયા કહેવાતું હતું. પરંતુ નાઇટ્રોઝન, ફોસ્ફરસ, પોટેશિયમ જેવી જંતુનાશક દવાઓ અને ખાતરો, કેમિકલ્સનો ઉપયોગ કરીને ખેતીની ફળદ્રુપતા ઘટાડીને આપણે જે ધરતી માતાને જે પ્રદૂષિત કરી છે અને એના કારણે આપણે માનવ સૃષ્ટિ અને સજીવ સૃષ્ટિના અણધાર્યા જે આપણે ન વિચારી શકીએ એવા રોગો જયારે આપણે સહન કરી રહ્યા છીએ ત્યારે પ્રાકૃતિક ખેતી એ અત્યારની તાતી જરૂરિયાત છે. પહેલા આપણો દેશ આઝાદ થયો ત્યારે આપણી જનસંખ્યા ૩૩ કરોડ હતી અને વર્ષ ૧૯૬૦ના દાયકાની અંદર ૧ કરોડ ટન અનાજ આપણે બહારથી લાવતા હતા. પરંતુ હવે એના પછી મધ્ય ભાગમાં ડો. એમ.એસ.સ્વામિનાથનના માર્ગદર્શન હેઠળ હરિયાળી ક્રાંતિની શરૂઆત થઇ અને લગભગ અત્યારે ૧૩૦ કરોડની આસપાસ આપણી જનસંખ્યા હોવા છતાં પણ આપણે અત્યારે અનાજની નિકાસ કરી રહ્યા છીએ. આપણી મોહમાયાને પોષવા માટે, આપણી મહત્વાકાંક્ષાને સાકાર કરવા માટે આપણે ધરતી માતાને પ્રદૂષિત કરીને અને આપણી જાતને પણ આપણે નુકસાન કર્યું છે અને એટલા માટે મારે કહેવું છે કે ગાયત્રી શક્તિપીઠના સ્થાપક પરમ પૂજય શ્રીરામ શર્મા આચાર્ય સાહેબે કહ્યું હતું કે વિજ્ઞાનને શેતાન ન બનાવો અને પ્રકૃતિ એટલે કે કુદરત સ્વયં વિજ્ઞાન છે એટલે આપણા પ્રાચીન ગ્રંથોની અંદર પણ કદાચ આજની વિજ્ઞાન અને ટેકનોલોજીના જમાના કરતા પણ ઘણી મોટી દીર્ઘદ્રષ્ટિ હતી એ આપણે માનવું જ રહ્યું. શ્રી શ્રી રવિશંકર આર્ટ ઓફ લીવીંગ કહે છે કે પ્રાકૃતિક ખેતી શરૂ કરીને ધરતીને સ્વર્ગ બનાવો અને તેનો પ્રચાર, પ્રસાર કરવો એ જ કાર્ય ધર્મ છે અને એના માટે આપણા સાયન્ટીસ શ્રી જહોન વિઝડમે પણ એને સમર્થન આપ્યું છે ત્યારે કહ્યું છે કે

**"કિ હમ અંગ્રેજીયત કે ઢોંગ પાલ બૈઠે હે, ના જાને કૈસે કૈસે રોગ પાલ બૈઠે હૈ**
**નઇ જમાતેં હમ ચાર ડિગ્રીયાં લેકર ઘરોમેં ગાય છોડકર ડોગ પાલ બૈઠે હૈ. "**

બિન-સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર ખેતીની આવક વધે, સાથે સાથે ખેડૂતોની આવક પણ વધે એ માટે સતત પ્રયત્નશીલ છે અને સંવેદનશીલ પણ છે. પરંતુ મારે આજે કહેવું છે કે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન આપવા માટે સને ૨૦૧૭માં વિધાનસભામાં સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં પ્રથમવાર ઓર્ગેનિક ખેતી માટે ધ ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી વર્ષ ૨૦૧૭ બિલ લાવી અને એ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. એ ખૂબ સારી વસ્તુ છે. જેથી ખેડૂતોમાં જાગૃતતા આવે. ખેડૂતની આવક બમણી કરવી જરૂરી છે. આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સ્વપ્નું પણ છે. વૈજ્ઞાનિક ઢબે કૃષિ પરિસ્થિતિઓનું આંકલન કરી ખેત ઉત્પાદન વધારવાની અને નવીન ટેકનોલોજી અને ટકાઉ વિકાસને સાધીને ખેતી ખર્ચ ઘટાડીને રાજ્ય સરકારે કૃષિ વિકાસ ક્ષેત્રે પરિણામો હાંસલ કર્યા છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો નિર્ધાર પણ કર્યો છે અને તે દિશામાં ગુજરાત સરકાર કટિબદ્ધ છે. કેમિકલ્સના બહોળા ઉપયોગથી અને રાસાયણિક ખાતરના ઉપયોગથી દિવસે દિવસે જ્યારે જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે અને સાથે સાથે માણસ અને પશુઓના સ્વાસ્થ્યને નુકસાન થઇ રહ્યું છે, ત્યારે આ સમસ્યાના નિવારણ માટે હાલની પરિસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી સિવાય આપણી પાસે કોઇ વિકલ્પ નથી. ગુજરાતની કૃષિ ક્રાંતિના પાયામાં ખેડૂતોના પરિશ્રમ અને રાજ્ય સરકારની પ્રોત્સાહક કૃષિ નીતિ રહી છે, ત્યારે પ્રાકૃતિક ખેતી દ્વારા પણ આવનારા સમયમાં ખેતીમાં ઉત્પાદનો મળતા થશે. જેમાં આપણું ગુજરાત સીમાચિહ્નરૂપ સાબિત થશે. આપણા ગુજરાતીમાં કહેવત છે પાણી આવે તે પહેલા પાળ બાંધો. પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર. હવે સમય આવી ગયો છે. એ દિશાની અંદર ભારત સરકાર અને ગુજરાત સરકાર જાગૃત થઇ છે,ત્યારે દરેક ખેડૂત મિત્રોને આપણે પ્રાકૃતિક ખેતી તરફ વાળવા પડશે. આમ તો પ્રાકૃતિક ખેતીના ૪ સિદ્ધાંતો છે, તે માનનીય ડીંડોર સાહેબે કહ્યા છે, ત્યારે હું તેને રિપીટ કરતી નથી. ગુજરાત સરકારે તેની યોજનાઓ માટે બજેટમાં શું શું ફાળવણી કરી તે પણ માનનીય જગદીશભાઇએ કહ્યું છે, ત્યારે તેને પણ હું રિપીટ કરતી નથી. મારે ચોક્કસ કહેવું છે કે પ્રાકૃતિક ખેતીની વાત કરી તો ન્યુનતમ ખર્ચ, વધુ ઉપજ, ઉચ્ચ ગુણવત્તા, સ્વચ્છ પર્યાવરણ, ઝેર, રોગ જંતુમુક્ત ઉત્પાદન, કુદરતી હોનારત તથા કૃષિ લોનના ચક્કરમાંથી મુક્તિ મેળવવા માટે ખેડૂતોને ખુશી, ખુશાલ અને સ્વાવલંબન બનાવવાની આ પદ્ધતિ છે. આ પદ્ધતિ અને દેશ અને પ્રદેશને આત્મનિર્ભર બનાવવા માટે પ્રાકૃતિક ખેતી એ સૌથી ઉત્તમ વિકલ્પ છે. આ પદ્ધતિથી આપણે ઝેરમુક્ત અને પોષણ મુક્ત ખોરાક આપણે મળશે. એના માટે દરેક ખેડૂત ભાઇઓ આમાં જોડાય અને આ બાબતમાં જાગૃકતા ફેલાય કે વધુમાં વધુ ખેડૂતો આ પદ્ધતિને અપનાવતા થાય એ બહુ જરૂરી છે. મારે છેલ્લે એટલું જ કહેવું છે કે જ્યારે આપણા શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા બિન સરકારી સંકલ્પ પ્રાકૃતિક ખેતી એટલે કે એન.પી.પી.નાઇટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ અને સાથે સાથે સલ્ફેટ આ બધું જ માનવ પ્રકૃતિ માટે, સજીવ સૃષ્ટી માટે નુકસાનકારક છે. અને નાઇટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ જેટલું જમીનની અંદર જશે તો આજે હ્રદયરોગ, કેન્સર આ બધા નામ આપ્યાં છે એ બધા રોગો આપણે જાણીએ છીએ, પણ એનાથી પણ નવા રોગો કે જેને આપણે નવા નામ આપવા પડે એવા રોગોનું ફરીથી ઉત્પાદન ન થાય એ માટે એને અટકાવવું જરૂરી છે. એ માટે આપણી જે પ્રાચીન સંસ્કૃતિ હતી એ જે પ્રાકૃતિક ખેતી એ ગાય માતાના ઘીની અંદર, ગૌ મૂત્રની અંદર ૩૮૮ ઔષધીય ગુણ અંદર રહેલા છે, એવી ખેતી જો કરવામાં આવશે, તો ખરા અર્થની અંદર આપણો દેશ એ સોનાની ચીડિયા બનશે. એટલા માટે હું આ જે બિન સરકારી સંકલ્પ પ્રાકૃતિક ખેતી અંગેનો લઇને આવ્યા છે, એને સમર્થન આપું છું અને માનનીય કૃષિ મંત્રીને પણ વિનંતી કરું છું કે આ વિધેયક પાસ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : વિશ્વ વિખ્યાત ફિઝિક્સના એક પ્રોફેસર એનું નામ અત્યારે ભૂલી ગયો છું. ૨૨ વર્ષ પહેલાં મેં એક ચોપડી વાંચેલી. એનું પહેલું સેન્ટેન્સ હતું. એમણે ૨૨ શોધ કરી. ઘણા બધા સાયન્સના શોધના એવોર્ડ એમને મળ્યા છે. છેલ્લી શોધ કરતા કરતા બે ઇલેક્ટ્રોનને કયાંય કેટલાય કિલોમિટરના સર્કમ્ફીયરન્સ સામસામે અથડાવ્યા અને એના ટૂકડા કર્યા. ટૂકડા કર્યા ત્યારે ખ્યાલ આવ્યો કે જેટલી વાર ઇલેક્ટ્રોનને સામ સામે અથડાવ્યા, ત્યારે એના ઇવન નંબરના ટૂકડા થયા. ઓડ નંબરનો ટૂકડો ક્યારેય થયો નહીં અને બીજું આશ્ચર્ય એ થયું કે જેટલા ટૂકડા થયા એ બધાનું વજન મૂળ જે ઇલેક્ટ્રોનનું વજન હતું એટલું જ રહ્યું. ટૂકડા થવા છતા વજનમાં કોઇ ઘટાડો થયો નહીં. એટલે આત્મા અવિભાજ્ય છે. એમ કરીને એ માણસે બુક લખી એ બુકનું પહેલું સેન્ટેન્સ મને યાદ રહી ગયું છે. Let us go back to nature.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ના, આત્મા શબ્દ એ બહુ Rational નથી એટલું જ કહેવું છે એવો મારો અંગત મત છે.

અધ્યક્ષશ્રી : ઓ. કે. આત્મામાં માનતા નથી? નથી માનતા, જે માને એના માટે છે. આ તો એક વિશ્વ વિખ્યાત જીવ વૈજ્ઞાનિકે કહ્યું છે. પ્લીઝ, આપ બેસી જાવ, નહીં તો પાછી એના ઉપર ચર્ચા થશે. નહીં, નહીં, પ્લીઝ, આપણે આ વિષય બદલવો નથી. બોલો શ્રી જીજ્ઞેશભાઇ શું કહેવું છે? હા, પંક્તિ કહો.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : કિસ્મતને હથેળીમાં હંમેશા રાખો ચહેરા પર એની ન રેખા રાખો ને દેવાને દિલાસો કોઇ હિંમત ન કરે દુઃખ દર્દમાં પણ એવી પ્રતિભા રાખો.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા જે સંકલ્પ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધરતી, આ ભૂમિ સંતો મહંતો, મુનીઓ, સાધુ અને સાધ્વીની આ ભૂમિ છે. એના કરતા પણ બીજી વાત કરું આ ભૂમિ ભગવાનની ભૂમિ છે. જે શ્રીકૃષ્ણનો જન્મ થયો ગોકુળમાં યુ.પી.માં અને કર્મભૂમિ દ્વારકાને બનાવ્યું.

એવી જ રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાન છપૈયામાં જન્મ્યા પણ કર્મભૂમિ આ ગુજરાતને બનાવી. હું એટલા માટે કહી રહ્યો છું કે આ ભૂમિ ભગવાનની ભૂમિ હોય ત્યાં...

અધ્યક્ષશ્રી : પ્રાકૃતિક ખેતી માટે કંઇક કહોને.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ખેતીની જ વાત કરું છું અને એની ભૂમિકા બનાવું છું. આ ભૂમિ ઉપર કેન્સર થાય અને એવી પરિસ્થિતિ ઉત્પન થાય એ સારી વાત નથી એટલા માટે હું કહી રહ્યો છું કે, આ ખેડ–ખાતર અને પાણીની અમારી ગામડાની જૂની કહેવત છે કે, ખેડ–ખાતરને પાણી અનાજને લાવે તાણી. એમાં કોઇ રાસાયણિક આવતું નથી. આજે રાસાયણિક ખાતરના લીધે જમીનની ફળદ્રુપતા ઘટી, એની આવકમાં વધારો થયો પણ દિનપ્રતિદિન એમાં પણ હવે ઘટાડો થવા લાવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જેમ સાહેબે વાત કરી કે પ્રાકૃતિક ખેતી દેશની અંદર સિક્કીમે પહેલો જે નંબર લીધો છે અને બીજો નંબર હિમાચલ પ્રદેશનો છે તો આપણે બધા જો આ ગૃહમાં નક્કી કરીએ અને આપણી સરકાર, આપણા મુખ્યમંત્રીશ્રી, આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી નક્કી કરે તો દુનિયાની કોઇ તાકાત નથી કે આપણો ત્રીજો નંબર પ્રાકૃતિક ખેતીમાં ન આવે! શા માટે ન આવે? તો પ્રાકૃતિક ખેતી માટે આપણે બધાએ એક થવું પડશે, આ રાસાણિક ખાતર અને દવાના લીધે ખેડૂતોની જમીન ફળદ્રુપ થતી અટકી, પાણીના ખર્ચા વધ્યા, ખાતર બિયારણ પાછળ ખર્ચો વધ્યો આ ફક્ત ગુજરાતની જ વાત નથી, આખા દેશ અને દુનિયામાં આ ખેતી થઇ રહી છે. હું તમને કહું કે મારા બાજુના વિસ્તારમાં શ્રી ભુપેન્દ્રસિંહજી બાપુના વિસ્તારમાં એક ગામ છે કીલિયા વાસણા ત્યાં એક ઘર મૂકીને ત્રીજા ઘરે જાવ તો કેન્સરનો કેસ છે. આખું ગામ કેન્સરથી પિડાય છે કારણ કે એ ગામમાં શાકભાજીનું ઉત્પાદન વધારે કરે છે અને એવરી ડે દવા છાંટે છે એને કારણે ત્યાં કેન્સરના કેસો ખૂબ વધ્યા છે અને કેન્સર એને માટે કોમન થઇ ગયું છે. આવી પરિસ્થિતિ આ દેશમાં ગુજરાતમાં આપણી થાય એ યોગ્ય નથી. હા, એમાંથી બાપુએ છોડાવ્યા છે, બાપુએ ત્યાં એક મિટિંગ કરી અને બધાને ભેગા કર્યા કે હવે મહેરબાની કરો, તમને તમારા દીકરા વ્હાલા નથી? તમે આમાંથી મુક્ત થાવ અને એમ કહીને બાપુએ બધાના હાથમાં જળ લેવડાવ્યું અને એમણે કહ્યું કે અમે હવે રાસાયણિક ખેતી નહીં કરીએ અને હવે અમે પ્રાકૃતિક ખેતી જ કરીશું એવી એમણે ખાતરી આપી. એના લીધે ઘણા ફાયદા છે અને આ રાસાયણિક ખેતીથી આપણને નુકસાન છે. આપણા મહામહિમ રાજ્યપાલશ્રીએ પણ આપણને કહ્યું છે કે ગુજરાત આની પહેલ કરે. આ અનાજ ખાવાથી, આપણે ત્યાં કહેવત છે કે અન્ન એવા ઓડકાર, તમારા પેટમાં ઝેર ગયું હોય તો તમારું મન પણ ઝેરી થાય એટલે માટે આપની આગેવાની નીચે ગુજરાત રાસાયણિક ખેતીમાંથી મુક્ત થાય એ આશાએ મારી વાત પૂરી કરું છું.

શ્રી આર.સી.ફળદુ(કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે એ બાબતે હું કેટલીક વિગતો આપશ્રીના માધ્યમથી આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ સંત, સુરા અને મહાવીરોની ભૂમિ છે. આ એ જ ભૂમિ છે, આ ધરતીના ધાવણની તાકાત તો જૂઓ. પૂજ્ય મહાત્મા ગાંધી, શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ જેવા વીર સપૂતોને આ ધરતીએ આપ્યા. આજે દેશનું નેતૃત્વ પણ એવો જ એક નરબંકો શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વરૂપમાં આપણે જોઇએ છીએ. આ એ જ ભૂમિ છે કે દેશના સર્વાંગી વિકાસમાં આ ખેતીએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. સમય જતા રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાના કોઇ ચોક્કસ પ્રમાણ અને માપ જળવાવા જોઇએ એ ન જળવાવવાના કારણે ધરતીની જે સાત્વિકતા છે એ હણાતી જાય છે અને એની અંદર આજે ઝેરી સ્વરૂપ આવતું જાય છે. આપણે એક બાજુથી આ ધરતીને માતા કહીએ. ધરતીને માતૃભૂમિ કહીએ, પિતૃભૂમિ કહીએ, ધર્મભૂમિ કહીએ. આ ધરતી માતા પોતાના પેટ ઉપર અનાજ ઉત્પન્ન કરી અને આપણું પેટ ભરે છે. જગતનું પેટ ભરે છે. એને આપણે માતા કહીએ છીએ. કોઇ કવિએ બહુ સુંદર વાત કરી છે.

हे मातृभूमि, पितृभूमि, धर्म भू महान, भरत भू महान हैं, यह रुद्र ज्योतिलिंग जिसकी दिव्यता के दीप हैं । अनेक शक्ति पीठ जिसकी शक्ति के प्रतिक हैं, नन्हें जहॉं में महान, स्थान जिन महान हैं । भरत भू महान हैं, महान हैं जहॉं विशाल ज्हान्वी,

આ ધરતી માતાના પેટ ઉપરથી વિશાળ નદીઓ પણ વહેતી થઇ છે. આ ધરતી માતા ઉપર સુંદર મજાના હિમાલય જેવા પહાડો પણ છે. પ્રકૃતિની ગોદ ભરી ભરીને પરમાત્માએ આ ભૂ ભાગ ઉપર આપેલ છે. એવી આ ધરતી માતા જેને આપણે માં કહીએ છીએ.

जहॉं विशाल ज्हान्वी, सरस्वती व गोमती, कौशिकी कावेरी,
सरयू, तापी, इरावती, हे ब्रम्ह सिन्धु, नर्मदा, गोदावरी महान है ।
भरत भू महान हैं, महान हैं ।

માનનીય અધ્યક્ષશ્રી, આગળ જતા કવિએ કહ્યું છે કે,

यह रुद्र ज्योतिर्लिंग जिसकी दिव्यता के दिप हैं, अनेक शक्ति पीठ जिसकी
जिसकी शक्ति के प्रतिक हैं, हे बदरी, जगन्न, व्दारिका रामेश्वर जिसके धाम हैं ।

એવી આ પાવન ધરા. અહીંનો માનવી જેને માતા તરીકે ઓળખે છે. આ ધરતી માતાને આદર્શ સ્થાને રાખે છે. આપણા દેશના પૂર્વ પ્રધાનમંત્રી જેમણે આ દેશના ભૂ ભાગ ઉપર વસનારા સમાજને પોતાનો પરિવાર માન્યો. સ્વર્ગસ્થ અટલબિહારી બાજપાઇજી, એમણે દેશની પ્રજાજન, દેશની જનતા પોતાનું કુટુંબ છે, એનું ભલું કરવા માટે, એમની સેવા કરવા માટે, આ રાષ્ટ્રને પરમ વૈભવના શિખરે લઇ જવા માટે થઇને આજીવન કુંવારા રહ્યા. રાષ્ટ્ર માટે રાષ્ટ્રાય સ્વાપર્ણ અર્પણ કરી દીધું, એમણે પણ એમના હૃદયમાંથી બે શબ્દ ભારત માતા માટે એવા કહ્યા છે. એમણે એમ કહ્યું છે કે, આ ધરતીનો કોઇ ટૂકડો નથી.

**यह किसी जमीन का टुकडा नहीं, यह तो जिता जागता राष्ट्र का महान पुरुष है, हिमालय इसका मस्तक हैं, गौरीशंकर जिसका शिखर हैं, पंजाब और बंगाल तो विशाल कंधे हैं, दिल्ली दिल हैं, काश्मीर किरीट हैं, नर्मदा इसकी करधनी हैं, पूर्व और पश्चीमी घाट दो विशाल जंघा हैं, कन्याकुमारी इसके चरण हैं, सागर इसके चरण धुलाता हैं, पावस के काले काले मेघ इसके कुंतल केश हैं, चांद और सूरज इसकी आरती उतारते हैं, यह देवताओं की भूमि हैं, यह तर्पण की भूमि हैं, यह अर्पण की भूमि हैं, इसका कंकर कंकर शंकर हैं, इसका बिन्दु - बिन्दु गंगाजल हैं, मां कसम में जीवूगां तो इस देश की धरती के लिये, और मैं मरुगां तो भी इस देश की धरती के लिये, मेरे मरने के बाद मरी हडिडयां जब गंगा में बहाओगे तो इसमें से एक ही आवाज निकलेगी, भारत माता की जय, भारत माता की जय ।**

એવી આપણી આ ધરતી માતા તેમની ઉપર જંતુનાશક દવા અને રાસાયણિક ખાતરનો અતિશય ઉપયોગ તે આવનારી પેઢીઓ માટે વિનાશકતા નોતરવા સિવાય બીજું કશું જ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સારા અને વધુ પાક મેળવવાની લ્હાયમાં આપણે ધરતીમાતાની અંદર જે સાત્વિકતા પડેલી છે તેને હણતા ગયા છીએ. આ ધરતીમાતા હવે આપણને પોકારે છે, આ ધરતી માતા એમ કહે છે કે મારા પેટ ઉપર તમે જે અનાજ રોપો છો તેમાંથી હું અનેક કણ આપું છું અને અનેક કણથી અનેક લોકોના પેટ ભરું છું. પરંતુ જયારે મારા દ્વારા મારા પેટ ઉપર ઉત્પન્ન કરેલા કણ દ્વારા હું અસંખ્ય કણ તેમને આપું છું અને તે કણ દ્વારા મારા પેટ ઉપર જીવતો મારો સમાજ, મારા દીકરાઓ એ જે અનાજ પેટમાં નાંખે છે તેના ઝેરના કારણે કોઇક માતાનો લાડકવાયો દીકરો જયારે કેન્સરથી મરી જાય છે ત્યારે મારા કપાળ ઉપર જે કાળી ટીલી લાગે છે તેનાથી હું દુઃખી છું તેમ ધરતીમાતા આપણને કહે છે. આ ધરતીમાતા એમ કહે છે મારા પેટ ઉપર ઉત્પન્ન થયેલા અનાજ દ્વારા કોઇ દીકરી અનાજ ખાય છે તો તેનો બાપ રડે છે કે હે માં તે જે અનાજ આપ્યું તેના કારણે મારી દીકરીને કેન્સર થયું અને તેના કારણે આ દીકરી મરી ગઇ આ કાળી ટીલી લઇને મારે કયાં સુધી જીવવાનું આ ધરતીમાતા એમ પોકારે છે. આ ધરતીમાતા એમ કહે છે કે મારા પેટ ઉપર ઉત્પન્ન થયેલું અનાજ ખાઇને મારો દીકરો ગુજરી ગયો કેટલીક માતાઓ રડે છે કે હું દીકરા વિનાની થઇ ગઇ. ગંભીર પ્રકારની બિમારીથી મારો દીકરો મેં ખોયો આ અનેક પ્રકારના કલંકો લઇને મારે કયાં સુધી જીવવું ? મારો શું ગુણદોષ છે ? મેં એવા તો કયા પાપ કર્યા છે તેમ આ ધરતીમાતા પોકારી અને તેના સંતાનોને કહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકૃતિ છે તે પ્રકૃતિ હવે ત્રાહિમામ્ પોકારી ગઇ છે આ પ્રકારના રોગથી, આ પ્રકારના જૈવિક તત્વોથી. હવે સમય પાકયો છે આજે ખરા સમયે શ્રી જગદીશભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તે સંકલ્પમાં પ્રાણ છે. આ સંકલ્પમાં આવનારી પેઢીનું કલ્યાણ સમાયેલું છે. આવનારા દિવસોમાં હું એમ માનું છું કે આ ઐતિહાસિક નિર્ણય તરફ ગુજરાત પહેલ કરી રહ્યું છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાની જે ખેતી થઇ રહી છે, તેના દ્વારા જે ખેતી થઇ રહી છે તેમાંથી આમુલ પરિવર્તન લાવવા માટેનો શ્રેષ્ઠ સમય પાકયો છે. એના માટે આપણા ગુજરાતની અંદર આપણે આ પહેલ કરી છે. ડો.સુભાષ પાલેકરજી જે પ્રાકૃતિક ખેતીના મસિહા છે તેમણે મહારાષ્ટ્રની અંદર જે પ્રયોગ કર્યા અને તેના કારણે ત્યાં સફળતા મળી છે, પરિણામો પ્રાપ્ત થયા છે અને માનનીય પ્રધાનમંત્રીજીએ પણ ડો.સુભાષ પાલેકરજીને કહ્યું છે કે આ અભિયાન તમે આખા દેશની અંદર ચલાવો. આપણા તો સદભાગ્ય છે. આ આહલેક જગાવવા માટે ગુજરાતને એવા રાજ્યપાલશ્રી મળ્યા છે. નામદાર રાજ્યપાલશ્રીએ પણ આ પ્રાકૃતિક ખેતીની ગુજરાતની ધરતી ઉપર આહલેક જગાવી છે. નામદાર રાજ્યપાલશ્રીના સાનિધ્યમાં ગુજરાતમાં આપણે એક સુંદર મજાની કાર્યશાળા યોજી જેમાં સુભાષ પાલેકરજી પધાર્યા હતા. આખા દિવસ દરમિયાન એમણે ખૂબ સારું પ્રાકૃતિક ખેતી સંદર્ભમાં માર્ગદર્શન કર્યું અને એના લીધે ગુજરાતના ખેડૂતો હવે આ દિશા તરફ વળ્યા છે. ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી સંદર્ભમાં આપણે રાજ્ય કક્ષાનો ખૂબ મોટો પરિસંવાદ યોજ્યો હતો. દરેક જિલ્લામાં ૮૦૦થી લઇને ૧૦૦૦ ખેડૂતો એકત્ર કર્યા હતા. એમાં પણ ડૉ. સુભાષ પાલેકરજીએ આવી અને પ્રાકૃતિક ખેતી કેવી રીતે કરવી એનું સુંદર મજાનું માર્ગદર્શન કર્યું હતું અને એના કારણે ગુજરાતના ખેડૂતોનું હવે આ દિશામાં પ્રયાણ થયું છે. આપણી સરકારે પણ આ બાબતમાં પૂરી ગંભીરતા દાખવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ પણ આ વાતને સમર્થન કર્યું

છે અને એટલે જ આ વર્ષની અંદર આપણા બજેટમાં પણ નાણાકીય જોગવાઇ કરી છે. આ પ્રાકૃતિક ખેતી ચાર સ્તંભો ઉપર ઊભી છે. આ વિષય ઉપર બોલનારા ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ જે વાત કરી એમાં પણ બીજામૃતનો ઉલ્લેખ થયો હતો. એ એક બીજ સંસ્કાર છે. એ જ રીતે આચ્છાદન એટલે કે ધરતી માતા ઉપર સાડી ઓઢાડવાની જે mulching system છે એની વાત છે. જીવામૃત એટલે કે કરોડો સુક્ષ્મ જીવાણુઓ છે એ પણ આનો આધારસ્તંભ છે એ જ રીતે વાપસા એટલે ૫૦ ટકા ભેજ અને ૫૦ ટકા હવા. આ ચાર પ્રકારના આધાર–સ્તંભના આધારે આ પ્રાકૃતિક ખેતી આગળ વધી રહી છે. આ ઉપરાંત જંતુનાશક અને રોગનાશક દવાઓ બનાવવાની જાણકારી પણ એમાં જેમ–જેમ આગળ વધતા જઇએ છીએ તેમ–તેમ મળતી જાય છે. આમાં નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઆસ્ત્ર, સપ્ત ધાન્યાંકુર અર્ક, દસપર્ણિ અર્ક આ બધા એવા અર્ક છે જે આપણી પ્રાકૃતિક ખેતીને નવી દિશા આપી શકે એમ છે. પાકને રોગચાળાથી મુક્તિ અપાવવા માટે આ બધા અર્ક છે. એ આપણે દેશી ગાયના મળ–મૂત્ર આધારિત પદ્ધતિથી આપણે વિકસાવી રહ્યા છીએ. આ બધું ઘર આંગણે સંભવિત છે. રાજ્યના વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવે તે માટે તા.૪/૯/૨૦૧૯ના રોજ જે કાર્યશાળા યોજાઇ એમાં લગભગ ૧૦,૦૦૦ ખેડૂતોએ લાભ લીધો હતો. આ વર્ષના બજેટમાં પણ આપણે ત્રણ નવી ચીજો જેમ કે દેશી ગાય આધારિત ખેતી માટે દરેક ખેડૂતને દર મહિને ૯૦૦ રૂપિયા નિભાવ ખર્ચ આપવામાં આવશે. વર્ષે ૧૦,૮૦૦ રૂપિયા જેવી રકમ આપવામાં આવશે અને એ જ રીતે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ ઉપર જીવામૃત બનાવવા માટે ૧૦,૦૦૦ ખેડૂતોને પ્રોત્સાહિત કરવાના છીએ. એટલું જ નહિ જે ગૌશાળા ચલાવે છે, પાંજરાપોળ ચલાવે છે એને પણ આ પ્રકારની ઔષધિ નિર્માણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આપણી સરકાર આ વિષય ઉપર ખૂબ ગંભીરતાથી આગળ વધી રહી છે એવા સંજોગોમાં શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા એ બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે. હું માનું છું કે આપણે એક એવા મુકામ ઉપર આવીને ઊભા છીએ એવા વખતે શ્રી જગદીશભાઇ આ સંકલ્પ લઇને આવ્યા છે એની હું સહર્ષ નોંધ લઉં છું. આ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતની આવનારી પેઢીઓ માટે આપણે એના સંતાન છીએ એને આ દુ:ખમાંથી મુક્તિ અપાવવા માટે શ્રી જગદીશભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એનો હું સહર્ષ સ્વીકાર કરું છું અને રાજ્ય સરકાર આ સંકલ્પનો સ્વીકાર કરે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો અને તમામ સાથી સભ્યશ્રીઓનો હું આભાર માનું છું. એ પહેલાં એક વિગત ગૃહના ધ્યાને મૂકવી છે કે રાજ્યમાં કુલ ૯૯ લાખ હેક્ટર જમીન ઉપર આપણે ખેતી કરીએ છીએ ત્યારે આવનાર દિવસોમાં શહેરીકરણનો વિકાસ અટકાવવા માટે અથવા કઇ રીતે વિકાસ કરવો. દિવસે–દિવસે શહેરીકરણનો વિકાસ થાય છે અને એગ્રીકલ્ચર લેન્ડ ઓછી ન થાય એના માટે આપણે વિચારવું જોઇએ. સાથે એક એફ.એ.નો જે રિપોર્ટ છે એ માનનીય મંત્રીશ્રીના ધ્યાને મૂકું, શ્રી નીતિનભાઇ સાહેબ પણ બેઠા છે ત્યારે કે દેશમાં વર્ષે ૮૮ હજાર કરોડ રૂપિયાનું અનાજ અને ફૂડ માત્ર વેસ્ટ થાય છે. ૮૮ હજાર કરોડ રૂપિયાનું, જે આપણે એગ્રીકલ્ચર ઉગાડીએ છીએ, અનાજ ઉગે છે અને ફૂડ બને છે એનો લગભગ ૪૦ ટકા હિસ્સો એ માત્ર વેસ્ટ જાય છે. ટ્રાન્સપોર્ટેશનથી માંડીને બધી જ રીતે આના માટે પણ સરકારશ્રીએ વિચારવું જોઇએ અને જે સાથી સભ્યશ્રીઓએ મને સહયોગ કર્યો છે તેવા માનનીય સભ્યો સર્વશ્રી બાબુભાઇ બોખિરીયા સાહેબ, પ્રોફેસર કુબેરભાઇ, ડો.આશાબેન અને ખેડૂત પુત્ર અને ભામાશા ખેડૂત એવા શ્રી બાબુકાકાનો અને આપ સૌનો આભાર માનું છું. માનનીય મંત્રીશ્રીનો સવિશેષ આભાર માનું છું, મારો બિન–સરકારી સંકલ્પ રજૂ કર્યો, તેનો આપે સ્વીકાર કર્યો તે બદલ આપ સૌનો આભાર માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : **સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.**

**''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' દ્વારા અખંડિતતાનો સંદેશો પ્રસરાવવા અંગે**

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : સાહેબ , હું ઓછું ભણેલો છું જે આવડે તે માન્ય રાખજો સાહેબ.

અધ્યક્ષશ્રી : ના, એ બધું માન્ય ના રહે ભાઇ, જે મર્યાદામાં હોય તે જ માન્ય રહે.

શ્રી કરશનભાઇ પું. સોલંકીઃ માનનીય અધ્યક્ષ સાહેબ, આ કોંગ્રેસની સરકાર હતી, આ સરદાર વલ્લભભાઇ પટેલ એના માટે મોદી સાહેબને વિચાર આવ્યો તો કોંગ્રેસને વિચાર ન આવ્યો. શ્રી અમરસિંહભાઇ ચૌધરી હતા આદિવાસી હતા, પણ અમારા વિસ્તારમાં શ્રી સરદાર વલ્લભભાઇ પટેલનું આવું સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવીએ તેવું સ્વપ્ન એમને ન આવ્યું, શ્રી ચીમનભાઇ પટેલ હતા તો એમને પણ વિચાર ન આવ્યો. મારા મોદી સાહેબને એવો વિચાર આવ્યો, વર્ષ ૨૦૦૨થી ૨૦૧૪ સુધી મોદી સાહેબ રહ્યા, શ્રી સરદાર પટેલ ભલે કોંગ્રેસના હતા, પણ આપણા લોખંડી પૂરુંષ છે એમના માટે આપણે સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવ્યું.

અધ્યક્ષશ્રી : તમારો સંકલ્પ વાંચો.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અખંડ ભારતના શિલ્પી અને લોહ પૂરુંષ સરદાર વલ્લભભાઇ પટેલનું જીવન અને કાર્ય રાષ્ટ્ર માટે તેમજ ખાસ કરીને આવનારી પેઢીઓ માટે પ્રેરક અને માર્ગદર્શક બની રહે તે માટે તેમની પ્રતિમાને અનુરૂપ યોગ્ય સ્મારક બનાવવાની કલ્પના આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરેલી અને તેમના જ હસ્તે તા.૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' નું લોકાપર્ણ કરવામાં આવ્યું.

ફાલ્ગુન ૨૯, ૧૯૪૧ શાકે

બિન–સરકારી સંકલ્પો

નવી પેઢીમાં રાષ્ટ્રીય એકતા અને અખંડીતતાની ભાવના પ્રબળ બને અને ''એક ભારત શ્રેષ્ઠ ભારત'' નો મંત્ર ચરિતાર્થ થાય તે હેતુથી સરદાર સાહેબના આ સ્મારકને '' સ્ટેચ્યુ ઓફ યુનિટી'' નામ આપવામાં આવ્યું છે. વિશ્વની ઊંચામાં ઊંચી ૧૮૨ મીટરની આ પ્રતિમા આજે ગુજરાતની ઓળખ બની ગઇ છે. પવિત્ર નદી નર્મદાના કુદરતી સૌંદર્ય વચ્ચે સરદાર સરોવર બંધની હેઠવાસમાં સાધુ બેટ ખાતે આકાર પામેલી આ પ્રતિમાનું નિર્માણ દેશના તમામ રાજયોમાંથી ખેડૂતો દ્વારા વપરાયેલા ખેત ઓજારોના યોગદાનથી થયેલ હોઇ સમગ્ર ભારતના ખેડૂતો અને ગ્રામજનોની લાગણી તેની સાથે જોડાયેલી છે.

શાંઘાઇ કો–ઓપરેશન ઓર્ગેનાઇઝેશન દ્વારા આ પ્રતિમાને વિશ્વની આઠમી અજાયબી તરીકે જાહેર કરવામાં આવી છે. ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા તરીકે તેને સ્થાન આપવામાં આવ્યું છે. વિશ્વ પ્રસિદ્ધ ટાઇમ મેગેઝીન દ્વારા વર્ષ ૨૦૧૯માં વિશ્વના શ્રેષ્ઠ ૧૦૦ પ્રવાસન સ્થળોમાં આ સ્થાનનો સમાવેશ કરવામાં આવ્યો છે જે સમગ્ર દેશ માટે ગૌરવનો વિષય છે.

વેલી ઓફ ફલાવર્સ, જંગલ સફારી, કેકટસ્ ગાર્ડન, બટરફલાય ગાર્ડન, એકતા નર્સરી, એકતા મોલ, એકતા ઓડિટોરિયમ, આરોગ્ય વન અને ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક જેવા સંલગ્ન આકર્ષણોને કારણે આ સ્થળ પારિવારિક પ્રવાસનનું કેન્દ્ર બન્યું છે. આ સ્થળે વિવિધ પ્રોજેકટ અંતર્ગત અંદાજે ૩૦૦૦ જેટલા લોકોને હાલ રોજગારી મળી રહેલ છે. પ્રવાસીઓને સલામત અને સુરક્ષિત પ્રવાસન પૂરું પાડવા અને આ વિસ્તારના ઝડપી અને આયોજીત વિકાસ માટે રાજય સરકાર દ્વારા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તા મંડળ'' નામનું એક સત્તા મંડળ સ્થાપવાની જોગવાઇ રાજય વિધાનમંડળના કાયદાથી કરવામાં આવી છે.

આ સ્મારક સ્વયં અખંડીતતાનો એક આગવો સંદેશ પ્રસરાવે તે માટે આવશ્યક પગલાં ભરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમારો સંકલ્પ લેખિત સ્વરૂપમાં છે એ જ રેકર્ડ ઉપર લેવામાં આવશે. માનનીય દુષ્યંતભાઇ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કરશનભાઇ સોલંકી સ્ટેચ્યુ ઓફ યુનિટી અંગેનો સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. આ સંકલ્પમાં બોલવા માટે મને તક મળી તેના માટે હું પોતે ધન્યતાનો ભાવ અનુભવું છું. એટલા માટે કે મને આ સભાગૃહમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર બોલવાનો જે મોકો મળ્યો છે એ આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા તૈયાર કરી ત્યારે આજે એ મોકો મળ્યો કે જેથી હું આજે અહીંયા ઉભો થઇ અને બોલી શકું છું. એ માટે જેટલા અભિનંદન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારને આપું એટલા ઓછા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાર લાઇનોથી શરૂ કરીશ. એક ટાઇટલ હતું ''એ દોસ્ત, ખીડકી ખોલકે દેખને દે મુજે, મેરે ભારતકી નઇ તસ્વીર બન રહી હૈ'' આ ટાઇટલ હેઠળ ચાર લાઇનો એવી છે.

**''વર્ષો બાદ એક નેતા કો માં ગંગા કી આરતી કરતે હુએ દેખા હૈ,**
**વર્ના અબ તક એક પરિવાર કી સમાધી પર ફૂલ ચડાતે દેખા થા,**
**વર્ષો બાદ એક નેતા કો અપની માતૃભાષા બોલતે હુએ દેખા હૈ,**
**વર્ના અબ તક રટી રટાઇ અંગ્રેજી બોલતે હુએ દેખા થા,**
**વર્ષો બાદ એક નેતા કો સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાતે દેખા હૈ,**
**વર્ના અબ તક એક પરિવાર કી મૂર્તિયા બનાતે દેખા થા,**
**ઇતને વર્ષો બાદ ભારત કો ખુલકર મુશ્કુરાતે હુએ દેખા હૈ.''**

માનનીય અધ્યક્ષશ્રી, આ ટાઇટલ હેઠળ આ ચાર લાઇનો માનનીય નરેન્દ્ર મોદીને સમર્પિત કરીએ છીએ. આજે સરદાર સાહેબ હોત તો આ પોકાર એમ કહીએ તો પ્રત્યેક હિન્દુસ્તાનીનો છે અને આજે રાષ્ટ્રની પ્રત્યેક સમસ્યાનું સમાધાન માટે જોવા જઇએ તો સરદાર ફોર્મ્યુલા એ સાચું હથિયાર છે અને એ એમના પ્રભાવની લોખંડી ઓળખ છે. અખંડ ભારત એ એમનું સ્વપ્ન હતું અને ગુજરાતના સપુત યુનિટીના કર્મ લાભ રૂપે હિન્દના સરદાર બન્યા. સમગ્ર વિશ્વમાં સન્માનીત સરદારને ઉચ્ચત્તમ ભાવાંજલિ અર્પણ કરવા ગુજરાતે સર્જ્યું સ્ટેચ્યુ ઓફ યુનિટી, અખંડ ભારતનું પ્રતિક, એક અનોખા મહામાનવ જેમણે પથદર્શક બનીને દેશની એકતાની રાહ પર દિશા બનાવી અને સમગ્ર રાષ્ટ્ર માટે શાસ્વત પ્રતિક બની ગયા, આ પ્રતિમા આવનારી પેઢી માટે પ્રેરક બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે યુ.એસ.એ.નું સ્ટેચ્યુ ઓફ લીબર્ટી જોઇ છે, બ્રાઝીલનું રીઓડી જેનરોની પ્રતિમા જોઇ છે, આ બધી પ્રતિમા કોઇ મેસેજ આપે કે ન આપે પણ આ પ્રતિમાના નિર્માણ દ્વારા હિન્દુસ્તાન પાસે જે સામર્થ્ય અને ક્ષમતા છે તેની દુનિયાને અનુભૂતિ કરાવી છે. દુનિયા ઉપર હિન્દુસ્તાન પોતાનો પ્રભાવ ઉભો કરી શકયો છે એ વાત ચોક્કસ છે. આને સ્ટેચ્યુને પ્રતિમાને કેવળ ઉંચાઇ એ મીટર કે ફૂટની અંદર નહિ પણ એને શૈક્ષણિક, ઐતિહાસિક, રાષ્ટ્રીય અને આધ્યાત્મિક મૂલ્યમાં એને જોવી જોઇએ. આવનારી પેઢી સદીઓ સુધી આ સ્ટેચ્યુ પ્રેરણાસ્ત્રોત્ર બની રહેવાની છે એમાં કોઇ બે મત નથી. પ્રત્યેક ભારતીયના દિલમાં રાષ્ટ્ર પ્રેમનો નવો જુસ્સો પેદા કરવા અને સમગ્ર વિશ્વમાં ભારતની શકિતનો પરિચય કરાવે છે. આ

તા.૧૯મી માર્ચ, ૨૦૨૦
બિન–સરકારી સંકલ્પો

લોહ પ્રતિમા સમગ્ર રાષ્ટ્રના ખેડૂતને સામેલ કરીને લગભગ છ લાખ જેટલા ગામોમાંથી દરેક ગામમાંથી લોખંડનું એક કૃષિ ઓજાર એકત્ર કરીને આ સ્મારકમાં ઉપયોગ કર્યો છે. આ સ્મારક ભારતભરના ખેડૂતના સહયોગનું કાયમ પ્રતિક બની ગયું છે. આ પ્રતિમાની સાથે સાથે દેશની ભાવિ પેઢી માટે પ્રેરણાનો અનંત સ્ત્રોત્ર બની ગયો છે. ભારતના ખૂણે ખૂણે રહેતા લોકો વચ્ચે લોહીનો સબંધ બનશે. ભારતની દ્રઢતા એકતા અને ક્ષમતાનો વિશ્વને પરીચય કરાવ્યો છે. આને એન્જિનિયરીંગ દ્રષ્ટિએ જોઇએ તો પણ આ અભ્યાસનો વિષય બનનાર છે. આ દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબનું યુનિટીનો અર્થ કાઢ્યો છે. યુનિટીનો અર્થ આ રીતે સમજાવ્યો છે. ભાષા અનેક ભાવ એક, રાજય અનેક રાષ્ટ્ર એક, પંથ અનેક લક્ષ્ય એક, બોલી અનેક સ્વર એક, રંગ અનેક ત્રિરંગા એક, સમાજ એક ભારત એક, રિવાજ અનેક સંસ્કાર એક, યોજના અનેક મકસદ એક, કાર્ય અનેક સંકલ્પ એક, રાહ અનેક મંજિલ એક, પહેનાવા અનેક પ્રતિમા એક, ચહેરે અનેક મુસ્કાન એક. આ રીતે એમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીને મૂલવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટેચ્યુ ઓફ યુનિટી ગત વર્ષે આપણે સૌ ગર્વ લઇ શકીએ તેવી વાત છે. જૂન, ૨૦૧૯માં ચીનના પાટનગર બૈજિંગ ખાતે મળેલી મધ્ય એશિયાઇ દેશોના સંગઠન શાંઘાઇ કોર્પોરેશન ઓર્ગેનાઇઝેશનને આ બેઠકમાં રાજયના કેવડીયા ખાતે આવેલું સ્ટેચ્યુ ઓફ યુનિટી ૧૮૨ મીટર ઉંચાઇ ધરાવતા વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાને વિશ્વની આઠમી અજાયબી તરીકે તાજેતરમાં જાન્યુઆરી, ૨૦૨૦માં જાહેર કરેલ છે. આ આપણા સૌ માટે ખૂબ ગર્વની વાત છે. શાંઘાઇ કોર્પોરેશન ઓર્ગેનાઇઝેશનને અને સભ્ય દેશોએ સ્ટેચ્યુ ઓફ યુનિટીને પ્રવાસન સ્થળ તરીકે પ્રોત્સાહિત કરેલ છે અને આ સંગઠનના સભ્યો દેશમાં વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રચાર કરવાનો નિર્ણય પણ જાહેર કરેલ છે. સાથે સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વની આઠમી અજાયબી તરીકે જાહેર કરવા બદલ ગુજરાત રાજય ગૌરવની લાગણી અનુભવે છે અને શાંઘાઇ કોર્પોરેશનને ઓર્ગેનાઇઝેશનના સંગઠનને આ સભાગૃહ અભિનંદન આપે છે.

સાથે સાથે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગાંધીનગરમાં મહાત્મા મંદિરનું પણ નિર્માણ કરીને આ સરકારે દેશ અને મહાન રાષ્ટ્ર નેતા પૂજય મહાત્મા ગાંધીજીને પક્ષીય ભેદભાવ ભૂલીને નવી પેઢીઓ માટેનું પ્રેરણા તિર્થ પણ બનાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, થોડીક વિગત સ્ટેચ્યુ ઓફ યુનિટીની આપું તો આ સ્ટેચ્યુ બનતા ૩૩ મહિના લાગ્યા. આ એક રેકોર્ડ છે. પ્રતિમાનો ખર્ચ ૨૯૮૯ કરોડ રૂપિયા થયો છે. કાંસાની પ્લેટ સિવાય  ઇટ ઇઝ મેઇડ ઇન ઇન્ડિયા. સરદાર પટેલના સરદાર ડેમથી ૩.૫ કિલોમીટર દૂર છે. સૌથી રસપ્રદ વાત કુલ વજન ૧૭૦૦ ટન છે, ઉંચાઇ ૫૨૨ ફૂટ છે, પગની લંબાઇ ૮૦ ફૂટ છે. હાથની લંબાઇ ૭૦ ફૂટ છે, ખભાની ઉંચાઇ ૧૪૦ ફૂટ છે અને ચહેરાની લંબાઇ ૭૦ ફૂટ છે. આ સ્ટેચ્યુ ઓફ યુનિટીને જેમણે બનાવ્યું છે, જેમના માર્ગદર્શન હેઠળ થયું છે તેવા પદ્મભૂષણ સન્માનિત શ્રી રાવ વી. કે. સુથારની દેખરેખમાં આ બન્યું છે. ભલે આજે સભ્યો બેઠા નથી પરંતુ મારે રેકોર્ડ ઉપર મૂકવું છે કે કોંગ્રેસને આ સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર બોલવાનો કોઇ અધિકાર નથી. મારે એટલું જ કહેવું છે કે, એ કયા વડાપ્રધાન હતા કે, જેણે વર્ષ ૧૯૫૦ની અંદર જ્યારે સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબ મૃત્યુ પામ્યા ત્યારે દરેક મિનિસ્ટરને નોટિસ બહાર પાડીને એમના અંતિમ સંસ્કારમાં નહીં જવા જણાવેલું ? બીજું, એ કયા પ્રાઇમ મિનિસ્ટર હતા કે, જેમણે સરદાર સાહેબને સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારના પ્રસ્તાવનો વિરોધ કરેલો અને રાષ્ટ્રપતિશ્રી રાજેન્દ્ર પ્રસાદને સોમનાથ જતા એમ કહીને અટકાવેલા કે, આ સેક્યુલરીઝમની વિરુદ્ધ છે? કોંગ્રેસને બોલવાનો કોઇ અધિકાર નથી. આ વાત એટલા માટે મૂકું છું કે, એ લોકો ભલે અહીંયા બેઠા નથી પણ એ રેકોર્ડ ઉપર રહે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની જોડે જોડે નેવીગેશન ચેનલ, જેટી, નૌકા વિહાર, બોટિંગની સુવિધા કરવામાં આવી છે. શ્રેષ્ઠ ભારત ભવન નિર્માણ કરવામાં આવ્યું છે. આશરે ૬૦ મિટર પહોળી, ૨.૫ મિટર ઊંડી, ૭૦ મિટર લાંબી નેવીગેશનલ ચેનલ એમાં બનાવવામાં આવી છે. પ્રતિ દિન પાંચ હજાર વ્યક્તિઓની હેરફેર થઇ શકે એને ધ્યાને લઇને બોટની મુસાફરી, આપણે જોઇએ તો હમણાં આ વિધાનસભા સત્ર ચાલુ છે એ દરમિયાન જ ચાલુ કરવામાં આવેલ છે. લાઇટિંગ અને એલ્યુમિનેશન જોઇએ તો, અત્યારના કેવડિયાને આપણે એ રીતે ઓળખીયે "વન બિલિયન લાઇટ ટાઉન" તરીકે આજે ઓળખાતું થયું છે. રાત્રે સ્ટેચ્યુ જોવું એ ખરેખર એક લ્હાવો છે અને અનેક ઝાડ, અનેક રસ્તાઓ અને સ્ટેચ્યુ ઉપર ત્યાં ગાર્ડનની અંદર જે પ્રકારે લાઇટો એલ્યુમિનેશન કરી છે, એમ કહેવાય કે, એક અબજ એલ.ઇ.ડી. લાઇટોથી જળહળતું આ પ્રવાસન સ્થળ બન્યું છે. ગ્લો ગાર્ડન ત્યાં આગળ વિકસાવવામાં આવ્યો છે. ૩.૬૧ એકર જગ્યાની અંદર ભારતનો સૌ પ્રથમ એવો અદ્યતન ટેકનોલોજીથી બનેલો યુનિટી ગ્લો ગાર્ડન ખરેખર જોવા જેવો છે. દરરોજના રેકોર્ડ, એની અંદર પાંચ હજારથી વધારે લોકો એને જોવા જઇ રહ્યા છે. કેકટસ્ ગાર્ડન, દુનિયામાં આપણે જે કેકટસ્ જોયા છે એ કેકટસ્ અહીંયા લાવીને આજે કેકટસ્ ગાર્ડન વિકસાવવામાં આવ્યો છે. ગુજરાત રાજય વન વિભાગ, ગીર ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે સ્ટેચ્યુ ઓફ યુનિટી આ નિર્માણ કરવામાં આવ્યું છે. મને જણાવતાં આનંદ થાય કે, લગભગ ૬,૨૭૦ જેટલા કેકટસ્ અને ૩,૦૦૦ જેટલા સેક્યુલેન્ટ એ કેકટસ્ ગાર્ડનની અંદર આપણને જોવા મળે છે. "વેલી ઓફ ફ્લાવર્સ" આ સૌથી આકર્ષણનું કેન્દ્ર છે. વેલી ઓફ ફ્લાવર્સ મુખ્યત્વે સ્ટેચ્યુ ઓફ યુનિટીની બંને તરફ નર્મદા નદીના કિનારે આઠ કિલોમિટરની અંદર પથરાયેલું છે. ખરેખર આપણે આમ જોવા જઇએ તો કલ્પના પણ ના કરી શકાય. આનું ભૂમિપૂજન થયું હતું ત્યારનું દ્રશ્ય જોઇએ અને આજનું દ્રશ્ય જોઇએ તો આખો એરિયા આપણને એમ થાય કે, આ રાતોરાત કેવી રીતે ઊભું થયું છે? પણ આ જે સરકારે કામ કર્યું છે, એ ન ભૂતો ન ભવિષ્યતિ, કે વિચારી શકાય નહીં એ પ્રકારનું આજે આપણને દ્રશ્ય જોવા મળે છે. ત્યાં સેલ્ફી પોઇન્ટ છે, વન કુટીર છે, યુટિલીટી છે, બેસવાની બેન્ચીસ છે. આમ, તમામ પ્રકારની સુવિધા અહીંયા કરવામાં આવી છે. "જંગલ સફારી", આપણે જોઇએ તો આફ્રિકાથી પણ પ્રાણીઓ લાવવામાં આવ્યા

છે એની સાથે સાથે વિદેશી પક્ષીઓ માટેનું એન્વાયરમેન્ટ બનાવેલ છે. એક્વેરિયમ પણ બનાવવામાં આવ્યું છે. જળચર અને સરિસૃપ પ્રભાગ બનાવવામાં આવ્યો છે. એમ કહી શકાય કે, ભારતમાં આ એક ખૂબ સરસ પ્રવાસનું સ્થળ બન્યું છે અને તેના માટે માનનીય સભ્યશ્રી કરશનભાઇ જે આ પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

અધ્યક્ષશ્રી : ગુજરાતના ૧૮૨ માનનીય ધારાસભ્યોની સંખ્યાને સમાવી લેતું આ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આ સંયોગ માત્ર નથી, ઊંડા ચિંતનનું પરિણામ છે.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય ભાઇશ્રી કરસનભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબનો દેશને આઝાદી અપાવવામાં સિંહ ફાળો રહેલો છે. તેઓ ગુજરાતના સપૂત હતા. તેઓને લોખંડી પુરુષ પણ કહેવામાં આવ્યા છે. તેઓશ્રીએ ૫૬૨ રજવાડાને પણ ભેગા કર્યા હતા. એવો અમૂલ્ય ફાળો આ દેશની સેવામાં રહેલો છે. આવા સપૂતને ભૂતકાળની સરકારોએ યાદગીરીરૂપે કંઇ આપ્યું નથી. કોંગ્રેસની સરકારો હતી ત્યારે કેટલાક લોકોને ગમતું નહોતું. વર્ષ ૨૦૦૭માં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબ હતા તે વખતે હું પણ આ ગૃહમાં સભ્ય હતો અને શ્રી નીતિનભાઇ સાહેબ નર્મદા વિભાગના મંત્રી પણ હતા. તે વખતે સાહેબે નક્કી કરેલું કે સરદાર સાહેબને કઇ રીતે સારી શ્રદ્ધાંજલિ આપી શકાય તે વિચારમાંથી આ સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવેલ છે. તે વખતે આ નક્કી થયેલું. પહેલાં વર્ષમાં તે વખતે રૂપિયા ૧૫૦ કરોડનું બજેટ ફાળવેલું. ત્યાર પછી આખા દેશમાં ધીરે ધીરે આ વિષય ચાલ્યો. આજે કોંગ્રેસના સભ્યો નથી. જ્યારે અમે ગામડાંમાં ખેડૂતો પાસેથી ઓજારો લેવા જતા હતા ત્યારે કોંગ્રેસના લોકો એવું કહેતા હતા કે તમે આ ભંગાર શું કામ લઇ જાવ છો? સાહેબ, અમને તે વખતે આ લોકો મોઢે મારતા હતા. અમે તે વખતે તડકામાં જઇને બધાની વસ્તુ લઇને સહીઓ લેતા હતા, લોકોને આનંદ હતો. લોકોને હતું કે અમને આ બહાને ભાજપની સરકારે, શ્રી નરેન્દ્ર મોદીએ યાદ કર્યા છે. આ ગુજરાતની પ્રજા આવું માનતી હતી અને લોકો જાણતા હતા, ત્યારે કોંગ્રેસવાળાની ટીકા પણ એ લોકો કરતા હતા કે તેમને સમજ પડતી નથી, પણ આ શ્રી મોદી સાહેબનું ભલું થજો કે આ દેશમાં આ એક સારી પ્રતિમા ગુજરાતમાં નર્મદા જિલ્લામાં, નર્મદાના ખોળે, અરવલ્લીના પર્વતોના કુદરતી સૌંદર્યમાં બની. મારો મત વિસ્તાર ત્યાંથી ૧૫ કિલોમીટર જ થાય છે. આ વિસ્તારના લોકોને આનંદ થાય. પહેલાં તો લોકોને કોંગ્રેસના લોકો ભડકાવતા હતા. આ વિષય એટલા માટે મૂકવો છે. બાપુને ખબર છે. બાપુ જાણે છે. જ્યારે અમે બધા ભેગા થઇને લોકોને સમજાવીએ કે આ સાધુ બેટ ઉપર આપણે જે કામ કરી રહ્યા છીએ, આ દેશની અજાયબી બનવાની છે. શ્રી નરેન્દ્રભાઇ જે કામ કરે છે તેના લીધે તમોને રોજગારી મળવાની છે. તે વખતે કોંગ્રેસના લોકો લોકોને ઉશ્કેરતા હતા. અમોને પેસવા દેતા નહોતા. આ વસતિ જ્યારે હટી, આ સભાગૃહનું ધ્યાન મારે એટલા માટે દોરવું છે કે બાપુ, શ્રી નીતિનભાઇ અને અમે બધા આમાંથી પસાર થયા છીએ. અમે જોયું છે. સાધુ બેટ ઉપર આ સ્ટેચ્યુ બનેલ છે. ઋષિમુનિઓ યજ્ઞ કરતા હતા એ ભૂમિ ઉપર આટલું બધું સારું કામ થાય છે. આદિવાસી પ્રજામાં આનંદ એટલા માટે છે કે આ એક નજરાણું છે. કોંગ્રેસના લોકોને દેખાતું નથી. અત્યારે ત્યાંના ૩,૦૦૦ લોકોને રોજગારી મળે છે. ૧૫,૦૦૦ લોકો પર ડે ત્યાં જોવા આવે છે. આદિવાસી પ્રજાને તેનો આનંદ મળે છે. દેવડીયા ચોકડીથી આપણે પસાર થઇએ, મુદ્દાની વાત આવે છે. ત્યાંથી બે પાર્ટની અંદર આદિવાસી લોકોની જગ્યા આવેલી છે. આદિવાસીઓને ત્યારે વીઘાના ૫,૦૦૦ રૂપિયા કોઇ આપતું નહોતું. આજે એક વીઘાના ૬૦થી ૮૦ લાખ રૂપિયા મળે છે. અત્યારે બન્ને સાઇડ ઉપર જઇએ તો આદિવાસીની જગ્યા આવે છે, થોડીક બારિયા લોકોની આવે છે. ત્યાં બહારના લોકો જગ્યા લેવા માટે પડાપડી કરે છે. આના કારણે આખા વિસ્તારના લોકોને રોજીરોટી મળશે. આખો વિસ્તાર ડેવલપ થવાનો છે એટલે ચાની કીટલીવાળાને, ભજીયાવાળાને, પાણી વેચવાવાળાને બધાને રોજી મળશે. એટલે માનનીય સભ્યશ્રી કરસનભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ પટેલ. છેલ્લે તો સરદાર જ હોયને..

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં પરંપરા પ્રમાણે માનનીય ધારાસભ્યશ્રીઓ ખૂબ અગત્યના વિષય ઉપર સંકલ્પો રજૂ કરતા હોય છે. પરંતુ આજે જે સંકલ્પ અહીંયા અમારા કડીના ધારાસભ્ય, દલિત નેતા, ઓછું ભણેલા પણ વધુ ગણેલા, અનુભવી અને કડીમાં અમારી જનતા એમને ગાંધીજી તરીકે જ ઓળખે છે. ૧૦૮ જયાં કહીએ ત્યાં શ્રી કરસનભાઇ પહોંચી જાય એવા શ્રી કરસનભાઇ સાહેબ, આજે આપણા બધાની જે દાયકાઓ જૂની લાગણી હતી, આપણા બધા ગુજરાતીઓના મનની, દેશવાસીઓના મનની જે ભાવના હતી કે આપણી આઝાદીની લડતમાં જેમનું અતિ વિશિષ્ટ યોગદાન છે, જેમણે ગાંધીજીના સાથી તરીકે ખભે ખભો મિલાવીને આઝાદીની લડતમાં અગ્રેસર રહીને કામ કર્યું. ખૂબ વિદ્વાન હતા, બેરીસ્ટર હતા, એ જમાનામાં ઇચ્છેત તો લાખો રૂપિયાની પ્રેકટીસ કરી શકે એવી સ્થિતિમાં હતા. એ વખતે જેમણે દેશ માટે પોતાનો પરિવાર, પોતાની કારકિર્દી ત્યજી દઇ અને આઝાદીની લડતમાં જોડાઇ ગયા એવા શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ કે જેમને આપણે બધા લોખંડી પુરુષ તરીકે ઓળખીએ છીએ, અખંડ ભારતના ઘડવૈયા તરીકે ઓળખીએ છીએ. આપણે જોઇએ છીએ, જાણીએ છીએ, બધાને ખબર છે પણ અંગ્રેજોની કુટિલ રાજનીતિ હતી એમાં એમને ભારત એક થવા દેવું નહોતું. ભારત પાકિસ્તાનના ભાગલા તો પાડ્યા જ હતા, કત્લેઆમ ચાલી હતી, કરોડો લોકોના મૃત્યુ થયેલા, કરોડો શબ્દ વાપરું છું સાહેબ, ભારતમાંથી જેમને પાકિસ્તાન જવાનું હતું એ ત્યાં ગયા અને પાકિસ્તાનમાંથી જે હિન્દુઓને ભારત આવવાનું હતું એ ભારત આવ્યા. એમાં ભયંકર ખૂનામરકી થઇ હતી. આ થયા છતાં પણ આપણો દેશ એક

થાય એવું કોઇ ચિહ્ન રહેતું નહોતું. અંગ્રેજોએ બધા રજવાડાઓને એમ કહી દીધું કે અમે તો તમને મુકત કર્યા, હવે તમે તમને યોગ્ય લાગે એ રીતે શાસન કરો. એવું બન્યું હોત તો આ દેશનું ભારત માતાનું જે ચિત્ર અત્યારે આપણે જોઇએ છીએ, જો સરદાર વલ્લભભાઇ પટેલ આપણા દેશમાં જન્મ્યા ના હોત તો માનનીય ફળદુસાહેબે હમણાં જે શ્રી બાજપાઇજીની સુંદર કવિતા ગાઇ એ અખંડ ભારતનું ચિત્ર આપણે ના જોઇ શકયા હોત. બધું થાત પણ ભારત એક ના થાત. સેંકડો રજવાડા હતા, એક બાજુ નિઝામ હતા, એક બાજુ જૂનાગઢના નવાબ હતા, બીજા રાજા રજવાડા હતા, ઘણા પ્રગતિશીલ હતા, ઘણા નાના હતા, ઘણ મોટા હતા. આવા મોટા મોટા લોકોને એક કરીને દેશનું સ્વરૂપ આપવું એ મોટામાં મોટું કામ હતું. મોટું કેવી રીતે હતું એ મૂલવવું હોય તો હું એક જ દાખલો આપવા માગું છું કે શ્રી સરદાર વલ્લભભાઇના કામને કેવી રીતે મૂલવી શકાય! શ્રી જવાહરલાલ નહેરુ એ પણ આઝાદીના મહાન લડવૈયા હતા. એમના માટે આપણને ભારોભાર આદર અને સન્માન છે. એમણે પોતે કાશ્મિરી હોવાના નાતે જ્યારે દેશના રજવાડાઓને ભારતમાં વિલિનીકરણ કરવાની વાત આવી, અંગ્રેજો તો છોડીને જતા રહ્યા હતા. નવાબ જુદું લઇને બેઠા હતા, નિઝામ જુદું લઇને બેઠા હતા. નિઝામનું હૈદરાબાદ તો ભારતની વચ્ચોવચ્ચ આવેલ તો પણ કહે મારે પાકિસ્તાન સાથે જોડાવું છે. જૂનાગઢના નવાબ એવું કહે કે મારે પાકિસ્તાન સાથે જોડાવું છે. આ રજવાડાઓ કેવા શક્તિશાળી હતા એ સભ્યશ્રીઓ જાણે છે છતાં મારે રેકર્ડ ઉપર મૂકવા માટે કહેવું જરૂરી છે. એવું કહેવાય છે કે હૈદરાબાદના નિઝામની મિલકત, સંપતિ જર–ઝવેરાત, રૂપિયા, સોનું, ચાંદી, હીરા આ બધું એ વખતે નિઝામ પાસે એટલું બધું હતું કે એ વખતના દુનિયાભરના રાજા–રજવાડાઓમાં નિઝામ એક નંબરે મિલકત ધરાવતા સમૃદ્ધ રાજા હતા. ઇંગ્લેન્ડના રાણી વિકટોરિયા કરતા પણ નિઝામ પાસે વધુ મિલકતો હતી. એનું રાજ કેટલા વિસ્તારમાં હતું? આજનું આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્રનો કેટલોક વિસ્તાર અને આજના કર્ણાટકનો કેટલોક વિસ્તાર એ નિઝામના રાજ્યમાં આવતો હતો. એવા રાજા કે જેને રજવાડા તરીકે પોતાનું ખાનગી લશ્કર હતું જેને રાજાકારો કહેતા હતા. એમણે ભાગલા પછી કત્લેઆમ ચાલુ કરી અને લાખો હિન્દુઓની કત્લેઆમ કરી દીધી અને કહ્યું કે તમારે અહીંયા જ રહેવું પડશે અને પાકિસ્તાન સાથે જોડાવું પડશે. જૂનાગઢના નવાબ સામે આપણે જેમ આરઝી હકૂમત શ્રી વલ્લભભાઇના નેતૃત્વમાં અને એમના આશીર્વાદથી જૂનાગઢના નવાબની સામે જે લડત ચલાવી એ જ લડાઇ ત્યાં હૈદરાબાદમાં પણ ચાલી અને એને પણ શ્રી સરદાર વલ્લભભાઇએ ખૂબ મદદ કરી. હું વાત કરતો હતો કે શ્રી સરદાર વલ્લભભાઇના કામને મુલવવા માટે, શ્રી જવાહરલાલ નહેરુજીએ એમ કહ્યું કે હું કાશ્મિરી છું, કાશ્મિરના વિલિનીકરણની વાત મારા પર છોડી દો. શ્રી વલ્લભભાઇ સંમત થઇ ગયા. સ્વભાવિક હતું અને બાકીનું શ્રી જવાહરલાલ વડાપ્રધાન તરીકે, ગૃહમંત્રી તરીકે રજવાડાઓનું અલગ મંત્રાલય હતું એટલે એ કામ શ્રી સરદાર વલ્લભભાઇને સોંપ્યું. આજે ઇતિહાસ સાક્ષી છે, કોઇને ગમે કે ન ગમે પણ શ્રી સરદાર વલ્લભભાઇને જે કામ સોંપ્યું, કામગીરી ઉપાડી કે દેશી રજવાડાઓનું ભારતમાં વિલિનીકરણ કરવું. આપણા ગુજરાત માટે તો મહાત્મા ગાંધીજી આપણું ગૌરવ છે. શ્રી સરદાર વલ્લભભાઇ પણ ગૌરવ છે એમ આપણા રાજા–રજવાડાઓનું પણ આપણને ગૌરવ છે કે ભાવનગરના રાજા કૃષ્ણકુમારસિંહજીએ સૌથી પહેલો વિલિકરણનો દસ્તાવેજ હતો એમાં સહી કરી અને અબજો રૂપિયાની મિલકતો ભારત માતાના ચરણે મૂકી દીધી. ગોંડલના મહારાજાએ સહી કરી ભારતમાં વિલિનીકરણ કરી દીધું. વડોદરાના સયાજીરાવ ગાયકવાડે પણ વિલિનીકરણ કરી દીધું. બધા રજવાડાઓએ કરી દીધું પણ શ્રી જવાહરલાલ નહેરુ સફળ ન થયા, નિષ્ફળ ગયા અને એ દુઃખ, એ પગનો કાંટો આજે પણ આઝાદીના ૭૨ વર્ષ પછી કાશ્મિરની શ્રી જવાહરલાલ નહેરુની લાગણી હતી કે મારું કાશ્મિર છે, કોઇ બદ્દઇરાદો ન હતો પણ એ ન કરી શક્યા અને સરદાર વલ્લભભાઇ કરી શક્યા. આખું ભારત એક થઇ ગયું. કાશ્મિર જુદું રહ્યું. આજે આપણા ગુજરાતનું ફરીથી સદભાગ્ય છે કે સરદાર વલ્લભભાઇનું સ્વપ્ન અખંડ ભારતનું નિર્માણ કરવાનું હતું અને જે પંડિત જવાહરલાલ નહેરુ ન કરી શકયા, કોંગ્રેસ ન કરી શકી એ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહે કરી દીધું. દુનિયા જોતી રહી ગઇ, કોંગ્રેસવાળા બધા જોતા રહી ગયા, સામ્યવાદીઓ જોતા રહી ગયા, મુસ્લિમલીગવાળા જોતા રહી ગયા અને કાશ્મિરને ભારતનો ભાગ બનાવી દીધો. બનાવ્યો ત્યારથી એક પણ હિંસક કૃત્ય ત્યાં થયું નથી. દિવસોના દિવસો કરફ્યુ લાગતો હતો, બોંબ ધડાકા થતા હતા, નિર્દોષ સૈનિકોને શહિદ થવું પડતું હતું, નાગરિકોના મૃત્યુ થતા હતા એ બધું બંધ થઇ ગયું. મેં કાલે કીધું હતું કે, કેટલાક શબ્દો ડીક્ષનરીમાંથી ભૂલાઇ જવાના. સાહેબ, કાશ્મિરમાં બધું હવે માનનીય નરેન્દ્રભાઇ અને માનનીય અમિતભાઇના નેતૃત્ત્વમાં ભારતીય જનતા પક્ષે પૂર્ણ વિરામ મૂકી દીધું એ પણ ભૂતકાળ થઇ ગયો. આવા નેતાની યાદગીરી મારે ભૂતકાળ નથી કહેવો પણ અનેક નેતાઓએ કામ કર્યું છે. ભગતસિંહ હસતાં હસતાં ફાંસીના માચડે ચઢી ગયા, ચંદ્રશેખર આઝાદ બધાએ શહિદી વ્હોરી છે. અનેક લોકો જેલોમાં ગયા છે. આપણા વીર સાવરકરજીએ કાળા પાણીની સજા ભોગવેલી.

માનનીય અધ્યક્ષશ્રી, જેટલા નામ યાદ કરીએ એટલા ઓછા છે પણ કમનસિબી સાહેબ, આ કોંગ્રેસ સત્તામાં આવીને ધીમે ધીમે કોંગ્રેસે આઝાદીની લડતાના બધા જ લડવૈયા એકલા શ્રી સરદાર વલ્લભભાઇ નહીં. ડો.સુભાષચંદ્ર બોઝ, ડો.બાબાસાહેબ આંબેડકરથી માંડીને બધાને એમણે ધીમે ધીમે ભૂલાવા માંડ્યા. પાઠ્ય પુસ્તકોમાં, અભ્યાસક્રમોમાં, શિક્ષણમાં, સાહિત્યમાં, ટી.વી. ઉપર સિરિયલોમાં, ફિલ્મોમાં ધીમે ધીમે બધાને ભૂલાવવાનું ચાલુ કર્યું અને સાહેબ, કોંગ્રેસે એવું વાતાવરણ ઊભું કર્યું એનાથી નવી પેઢીને તો એમ જ લાગે કે, આ દેશની આઝાદી ફક્ત શ્રી જવાહરલાલ નહેરુના પરિવાર દ્વારા જ મળી છે. એમનું લક એવું કે ગાંધી–નહેરું ભેગું થઇ ગયું. ફિરોજ ગાંધી જોડે ઇન્દિરાજીએ લગ્ન કર્યા. ફિરોજજીની અટક મળી ગાંધી પરિવાર. એટલે ગાંધીજી ચાલ્યું. મોટાભાગના રાજ્યમાં એમણે ૨૫ વર્ષ પહેલા એવું ચાલતું હતું કે ઇન્દિરા ગાંધી અને આ બધા

મહાત્મા ગાંધીજીના જ કુટુંબીજનો છે એવું લોલમલોલ ચાલ્યું અને એનો લેવાય એટલો લાભ લીધો. કશું છોડવાનું બાકી ના રાખ્યું. ઘણું લઇ લીધું. એટલે સાહેબ, આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની ભાઇશ્રી કરસનભાઇ, શ્રી દુષ્યંતભાઇ, શ્રી અભેસિંહભાઇએ ખૂબ સુંદર રીતે બધી વાત કરી પણ કરવાનું કારણ શું? મોદી સાહેબના મનમાં અને હૃદયમાં એક લાગણી હતી કે, આ બધું એક જ પરિવારે કર્યું. બીજા કોઇનું યોગદાન જ નહિ. સાહેબ, એવું નથી કે મોદી સાહેબે એકલા શ્રી સરદાર વલ્લભભાઇનું કર્યું. મુંબઇમાં ડો. બાબાસાહેબ આંબેડકરની બધી જ કર્તા-હર્તા જે ભૂમિ હતી એ પણ કરોડો રૂપિયાના ખર્ચે કેન્દ્ર સરકારે અને મહારાષ્ટ્રમાં ભાજપની સરકારે ખરીદી લીધી અને ત્યાં અત્યારે ડો.બાબાસાહેબ આંબેડકરનું સ્મારક બને છે. એવી રીતે દિલ્હીમાં પણ ડો.બાબાસાહેબ આંબેડકરનું ભવ્ય સ્મારક બનાવ્યું. બીજી જગ્યાએ પણ બનાવ્યા. બીજા નેતાઓના પણ બનાવ્યા. સાહેબ, સમયની મર્યાદામાં હું નહીં કહું. પણ મોદી સાહેબની લાગણી એ હતી કે બધા જ શહિદોને, નેતાઓને યોગ્ય સન્માન મળવું જોઇએ અને જેનું જેવું સન્માન આપવાનું, બધું કદ પ્રમાણે કેવી રીતે કરવું? આપે સાહેબ ખૂબ સાચું કહ્યું કે, આ ૧૮૨નો આંકડો કેવી રીતે આવ્યો? હાલની ગુજરાત વિધાનસભા ૧૮૨ સભ્યોની એટલે ૧૮૨ મિટર નક્કી થયું. હું તો પહેલાથી નર્મદા મંત્રી, માનનીય ભુપેન્દ્રસિંહજી સરદાર સરોવર નિગમના ચેરમેન પણ હતા. અનેક મિટિંગો મેં અને સાહેબે પોતે કરી છે. અમે તો બધા ખાલી જોડાણા પણ શિખવા મળે. દ્રષ્ટિ બધી મોદી સાહેબની. સાહેબે વિચાર્યું કે આ પ્રતિમા કેવી રીતે મૂકવી એવા પ્રશ્નો આવ્યા હતા. સાહેબ, આજે આ ગૃહને કહેવાની રજા લઉં છું સાહેબ. અમે બધાએ મિટિંગ કરી.

અધ્યક્ષશ્રી : સમય વધારી આપવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આભાર સાહેબ, બહુ આનંદદાયક વાત છે. અમારી મિટિંગ ચાલતી હતી. કન્સલ્ટન્ટ હતા, ડિઝાઇનર હતા, એલ.એન ટી.ના કોન્ટ્રાક્ટર હતા, અધિકારીઓ હતા, સી.એમ.સાહેબના કાર્યાલયના સિનિયર ઓફિસર હતા બધા હતા ત્યાં પ્રશ્ન આવ્યો કે, આ સરદાર વલ્લભભાઇની પ્રતિમાનું મુખ કઇ દિશામાં રાખવું? નર્મદા ડેમ સાઇડ રાખવું, નર્મદાથી સામેની દિશામાં રાખવું, અત્યારે છે એનાથી જુદી દિશામાં નદી તરફ સરદાર સાહેબ દર્શન કરતા હોય એવું રાખવું, ખૂબ વિચાર-મંથન પછી મોદી સાહેબે નિર્ણય કર્યો અને સંજોગોવસાત આ સરદાર સરોવર ડેમ છે એનું નામ સરદાર સરોવર ડેમ એમ ને એમ નથી આપ્યું. વર્ષ ૧૯૪૮માં શ્રી સરદાર વલ્લભભાઇએ આપણે આઝાદ થયાને તરત જ એની કલ્પના કરેલી કે આ બધી નદીઓનું પાણી નકામું જાય છે તો નર્મદા નદી ઉપર ડેમ બાંધીએ. ભરૂચ તો ડૂબમાં જતું હતું. શ્રી દુષ્યંતભાઇ તો પૂરમાં જ જન્મ્યા હશે મને લાગે છે અને પૂરમાં હોડીઓમાં બેસીને ભણવા ગયા હશે. શ્રી સરદાર સાહેબની કલ્પના એવી હતી એમણે શ્રી ભાઇકાકાને જવાબદારી સોંપી કે આનું કંઇક આયોજન કરો. એમણે ડિઝાઇન કરી. પહેલા આવડું મોટું કદ નહોતું સાહેબ, માપનું કદ હતું. એ વખતે લગભગ ચરોતર સુધી પાણી આવે પણ ભરૂચ ડૂબમાં ન જાય, દરિયામાં નદીનું પાણી જતું રહે અને ભરૂચ સલામત બને અને થોડું પાણી મળે એવી કલ્પના હતી. પછી આયોજન થતાં થતાં આ સરદાર સરોવર ડેમ શ્રી સરદાર વલ્લભભાઇની કલ્પનામાંથી ઉભો થયો એટલે આપણે એનું નામ સરદાર સરોવર ડેમ એવું આપ્યું. એની ઉંચાઇ જે છે એ ટ્રીબ્યૂનલે ફાઇનલ નક્કી કરી, ઘણી લડતો થઇ આપણે જાણીએ છીએ. છેવટે આપણી ઇચ્છા પ્રમાણે ૧૩૮.૬૭ મીટરની આપણને ઉંચાઇ પ્રાપ્ત થઇ. આપણે એમાં પાણી ભરવાનું પણ શ્રી મોદી સાહેબના શુભ હસ્તે શરૂ કર્યું. લાભ આપણે જોઇ જ રહ્યા છીએ. એ પછી જ શ્રી મોદી સાહેબે નિર્ણય કર્યો કે આ સરદાર સરોવર કે જે શ્રી સરદાર વલ્લભભાઇની કલ્પના હતી એટલે શ્રી સરદાર વલ્લભભાઇ જયાં પણ હોય ત્યાંથી આજીવન હજારો વર્ષ સુધી નર્મદા ડેમ જોઇને એમના આત્માને શાંતિ મળે, સરદાર સરોવર ડેમ જોઇને એટલા માટે એમનું મુખ સરદાર સરોવર ડેમ સાઇડ રાખવું. જુદાજુદા અમે થ્રીડી ઉપર પિકચરો બનાવડાવેલા પછી આ ફાઇનલ થયું. પછી એ પણ નક્કી થયું કે સરદાર સાહેબને કેવી મુદ્રામાં ઉભા રાખવા? સીધા રાખવા, હથેળી બીડેલી રાખવી કે કેવી રીતે રાખવા? પ્રતિમાનો આકાર શું આપવો? તો સેંકડો પિકચરો જોયા, આઝાદીની લડતના, સરદાર વલ્લભભાઇના ફોટા જોયા, ઘણું ઘણું જોયું પછી એ પણ ફાઇનલ કર્યું કે આ મુદ્રા શ્રી સરદાર વલ્લભભાઇની રાખવી એવી રીતે અનેક પ્રશ્નો આવ્યા અને શ્રી અભેસિંહભાઇએ બહુ સાચું કહ્યું. આ પણ અભ્યાસનો વિષય છે કે પ્રતિમા આગળ પાછળ મૂકી શકાત પણ સાધુ બેટ જે નદીના પટમાં જ આવે છે ઉપર નીકળેલો પથ્થરનો બેટ છે. સરકારે એનું સોઇલ ટેસ્ટીંગ કરાવ્યું. હજારો વર્ષથી એ પથ્થર કાર્બન પથ્થર થઇ ગયેલો મજબૂતમાં મજબૂત પથ્થર છે. હાલ પણ એને તોડવો હોય તો બ્લાસ્ટીંગ ગમે તેટલા કરો તો પણ ના તૂટે. હમણાં જૂનો ગોરા ડેમ તોડયો એ આરસીસીનો હતો તો પણ તોડતા વાર લાગી તો આ તો હજારો વર્ષનો પથ્થરનો આખો ટાપુ હતો અને સાધુ બેટ એને કહેતા હતા અને પછીથી નિર્ણય થયો કે સાધુ બેટ ઉપર પ્રતિમા મૂકીએ એટલે કે નર્મદા મૈયાના પણ દર્શન થાય, સરદાર સરોવરના પણ દર્શન થાય અને પાણી ખળખળ જે વહેતું હોય એનો આનંદ પણ મુલાકાતીઓ, નાગરિકો મેળવી શકે. આમ ઘણા આયોજનો પછી આ પ્રતિમાનું નિર્માણ થયું. મારું કહેવાનું એમ છે કે આ ખાલી ટેન્ડર બહાર પાડી દીધું અને કોન્ટ્રાકટરે બનાવી દીધું અને વાત પૂરી થઇ ગઇ અને શ્રી મોદી સાહેબે લોકાર્પણ કરી દીધું એટલું નથી.

અધ્યક્ષશ્રી : લાખો ખેડૂતોના ઓજારો.

## તા.૧૯મી માર્ચ, ૨૦૨૦
## બિન-સરકારી સંકલ્પો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ હું કહું છું ને સાહેબ. હજુ તો આ તો પ્લાનીંગમાંથી જ બહાર આવું છું સાહેબ. આપનો આભાર સાહેબ, આપે મને સરસ મુદ્દો આપ્યો. બધું બનાવવાનું શરૂ થયું. પછી કેબિનેટમાં, પક્ષમાં બધે શ્રી મોદી સાહેબે વિચારો વહેતા કર્યા કે આપણે શું કરવું જોઇએ? શ્રી મોદી સાહેબનું લક્ષ્ય નકકી હતું કે સરદાર સાહેબને ગુજરાતના બનાવવા નથી, કોઇ એક સમાજના પણ બનાવવા નથી, સરદાર સાહેબ તો દેશના નેતા હતા, આંતરરાષ્ટ્રીય નેતા હતા, બિસ્માર્કથી પણ ચડી જાય એવા હતા તો ભારતના કિસાન નેતા તરીકે, કારણ કે બારડોલીની લડતથી જ શ્રી સરદાર વલ્લભભાઇનું જીવન ઉભર્યું. એમણે અંગ્રેજોને હરાવ્યા એટલે પછી નક્કી થયું કે ખેડૂતોને આમાં જોડવા. પછી પાછી ચર્ચા થઇ કે ખેડૂતોને કેવી રીતે જોડવા? તો કોઇએ કીધું ૫ રૂપિયા, ૨૫ રૂપિયા, ૫૦૦ રૂપિયા, ૧૦૦૦ રૂપિયા ફંડ આપે. ડોનેશન લઇએ. ખર્ચો થવાનો તો લોકોના દાનથી આ પ્રતિમા બને એ સ્વાભાવિક છે. જેમ મંદિર બને કે ધર્મશાળા બને એમ આપણે બનાવીએ છીએ. પછી સાહેબે વિચાર કરીને ના પાડી કે આમાં આપણે કોઇનું દાન લેવાનું નથી. હજુ પણ લીધું નથી. પછી નિર્ણય એવો થયો કે કિસાનોને કેવી રીતે જોડવા? પછી આ વિચાર પણ આવ્યો. સાહેબના જ મનમાં આવ્યો કે આખા દેશના સરકારના મંત્રીઓ ભા.જ.પ.ના અને કોંગ્રેસના ડેલીગેશન સાથે ધારાસભ્યો દરેક રાજ્યમાં જાય અને ખેડૂતોની મિટિંગો બોલાવવામાં આવે, ખેડૂતોને વિનંતી કરવામાં આવે. એની સીડી, મૂવી બનાવેલ. પ્રતિમા એ બધું બતાવવામાં આવે અને કહેતા કે આ પ્રતિમા બનાવવાની છે, એમાં ખેડૂતોના ભાવ તરીકે ખેતીમાં વપરાયેલ ઓજાર, ઘસાઇ ગયેલાં, તૂટેલાં કે નવાં ઓજારો જેવા પાવડો, કોદાળી, ત્રીકમ કે કોઇપણ પ્રકારનાં ઓજાર ખેડૂતો દાનમાં આપે. કીટ બનાવેલ હતી. એ કીટ લઇને અમે ગયેલા. અમારી રાષ્ટ્રીય કક્ષાની ભારતીય જનતા પાર્ટીએ આમાં સહયોગ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે શ્રી મોદી સાહેબ વડાપ્રધાન નહોતા. સાહેબ મુખ્યમંત્રી હતા. વડાપ્રધાન થવાનું તો દૂર દૂરની વાત હતી. એવા સમયે આખા દેશના, આખા ભાજપના, સાઉથના રાજ્યોને, બીજા પક્ષોના મુખ્યમંત્રી બધાને મળતા હતા. ડેલિગેશનમાં બધા મંત્રીઓ જતા હતા. હજારો સેમીનાર કર્યા. ખેડૂતોના સંમેલનો કર્યા. હજારો ટન ખેતીમાં વપરાયેલા જૂનાં ઓજારો, ખેડૂતોએ પ્રેમથી આ સરદાર સાહેબની પ્રતિમા માટે આપ્યા. અમે એમને કહેતા હતા કે આ કોદાળી કયાંય ભરાવવાની નથી. આ કોદાળી ઓગાળી નાખીશું. પાવડો, ત્રીકમ ઓગળી જશે અને એમાંથી જે લોખંડ મળશે તેનો યથાયોગ્ય ઉપયોગ કરીશું અને આ ઓજારો લોહ પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની ભાવના સાથે જોડાશે. આખા દેશમાંથી હજારો, સેંકડો ટન લોખંડ ખેડૂતોએ આપ્યું. અમે જ્યાં જ્યાં ગયા. આટલો ઉત્સાહ કોઇ દિવસ નહોતો જોયો. કોઇ પક્ષાપક્ષી નહિ. શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ એટલે આપણે ગુજરાતમાં જેટલું માનીએ છીએ, એના કરતા અનેક ગણા આખા દેશમાં માનતા હતા. અમને એ વખતે ખબર પડી. ખૂબ પ્રેમથી લોકોએ સહયોગ કર્યો. મારે રેકર્ડ ઉપર મૂકવું છે અને દુઃખ સાથે કહેવું છે કે કોંગ્રેસના ધારાસભ્યો, પક્ષના નેતાઓની ટૂંકી દ્રષ્ટીના વિચારોથી આ વાતને સમજી શક્યા નહિ. એમને એમ થયું કે મહાત્મા ગાંધીજીને ભાજપવાળા આ શ્રી નરેન્દ્રભાઇએ લઇ લીધા. હવે સરદાર પટેલને લઇ લેશે. મિલકત હોય અને લઇ લેવાની હોય. એવું કોંગ્રેસવાળાના મનમાં ટૂંકી દ્રષ્ટીથી રાજકારણ આવી ગયું. અહીંયા જ કોંગ્રેસના નેતાએ નિવેદન કરેલું કે આ લોખંડનો ભંગાર. ભંગાર શબ્દ વાપર્યો. આ ભંગાર તમે ભેગો કર્યો છે. કોંગ્રેસના એક નેતાએ વિધાનસભામાં પૂછ્યું હતું કે ભંગાર ભેગો થયો એ કયાં ગયો? એમને શરમ આવવી જોઇએ. સમજી શક્યા નહીં. એમને કરવું હતું તે કર્યું અને સરકારને અને શ્રી મોદી સાહેબને જે કરવું હતું તે કર્યું. આજે દુનિયાની, વિશ્વની ઉંચામાં ઉંચી પ્રતિમાને મોદી સાહેબનું લક્ષ્ય એ હતું કે એવું કરીએ કે દુનિયા યાદ કરે, દુનિયા જોવા આવે. આપણે ૫૦ મીટરની પણ કરી શક્યા હોત. તો એનું કોઇ મહત્ત્વ ન રહત. સ્ટેચ્યુ ઓફ લિબર્ટી, એફિલ ટાવર વગેરે એ બધાને ટક્કર મારે તેવી પ્રતિમા આપણે સરદાર વલ્લભભાઇની નિર્માણ કરી, ઉદ્‌ઘાટન થયું. એનું લોકાર્પણ કરીને સાહેબ ભૂલી ગયા નથી. દરરોજ, મહિને, મહિને રિવ્યુ મિટિંગો, દિલ્હીથી માર્ગદર્શન કરતા હતા. હરવા ફરવા માટેનું એક વિશ્વ કક્ષાનું સ્થળ બનાવવાનું હતું. શ્રી દુષ્યંતભાઇએ એમની વિગતમાં એ બધું કહ્યું છે. સેંકડો એકરમાં આપણે હરવા ફરવાનો વિસ્તાર વિકસાવી રહ્યા છીએ. હાઇવે બની ગયા. ભાજપની ભારત સરકાર આવ્યા પછી રેલ્વે લાઇન નાખી. રાજપીપળામાં એરપોર્ટ કરી રહ્યા છીએ. કોઇ દૂરથી, પરદેશથી આવે અને ૫ કલાક મુલાકાત લઇને નીકળી જવું હોય તો હવાઇ માર્ગે દર્શન કરીને ફરીને જતા રહે. નાના બાળકો, ટુરિસ્ટના બાળકોને, વિદ્યાર્થીઓને રહેવા માટે ટેન્ટ સિટિ બનાવી. સારા ગેસ્ટ હાઉસ બનાવ્યા. દેશને જોડવામાં આવે. શ્રી મોદી સાહેબની કલ્પના જુઓ. દરેક રાજ્યને ગુજરાત સરકાર તરફથી ઓફર કરી. તમારા રાજ્યના ભવનો અહીંયા બનાવો. અમે તમને નોમીનલ કિંમતે જમીન ફાળવીશું. મને આનંદ છે કે ઉત્તર પ્રદેશ સરકાર, મહારાષ્ટ્ર સરકાર, બીજા રાજ્યોની સરકારોએ અહીંયા જમીન ખરીદી છે. પોતપોતાના ભવનો બનાવશે. એ રાજ્યની મુલાકાતે આવે અથવા દેશની મુલાકાતે આવે એમને રહેવાની સગવડ થશે અને આખા દેશની યુનિટી, સ્ટેચ્યુ ઓફ યુનિટીનો મતલબ જ એ છે કે દેશની એકતાનું દર્શન અહીંયા થાય એ આપણે કરીએ છીએ. આપણે બધા જઇએ જ છીએ, દુનિયા જાય છે, રોજ ૧૫૦૦૦ લોકો જાય છે, આનંદ કરે છે પણ દુનિયાના મહાનુભાવો, હવે તો પરદેશના કોઇ આવે તો પહેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી જાય, કોઇ દેશના વડા આવે તો સ્ટેચ્યુ ઓફ યુનિટી જાય, ભારત સરકાર, ગુજરાત સરકારના અધિકારીની કોઇ કોન્ફરન્સો એવી બાકી નથી કે આપણે અહીંયા ન કરી હોય. એમ એને વિશ્વ વિખ્યાત કરવું, પ્રસાર-પ્રચાર કરવો અને લોકભોગ્ય બનાવવું એ બધું જ કામ ગુજરાત સરકાર, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ, અમે અને મોદી સાહેબના નેતૃત્વમાં અમારી આખી સરકાર, નર્મદા વિભાગ હોય એ બધા અને એનું હવે આપણે જુદું નોટિફિકેશન કરીને વ્યવસ્થા કરી છે કે જેથી કાયદાકીય પ્રશ્નો કોઇ ઉભા ન થાય અને

આદિવાસી ભાઇઓનો ખ્યાલ રાખ્યો છે જેથી રોજગારી એમને મળે. શ્રી અભેસિંહભાઇએ કહ્યું તે સાચું છે કે, બેથી ત્રણ હજાર લોકોને ત્યાં રોજગારી મળે છે. હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ત્રણ ભાષામાં લોકોને ગાઇડન્સ આપતા ગાઇડો એમાં મોટા ભાગના આદિવાસી દીકરા દીકરીઓ એમને આપણે વડોદરામાં ગાઇડ તરીકે ટ્રેનિંગ આપી અને તેઓ બધી ઐતિહાસિક માહિતી આપવાનું કામ રસપ્રદ રીતે કરે છે. બસો ફરતી રાખી કોઇ ગાડી નહીં, પબ્લિક યુટિલિટી વાપરવાની, સાફ સફાઇ અમેરિકામાં ન હોય એવી સ્વચ્છતા આપણા સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિસ્તારમાં આપણે કરી છે. હજુ તો ઘણું ઘણું આપણે એમાં ઉમેરતા જઇએ છીએ ત્યારે મને આનંદ છે કે, આવો સુંદર સંકલ્પ અહીંયા શ્રી કરશનભાઇ લાવ્યા છે ત્યારી મારી બધા જ સભ્યોને વિનંતી છે કે સ્વીકારે. આ સંકલ્પ પ્રમાણે ગુજરાત સરકાર આગળ વધવાની છે, આ સંકલ્પ તમારો એકલાનો નથી, આ ૧૮૨ ધારાસભ્યોનો જ નહીં, ગુજરાતની ૬.૩૦ કરોડની જનતા જ નહીં, દેશની ૧૩૦ કરોડની જનતા અને દુનિયામાં રહેતા ગુજરાતીઓનો આ સંકલ્પ છે. એ આપની અધ્યક્ષતામાં આજે અમે સ્વીકારીએ છીએ એનું અમને ગૌરવ છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર.

અધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપર બે વાત રહે એટલા માટે આદરણીય સૌ સભાગૃહના સભ્યશ્રીઓને હું કહેવા માગું છું. મારે બે વાત કહેવી હતી, એક વાત આપની યાદદાસ્તને સલામ. આપ એક બિસ્માર્કનું નામ બોલ્યા, વિશ્વની અંદર બિસ્માર્ક એ બહુ મોટું નામ ગણાય કે જેણે રાજ્યોને એકઠા કર્યા પણ મેં એક બુક વાંચી છે એમાં આદરણીય સરદાર વલ્લભભાઇ પટેલ બિસ્માર્ક કરતા પણ ઉંચા હતા. બિસ્માર્ક જે છે એણે તલવારના જોરે બધા રાજાઓને એકઠા કરેલા જયારે સરદાર પટેલ સાહેબે એક પણ લોહીનું ટીપું વહેડાવ્યા વિના રાજા–રજવાડાને એકઠા કરેલા. બીજું, જ્યારે રાજવીઓની વાત આવે છે ત્યારે કહેવું છે કે, સૌરાષ્ટ્રના ધ્રાંગધ્રાના રાજવી શ્રી મયુરધ્વજસિંહજીએ જ્યારે સૌરાષ્ટ્ર બન્યું અને વિધાનસભા બની ત્યારે એ વિધાનસભા માટે જે ચેર બેસવા માટેની નક્કી થયેલી એ ચેર એમણે દાનમાં આપેલી છે અને એ આ ચેર આપણી વિધાનસભામાં મૂકાયેલ છે એ પણ આપણા બધાનું ગૌરવ છે, ગુજરાતનું ગૌરવ છે.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની બેઠક અંગે

**અધ્યક્ષશ્રી :** મારે એક જાહેરાત કરવાની છે કે, ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક ચાલુ વિધાનસભાએ આ રીતે મળતી હોય છે જે આજ રોજ સભાગૃહની બેઠક પૂરી થયા પછી ચોથા માળે સમિતિ ખંડ –૧ માં રાખવામાં આવી છે, આપ સૌને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા આગ્રહભરી વિનંતી છે. હું રાહ જોઇશ.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪–૫૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તારીખ ૨૦મી માર્ચ, ૨૦૨૦ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક–૭૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| અક્ષયકુમાર પટેલ | નર્મદા નદી પર ઓવર બ્રિજ અને રેલ્વે બ્રિજ બનાવવા બાબત | ૫૩૭ |
| | વડોદરા અને મહીસાગર જિલ્લામાં તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કરેલ દરોડા | ૫૭૩ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં આત્મહત્યાનો પ્રયાસ | ૩૭૬ |
| | સ્માર્ટ સીટી અન્વયે વડોદરા શહેરના વિકાસ માટે રકમ | ૪૧૦ |
| અજમલજી ઠાકોર | અરવલ્લી જિલ્લામાં નવા ગ્રામ પંચાયત ઘર માટેની મંજૂરી | ૪૩ |
| | પાટણ જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારો | ૨૩૪ |
| | પાટણ જિલ્લામા કૃષિ વિષયક વીજ જોડાણો | ૫૬૬ |
| | પાટણ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત | ૪૩૨ |
| | પાટણ જિલ્લામાં નવા તળાવો બાબત | ૩૬૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં નવા તળાવો | ૪૦૫ |
| | હારીજ તાલુકાની માઈનોર–૨ નહેરના કામ | ૫૨૭ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૩૩૦ |
| અજીતસિંહ ચૌહાણ | આણંદ જિલ્લાના ખંભાત શહેર/તાલુકામાં ફાયરીંગમાં થયેલ મૃત્યુ | ૩૭૧ |
| | કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે મહીસાગર અને સુરત જિલ્લામાં ઈસમોને દંડ/સજા | ૪૩૩ |
| | મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં રી–સર્વેમાં ક્ષતિઓ | ૨૭૬ |
| | મહીસાગર અને ડાંગ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષોનું છેદન | ૧૬ |
| | મહીસાગર અને નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ તાલીમ | ૩૦૮ |
| | મહીસાગર અને નર્મદા જિલ્લામાં બિનખેતીની પરવાનગી | ૨૩૧ |
| | મહીસાગર અને નવસારી જિલ્લામાં નિરાધાર વિધવા સહાયની અરજીઓ | ૧૧૦ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કેન્સર, એઈડ્સ ક્ષય ના નોંધાયેલ કેસો | ૫૧૮ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાનો કમાન્ડ એરીયા | ૪૦૭ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વૃક્ષો કાપવા બાબત | ૭૦ |
| અનંતકુમાર પટેલ | કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે નવસારી અને વલસાડ જિલ્લામાં ઈસમોને દંડ/સજા | ૪૨૮ |
| | નવસારી અને ડાંગ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં બાળરોગ નિષ્ણાતો | ૫૧૦ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં આદિજાતિ વિભાગ હસ્તકની કાર્યરત શાળાઓ | ૨૯ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો | ૨૩૪ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ તાલીમ | ૨૭૮ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં બાકી વીજ બિલની સંપૂર્ણ માફી યોજના | ૫૫૬ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં રી–સર્વેમાં ક્ષતિઓ | ૩૧૦ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં આત્મહત્યાનો પ્રયાસ | ૩૯૮ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લા પંચાયતનું મંજૂર મહેકમ | ૮૨ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં વૃક્ષો કાપવા બાબત | ૧૧૬ |
| અનિલ જોષિયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની શાળામાં ઓરડાની ઘટ | ૩૭ |
| | ટોરડા ખાતેનું પશુ દવાખાનું અને પશુ ચિકિત્સકની જગ્યા રદ કરવા બાબત | ૨૧૦ |
| | નદીના પટમાં રેતીનું ગેરકાયદેસર ખનન | ૩૫૮ |
| | અરવલ્લી જિલ્લામાં જમીન રી–સર્વે કરવા બાબત | ૨૫૩ |
| | આદિજાતિ વિસ્તાર પેટા યોજના અન્વયે બજેટમાં કરવામાં આવેલ જોગવાઈઓ | ૫૦૧ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકાના ડામર થયા વગરના રસ્તાઓ | ૫૪૭ |
| અંબરીષ ડેર | અમદાવાદ શહેરની સોલા ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ બાબત | ૪૦૨ |
| | અમરેલી અને પોરબંદર જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારો | ૨૦૬ |
| | અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી | ૨૫૦ |
| | અમરેલી જિલ્લામાં રોજગારી માટે સ્થળાંતર કરતા પરિવારોના બાળકોને શિક્ષણની યોજના | ૨૯૪ |
| | અમરેલી જિલ્લામાં સિંહ, સિંહણ અને સિંહ બાળની સંખ્યા | ૫૩ |
| | રાજુલા અને જાફરાબાદ શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાની નબળી કામગીરી | ૩૬૨ |
| | રાજુલા તાલુકાના સ્ટેટ હાઈવેનું નવીનીકરણ | ૪૮૩ |

| પુસ્તક–૭૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| અભેસિંહ તડવી | છોટા ઉદેપુર જિલ્લામાં ચેકડેમ અને વનતલાવડીઓ બનાવવા બાબત | ૧૦૬ |
| | છોટાઉદપુર જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ | ૬૨ |
| | નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના | ૪૮૦ |
| | નર્મદા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૨૦૩ |
| | પોલીસ અધિકારી/કર્મચારી અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી | ૩૭૭ |
| | બોડેલી તાલુકામાં રસ્તાના કામની મંજૂરી બાબત | ૫૩૯ |
| | વડોદરા જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના | ૨૫૧ |
| | વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને સલાહ અને સહાય | ૪૧૧ |
| | "સ્ટેચ્યુ ઓફ યુનિટી" દ્વારા અખંડિતતાનો સંદેશો પ્રસરાવવા અંગે | ૬૧૫ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૩૨૮ |
| અર્જુનસિંહ ઉ. ચૌહાણ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૬ |
| | એફ.એસ.એલ દ્વારા નકલી નોટોના કેસોનું પૃથ્થકરણ | ૩૯૭ |
| | કપડવંજ તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ | ૨ |
| | ખેડા જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત | ૩૪૪ |
| | ખેડા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના | ૨૬૨ |
| | નડીયાદ જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો | ૨૧૭ |
| | મહીસાગર જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણો | ૪૮૧ |
| અરૂણસિંહ અ. રણા | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૪૪ |
| | અંકલેશ્વર તાલુકામાં રસ્તો પહોળો કરવા બાબત | ૫૭૮ |
| | ઝઘડિયા તાલુકામાં આંતરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ | ૨૫૮ |
| | નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના | ૫૪૬ |
| | ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન | ૨૧૩ |
| | ભરૂચ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના | ૪૩ |
| | ભરૂચ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાનો લાભ | ૯૨ |
| | વાગરા તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ | ૧૨૨ |
| | હાંસોટ તાલુકાના રસ્તા મંજૂર કરવા બાબત | ૪૯૬ |
| અરવિંદ છો. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૪ |
| | ધરમપુર તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ | ૮૮ |
| | વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ | ૩૫૧ |
| | વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે ગ્રાન્ટ | ૩૮ |
| અરવિંદ રૈયાણી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૬ |
| | ઉના તાલુકામાં આંતરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ | ૨૧૨ |
| | રાજકોટ મહાનગરપાલિકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૪૭૩ |
| અરવિંદ રાણા | અમરેલી જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૨૪૧ |
| | એફ.એસ.એલ દ્વારા નકલી નોટોના કેસોનું પૃથ્થકરણ | ૩૯૫ |
| | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૪૨ |
| | સુરત જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન | ૨૮૭ |
| | સુરત જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ | ૧૨૧ |
| | સુરત મહાનગરપાલિકામાં આનુષંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના હેઠળ સહાય | ૯૧ |
| | સુરત મહાનગરપાલિકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૫૦૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૯ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૮૧ |
| | અમદાવાદ જિલ્લામાં જનસેવા કેન્દ્રોમાં અરજીઓ | ૨૭૧ |
| | ગુજરાત વિદ્યાપીઠમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૩૮ |
| | નિરમા યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૮૮ |

| પુસ્તક–૭૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | મેઘરજ તાલુકામાં આંતરિક પેયજળ યોજના હેઠળ મંજૂર યોજનાઓ | ૨૨૭ |
| | સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ | ૩૯૫ |
| અરવિંદભાઈ પટેલ | વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના | ૪૯૮ |
| | વલસાડ જિલ્લામાં પવન ચક્કીના હેતુ માટે જમીન | ૨૪૭ |
| અશ્વિનભાઈ કોટવાલ | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વૃક્ષો કાપવા બાબત | ૭ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિભાગ હસ્તકની કાર્યરત શાળાઓ | ૬૫ |
| | આદિવાસીઓ દ્વારા સ્વપાર્જિત મિલકત | ૨૩૯ |
| | ચીરઈ જી.આઈ.ડી.સી. ખાતે ઔદ્યોગિક વસાહત | ૩૭૫ |
| | રાજ્યમાં લિગ્નાઈટ આધારિત પાવર પ્લાન્ટ | ૫૨૫ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તમાકુ નિયંત્રણ ટાસ્કફોર્સ દ્વારા કરેલ દરોડા | ૫૬૩ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં બિનખેતીની પરવાનગી | ૨૮૫ |
| આનંદભાઈ ચૌધરી | સુરત અને ડાંગ જિલ્લામાં શ્રમ યોગીઓના આરોગ્યની ચકાસણી | ૨૧૨ |
| | સુરત શહેરમાં એરપોર્ટનું વિસ્તરણ ન થઈ શકવા બાબત | ૩૫૯ |
| | સુરત અને નવસારી જિલ્લાના ગામોને તીર્થગામ અને પાવનગામ જાહેર કરવા બાબત | ૧૨૯ |
| | સુરત અને નવસારી જિલ્લામાં કેન્સર, એઈડ્સ, ક્ષય ના નોંધાયેલ કેસો | ૫૫૯ |
| | સુરત અને નવસારી જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષોનું છેદન | ૧૦૨ |
| | સુરત અને ભરૂચ જિલ્લામાં આદિજાતી વિભાગ હસ્તકની કાર્યતર શાળાઓ | ૫૫ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં પીવાના પાણીના નમૂના | ૨૫૭ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં બાકી વીજ બિલની સંપૂર્ણ માફી યોજના | ૫૧૮ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં બિનખેતીની પરવાનગી | ૨૯૮ |
| | સુરત મહાનગરપાલિકાને ગ્રાન્ટ ચૂકવવા બાબત | ૪૦૦ |
| આર.સી. મકવાણા | બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલની રજૂઆત | ૪૪૧ |
| | ભાવનગર જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારો | ૨૩૪ |
| | ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે ગ્રાન્ટ | ૬૬ |
| | ભાવનગર જિલ્લામાં શિક્ષણ સેવા વર્ગ–૨ ની મંજૂર જગ્યા | ૧૦ |
| | ભાવનગર જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના | ૨૮૦ |
| | બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ | ૪૪૧ |
| આર.સી.ફળદુ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૩૩૬ |
| | પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને પ્રોત્સાહિત કરી ખેડૂતોમાં જાગૃતિ લાવવા અંગે. | ૬૧૦ |
| આશાબેન પટેલ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૩૨૫ |
| | પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને પ્રોત્સાહિત કરી ખેડૂતોમાં જાગૃતિ લાવવા અંગે. | ૬૦૮ |
| | પાટણ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો | ૫૫૨ |
| | પાટણ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ | ૪૦૩ |
| | પાટણ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત | ૪૩૦ |
| | પાટણ જિલ્લામાં નવા તળાવો બાબત | ૩૬૫ |
| | મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન | ૨૬ |
| | મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો | ૫૦૬ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે ગ્રાન્ટ | ૮૦ |
| | મહેસાણા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૨૨૯ |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | કાયદાની કલમ ૩૭ અને ૩૮ના ભંગ અન્વયે ખેડા અને પંચમહાલ જિલ્લામાં ઈસમોને દંડ/સજા | ૪૩૮ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં નિરાધાર વિધવા સહાયની અરજીઓ | ૯૫ |
| | ખેડા અને વડોદરા જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ | ૧૨૪ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લા પંચાયતનું મંજૂર મહેકમ | ૪૬ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં બાળરોગ નિષ્ણાંતો | ૫૨૮ |

| પુસ્તક–૭૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં આત્મહત્યાનો પ્રયાસ | ૪૨૦ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ તાલીમ | ૨૯૮ |
| | સૌરાષ્ટ્રને પીવાનું પાણી પૂરું પાડતા પરિએજ સરોવરની સફાઈ | ૩૮૭ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં પીવાના પાણીના નમૂના | ૨૫૮ |
| | ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ હેઠળ જમા રકમ | ૨૧૩ |
| ઈશ્વરભાઈ ર. પરમાર | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૬૦ |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ શહેર અને જિલ્લા માટે હોમગાર્ડઝ જવાનોની મંજૂર જગ્યાઓ | ૪૩૧ |
| | ગુજરાતમાં નશાબંધીના કારણે આવકનું નુકશાન | ૪૦૫ |
| | 'નલ સે જલ' યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ | ૨૬૮ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં અશાંત ધારા હેઠળ મિલ્કતોની તબદીલી | ૨૨૩ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૫૮ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં દસ્તાવેજોની નોંધણી | ૩૦૩ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને સોલા સિવીલ હોસ્પિટલ ખાતે મેડિકલ સાધનોની ખરીદી | ૫૭૮ |
| | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ફાળવેલ ગ્રાંટ | ૫૦૧ |
| | સાણંદ નજીક ચાઈનીઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા બાબત | ૩૬૮ |
| ઋત્વિકભાઈ મકવાણા | થાનગઢમાં સેનેટરી ઉત્પાદક એકમોને વીજ શુલ્ક માફી | ૫૪૧ |
| | રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાની સરકારી હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૫૭૫ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં પ્રમોલગેશનની કામગીરી | ૨૭૩ |
| | થાનગઢના સેનેટરી ઉદ્યોગને જીએસટીમાં રાહત આપવા બાબત | ૪૮૮ |
| | સુરેન્દ્રનગર અને અમરેલી જિલ્લાના ગામોને તીર્થગામ અને પાવનગામ જાહેર કરવા બાબત | ૧૭ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં પ્રમોલગેશનની કામગીરીમાં થયેલ ભૂલ સુધારવા ખેડૂતોની સંમતિ | ૩૦૭ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં રી–સર્વેની કામગીરી | ૨૨૮ |
| | સુરેન્દ્રનગર અને વડોદરા જિલ્લા પંચાયતનું મંજૂર મહેકમ | ૭૧ |
| | સૌની યોજના અન્વયે ભરવાના ડેમો | ૪૨૦ |
| | સૌની યોજનામાં મુળી, થાનગઢ, સાયલા અને ચોટીલાના ડેમો, તળાવો ભરવા બાબત | ૩૮૭ |
| ઋષિકેશ ગ. પટેલ | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૪૪ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૩૩૧ |
| | મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો | ૫૨૫ |
| | સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ | ૪૩૬ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે ગ્રાન્ટ | ૨૩ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ | ૪૧૦ |
| | મહેસાણા જિલ્લામાં નવા તળાવો બાબત | ૩૭૬ |
| કેતનભાઈ ઈનામદાર | નવરચના યુનિવર્સિટીમાં ટેબ્લેટ વિતરણ પાછળ ખર્ચ | ૧૦૪ |
| | નાંદોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૬૦ |
| | વડોદરા જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ | ૩૯૧ |
| | વડોદરા તાલુકામાં ઢાઢર નદી પર પુલ બાંધવા બાબત | ૫૩૪ |
| | સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ | ૪૨૪ |
| કનુભાઈ દેસાઈ | નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો | ૩૯૮ |
| | વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોની મંજૂર અરજીઓ | ૩૫૦ |
| | વલસાડ જિલ્લામાં પવન ચક્કીના હેતુ માટે જમીન | ૨૦૯ |
| | વલસાડ જિલ્લામાં રક્તપિત્તના દર્દીઓને ફૂટવેર પૂરા પાડવા બાબત | ૫૭૦ |
| | સુબીર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૧૬ |
| | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૪૭ |
| | ડાંગ જિલ્લામાં રક્તપિત્તના દર્દીઓને ફૂટવેર પૂરા પાડવા બાબત | ૫૯૧ |

| પુસ્તક-૭૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના | ૫૩૩ |
| | વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતોને તાકીદના ખર્ચ માટે ગ્રાન્ટ | ૭૦ |
| કનુભાઈ પટેલ | અમદાવાદ જિલ્લામાં આવેલ સમરસ છાત્રાલયો | ૨૪૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૮૩ |
| | અમદાવાદ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના | ૫૮ |
| | અમદાવાદ જિલ્લામાં જનસેવા કેન્દ્રોમાં અરજીઓ | ૨૮૭ |
| | અમદાવાદ જિલ્લામાં નવા તળાવો બાબત | ૩૮૮ |
| | અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોને કમ્પ્યુટરની સુવિધા | ૧૦૪ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ | ૪૨૧ |
| | સાણંદ તાલુકામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ | ૧૩૦ |
| કનુભાઈ બારૈયા | ભાવનગર અને આણંદ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં બાળરોગ નિષ્ણાંતો | ૫૩૭ |
| | ભાવનગર અને દાહોદ જિલ્લાના ગામોને તીર્થગામ અને પાવનગામ જાહેર કરવા બાબત | ૩૦ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં શ્રમયોગીઓના આરોગ્યની ચકાસણી | ૨૬૨ |
| | ભાવનગર જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં ગાયનેક ડોક્ટર અને સોનોગ્રાફીની સુવિધા | ૪૮૩ |
| | ભાવનગર અને છોટા ઉદેપુર જિલ્લામાં વૃક્ષો કાપવા બાબત | ૮૩ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો | ૨૧૭ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં રી-સર્વેમાં ક્ષતિઓ | ૩૦૧ |
| | ભાવનગર મહાનગરપાલિકાને ગ્રાન્ટ ચૂકવવા બાબત | ૩૮૮ |
| કુબેરભાઈ ડીંડોર | નર્મદા જિલ્લામાં સંત સુરદાસ યોજના | ૨૬૨ |
| | પંચમહાલ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો | ૩૭૯ |
| | મહિસાગર જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ | ૪૦ |
| | પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને પ્રોત્સાહિત કરી ખેડૂતોમાં જાગૃતિ લાવવા અંગે. | ૬૦૭ |
| | મહીસાગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો | ૫૫૯ |
| | અમદાવાદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો | ૪૧૨ |
| | પંચમહાલ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના | ૨૧૭ |
| | બોડેલી તાલુકામાં રસ્તાના કામની મંજૂરી બાબત | ૫૧૭ |
| | મહીસાગર જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેકટીવીટી | ૯૦ |
| કરશનભાઇ પું. સોલંકી | "સ્ટેચ્યુ ઓફ યુનિટી" દ્વારા અખંડિતતાનો સંદેશો પ્રસરાવવા અંગે | ૬૧૨ |
| | "સ્ટેચ્યુ ઓફ યુનિટી" દ્વારા અખંડિતતાનો સંદેશો પ્રસરાવવા અંગે | ૬૧૨ |
| | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૫૨ |
| | પાટણ જિલ્લામા કૃષિ વિષયક વીજ જોડાણો | ૫૬૭ |
| | સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ | ૪૨૭ |
| | અરવલ્લી જિલ્લામાં નવા તળાવો બાબત | ૩૯૬ |
| | કડી તાલુકાની માઈનોર-૨ નહેરના કામ | ૫૨૯ |
| | પાટણ જિલ્લામાં નવા ગ્રામ પંચાયત ઘર માટેની મંજૂરી | ૧૦૦ |
